સ - ૨૨૪

પ્રાચીન આચાર્યકૃત

# જીવસમાસ

(ગુજરાતી અનુવાદ)

: અનુવાદક :

પ.પૂ.મુનિ શ્રી અમિતયશવિજયજી મ.સા.

: પ્રકાશક :

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
મુંબઈ-૪૦૦ ૦૦૨.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

પ્રાચીન આચાર્ય કૃત

# જીવસમાસ

[મલધારી **શ્રી હેમચંદ્રસૂરિ** વિરચિત સંસ્કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહ]


અનુવાદકર્તા

પ. પૂ. તીર્થપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય **વિક્રમસૂરીશ્વરજી**
મ. સા. ના શિષ્યરત્ન મધુરવક્તા પ. પૂ. પંન્યાસજી શ્રી
**સ્થૂલભદ્ર વિ. ગણિવરના** શિષ્યરત્ન પ. પૂ. મુનિરાજશ્રી
**અમિતયશ વિજય** મહારાજ


卐


પ્રકાશક

**શ્રી જિન શાસન આરાધના ટ્રસ્ટ**

૭, ત્રીજો ભોઈવાડો ભુલેશ્વર મુંબઈ-૪૦૦૦૦૨

દ્રવ્ય સહાયક

[જ્ઞાન નિધિમાંથી]

૧ શ્રી કડી જૈન સંઘ, રૂા. ૩૦૦૦)
૩ શ્રી તારદેવ જૈન સંઘ, સોનાવાલા બિલ્ડીંગ રૂા. ૩૦૦૦)
૨ શ્રી વડાવલી જૈન સંઘ, રૂા. ૨૫૦૦)
૪ શ્રી જવાહર નગર જૈન સંઘ, ગોરેગાંવ. રૂા. ૧૫૦૦)
૫ શ્રી બોરડી જૈન સંઘ રૂા. ૫૦૦)

સર્વાધિકાર શ્રમણ પ્રધાન જૈન સંઘને આધીન

●

પ્રાપ્તિસ્થાન

૧—પ્રકાશક

૨—સુમતિલાલ ઉત્તમચંદ, મારફતીયા મહેતાનો પાડો, ગોળશેરી, પાટણ—૩૮૪૨૬૫

૩—મુળીબેન અંબાલાલ રતનચંદ ધર્મશાળા, સરદાર બાગ સામે, સ્ટેશન રોડ, વીરમગામ—૩૮૨૧૫૦

૪—શ્રી પાર્શ્વપ્રકાશન, નિશાપોળ, રીલીફ રોડ, અમદાવાદ.

●

વિ. સંવત—૨૦૪૨ આવૃત્તિ—પહેલી

●

નકલ—૧૦૦૦ કિંમત—રૂા. ૪૦-૦૦

●

મુદ્રક : જીતેન્દ્ર બી. શાહ ∗ જીગી પ્રીન્ટર્સ
૩૦૫, મહાવીર દર્શન, કસ્તુરબા ક્રોસ રોડ નં. ૫,
બોરીવલી (ઈસ્ટ), મુંબઇ—૪૦૦૦૬૬.
ફોન, C.O. ૩૧૭૮૧૦

પૂજયપાદ પરમ ગુરુદેવ આચાર્ય શ્રીમદ્વિજય

# વિક્રમસૂરીશ્વરજી મહારાજ સાહેબ



જેમની પરમ પવિત્ર કૃપાના બળે પૂર્વધર મહર્ષિકૃત
આ ગ્રંથનો ટીકાનુવાદ પૂર્ણ થયો તે
સિદ્ધાંતનિષ્ઠ, તર્કનિપુણ, તીર્થપ્રભાવક

પૂજયપાદ પરમ ગુરૂદેવ
શ્રીમદ્વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજ સાહેબના
કરકમળમાં સાદર
સમર્પણ

અનુવાદક :—
મુ. અમિતયશ વિ. ની
કોટીશ વંદના...

# વિષયાનુક્રમ

## સત્પદ પ્રરૂપણા દ્વાર પ્રથમ વિભાગ ગા. ૧ થી ૮૬


| પ્રકરણ | વિષય | પેજ નં. | પ્રકરણ | વિષય | પેજનં. |
|---|---|---|---|---|---|
| ૧ | ગ્રંથપીઠિકા | ૧ | ૯ | સંયમ દ્વાર | ૭૩ |
| ૨ | ચૌદગુણસ્થાન વિવરણ | ૯ | ૧૦ | દર્શન દ્વાર | ૮૪ |
| ૩ | ચાર ગતિનું સ્વરૂપ | ૧૭ | ૧૧ | લેશ્યા દ્વાર | ૮૬ |
| ૪ | ઇન્દ્રિય દ્વાર | ૩૦ | ૧૨ | ભવ્ય દ્વાર | ૯૬ |
| ૫ | કાય દ્વાર | ૩૩ | ૧૩ | સમ્યક્ત્વદ્વાર | ૯૮ |
| ૬ | યોગ દ્વાર | ૫૨ | ૧૪ | સંજ્ઞીદ્વાર | ૧૦૭ |
| ૭ | વેદકષાયદ્વાર | ૬૪ | ૧૫ | આહારકદ્વાર | ૧૧૧ |
| ૮ | જ્ઞાનદ્વાર | ૬૬ | ૧૬ | ઉપસંહારદ્વાર | ૧૧૬ |


## પ્રમાણદ્વાર દ્વિતિય વિભાગ ગા. ૮૭ થી ૧૬૭


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | દ્રવ્ય પ્રમાણ | ૧૨૪ | ૪ | ભાવપ્રમાણ | ૧૫૬ |
| ૨ | ક્ષેત્ર પ્રમાણ | ૧૨૯ | ૫ | જીવ દ્રવ્ય પ્રમાણ | ૧૭૧ |
| ૩ | કાળ પ્રમાણ | ૧૪૧ | | | |


## ક્ષેત્ર દ્વાર તૃતિય વિભાગ ગા. ૧૫૮ થી ૨૮૨


૧ ચતુર્ગતિજીવ દેહમાન ૨૦૨ — ૨ ગુણસ્થાનઅવગાહક્ષેત્ર ૨૦૯


## સ્પર્શના દ્વાર ચતુર્થ વિભાગ ગા. ૧૮૩ થી ૨૦૦


૧ સ્પર્શનીયક્ષેત્ર ૨૧૩ — ૨ સ્પર્શકો ૨૨૧


## કાળદ્વાર પંચમ વિભાગ ગા. ૨૦૧ થી ૨૪૨


૧ ભવાયુકાળ ૨૩૩ — ૨ કાયસ્થિતિકાળ ૨૩૨

૩ ગુણ વિભાગકાળ ૨૫૦


## અંતર દ્વાર ષષ્ઠ વિભાગ ગા. ૨૪૩ થી ૨૬૪


૧ ઉપપાતસ્થાન ૨૮૧ — ૨ અંતર અભાવકાળ ૨૮૪

૩ અંતર કાળ ૨૮૮

**ભાવદ્વાર સપ્તમ વિભાગ ગા. ૨૬૫ થી ૨૭૦ પે નં. ૩૦૭**

**અલ્પબહુત્વદ્વાર અષ્ટમ વિભાગ ગા. ૨૭૧ થી ૨૮૬ પે. નં. ૩૧૫**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# પ્રસ્તાવના

વર્ષો પૂર્વે મુંબઈમાં પ્રસિદ્ધ સાક્ષરોની એક મીટીંગ મળેલી. એમાં વિચારણાનો વિષય હતો. કયો ધર્મ વિશ્વધર્મ બની શકે ? તે. એક વિદ્વાને ઊભા થઇ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું કે, 'ખ્રિસ્તી ધર્મ જ વિશ્વધર્મ બનવા માટે યોગ્ય છે. કેમકે એણે સઘળાં માનવોનું ભલું ઇચ્છયું છે. બધા માણસોની દયા કરવાની કહી છે." એમના આ પ્રસ્તાવ પર બીજા વિદ્વાને ઊભા થઇ પોતાની રજુઆત કરી કે, "ખ્રીસ્તી ધર્મે તો માત્ર માનવની દયા કહી છે, જ્યારે વૈદિક ધર્મ તો એનાથી આગળ વધીને ગાયની પણ દયા ચિંતવી છે. તેથી એ જ વિશ્વધર્મ બનવાને લાયક છે." એમની આ રજુઆત પર વળી એક ત્રીજા વિદ્વાને પોતાની વિચારધારાને પ્રકટ કરી કે "વૈદિકધર્મ તો માત્ર ગાય સુધી જ પહોંચ્યો છે જ્યારે બીજા તાપસ વગેરે ધર્મો એનાથી પણ વધુ સૂક્ષ્મતાએ પહોંચેલા છે. તેઓએ કીડી-મંકોડા વગેરે ક્ષુદ્ર જંતુઓની પણ દયા બતાવી છે. તેથી એ ધર્મ જ વિશ્વધર્મ બનવા માટેની પાત્રતા ધરાવે છે." જુદા જુદા વિદ્વાનોની આ રીતે જીવદયાને પ્રધાન કરનારી વિચારણા સાંભળીને એક પ્રામાણિક વિદ્વાને કહ્યું કે, "આ રીતે જીવદયાના બેઇઝ પર જ જો વિશ્વધર્મ બનવાની યોગ્યતા વિચારવાની હોય તો હું કહું છું કે જૈન ધર્મ જ વિશ્વધર્મ બનવાને સૌથી વધુ સુયોગ્ય અધિકારી છે.... કેમકે તેણે માત્ર કીડી-મંકોડા સુધીના જીવોની જ નહિ, પણ વનસ્પતિ વગેરે એકેન્દ્રિય જીવોની પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ દયા ચિંતવી છે, તે દયા કેમ પાળી શકાય ? તેના ઉપાયો દેખાડયાં છે, તેમજ તે દયાને જીવનમાં આચરી પણ બતાવી છે."

હા, આ એક વાસ્તવિકતા છે કે જૈન ધર્મે વિશ્વને જીવોનું સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાન આપેલું છે. બધા જ જીવોની દયા બતાવી છે. જેમ સ્યાદ્વાદ સિદ્ધાંત અને વિરતિધર્મ એ જૈન ધર્મની વિશ્વને વિશિષ્ટ દેન છે, તેમ જીવવિજ્ઞાન અને જયણાવિજ્ઞાન પણ તેની એક વિશિષ્ટ દેન છે. જૈનશાસ્ત્રોએ જગતને આપેલું આ જ્ઞાન એવું છે કે એના સિવાય ક્યારે ય કોઈ તેવું જ્ઞાન જગતને આપી શકત નહિ. એનું કારણ એ છે કે, અતિશયિતજ્ઞાન વિના માત્ર તર્કોથી, કલ્પનાઓથી કે પ્રયોગશાળામાં કરાતા પ્રયોગાદિથી આ બાબતની સત્ય અને સચોટ જાણકારી મળી શકતી નથી. કેમકે વિજ્ઞાનશાળામાં થતા પ્રયોગાદિ, જાણકારી આપવામાં મર્યાદિત શક્તિવાળા હોય છે. તેના પરથી મળેલી જાણકારી અમુક મર્યાદા પૂરતી હોય છે. એ જાણકારી પરથી બાંધવામાં આવેલા સિદ્ધાંતો તે મર્યાદાની બહાર કામ કરતા હોતા નથી, જેમકે હેલ્મહોલ્ટ્ઝ લગભગ બધા વૈજ્ઞાનિકોને માન્ય એવો બહુ મોટો વૈજ્ઞાનિક થઇ ગયો. તેણે પોતાના બધાં પ્રયોગો અને અનુભવો વગરે પરથી શક્તિસંરક્ષણનો નિયમ બાંધી આપ્યો. એ નિયમ એવું જણાવે છે કે, "આ વિશ્વમાં શક્તિનો જેટલો જથ્થો છે તેમાં ક્યારેય વધઘટ થતી નથી. ક્યારેય કોઇ નવી શક્તિ વિશ્વમાં પેદા થતી નથી કે

જૂની શક્તિનો નાશ થતો નથી. માત્ર એક શકિતમાંથી બીજી શકિતરૂપે, તેમાંથી વળી ત્રીજી શકિતરૂપે...એમ રૂપાંતર જ થયા કરે છે. જેમકે ઉષ્ણતારૂપે રહેલી શકિતનું વિદ્યુત શકિતમાં, વિદ્યુતશકિતનું ચુંબકીયશક્તિમાં રૂપાંતર થાય છે ઇત્યાદિ.'' એણે એટમને તોડવાની કલ્પનાની પણ બહાર રહીને બાંધેલા આ નિયમને બધાએ વધાવી લીધો. મશીનરીઓની ઈનપુટ-આઉટપુટ-એફીસીયન્સી વગેરેની ગણતરીઓમાં આ નિયમ કાર્યાન્વિતથયો. મશીનરીઓ પણ એ ગણતરીઓને અનુસરીને જ કામ કરતી હતી.એ ગણતરીઓને ખોટી ઠેરવતી ન હતી. માટે આ નિયમ અત્યંત વ્યવહારુ સાબિત થયો અને એમાં ભૂલ હોય–ફેરફાર હોય એની કોઈને શંકા પણ ન રહી.

પણ એ પછી વિશ્વપ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી અને વૈજ્ઞાનિક **આઇનસ્ટાઇન** થયો. એણે ઉક્તનિયમમાં ફેરફાર સુચવે–અણુશકિત અંગેના સમાવેશની આવશ્યકતા સુચવે એવો સિદ્ધાન્ત આપ્યો. એણે કહ્યું કે જ્યારે યુરેનિયમ વગેરે જેવી ધાતુઓના એટમને તોડવામાં આવે છે ત્યારે પ્રચંડ નવી શકિત પેદા થાય છે. (આ સિદ્ધાન્ત જણાવે છે કે 'દુનિયામાં કોઈ શકિત નવી પેદા થતી નથી' એવો ઉકત નિયમનો અંશ ફેરફાર માગે છે.) આ શકિત માટે એણે સૂત્ર પણ આપ્યું કે $E=mc^2$. આ સૂત્રને અનુસારે જ આજની બધી અણુશકિતઓ કામ કરી રહી છે. તેથી આ બાબતમાં ઉક્ત નિયમમાં ફેરફાર કરવાની લગભગ કોઇ વૈજ્ઞાનિકને હવે શંકા રહી નથી. (અહીં આ વાત ખ્યાલમાં રાખવી કે આ જે એટમને તોડવાની વાત છે એ પુદ્ગલનો સર્વથી સૂક્ષ્મતમ નૈશ્ચયિક પરમાણુ નથી, કેમકે તેનો ક્યારેય નાશ થઇ શકતો નથી. વૈજ્ઞાનિકો પણ આ તોડાતા એટમના વધુ નાના એવા ઇલિકટ્રોન-પ્રોટોન વગેરે અંશો માનેજ છે. પણ તેવા અનંતા નૈશ્ચયિક પરમાણુઓથી બનેલો ઔદારિક વર્ગણા નિષ્પન્ન સ્કંધ યા તો સ્કંધોનો સમુદાય છે, જેને તોડવો શકય છે, તેમજ તે તૂટતાં પ્રચંડ ગરમી વગેરે વ્યાવહારિક દૃષ્ટિએ પેદા થવી શકય છે.)

આ વાત પરથી આપણે વિચારવાનું એ રહે છે કે હેલ્મહોલ્ટ્ઝના નિયમમાં કોઇને શંકા નહોતી–તેમજ એના પરથી થએલી ગણતરીઓ પણ અત્યંત વ્યવહારુ બની ગઇ હતી. તેમ છતાં હવે કેમ એ નિયમ અધૂરો ઠરી ગયો ? એ જો અધૂરો જ હોત તો તેના પરથી કરવામાં આવેલું ગણિત વ્યવહારમાં ખોટું કેમ નહોતું પડતું ?

આનો સીધો સાદો જવાબ એ છે કે એ નિયમ અમુક મર્યાદા સુધી સાચો હતો. અને તેથી જ્યાં સુધી મશીનરી વગેરે પણ એ મર્યાદાની અંદર કામ કરતી હતી ત્યાં સુધી વ્યવહારમાં તેને અધૂરો કહેવાનો કોઇ અવકાશ નહોતો. પણ જ્યારે દુન્યવી કામકાજ એ મર્યાદાની બહાર ગયું ને એટમને પણ તોડવાના પ્રયાસો થયા ત્યારે એ નિયમ અધૂરો ઠર્યો.

આમ વૈજ્ઞાનિકાદિએ પ્રયોગાદિ પરથી આપેલો સિદ્ધાન્ત કે જે નિઃશંકપણે સાવ સાચા તરીકે સ્વીકારાયેલો હોય અને વ્યવહારુ બનેલો હોય તે પણ અમુક મર્યાદામાં સત્ય હોવો

તેમજ એ મર્યાદાનું જ્યારે ઉલ્લંઘન થાય ત્યારે અન્યથા હોવો પણ સંભવે છે એ વાત નક્કી થઈ. માટે જ એવું પણ સંભવે જ છે કે આઈનસ્ટાઈને આપેલો નિયમ પણ અમુક મર્યાદા સુધી જ સાચો હોય. દુનિયા જ્યાં સુધી એ મર્યાદાની અંદર જ પ્રવર્તત છે ત્યાં સુધી એમાં અસત્યતાની શંકા પણ કદાચ ઊભી ન થાય. છતાં પણ, એ મર્યાદાની બહારની અપેક્ષાથી જ્યારે વિચારવામાં આવે ત્યારે એ ખોટો પણ હોય.

આમ પ્રયોગાદિ પરથી તારવવામાં આવેલા સિદ્ધાન્તો મર્યાદિત ક્ષેત્રવાળા હોય છે એ નક્કી થયું. પણ શ્રી જિનેશ્વર ભગવંતો એ જે સિદ્ધાન્તો આપ્યા છે (જેમકે 'ઉત્પાદ-વ્યયધ્રૌવ્યયુક્તં સત્' વગેરે) તે કલ્પનાઓ દોડાવીને–તર્કો લડાવીને કે પ્રયોગો કરીને તારવેલા નથી, *કિન્તુ પોતાના નિર્મળ કેવલજ્ઞાનમાં ત્રણે કાળને આવરી લે એવા જે અબાધ્ય* સિદ્ધાન્તો દેખાય તે સિદ્ધાન્તો તે ઉપકારીઓએ આપણને આપ્યા છે. તેઓની પરંપરામાં થએલા પૂજ્ય આચાર્યભગવંત વગેરે શાસ્ત્રકારોએ પણ જે શાસ્ત્રોની રચનાઓ કરી છે તે પણ પ્રયોગોના આધારે નહિ, પણ શ્રી જિનેશ્વર ભગવંતોના વચનોને અનુસરીને. જગદીશચંદ્ર બોઝે પ્રયોગો દ્વારા જે વાતને સિદ્ધ કરી દેખાડી કે વનસ્પતિ પર પણ સંગીત વગેરેની અસર થાય છે, વનસ્પતિ પણ જીવતાં જીવો જ છે તે વાતને શાસ્ત્રકાર ભગવંતોએ સેંકડોને હજારો વર્ષો પૂર્વે પ્રયોગો કર્યા વગર શ્રીજિનવચનના બળે કહી જ છે ને ? કોઈપણ જાતના પ્રયોગો વગર કેવલજ્ઞાનના પીઠબળ પર આવી સત્ય અને સચોટ વાતોને જણાવનાર અને કોઈ બાબતમાં બાધિત ન થનાર જૈનશાસ્ત્રોની અન્ય વાતોને સત્ય તરીકે સ્વીકારવામાં પ્રશ્ન જ કયાં રહે ? ખીચડીનો એક દાણો સીઝી ગયો જાણ્યો, હવે બીજા બધા દાણાંઓને સીઝેલા સ્વીકારવામાં વાંધો શું ?

આઈનસ્ટાઈન અને હેલ્મહોલ્ટ્ઝ વગેરેની ઉપરોકત વાતો પરથી વિશેષ તો એ પણ જાણવા જેવું છે કે, જેમ, જ્યારે અણુશકિતના કોઈ પ્રોગ્રામ કે પ્રયોગો થતા નહોતા તે વખતે જો કોઈએ હેલ્મહોલ્ટ્ઝના અત્યંત વ્યવહારુ બનેલા પ્રસિદ્ધ નિયમ સામે 'એટમ્‌ને તોડીને નવી શકિત પણ પેદા કરી શકાય' ઈત્યાદિ જણાવતો આઈનસ્ટાઈનનો નિયમ આપ્યો હોત તો લોકોને એ નિયમ સાવ ખોટો–હંબગ જ લાગત, અને હેલ્મહોલ્ટ્ઝના નિયમનેજ લોકો દિલથી પરિપૂર્ણ માનત. પણ વાસ્તવિકતા તો એ વખતે પણ એ જ હતી કે તેના નિયમની મર્યાદાની બહારની બાબતોને પણ આવરી લે તેવી વિશાળતાથી જો વિચારણા કરવામાં આવે તો આઈનસ્ટાઈનનો નિયમ જ સાચો લાગે–સાચો ઠરે.

એમ માનવકાયાની ૫૦૦ ધનુષ્ય વગેરે ઊંચાઈ કરોડો પૂર્વ (અબજો વર્ષ) વગેરેના આયુષ્ય વગેરેનું જૈનશાસ્ત્રોમાં જે નિરૂપણ આવે છે તે માત્ર વર્તમાનકાલીન સ્થિતિને અનુસરીને વિચારવામાં કદાચ અવ્યવહારુ લાગે, તો પણ કાળની વિશાળતાને નજરમાં

રાખીને જો વિચારણા કરવામાં આવે તો એ પણ અસ્વાભાવિકતા વિના રહે નહિ. એમાં કોઈ શંકાને સ્થાન નથી. માત્ર વર્તમાનકાલીન પરિસ્થિતિને નજરમાં લઈ તે વાતોને હંબગ માનવી એ શી રીતે યોગ્ય કહેવાય ? ૪૦ રૂ. કીલોના ભાવે મળતાં ઘીમાં પણ જ્યારે શુદ્ધતા શંકાસ્પદ બની ગઈ છે એવા માત્ર વર્તમાનકાળને નજરમાં રાખીને કોઈ "બે રૂપિયે કીલો ઘી સંપૂર્ણ શુદ્ધ મળતું હતું" એવી વાતને હંબગ માની ઉડાવવાનો પ્રયાસ કરે તો એ શું ન્યાયી ઠરે ? ૭ ફૂટની કાયાના દર્શન પણ જ્યારે દુર્લભ જેવા બની ગયા છે ત્યારે વર્તમાન કાળમાત્રને નજરમાં રાખનારો કોઈ ૧૫ ફૂટની કાયાને પણ અસંભવિત માનતો હોય તો એ જેમ અન્યાય્ય છે જ, કેમકે પંદર-પંદર ફૂટ લાંબા હાડપીંજરોના સેંકડો વર્ષો પુરાણા અવશેષો આજે પણ મળી આવે છે. સેંકડો વર્ષો પૂર્વે કાયા જો ૧૫ ફૂટ જેટલી પણ હોવી સંભવતી હતી તો અબજો (અસંખ્યાતા) વર્ષો પૂર્વે ૫૦૦ ધનુષ્ય વગેરે જેટલી બહુ મોટી હોવી શા માટે ન સંભવે ?

જૈનશાસ્ત્રોએ જીવો અંગેનું જે જ્ઞાન જગતને આપ્યું છે તેમાં બીજી વિશેષતા એ છે કે સાથે સાથે જ જૈનશાસ્ત્રોએ જીવોની રક્ષા શી રીતે થાય ? વધુ ને વધુ જયણાનું પાલન શી રીતે થાય ? એનું સચોટ નિરૂપણ આપ્યું છે. દુન્યવી જાણકારોએ જીવો અંગે જે કંઈ થોડી ઘણી જાણકારી મેળવી અને દુનિયાને આપી એના પરથી એની દયા વધારી નથી પણ મોટે ભાગે એની ક્રૂર હિંસા જ વધારી છે. તેઓને જાણકારી મળી કે 'દેડકાનું શ્વસનતંત્ર ઉભયસિસ્ટમ ધરાવે છે. અર્થાત્ એવી ગોઠવણ ધરાવે છે કે જમીન પર અને પાણીમાં બન્ને સ્થળે કામ કરી શકે' તો મેડીકલ વિદ્યાર્થીઓને બન્ને સિસ્ટમની જાણકારી મળે તેના બહાના હેઠળ આજે લાખો-કરોડો નિર્દોષ દેડકાઓને જીવતે જીવતાં પાટીયા પર ઠોકી ક્રૂર રીબામણ પૂર્વકના મોતે મારવામાં આવે છે. તેઓને ખબર પડી કે 'મરેલાં ઢોરના ચામડામાંથી ચંપલાદિ બનાવવા કરતાં જીવતાં ઢોરના ચામડામાંથી તે બનાવવામાં આવે તો વધુ સુકોમળ બને છે' તો તેઓએ માણસની થોડી સુકોમળતા પોષી ખૂબ પૈસા કમાવવા માટે જીવતે જીવતા ઢોરોની ચામડી ઉતરડી નાંખવા માંડી, તુચ્છ સૌન્દર્યપ્રસાધનો માટે કેવી ભયંકર હિંસા દુનિયામાં ચાલી રહી છે તેનાથી તો કોણ અજાણ્યુ છે ? જૈનશાસ્ત્રકારોએ જ્યાં જ્યાં જીવોની ઉત્પત્તિ–સંભાવના દેખી છે ત્યાં ત્યાં, સંપૂર્ણ અહિંસાનું પાલન કરનાર પોતાના અનુયાયીઓને તે તે જીવોની દયા પાળવાનું બતાવ્યું છે. જેમકે સાધુઓને કહ્યું છે કે ગમે તેવી કાતીલ ઠંડી પડે તો પણ તાપણું ન કરવું, વનસ્પતિ પર ચાલવું તો નહિ પણ એને અડવું પણ નહિ, ગમે તેવી ગરમી પડે તો પણ પંખો નાખવો નહિ, સ્નાન કરવું નહિ ઇત્યાદિ. આમ જીવોનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વિજ્ઞાન અને જીવોની સંપૂર્ણ દયાનું પાલન કરવાની પદ્ધતિઓ એ શ્રીજૈનશાસ્ત્રોની એક વિશિષ્ટ દેન છે.

આવું જ એક જૈનશાસનનું શ્રી જીવસમાસ નામે પ્રકરણ. અજ્ઞાતનામવાળા પૂર્વધર આચાર્ય ભગવંતે રચેલા આ ગ્રન્થ પર હર્ષપુરીય ગચ્છમાં સૂર્યની જેમ ઝળહળી રહેલા મલધારી આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે વૃત્તિ રચી છે. વૃત્તિકાર ભગવંતે શ્રી વિશેષાવશ્યક ભાષ્ય ની લગભગ ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ રચી છે જે જિજ્ઞાસુ ભવ્યજીવો પર ભવ્યાતિભવ્ય ઉપકાર કરી રહેલ છે. આ ઉપરાંત તેઓ શ્રીમદે શ્રી અનુયોગદ્વારસૂત્ર પર વૃત્તિ રચી છે. તેમજ સ્વોપજ્ઞ શ્રી ભવભાવના–પુષ્પમાળા વગેરે અનેક પ્રામાણિક ગ્રન્થોની રચના કરી મુમુક્ષુ જીવોને સ્વાધ્યાયની સુંદર સામગ્રી પૂરી પાડી છે. જે તેઓની પ્રકાંડ વિદ્વત્તાનો ખ્યાલ આપે છે.

મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે રચેલી આ વૃત્તિમાં ૪૭ મી ગાથાનો વૃત્તિમાં "મૂલવૃત્તિકારે" એવો જે ઉલ્લેખ કરાયો છે તેના પરથી, તેમજ ૧૫૮મી ગાથાની વૃત્તિમાં જે ઉલ્લેખ કરાયો છે—કે આ ગાથા અંગે અર્વાચીન ટીકાકારે કહ્યું છે કે "મૂલ ટીકામાં આ ગાથાની વ્યાખ્યા કરી નથી, અમને આવો અર્થ ભાસે છે" ઇત્યાદિ—તેના પરથી જણાય છે કે આ વૃત્તિની પૂર્વે પણ આ પ્રસ્તુત ગ્રન્થની બે વૃત્તિઓ રચાયેલી હતી. આમ ત્રણ ત્રણ વૃત્તિઓની થયેલી રચના ગ્રંથની ઉપયોગિતાને તેમજ મહત્તાને સૂચિત કરે છે. શ્રીમદ્ વિજયસેનસૂરીશ્વરજી મહારાજાએ પણ સેનપ્રશ્નમાં આ ગ્રન્થના, અન્યગ્રન્થો કરતાં જુદા પડતાં અધિકારોને મતાન્તર તરીકે જણાવ્યા છે, પણ અપ્રામાણિક તરીકે દૂષિત ઠેરવ્યાં નથી. ઉપાધ્યાય શ્રીમદ્ વિનયવિજય મહારાજે શ્રીલોકપ્રકાશ ગ્રન્થમાં વારંવાર આ મૂલ પ્રકરણનો સાક્ષી તરીકે ઉલ્લેખ કર્યો છે. આ બધી બાબતો ગ્રંથ અંગેની અપ્રામાણિકતાની શંકાને દૂર કરે છે.

આપણા આગમોના આ ગ્રંથમાં જે વિષયની ચર્ચા કરાયેલી છે તે તો ગ્રન્થના નામ ઉપરથી જ ખબર પડી જાય છે. 'જીવ' શબ્દ અને એનો અર્થ પ્રસિદ્ધ છે. 'સમાસ' શબ્દના અર્થ બે થાય છે—સંક્ષેપ અને સંગ્રાહક. જીવોનું કેવલજ્ઞાનીને કે ૧૪ પૂર્વીને જે જ્ઞાન હોય છે તેની અપેક્ષાએ બહુજ સંક્ષિપ્ત જાણકારી આ ગ્રંથમાં આપવામાં આવી છે. તેથી ગ્રંથનું 'જીવસમાસ' નામ સાર્થક છે. એમ આ રીતે પણ એ નામ સાર્થક છે—જીવો અનંતા છે. એ બધાની પૃથક્ પૃથક્ જાણકારી આપવી અશક્ય છે, તેથી બધા જીવોનો જેનાથી સંગ્રહ થઇ જાય તેવા સંગ્રાહકો (સમાસો) દ્વારા (અર્થાત્ મુખ્ય મુખ્ય ભેદો દ્વારા) આ ગ્રંથમાં જાણકારી આપવામાં આવી છે. આવા સમાસો જુદી જુદી વિવક્ષાથી એક, બે, ત્રણ, ચાર વગેરે અનેક હોઇ શકે છે. તેમાંથી આ ગ્રંથમાં ૧૪ સમાસો દ્વારા નિરૂપણા કરેલી છે. જીવોના ૧૪ સમાસો તરીકે સામાન્યથી સૂક્ષ્મપર્યાપ્ત પૃથ્વીકાય, સૂક્ષ્મ અપર્યાપ્ત પૃથ્વીકાય વગેરે ૧૪ ભેદો શાસ્ત્રપ્રસિદ્ધ છે. પણ આ ગ્રંથમાં મિથ્યાત્વ, સાસ્વાદન વગેરે ૧૪ ગુણઠાણા રૂપ ૧૪ સમાસોની વિવક્ષા કરી છે. આ ૧૪ સમાસોમાં

જીવોનું વર્ગીકરણ કરીને પ્રરૂપણા કરવામાં આવી છે. ક્યાંક ક્યાંક આ ગ્રંથમાં સૂ. પર્યા-પૃથ્વીકાય વગેરે ૧૪ જીવભેદોની પણ ૧૪ સમાસ તરીકે વિવક્ષા કરીને પણ પ્રરૂપણા કરી છે. માટે 'સમાસ' શબ્દનો અર્થ 'સંગ્રાહક' તરીકે લઇએ તો પણ ગ્રંથનું નામ સાર્થક છે. [જો કે આ ગ્રંથમાં અજીવોની પણ સંક્ષેપમાં કે ધર્માસ્તિકાય વગેરે ૩૫ સમાસોમાં પ્રરૂપણા છે. તેમ છતાં, જીવની પ્રરૂપણાની અપેક્ષાએ તે અતિ અલ્પ હોવાથી ગ્રંથ 'જીવસમાસ' તરીકે પ્રસિદ્ધ છે.]

જીવની નિક્ષેપ (શાસ્ત્રપ્રસિદ્ધ નામ-સ્થાપના વગેરે સંભવિત ભેદોની વિચારણા) અને નિરુક્તિ (જીવ વગેરે શબ્દો કઈ રીતે બન્યા છે? તે વ્યુત્પત્તિ) દ્વારા પ્રરૂપણા કરીને આ ૧૪ સમાસો દ્વારા વિશેષ વિચારણા આ ગ્રંથમાં પ્રસ્તુત છે. તે વિચારણા કિં. કસ્સ વગેરે છ અને સત્પદ પ્રરૂપણા-દ્રવ્યપ્રમાણ વગેરે ૮ અનુયોગદ્વારમાં ઉતારી છે. વળી એમાંય વધુ સૂક્ષ્મતાથી બોધ થાય એ માટે ગતિ-ઇન્દ્રિય-કાય વગેરે ૧૪ માર્ગણાસ્થાનો દ્વારા એ વિચારણાને સૂક્ષ્મતર કરવામાં આવી છે. જેમકે વર્ગીકરણના ૧૪ વર્ગોમાંનો પહેલો વર્ગ પ્રથમ મિથ્યાત્વગુણઠાણું. તે નરક ગતિમાં સત્-વિદ્યમાન હોય કે નહિં? હોય તો તેનું દ્રવ્યપ્રમાણ કેટલું હોય? ઇત્યાદિ વિચારણા છે. આ બધા પરથી ગ્રન્થકારે જીવોની કેટલી બધી જાણકારી આપણને ગ્રંથમાં આપી છે તે જણાય છે. તેમજ પ્રસ્તુત બાબતો અંગેના ઘણા મતાન્તરો પણ ગ્રંથમાંથી જાણવા મળે છે.

પ.પૂ. મુનિરાજ શ્રી **અમિતયશ વિ. મ. સા.** પ્રકરણાદિ ગ્રંથોનો તાત્પર્યાર્થ પકડવાની સારી કુશળતા ધરાવે છે. તેઓશ્રીએ આ ગ્રંથનો વૃત્તિને અનુસરીને ભાવાનુવાદ કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. અને એ દ્વારા સંસ્કૃતભાષાના અનભિજ્ઞ કે મંદ બોધવાળા જીવો પર વિશેષ અનુગ્રહ કર્યો છે. જો કે આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર પૂર્વે સિનોર નિવાસી માસ્તર શ્રીયુત **ચંદુલાલ નાનચંદે** કરેલું છે, જે સંવત ૧૯૯૫ માં પ્રતાકારે બહાર પડેલું છે તેમ છતાં એ ભાષાંતર વૃત્તિના ભાવાર્થવાળું નથી, જ્યારે આ ભાવાનુવાદ વૃત્તિના ભાવાર્થવાળું છે તેથી એ એક વિશેષતા છે. પૂજ્ય મુનિરાજશ્રીએ ગ્રંથકારને અને વૃત્તિકારને કેટલો અને કેવો ન્યાય આપ્યો છે તે તો સુજ્ઞ વાચકો સ્વયં વાંચવાથી જાણી શકશે.

પૂજ્ય મુનિરાજશ્રી બીજા પ્રકરણાદિ ગ્રંથોનો પણ લોકભોગ્ય ભાષામાં અનુવાદ કરી ભવ્ય જીવો પર વિશેષ ઉપકાર કરતાં રહે એવી શુભેચ્છા.

આ પ્રસ્તાવનામાં મારાથી પરમપવિત્ર શ્રી જિનાજ્ઞાથી(૧)વિરુદ્ધ જે કાંઇ લખાયું હોય તે બદલ મિચ્છામિ દુક્કડમ્ અને (૨) અનુરૂપ જે કાંઇ લખાયું હોય તેનાથી બંધાએલ પુણ્યપ્રાગ્ભાર દ્વારા જગતના જીવો જીવોની વધુને વધુ જાણકારી મેળવી જીવોની વધુને વધુ દયા પાળી પરમપદને પ્રાપ્ત કરે એવી શુભાભિલાષા

લિ. વર્ધમાનતપોનિધિ આ. ભગ. શ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી**
**મહારાજાનો ચરણકિંકર પ્રપ્રશિષ્ય મુનિ અભયશેખર વિજય.**

નમો તિત્થસ્સ....

# પ્રકાશકીય નિવેદન....

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ **આચાર્યદેવશ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજના** પ્રશિષ્ય **પૂ. પં. શ્રી હેમચંદ્ર વિજયજી ગણિવર** શ્રીની શુભ પ્રેરણાથી તીર્થપ્રભાવક **પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિક્રમ** સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન **પૂ. પં. શ્રી સ્થુલભદ્ર વિજયજી ગણિવર**શ્રીના શિષ્યરત્ન **પૂ.મુનિરાજ શ્રી અમિતયશ વિજયજી મહારાજે** અત્યંત પરિશ્રમપૂર્વક કરેલ શ્રી **જીવસમાસ** ગ્રંથના મૂળ તથા ટીકાનુવાદને પ્રસિદ્ધ કરતા અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

આપણા પૂર્વાચાર્ય ભગવંતોએ આપણને જે મહાન સાહિત્યની ભેટ આપી છે તેનું અધ્યયન, અધ્યાપન, પરિશીલન અને રક્ષા કરવાની મહાન જવાબદારી શ્રીસંઘના મસ્તકે છે. પૂ. ગુરુદેવો આ કાર્યમાં તનતોડ મહેનત! પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. પૂ. અમિતયશ વિજયજી મહારાજે ગુરૂકુળ વાસમાં રહેતા રહેતા પોતાના પૂજનીય ગુરૂદેવોની ઉપાસના કરતા કરતા સમ્યગ્જ્ઞાન કેવું સુંદર મેળવ્યું છે એ આ મહાન ગ્રંથનો અનુવાદ જોતા આપણને સહેજે સમજાઈ જાય તેમ છે. પૂજ્યશ્રીની આવી મહાન શ્રુત સાધનાની અમે ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ, અને શ્રુતભક્તિ કરવા દ્વારા સ્વ-પર કલ્યાણમાં પૂજ્ય શ્રીની શક્તિનો વધુને વધુ ઉપયોગ થાય તેવી શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ.

આ અતિ પ્રાચીન ગ્રંથના કર્તા કોણ છે તે જાણી શકાયું નથી પરંતુ આ ગ્રંથના ટીકાકાર વિશેષાવશ્યક ભાષ્ય આદિ ગ્રંથોના ટીકાકાર પૂ. મલધારી શ્રી હેમચંદ્ર સૂ. મ. છે. જે આ ગ્રંથનું મૂલ્યાંકન કરવા માટેનું મહાન સાધન છે.

આ ગ્રંથ વિષે 'પ્રસ્તાવના' ના નામે **પૂ. અભયશેખર વિ. મહારાજે** તથા ગ્રંથકાર અને ટીકાકાર આદિ વિષે 'જીવસમાસ : એક પરિચય'ના નામ **પૂ. મહાબોધિ વિ. મહારાજે** વિસ્તૃત વિવેચન લખેલ છે તેની વિશેષ છણાવટ કરવાનું અમારૂ સામર્થ્ય પણ નથી. તે માટે બંને પૂજ્યશ્રીના લેખો જોવા વાંચકોને અમારી ભલામણ છે.

શ્રી **જિનશાસન આરાધનાની ટ્રસ્ટની** સ્થાપના સાત ક્ષેત્રની ભક્તિ કરવા માટે થયેલ છે. જીર્ણોદ્ધારો, જિનમંદિરોના નિર્માણ, નૂતન ધર્મ સ્થાનોના નિર્માણ, પૂજ્યોની ભક્તિ, વૈયાવચ્ચ, દીક્ષાર્થી બહુમાન, મુમુક્ષુ પાઠશાળા વગેરે અનેક વિધ પ્રવૃત્તિઓની સાથે ટ્રસ્ટ દ્વારા શ્રુત ભક્તિનું કાર્ય પણ સારી રીતે થઈ રહ્યું છે.

હાલમાં ૩૦ થી ૩૫ લહીયાઓ શાસ્ત્ર લેખનનું કાર્ય કરી રહ્યા છે. લાખો શ્લોક પ્રમાણ લગભગ છસોથી વધુ ગ્રંથો આજ સુધીમાં લખાઈ ગયા છે શાસ્ત્ર લેખન સાથે પ્રાચીન શાસ્ત્ર પ્રકાશનનું કાર્ય પણ ટ્રસ્ટ તરફથી ચાલું જ છે.

અત્યાર સુધીમાં નીચે મુજબના ગ્રંથો પ્રકાશિત થઈ ગયા છે.

(૧) જીવવિચાર-દંડક-કાયસ્થિતિ સ્તોત્રાભિધાન પ્રકરણ સટીક

(૨) ન્યાય સંગ્રહ

(૩) ધર્મ સંગ્રહ ભાગ ૧ સટીક

(૪) ધર્મસંગ્રહ ભાગ ૩ સટીક

નીચેના ગ્રંથો ટુંક સમયમાં પ્રકાશિત થશે.

(૧) જંબુદ્વીપ સંગ્રહણી સટીક

(૨) ધર્મ સંગ્રહ ભાગ-૨ સટીક

(૩) સ્યાદ્વાદ મંજરી (અનુવાદ)

શ્રુત ભક્તિના વિશાળ કાર્યમાં લાખોરૂપિયાની આવશ્યકતા છે. આપણા જ્ઞાનખાતાની રકમનો શ્રુતરક્ષાના આ મહામૂલા કાર્યમાં સદુપયોગ કરવો અત્યંત આવશ્યક છે જો આની આપણે ઉપેક્ષા કરીશું તો આપણા મહામૂલા શ્રુતના વારસાને ગુમાવી દેવાનો આપણે માથે ભય ઉભો થશે માટે સહુ સંઘના અગ્રગણ્યો શ્રુતરક્ષાનું મહત્વ સમજી પ્રાચીન આચાર્યોના શાસ્ત્રોનું લેખન પ્રકાશન કરવા દ્વારા જતન કરવા પ્રયત્નશીલ બને એજ શુભાભિલાષા.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં પં. પૂ. પન્યાસજી મ. શ્રીપદ્મવિજયજી ગણિવર્ય તેમજ પ. પૂ. પંન્યાસપ્રવર શ્રીસ્થૂલભદ્રવિજયજી ગણિવર્ય મહારાજ સાહેબની પ્રેરણાથી વિવિધ સંઘોએ પોતાના જ્ઞાનદ્રવ્ય ની રકમ આપી છે તે સંઘોનો અમે આભાર માનીએ છીએ તેમજ આ પુસ્તક જીતુભાઈએ અમદાવાદના પોતાના જીગી પ્રિન્ટર્સ નામના પ્રેસમાં ઘણી ઝડપથી મુદ્રિત કર્યું તેથી તેમના અમે આભારી છીએ.

પ્રાન્તે આ ગ્રંથના સ્વાધ્યાય દ્વારા ભવ્ય આત્માઓ સમ્યગ્ જ્ઞાનને વધુંને વધુ પ્રાપ્ત કરી છેક કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પહોંચી અક્ષયપદને પ્રાપ્ત કરે એજ અભિલાષા સાથે શ્રુતભક્તિનો વધુ ને વધુ લાભ અમને મળે એવી શાસનદેવને પ્રાર્થના

લી. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ.

# અનુવાદકીય

નમો અરિહંતાણું

આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમસૂરીશ્વરજી સદ્ગુરુભ્યો નમઃ

ષડ્દ્રવ્યમય જગતમાં એક આત્મદ્રવ્ય જ જ્ઞાતા અને જ્ઞેય સ્વરૂપે કહેવાય છે. તેનું કારણ એ છે કે તે જ્ઞાનમય છે, જ્યાર બીજા દ્રવ્ય ફક્ત જ્ઞેયરૂપે જ છે, પણ જ્ઞાતારૂપે નથી. આ જ્ઞાનગુણના જ કારણે આત્મા ચૈતન્યમય કહેવાય છે, જ્યારે બીજા દ્રવ્યો આ ગુણના અભાવે જડરૂપે કહેવાય છે.

આ જ્ઞાનગુણ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ અને કેવલજ્ઞાનના ભેદે પાંચ પ્રકારે છે. તેમાં શ્રુતજ્ઞાન સિવાયના બીજા ચાર જ્ઞાન પદાર્થોને જાણી શકવા છતાં પણ બીજાને જણાવી ન શકવાના કારણે મુંગા કહેવાય છે અને શ્રુતજ્ઞાન બીજા આત્માઓને પદાર્થોનું સ્વરૂપ જણાવવાની ક્ષમતા ધરાવતું હોવાથી બોલતું કહેવાય છે, આ જ કારણે તે સ્વપર ઉપકારક કહેવાય છે, તે શ્રુતજ્ઞાનનાં ચૌદ ભેદો છે, તેમાં ગણધર ભગવંતો દ્વારા ગુંથાયેલ દ્વાદશાંગીરૂપ અંગશ્રુત અને સ્થવિર ભગવંતો દ્વારા ગુંથાયેલ અનંગશ્રુત છે.

આ બન્ને પ્રકારનું શ્રુત પૂર્વર્ષિઓ મુખપાઠ જ રાખતા હતા, અને શિષ્યોને પણ મોઢેથી જ ભણાવતા હતા. પુસ્તકો તો કવચિત્ જ જોવામાં આવતા હતા, પરંતુ કાળ-પ્રભાવે જીવોની બુદ્ધિહીનતા તથા અનેક દુષ્કાળો પડવાના કારણે શ્રુતજ્ઞાનની વિસ્મૃતિ થવા માંડી, આ કારણે મથુરા નગરીમાં તેમજ વલ્લભીપુરમાં સમસ્ત શ્રમણસંઘ એકત્રિત થઇ તત્કાલિન શ્રુતની વાચના કરી પાઠોને સરખા કર્યા તેમજ પાઠભેદોને પણ....નોંધ્યા, આમાં મથુરાની વાચના માથુરીવાચના અને વલ્લભીપુરની વાચના વાલભીય વાચના તરીકે પ્રસિદ્ધ થઈ. આમ શ્રુતજ્ઞાનની બે પરંપરા ચાલી.

વર્તમાન કાળમાં બન્ને વાચનાનાં ગ્રંથોની ઉપલબ્ધિ થાય છે, જેમકે અનુયોગદ્વાર વગેરે ગ્રંથો માથુરીવાચનાંતર્ગત ગણાય છે. જ્યારે જીવસમાસ તથા જ્યોતિષકરંડક ગ્રંથો વાલભીય વાચનાંતર્ગત ગણાય છે.

એમાં જીવસમાસ ગ્રંથ અતિપ્રાચીન તેમજ પૂર્વધર મહર્ષિકૃત જણાય છે. ૨૮૬ આર્યાશ્લોક પ્રમાણ ગ્રંથ છે, પરંતુ કેટલીક પ્રતોમાં જેમકે જેસલમેરના શ્રી જિનભદ્રસૂરિ સંસ્થાપિત તાડપત્રીય ભંડારમાંની બે તાડપત્રીય પ્રતો પૈકી એકમાં ૨૭૦ અને એકમાં ૨૯૧ શ્લોક છે આમ પ્રક્ષેપ ગાથાઓના કારણે ગ્રંથનું પ્રમાણ અનેક પ્રકારે જણાય છે. તેમજ જેસલમેરના વડાઉપાશ્રયનાં ભંડારમાં સંવંત ૧૪૯૯માં લખાયેલ હસ્તલિખીત સટીક પ્રત છે

આ ગ્રંથ થોડા વર્ષો પહેલા મૂળ અને મૂળશ્લોકનાં ભાષાંતરરૂપે પ્રગટ થયેલ હતો. હજુ સુધી આ ગ્રંથની ટીકાનું સંપૂર્ણ ભાષાંતર પ્રગટ થયું ન હતું, આ ગ્રંથનું ભાષાં-

તર વિક્રમ સંવત ૧૯૮૪માં આગમોદય સમિતિ દ્વારા પ્રગટ થયેલ પ્રતના આધારે કરવામાં આવેલ છે.

આ ગ્રંથનું સંપૂર્ણ ભાષાંતર પરમકૃપાળુ શ્રી અરિહંતદેવની કૃપા તેમજ પૂજ્યપાદ તીર્થપ્રભાવક પરમગુરૂદેવ આચાર્યદેવ શ્રીમદ વિજય વિક્રમસૂરિશ્વરજી મહારાજ સા. તથા પરમ પૂજ્ય પંન્યાસપ્રવર ગુરૂવર્ય શ્રી સ્થુલભદ્રવિજયજી ગણીવર્ય મ. સા.ની પરમ કૃપાથી પૂર્ણ થયું છે.

આ ગ્રંથનાભાષાંતરને પં. પૂ. પં. શ્રી નિત્યાનંદવિજયજી ગણીવર્ય તેમજ મુનિરાજ શ્રી મહાબોધિ વિજયજીએ ટીકા સાથે મેળવી શુદ્ધ કરી આપ્યું છે, તે બદલ તેમનો હું ઋણી છું આ ગ્રંથના પ્રુફસંશોધન વગેરે અનેક કાર્યોમાં મુનિરાજ શ્રી મહાબોધિવિજયજીએ આત્મીયભાવે રસ લઈ ગ્રંથને સાદ્યંત સુંદર બનાવવામાં જે સહયોગ આપ્યો છે તે અવિસ્મરણીય છે. વળી આ ગ્રંથની પ્રેસકોપી વગેરે શ્રુતભક્તિમાં સહાયકારી આત્માઓની ભક્તિ અનુમોદનીય છે.

આ ગ્રંથ પ્રકાશનમાં પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી હેમચંદ્રવિજયજી ગણીવર્ય મ. સા.ની પ્રરણાથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટે જે લાભ લીધો છે. તે અનુમોદનીય છે.

આ ગ્રંથના ભાષાંતરમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ જે કંઈ લખાયું હોય તે બદલ હું ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું. પ્રાન્તે એજ અપેક્ષા રાખું છું કે સૌ કોઈ આ ગ્રંથના અભ્યાસદ્વારા સકલ કર્મનો ક્ષય કરી અનંતસુખના સ્વામિ બની મારા પ્રયત્નને સફળ કરે.

લી. મુનિ અમિતયશવિજય

卐

# જીવસમાસ : એક પરિચય

**વાચના :**

**ગણધરભગવંતો** ચારિત્ર ગ્રહણ કર્યા પછી દ્વાદશાંગીની રચના કરે છે અને દરેક ગણધરમહારાજા પોતપોતાના શિષ્ય પરિવારને તેની વાચના આપે છે. શ્રમણભગવાન મહાવીરદેવના ગણધર ૧૧ હતા પણ ગણ ૯ હતા તેથી દ્વાદશાંગી પણ ૯ હતી. પંચમ ગણધર **શ્રી સુધર્માસ્વામીજીનું** આયુષ્ય દીર્ઘ હોવાથી બાકીના ગણધરોએ પોતપોતાના આયુષ્યના અંતે પોતાનો ગણ શ્રી સુધર્માસ્વામીજીને સોંપતા ગયા. શ્રી સુધર્માસ્વામીજી પણ દરેકને સૂત્રની વાચનાઓ આપતા હતા. આ સૂત્ર વાચનાની પરંપરા તેમની પાટે આવતા દરેક આચાર્યોના સમયમાં પણ ચાલુ રહી.

વીર નિર્વાણથી **૧૬૦ વર્ષે શ્રી ભદ્રબાહુસ્વામી**ના સમયમાં બાર વર્ષનો દુકાળ પડયો. ચારે બાજુ રોગચાળો ફેલાઈ ગયો. આ દુકાળમાં સાધુઓ જુદા જુદા સ્થાને વિહાર કરી ગયા. શ્રુતનું અધ્યયન/અધ્યાપન ખાસ ન થઇ શકવાથી ધીરે ધીરે શ્રુતધન ઘટતું ગયું. બાર વર્ષ પછી **પાટલિપુત્ર**માં શ્રીશ્રમણસંઘની ઉપસ્થિતિમાં સૂત્રોની વાચનાને વ્યવસ્થિત કરવામાં આવી જેમાં અગ્યાર અંગોનું સંકલન થયું. બારમું અંગ શ્રી **સ્થુલભદ્રસ્વામીજી** શ્રી ભદ્રબાહુસ્વામી પાસે ભણ્યા જેમાં ૧૦ પૂર્વ સૂત્ર અને અર્થથી તથા છેલ્લા ૪ પૂર્વ માત્ર સૂત્રથી ભણ્યા.

વીર નિર્વાણની નવમી શતાબ્દીમાં પુનઃ બાર વર્ષનો દુકાળ પડયો. સાધુઓ ભિક્ષા નિમિત્તે ભિન્નભિન્ન પ્રાંતોમા વિખરાઇ ગયા. વ્યવસ્થિત અધ્યયનના અભાવે સૂત્રનું વિસ્મરણ થવા લાગ્યું. બાર વર્ષના દુષ્કાળ બાદ આચાર્ય **સ્કંદિલસૂરિ**ના પ્રમુખ પદે **મથુરા**માં અને આચાર્ય **નાગાર્જુનસૂરિ**ના પ્રમુખપદે **વલભીપુર**માં શ્રમણસંઘ એકત્રિત થયો. જેને જે યાદ હતું તે બધું વ્યવસ્થિત કરવામાં આવ્યું. આમાં મથુરામાં થયેલી વાચના **માથુરી** કહેવાય છે અને વલભીમાં થયેલી વાચના **નાગાર્જુની** કહેવાય છે. **યોગશાસ્ત્રવૃત્તિ**ના કથનાનુસારે આ વાચના વખતે જ આગમોને પુસ્તકોમાં લખાવ્યા હતા. આ બંને વાચનાના આગમપાઠોને પરસ્પર મેળવી તેમાંથી એક ચોક્કસ પાઠ કરવાનું બાકી હતું પરંતુ જીવનસમય દરમ્યાન બંને આચાર્યોનો પરસ્પર મેળાપ ન થવાથી વાચનાઓમાં કોઈ કોઇ સ્થળે પાઠભેદ રહી ગયો.

વીર નિર્વાણની ૧૦મી શતાબ્દીમાં ફરી બાર વર્ષનો દુકાળ પડયો. આ વખતે પૂર્વે લખાયેલા આગમો તથા કેટલાક જ્ઞાનભંડારોનો નાશ થયો હશે જેથી શ્રી **દેવર્ધિગણિ-ક્ષમાશ્રમણે** ભવિષ્યના લોકો ઉપર ઉપકાર કરવા તેમજ શ્રુતભક્તિથી અને શ્રી સંઘના

આગ્રહથી તત્કાલીન સર્વ સાધુઓને વલ્લભીપુરમાં બોલાવ્યા. મથુરામાં ચોથી આગમવાચનામાં આ સ્કંદિલસૂરિએ જે આગમો લખાવેલા તેનો વારસો શ્રીદેવર્ધિગણિક્ષમાશ્રમણ પાસે હતો. માથુરી તથા નાગાર્જુની આગમવાચનાના બંને પાઠોને શ્રમણ સંઘે તેમની નિશ્રામાં એકત્ર થઇ તેમની રૂબરૂમાં તપાસ્યા તેમાં આ સ્કંદિલસૂરિની વાચનાના પાઠને કાયમ રાખવામાં આવ્યો અને નાગાર્જુની વાચનાના પાઠને વાચનાંતર કહી સાથેજ દાખલ કર્યો. આ ઉપરાંત તે બંનેય વાચનાના જે પાઠન્તરો હતા તેને પણ વગે. વગેરે સંકેતથી કાયમજ રાખ્યા છે. આ રીતે તે વખતે આગમો, નિર્યુક્તિઓ તથા પૂર્વધર મહર્ષિ અને તે સિવાયના આચાર્યોએ રચેલ ઔપદેશિક, તાત્વિક અને કથા સાહિત્યના ગ્રન્થો પણ પુસ્તકારુઢ થયા.

**જીવસમાસ :**

આ સમયે કર્મસાહિત્યના અનેક ગ્રન્થો લખાવવામાં આવ્યા. જેમાં કમ્મપયડિ, શતકપ્રકરણ, પંચસંગ્રહ ઇત્યાદિ ગ્રંથોની સાથે જીવસમાસ પણ લખાવવામાં આવ્યો. સહુ પ્રથમ આ ગ્રંથનું સંકલન આચાર્ય નાગાર્જુનસૂરિના સમયે વલભીમાં જે વાચના થઈ તે વખતે થયું હશે અથવા આ. નાગાર્જુનસૂરિની વલભીમાં જે વાચના થઇ તેની પરંપરાને અનુસરીને આ ગ્રંથ રચાયો હશે તેથી આ ગ્રંથ **વલ્લભીય પારમ્પર્ય નિયુક્ત** કહેવાય છે. વર્તમાનમાં જે આગમ ગ્રંથો ઉપલબ્ધ થાય છે. તે આ. સ્કન્દિલસૂરિની નિશ્રામાં થયેલ માથુરી વાચનાને અનુસરે છે. આ ગ્રંથ નાગાર્જુનની વાચનાને અનુસરતો હોઇ કોઇ કોઇ સ્થળે માથુરી વાચનાથી વિસંવાદ જણાય છે તે છતાં **સેનપ્રશ્ન, લોકપ્રકાશન** આદિ ગ્રંથોમાં મતાંતર તરીકે આ ગ્રંથોના સાક્ષિ પાઠો આપ્યા છે તેથી જાણી શકાય છે કે આ ગ્રંથ પૂર્વાચાર્ય પરમ્પરામાં અત્યંત આદરને પામ્યો છે.

**કર્તા :**

૨૮૬ ગાથા પ્રમાણ આ ગ્રંથનો આદિ–અંત ભાગ જોતાં તેના કર્તા વિષેનો કોઇ નિશ્ચય થતો નથી. તે છતાં આ ગ્રંથની ૨૮૫ મી ગાથા—

" **बहुभंगदिट्ठिवाए दिट्ठत्थाणं जिणोवइट्ठाणं ।**
**धारणपत्तट्ठो पुण जीवसमासत्थउवउत्तो ॥** "

અને તેની ટીકા

"**'बहुभंगो' बहुभेदो यो दृष्टिवादस्तस्मिन् बहुभंगदृष्टिवादे सर्वस्मिन्नागम इत्यर्थः** "

એ જોતાં જણાય છે કે આ ગ્રંથ દ્વાદશાંગીમાંથી **પૂર્વધરમહર્ષિએ** ઉદ્ધૃત **કર્યો** હશે આ ગ્રંથ ઉપર ભિન્ન ભિન્ન કર્તૃક વૃત્તિઓની રચના થઇ છે.

## જીવસમાસની વૃત્તિઓ

**મલધારી શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે** આ ગ્રન્થ પર એક વૃત્તિ રચી છે. તથા તેઓશ્રીએ જીવસમાસની ૪૭મી ગાથાની વૃત્તિમાં '**મૂલવૃત્તિકૃતા**' અને ગાથા ૧૫૮ની વૃત્તિમાં '**एतदगाथायामर्वाचीनटीकाकारः प्राह**'નો ઉલ્લેખ કરેલ છે. આ પરથી જણાય છે કે આ ગ્રંથ પર ઓછામાં ઓછી ૩ વૃત્તિઓ રચાણી છે. જેમાં **મૂલવૃત્તિ**એ આ ગ્રંથ ઉપરની પ્રથમવૃત્તિ હશે. તથા **અર્વાચીન ટીકા** એ મલધારી શ્રી હેમચન્દ્રસૂરી મહારાજની વૃત્તિની રચના પૂર્વે નજીકના સમયમાં રચાણી હશે. વર્તમાનમાં મૂલવૃત્તિ તો પ્રાપ્ત થતી નથી પરંતુ શ્રી **શીલાચાર્ય મ.**ની કરેલી ૧૩૦૦ શ્લોક પ્રમાણની એક વૃત્તિ પ્રાપ્ત થાય છે અને તેજ હેમચંદ્રસૂરિજીની વૃત્તિમાં ઉલ્લિખિત અર્વાચીનટીકા હોય તેમ લાગે છે. કારણ કે હેમચંદ્રસૂરિ મહારાજે પોતાની વૃત્તિમાં કયાંક કયાંક અર્વાચીન ટીકાના ઉદ્ધરણો ટાંકેલા છે જે શ્રી શીલાચાર્યની ટીકામાં કયાંક કયાંક શબ્દથી તો કયાંક કયાંક અર્થથી લગભગ સમાન દેખાય છે. અર્વાચીન ટીકાકારે પણ પોતાની વૃત્તિમાં મૂલવૃત્તિનો ઉલ્લેખ કરેલ છે. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે પોતાની વૃત્તિમાં અર્વાચીન ટીકાનો ઘણો ઉપયોગ કર્યો છે. અર્વાચીન ટીકાકાર શ્રી શીલાચાર્ય મહારાજ તે **આચારાંગ સૂત્રકૃતાંગવૃત્તિના** કર્તા **શીલાચાર્ય**થી ભિન્ન છે કે તે જ છે તે સંશોધનનો વિષય છે. આચારાંગાદિ વૃત્તિના કર્તા વર્તમાનમાં શીલાંકાચાર્ય તરીકે ઓળખાય છે, તે છતાં પોતાની વૃત્તિમાં પોતાને શીલાચાર્ય તરીકે જ ઓળખાવે છે. જીવસમાસની અજ્ઞાતકર્તૃક એક અપૂર્ણ અવચૂરિ પણ મળે છે.

પ્રસ્તુત અનુવાદ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજ વિરચિત જીવસમાસની વૃત્તિનો હોવાથી મલધારગચ્છ, મલધારી શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજ તથા તેમણે રચેલી જીવસમાસની વૃત્તિ અંગેની કેટલીક માહિતિઓ અત્રે આપવામાં આવે છે.

### મલધારગચ્છ

**ચિતોડ**ના રાજા **અલ્લટે અલવર** નગર વસાવ્યું અને રાણી **હરિય દેવી**ના નામથી **હર્ષપુર** નગર વસાવ્યું. ત્યાં શ્રી જૈન સંઘે આ. **શ્રી પ્રિયગ્રંથસૂરિની મજ્ઝિમાં શાખા**ના **પ્રશ્નવાહનકુલના** આચાર્યોને પધરાવ્યા, અને ત્યારથી એ પ્રશ્નવાહનકુલના શ્રમણોનું '**હર્ષપુરીયગચ્છ**' નામ પડયું. તેમા વિક્રમની બારમી સદીમાં આચાર્યશ્રી **જયસિંહ સૂરિ** થયા. તેમના શિષ્ય આચાર્ય શ્રી **અભયદેવસૂરિ** થયા. આચાર્ય અભયદેવ સૂરિ

સ્વશરીર પ્રત્યે પણ અત્યંત નિસ્પૃહી હતા. યાવજ્જીવ સુધી તેમને પાંચ વિગઈઓનો ત્યાગ હતો. વસ્ત્રમાં પણ માત્ર એક ચોલપટ્ટો અને ઉપર ઓઢવાનું એક કપડુ પહેરતા હતા.

એક વખત ગૂર્જરેશ્વર **કર્ણદેવ** યુવરાજ **જયસિંહ** સાથે બહાર જતો હતો. રસ્તામાં મલમલિન શરીર અને વસ્ત્રોને ધારણ કરનાર આચાર્યશ્રી અભયદેવ સૂરિ મહારાજને જોયા. આચાર્યશ્રીની સ્વદેહ પ્રત્યે પણ આવી ભારે નિસ્પૃહતા જોઇને કર્ણદેવ પ્રસન્ન થઈ ગયો એટલુંજ નહિ પણ તેમને મલધારીનું બિરુદ આપ્યું. ત્યારથી હર્ષપુરીયગચ્છ **મલધારગચ્છ** તરીકે પ્રચલિત થયો અને આ ગચ્છની પરંપરામાં થતા આચાર્યો પણ મલધારી તરીકે ઓળખાતા હતા.

**મલધારી શ્રી હેમચંદ્ર સૂ. મ.[1] :**

**આચાર્યશ્રી હેમચંદ્રસૂરિમહારાજ** ગૃહસ્થપણામાં **પ્રદ્યુમ્ન** નામે મહામાત્ય હતા, આ. શ્રી અભયદેવસૂરિ મહારાજના ઉપદેશથી પોતાની સંપત્તિ, ૪ રૂપવંતી પત્નીઓ તેમજ મંત્રીપદ વગેરે છોડી દઈને તેમણે ચારિત્ર લીધું. શાસ્ત્રો ભણીગણીને ગુરૂમહારાજના હાથે આચાર્યપદ પ્રાપ્ત કર્યું અને મલધારી શ્રીહેમચંદ્રસૂરિમહારાજના નામે પ્રખ્યાત થયા. તેઓશ્રી સ્વભાવે નમ્ર, શાંત અને પાપભીરુ હતા તેમજ બહુશ્રુત અને ગીતાર્થ આચાર્ય હતા. આચાર્યશ્રી બહુધા 'ઉપમિતિભવપ્રપંચાકથા' નું વ્યાખ્યાન આપતા અને ત્યારથી આ કથા વધુ પ્રસિદ્ધ બની હતી. રાજા સિદ્ધરાજ તેમના મૌલિક ગુણોથી ખેંચાઇને પોતાના પરિવાર સાથે તેમની દેશના સાંભળતો તેમની સાથે ધર્મચર્ચા કરતો અને અવાર નવાર પોતાના મહેલમાં પણ તેમની પધરામણી કરાવતો.

આચાર્યશ્રીએ પોતાના કાળ દરમિયાન અનેક પ્રકારની શાસનપ્રભાવના કરી, અનેક યાત્રા સંઘો તેમની નિશ્રામાં નીકળ્યા, અનેક જિનાલયોના જીર્ણોદ્ધાર કરાવ્યા, દેવદ્રવ્યનો

---

૧ – મલધારશ્રી હેમચન્દ્રસૂરિ મહારાજના જીવનને લગતો કોઈ સ્વતંત્ર ગ્રંથ કે પ્રબંધ રચાયો હોય તેનો ખ્યાલ નથી પરંતુ નીચેના ગ્રન્થોની પ્રશસ્તિઓમાંથી તેમના જીવનને લગતી કેટલીક વિશિષ્ટ માહિતીઓ પ્રાપ્ત થાય છે.

| ગ્રન્થ | કર્તા |
|---|---|
| ૧ શ્રી મુનિસુવ્રત ચરિત્ર પ્રશસ્તિ | આ. શ્રી ચન્દ્રસૂરિ |
| ૨ ધર્મોપદેશમાલા વિવરણ પ્રશસ્તિ | આ. શ્રી વિજયસિંહસૂરિ |
| ૩ સુપાસનાહ ચરિયં પ્રશસ્તિ | પં. શ્રી લક્ષ્મણગણિ |
| ૪ ન્યાયાવતાર ટિપ્પન | આ. શ્રી દેવપ્રભ સૂરિ |
| ૫ પાંડવાયન | આ. શ્રી દેવભદ્ર સૂરિ |
| ૬ ન્યાયકંદલી પંજિકા પ્રશસ્તિ | આ. શ્રી રાજશેખરસૂરિ |
| ૭ પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય વૃત્તિ પ્રશસ્તિ | આ. શ્રી રાજશેખરસૂરિ |

થતો વિનાશ અટકાવ્યો તેમજ તેમના ઉપદેશથી રાજા સિદ્ધરાજે પોતાના રાજ્યના જિન-મંદિરોના શિખરો ઉપર સુવર્ણના કળશો ચડાવ્યા તથા ૭૨ સાલ માટે વર્ષના ૮૦ દિવસોમાં અમારિ શાસન કર્યું. આમ તે સમયમાં તેઓ જિનશાસનના અત્યુચ્ચપ્રભાવક હતા, સાથે સાથે તેઓશ્રીની વિદ્વત્તા પણ અજોડ હતી જેને લીધે વિવિધ ગ્રંથોનું તેમણે સર્જન કરેલું જેનું શ્લોક પ્રમાણ એકલાખ જેટલું છે. આવી તેઓની પ્રભાવકતા અને વિદ્વત્તાને લઈને તેઓ વિશાળ શિષ્યવૃન્દના નાયક પણ હતા. અંતે ૭ દિવસનું અનસન કરી તેઓ સ્વર્ગસ્થ થયા તેમની સ્મશાનયાત્રામાં રાજા સિદ્ધરાજ પોતે કેટલાક માર્ગ સુધી ગયો હતો. કુમારપાલ પ્રતિબોધક **આચાર્યશ્રી હેમચંદ્ર સૂ. મહારાજ** તથા **વિજય-સિંહસૂરિના** શિષ્ય **આ. શ્રી હેમચંદ્ર સૂ. મહારાજ** એમ સમનામી બીજા બે આચાર્યો પણ આ સમયે થયા હતા.

**શિષ્યમંડળ :** પૂ. આ. શ્રી હેમચંદ્ર સૂરિ મહારાજનું વિશાળ એવું વિદ્વાન શિષ્યમંડળ હતું. જેમાં નીચેના અતિપ્રસિદ્ધ હતા.

(૧) **આ. શ્રીવિજયસિંહસૂરિ** : તેમણે '**ધર્મોપદેશમાલા**' ઉપર ૧૪૪૭૧ શ્લોક પ્રમાણ વિવરણની રચના કરેલી.

(૨) **આ. શ્રી ચંદ્રસૂરિ** : તેઓ સંસારીપણામાં લાટદેશના નાણાપ્રધાન મંત્રી હતા. દીક્ષા પછી તેમણે ૧૦૯૯૪ શ્લોક પ્રમાણ **મુનિસુવ્રતચરિત્ર, સંગ્રહણીસૂત્ર, લઘુ સમાસની** રચના કરેલી.

(૩) **પં. અભયકુમારગણિ** : આ. શ્રીવિજયસિંહસૂરિએ રચેલ ધર્મોપદેશમાલાના વિવરણમાં એમને સહાય કરેલી.

(૪) **પં. લક્ષ્મણગણિ** : તેમણે કુમારપાળના રાજ્યમાં **માંડલમાં** વિ. સં. **૧૧૯૯** માં ૧૦૦૦૦ શ્લોક પ્રમાણ **સુપાસનાહચરિય**ની રચના કરેલી.

(૫) શ્રી **વિબુધચંદ્રમુનિ** : તેઓ સંસારીપણામાં લાટદેશના મંત્રી હતા. દીક્ષા પછી તેમણે ગુરુદેવની વિશેષાવશ્યકભાષ્યની બૃહદ્વૃત્તિનું તથા આ. શ્રી ચંદ્રસૂરિજીએ રચેલ મુનિ સુવ્રતચરિત્રનું સંશોધન કરેલ.

આ સિવાય પં. **ધનદેવગણિ**, પં. જિનભદ્રગણિ આદિ પણ તેમના જ શિષ્યો હશે.

**સ્વરચિત ગ્રંથો**

મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ સ્વયં વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિમાં અંતે સ્વરચિત ગ્રંથોની યાદી આ પ્રમાણે આપે છે :

"मया परमपुरुषस्योपदेशं श्रुत्वा विरचय्य झटिति निवेशितम् आवश्यक-टिप्पनिकाभिधानं सद्भावनामञ्जुषायां नूतनफलकं, ततोऽपरमपि शतकविवरण-

नामकम्, अन्यदपि अनुयोगद्वारवृत्तिसंज्ञितम् ततोऽपरमपि उपदेशमालासूत्राभिधानम् अपरं तु तद्वृत्तिनामकम्, अन्यच्च जीवसमासविवरणनामधेयम्, अन्यत्तु भवभावना सूत्रसंज्ञितम्, अपरं तु तद्विवरणनामकम्, अन्यच्च झटिति विरच्य तस्याः सद्भावनामञ्जुषाया अंगभूतं निवेशितं नन्दिटिप्पनकनामधेयं नूतनदृढफलकम्, एतैश्च नूतनफलकै निवेशितैर्वज्रमयीव संजाताऽसौ मञ्जुषा तेषां पापानामगम्या, ततस्तैरतीव छलघातितया संचूर्णयितुमारब्धं तद् द्वारकपाटसंपुटं, ततो यथासंभ्रमेण निपुणं तत्प्रतिविधानोपायं चिन्तयित्वा विरचयितुमारब्धं तद् द्वारपिधानहेतोर्विशेषावश्यकविवरणाभिधानं वज्रमयमिव नूतनकपाटसंपुटम्, ततश्चाभयकुमारगणि-धनदेवगणि जिनभद्रगणि लक्ष्मणगणि–विबुधचन्द्रादिमुनिवृन्द श्रीमहानन्दश्रीमहत्तरा वीरमति गणिन्यादिसाहाय्यात् समस्तमपि विलक्षीभूतं तत्सैन्यं निलीनं च सन्मार्गकमेव" ।

આ પરથી જણાય છે કે તેમણે નીચે મુજબના ગ્રંથોની રચના કરેલી.

| ક્રમાંક | ગ્રંથ | શ્લોકાંક |
|---|---|---|
| ૧ | આવશ્યક ટિપ્પનક | ૫૦૦૦ |
| ૨ | શતક વિવરણ | ૪૦૦૦ |
| ૩ | અનુયોગદ્વાર સૂત્ર વૃત્તિ | ૬૦૦૦ |
| ૪ | ઉપદેશમાલા (પુષ્પમાલા) (મૂલ) | ૫૦૫ |
| ૫ | ઉપદેશમાલા સ્વોપજ્ઞ વૃત્તિ | ૧૪૦૦૦ |
| ૬ | જીવસમાસવિવરણ | ૬૬૨૭ |
| ૭ | ભવભાવના સૂત્ર (મૂલ) | ૫૩૧ |
| ૮ | ભવભાવના સ્વોપજ્ઞ વૃત્તિ | ૧૩૦૦૦ |
| ૯ | નંદિ સૂત્ર ટિપ્પનક | |
| ૧૦ | વિશેષાવશ્યકભાષ્ય બૃહદ્વૃત્તિ | ૨૮૦૦૦ |

ઉપરોક્ત દશ કૃતિમાંથી ૯ કૃતિ આજે પ્રાપ્ય છે. જ્યારે નંદિસૂત્ર ટિપ્પનક વર્તમાનમાં અલભ્ય છે. આ દશ ગ્રંથની રચના બાદ તેઓશ્રીએ અન્ય ગ્રંથની રચના કરી હોય તો ના નહિ, "જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ" ખંડ-૧ માં 'એકાક્ષર નિઘંટુ' ના કર્તા તરીકે મલધારી શ્રી હેમચંદ્ર સૂરિ મહારાજ જણાવ્યા છે. તથા તેની હસ્તલિખિત પ્રત સુરતના કોઈ ભંડારમાં છે તેમ પણ જણાવ્યું છે, પરંતુ આ પ્રત જોયા પછી જ તેના કર્તા વિષેનો નિશ્ચય થઇ શકે. વળી આ શ્રી રાજશેખરસૂરિજીની 'ન્યાય કંદલીપંજિકા'ની પ્રશસ્તિમાં[1] ૧ લાખ શ્લોક પ્રમાણ ગ્રંથના કર્તા તરીકે તેઓ-

(१) " ग्रन्थलक्षविनिर्माता निर्ग्रन्थानां विशेषकः " ।

શ્રીને જણાવ્યા છે. જ્યારે ઉપરોક્ત દશ કૃતિઓનું શ્લોક પ્રમાણ લગભગ ૮૦ થી ૮૫ હજાર જેટલું થાય. તેથી આ દશ કૃતિ સિવાય જરુર અન્ય નાની મોટી બે–ચાર કૃતિઓની રચના તેઓશ્રીએ કરી હોવી જોઇએ.

## જીવસમાસ વૃત્તિ :

જીવ સમાસ મૂળ ગ્રંથ ઉપર મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે ૬૬૨૭ શ્લોક પ્રમાણ વૃત્તિની રચના કરી છે. આ ગ્રંથમાં જે જે ઠેકાણે સૈદ્ધાંતિક માન્યતાઓ સાથે ફેરફાર આવે છે તે તે ઠેકાણે વૃત્તિકારે તે તે માન્યતાઓનો પન્નવણાદિ શાસ્ત્રો સાથેનો વિસંવાદ જણાવેલ છે વૃત્તિકારે દરેક સ્થાને પદાર્થોનો સમાવેશ ટુંકમાં કરવા છતાં સરળતાથી પદાર્થોનો બોધ થાય તે રીતે કરેલ છે. જરૂર પડી ત્યાં દષ્ટાંતો દ્વારા પણ તે તે પદાર્થોને સમજાવ્યા છે. પ્રસ્તુતગ્રંથ જીવસમાસવૃત્તિના અનુવાદ રૂપ છે: તેમાં દરેક વિષયો સ્પષ્ટ હોવાથી અત્રે વૃત્તિમાં આવતા **વિષયોની માહિતી આપી નથી.** અંતે પ્રશસ્તિમાં વૃત્તિકારે પોતાનું કુલ તથા ગચ્છના નામ દર્શાવતા એક એક શ્લોક આપ્યા છે ત્યારબાદ પોતાના પ્રગુરૂદેવ શ્રી **જયસિંહસૂરિજી**નો શાર્દુલવિક્રિડીત છંદમાં શ્લોક આપેલ છે. જેમાં તેમના વિશિષ્ટ ગુણો જણાવે છે. પછીના ૬ શ્લોકમાં પોતાના ગુરુદેવ શ્રી અભયદેવ સૂ. મહારાજના સમ્યગજીવનનું વર્ણન કર્યું છે.

**તાડપત્રપ્રતિ** : મલધારી શ્રી હેમચંદ્ર સૂ. મહારાજે અનેક ગ્રંથોની રચના તો કરી છે પરંતુ જીવસમાસની સ્વરચિત વૃત્તિ તેમણે સ્વહસ્તે લખી છે. જેની તાડપત્રપ્રતિ ખંભાતના **શાંતિનાથ પ્રાચીન તાડપત્રીય જૈન જ્ઞાન ભંડારમાં** રહેલી છે: આ ગ્રંથ તેઓશ્રીએજ લખેલો છે તે તે પ્રતિને અંતે આપેલી પુષ્પિકા પરથી જણાય છે.

**"संवत् ११६५ चैत्रसुदि ५ सोमेऽद्येह श्रीमदणहिल्लपाटके समस्तराजावलि विराजित महाराजा धिराज परमेश्वर श्री मज्जयसिंहदेव कल्याण विजयराज्ये एवं काले प्रवर्तमाने यमनियमस्वाध्यायध्यानानुष्ठानरतपरमनैष्ठिक पण्डितश्वेतांबराचार्यभट्टारक श्रीहेमचन्द्राचार्येण पुस्तिका लि. लि. ॥"**

પૂ. આચાર્યશ્રી સ્વદેહે આજે આપણી સમક્ષ હાજર નથી પરંતુ અક્ષરદેહે આજે પણ બિરાજમાન છે એ આપણું પરમ સદ્ભાગ્ય છે. આ તાડપત્રપ્રતિના કુલ ૧૯૪ પત્રો છે.[1]

---

૧– દરેક તાડપત્રપ્રતિ કે હસ્તલિખિત પ્રતિઓના પત્રોમાં જે અંકો આપવામાં આવે છે. તે ગ્રન્થના આદિથી અંત સુધી ક્રમશ: ૧ ૨ એમ આપવામાં આવે છે. જ્યારે આ તાડપત્ર પ્રતિમાં પત્રાંકો પશ્ચાનુપૂર્વીથી આપવામાં આવેલા છે, અર્થાત્ ગ્રન્થના અંતભાગથી ૧ ૨ એમ ક્રમશઃ પત્રાંકો આપતા ગ્રન્થના આદ્યભાગમાં અંતિમ પત્રાંક અપાયેલ છે. આમ થવાનું કારણ એ હોઈ શકે કે આ ગ્રન્થ સંપૂર્ણ લખાઈ ગયા બાદ તેના પત્રાંકો આપવામાં આવ્યા હશે. પત્રાંક આપતી વખતે ગમે તે કારણે પાછલો ભાગ ઉપર આવી ગયો હશે તેથી પશ્ચાનુપૂર્વીથી પત્રાંકો લખાણા હશે.

**અનુવાદ :** સં. ૨૦૩૮ના ખંભાતના ચાતુર્માસ દરમિયાન એક વખત શાંતિનાથ પ્રાચીન તાડપત્રીય જૈન જ્ઞાનભંડારમાં જવાનું થયું ત્યાં મલધારી શ્રી હેમચંદ્ર સૂ. મહારાજના સ્વહસ્તે લખાયેલ જીવસમાસવૃત્તિ જોતાં આ ગ્રંથ પ્રત્યે મને અતીવ આદરભાવ થયો. તે જ ચાતુર્માસમાં એ ગ્રંથની ફોટોકોપી કઢાવી. ચાતુર્માસ બાદ વિહાર કરીને અમદાવાદ ગયા. ત્યાં પૂ. પં શ્રી સ્થુલભદ્ર વિ. મ. ના શિષ્ય પૂ. અમિતયશ વિ. મ. મળ્યા. તેમની સાથે આ ગ્રંથ વિષે વાત થતાં તેઓએ કહ્યું કે જીવસમાસવૃત્તિ અનુવાદ સાથે બહાર પાડો તો સારૂં. મેં તેઓશ્રીનેજ પૂછયું કે તમે આનો અનુવાદ કરી શકશો ? તેઓશ્રીએ સ્વીકૃતિ આપી, અને અનુવાદનું કાર્ય શરૂ પણ કરી દીધું. તાડપત્રીય ગ્રંથ પરથી જીવસમાસવૃત્તિનું સંપાદન કરવાની મારી ભાવના હતી પરંતુ એ તાડપત્રો પ્રાચીન હોવાથી તેની ફોટોકોપી જોઈએ તેવી આવી નહિ અને મૂળ તાડપત્રીય ગ્રંથની સુરક્ષા ખાતર તેના પરથી પણ સંપાદન થઈ ન શકયું. આ બાજુ પૂજ્ય અમિતયશ વિ. મહારાજે અનુવાદ પૂર્ણ કર્યો તે મારા પ્રગુરૂદેવ શ્રી પૂ. પં. શ્રી હેમચંદ્ર વિ. મહારાજની આજ્ઞાથી સંપૂર્ણપણે તપાસતા મને લાગ્યું કે મુનિરાજશ્રીએ વૃત્તિના આધારેજ આ અનુવાદ કરેલ છે. પ્રાયઃ કરીને વૃત્તિનો અનુવાદ કયાંય છૂટયો નથી. તેમજ સહુને સમજાય તેવી સરળભાષા આ અનુવાદમાં વાપરી છે. આ અનુવાદમાં ગાથા, ગાથાર્થ અને ટીકાર્થ ક્રમ રાખેલ છે. જયાં વિસ્તારથી નથી ત્યાં તેણે ગાથાર્થમાં જ સમાવી દીધેલ છે.

પ્રસ્તુત લેખ તેમજ આ અનુવાદના સંશોધનમાં જિનાજ્ઞા વિરૂદ્ધ કોઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો તેની ક્ષમા માંગુ છું. અંતમાં મલધારી શ્રી હેમચંદ્ર સૂ. મ. પોતાની આ વૃત્તિને અંતે જેમ લખે છે કે……

"जीवसमासस्यैतां वृत्तिं कृत्वा मयाऽऽपि यत् पुण्यम् ।
जीवादितत्त्वमगम्य तेन शिवमाप्नुवन्तु जनाः ॥"

તેમ આ અનુવાદના અધ્યયન દ્વારા સહુ જીવો જીવાદિતત્વને જાણીને કલ્યાણને પામો…. યાવત્ મોક્ષસુખને પ્રાપ્ત કરો…એજ અંતરની અભિલાષા….

કરમચંદ જૈન ઉપાશ્રય
૧૦૬/ઈરલા બ્રીજ
પાર્લા–મુંબઈ.
તા. ૫–૨–૮૬

વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્‌વિજય ભુવનભાનુ સૂ. મ. ના
પ્રશિષ્ય પૂ. પં શ્રી હેમચંદ્ર વિ. મ. નો પ્રશિષ્ય
મુનિ મહાબોધિ વિજય

# શુદ્ધિપત્રક

| પે. નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૨૧ | नाम | नामं |
| ૪ | ૮ | निक्खमे | निक्खिवे |
| ૯ | ૧૯ | मिदिङ | मिद्दिट्ठं |
| ૧૨ | ૨૬ | અ | આ |
| ૨૩ | ૩૪ | અપત્ય | અપત્યપાલન |
| ૨૬ / ૬૪ / ૯૦ | ૧૨ / ૬ / ૨૬ | ચવૈયક | ગ્રૈવેયક |
| ૨૮ | ૧ | लंकथथा | लंतयथा |
| ૩૦ | ૯ | પર્યાપ્તા | અપર્યાપ્તા |
| ૩૪ | ૨૬ | તેમાં | તેના |
| ૪૩ | ૮ | યોનિકુલકોટિ | યોનિ અને કુલ કોટિ |
| ૪૩ | ૧૫ | संयुडा | संवुडा |
| ૪૬ | ૧૬ | नाराच | नाराय |
| ૫૦ | ૧૭ | मत्थो | मत्थो |
| ૫૬ | ૧૮ | [illegible] | [illegible] |
| ૫૮ | ૨૬ | नरया | निरया |
| ૬૩ | ૧૯ | આહારકત્રિક | આહારકદ્વિક |
| ૬૯ | ૧૦ | ભાવપ્રત્યેયિક | ભવપ્રત્યયિક |
| ૭૨ | ૨૧ | અન્ત | અન્ન |
| ૭૪ | ૨૭ | [illegible] | [illegible] |
| ૭૬ | ૧૩ | नियट्ठ | नियट्टि |
| ૮૦ | ૩૦ | જઘન્ય | જઘન્યથી |
| ૮૬ | ૪ | [illegible] | [illegible] |
| ૮૧ | ૮ | કાળ | કાળપ્રમાણ |
| ૮૪ | ૨૮ | ચતુર્દર્શન | ચક્ષુર્દર્શન |
| ૮૬ | ૧૬ | મી લીટીમાં આવેલ "તથા સમસ્ત ક્રિયાઓના" આ સંપુર્ણ નીચેની ૧૭ મી લાઈનમાં 'પૂરી દેતા' પદ પછી જોડવો અને વાંચો. | |
| ૧૦૫ | ૫ | અબ્ધાયુક્ત | અબ્ધાયુષ્યક |
| ૧૦૫ | | ૧૧ મી લાઈનમાં 'પ્રથમ સમકિત' પછી ૧૨મી લાઈનમાં 'પામતી' થી 'જીવોમાં' સુધી વાંચન કરવું. અને ત્યાર બાદ ૧૨મી લાઈન પૂર્ણ વાંચી ૧૩ મી લાઈન 'ક્ષાયોપશમિક' થી શરૂ કરી વાંચવી. | |
| ૧૦૫ | ૧૩ | સમકિત | સમકિતિ |
| ૧૧૭ | ૨૩ | આજીવો | અજીવો |
| ૧૧૯ | ૧૬ | જેના વડે | તે સમય વડે |
| ૧૧૯ | ૧૬ | જેના વડે | તેના વડે |
| ૧૨૧ | ૧૩ | અનુપ્રવૃત્તિથી | અનુપ્રવૃત્તિથી |
| ૧૨૪ | ૭ | पुरसमोगाढ | पाएसमोगाढ |
| ૧૩૧ | ૪ | સુધી | સૂધી |
| ૧૩૨ | ૭ | वह | तह |
| ૧૩૩ | ૭ | उस्साह | उस्सण्ह |
| ૧૨૫ | ૯ | ભાગે | ભાગો |
| ૧૩૪ | ૨ | एवहओ | एवइओ |
| ૧૪૦ | ૨૧ | त | तं |
| ૧૪૫ | ૪ | चुवे | चेव |
| ૧૪૫ | ૫ | પૂર્વાંગ | પૂર્વ |
| ૧૪૬ | ૩ | पलिओयम | पलिओवमं |
| ૧૪૬ | ૩ | पलिकं | पलियं |
| ૧૪૬ | ૨૦ | [illegible] | तिगुणं |
| ૧૪૬ | ૨૬ | પુલિંગપણુ | પુલ્લિંગપણુ |
| ૧૪૭ | ૭ | वेहिय | बेहिय |
| ૧૪૭ | ૧૭ | દ્વ્યાહિકી | દ્વ્યાહિકી |
| ૧૪૭ | ૨૨ | [illegible] | [illegible] |
| ૧૪૮ | ૪ | બાદરના | બાદરતા |
| ૧૪૮ | ૬ | भरेक्काहि | भरेज्जाहि |
| ૧૪૮ | ૨૫ | સંખ્યાતા | અસંખ્યાતા |
| ૧૫૧ | ૫ | सगरोवमाणं | सागरोवमाणं |
| ૧૫૧ | ૮ | अणंतगणा | अणंतगुणा |
| ૧૫૨ | ૨ | कम्मि | कम्म |
| ૧૫૩ | ૧૬ | અસંભવ | અસંભવ |
| ૧૫૭ | ૨૨ | विविहं | तिविहं |

| પે. નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૮ | ૧ | પરિંસા | પરિત્ત |
| ૧૫૮ | ૧૧ | परिग्गह | पडिग्गह |
| ૧૬૩ | ૭ | અનંતના | અનંતાના કેટલા |
| ૧૬૫ | ૫ | नयाप्रमाणं | नयप्पमाणं |
| ૧૬૬ | ૨૦ | भार्य | भार्या |
| ૧૬૬ | ૨૯ | इन्द्रनात् | इन्दनात् |
| ૧૬૬ | ૩૦ | घटद्चेष्ठायाम् | घट चेष्टायाम् |
| ૧૬૮ | ૨૭ | अत्यां...थें | अत्यादयः क्रान्तार्थे |
| ૧૬૮ | ૧૬ | જાતિ | મતિ |
| ૧૬૯ | ૧૦ | થતુ | થતુ |
| ૧૬૯ | ૧૩ | 'અગ્નિ વડે' એ પદ કાઢી નાખવું | |
| ૧૭૧ | ૧૯ | સમ્યગ્ દૃષ્ટિ | સમ્યગ્મિથ્યાદૃષ્ટિ |
| ૧૭૩ | ૧ | જીવો | સમયો |
| ૧૭૫ | ૨૧ | सेसीआसु | सेसियासु |
| ૧૭૬ | ૨૪ | अकेकोच | एक्केको य |
| ૧૭૮ | ૧૫ | हीणं | सेहीणं |
| ૧૭૮ | ૧૭ | જે | છે. |
| ૧૭૮ | ૧૭ | આગમનને | આગમને |
| ૧૭૮ | ૨૮ | વંસ | હંસ |
| ૧૮૧ | ૨૮ | ધરી | ઘટી |
| ૧૮૪ | ૩ | तिन्न तिन्न | छ तिन्नि तिन्नि |
| ૧૮૪ | ૪ | छहूटो चउ | छट्ठो दो चउ |
| ૧૮૪ | ૧૪ | પર્યાપ્તાઓ | અપર્યાપ્તાઓ |
| ૧૮૮ | ૧૫ | આદેશપ્રદેશો | આકાશપ્રદેશો |
| ૧૮૮ | ૧૮ | કલ્પનોથી | કલ્પનાથી |
| ૧૮૯ | ૧૦ | य | च |
| ૧૮૯ | ૨૭ | अट्टेव मूलाइं | अट्टेव य मूलाइं |
| ૧૯૦ | ૩૧ | ૩૦૯૬ | ૪૦૯૬ |
| ૧૯૧ અને ૧૯૨ મા પેજ પર ટીપ્પણમાં ૪૦૯૬ વગેરે સંખ્યા આગળ જે ૨ (બે) લખ્યા છે. તે વર્ગમુળની નિશાની રૂપે સમજવી માટે તે દરેક બગડા આગળ ( ) કાઉંસ કાઢવું. | | | |
| ૧૯૩ | ૪ | भवहरिज्जंसु | मवहरिज्जंसु |

| પે. નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૯૪ | ૨ | जायराणल | वायराणल |
| ૧૯૪ | ૨ | असंख्य | असंखमा |
| ૧૯૬ | ૧ | લોકાકાશ જેટલા છે, જેટલી જ એટલે | |
| ૧૯૬ | ૨૦ | वाउमग्गा | वाउसमग्गा |
| ૧૯૬ | ૨૧ | सव्वं | सव्वे |
| ૧૯૬ | ૨૭ | શરીર | શરીરવાળા |
| ૧૯૭ | ૧૪ | અસંખ્યાતમા | સંખ્યાતમો |
| ૨૦૦ | ૧૭ }<br>૨૪ } | દ્વ્યાણુક | દ્વ્યણુક |
| ૨૦૦ | ૧૪ | घणु | धणु |
| ૨૦૮ | ૩ | ૭ | ૭ હાથ |
| ૨૧૧ | છેલ્લી | સ્થાનની | સ્થાનથી |
| ૨૧૨ | ૭ | 'મનુષ્યકાય' | કાઢી નાખો |
| ૨૧૪ | ૧ | અધોલોક | અધોલોક |
| ૨૧૪ | ૩ | उपरिं | उवरिं |
| ૨૧૪ | ૫ | ચૌદ ગુણોમાં | ચૌદ ગુણો |
| ૨૧૪ | ૧૭ | આંકડો | સાંકડો |
| ૨૧૫ | ૨૩ | બણણા | બમણા |
| ૨૧૭ | ૨ | અનુણાવાસ | અનુણાવાસ |
| ૨૧૭ | ૨૧ | यक्ष | यक्ष |
| ૨૧૯ | ૨ | અંતરમાંજ | અંતરમાં વચ્ચે |
| ૨૨૧ | ૧૨ | બાહારક | આહારક |
| ૨૨૩ | ૧૨ | વખેરે | વગેરે |
| ૨૨૬ | ૧૯ | વડે | દેવવડે |
| ૨૨૬ | ૩૧ | 'મિશ્રદૃષ્ટિઓ' કાઢી નાખો | |
| ૨૨૭ | ૨૬ | एगाइको | एगाइओ |
| ૨૨૭ | ૨૬ | बीयाइसु | बीयाइसु |
| ૨૨૮ | ૨૫ | मिच्छ | मिच्छा |
| ૨૨૮ | ૨૬ | छाच्चुयो | छलच्चुयं |
| ૨૨૯ | ૧૪ | નઈ | લઈ |
| ૨૩૪ | ૨ | कनुकोसा | कमुकोसा |
| ૨૩૪ | ૧૨ | उत्कृष्ट | उत्कृष्ट |
| ૨૩૬ | ૨ | हेहल्लु | हेट्ठिल्लु |
| ૨૩૬ | ૩૦ | આધિક | સાધિક |
| ૨૩૮ | ૪ | બે | ઈશાન દેવલોકમાં સાધિક બે |

| પે.નં. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| २३९ | २१ | જીવન | જીવને |
| २४२ | १५ | સંખ્યાત | અસંખ્યાતા |
| २४७ | १५-१६ | અપર્યાપ્ત પંચેંદ્રિ | સપર્યાપ્ત ઈંદ્રિયો |
| २४७ | २० | છે. કે | છે. કહ્યું છે કે |
| २४८ | १५ | तसतिभवे | तसत्तिभवे |
| २४८ | २० | કારણથી | કરણથી |
| २४९ | ४ | અમને | એમને, |
| २५० | ७-८ | ગુણસ્થનક | ગુણસ્થાનક |
| २५० | १८ | અતે | અને મિશ્રદષ્ટિજીવે |
| २५० | २[illegible] | હજાર | સમય |
| २५२ | ७ | ભવ્યત્વનો | ભવ્યત્વની |
| २५४ | २० | જઘન્ન | જઘન્ય |
| २५४ | २९ | જીવશ્રિત | જીવાશ્રિત |
| २५८ | ६ | ઉત્કૃષ્ટ | ઉત્કૃષ્ટ |
| २५९ | ७ | મિયાત્વ | મિથ્યાત્વ |
| २५९ | २४ | અનેસ્થિતિનું | સ્થિતિનું |
| २६० | १६ | समयतिमं | समयतिगं |
| ४६५ | २८ | ત્યણુ | ત્રણ |
| २६८ | १८ | રૂપે | વિભંગજ્ઞાની રૂપે |
| २६९ | ६ | અભવ્ય | અભવ્ય |
| २७० | २० | आणाइ | अणाइ |
| २७० | २१ | भागंगुल | भागंगुला |
| २७१ | ६ | કયારેય થયેલ | થયેલ કયારેય |
| २७१ | २७ | जहुण्ण | जहण्ण |
| २७२ | २ | યાગ્ય | યોગ |
| २७२ | १३ | ત્યારે પામે | પામે ત્યારે |
| २७२ | २९ | ન આવે. | ન આવે ? |
| २७३ | १६ | ભાંગીનો | ભાંગાનો |
| २७४ | २४ | છેદોપસ્થાનીય | છેદોપસ્થાપનીય |
| २७५ | ४ | ,, | ,, |
| २७५ | ९ | ,, | ,, |
| २७६ | ६ | ,, | ,, |
| २७६ | ३ | છેદોપસ્થનીય | ,, |
| २७८ | ११ | अणुभज्जिय | अणुमज्जिय |
| २७८ | २८ | આજીવ | અજીવ |
| २७९ | २१ | જો...વર્તમાન | પ્રરૂપણાનીઅપેક્ષાએ જો હમણાવર્તે છે ને જ વર્તમાન |
| २८० | २ | ઉત્સર્પિણી | ઉત્સર્પિણી અવસર્પિણી કાળ છે. |
| २८१ | १९ | तिरिकखाण | तिरिकूखाण |
| २८२ | ३ | સંઘની | સંજ્ઞી |
| २८२ | ગાથાર્થ | નારકોન | નારકીના |
| २८३ | १० | पंचेदिय | पंचेंदिय |
| २८४ | ४ | अणसमयं | अणुसमयं |
| २८६ | २८ | दुरहिय | दुरहिय |
| २९७ | २७ | મિશ્રગમન | મિશ્રગમનનો |
| २९८ | ६ | અવિતર | અવિરત |
| २९८ | २९ | અકાશપ્રદેશો | આકાશપ્રદેશો |
| २९९ | २ | જીવ...મરે | આકાશ...જીવમરે |
| २९९ | २९ | અનુ...સાનો | અનુભાગબંધના અધ્યવસાયસ્થાનો |
| ३०३ | १८ | मजुएसु | मणुएसु |
| ३०५ | १ | વચન | વચનથી |
| ३०५ | २६ | અનંનકાળ | અનંતકાળ |
| ३०७ | २३ | મિથ્યાદષ્ટિ | મિથ્યાદષ્ટિવગેરે |
| ३०८ | २२ | ભવમાં | ભાવમાં |
| ३१० | १६ | मिस्सउत | मिस्सगा |
| ३११ | २५ | સંસારસ્વત્થ | સંસારસ્થત્વ |
| ३१४ | ११ | પરિણામ | પરિણમન |
| ३१४ | १५ | તેતે પરિણમતા | તેતેરૂપેપરિણમતા |
| ३१५ | १८ | मणुस्साओ | मणुस्सीओ |
| ३१८ | १२ | तेउकाक | तेउकाय |
| ३१८ | २४ २५ | विरिय | विरय |
| ३१९ | २१ | मिच्छामवे | मिच्छा य भवे |
| ३२१ | १७ | એમજ | અમેજ |
| ३२३ | [illegible] | સંખ્યાતગણ | અસંખ્યાત |
| ३२३ | १६ | અન્યાય | અન્યાન્ય |
| ३२३ | २४ | पएसोहितो | पएसेहिंतो |
| ३२३ | ગાથાર્થ | ધર્માસ્તિકાયતા | ધર્માધર્માસ્તિકાયના |
| ३२३ | ,, | લોકાકાશના | લોકાલોકાકાશના |
| ३२३ | ગાથાર્થ | તેમનાથી સમયો | તેમનાથી પુદ્દગલો અનંતગુણા તેમનાથી સમયો |
| ३२४ | ८ | પુદ્દગવાસ્તિકાય | પુદ્દગલાસ્તિકાય |
| ३२५ | ४ | કે જીવ | કે જે જીવ |
| ३२५ | ८ | निद्दट्ठे | निद्दिट्ठे |
| ३२५ | २४ | दवे | दुवे |

શ્રીમત્ ચિરંતન મહર્ષિકૃત

# જીવસમાસ

## વિભાગ-પહેલો

### ગ્રંથ પીઠિકા

### પ્રકરણ-૧

यः स्फार—केवलकरैर्जगतां निहत्य,
हार्दं तमः प्रकटिताखिल-वस्तुतत्त्वः ।
नित्योदितः सुरवरैः स्तुत-पादपद्मो,
ऽपूर्वो रविर्विजयते स जिनेन्द्र वीरः ॥

૧. જેમણે દેદીપ્યમાન કેવલ જ્ઞાનરૂપી કિરણો વડે જગતના હૃદયમાં રહેલ અંધકારનો નાશ કરી સમસ્ત વસ્તુ તત્ત્વને પ્રગટ કરેલ છે. તથા હંમેશા જેઓ ઉદયને પામેલ છે, ઉત્તમ દેવો વડે જેમના ચરણકમળની સ્તુતિ કરાઇ છે. એવા તે અપૂર્વસૂર્ય સમાન શ્રી જિનેન્દ્ર વીર પરમાત્મા જય-વિજય પામે છે.

૨. જેઓ સૂત્રરૂપી પાણીથી ભરેલા વાદળો વડે ભવ્ય પ્રાણીરૂપી પૃથ્વી પર વરસ્યા છે, એવા ગૌતમસ્વામિ વગેરે પૂર્વાચાર્ય ભગવંતોના ચરણોને હું નમસ્કાર કરૂં છું.

૩. કામધેનુ ગાયની જેમ સકલ ઈચ્છિત વસ્તુને જે સાધનારી છે, અને સર્વ દેવો વડે જેની સ્તુતિ કરાઈ છે, એવા તે શ્રુતદેવતાની હું સ્તુતિ કરૂં છું.

૪. વિશેષ પ્રકારે મારા પોતાના ગુરૂભગવંતોના ચરણકમલને નમસ્કાર કરીને જીવ-સમાસની ટીકાને વિઘ્નરહિતપણે હું કહું છું.

વર્તમાન કાલીન જીવોના આયુષ્ય, બલ, બુદ્ધિ વગેરેને ઓછા થતા જોઈને, તે જીવોના ઉપકાર માટે, બીજી જગ્યાએ વિસ્તારથી કહેવાયેલા જીવસ્થાનક, ગુણસ્થાનક વગેરે પદાર્થોનો સંક્ષેપ કરી, તે પદાર્થોના પ્રતિપાદન માટે જીવસમાસ નામના પ્રકરણ-ગ્રંથની રચના કરવાની ઈચ્છાથી આચાર્ય-ભગવંત સંપૂર્ણ વિઘ્નોના નાશ માટે મંગલને જણાવનારી તથા બુદ્ધિમાનોની પ્રવૃત્તિ માટે સંબંધ, અભિધેય પ્રયોજન સ્વરૂપ ગાથા કહે છે.

दस चोद्दस य जिणवरे चोद्दस गुणजाणए नमंसिता ।
चोद्दस जीवसमासे समासओऽणुक्कमिस्सामि ॥ १ ॥

ગાથાર્થ : ૧૪ ગુણસ્થાનકોના જ્ઞાતા એવા ૨૪ જિનેશ્વરોને નમસ્કાર કરીને ૧૪ પ્રકારના જીવના સંગ્રહને સંક્ષેપમાં હું કહીશ...(૧)

*ટીકાર્થ*—દશ અને ચૌદ બરાબર ચોવીશ તીર્થંકરોને નમસ્કાર કરી, સમસ્ત જીવાસ્તિકાયમાં રહેલ અનંતા જીવોના સંગ્રહરૂપ ૧૪ જીવસ્થાનક તે જીવ-સમાસો કે જેનું સ્વરૂપ આગળ કહેવાનું છે તેને સિદ્ધાંતરૂપી સાગરમાં કહેવાયેલાની અપેક્ષાએ સંક્ષેપમાં કહીશ.

આ પ્રકરણમાં જીવસમાસ એટલે ૧૪ ગુણસ્થાનકો જાણવા, તેમાં મિથ્યાત્વ, સાસ્વાદન વગેરે ભેદોથી સર્વજીવોનો સંગ્રહ થાય છે. અને આજ અર્થને જણાવવા માટે કરી '**चोद्दस गुणजाणए**' એ પ્રમાણે વિશેષણ તીર્થંકરોનું કર્યું. બાકી તીર્થંકરો તો સકલ વસ્તુ સમુદાયને જાણે જ છે તો પછી **चोद्दस गुणजाणए** (મિથ્યાત્વાદિ ૧૪ ગુણસ્થાનકોના જ્ઞાતા) વિશેષણ વડે શું ? માટે જ આ પ્રકરણમાં ૧૪ ગુણસ્થાનક રૂપ જે જીવોનો સંગ્રહ છે, તે હું કહીશ. તે ગુણસ્થાનકો સારી રીતે, સંપૂર્ણપણે અને વિશેષતાપૂર્વક તો તીર્થંકરો જાણે જ છે, હું તો તેમના કહેવા પ્રમાણે સંક્ષેપથી કંઈક અંશમાં કહીશ એ પ્રમાણે જણાવવા માટે આ વિશેષણ ગ્રહણ કર્યું છે. એમ નક્કી થયું.

ફક્ત ગુણસ્થાનકમાં રહેલા અને તે ગુણસ્થાનક કહેતી વખતે વચ્ચે આવેલા સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર-એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરીન્દ્રિય, અસંજ્ઞીપંચેદ્રિય, સંજ્ઞીપંચેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપે ૧૪ ગુણસ્થાનકો પણ અહિં કહેવામાં આવશે એમ જાણવું.

અહિં ગાથાના અડધા પદ વડે વિઘ્નસમુદાયના નાશ માટે તીર્થંકર-નમસ્કાર કર્યો. **चउद्दस जीवसमासे** એ અભિધેય પદ, અને તે ચૌદ જીવસમાસોનું કહેવું તે પ્રયોજન છે, અભિધેય અને પ્રયોજન પ્રત્યક્ષ કહ્યે છતે (અભિધેય) પ્રકરણ અને (અભિધેય) પ્રયોજનથી સાધ્ય સાધન સ્વરૂપ સંબંધ સ્વાભાવિક જણાય છે. માટે ગાથામાં સ્પષ્ટ કહ્યો નથી. કહ્યું છે કે.

शास्त्रं प्रयोजनं चेति सम्बन्धस्याश्रयावुभौ ।
तदुक्तयन्तर्गतस्तस्माद् भिन्नो नोक्तः प्रयोजनात् ॥

શાસ્ત્ર (અભિધેય) અને પ્રયોજન એ બન્ને સંબંધના જ આશ્રયરૂપ છે માટે શાસ્ત્ર અને પ્રયોજન કહી દેવાથી તે સંબંધ કહેવાઈ જાય છે, માટે પ્રયોજનથી અલગ સંબંધ કહ્યો નથી.

આ કારણથી અભિધેય વગેરે જોવાથી બુદ્ધિમાનો શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે છે કે..

उक्तार्थं ज्ञातसम्बन्धं श्रोतुं श्रोता प्रवर्तते ।
शास्त्रादौ तेन वक्तव्यः सम्बन्धः सप्रयोजनः ॥१॥

કહેલા પદાર્થના સંબંધને જાણી શ્રોતા સાંભળવા માટે પ્રવર્તે છે. તે કારણથી શાસ્ત્રની શરૂઆતમાં પ્રયોજન સહિત સંબંધ કહેવો. (૧)

કઈ રીતે આ જીવસમાસોનો અનુક્રમ કરવા યોગ્ય છે, તે કહે છે.

**" निक्खेव–निरुत्तीहिं अट्ठहियाणुओगदारेहिं ।"**
**गइयाइ मग्गणाहि य जीव–समासाऽणुगंतव्वा ॥२॥**

**ગાથાર્થ** : નિક્ષેપવડે, નિરુક્તિવડે, આઠ અનુયોગ દ્વારો વડે તથા ગતિ આદિ માર્ગણા વડે જીવસમાસો જાણવા (૨)

**ટીકાર્થ**–નિક્ષેપણ કરવું (સ્થાપન કરવું) તે નિક્ષેપ કે જે શાસ્ત્રમાં નામ સ્થાપના વગેરે ભેદો વડે પ્રસિદ્ધ છે. અહિ તેનું જ સ્વરૂપ કહેવામાં આવશે.

નિશ્ચિત ઉક્તિ નિરુક્તિ અથવા જેના વડે નિશ્ચયપૂર્વક અર્થ કહેવાય તે નિરુક્તિ; જેમકે જીવે છે, જીવશે અને જીવી રહ્યો હોય તે જીવ એવા પ્રકારની શબ્દવ્યુત્પત્તિ તે નિરુક્તિ:. આ નિક્ષેપ અને નિરુક્તિ વડે જેનું સ્વરૂપ કહ્યું છે તે જીવસમાસો જાણવા.

તથા સૂત્રનું અર્થની સાથે યોગ્ય જોડાણ તે અનુયોગ એટલે વ્યાખ્યા. તે અનુયોગના ઉપાયરૂપ ભેદો તે અનુયોગ દ્વારો. તે किं, कस्स, केण, कत्थ, वा વગેરે આગળ કહેવાતા શું ? શેને ? આદિ છ દ્વારો તથા 'संतपयपरुवणया' વગેરે આગળ કહેવાશે તે આઠ દ્વારો વડે જીવસમાસોની વ્યાખ્યા કરવી. માર્ગણા એટલે જીવાદિ પદાર્થોનું સત્ અસત્ આદિ આઠ પ્રકારો વડે નરકગતિ વગેરે માર્ગણાઓમાં અન્વેષણ એટલે વિચારણા કરવી તે માર્ગણા. ગતિ, ઇન્દ્રિય કાય વગેરે ૧૪ માર્ગણાઓ છે. અને તે માર્ગણાઓ વડે જીવસમાસોની વિચારણા કરીને જાણવા (૨)

વિસ્તાર પૂર્વક કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર પોતે જ નિક્ષેપનું સ્વરૂપ કહે છે.

**नाम–ठवणा–दव्वे भावे य चउव्विहो य निक्खेवो ।**
**कत्थइ य पुण बहुविहो तयासयं पप्प कायव्वो ॥३॥**

**ગાથાર્થ**—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે નિક્ષેપ થાય છે. વળી કયાંક પદાર્થના આશ્રયને પામીને અનેક પ્રકારે નિક્ષેપ કરવા. (૩)

**ટીકાર્થ**—સામાન્ય રીતે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર પ્રકારે નિક્ષેપ થાય છે તે અહિં આગળ આ પ્રમાણે ઘટી શકે છે. જીવ એ પ્રમાણે કોઇનું નામ તે जीवनाम. નામ એજ જીવ છે એમ માનીને જે કોઇક સચેતન કે અચેતન પદાર્થનું જીવ એવું નામ કરાય તે નામજીવ; અને નામ માત્ર વડે કરી જીવ તે नामजीव. ચિત્રકર્મ લેપકર્મ, અક્ષ વગેરેમાં જે સ્થાપન કરાય તે સ્થાપના જીવ. જીવના જ જે જ્ઞાનાદિ પર્યાયો જીવના જ હોવા છતાં પણ તે પર્યાયોને પથ્થર વગેરે વડે દૂર થવા રૂપ માની તે જ્ઞાનાદિ પર્યાયોની અવગણના કરી તે પર્યાયોથી રહિત જીવ માનીને ફક્ત જીવમાત્રની જ વવક્ષા તે કરવી દ્રવ્યજીવ.

ગુણ પર્યાયથી રહિત એવા જીવની વિવક્ષા કરાય તે દ્રવ્યજીવ, અથવા અનુપયોગી જીવ તે દ્રવ્યજીવ **अनुपयोगो द्रव्यम्** એવા પ્રકારનું શાસ્ત્રવચન હોવાથી. જેમકે ઔદારિક વગેરે શરીર દ્રવ્યની સાથે જીવનું એકબીજાની અંદર વ્યાપકતાના કારણે દ્રવ્યની મુખ્યતા વડે વિવક્ષા કરાતી હોવાથી દ્રવ્ય સ્વરૂપ જીવ દ્રવ્યજીવ, જેમ ભોગીપુરુષને ભોગપુરૂષ કહેવાય છે તેમ ઔદારિક વગેરે પુદ્ગલવાળા શરીરધારી જીવ પણ દ્રવ્યજીવ કહેવાય છે.

ઔદયિક વગેરે ભાવસહિત જ્ઞાનાદિ ગુણ યુક્ત જે જીવ તે ભાવજીવ. અહિં કહ્યું છે કે–

**'जत्थ य जं जाणिज्जा निक्खेवं निक्खवे निरवसेसं ।**
**जत्थ वि य न जाणिज्जा चउक्कयं निक्खिवे तत्थ ॥ '**

જ્યાં આગળ જેટલા નિક્ષેપા નિક્ષેપી શકાય (ત્યાં) તેટલા સર્વ નિક્ષેપા જાણવા. (કરવા) જ્યાં આગળ વિશેષ નિક્ષેપા ન જણાય (કરાય) ત્યાં ચાર નિક્ષેપા તો કરવા જ. આ વચનથી વસ્તુમાં નિક્ષેપાઓ ઘણા પ્રકારે પણ સંભવે છે, જેમકે નામ, સ્થાપના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, એમ સાત પ્રકારે અવધિજ્ઞાનના નિક્ષેપા થાય છે.

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, પર્યાય એમ લોક વિષયક આઠ પ્રકારે નિક્ષેપા થાય છે.

નામ, સ્થાપના, દ્રવ્ય, ઓઘ, ભવ, તદ્ભવ, ભોગ, સંયમ, યશકીર્તિ, જીવિત એમ દસ પ્રકારે પણ નિક્ષેપા થાય છે.

જ્યાં મતિદુર્બલતા વગેરે કારણોથી ઘણા પ્રકારના નિક્ષેપા ન જણાય તો ત્યાં આગળ પણ નામ, સ્થાપના દ્રવ્ય, અને ભાવ રૂપ ચાર નિક્ષેપા કરવા જ. કારણ કે તે દરેક જગ્યાએ વ્યાપક તથા સુપ્રસિદ્ધ છે. તેથી અહિં પણ ચાર નિક્ષેપા જ બતાવ્યા.

હવે ઘણા પ્રકારના નિક્ષેપા બતાવવા માટે ગાથાનું ઉત્તરપદ કહે છે, કોઈક પદાર્થમાં ઘણા પ્રકારના યથાયોગ્ય પાંચ, છ, સાત પ્રકારે પણ નિક્ષેપા કરવા. કેવી રીતે કરવા ? નિક્ષેપ કરવા યોગ્ય પદાર્થને આશ્રયીને આધાર, ક્ષેત્ર, કાળ વગેરે નિક્ષેપા કરવા. પ્રસ્તુત વિષયમાં ક્ષેત્ર પર્યાય પ્રધાન જીવ તે **क्षेत्रजीव**, આયુષ્ય વગેરેથી **काळजीव**, ચક્રવર્તી વગેરે **भोगजीव**, ગણધર વગેરે **संयमजीव**, વગેરે પોતાની બુદ્ધિવડે કહેવા....(૩)

જીવસમાસોની નિક્ષેપ દ્વાર વડે કરી વ્યાખ્યા કહી, નિરુક્તિ તો **जीवतिजीविष्यति** વગેરે વડે આગળ બતાવી છે. હવે છ અનુયોગ દ્વાર બતાવતા કહે છે.

## किं, कस्स, केण कत्थ व केवचिरं कइविहो उ भावोत्ति
## छहिं अणुओगदारेहिं सव्वभावाऽणुगंतव्वा ॥४॥

**ગાથાર્થ**—શું ? કોણે ? શેના વડે ? કયાં આગળ ? કેટલો વખત ? કેટલા પ્રકારના ભાવો ? આ પ્રમાણે છ અનુયોગ દ્વારો વડે સર્વ જીવાદિભાવો જાણવા.. (૪)

ટીકાર્થ—આ કિં વગેરે છ અનુયોગ દ્વારો વડે સર્વ જીવાજીવાદિ પદાર્થો જાણી શકાય છે. અહિં જીવ પદાર્થનો વિષય હોવાથી તે અહિં વિચારાય છે. જેમકે–

પ્ર. : જીવ એ શું પદાર્થ છે?

ઉ. : ઔદયિકાદિ ભાવયુક્ત સચેતન દ્રવ્ય એ જીવ છે.

પ્ર. : આ જીવ કોનો છે? અથવા આ જીવ કયા પદાર્થનો સ્વામિ છે?

ઉ. : (૧) પોતાના સ્વામિ સંબંધ પ્રશ્નની વિવક્ષાથી પોતાના આત્માનો જ આ જીવ છે. બીજાનો નહિં.

(૨) આ જીવ વાસ્તવિક પણે પોતાની જ (જ્ઞાનાદિ) વસ્તુનો સ્વામિ છે. આ ધન, સુવર્ણ વગેરેનો નહિં. અહિં તેની સાથે વ્યભિચાર દોષ આવતો હોવાથી. કેમકે ધન વગેરેનો કાયમ સ્વામિ રહી શકતો નથી.

પ્ર. : કેવા પ્રકારના હેતુઓના સમુહ વડે આ જીવ ઉત્પન્ન થયો?

ઉ. : કોઇપણ પ્રકારના કારણોથી આ જીવ ઉત્પન્ન થયો. નથી દ્રવ્ય રૂપે આ જીવ નિત્ય અકાર્ય અને અકર્તા છે. જીવનો કોઇ કર્તા નથી.

પ્ર. : જીવ કયાં આગળ છે?

ઉ. : શરીરમાં ચામડી સુધી અથવા ૧૪ રાજલોકમાં.

પ્ર. : કેટલો ટાઇમ આ જીવ રહેશે?

ઉ. : સર્વકાલ, દ્રવ્યરૂપે અનાદિ અનંત કાળ સુધી આ જીવ રહેશે.

પ્ર. : કેટલા પ્રકારના આ જીવના ભાવો છે?

ઉ. : ઔદયિકાદિ છ પ્રકારના ભાવોથી યુક્ત જ ભાવજીવ કહેવાય છે. ધર્મના ભેદોથી ધર્મીના પણ ભેદો પડવાથી છ પ્રકારના ભાવજીવો છે.

પ્ર. : અથવા **कइविहो भावोत्ति** એટલે કયા જીવને કેટલા પ્રકારના ભાવો પ્રાપ્ત થાય છે? એ પ્રમાણે પ્રશ્ન હોય તો?

ઉ. સિધ્ધ ભગવંતોને ક્ષાયિક અને પારિણામિક ભાવ હોય. છે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચૌરિન્દ્રિય જીવોને ઔદયિક, ક્ષયોપશમ અને પારિણામિક ભાવ હોય છે.

મનુષ્ય રહિત પંચેન્દ્રિય જીવોને ઔદયિક, પારિણામિક, ક્ષયોપશમ આ ત્રણ અને કેટલાકને ઔપશમિક અથવા ક્ષાયિક ભાવ પણ વધારામાં હોય છે.

મનુષ્યોને કેટલાકને ઉપર જણાવેલા ૩–૪ અથવા પાંચ ભાવ હોય છે.

છઠ્ઠો સાંનિપાતિક ભાવ તો કોઈપણ બે ભાવ હોય તો થાય છે અને તે સિધ્ધ વગેરે સર્વ જીવોમાં પ્રાપ્ત થાય છે. (૪)

હવે આઠ પ્રકારના અનુયોગદ્વારની પ્રરૂપણા કરે છે.

संतपयपरूवणया दव्वपमाणं च खित्तफुसणा य ।
कालंतरं च भावो अप्पा बहुयं च दाराइं ॥५॥

**ગાથાર્થ : (૧) સત્પદ પ્રરૂપણા (૨) દ્રવ્ય પ્રમાણ (૩) ક્ષેત્ર (૪) સ્પર્શના (૫) કાળ (૬) અંતર (૭) ભાવ (૮) અલ્પબહુત્વદ્વારો જાણવા (૫)૧**

**ટીકાર્થ** (૧) સત્ એજ પદ છે જેનું તે સત્પદ, જીવાદિ પદાર્થોનું હોવું તે તાત્પર્યાર્થ છે. તે સત્પદની ગતિ વગેરે માર્ગણા દ્વારોમાં પ્રરૂપણા કરવી.. જેમકે નરકગતિ વગેરેમાં શું મિથ્યાદષ્ટિ વગેરે જીવ હોય છે? એ પ્રમાણે. (૨) દ્રવ્યપ્રમાણ વિચારવું. જેમકે નરક વગેરે ગતિમાં કેટલા જીવદ્રવ્યો પ્રાપ્ત થાય ? (૩) ક્ષેત્રવિચારણા–જેમકે કયો જીવ કેટલા ક્ષેત્રને અવગાહીને રહે છે? (૪) સ્પર્શના–કયો જીવ કેટલા ક્ષેત્રને સ્પર્શીને રહે છે? (૫) કયા જીવનો કેટલો સ્થિતિકાળ હોય છે? (૬) તથા નારક વગેરે હંમેશા ઉત્પન્ન થતા જીવોનો કેટલો અંતરકાળ પણ હોય છે? તે અંતરકાળ કયાં આગળ કેટલા પ્રમાણમાં હોય છે. તે સ્વરૂપ જણાવવું તે અંતરદ્વાર. અહિં આગળ આવશ્યક વગેરે સૂત્રોમાં કયા જીવ કોના કેટલામે ભાગે છે એવા સ્વરૂપવાળું ભાગદ્વાર પણ કહ્યું છે તે અહિં અલ્પબહુત્વદ્વારમાં કહ્યું હોવાથી અથવા તો કોઈ કારણથી કહ્યું નથી. (૭) ક્ષાયિકાદિ ભાવોમાંથી કયા જીવનાં કેટલાં ભાવો હોય છે? તે ભાવદ્વાર (૮) નારક વગેરે જીવસમુદાયનો પરસ્પર કોણ કોનાથી અલ્પ છે અથવા વિશેષ છે? એ વિચારણા તે અલ્પબહુત્વદ્વાર. એ પ્રમાણે આઠે દ્વારો જીવસમાસના વ્યાખ્યાના દ્વારો છે. આ સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારાર્થ ગ્રંથકાર પોતે જ પ્રકરણના અંત સુધી કહેશે. (૫)

"હવે ગતિ વગેરે માર્ગણા દ્વારો કહે છે."

गइ इंदिए य काए जोए वेए कसाय नाणे य ।
संजम दंसण लेसा भव सम्मे सन्नि आहारे ॥६॥

*ગાથાર્થ : ૧ ગતિ ૨ ઇન્દ્રિય,* ૩ કાય, ૪ યોગ, ૫ વેદ, ૬ કષાય. ૭ જ્ઞાન, ૮ સંયમ, ૯ દર્શન, ૧૦ લેશ્યા, ૧૧ ભવ્ય, ૧૨ સમ્યકત્વ, ૧૩ સંજ્ઞી,, *૧૪ આહારક* એમ ૧૪ માર્ગણાઓ છે. (૬)

**ટીકાર્થ** :—મિથ્યાદૃષ્ટિ આદિ જીવભેદો સત્પદ પ્રરૂપણા વગેરે દ્વારો વડે નરકગતિ વગેરે ગતિ માર્ગણાઓમાં વિચારવા. એ પ્રમાણે ઇન્દ્રિય, કાય, યોગ વેદ, કષાય, જ્ઞાન, સંયમ દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી, આહારક એમ તેર માર્ગણાસ્થાનોમાં પણ જીવભેદો વિચારવા, જીવાદિ પદાર્થો આ સ્થાનોમાં શોધાતા હોવાથી (વિચારાતા હોવાથી) આ માર્ગણા સ્થાનો કહેવાય છે.

૧ અનુયોગના નવ દ્વારમાં ભાગ દ્વાર છે. અહીં આઠ અનુયોગથી વિચાર કરેલ છે.

જીવભેદનો વિસ્તારથી વિચાર સૂત્રકાર પોતે જ કરશે. (૬)

પ્ર : પ્રથમ ગાથામાં ચૌદ જીવસમાસોની વ્યાખ્યા કરવાની તમે પ્રતિજ્ઞા કરી છે. તો જીવસંગ્રાહક ભેદો બીજી રીતે પણ સંભવે છે કે જેથી 'चतुर्दश' એ પ્રમાણે વિશેષણ ગ્રહણ કર્યું છે ?

ઉ : હા, બીજા પણ જીવસંગ્રાહક ભેદો છે. તે ભેદો બતાવવા ગ્રંથકાર ગાથા કહે છે.

**आहार भव्वजोगाइएहिं एगुत्तरा बहुभेया ।**
**एत्तो उ चउदसण्हं इहाणुगमणं करिस्सामि ॥७॥**

ગાથાર્થ : આહારક, ભવ્ય, ઉપયોગ વગેરે દ્વારા એક બે વગેરે ઘણા જીવભેદો થાય છે. તે જીવભેદોમાંથી ૧૪ જ જીવભેદોની અહિં વ્યાખ્યા કરીશ. (૭)

**ટીકાર્થ** :– (૧) ઉપયોગ લક્ષણો જીવ એ પ્રમાણે એક જીવસમાસ થયો.

સર્વ જીવોનો એક જ ભેદ વડે સંગ્રહ થતો હોવાથી આ જીવસમાસ ઉત્સર્ગ સિધ્ધ અને પ્રસિધ્ધ હોવાથી સૂત્રમાં ન કહેવા છતાં પણ જાતે જ સમજી લેવો.

(२) **विग्गहगइमावन्ना केवलिणो समुहया अजोगी य।**
**सिद्धा य अणाहारा सेसा आहारगा जीवा** (१)

વિગ્રહગતિમાં રહેલા જીવો, કેવલી સમુદ્ઘાતમાં વર્તતા જીવો, અયોગી કેવલીઓ અને સિધ્ધ ભગવંતો અણાહારી છે, બાકીના જીવો આહારી જાણવા એ વચનથી આહારક અનાહારક ભેદ વડે બે પ્રકારે જીવસમાસ થયો.

(૩) ૧. મુક્તિ ગમન યોગ્ય તે ભવ્ય–એટલે મોક્ષમાં જવાની યોગ્યતા વડે જીવ ભવ્ય કહેવાય.
   ૨. મોક્ષગમનને અયોગ્ય તે અભવ્ય–એટલે ક્યારેય પણ મોક્ષમાં નહિં જનાર જીવ અભવ્ય કહેવાય.
   ૩. સિદ્ધ ભવ્ય પણ નથી. અભવ્ય પણ નથી. એ પ્રમાણે ત્રણ પ્રકારે જીવસમાસ થાય છે.

(૪) મનોયોગી વચનયોગી, કાયયોગી અને અયોગી એમ ચાર પ્રકારે જીવસમાસ.

(૫) ક્રોધી, માની, માયી, લોભી અને અકષાયી એમ પાંચ પ્રકારે જીવસમાસ.

(૬) મિથ્યાત્વ, સાસ્વાદન, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, મિશ્રસમ્યક્ત્વના ભેદથી છ પ્રકારે જીવસમાસ થયો.

(૭) કૃષ્ણલેશ્યા વગેરે છ લેશ્યા તથા અલેશ્યાવાન એમ સાત પ્રકારે જીવસમાસ થાય.

(૮) વેદના, કષાય, મરણ, વૈક્રિય, આહારક, તેજસ, કેવલી સમુદ્ઘાત તથા અસમુદ્ઘાત એમ ૮ પ્રકારે જીવસમાસ.

(૯) અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્છજ ઉદ્ભિન્નજ, ઔપપાતિક, યૌનિક ભેદથી નવ પ્રકારે જીવસમાસ.

(૧૦) પૃથ્વી, અપ, તેજસ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અનિન્દ્રિય ભેદથી ૧૦ પ્રકારે જીવસમાસ.

(૧૧) એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય પંચેન્દ્રિય એ પાંચ પર્યાપ્તા અને પાંચ અપર્યાપ્તા અને અનિન્દ્રિય એમ ૧૧ ભેદથી ૧૧ પ્રકારનો જીવસમાસ.

(૧૨) પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ એમ સાકાર અનાકાર ઉપયોગ વડે ૧૨ પ્રકારનો જીવસમાસ.

(૧૩) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય એ છ પર્યાપ્તા તથા છ અપર્યાપ્તા અને અકાયી એમ ૧૩ પ્રકારે જીવસમાસ થાય.

(૧૪) મિથ્યાત્વ, સાસ્વાદન વગેરે ૧૪ ગુણસ્થાનકોથી ૧૪ પ્રકારે જીવસમાસ.

(૧૫) સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય એમ સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા અને સિદ્ધો એમ ૧૫ પ્રકારે જીવસમાસ.

(૧૬) ચાર પ્રકારે મનોયોગ, ચાર પ્રકારે વચનયોગ અને સાત પ્રકારે કાયયોગ અને અયોગી એમ સોળ પ્રકારે જીવસમાસ થાય.

એ પ્રમાણે એક એકની વૃદ્ધિ કરતા ઘણા જીવસમાસો થાય છે. આથી ચૌદ જીવસમાસનું વિશેષણ પ્રથમ ગાથામાં ગ્રહણ કર્યું છે. અને આ જીવભેદોમાંથી ૧૪ જીવભેદોની જ વ્યાખ્યા હું કરીશ. ગાથામાં તુ છે તે જકાર અર્થમાં છે. તે તુ થી ચૌદ જ જીવભેદ એવો અર્થ ઘટે છે.

પ્ર. : એ કે અહીં બીજા પણ જીવભેદો છે. તો તે જીવભેદોનો ત્યાગ શા માટે? અને ચૌદ જીવભેદની જ વ્યાખ્યા શા માટે ?

ઉ. : આ ચૌદ જીવભેદો ઘણા પ્રકારની વિચારણાના વિષય રૂપ હોવાથી, વિશિષ્ટ પ્રકારના શિષ્યોની બુદ્ધિના વિકાસમાં હેતુરૂપ હોવાથી અને વિશેષ પ્રકારે ઉપયોગી હોવાના કારણથી ગ્રહણ કર્યા છે.



## પ્રકરણ ૨

### ચૌદ ગુણ સ્થાન વિવરણ

કયા ચૌદ જીવસમાસો છે કે જેની તમે અહિં વ્યાખ્યા કરવાના છો ?

**मिच्छाऽऽसायण मिस्सा अविरयसम्मा य देसविरया य ।**
**विरया पमत्त इयरे अपुव्व अणियट्टि सुहुमा य ॥८॥**
**उवसंत खीणमोहा सजोगी केवलिजिणो अजोगी य ।**
**चोद्दस जीवसमासा कमेण एएऽणुगंतव्वा ॥९॥**

**ગાથાર્થ : ૧ મિથ્યાત્વ, ૨ સાસ્વાદાન, ૩ મિશ્ર, ૪ અવિરતિસમ્યગ્દૃષ્ટિ, ૫ દેસવિરતિ ૬ સર્વવિરતિ, ૭ અપ્રમત્ત. ૮ અપૂર્વકરણ, ૧૦ સુક્ષ્મસંપરાય ૧૧ ઉપશાંત-મોહ, ૧૨ ક્ષીણમોહ, ૧૩ સયોગી કેવલી, ૧૪ અયોગી કેવલી એ પ્રમાણે ચૌદ જીવસમાસો ક્રમપૂર્વક જાણવા. (૮-૯)**

**ટીકાર્થ** (૧) મિથ્યાત્વ, :- **सूचामात्रत्वात् सूत्रस्य** એ ન્યાયાનુસારે પદના એક દેશવડે સંપૂર્ણ પદનો બોધ થાય છે. **मिच्छा** પદ પરથી મિથ્યાત્વ. તે મિથ્યાત્વ ધંતુરો ખાધેલો પુરૂષ જેમ સફેદ વસ્તુ પીળી જ જુએ તેમ મિથ્યાત્વથી વાસિત આત્મા પણ સર્વજ્ઞપ્રરૂપિત તત્વને વિપરીત રીતે ગ્રહણ કરે છે. મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી, જિનદૃષ્ટ યથાવસ્થિત તત્ત્વની શ્રધ્ધાથી રહિત આત્મા મિથ્યાદૃષ્ટિ કહેવાય. કહ્યું છે કે–

**'तं मिच्छत्तं जमसद्दहणं तच्चाण होइ भावाणं ।**
**संसइयमभिग्गहियं अणभिग्गहियं च तं तिविहं ॥'**

જે તત્વના ભાવોની અશ્રદ્ધારૂપ ભાવો છે તે જ મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વ સાંશયિક, અભિગ્રાહીક, અણભિગ્રાહિક એમ ત્રણ પ્રકારે છે....બીજાઓએ પણ કહ્યું છે કે

**'पयमक्खरंपि एक्कंपि जो न रोएइ सुत्तनिदिट्ठं ।**
**सेसरोयंतो विहु मिच्छदिट्ठी जमालिव्व ॥ २ ॥**

સૂત્રમાં બતાવેલા એકપણ પદ કે અક્ષર પર જેને અશ્રદ્ધા હોય ભલે તેને સમસ્ત શ્રુતપર શ્રદ્ધા હોય છતાં તે જમાલીની જેમ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

(૨) સમસ્તજીવરાશિના અનંતતમભાગ સિવાયના સર્વે જીવ મિથ્યાદૃષ્ટિ છે.

**સાસ્વાદન**–**आयम्** ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ લાભને **सादयति अपनयति** દૂર કરે તે સાસ્વાદન.

અનંતાનુબંધી કષાયનો જેમાં ભોગવટો હોય છે. નિરુક્તિથી य શબ્દનો લોપ થયો છે. અનંતાનુંબંધી કષાયનો ઉદય હોયે છતે આસાદન ગુણ સ્થાનકમાં અનંતસુખરૂપ ફળને આપનાર કલ્યાણ રૂપી વૃક્ષના બીજ સમાન ઔપશમિક સમ્યક્ત્વના લાભને જઘન્યથી એક સમયમાં અને ઉત્કૃષ્ટથી છ આવલીકામાં નાશ કરે છે. આસાદન ગુણસ્થાનના યોગથી જીવ આસાદન સમ્યક્દષ્ટિ કહેવાય છે.

અથવા ચારે તરફથી ઔપશમિક સમ્યક્ત્વનો નાશ કરે અને અનંતાનુબંધી કષાયનો જ ભોગવટો કરે તે આશાતન. અને તેવો આત્મા આશાતન સમ્યગ્દષ્ટિ.

જે સમ્યકત્વ રૂપી રસનો હજુ સુધી પણ આસ્વાદન કરે છે. હજુ તેનો સ્વાદ છોડયો નથી તે આસ્વાદન સમ્યગ્દષ્ટિ. આસ્વાદન સમ્યકત્વ જે પ્રમાણે થાય છે તે પ્રમાણે કહે છે.

અત્યંત ઊંડા અપાર સંસાર સાગરમાં રહેલા પ્રાણિઓ સર્વદુઃખ રૂપી વૃક્ષના બીજ રૂપ મિથ્યાત્વ જ જેનું કારણ છે, એવા અનંતા પુદ્ગલપરાવર્તો સુધી લાખો દુઃખોનો અનુભવ કરીને કોઈપણ રીતે તથાભવ્યત્વના પરિપાકથી પર્વતના પત્થર જેમ નદીમાં વારંવાર અથડાવાના કારણથી ગોળ થાય છે, તેમ સ્વાભાવિક અધ્યવસાય વડે થયેલા યથાપ્રવૃત્તકરણ વડે આયુષ્ય કર્મને છોડી જ્ઞાનાવરણાદિ ૭ કર્મની અન્તઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કર્મની સ્થિતિ કરે છે. અહિં આગળ તેવા પ્રકારના કર્મમલના પડલોથી તિરસ્કૃત થયું છે જે જીવનું વીર્ય વિશેષ એવા પ્રાણીઓથી ન ભેદાય એવી કર્કશ કઠીન લાંબા વખતની બંધાયેલી અને ન જણાય એવી ગાંઠની જેમ કર્મ પરિણામથી ઉત્પન્ન થયેલ ગાઢ રાગદ્વેષના પરિણામ રૂપ પૂર્વમાં કદીયે ભેદાયેલ નથી એવી ગાંઠ હોય છે. કહ્યું છે કે,

'गंठिति सुदुब्भेओ कक्खड घण रूढगूढ गंठिव्व ।
जीवस्स कम्मजणिओ घण रागद्दोस परिणामो ॥१॥

અત્યંત દુર્ભેદ્ય, કઠણ, કર્કશ ન જણાય એવી ગાંઠની જેમ જીવના કર્મથી ઉત્પન્ન થયેલ ગાઢ રાગદ્વેશના જે પરિણામ એજ કર્મગ્રંથી છે.

આ ગાંઠ સુધી તો અભવ્ય આત્માઓ પણ યથાપ્રવૃત્તકરણ દ્વારા કર્મ ખપાવી અનંતીવાર આવે છે, પરંતુ ગ્રંથી ભેદ કરવા માટે અસમર્થ એવા તે ફરી સંકલેશાધીન થઇ ઉત્કૃષ્ટ સ્થિતિનો કર્મબંધ કરે છે. કોઇક મહાત્મા મોક્ષસુખ જેનું નજીક છે, એવો તથા નિવારી ન શકાય એવા પ્રકારનો વીર્ય સમુહ જેનો અત્યંત ઉલ્લસિત થયો છે એવો તે પુરૂષ પ્રચંડ વજ્ર દંડ વડે કરીને જેમ પર્વતને તેમ ઉપર કહેલી કર્મગ્રંથીને પૂર્વે અનુભવેલું નથી એવા વિશિષ્ટ કોટીના વિશુદ્ધિ સ્વરૂપ અપૂર્વકરણ વડે તેને ભેદે છે. તે ગાંઠને ભેદીને વિશિષ્ટતર વિશુદ્ધિ રૂપ અનિવૃતિકરણનો અનુભવ કરતો મિથ્યાત્વની સ્થિતિને ઉદયક્ષણથી આરંભો અંતર્મુહુર્ત પહેલા તેના પ્રદેશોને ભોગવવા યોગ્ય મિથ્યાત્વના

દલીયાંના અભાવ રુપ અંતરકરણને કરે છે. એ અંતરકરણ કરે છતે મિથ્યાત્વ મોહનીય કર્મની બે સ્થિતિ થાય છે.

(૧) અંતરકરણની નીચેની અંતર્મુહુર્ત પ્રમાણની પહેલી સ્થિતિ.

(૨) અંતરકરણની ઉપરની અંતર્મુહુર્ત ન્યૂન અંતકોટાકોટી સાગરોપમ પ્રમાણની બીજી સ્થિતિ. તેમાં પહેલી સ્થિતિમાં મિથ્યાત્વના દલિકોનો ભોગવટો હોવાથી તે મિથ્યાદૃષ્ટિ જ છે. અંતર્મુહુર્ત પછી તેની નીચેની સ્થિતિમાં દલિયાનો ક્ષય થયે છતે અંતરકરણના પ્રથમ સમયમાં જ મિથ્યાત્વના દલિયાનો અભાવ હોવાથી ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. જેમ દાવાનલ પૂર્વે બળેલા અથવા ઉખર ભૂમિને પ્રાપ્ત કરી જાતે જ ઓલવાય છે. તેમ મિથ્યાત્વોદય રૂપી અગ્નિ પણ મિથ્યાત્વના પ્રદેશ ભોગવવા યોગ્ય મિથ્યાત્વદલિકના અભાવ રૂપ અંતરકરણને પ્રાપ્ત કરી શાંત થાય છે તે વખતે પરમ નિધાન પ્રાપ્તિ સમાન અંતર્મુહુર્ત ઉપશાંતાવસ્થામાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા જેટલો સમય બાકી હોય ત્યારે કોઈક મહાભીકણ જીવને ઉભા થવાના સ્વભાવવાળો અનંતાનુબંધી કષાયનો ઉદય પ્રાપ્ત થાય છે જેના ઉદયથી તે જીવ આસાદન (સાસ્વાદન) સમ્યગ્દૃષ્ટિ થાય છે. ઉપશમ શ્રેણીથી પડતા અથવા અનંતાનુબંધીના ઉદયથી કોઈ પણ જીવ આસાદન સમ્યગ્દૃષ્ટિપણાને પામે છે. આ અવસ્થામાં આત્મા જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલીકા રહે છે, પછી અવશ્યમેવ મિથ્યાત્વના ઉદયથી મિથ્યાદૃષ્ટિ થાય છે. વિસ્તારથી સર્યું, આસાદન સમ્યગ્દૃષ્ટિ જીવો કોઈક વખત ઉત્કૃષ્ટથી અસંખ્યાતા પ્રાપ્ત થાય છે. વધુ વિસ્તારથી આગળ ઉપર કહેશું.

(૩) **મિશ્ર** : સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બંનેથી મિશ્રિત જે દૃષ્ટિ તે મિશ્રદૃષ્ટિ. આનું તાત્પર્ય આ પ્રમાણે છે. આગળ વર્ણન કરેલી વિધિ પ્રમાણે પ્રાપ્ત કરેલ ઔપશમિક સમ્યક્ત્વ વડે મદન કોદરાની જેમ (મદન કોદ્રવાવાસિત દૃષ્ટાંત) અશુદ્ધ દર્શનમોહનીય કર્મને જીવ શુદ્ધ કરી ૩ પ્રકારે કરે છે તે આ પ્રમાણે શુદ્ધ, અર્ધશુદ્ધ અને અવિશુદ્ધ એ ત્રણ પ્રકારની ઢગલીમાં જ્યારે અર્ધવિશુદ્ધ ઢગલીનો ઉદય થાય ત્યારે તે ઉદયના વશથી જીવને અર્હત્તત્વ પ્રત્યે અર્ધશુદ્ધ શ્રદ્ધા થાય છે. તેથી તે જીવ મિશ્રદૃષ્ટિ કહેવાય છે, એટલે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. આ ગુણસ્થાનકે જીવ અંતર્મુહુર્ત માત્ર રહે છે. અને તે પછી જીવ અવશ્યમેવ સમ્યક્ત્વને અથવા મિથ્યાત્વને પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે,

मिच्छाओ संकंति अविरुद्धा होइ सम्ममिसेसुं
मीसाओ वा दोसु सम्मा मिच्छं न पुण मीसं ॥९॥

મિથ્યાત્વમાંથી સમ્યકત્વમાં અને મિશ્રમાં જવું એટલે સંક્રાંત થવું અવિરુદ્ધ છે, મિશ્રમાંથી સમ્યક્ત્વ અને મિથ્યાત્વમાં જવાય છે. સમ્યક્ત્વમાંથી મિથ્યાત્વમાં જવાય પણ

મિશ્રમાં નથી જવાતું. આ મિશ્રદષ્ટિઓ પણ કોઈક વખત ઉત્કૃષ્ટથી અસંખ્યાતા મળે છે. એ પણ અહિં જ કહેશે.

(૪) **અવિરત સમ્યગ્દૃષ્ટિ** विरमते इति विरतः गत्यार्थकर्मक વડે કર્તરી કરે છે. क्त પ્રત્યયમાં વિરત શબ્દ થયો જે વિરત નથી તે અવિરત, અથવા નપુંસક ભાવમાં क्त પ્રત્યય લાગે છતે વિરમણં વિરતઃ, જેને સાવદ્ય યોગોનું પચ્ચક્ખાણ જ નથી તે અવિરત તેવો જે આત્મા તે અવિરત સમ્યગદષ્ટિ.

અહિં ભાવાર્થ આ પ્રમાણે છે. જેનું પૂર્વમાં વર્ણન કરી ગયા છે, એવો ઉપશમ સમ્યક્ત્વ વાળો આત્મા શુદ્ધ દર્શન મોહનીયના પુંજ (ઢગલા) નો ઉદયવાળો થાય તો ક્ષયોપશમ સમ્યગદષ્ટિ કહેવાય છે.

દર્શન સપ્તકના ક્ષયપૂર્વક ક્ષાયિક સમ્યગદષ્ટિ કહેવાય છે. તે આત્માઓ પરમાત્મા વડે નિરૂપિત સાવદ્યયોગ વિરતિને દેશથી અથવા સર્વથી મોક્ષમહેલમાં ચડવા માટે નિઃસરણી સમાન જાણવા, છતાં પણ અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયથી રોકાયેલો આત્મા દેશવિરતિ કે સર્વવિરતિને સ્વીકારતો નથી અને તેના પાળવા માટે પ્રયત્ન પણ કરતો નથી તે આત્મા અવિરત સમ્યગૃદષ્ટિ કહેવાય છે. અવિરત સમ્યગદૃષ્ટિઓ હંમેશાં અસંખ્યાતા જ પ્રાપ્ત થાય છે.

**૫ દેશવિરતિ** : સ્થૂલ પ્રાણાતિપાત વગેરે સર્વ વ્રત વિષયક અનુમતિ કે સર્વ સાવદ્યયોગના દેશ એટલે કે એકવ્રત વિષયક અનુમતિ છોડીને જેને વિરતિ તે દેશવિરતિ. એને સર્વ સાવદ્ય યોગની વિરતિ પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી હોતી નથી તે દેશવિરતિ સમ્યગદષ્ટિ કહ્યું છે કે,

सम्मद्दंसण सहिओ गिण्हंतो विरइमप्पासत्तोए ।
एगव्वयाइ चरिमो अणुमइमितेति देसजई ॥१॥

સમ્યગ્દર્શન સહિત અલ્પશક્તિના કારણે એકવ્રત વગેરે અથવા અનુમતિમાત્ર પણ વિરતિને ગ્રહણ કરે તે દેશવિરતિ છે.

परिमियमुवसेवंतो अपरिमियमणंतयं परिहरंतो ।
पावइ परम्मि लोए अपरिमियमणंतयं सोक्खं ॥

અપરિમિત અને અનંત પદાર્થનો ત્યાગ કરવા પૂર્વક અલ્પ પદાર્થનું સેવન કરતો આત્મા પરલોકમાં અપરિમિત અનંત સુખને પ્રાપ્ત કરે છે. આ દેશવિરત આત્માઓ સર્વ કાળમાં અસંખ્યાતા પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે સર્વવિરતિથી રહિત પ્રાણીઓ વડે થતા જીવભેદોનું વર્ણન કર્યું. હવે સર્વવિરતિ યુક્ત પ્રાણીઓ વડે થતા જીવભેદોનું વર્ણન કરે છે.

(૬) **પ્રમત્ત** (૭) **અપ્રમત્ત** :—સર્વ સાવદ્ય યોગથી અટકેલા વિરતિધરો બે પ્રકારે છે. પ્રમત્ત અને અપ્રમત્ત, તેમાં સંજ્વલન કષાયના ઉદયથી મદ્ય, વિષય, કષાય, નિદ્રા

વિકથા રુપ પ્રમાદસ્થાનોમાંથી બધા જ કે કોઈ પણ એકને પ્રમાદ વડે સંયમ યોગોમાં સીદાય તે પ્રમત્ત અને જે આત્માઓ આ પ્રમાદસ્થાનોથી સીદાતા નથી તે અપ્રમત્ત.

(૮) **અપૂર્વકરણઃ**– 'એક દેશ પદથી સર્વપદનું ગ્રહણ થાય' એ ન્યાયથી જેમ 'ભીમ' એ એક દેશપદથી ભીમસેન એમ સંપૂર્ણપદ જણાય છે. તેમ **અપુવ્વ** પદ પરથી અપૂર્વકરણ સમજવું. જે ગુણસ્થાનકમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ, સ્થિતિબંધ વગેરે પદાર્થોની પહેલીવાર જ નવિન ક્રિયા થાય છે તે અપૂર્વકરણ. તે આ પ્રમાણે

૧ મોટા પ્રમાણવાળી જ્ઞાનાવરણ વગેરે કર્મોની સ્થિતિને અપવર્તના કરણ વડે જેનું ખંડન કરવું એટલે કે અલ્પ કરવી તે સ્થિતિઘાત

૨ કર્મ પરમાણુમાં રહેલ ચિકાશરૂપ જે રસ છે તેને અપવર્તના કરણવડે અલ્પ કરવો તે રસઘાત. આ સ્થિતિઘાત અને રસઘાત પૂર્વગુણસ્થાનકોમાં અલ્પવિશુદ્ધિ હોવાથી અલ્પપ્રમાણમાં થાય અને અહિં આગળ વિશેષ પ્રકારે વિશુદ્ધિનું પ્રમાણ હોવાથી પહેલા ન કરેલ એવા અપૂર્વપ્રકારના આ બન્ને કાર્યો કરે છે.

૩ અપવર્તનાકરણ વડે ઉપરની સ્થિતિના રહેલા કર્મદલીકોને નીચે ઉતારી તે દલિકોને ઉદય સમયથી લઈ અંતર્મુહુર્તના સમય પ્રમાણ કાળમાં કર્મપ્રતરોથી ખપાવવા માટે દરેક સમયે અસંખ્યગુણ વૃદ્ધિ પૂર્વક કર્મદલીકોની જ દરેક શ્રેણીની ગોઠવણી તે ગુણશ્રેણી.

તે ગુણશ્રેણી પૂર્વ ગુણસ્થાનકોમાં અવિશુદ્ધ અધ્યવસાયોના કારણે લાંબા સમયે પણ ઘણા કર્મદલિકોની અપવર્તના વડે થોડી જ શ્રેણી બનાવી શકાય છે, જ્યારે આ ગુણ-સ્થાનકમાં વિશુદ્ધિથી પહેલા ન થઈ હોય એમ થોડા ટાઈમમાં ઘણાં કર્મદલિકો, ઘણી શ્રેણીની રચના અપવર્તના વડે રચી શકાતી હોવાથી અપૂર્વ ગુણશ્રેણી કહેવાય છે.

૪ અધ્યવસાયની વિશિષ્ટ વિશુદ્ધિના કારણે બંધાતી (સત્તાથી રહિત) અશુભ પ્રકૃત્તિઓના દલિકોને દરેક ક્ષણે અસંખ્યેય ગુણવૃદ્ધિ પૂર્વક (સંક્રમાવવા) લઈ જવા તે ગુણસંક્રમ. આ કરણ પણ પૂર્વના ગુણસ્થાનકોથી વિશિષ્ટતર અને અપૂર્વ કરતા હોવાથી અપૂર્વ ગુણસંક્રમ કહેવાય છે.

૫ પૂર્વકાળમાં અવિશુધ્ધિથી કર્મોની જે દીર્ઘ સ્થિતિ બાંધી હતી તે સ્થિતિને વિશુદ્ધિની અધિકતાથી અપૂર્વકોટીની અલ્પતા પૂર્વક બાંધવી તે અપૂર્વ સ્થિતિબંધ.

આ પ્રમાણે સ્થિતિઘાત વગેરે પાંચ કરણોની અપૂર્વતા અહિં હોવાથી અપૂર્વકરણ સમજવું. આ અપૂર્વકરણ કરનારા આત્માઓ બે પ્રકારે છે. જેઓ મોહનીય કર્મનો ક્ષય કરનારા હોય તે ક્ષપક અને તે જ કર્મને ઉપશમ કરનારા ઉપશામક કહેવાય છે.

(૯) **અનિવૃત્તિ બાદર સંપરાય** :-अनियट्टि અહિં આગળ પણ એક દેશ વડે સંપૂર્ણ પદ એ ન્યાયે અનિવૃત્તિ બાદર સંપરાય જાણવું. અહીં આગળ એકી સાથે પ્રવેશ કરેલા ઘણા જીવોનાં અધ્યવસાય સ્થાનોની વિલક્ષણતાનો અભાવ હોવાથી અનિવૃત્તિ કહેવાય છે. નહિં કે પાછા ફરવા રૂપ નિવૃત્તિ સમજવી. સમકાળે આ ગુણસ્થાનકમાં પ્રવેશ કરેલા એક જીવને પહેલા વગેરે સમયોમાં જે અધ્યવસાય સ્થાનો હોય છે, તે જ અધ્યવસાય સ્થાનો સમકાળે પ્રવેશેલા બીજા જીવોને પણ હોય છે.

**सम्परैति-पर्यटति**:-એટલે જેના વડે સંસારમાં રખડાય તે સંપરાય કહો કે કષાયોદય બન્ને એકજ છે. સૂક્ષ્મસંપરાયની અપેક્ષાએ જ્યાં જેઓને કષાયની વિશેષતા છે તે બાદર સંપરાય, અનિવૃત્તિ અને બાદર સંપરાય રૂપ જે આત્માઓ અનિવૃત્ત બાદર સંપરાય કહેવાય તે જીવો બે પ્રકારે છે. ક્ષપક અને ઉપશામક.

પ્રશ્નઃ- ક્ષપક આત્માઓ મોહનીયની ૨૦ પ્રકૃતિઓ, સ્ત્યાનર્દ્ધિત્રિક અને તેર નામકર્મની પ્રકૃતિઓનો ક્ષય કેવી રીતે કરે છે?

ઉત્તરઃ- પહેલા પ્રત્યાખ્યાનાવરણ તથા અપ્રત્યાખ્યાનાવરણ, આઠ કષાયનો ક્ષય કરવાનો આરંભ કરે છે. તે અડધા ખપે ત્યાંતો વચ્ચે જ વિશુદ્ધિના કારણથી થિણદ્ધિત્રિક (નિદ્રા નિદ્રા, પ્રચલા અને થિણદ્ધિ) અને નામકર્મની નરકગતિ, નરકાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચ-આનુપૂર્વી, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, (જાતિ ચતુષ્ક) આતપ, ઉદ્યોત, સ્થાવર, સાધારણ, સુક્ષ્મ આ તેર પ્રકૃતિઓ એમ બન્ને મળી ૧૬ પ્રકૃતિઓ ખપાવીને બાકી રહેલા આઠ કષાયો ખપાવે છે, તે પછી નપુંસકવેદ, તે પછી સ્ત્રી વેદ ત્યારબાદ હાસ્યાદિષટક તે પછી પુરૂષવેદ તે પછી સંજવલન ક્રોધ, ત્યારબાદ સંજવલન માન ત્યારબાદ સંજવલન માયા ખપાવે છે. એ પ્રમાણે મોહનીયની ૨૦ પ્રકૃતિઓ ક્ષય કર્યા પછી બાદર લોભનો પણ ક્ષય કરે છે. સુક્ષ્મ લોભ તો સુક્ષ્મ સંપરાય ગુણસ્થાનકે ક્ષય કરે છે. દર્શન સપ્તક તો પહેલાં અવિરતથી અપ્રમત્ત સુધીમાં ક્ષય કરેલ છે. એ પ્રમાણે ક્ષપકશ્રેણીની ક્રિયા બતાવી.

જે ઉપશામક છે તે આ જ વીસ પ્રકૃત્તિઓને આગળ કહેવામાં આવતી વિધિપૂર્વક ઉપશમાવે છે.

**૧૦ સુક્ષ્મ સંપરાય**-અહીં આગળ પણ એક પદ વડે સંપૂર્ણ પદ જણાય એ ન્યાયાનુસારે **सुहुमायथी** સુક્ષ્મસંપરાય જણાય છે. સંપરાય એટલે કિટ્ટી રૂપ કરેલ લોભ કષાયનો ઉદય જેમાં હોય તે સૂક્ષ્મ-સંપરાય અને સૂક્ષ્મ સંપરાયમાં રહેલા આત્માઓ સૂક્ષ્મ-સંપરાયી.

સૂક્ષ્મસંપરાયીઓ પણ ક્ષપક અને ઉપશામક એમ બે પ્રકારે છે. ક્ષપકો અનિવૃત્ત બાદર ગુણસ્થાનકે સૂક્ષ્મ કિટ્ટિ રૂપ કરેલ લોભનો અહીં ક્ષય કરે છે. અને ઉપશામક તેનો (લોભનો) ઉપશમ કરે છે.

**(૧૧) ઉપશાંત કષાય**– 'कष् शिष्' વગેરે ધાતુઓ હિંસાર્થમાં છે.

**कषन्ति वा कष्यन्ते परस्परमस्मिन प्राणिन इति कषः**

**संसारः** જેમાં જીવોની પરસ્પર હિંસા થાય છે તે કષ એટલે સંસાર અને તે સંસાર તરફ જીવો જેનાવડે જાય તે કષાય ક્રોધ વગેરે. તે કષાયો જેમાં ઉપશમ ભાવને પ્રાપ્ત થયા છે એટલે કે સંક્રમ, ઉદ્‌વર્તના વગેરે કરણો જ્યાં આગળ લાગી ન શકે એવી અવસ્થા જ્યાં પ્રાપ્ત થઇ છે જેમને તે ઉપશાંત કષાયી કહેવાય. અવિરત સમ્યગ્‌દષ્ટિ ગુણસ્થાનકથી અપ્રમત ગુણસ્થાનક સુધીમાં દર્શન સપ્તકનો ઉપશમ કરી અનિવૃત્તબાદર ગુણસ્થાનકે ચારિત્ર મોહનીયમાં પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે છે, તે પછી સ્ત્રી વેદ, તે પછી હાસ્યાદિષટ્‌ક, ત્યારબાદ પુરૂષવેદ, ત્યારબાદ એકીસાથે અપ્રત્યાખ્યાનાવરણ, તથા સમકાળે જ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધને, તે પછી સંજ્વલન ક્રોધ, ત્યારબાદ સમકાળે અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાનીમાન તે પછી સંજ્વલનમાન, ત્યારબાદ અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની માયા તે પછી સંજ્વલન માયા ત્યારબાદ સમકાળેજ અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની લોભ, તે પછી સંજ્વલન લોભનો ઉપશમ કરી સર્વ પ્રકારે આના ઉપશમ ભાવને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે આત્મા ઉપશાંત કષાયી થાય છે.

**(૧૨) ક્ષીણમોહ** : જેઓનો મોહ ક્ષય થયો છે તે ક્ષીણમોહી. સૂક્ષ્મ સંપરાય અવસ્થામાં સંજ્વલન લોભનો પણ સંપૂર્ણ ક્ષય કરી બિલ્કુલ મોહનીય કર્મના અભાવરૂપ દશાને પ્રાપ્ત થવું તે ક્ષીણમોહ.

**(૧૩) સયોગી કેવલી જિન** : યોગ, વીર્ય, શક્તિ, ઉત્સાહ, પરાક્રમ, આ બધા પર્યાયવાચી શબ્દો છે. તે યોગના મન, વચન અને કાયા એમ ત્રણ પ્રકારે તેના ભેદો પડે છે. એટલે મનોયોગ, વચનયોગ, કાયયોગ. આ ત્રણ યોગો કેવલી ભગવંતોને હોય છે. તે આ પ્રમાણે : મનઃપર્યવજ્ઞાનીઓ કે અનુત્તરવિમાનવાસી વગેરે દેવો વડે જીવાજીવ તત્ત્વ વિષે જે કંઈ મન વડે પૂછાય તેને મનથી જ દેશનામાં જવાબ આપવો તે મનોયોગ. વચનયોગ તો સામાન્યરીતે દેશના ફરમાવે તે કહેવાય. કાયયોગ હરવા, ફરવા, આંખના પલકારા વગેરેમાં હોય છે. આ ત્રણ પ્રકારના યોગથી જે યુક્ત હોય તે સયોગી કહેવાય, સંપૂર્ણ જાણવો યોગ્ય પદાર્થોને જાણવા માટેનું સપૂર્ણ જ્ઞાન જેમને હોય તે કેવલિ. સયોગી અને કેવલીપણામાં જે રાગાદિ દોષોને જીતવાપૂર્વક વર્તી રહ્યા છે તે સયોગી કેવલી જિનો કહેવાય છે.

**(૧૪) અયોગી કેવલી જિન** : ઉપર કહેલા યોગો જેમને હોતા નથી તે અયોગી કેવલીઓ છે. શૈલેસી અવસ્થામાં જેમના બિલ્કુલ મનવચનકાયાના વ્યાપારો બંધ થયા છે તે અયોગી.

**આ ૧૪ જીવસમાસો**, એટલે સમગ્ર જીવસમુદાયનો સંગ્રહ કરનાર ભેદો ક્રમપૂર્વક ગતિ વગેરે માર્ગણા સ્થાનોમાં, આ પ્રકરણમાં વિચારવા. (૯)

પ્ર. : સમગ્ર જીવ સમુદાયના સંગ્રહરૂપ, જીવભેદો રૂપ, જીવસમાસો અહિં માન્ય વિષય છે. અને તે સંસારમાં મિથ્યાદષ્ટિથી અયોગી ગુણસ્થાનક સુધીનાં જીવોને છોડીને બીજા જીવોનો એમાં સંભવ જ નથી. આથી આ ચૌદ ભેદો વડે સાંસારીક જીવોનો જ સંગ્રહ થયો, પરંતુ મોક્ષ ગતિના જીવોનો સંગ્રહ મળતો નથી, તો તે મોક્ષના જીવોનો સંગ્રહ શી રીતે જાણવો ?

ઉ. : અયોગી કેવલીઓ બે પ્રકારે છે તે બે પ્રકાર બતાવવા માટે ગ્રંથકાર સ્વયં ગાથા કહે છે.

**दुविहा होंति अजोगी सभवा अभवा निरूद्धजोगी य।**
**इह सभवा अभवा ऊण सिध्धा जे सव्व भव मुक्का ॥१०॥**

ગાથાર્થ : **ભવસહિત અયોગી કેવલી અને ભવરહિત અયોગી કેવલી એમ બે પ્રકારે અયોગી કેવલી છે. જેમણે પોતાના યોગનો નિરોધ કર્યો છે તે ભવસહિત અયોગી કેવલી અને જે સર્વ પ્રકારના ભવના વિસ્તારથી મુક્ત જે સિદ્ધભગવંતો તે ભવરહિત અયોગી કેવલી કહેવાય છે.**

**ટીકાર્થ**:—અયોગી કેવલીઓ બે પ્રકારે છે. ભવસહિત અને ભવરહિત. સભવ એટલે ભવ સંસારની સાથે રહેનારા એટલે શૈલેશીઅવસ્થામાં રહેલ. સમુચ્છિન્ન ક્રિયા પ્રતિપાતિ ધ્યાનને ધરનારા હ્રસ્વ પાંચ અક્ષરના ઉચ્ચારણ જેટલા કાલમાત્ર સંસારમાં રહેનારા સભવ અયોગી કેવલી કહેવાય છે.

સંસારના કારણરૂપ જે કર્મમલ રૂપ કલંકના કલેશ રહિત હોવાથી સિદ્ધ સ્વરૂપ છે, માટે જેમને સંસાર નથી તે અભવ અયોગી જાણવા એટલે સિદ્ધ ભગવંતો સમજવા.

સભવ અયોગી અને અભવ અયોગીનું સ્વરૂપ ગ્રંથકાર જાતે જ બતાવે છે. ગાથામાં ચ કાર ભિન્નક્રમના અર્થમાં છે. અહીં તે ભવરહિત અયોગી કેવલીઓ જોડેલા જ છે એટલે તે નિરુદ્ધ યોગી અને અભવ છે. જેઓ મનવચનકાયાના યોગોને રૂંધી બાકી ભવોપગ્રહી કર્મના વશથી હજુપણ સંસારમાં રહ્યા છે, એવા જે અયોગી કેવલી છે તે ભવસહિત અયોગી કહેવાય.

ભવરહિત અયોગી કેવલીઓ સર્વપ્રકારના સંસારના વિસ્તારથી મુક્ત થયેલ સિદ્ધ ભગવંતો છે.

આ વાતથી નક્કી થાય છે કે યોગાભાવ રૂપ દશા સિદ્ધાવસ્થામાં કે શૈલેશી અવસ્થામાં બંન્ને જગ્યાએ સમાન છે. એ સમાનતાના કારણે અયોગી શબ્દ વડે સિદ્ધાનું ગ્રહણ થઈ જાય છે. અને તેઓનો ૧૪ પ્રકારના જીવસમાસમાં સમાવેશ આવી જાય છે. (૧૦)

## પ્રકરણ ૩ જું

## ચાર ગતિનું સ્વરૂપ

હવે ૧૪ પ્રકારના જીવસમાસો ગતિ વગેરે માર્ગણાસ્થાનોમાં વિચારીશું. આથી ગતિદ્વારની નિરુપણા કરતા કહે છે.

**निरयगई तिरि मणुया देवगई चेव होइ सिद्धिगई ।**
**नेरइया उण नेया सत्तविहा पुढविभेएण ॥११॥**

ગાથાર્થ–નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ અને સિદ્ધિગતિ છે. પૃથ્વીભેદે કરી નારકીઓ પણ સાત પ્રકારના જાણવા.

**ટીકાર્થ** : પોતાના કર્મરૂપી દોરડા વડે ખેંચાયેલો જીવ જેના તરફ જાય તે ગતિ, ગતિઓ નરકગતિ વગેરેના ભેદોથી ચાર પ્રકારે છે. **निर्गतं अयं येभ्यस्तो निरयाः अयं इति इष्टफलं** તેમાં જેઓમાંથી ઇષ્ટફલ રૂપ દૈવ (નસીબ) દૂર થઇ ગયું છે તે સીમન્ત વગેરે નારકીઓ છે, તે જ નરક તરફ જેના વડે જવાય તે નરકગતિ. અહિં આગળ પહેલા અને છેલ્લા શબ્દમાં ગતિ શબ્દ લીધો હોવાથી વચ્ચેના મનુષ્ય તથા તિર્યંચને ગતિ શબ્દ જાણવો. એકેન્દ્રિય વગેરે તિર્યંચોની જે ગતિ તે તિર્યંચગતિ, મનુષ્યોની ગતિ તે મનુષ્યગતિ, દેવોની ગતિ તે દેવગતિ. સિદ્ધગતિ તો **गम्यते इति गतिः** એ વ્યુત્પત્તિ માત્રથી અહિં ગ્રહણ કરી છે શાસ્ત્રીય પરિભાષાથી યુક્ત ગતિનામકર્મથી ઉત્પન્ન થયેલ નથી.

હવે ગતિનો અને ગતિવાનોનો અભેદપણાની વિવક્ષાથી પ્રસ્તુત ગતિમાં ગતિવાન નારકોના ભેદોનું નિરુપણ કરે છે. તે પૃથ્વીઓ જેના આધારરૂપ એવા નારકો પણ સાત પ્રકારના જાણવા.

આ પ્રમાણે ગતિના પાંચ ભેદો કહ્યા. નારકોના ભેદો વિચારતા તે પૃથ્વીના ભેદોથી સાત પ્રકારના જાણવા, કેમકે રત્નપ્રભા વગેરે પૃથ્વીઓ સાત પ્રકારની હોવાથી તે પૃથ્વીઓ જેના આધારરૂપ છે. એવા નારકો પણ સાત પ્રકારના જાણવા. (૧૧)

તે પૃથ્વીઓના કયા નામો છે? જે નામથી નારકો સાત પ્રકારના થાય છે. તે પૃથ્વીના નામો જણાવે છે.

**घम्मा वंसा सेला होई तहा अंजणा य रिट्ठा य ।**
**मघवत्ति माघवत्ति य पुढवीणं नामधेयाइं ॥१२॥**

ગાથાર્થ : (૧) ઘર્મા, (૨) વંસા. (૩) શૈલા (૪) અંજના (૫) રિષ્ઠા (૬) મઘવતી બીજી જગ્યાએ મઘા પણ કહી છે. (૭) માઘવતી આ પ્રમાણે રત્નપ્રભા વગેરેના ક્રમસર અનાદિ કાળથી આ પ્રમાણે જ વ્યુત્પત્તિ વગેરે અર્થથી નિરપેક્ષ નામો છે.(૧૨)

**ટીકાર્થ** : ગાથાર્થમાં આવી જાય છે.

હવે તે પૃથ્વીઓના જ સાર્થક જે બીજા નામો છે તે કહે છે.

**रयणप्पभा य सक्कर वालुय पंकप्पभा य धूमपहा।**
**होई तम (होइ तमा) तमा विय पुढवीणं नामगोत्ताइं ॥१३॥**

ગાથાર્થ : રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમતમઃપ્રભા આ પ્રમાણે સાત પૃથ્વીઓના નામગોત્રો જાણવા. (૧૩)

**ટીકાર્થ** : જ્યાં આગળ ગોમેદ, રુચક, અંક, લોહિતાક્ષ, વૈડૂર્ય વગેરે રત્નોનો જે પૃથ્વીમાં ઘણો સંભવ છે. પ્રાયઃ કરીને નરક છોડીને રત્નોની પ્રભા કે તેજ જે પૃથ્વીમાં છે તે રત્નપ્રભા.

જે પૃથ્વીમાં પથરાના ટુકડાઓના જેવી પ્રભા એટલે કે સ્વરૂપો હોય તે પૃથ્વી શર્કરાપ્રભા. પ્રભા શબ્દ દરેકની સાથે જોડવો.

જે પૃથ્વીમાં કઠીન રેતીના કાંકરા રુપ પ્રભા એટલે સ્વરુપે રહેવું છે જેનું તે વાલુકાપ્રભા. પંક એટલે કાદવ સમાન દ્રવ્યો વડે જેવી પ્રભા એટલે અવસ્થિતિ છે જે પૃથ્વીમાં તે પંકપ્રભા ધૂમાડા જેવા દ્રવ્યો, જેમાં ધૂમાડા જેવું જણાય છે એવી જે પૃથ્વી તે ધૂમપ્રભા કાળા દ્રવ્યો વડે અંધકાર સમાન જેમાં જણાય તે તમઃપ્રભા. બીજાઓ આ પૃથ્વીને તમા આ નામથી ઓળખે છે. અને અંધકાર રુપ દ્રવ્યથી યુક્ત માને છે.

અત્યંત અંધકાર સ્વરુપ પ્રભા જે પૃથ્વીમાં છે તે તમઃતમઃપ્રભાઃ અતિ કૃષ્ણ દ્રવ્ય યુક્ત એમ સમજવું. બીજાઓ આ પૃથ્વીને તમસ્તમા નામથી ઓળખે છે. અતિશય અંધકાર રુપ દ્રવ્યથી યુક્ત હોવાથી તમસ્તમાઃ. આ ધર્માદિ પૃથ્વીઓના બીજા પર્યાયોમાં **नमनात्-अनुवर्तनात्** એટલે હંમેશા અનુવર્તન હોવાથી નામો અને ગોઃ એટલે પોતાના નામો જણાવનાર શબ્દોના **त्राणात्** એટલે યથાર્થ અર્થને પ્રાપ્ત કરવા વડે પાલન કરતા હોવાથી ગોત્ર એટલે રત્નપ્રભા વગેરે નામો વડે સત્ય અર્થ જણાતો હોવાથી તે નામો નારકોના નામગોત્ર કહેવાય છે. (૧૩)

નરકગતિ કહી. હવે તિર્યંચગતિ કહે છે.

**तिरियगईया पंचिंदिया य पज्जताया तिरिक्खीओ ।**
**तिरिया य अपज्जता मणुया य पज्जत ईयरे य ॥१४॥**

ગાથાથ : તિર્યંચગતિમાં પંચેન્દ્રિય વગરે પર્યાપ્તા તથા તિર્યંચિણીઓ અને તિર્યંચો પર્યાપ્તા અપર્યાપ્તા કહેવાય છે. મનુષ્યો તો પર્યાપ્તા તેમજ અપર્યાપ્તા હોય છે. (૧૪)

**ટીકાર્થ** : તિર્યંચગતિમાં ઉત્પન્ન થયેલ જીવો તિર્યંચગતિના કહેવાય છે. તે તિર્યંચગતિમાં માછલી, પાડા, મોર વગેરે પંચેન્દ્રિય તથા ગાથામાં કહેલા **य** શબ્દથી એકેંદ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચૌરિંદ્રિયનો પણ તિર્યંચગતિમાં જ સમાવેશ કરવો. આ બધા કેવા પ્રકારના લેવા? પર્યાપ્તા જ લેવા. ફક્ત પર્યાપ્તા તિર્યંચો અને તિર્યંચિણીઓ જ તિર્યંચગતિમાં હોય છે એમ નથી.

પ્ર. : શું એકેન્દ્રિય વગેરે પર્યાપ્તાઓ જ તિર્યંચગતિકો કહેવાય છે?

જ. : ના, અપર્યાપ્તાતિર્યંચો પણ તિર્યંચગતિકો કહેવાય છે. આનાથી આ પ્રમાણે ફલિત થયું કે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેંદ્રિય પર્યાપ્તા તેમજ અપર્યાપ્તા તિર્યંચગતિકો કહેવાય છે.

મનુષ્યો પર્યાપ્તા તથા અપર્યાપ્તા મનુષ્યગતિમાં ગણાય છે.

મનુષ્યોનો જ ક્ષેત્રાદિ ભેદથી વિચાર કરતા કહે છે.

## ते कम्मभोगभूमिय अंतरदीवाय खित्तपविभत्ता ।
## समुच्छिमा य गब्भय आरिमिलक्खुत्ति य सभेया ॥१५॥

ગાથાર્થ : તે મનુષ્યો કર્મભૂમિ, ભોગ-ભૂમિ, અંતરદ્વીપરૂપક્ષેત્રના વિભાગથી તેમજ સંમુચ્છિમ અને ગર્ભજ તથા આર્ય અને મ્લેચ્છ વગેરે ભેદોવાળા છે. (૧૫)

**ટીકાર્થ** : આગળની ગાથામાં કહેલા પર્યાપ્તા તેમજ અપર્યાપ્તા મનુષ્યોના નિવાસસ્થાનરૂપ ક્ષેત્રના ભેદો વડે વિચારતા ત્રણ પ્રકારના થાય છે. તે ત્રણ પ્રકારના ક્ષેત્રો આ પ્રમાણે છે.

જ્યાં આજીવ ખેતી, વેપાર, તપસંયમ, અનુષ્ઠાન વગેરે કર્મપ્રધાન ભૂમિ તે કર્મભૂમિ છે. તે કર્મભૂમિ પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ મળી પંદર પ્રકારે થાય છે. તેમાં ઉત્પન્ન થનારા કર્મભૂમિ જો કહેવાય છે.

જે ભોગવાય તે ભોગો. ખેતી વગેરે કર્મોથી રહિત, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમ પાંચ પ્રકારના વિશિષ્ટ પ્રકારના યુગલિકોના ભોગ જે ભૂમિમાં ભોગવાય તે ભોગભૂમિ. તે ભોગભૂમિ પાંચ હૈમવંત, પાંચ હરિવર્ષ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ, પાંચ રમ્યક્ અને પાંચ હૈરણ્યવંત એમ ત્રીસ ભોગભૂમિ છે. તે ભોગભૂમિમાં ઉત્પન્ન થયેલ ભોગભૂમિજ કહેવાય

અંતર્દ્વિપો :– લવણસમુદ્રમાં રહેલ દ્વિપો તે અંતરદ્વીપ કહેવાય છે. તે એકોરુક વગેરે છપ્પન પ્રકારે છે, તે અંતર્દ્વિપમાં ઉત્પન્ન થયેલ મનુષ્યો પણ ઉપચારથી અંતરદ્વીપો કહેવાય છે. **च** શબ્દ સમુચ્ચય અર્થમાં છે.

પ્ર. :– આ દ્વીપો કયા પ્રદેશમાં છે? તથા એનું સ્વરૂપ શું છે?

ઉ. :– આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રની પાસે આવેલ હિમવંત પર્વત અને

શીખરી પર્વતના બન્ને છેડામાંથી લવણુસમુદ્રમાં હાથીના દાંત સરખી બે બે દાઢા નીકળેલ છે. કુલ્લ આઠ દાઢાઓ છે. દરેક દાઢા ઉપર સાત સાત દ્વીપો આવેલ છે. આ દ્વીપોને અંતરદ્વીપો કહેવાય છે. તે દાઢા ઉપરના દ્વીપો આ પ્રમાણે છે.

(૧) હિમવંત અને શીખરી પર્વતના છેડેથી ઈશાનખૂણામાં સમુદ્રની અંદર ૩૦૦ યોજન જઈએ ત્યારે ૩૦૦ યોજન લાંબોપહોળો અને ૯૪૯ યોજનમાં કંઈક ન્યૂન એવી પરિધિ વાળો એકોરુક નામનો દ્વીપ છે. આ દ્વીપને પાંચસો ધનુષના વિષ્કંભવાળી તથા બે ગાઉ ઊંચી પદ્મવરવેદિકાઓ અને વનખંડથી ચારે બાજુ ઘેરાયેલ છે. ૨ એ પ્રમાણે જ હિમવંત પર્વતના છેડેથી અગ્નિખૂણામાં ૩૦૦ યોજન સમુદ્રમાં જઈએ ત્યારે એકોરુક દ્વીપની જેમજ લાંબો પહોળો ઊંચાઈ વગેરેથી યુક્ત આભાસિક નામનો દ્વીપ છે. ૩ તે જ હિમવંત પર્વતના છેડેથી નૈઋત્ય ખૂણામાં ૩૦૦ યોજન લવણુસમુદ્રમાં જઈએ ત્યારે આગળના દ્વીપ સમાન પ્રમાણુવાળો વૈષાણિક નામનો દ્વીપ આવે છે. ૪ હિમવંત પર્વતના છેડેથી વાયવ્ય દિશામાં ૩૦૦ યોજન લવણુસમુદ્રમાં જઈએ ત્યારે આગળના દ્વીપ સમાન પ્રમાણુવાળો નંગોલિક નામનો દ્વીપ આવે છે.

આ ચારે દ્વીપો હિમવંત પર્વતની ચારે વિદિશામાં એક સરખા પ્રમાણુ વગેરેથી યુક્ત છે. બીજા પણ ચાર દ્વીપો એકોરુક વગેરે ચાર દ્વીપોથી ચાર વિદિશામાં જુદા પ્રમાણુવાળા રહ્યા છે તે કહે છે. (૫) તે આ પ્રમાણે એકોરુક દ્વીપથી ઈશાનખૂણામાં ૪૦૦ યોજન ગયા પછી ૪૦૦ યોજન લાંબા પહોળા ૧૨૬૫ યોજનમાં કંઈક ન્યૂન પરિધિ વાળો હયકર્ણ નામે દ્વીપ છે. અને આ દ્વીપને તેમજ સર્વ દ્વીપોને એકોરુક વગેરે દ્વીપને ફરતે રહેલી પ્રમાણુવાળી પદ્મવરવેદિકા, વનખંડ વગેરે ચારેતરફ રહેલ છે. (૬) એ પ્રમાણે આભાસિક દ્વીપથી અગ્નિખૂણામાં ૪૦૦ યોજન પછી હયકર્ણદ્વીપના પ્રમાણુવાળો ગજકર્ણ દ્વીપ જાણવો. (૭) અને વૈષાણિક દ્વીપથી નૈઋત્યખૂણામાં ૪૦૦ યોજન પછી હયકર્ણદ્વીપના પ્રમાણુ સમાન ગોકર્ણ દ્વીપ જાણવો (૮) એ પ્રમાણે નંગોલિક દ્વીપના વાયવ્ય ખૂણામાં ૪૦૦ યોજન બાદ હયકર્ણદ્વીપ સમાન પ્રમાણુવાળો શષ્કુલીકર્ણ નામનો દ્વીપ જાણવો. એ પ્રમાણે હયકર્ણ વગેરે ચારે દ્વીપો સમાન પ્રમાણુ વગેરે યુક્ત જાણવા.

એ પ્રમાણે આગળ કહેલ ચારે હયકર્ણ વગેરે દ્વિપો પછી યથાક્રમપૂર્વક ઈશાન વગેરે ખૂણામાં ૫૦૦ યોજન ગયા પછી ક્રમ પૂર્વક ૯ આદર્શમુખ, ૧૦ મિણ્ઢમુખ, ૧૧ અયોમુખ ૧૨ ગોમુખનામના ચાર દ્વિપો છે. તે દરેક દ્વીપો ૫૦૦ યોજન લાંબા પહોળા અને ૧૫૮૧ યોજન પરિધિ વાળા છે. આ આદર્શમુખ વગેરે દ્વીપોથી વિદિશામાં ૬૦૦ યોજન દૂર ગયા પછી અનુક્રમે ૧૩ અશ્વમુખ ૧૪ હસ્તિમુખ ૧૫ સિંહમુખ ૧૬ વ્યાઘ્રમુખ નામના ચાર દ્વીપો દરેક ૬૦૦ યોજન લાંબા પહોળા ૧૮૯૭ યોજનની પરિધિવાળા છે. તે અશ્વમુખ વગેરે દ્વીપોથી વિદિશાઓમાં ૭૦૦ યોજન દૂર ગયા પછી ૧૭ અશ્વકર્ણ ૧૮ હરિકર્ણ ૧૯ આકર્ણ

૨૦ કર્ણપ્રાવરણ નામના ચાર દ્વિપો ૭૦૦ યોજન લાંબા પહોળા ૨૨૧૩ યોજન પરિધિવાળા છે. તે અશ્વકર્ણ વગેરે ચારે દ્વીપોથી ચાર વિદિશામાં૮૦૦ યોજન દૂર ગયા પછી અનુક્રમે ૨૧ ઉલ્કમુખ ૨૨ મેઘમુખ, ૨૩ વિદ્યુન્મુખ, ૨૪ વિદ્યુતદન્ત નામના ચાર દ્વીપો ૮૦૦ યોજન લાંબા પહોળા ૨૫૨૯ યોજન પરિધિવાળા છે.

આ ઉલ્કમુખ વગેરે ચારે દ્વીપોથી ચાર વિદિશામાં ૯૦૦ યોજન દૂર ગયા પછી અનુક્રમે ૨૫ ઘનદંત, ૨૬ લષ્ટદંત, ૨૭ ગૂઢદંત ૨૮ શુદ્ધદંત નામના ચાર દ્વીપો ૯૦૦ યોજન લાંબા-પહોળા ૨૮૪૫ યોજન પરિધિ વાળા રહેલા છે.

આ દ્વીપોમાં રહેનારા મનુષ્યો વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાન-યુકત, સમગ્ર પ્રકારનાલક્ષણો તથા વ્યંજનોથી યુક્ત, દેવોસમાન રૂપલાવણ્યથીયુક્ત શરીરવાળા ૮૦૦ ધનુષની ઊંચાઈવાળા, સ્ત્રીઓ કંઈક ઓછી ઊંચાઈવાળી જાણવી, પલ્યોપમના અસંખ્ય ભાગનાં આયુષ્યવાળા યુગલીક રૂપે વસે છે. આ મનુષ્યો દશ પ્રકારના કલ્પવૃક્ષ વડે જીવનારા હોય છે. તે ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો આ પ્રમાણે છે. ૧ મત્તાંગ, ૨ ભૃંગાંગ ૩ તુડિત્તાંગ, ૪ દીપશીખા, ૫ જ્યોતિષ્કા, ૬ ચિત્રાંગ, ૭ ચિત્રરસ, ૮ મણિકાંગ, ૯ ગૃહાકારા, ૧૦ અનગ્ના.

૧ મત્તાંગ કલ્પવૃક્ષો–વિશિષ્ટ પ્રકારનું બલવીર્યકાંતિના કારણરૂપ સ્વાભાવિક, સરસ સુગન્ધી, સ્વાદિષ્ટ, મનોહર જુદાજુદા પ્રકારના મદિરાથી ભરેલી કોથળીઓ જેવા ફળોથી શોભે છે તે કલ્પવૃક્ષોથી તે મનુષ્યોને મદિરાની પ્રાપ્તિ થાય છે.

૨ ભૃંગાંગ કલ્પવૃક્ષો–સોનાચાંદીના અને મણીરત્ન વગેરે જડેલા એવા જુદાજુદા પ્રકારના સ્વાભાવિક થાળી, કચોળા વગેરે અનેક પ્રકારના વાસણોરૂપી ફળો વડે શોભે છે. જેનાથી યુગલીકોને વાસણોની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે જે કલ્પવૃક્ષનો જે ચીજ આપવાનો સ્વભાવ હોય છે તે વસ્તુઓ યુગલીકો તે કલ્પવૃક્ષ પાસેથી પ્રાપ્ત કરી લે છે.

૩ તુડિતાંગ નામના કલ્પવૃક્ષો વીણા વગેરે, તત્ પડહ વગેરે, વિતત્, કાંસી જોડા વગેરે, ઘન અને વાંસળી વગેરે શુષિર (પોલા) એમ ચાર પ્રકારના જુદા જુદા વાજિંત્રો રૂપી ફળો વડે શોભે છે.

૪ દીપશાખા–કલ્પવૃક્ષો પર સ્વભાવિક મણિસુવર્ણની દીવડી, ઘીના દીવાની જેમ બળતી પ્રકાશ કરે છે તેમ પ્રકૃષ્ટ કોટીનો પ્રકાશ કરવા વડે સર્વ વસ્તુને પ્રકાશીત કરતા ફળો વડે શોભે છે.

૫ જ્યોતિઃશિખા–કલ્પવૃક્ષો પર સૂર્યની જેમ પોતાના તેજ વડે સર્વ વસ્તુને પ્રકાશીત કરતા ફળો રહેલાં છે.

૬ ચિત્રાંગ–કલ્પવૃક્ષો જુદા જુદા પ્રકારના તાજાં, સરસ, સુગંધી પાંચ વર્ણના ફૂલોની માળાથી શોભે છે.

૭ મણિકાંગ વૃક્ષો–સ્વાભાવિકપરિણત વિમલ, મોંઘા, ત્રણભુવનના સારરૂપ, મોટા હાર, કડા, બાજુબંધ, ઝાંઝર વગેરે આભૂષણોના સમુહથી શોભતાં ફળોવાળા રહેલા છે.

૮ ચિત્રરસ–અહીંના કલમીચોખા, દાળ, પકવાન, શાકો વગેરેથી અત્યંત અને ઘણી મિઠાશથી યુક્ત સ્વાદિષ્ટ વગેરે ગુણોથી સહિત અનેક પ્રકારની સ્વાદ્ય અને ભોજ્ય વસ્તુથી સંપૂર્ણ એવા પ્રકારના ફળોથી શોભે છે.

૯ ગૃહાકાર કલ્પવૃક્ષો–સ્વાભાવિક રીતે કોટ, કિલ્લા, પગથીયા, જુદી જુદી શાળાઓ, રતિગૃહ, ઝરૂખા, ગુપ્ત અને પ્રગટ એવાં ઓરડાઓ, છતો, ભોંયતળીયા વગેરેથી શોભતા અનેક ભવનો યુક્ત છે.

૧૦ અનગ્ન કલ્પવૃક્ષથી સ્વાભાવિક એકદમ ચળકતા અત્યંત ઝીણા સુકોમળ દેવદૃષ્ય સમાન ઉત્તમ પ્રકારના જુદી જુદી જાતના વસ્ત્રો પ્રાપ્ત થાય છે.

તે મનુષ્યો સ્વભાવથી ભદ્રિક, વિનયી, પ્રશાન્ત, અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા, અલ્પ ઈચ્છાવાળા, ઉત્સુકતારહિત, ઈચ્છાપ્રમાણે પવન જેવી ગતિએ વિહરનારા, સોનું, મણીમોતી વગેરે મમત્વના કારણરૂપ અનેક ચીજ હોવા છતાં પણ જે મમતા અને મૂર્છાના આગ્રહથી રહિત છે, વૈરાનુબંધથી સર્વથા મુક્ત, પરસ્પર સ્વામિસેવક ભાવથી રહિત, અહમિન્દ્રો, હાથી, ઘોડા, ઊંટ, ગાય, ભેંસ વગેરે પ્રાણીઓ હોવા છતાં પણ તેનો ઉપયોગ કરતા નથી. પગે જ ફરનારા રોગ, વેદના વગેરેથી રહિત છે. આંતરે દિવસે આહાર કરનારા, ચોસઠ પાંસળીવાળા, છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે સ્ત્રી પુરૂષના યુગલનો જન્મ આપી ૭૯ દિવસ પાલન કરી અલ્પ સ્નેહ અને અલ્પ કષાયના કારણે મૃત્યુ પામી દેવલોકમાં જાય છે.

તે ભૂમિમાં રહેલ વાઘ, સિંહ, સાપ વગેરે જંગલી પ્રાણીઓ ક્રૂરતા વગેરે દોષોથી રહિત હોવાથી એક બીજાને ભક્ષણ વગેરે કરવા માટે પ્રવર્તતા નથી માટે મરીને તેઓ પણ દેવલોકમાં જાય છે. તે દ્વીપમાં ચોખા, ઘઉં વગેરે અનાજે પણ સ્વાભાવિક ખેતી કર્યા વગર પેદા થાય છે. છતાં મનુષ્યો તે ધાન્યને ખાતા નથી.

તે ભૂમિમાં, માટી, ઝાડોના ફૂલો ફળો સાકરથી પણ અધિક મીઠાશ વગેરે ગુણોવાળા હોય છે. તે દ્વીપોમાં ડાંસ, મચ્છર, માંકડ, જૂ, ચંદ્રસૂર્યના ગ્રહણ વગેરે થતા નથી. ત્યાંની ભૂમિ રેતી કાદવ કાંટા વગેરેથી રહિત બધી જગ્યાએ સરખી સુંદર હોય છે. વધારે વિસ્તારથી સર્યું. આમ મેરુથી દક્ષિણદિશામાં અઠ્ઠાવીસ દ્વીપો કહ્યા. આ પ્રમાણે જ મેરૂથી ઉત્તર દિશામાં નામ, પ્રમાણ અને સ્વરૂપ વડે આગળ કહેલ ૨૮ દ્વીપ પ્રમાણે જ બીજા ૨૮ દ્વીપો જાણવા, ફક્ત હિમવંત પર્વતની જગ્યાએ ઐરવત ક્ષેત્રને છેડે રહેલ શિખરી પર્વત કહેવો, બાકીનું આગળ પ્રમાણે વર્ણન જાણવું આ પ્રમાણે સંક્ષેપમા છપ્પન અંતર દ્વીપ બતાવ્યા. વિસ્તારપૂર્વક જીવાભિગમ સૂત્રથી જાણવું. જે અહિં આગળ કલ્પવૃક્ષ વગેરેનું સ્વરૂપ કહ્યું તે હૈમવંત વગેરે ૩૦ અકર્મભૂમિમાં પણ જાણવું, ફક્ત આયુષ્ય વગેરેમાં

ફરક છે. તે બીજા ઘણાં સ્થાનોમાં કહેવાયું હોવાથી અહીં કહ્યું નથી.૧ અંતર દ્વીપોનું સ્વરૂપ બીજા સ્થાને થોડું જ કહ્યું હોવાથી અહીં વિસ્તારથી કહ્યું છે.

આ કર્મભૂમિજ વગેરે મનુષ્યોના બીજા ભેદો પડે છે. તે બતાવે છે. સંમૂર્ચ્છિમ એટલે ગર્ભની અપેક્ષા વગર ઉલટી, પીત્ત વગેરેમાં સ્વાભાવિક જ જીવોની ઉત્પત્તિ થાય, તે સંમૂર્ચ્છિમ કહેવાય. સંમૂર્ચ્છથી ઉત્પન્ન થયેલા તે સંમૂર્ચ્છિમો કહેવાય. આ સંમૂર્ચ્છિમ મનુષ્યો, અઢી દ્વીપ અને બે સમુદ્રરૂપ મનુષ્ય ક્ષેત્રમાં ગર્ભજ મનુષ્યોના જ વિષ્ટા વગેરેમાં ઉત્પન્ન થાય છે. બીજી જગ્યાએ નહીં. પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કેઃ–

**' कहि णं भंते संमुच्छिममणुस्सा संमुच्छंति ? गोयमा ? अंतोमणुस्सखेत्ते पणयालीसाए जोयणसयसहस्सेसु अड्ढाइज्जेसु दिवसमुद्देसु, पन्नरससुकम्मभूमीसु, तीसाए अकम्मभूमीसु छप्पण्णाएअंतरदीवेसु, गब्भवक्कंतिय मणुस्साणं चेव उच्चारेसु वा पासवणेसु वा खेलेसु वा सिंघाणेसु वा वंतेसु वा पित्तेसु वा पूएसु वा सोणिएसु वा सुक्केसु वा सुक्कपोग्गलपरिसाडेसु वा थीपुरिससंजोएसु वा, नगरनिध्धमणेसु वा सव्वेसु चेव असुइएसु ठाणेसु संमुच्छिम मणुसा संमुच्छंति, अंगुलस्स, असंखेज्जइ भागमित्ताए ओगाहणाए असण्णी मिच्छदिट्ठी सव्वाहिं पज्जत्तीहिं अप्पज्जत्तगा अंतोमुहुताउया चेव कालं करेंति सेत्तं संमुच्छिम मणुस्सा ।'**

પ્ર. :– હે ભગવંત ! સંમુચ્છિમ મનુષ્યો ક્યાં આગળ ઉત્પન્ન થાય છે ?

ઉ. :– હે ગૌતમ ? સંમુચ્છિમ મનુષ્યો ૪૫ લાખ યોજન વિસ્તારવાળા અઢી દ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ મનુષ્ય ક્ષેત્રમાં પંદર કર્મભૂમિઓ, ત્રીસ અકર્મભૂમિઓ અને છપ્પન અંતરદ્વીપોમાં ગર્ભજ મનુષ્યોની વિષ્ટામાં, પેશાબમાં, કફ–લીટમાં, ઉલટીમાં, પિત્તમાં, પરુમાં, લોહીમાં, વીર્યમાં, ખરી પડેલા વીર્યના પુદ્ગલોમાં, સ્ત્રીપુરૂષોના સંયોગમાં નગરની ખાળોમાં, તથા સર્વ પ્રકારના અશુચિસ્થાનોમાં સંમુચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેઓ અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળા, અસંજ્ઞી મિથ્યાદૃષ્ટિ, સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્તા, અંતર્મુહુર્તનું આયુષ્ય પૂર્ણ કરી કાળ કરે.

**યુગલિકોના દેહમાન આયુષ્ય વગેરેનો કોઠો**

| સ્થાન | દેહમાન | આયુષ્ય | આહારદિન | આહારપ્રમાણ | પાંસળીઓ (પૃષ્ઠ કરંડક | અપત્ય |
|---|---|---|---|---|---|---|
| ૫૬–અંતર દ્વીપ | ૮૦૦ ધનુષ | પલ્યોપમનો અસંખ્યભાગ | ચોથભક્ત એકાંતરે | આમળા પ્રમાણ | ૬૪ | ૭૯ દિવસ |
| હિમવંત હિરણ્યવંત | ૧ ગાઉ | ૧–પલ્યોપમ | ,, | ,, | ,, | ,, |
| હરિવર્ષ રમ્યક | ૨ ગાઉ | ૨–પલ્યોપમ | બે દિવસ પછી | બોર પ્રમાણ | ૧૨૮ | ૬૪ દિવસ |
| દેવકુરુ ઉત્તરકુરુ | ૩ ગાઉ | ૩-પલ્યોપમ | ત્રણ દિવસ પછી | તુવરના દાણા પ્રમાણ | ૨૫૬ | ૪૯ દિવસ |

આ પ્રમાણે સંમુચ્છિંમ મનુષ્યો જાણવા. સ્ત્રીઓના ગર્ભમાં ઉત્પન્ન થયેલ ગર્ભજ મનુષ્યો કહેવાય છે અને તે પ્રસિદ્ધ છે.

**आरात् सर्व हेयधर्मेभ्यो याता आर्या ।** સર્વ હેયધર્મોથી જે દૂર ગયા છે તે આર્યો કહેવાય. તે આર્યો બે પ્રકારે છે ઋદ્ધિપ્રાપ્ત અને અનૃદ્ધિપ્રાપ્ત એમ બે પ્રકારે છે. તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ, ચારણમુનિ અને વિદ્યાધરો એમ છ પ્રકારે ઋદ્ધિ પ્રાપ્ત આર્યો છે. ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ નવ પ્રકારે અનઋદ્ધિપ્રાપ્ત આર્યો છે.

(૧) ક્ષેત્રાર્ય:- જ્યાં તીર્થંકરોનો, તેમના સાધુઓનો અને તેમના ધર્મની પ્રવૃત્તિ હોય તે આર્યક્ષેત્ર કહેવાય. તે આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થનાર ક્ષેત્રાર્ય કહેવાય. તે આર્યક્ષેત્રો આ પ્રમાણે જાણવા.

| દેશ | રાજધાની | દેશ | રાજધાની |
|---|---|---|---|
| ૧ મગધ | રાજગૃહિ | ૪ કલિંગ | કંચનપુર |
| ૨ અંગ | ચંપા | ૫ કાશી | વારાણસી |
| ૩ બંગ | તામ્રલિપ્તિ | ૬ કોશલ | સાકેત–અયોધ્યા |
| ૭ કુરૂ | ગજપુર(હસ્તિનાપુર) | ૮ કુશાર્ત | શૌરિપુરી |
| ૯ પાંચાલ | કાંપિલ્યપુર | ૧૦ જંગલ | અહિચ્છત્રા |
| ૧૧ સૌરાષ્ટ્ર | દ્વારિકા | ૧૨ વિદેહ | મિથિલા |
| ૧૩ વત્સ | કોશાંબી | ૧૪ શાંડિલ્ય | નંદિપુર |
| ૧૫ મલય | ભદ્દિલપુર | ૧૬ વચ્છ | વૈરાટ |
| ૧૭ અચ્છ | વરણ | ૧૮ દશાર્ણ | મૃતિકાવતી |
| ૧૯ ચેદીદેશ | શૌકિતમતિ | ૨૦ સિંધ–સોવીર | વીત્તભયપત્તન |
| ૨૧ સૂરસેણ | મથુરા | ૨૨ ભૃંગ | પાવાપુરી |
| ૨૩ પરિવર્ત | માસપુરી | ૨૪ કુણાલ | શ્રાવસ્તિ |
| ૨૫ લાઢા | કોટીવર્ષ | ૨૫1/2 અર્ધકેતકદેશ | શ્વેતાંબિકા |

આ પ્રમાણે સાડા પચ્ચીસ આર્યદેશો જાણવા. આ દેશોમાં ઉત્પન્ન થયેલ ક્ષેત્રથી આર્ય કહેવાય. આ આર્યદેશો નજીકપણાના કારણથી ભરતક્ષેત્રના કહ્યા. આ આર્યદેશના ઉપલક્ષણથી બીજા મહાવિદેહ ક્ષેત્રમાં રહેલ વિજયોના મધ્યખંડવર્તી ઘણા આર્યદેશો પણ જાણવા.

૨ પ્રજ્ઞાપના સૂત્રમાં છ પ્રકારના અંબઠ્ઠ, કલંદ વિદેહ, વંદન હરિયા, ચુંચણા એમ છ પ્રકારના જાતિઆર્ય કહ્યા છે. આ છ જાતિમાં ઉત્પન્ન થનાર જાતિઆર્યો કહેવાય. વર્તમાનકાળમાં આ જાતિઓ જણાતી નથી.

૩ ઉગ્ર, ભોગ, રાજન્ય, ઇક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય, (ક્ષત્રિય) એમ છ પ્રકારનો કુલોમાં ઉત્પન્ન થનાર કુલાર્ય કહેવાય છે.

૪ જેઓ આર્ય કર્મને કરનારા પણ નિંદિત કર્મો નહિં કરનારા તે કર્મઆર્ય, તેઓ દૃષિક, ગાન્ધિક (ગાંધીનો ધંધો) સૌત્રિક (સુગંધીદ્રવ્યો) કાર્પાસિક, (સુતરાઉ કપડા વણનાર) કૌસુંભિક, (કપડા રંગવા) વગેરે અનેક પ્રકારે છે.

૫ અનિંદિત શિલ્પો જેવાકે તુણવું, લેપકરવો, શંખના દાગીના કરનારા (અથવા વગાડનાર) દાંતના કાર્ય કરવા, ચિત્રો દોરવા, વગેરે અનેક પ્રકારના શિલ્પો કરનારા શિલ્પાર્ય કહેવાય.

૬ જેઓ અર્ધમાગધી ભાષા વડે બોલે છે, અને જેઓમાં ૧૮ પ્રકારની બ્રાહ્મી વગેરે લિપિ પ્રવર્તે છે જે વર્ત્તમાનકાળમાં જણાતી નથી તે ભાષાર્ય.

૭ મતિ વગેરે જ્ઞાનવાન જ્ઞાનાર્ય છે.

૮ ક્ષાયિક વગેરે સમ્યગ્દૃષ્ટિઓ દર્શનાર્ય છે.

૯ સામાયિક વગેરે ચારિત્રવાનો ચારિત્રાર્ય છે.

ગાથામાં च સમુચ્ચય અર્થમાં છે. જેઓમાં ધર્મનું નામ પણ જણાય નહીં, ફક્ત અપેય પીવામાં, અભક્ષ્ય ભક્ષણમાં અને અગમ્ય ગમનમાં જ જે આસક્ત હોય, અને શાસ્ત્ર વગેરેને અમાન્ય વેષ, ભાષા વગેરે આચારોવાળા અનાર્ય મનુષ્યો મ્લેચ્છ કહેવાય છે. તે મ્લેચ્છો, શક, યવન, શબર, બર્બર કાય, મુરુંડ, ઉડ્ડ, ગોડ્ડ પક્કણ, આરબ, હુણ, રોમન, વારસ, ખસખાસિયા, ડુંબિલયલ, ઉસ, બોક્કસ, ભિલ્લંધ, પુલિંદ, કુંચ, ભમર, રુયા, કુંચાય, ચીણ ચુંચુય, માલવદ, મીલા, કુલગ્ધા, કેતક, કિરાત, હયમુખ, વરમુખ, તુરગમુખ, મિંઢમુખ, હયકર્ણ, ગજકર્ણ, વગેરે બીજા પણ ઘણા અનાર્ય દેશો જાણવા. અનાર્યો પાપી, પ્રચંડ, રૌદ્રપરિણામિ, ધર્મરહિત, નિર્દય, કઠોર, ધર્મ એટલા અક્ષરોને સ્વપ્નમાં પણ જાણતા નથી.

કર્મભૂમિ, ભોગભૂમિ અને છપ્પન અંતર દ્વીપોમાં ગર્ભજ અને સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ હોવાથી, આ ત્રણે ભૂમિમાં મનુષ્યના ગર્ભજ અને સમૂર્ચ્છિમ બે ભેદો પડે છે.

આર્ય અનાર્ય ભેદ કર્મભૂમિના મનુષ્યોમાં જ જાણવા.

અકર્મભૂમિ અને અંતરદ્વીપના મનુષ્યો તો ભોગપુરુષપણા વડે અન્યસમુહમાં જતાં હોવાથી આર્ય મ્લેચ્છ સ્વરૂપ વિકલ્પોથી રહિત છે. વધુ વિસ્તારથી સર્યું-(૧૫)

હવે દેવગતિના સ્વરૂપનો નિર્ણય કરવા માટે કહે છે.

**देवाय भवणवासी वंतरिया जोइसा य वेमाणी ।**
**कप्पोवगा य नेया गेविज्जाणुत्तर सुरा य ॥१६॥**

ગાથાર્થ : ભવણવાસી, વ્યંતરો, જ્યોતિષ્ક અને વૈમાનિકમાં કલ્પોપન્ન દેવો છે, અને ગ્રૈવેયક તથા અનુત્તર દેવો કલ્પાતિત દેવો છે. (૧૬)

ટીકાર્થ : दीव्यन्तीति देवा : જેઓને પૂર્વભવમાં પ્રાપ્ત કરેલા પુણ્યના સમુહથી વિશિષ્ટ પ્રકારની ભોગ સામગ્રી મળી છે એવા જીવવિશેષો દેવ કહેવાય છે. તે દેવો મૂળભેદે ચાર પ્રકારે છે. ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક, જેઓ રત્નમય આવાસોમાં વસે તે ભવનવાસી દેવો કહેવાય છે. રત્નપ્રભા પૃથ્વીના પહેલા હજાર યોજનમાં ઉપર નીચે સો સો યોજન છોડી તેની મધ્યમાં વસનારા દેવો વ્યંતર કહેવાય છે. જ્યોતિ એટલે તેજ, તે તેજ જે દેવોને હોય તે જ્યોતિષ્ક દેવો કહેવાય છે. વિમાનો વડે ફરનારાઓ એટલે વિમાનોમાં રહેનાર વૈમાનિક દેવો કહેવાય છે, ચારે નિકાયમાં મુખ્ય હાલમાં જ જેનું સ્વરૂપ કહ્યું હોવાથી એમાં જે વિશેષતાછે તે ભેદપૂર્વક કહે છે. જે દેવો નવા ઉત્પન્ન થયા હોય તેઓનો સ્નાન-કરણ, અલંકાર ગ્રહણ, વ્યવસાય, સભા ગમન, પુસ્તકવાચન, સિધ્ધાયતન પૂજન, ઇંદ્ર સેવન રૂપ, અવશ્ય કર્તવ્ય રૂપ, કલ્પાચારને પ્રાપ્ત થયેલા હોય તે કલ્પોપન્ન દેવો કહેવાય છે.

તે દેવો ૧૨ દેવલોક વાસી છે, તે બધા દેવોમાં ઉપર કહેલા આચાર હોય છે ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી દેવો ઉપર બતાવેલા આચારોથી રહિત હોવાથી તે કલ્પાતિત કહેવાય છે. તે કલ્પાતીત દેવોનું સ્વરૂપ બતાવે છે.

ચૌદ રાજલોકરૂપ પુરૂષના ગળા (ડોક) રૂપ પ્રદેશમાં જેમના વિમાનો રહેલા છે તે ગ્રૈવેયકોમાં રહેનાર દેવો ઉપચારથી--ગ્રૈવેયક દેવો કહેવાય છે.-- જેમનાથી બીજા કોઇ દેવો ઉત્તર શ્રેષ્ઠ નથી તે અનુત્તર દેવો કહેવાય છે. તે દેવો વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિધ્ધ રૂપ પાંચ પ્રકારના વિમાનમાં વસનારા છે. આ બન્ને પ્રકારના દેવો કલ્પાતિત કહેવાય છે, તેઓ અહમિન્દ્ર ભાવવાળા હોવાથી તેઓમાં સ્નાનકરણ વગેરે આચારોનો સર્વથા અસંભવ છે. (૧૬)

હવે ભવનપતિ વગેરે દેવોના ઉત્તરભેદોનું પ્રતિપાદન કરે છે.

**असुरा नागसुवन्ना दीवोदहिथणिय विज्जुदिसिनामा ।**
**वायग्गि कुमाराविय दसेव भणिया भवनवासी ॥१७॥**

ગાથાર્થ : દરેકની સાથે કુમાર શબ્દ જોડવાથી અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર દીપ-કુમાર(દ્વીપકુમાર) ઉદધિકુમાર સ્તનિતકુમાર, વિદ્યુતકુમાર દિશિકુમાર. વાયુકુમાર અગ્નિકુમાર, એમ દશ પ્રકારે ભવનવાસી દેવો કહ્યા, ગાથાના બંધારણના કારણે કોઇક જગ્યાએ આ ભેદો આ પ્રમાણે વ્યુત્ક્રમથી પણ કહ્યા છે. આગમમાં તો અગ્નિ, નાગ, સુવર્ણ, વિદ્યુત, દ્વીપ, ઉદધિ, દિકકુમાર વાયુકુમાર, સ્તનિતકુમાર એ પ્રમાણે ક્રમ બતાવ્યો છે. (૧૭

ટીકાર્થ—ઉપર આવી ગયો.

હવે વ્યંતરના ભેદો કહે છે.

किंनर किंपुरिस महोरगाय गंधव्व रक्खसा जक्खा ।
भूया य पिसायाविय अट्ठविहा वाणमंतरिया ॥१८॥

ગાથાર્થ:-કિંનર, કિંપુરૂષ, મહોરગા, ગંધર્વ, રાક્ષસ, યક્ષ, ભૂત અને પિશાચ. આગમમાં પ્રાયઃ કરીને પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ, અને ગાંધર્વ એમ આઠ પ્રકારના[1] વાણવ્યંતરો છે, એ પ્રમાણેનો ક્રમ બતાવ્યો છે. કિંનરાદિનો જે ક્રમ અહિં બતાવ્યો છે, તેનું કારણ સ્વયં વિચારી લેવું.(૧૮)

**ટીકાર્થ**—ગાથાર્થમાં આવી ગયો.

હવે જ્યોતિષિના ભેદો કહે છે.

चंदा सूरा च गहा नक्खत्ता तारगा य पंचविहा ।
जोइसिया नरलोए गईरयओ संठिया सेसा ॥१९॥

ગાથાર્થ—ચંદ્રો સૂર્યો, ગ્રહો, નક્ષત્રો અને તારાઓ એમ પાંચ પ્રકારે જ્યોતિષિઓ છે. મનુષ્યલોકમાં રહેલા જ્યોતિષિઓ ગતિવાળા છે અનેમનુષ્ય લોકની બહાર રહેલ સ્થિર છે.(૧૯)

**ટીકાર્થ**—અસંખ્યાતા ચંદ્રો, અસંખ્યાતા સૂર્યો, અસંખ્યાતા ગ્રહો, અસંખ્યાતા નક્ષત્રો, અસંખ્યાતા તારાઓ એમ પાંચ પ્રકારે જ્યોતિષીઓ છે.

પ્ર. : આ દેખાતા ચંદ્ર વગેરેના જ્યોતિષીઓ બધા ચલાયમાન, ફરતા છે કે કેટલાક સ્થિર પણ હોય છે ?

ઉ. : માનુષોત્તર પર્વત પહેલાં મનુષ્ય ક્ષેત્રમાં જે જ્યોતિષિઓ છે તે ચલાયમાન-ફરતા સ્વભાવવાળા છે, બાકીના જે જ્યોતિષિઓ કે માનુષોત્તર પર્વતથી સ્વયંભૂરમણ સમુદ્ર પર્યંત રહેલા છે, તે બધા સ્થિર સ્વભાવવાળા છે. કોઈ જગ્યાએ तिरियलोए એવા પ્રકારનો જે પાઠ છે, તે બરાબર જણાતો નથી, કારણ કે नरलोकेगतिरतयः એમ કહેવાથી બાકીના સ્થિર છે એમ સ્વીકાર થઈ જાય છે. બીજી રીતે નહીં. તિર્ચ્છાલોક સિવાય જ્યોતિષી વિમાનોનો સર્વથા અભાવ છે. તિર્ચ્છાલોકમાં ગતિશીલ સ્વભાવવાળા છે એવો અર્થ પણ ઘટતો નથી કેમકે સ્થિર સ્વભાવવાળા જ્યોતિષીઓ પણ તિર્ચ્છાલોકમાં જ છે. વધુ વિસ્તારથી સર્યું. (૧૯)

કલ્પોપન્ન વૈમાનિક દેવોના ભેદો કહે છે,

૧ બૃહત સંગ્રહણીમાં વાણ વ્યંતરો આ પ્રમાણે જણાવેલ છે. આણપન્ની, પણવન્ની ઇસિવાઇ, ભૂતવાદિ, કંદ, મહાકંદ, કોરંડ અને પતંગ એમ આઠ પ્રકારે જણાવેલ છે.

**सोहम्मीसाण सणंकुमार माहिंद बंभलंतयथा ।**
**सुक्कसहसाराणय पाणयय तह आरणच्चुयया ॥२०॥**

ગાથાર્થ--સૌધર્મ, ઇશાન, સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્ત્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત્ત એમ ૧૨ દેવલોક છે.

**ટીકાર્થ**—ગાથાર્થ પ્રમાણે (૨૦)

કલ્પાતીત વૈમાનિક દેવોના ભેદો કહે છે.

**हेट्ठिम मज्झिम उवरिम गेविज्जा तिण्णि तिण्णि तिण्णेवं ।**
**सव्वट्ठ विजय विजयंत जयंत अपराजिया अवरे ॥२१॥**

**ગાથાર્થ:-અધસ્થાનીય ત્રણ, મધ્યસ્થાનીય ત્રણ અને ઉર્ધ્વ સ્થાનીય ત્રણ એમ નવ પ્રકારે ગ્રૈવેયક દેવો છે. સર્વાર્થસિધ્ધ, વિજય, વૈજયંત, જયંત, અપરાજિત એમ અપર એટલે અનુત્તર વિમાન વાસીના ભેદો છે. .. (૨૧)**

**ટીકાર્થ**-ગ્રૈવેયક દેવલોકમાં નવ પ્રતરો છે તેમાં નીચેના ત્રણ પ્રતરો અધસ્થાનીય ત્રણગ્રૈવેયક કહેવાય છે. વચ્ચેના ત્રણ પ્રતરો મધ્યસ્થાનીય ત્રણગ્રૈવેયક, ઉપરના ત્રણ ગ્રૈવેયકો ઉર્ધ્વસ્થાનીય ગ્રૈવેયક કહેવાય છે. આ ત્રણ ત્રણના ત્રણ પ્રતર ત્રીકો, ત્રીક સંજ્ઞા પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે ગ્રૈવેયકોની નવ પ્રકારની સિદ્ધિ થઈ. તેમાં અધસ્તન પ્રતર ત્રીકમાં જે સહુથી નીચેના પ્રતરમાં જે વૈમાનિકો છે તે અધસ્તન અધસ્તન ગ્રૈવેયક કહેવાય છે. વચ્ચેના પ્રતરમાં જે વિમાનો છે તે અધસ્તન મધ્યમ ગ્રૈવેયક કહેવાય છે તેમાં ઉપરના પ્રતરમાં જે વિમાનો છે તે અધસ્તન ઉપરિતન ગ્રૈવેયક કહેવાય છે.

મધ્યમ ત્રીકમાં સહુથી નીચેના પ્રતરમાં જે વિમાનો છે તે મધ્યમ અધસ્તન ગ્રૈવેયક કહેવાય છે. વચ્ચે જે વિમાનો છે તે મધ્યમ મધ્યમ ગ્રૈવેયક કહેવાય છે. જે ઉપર વિમાનો છે તે મધ્યમ ઉપરિતન ગ્રૈવેયક કહેવાય છે. ઉપરિતન પ્રતરત્રીકમાં નીચેના પ્રતરમાં જે વિમાનો છે તે ઉપરિતન અધસ્તન ગ્રૈવેયક કહેવાય છે. વચ્ચેના વિમાનો ઉપરિતન મધ્યમ ગ્રૈવેયક કહેવાય છે. અને ઉપરના વિમાનો ઉપરિતન ઉપરિતન ગ્રૈવેયક કહેવાય છે. સર્વાર્થસિદ્ધ, વિજય વૈજયંત, જયંત અને અપરાજિત એમ પાંચ પ્રકારે **અનુત્તર** વિમાનો છે. (૨૧)

નારક વગેરે ચાર ગતિઓ આ પ્રમાણે બતાવી. હવે જે પૂર્વમાં કહ્યું હતું કે '**ગતિ** વગેરે માર્ગણાઓમાં જીવસમાસ જાણવા', એ વાતને અનુસરીને ગુણસ્થાનક લક્ષણ **જીવસમાસોને** ચારે ગતિમાં વિચાર કરતા કહે છે.

सुरनारएसु चउरो जीवसमासा उ पंच तिरिएसु।
मणुयगइए चउदस मिच्छदिट्ठी अपज्जत्ता ।।२२।।

ગાથાર્થઃ-દેવ અને નારકોમાં ચાર જીવસમાસો તીર્યંચોમાં પાંચ જીવસમાસો મનુષ્ય ગતિમાં ચઉદજીવસમાસો અને (લબ્ધિ) અપર્યાપ્તા જીવોમાં મિથ્યાદષ્ટિ જીવસમાસ હોય છે. (૨૨)

**ટીકાર્થ**-દેવોમાં અને નારકોમાં એ બંનેમાં મિથ્યાદષ્ટિ, સાસ્વાદન, મિશ્ર અને અવિરત સમ્યગદૃષ્ટિ રૂપ પહેલા ચાર ગુણસ્થાનક રૂપ ચાર જીવસમાસો સામાન્યથી પ્રાપ્ત થાય છે. વિશેષ વિચારણામાં તો પાંચે અનુત્તર દેવોમાં ફક્ત અવિરત સમ્યગદૃષ્ટિ રૂપ એક જ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. દેવનારકોને અવશ્યમેવ અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોવાથી દેવો અને નારકોમાં અંશ પ્રમાણ પણ વિરતિનો અસંભવ છે માટે દેશવિરતિ વગેરે ગુણસ્થાનકો પ્રાપ્ત થતા નથી.

તિર્યંચોમાં આગળ કહેલ મિથ્યાત્વ વગેરે ચાર અને દેશવિરતિ ગુણસ્થાનક રૂપ પાંચમું એમ પાંચ જીવસમાસો હોય છે. કેટલાક તિર્યંચોને અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી દેશવિરતિનો પણ સંભવ છે. પ્રમત્ત વગેરે ગુણસ્થાનકો પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયનો સદ્ભાવ હોવાથી તિર્યંચોમાં સર્વવિરતિનો અભાવ છે.

મનુષ્યગતિમાં ચૌદ ગુણસ્થાનક રૂપ સર્વ જીવસમાસો પ્રાપ્ત થાય છે, કારણકે તેઓને મોહનીય વગેરે કર્મનો ઉદય, ક્ષયોપશમ વગેરેનો સંભવ હોવાથી, આ સામાન્યથી વિચાર કર્યો. વિશેષ વિચારણામાં કંઇક દિશાસૂચન રૂપ કહે છે. જેઓ લબ્ધિ અપર્યાપ્તા મનુષ્યો અને તિર્યંચો છે તે બધાયે મિથ્યાદષ્ટિ જ છે. સંકિલષ્ટ પણાના કારણે બાકીના ગુણસ્થાનકોનો તેઓને અસંભવ છે, એ પ્રમાણે કર્મભૂમિ, અકર્મભૂમિ વગેરે વિશેષ ભેદોમાં જે કંઇક વિશેષતા હોય તે સ્વયં જાણી લેવી. (૨૨) ગતિદ્વાર પૂર્ણ થયું.



## પ્રકરણ-૪

### ઇન્દ્રિયદ્વાર

ઈન્દ્રિયો આશ્રય વગરની હોતી નથી, માટે તેના આશ્રયરૂપ એકેન્દ્રિય વગેરે જીવો છે. આથી ઇન્દ્રિયદ્વાર વડે તે જીવો કહે છે.

एगिंदिया य बायरसुहुमा पज्जतया अपज्जत्ता ।
बियतिय चउरिंदिय दुविह भेय पज्जत्त इयरे य ॥२३॥
पंचिंदिया असण्णी सण्णी पज्जत्तया अपज्जता ।
पंचिंदिएसु चोद्दस मिच्छदिट्ठि भवे सेसा ॥२४॥

ગાથાર્થ :-એકેંદ્રિય બાદર અને સૂક્ષ્મ એમ બે પ્રકારે અને બન્ને પર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારે છે. બેઈન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરિન્દ્રિય એ દરેક પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારે છે. (૨૩)

પંચેન્દ્રિયો અસંજ્ઞી સંજ્ઞી એમ બે પ્રકારે છે. અને તે બંન્ને પાછા પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારે જાણવા પંચેન્દ્રિયોમાં મિથ્યાત્વ વગેરે ૧૪ ગુણસ્થાન રૂપ સર્વ જીવસમાસો પ્રાપ્ત થાય છે. અને બાકીનામાં મિથ્યાત્વરૂપ એક જીવ-સમાસ પ્રાપ્ત થાય (૨૪)

**ટીકાર્થ**–એકેન્દ્રિયો બે પ્રકારે છે. ગાથામાં च શબ્દ ભિન્નક્રમ બતાવનાર છે. બાદરનામ-કર્મના ઉદયથી બાદર. અને સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ કહેવાય છે. સૂક્ષ્મ એકેન્દ્રિય અને બાદર એકેન્દ્રિય પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદવડે બબ્બે પ્રકારના છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદે ત્રણે વિકલેન્દ્રિયો છે.

પંચેન્દ્રિયો પણ સંજ્ઞી અને અસંજ્ઞી અર્થાત્ ગર્ભજ અને સંમૂચ્છિંમ એમ બે પ્રકારે છે અને પાછા તે દરેક પણ પર્યાપ્ત અને અપર્યાપ્તરૂપે બે પ્રકારે છે. આના વડે અન્ય સ્થાનમાં કહેલ ચૌદ પ્રકારનો ભૂતગ્રામ પણ ઈંદ્રિયોને આશ્રયીને જ કહ્યો છે એમ જાણવું.

'ચૌદ પ્રકારનો ભૂતગ્રામ આ પ્રમાણે છે.'

एगिंदिय सुहुमियरा सण्णियर पणिंदिया य सबिति चउ ।
पज्जत्तापज्जत्ता भेएणं चउदसग्गामा ॥१॥

૧ સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨ બાદર એકેંદ્રિય, ૩ બેઇન્દ્રિય ૪ તેઇન્દ્રિય ૫ ચઉરિન્દ્રિય

૬ સંજ્ઞીપંચેંદ્રિય ૭ અસંજ્ઞી પંચેંદ્રિય તે દરેક પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ૧૪ પ્રકારે ભૂતગ્રામ જાણવો.

આ પ્રમાણે ઇન્દ્રિયો કહેવાના બહાનાથી તેના આશ્રયરૂપ ૧૪ પ્રકારના ભૂતગ્રામ એકેન્દ્રિય વગેરે જીવો કહીને હવે તે જીવો જ્યાં, જેઓને જેટલા જીવસમાસો ઘટે તેઓને ત્યાં તેટલા બતાવતા કહે છે. પાંચ ઇન્દ્રિયો છે જેમને તે પંચેન્દ્રિયો, પર્યાપ્ત અપર્યાપ્ત સંજ્ઞી અસંજ્ઞી રૂપ તે પંચેન્દ્રિયોમાં મિથ્યાત્વ વગેરે ચૌદ ગુણસ્થાન રૂપ ચૌદે જીવસમાસો પ્રાપ્ત થાય છે. પંચેન્દ્રિયથી સામાન્ય રૂપે નારક મનુષ્ય વગેરે ચાર ગતિ પ્રાપ્ત થાય છે તેઓ મળે છતે ઉપર કહેલ ચૌદે ગુણસ્થાનકો પ્રાપ્ત થાય છે. બાકી રહેલ સૂક્ષ્મ એકેન્દ્રિય વગેરે દશ જીવભેદો મિથ્યાદૃષ્ટિઓ જ છે, કારણકે તથાપ્રકારની વિશુધ્ધિનો અભાવ હોવાથી બાકીના ગુણસ્થાનકનો અભાવ છે.

પ્ર૦ કરણ અપર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાય તેમજ કરણ અપર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયમાં સાસ્વાદન સમ્યગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તો તે શા માટે કહ્યા નથી?

ઉ૦ સાચી વાત છે, પરંતુ તે સાસ્વાદન ગુણસ્થાનક અલ્પકાલનું છે. માટે તેની અહિં ગણના કરી નથી. તથા અનંતાનુબંધીના ઉદયથી કલુષિત છે. નજીકમાં મિથ્યાત્વનો ઉદય થવાનો હોવાથી તે જીવોને મિથ્યાદૃષ્ટિ રૂપે જ વિવક્ષા કરી હોવાથી દોષ નથી (૨૪)

જો કે અહિં દોઢ ગાથા વડે સૂક્ષ્મ બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંજ્ઞી અસંજ્ઞી પંચેન્દ્રિય રૂપ સાત પ્રકારના જીવભેદો પર્યાપ્ત–અપર્યાપ્ત રૂપ વિશેષણો વડે વિશેષિત કરી ચૌદ પ્રકારના કહ્યા. તો તે કઈ પર્યાપ્તીઓ છે? જેના યોગથી જીવ પર્યાપ્ત થાય અને અભાવથી અપર્યાપ્ત થાય છે એવી આશંકા કરીને પ્રસંગવશાત્ પર્યાપ્તિના સ્વરૂપના નિર્ણય માટે ગાથા કહે છે.

## आहार शरीरिंदिय पज्जत्ती आणपाण भासमणे ।
## चत्तारि पंचछप्पिय एगिंदिय विगल सण्णीणं ॥२५॥

ગાથાર્થ:-આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છવાસ, ભાષા અને મન એમ છ પ્રકારે પર્યાપ્તી છે. એમાં એકેન્દ્રિયને ચાર, વિકલેન્દ્રિયને પાંચ અને સંજ્ઞીને છ પર્યાપ્તીઓ હોય છે. (૨૫)

ટીકાર્થ–આહારાદિ પુદ્ગલો ગ્રહણ કરી પરિણમાવવા માટે કારણરૂપ જે શક્તિ વિશેષ તે પર્યાપ્તિ, તે છ પ્રકારે છે. જે શક્તિ વિશેષથી આહારના પુદ્ગલોને ગ્રહણ કરી ખલ અને રસ રૂપે પરિણમાવે તે આહાર પર્યાપ્તિ.

જે શક્તિ વિશેષથી રસ રૂપ થયેલ આહારને રસ, લોહી, માંસ, ચરબી, હાડકા, મજ્જા, શુક્ર રૂપ સાતે ધાતુ તરીકે પરિણમાવે તે શરીર પર્યાપ્તિ.

જે શક્તિ વિશેષથી ધાતુરૂપ આહારને ઇન્દ્રિયરૂપે પરિણમાવે તે ઇન્દ્રિય પર્યાપ્તિ.

જે શક્તિ વિશેષથી શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી શ્વાસોશ્વાસ રૂપે પરિણમાવી છોડે તે શ્વાસોશ્વાસપર્યાપ્તિ

જે શકિત વિશેષથી ભાષાવર્ગણાના દ્રવ્યોને ગ્રહણ કરી ભાષારૂપે પરિણમાવી છોડે તે ભાષા પર્યાપ્તિ.

જે શક્તિ વિશેષથી મનોવર્ગણાના દ્રવ્યને ગ્રહણ કરી મનરૂપે પરિણમાવી છોડે તે મન પર્યાપ્તિ.

ગાથાની વચ્ચે રહેલો પર્યાપ્તિ શબ્દ આહાર વગેરે સાથે જોડવાથી છ પર્યાપ્તી થાય છે.

પ્ર. શું બધા જીવને બધી પર્યાપ્તીઓ હોય છે ?

ઉ. ના, પહેલી ચાર પર્યાપ્તિઓ એકેન્દ્રિય જીવને હોય છે. કારણકે તેમને ભાષા અને મનપર્યાપ્તિનો અભાવ હોય છે. વિકલેન્દ્રિયને પાંચ પર્યાપ્તિઓ હોય છે, વિકલ એટલે મન રહિત જીવો જાણવા. તે જીવો બેઇન્દ્રિય, તે ઇન્દ્રિય ચૌરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય હોય છે. તેઓને મનનો અભાવ હોવાથી મનપર્યાપ્તિ નથી હોતી.

સંજ્ઞી પંચેન્દ્રિયોને મન હોવાથી તેમને છએ પર્યાપ્તિઓ હોય છે. (૨૫)

## પ્રકરણ-૫

### કાયદ્વાર

પ્રસંગ પામીને ઇન્દ્રિયદ્વાર કહ્યું. હવે કાયદ્વાર કહે છે.

**पुढविदगअगणिमारूय साहारणकाइया चउया उ ।**
**पत्तेय तसा दुविहा चोद्दस तस सेसिया मिच्छा ॥२६॥**

**ગાથાર્થ:-પૃથ્વી-પાણી-અગ્નિ-પવન-સાધારણ વનસ્પતિકાય ચાર પ્રકારે છે. પ્રત્યેક વનસ્પતિકાય અને ત્રસ બે પ્રકારે છે. ત્રસકાયને ચૌદ ગુણઠાણા હોય છે બાકીનાને માત્ર મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે. (૨૬)**

**ટીકાર્થ**—પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને નિગોદ સ્વરૂપ સાધારણ વનસ્પતિકાય એ પાંચે ચાર ચાર પ્રકારે છે. જેમકે ૧ પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય, ૨ અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાય ૩ પર્યાપ્ત બાદર પૃથ્વીકાય, ૪ અપર્યાપ્ત બાદર પૃથ્વીકાય, આ પ્રમાણે બાકીના ચારમાં પણ સમજી લેવું. લિંબડો, આંબો, મોસમ્બી, જાંબુ વગેરે રૂપ પ્રત્યેક વનસ્પતિકાય તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય રૂપ ત્રસકાય પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારે છે. આમાં સૂક્ષ્મ-બાદર રૂપ ભેદો સંભવતા નથી કારણ કે બાદર નામકર્મના ઉદયથી તેઓ બાદર જ હોય છે. આ પ્રમાણે પૃથ્વી આદિ કાયોના ભેદોની પ્રરૂપણા કરી. હવે તેઓમાં જીવસમાસની વિચારણા કરે છે.

પૂર્વોક્ત સ્વરૂપવાળા ત્રસકાયીકોમાં સામાન્ય રીતે ૧૪ ગુણસ્થાનક રૂપ ૧૪ જીવસમાસો છે. વિશેષ વિચારણા સ્વયં કરી લેવી. બાકીના પ્રત્યેક વનસ્પતિકાય સુધીના જીવોમાં મિથ્યાદૃષ્ટિ રૂપ એકજ ગુણસ્થાનક હોવાથી એકજ જીવસમાસ ઘટે છે. કારણકે બાકીના ગુણસ્થાનકોનો ત્યાં અભાવ હોય છે. કારણકે તેવા પ્રકારની વિશુદ્ધિનો અભાવ હોવાથી. કરણ અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય વગેરેમાં સાસ્વાદન સમ્યગ્ દૃષ્ટિ ગુણસ્થાનક ન કહેવાનું કારણ આગળ કહી દીધેલ છે (૨૬)

પ્ર. બાદર પૃથ્વીકાય વગેરેમાં પર્યાપ્ત અપર્યાપ્ત રૂપ બે ભેદો બતાવ્યા, તો શું આ બે જ ભેદો હોય છે કે બીજા પણ ભેદો હોય છે?

ઉ. હા, બીજા પણ ભેદો હોય છે. અન્ય ગ્રંથોમાં તેના ભેદો વિસ્તારથી કહ્યા હોવાથી અહિ દિશાસુચન માત્ર કરવાનું હોવાથી બધા ભેદો કહ્યા નથી.

પ્ર. : તે ગ્રંથોમાં તે ભેદો કેવી રીતે કહ્યા છે ?

ઉ. બાદર પૃથ્વીકાય બે પ્રકારે છે તે આ પ્રમાણે.

૧, શ્લક્ષણુ બાદર પૃથ્વીકાય ૨ ખર બાદર પૃથ્વીકાય તથા શ્લક્ષણુ બાદર પૃથ્વીકાયના ૭ ભેદ છે ૧ કૃષ્ણુ પૃથ્વીકાય, ૨ નીલ પૃથ્વીકાય, ૩ રક્ત પૃથ્વીકાય, ૪ પીત પૃથ્વીકાય ૫ શુક્લ પૃથ્વીકાય, ૬ પનક પૃથ્વીકાય, પાંડુક પૃથ્વીકાય આ સાત ભેદ માટી રૂપે છે. તેમાં પાંડુક માટી કંઈક સફેદ માટી રૂપજ છે જે લોકમાં પાંડુ માટી રૂપે કહેવાય છે.

પ્ર. : પાંડુક માટી સફેદ વર્ણવાળી હોવાથી તેમાં શુક્લ પૃથ્વીકાયમાં સમાવેશ થઇ જવા છતાં અલગ શા માટે ગ્રહણ કરી ?

ઉ. : કૃષ્ણાદિ પૃથ્વીકાયના પણ પોતપોતાના સ્થાનમાં વર્ણાદિની તરતમતા હોવાથી ઘણા ભેદો બતાવવા માટે અલગ ગ્રહણ કરેલા છે.

આકાશમાં ઊડતી અત્યંત સૂક્ષ્મ રજ રુપ જે દેખાતી માટી તે પનક માટી છે. મારવાડમાં પર્પટિકા નામથી જે પ્રસિદ્ધ છે. લાત મારતે છતે જે જલ્દી ઉડે તે પનક માટી કહેવાય છે એમ અન્ય આચાર્યોનો મત છે.

કેટલાક પાણીમાં રહેલ કાદવરુપ પનક માટી કહે છે. હવે ખર બાદર પૃથ્વીકાયના ભેદો શિષ્યજન પર ઉપકાર કરવાની બુદ્ધિથી ગ્રંથકાર પ્રસંગાનુસારે સ્વયં કહે છે.

**पुढवी य सक्कर वालुया य उवले शिला य लोणूसे।**
**अयतंब तउय सीसय रूप्प सुवण्णे य वइर य ॥२७॥**
**हरियाले हिंगुलए मणसिला सासगंजण पवाले।**
**अब्भ पडलऽब्भवालु य बायरकाय मणिविहाणा ॥२८॥**

ગાથાર્થ:- કાંકરા, રેતી પથ્થર, મોટા પથ્થર મીઠું, ખારમાટી, લોખંડ, તાંબું, સીસું, જસત, રૂપું, સોનું, હીરા હળતાલ, હિંગળોક સુરમો, સાસ (ધાતુ વિશેષ), સૌવીરંજન, પરવાળા, અબરખ, અબરખ-રેતી, વગેરે ખર બાદર પૃથ્વીકાયના ભેદો છે તથા મણિના પ્રકારો પણ તેના ભેદો છે, (૨૭, ૨૮)

ટીકાર્થ—પદના એક અંશથી પદ સમુહ જણાય છે એ ન્યાયે અહિં પૃથ્વી શબ્દ વડે શુદ્ધ પૃથ્વી ગ્રહણ કરવી. જે શુદ્ધ પૃથ્વી કાંકરા વગેરે ઉત્તરભેદ રૂપ હોતી નથી. **च** શબ્દ વડે ઉત્તરભેદોના સમુચ્ચય માટે છે. **कर्करा**- પથ્થરના નાના ટુકડા રૂપ—કાંકરા, વાલુકા એટલે રેતી, ઉપલ-મોટા પથ્થરો, શિલા—અત્યંત વિસ્તારવાળી પથ્થરની પાટો, લવણુ—મીઠું, ઉષ એટલે કપડા ધોવા માટેની ખારી માટી, લોખંડ, તાંબુ, સીસું, જસત, ચાંદી, સોનું વગેરે ધાતુઓ જે ખાણમાંથી નિકળેલ હોય તે પણ લોકોમાં વ્યવહાર રૂપે ફરતી લોખંડ વગેરેનો પિંડ નહિં કેમકે તે અગ્નિ વગેરે શસ્ત્રોથી અચિત થયેલ છે. અહિં સચિત પૃથ્વી કાયનો ભેદનો વિષય છે, હમેશાં લોખંડ વગેરેમાં પૃથ્વીકાયત્વનો

ભાવ દેખાતો નથી. માટે આ પ્રમાણે કહ્યું છે. જ્યારે ખાણમાં રહેલ ધાતુ અવસ્થામાં સચિત પૃથ્વી હોવા છતાં પણ તેમાં લોખંડ કે તાંબાપણું છે જ. અગ્નિ વગેરે શસ્ત્રોથી મેલ દૂર થવાથી એમનું વિશિષ્ટ સ્વરૂપ પ્રગટ થવા રૂપ નવો ભાવ પ્રાપ્ત થાય છે. હીરા, હળતાલ, હિંગળોક, સુરમો, શીસક (ધાતુ વિશેષ) સૌવિરાંજન, પરવાળા, અબરખ, અબરખની રેતી च અક્ષરથી ફક્ત આટલા જ ખર પૃથ્વીના ભેદો નથી પણ મણિના ભેદો પણ અહિં ગ્રહણ કરવાના છે. (૨૭, ૨૮)

હવે તે મણિના કયા કયા ભેદો છે તે બતાવે છે.

**गोमेज्जए य रुयए अंके फलिहे य लोहियक्खे य ।**
**चंदप्पह वेरुलिए जलकंते सूरकंते य ॥२९॥**
**गेरुय चंदण वधगे भुयमोए तह मसारगल्ले य ।**
**वण्णाईहि य भेदा सुहुमाणं नत्थि ते भेया ॥३०॥**

ગાથાર્થ : ગોમેદ, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત, ગૈરુક, ચંદન, વધક, ભુજમોચક, મસારગલ્લ, વગેરે, વર્ણાદિક, વગેરેથી સર્વ ખર બાદર પૃથ્વીકાયના અનેક ભેદો છે. સૂક્ષ્મ પૃથ્વીકાયના ભેદો નથી. (૨૯-૩૦)

*ટીકાર્થ*—ગોમેદ, રૂચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત, ગૈરુક, ચંદન, વધક, ભુજમોચક, મસારગલ્લ વગેરે, સર્વ ખર બાદર પૃથ્વીકાયના ભેદો છે.

પ્ર. : બીજા શાસ્ત્રોમાં મણિના ભેદો આ પ્રમાણે કહ્યા છે. ગોમેદ, રુચક, અંક, સ્ફટીક, લોહીતાક્ષ, મરકત, મસારગલ્લ, ભુજમોચક, ઇંદ્રનીલ, ચંદન, ગૈરુક, હંસક, પુલક, સૌગંધક, ચંદ્રપ્રભ, વૈડૂર્ય, જલકાંત, સૂર્યકાંત જાણવા. તો પછી અહીં આગળ આ પ્રમાણે શા માટે કહ્યા ?

ઉ. : સાચી વાત છે. પરંતુ એકબીજામાં કોઇનો કોઈ પ્રકારે કોઈની અંદર સમાવેશ થાય છે. માટે વિરોધ આવતો નથી. તત્વ તો બહુશ્રુતો જ જાણે છે.

આ ખર બાદર પૃથ્વીકાયના ઉપર કહેલા ભેદો સિવાય બીજા પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેથી અનેક પ્રકારના ભેદો જાણવા. જે સુક્ષ્મ પૃથ્વીકાયો જે સર્વલોક વ્યાપી છે. તેઓના શર્કરા-વાલુકા વગેરે રૂપે ગ્રંથોમાં કહેલ ઇંદ્રિયગ્રાહ્ય ભેદો હોતા નથી. કારણકે તે સુક્ષ્મ છે માટે તેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે જ ભેદો છે. જે પૂર્વમાં કહી ગયા છે. (૨૯ ૩૦)

હવે બાદર અપકાયના ભેદોનું નિરૂપણ કરે છે.

**ओसा य हिमं महिगा हरतणु सुद्धोदए घणोए य ।**
**वण्णाईहि य भेया सुहुमाणं नत्थि ते भेया ॥३१॥**

ગાથાર્થ – ઝાકળ, હિમ, ધૂમ્મસ, લીલી ચાર (લીલુંઘાસ) વગેરે પર લાગેલું પાણી શુદ્ધ પાણી ઘનોદધિ વગેરે ભેદો વર્ણ વગેરેના ભેદોથી અનેક પ્રકારો બાદર અપકાયના જાણવા. સુક્ષ્મ અપકાયના ભેદો નથી. (૩૧)

ટીકાર્થ—શરદ વગેરે ઋતુમાં પાછલી રાતે થતાં સૂક્ષ્મ વર્ષારૂપથી પડતું પાણી જે લોકમાં ઝાકળ રૂપ કહેવાય છે, હિમ-બરફ, મહિકા એટલે ગર્ભ માસમાં સૂક્ષ્મવૃષ્ટિ રૂપ ધૂમ્મસ, હરતનુ ભીની માટીમાંથી નિકળીને વનસ્પતિના અગ્રભાગે બિંદુરૂપ રહેલ પાણી, સમુદ્ર, સરોવર વગેરેના ઘણા મધ્યભાગમાં રહેલ પાણી, ઘનોદક એટલે ઘનોદધિનું પાણી. અહિં દશવૈકાલિક વગેરેમાં ગ્રહણ કરેલ, નીક, આકાશનું પાણી, કરા વગેરે પણ ઉપલક્ષણથી સમજવા. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેના ભેદોથી પણ બાદર અપકાયના ભેદો જાણવા. સૂક્ષ્મ અપકાયના પર્યાપ્તાપર્યાપ્ત સિવાય ભેદો નથી. (૩૧)

હવે બાદર તેઉકાયના ભેદોનું નિરૂપણ કરે છે.

**इंगाल जाल अच्ची मुम्मुर, सुद्धागणी य अगणी य ।**
**वण्णाईहि य भेया सुहुमाणं नत्थि ते भेया ॥३२॥**

ગાથાર્થ : અંગારો,જવાલા, અર્ચી, મુર્મુર, શુધ્ધાગ્નિ, અગ્નિ વગેરે વર્ણ વગેરેના ભેદોથી અનેક પ્રકારના બાદર અગ્નિકાયના ભેદો જાણવા. સૂક્ષ્મ તેજસ્કાયના ભેદો નથી. (૩૨)

ટીકાર્થ : બળતા લાકડાનો ધૂમાડા રહિતજે દેવતા તે અંગારો, અન્ય આચાર્યના મતે લોખંડ વગેરેમાં પ્રવેશેલ જવાળા વગરનો અગ્નિ તે અંગારો. અગ્નિ સાથે સંબંધ વાળી જે શિખારૂપ હોય તે જવાલા અને અગ્નિ સાથે સંબંધ વગરની હોય તે અર્ચિ કહેવાય છે. અન્ય આચાર્યો જવાલા અર્ચિનું સ્વરૂપ ઉલટી રીતે પણ જણાવે છે. રાખ સાથે તેમાં રહેલા જે અગ્નિના કણિયા તે મુર્મુર કહેવાય છે. વિજળીનો અગ્નિ શુધ્ધાગ્નિ કહેવાય છે, અથવા ધૂમાડા રહિત બળતા અંગારા પણ શુધ્ધાગ્નિ કહેવાય છે. એમ અન્ય આચાર્યો માને છે. ઉપર કહેલા ભેદો સિવાય મહાનગરનો દાહ અથવા ઇંટના નિભાડા વગેરે પણ અગ્નિ કહેવાય એમ અન્ય આચાર્યો માને છે. અહિં વિષયમાં ઉપલક્ષણથી ઉલ્મુક ઉલ્કા-વગેરેનો અગ્નિ જાણવો. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેના ભેદોથી પણ

બાદર અગ્નિકાયના ભેદો જાણવા. સૂક્ષ્મ અગ્નિકાયના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે જ માત્ર ભેદો છે. (૩૨)

'હવે બાદર વાયુકાયના ભેદો કહે છે.'

**वाउब्भामे ऊक्कलि मंडलिगुंजा महाघणतणू या ।**
**वण्णाईहि य भेया सुहुमाण नत्थि ते भेया ॥३३॥**

ગાથાર્થ : ઉદ્‌ભ્રામક વાયુ ઉત્કલિકા વાયુ વંટોળિયો વાયુ ગુંજનવાયુ, મહાવાયુ, ઘનવાત, તનવાત વગેરે વર્ણાદિ ભેદોથી અનેક પ્રકારે બાદરવાયુ કાયના ભેદો જાણવા. સૂક્ષ્મ વાયુકાયના ભેદો નથી. (૩૩)

ટીકાર્થ : અહિં કહેલા ભેદો સિવાય મંદવાતો પવન ઊંચો વાવા માંડે ત્યારે તે ઉદ્‌ભ્રામકવાત કહેવાય છે. જે રહી રહીને વાયુ વાય તે ઉત્કાલિકા વાયુ કહેવાય. વંટોળીયા રૂપે જે પવન વાય તે મંડલીક વાયુ કહેવાય. જે પવન ગુંજારવ કરતો વાય તે ગુંજા વાત કહેવાય. વૃક્ષો વગેરેનો નાશ કરતો જે પવન વાય તે મહાવાત ઘનવાત અને તનવાત તો ઘનોદધિના આધાર રૂપ પ્રસિદ્ધ છે, વાત શબ્દ અહિ ક્રમપ્રાપ્ત બધાને જોડવો.

સંવર્તક વગેરે ભેદો પણ બીજા ગ્રંથોમાં કહેલા દેખાય છે. તે ભેદોનો અહિં **उपात्तवात** શબ્દ વડે સંગ્રહ થઈ જાય છે એમ જાણવું. સંવર્તક વાયુ બહાર રહેલા પણ ઘાસ વગેરેને એકઠા કરી કોઈ બીજા ક્ષેત્રમાં ફેંકે તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેના ભેદોથી બાદર-વાયુકાયના અનેક ભેદો જાણવા. સૂક્ષ્મ વાયુકાયના પર્યાપ્ત અને અપર્યાપ્ત સિવાય બીજા ભેદો નથી (૩૩)

બાદર વનસ્પતિકાયના ભેદો કહે છે.

**मुलग्ग पोरबीया कंदा तह खंधबीय बीयरुहा ।**
**संमुच्छिमा य भणिया पत्तेय अणंतकाया य ॥३४॥**

ગાથાર્થ : મૂલબીજ, અગ્રબીજ, પર્વબીજ, કંદબીજ, સ્કંધબીજ, બીજરુહ, સમ્મૂર્ચ્છિમ વાળી વનસ્પતિઓ પ્રત્યેક અને અનંતકાય રૂપે એમ બે પ્રકારે બાદર વન-સ્પતિ છે. (૩૪)

ટીકાર્થ : જે વનસ્પતિનું મૂળ એ જ બીજ છે તે કમળનું કાંડ, કેળ વગેરે મૂળબીજ છે, જેનો અગ્રભાગ જ બીજ છે તે કોરંટક નાગવેલ વગેરે અગ્રબીજ છે. જેનો પર્વ એટલે ગાંઠ જ બીજ છે તે શેરડી વગેરે પર્વબીજ કહેવાય છે. જેનો કંદો બીજ છે તે સૂરણ વગેરે કંદબીજ કહેવાય. જેનો સ્કંધ એટલે થડ જ બીજ છે તે શલ્લકી પારિભદ્ર (વનસ્પતિ વિશેષ) વગેરે સ્કંધબીજ છે. જે બીજવડે ઉગનારી વનસ્પતિ જેમકે ડાંગર, ઘઉં, મગ વગેરે તે બીજરુહ છે. તેવા પ્રકારના પ્રસિદ્ધ બીજોના અભાવથી ઉખર ભૂમિ વગેરેમાં પણ જે સ્વયં ઉત્પન્ન થાય તે ઘાસ વગેરે સંમૂર્ચ્છિમ વનસ્પતિ કહેવાય.
પ્ર. : મૂળબીજ વગેરે ભેદો વડે અહિં કઈ વનસ્પતિનો સ્વીકાર કરવો ?

ઉ. : અહિં પ્રત્યેક અને અનંતકાય વનસ્પતિનું ગ્રહણ કરવાનું છે. પ્રત્યેક એટલે દરેક જીવને પોતાનું અલગ અલગ શરીર હોય તે.

મગ વગેરે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. જે શરીર જે જીવનું હોય તે બીજાનું હોતું નથી. દરેકના શરીર અલગ હોવા છતાં એક સમાન દેખાય. સરસવ વાટમાં જેમ દરેક સરસવ અલગ છે તેમ અહિં સમજવું. કહ્યું છે કે જેમ બધા સરસવોના મળવાથી સરસવની વાટ મળે છે તેમ પ્રત્યેક વનસ્પતિના જીવોના શરીરનો સમુદાય સમજવો (૧) જેમ ઘણા તલો મળવાથી તલપાપડી બને છે તેમ પ્રત્યેક જીવોના શરીરનો સમુદાય થાય છે. (૨) અનંત જીવોનું એક શરીર જે વનસ્પતિઓમાં હોય છે તે અનંતકાયો હોય છે. આ પ્રત્યેક અને અનંતકાય વનસ્પતિઓના મૂળ, બીજ વગેરે ભેદો સંભવે છે (૩૪)

કંદ વગેરેની પ્રધાનતાથી વનસ્પતિના ભેદો કહે છે.

**कंदा मूला छल्ली कट्ठा पत्ता पवाल पुप्फ फला ।**
**गुच्छा गुम्मा वल्ली तणाणि तह पव्वया चेव ॥३५॥**

ગાથાર્થ : કંદ, મૂળ, છાલ, લાકડું, પાંદડાં, અંકુર, ફૂલ, ફળ, ગુચ્છા, ગુલ્મો, વેલડી, ઘાસ, પર્વજ વગેરે વનસ્પતિના ભેદો છે. (૩૫)

**ટીકાર્થ** : જેમાં કંદની પ્રધાનતા છે તે વનસ્પતિ કંદ-વનસ્પતિ કહેવાય, તે સુરણ વગેરે છે. તે સુરણ વગેરેમાં કંદોજ ઘણા જીવો છે તે જ લોકમાં ઘણા ઉપકારી છે. તેમાં એકનો વિનાશ કરવા જતા તેની સાથે સંબંધિત બીજી વનસ્પતિનો પણ વિનાશ થાય છે. આ પ્રમાણે બીજી વનસ્પતિઓમાં જ્યાં જેનો સંભવ હોય ત્યાં તેની પ્રધાનતાનું કારણ વિચારી લેવું.

એરંડા વગેરે મૂળ પ્રધાન વનસ્પતિ છે. કેળ વગેરે છાલ (ચામડી) પ્રધાન વનસ્પતિ છે. ખાદિર વગેરે કાષ્ઠ એટલે છાલમાં રહેલ લાકડું પ્રધાન વનસ્પતિ-કાષ્ઠપ્રધાન વનસ્પતિ છે. નાગરવેલ વગેરે પત્રપ્રધાન વનસ્પતિ છે. પ્રવાલ (અંકુરા) પ્રધાન અશોક વગેરે વનસ્પતિ છે. ફૂલપ્રધાન વનસ્પતિ જાઈ વગેરે છે. બોરડી વગેરેના ઝાડ ફળ પ્રધાન વનસ્પતિ છે. ગુચ્છ એટલે સમુદાય એકજ જગ્યાએ ઘણાનું ઉગવું તે વેંગણ વગેરે વનસ્પતિ ગુચ્છ-પ્રધાન કહેવાય છે. જે જગ્યાએ એક ઉગેલી વનસ્પતિના મૂળમાં, બીજી ઘણી લતાઓ ઉગવાથી અત્યંત ગાઢ જે લત્તાજાલ થાય તે ગુલ્મ કહેવાય. તે નવમાલિકા વગેરે ગુલ્મપ્રધાન વનસ્પતિ કહેવાય. કાકડી વગેરે વેલડી પ્રધાન વનસ્પતિ છે. શ્યામાક વગેરે ઘાસપ્રધાન વનસ્પતિ છે. પર્વ એટલે સંધીગાંઠ તે પ્રધાન શેરડી વગેરે વનસ્પતિ છે.

અહિં વેલડી, ઘાસ, પર્વજોનો, આગળ કહેલ બીજરુહ સંમુચ્છિંમ પર્વબીજ વગેરેમાં અથવા ફળપ્રધાન વગેરેમાં કોઇનો કંઇક અંતર્ભાવ પણ થાય છે, છતાં અહિં પુનરુક્તતાની શંકા કરવી નહિં. પૂર્વમાં કહેલ છે તે સામાન્યથી છે. અહિં વિશેષતાથી કહ્યું છે.

અન્ય શાસ્ત્રોમાં બીજા પણ વનસ્પતિના ભેદો કહેલા દેખાય છે તે અહિં કહેલાઓમાં ઉપલક્ષણથી તે ભેદો પણ જાણવા, જેમકે ...ત વગેરે વૃક્ષો, ચંપકલતા વગેરે લતાઓ, નાળિયેરી વગેરે લતાવલયો કહેવાય છે નાળિયેરીને બીજી ડાળો ન હોવાથી લતા રૂપે ગણાય છે. છાલ ગોળાકાર હોવાથી વલયરૂપે ગણી છે. કુહુણા ભૂમિ સ્ફોટક વિશેષ સર્પછત્રક બિલાડીના ટોપ વગેરે, જલરૂહો કમળ વગેરે, શાલિ ડાંગર વગેરે ઔષધિ તૃણો, તંદુલય વગેરે, હરિત કાયો એ પ્રમાણે બીજા ભેદો પણ સિધ્ધાંતાનુસારે જાણવા. (૩૫)

એ પ્રમાણે બાદર વનસ્પતિના ભેદો સામાન્યથી કહ્યા છે. (હવે વિશેષ પ્રકારે સાધારણ વનસ્પતિકાયના ભેદો કહે છે)

**सेवाल पणग किण्हग कवया कुहुणा य बायरो काओ ।**
**सव्वो य सुहुमकाओ सव्वत्थ जलत्थलागासे ॥३६॥**

ગાથાર્થ : સેવાલ, પણગ ફુગ **લીલ**, ભૂમિસ્ફોટક, બિલાડીના ટોપ, બાદર સાધારણ વનસ્પતિકાય છે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જલ, સ્થળ, આકાશરુપ ૧૪ રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત છે. (૩૬)

**ટીકાર્થ**:– પાણીનાં ઉપરના ભાગમાં જામી જતી લીલ એ સેવાલ કહેવાય છે. લાકડાના ઉપર જામતી ફુગ એ પનક કહેવાય. વર્ષાઋતુમાં પાણીના ઘડા વગેરેની અંદર જામી જતી લીલ વગેરે કિન્નક કહેવાય છે. કવય એટલે ભૂમિસ્ફોટ, કુહાણ એટલે બિલાડીના ટોપ બાદર સાધારણ વનસ્પતિકાયના ભેદો છે. કવય અને કુહાણને બીજા ગ્રંથોમાં પ્રત્યેક વનસ્પતિના અર્થમાં ગણાવ્યા છે. અહિં આગળ સાધારણ વનસ્પતિ રૂપે જણાવ્યા છે. આ વિષયમાં તત્વ કેવલી ભગવંતો જાણે. સર્વ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય તો સામાન્ય રીતે ચૌદ રાજલોક રૂપ જલ, સ્થલ, અને આકાશમાં અનિયતપણે રહેલા છે. બાદર સાધારણ વનસ્પતિકાય તો પૃથ્વી જલ વગેરે નિયત સ્થાનમાં રહેલ છે.

સિધ્ધાંતમાં **'आलुए मूलए सिंगबेरे'** વગેરેથી બાદર સાધારણ વનસ્પતિના ઘણા ભેદો કહ્યા છે. અહિં આગળ સેવાળ વગેરે કેટલાક ભેદો જ બતાવ્યા છે. આથી બાકીના સર્વ ભેદોનો સમાવેશ કરવા માટે દરેક બાદર સાધારણ વનસ્પતિનું સામાન્ય રૂપે લક્ષણ કહે છે.

**गुढसिर संधि पव्वं समभंगमहिरयं च छिन्नरुहं ।**
**साहारण सरीरं तव्विवरीयं च पत्तेयं ॥३७॥**

ગાથાર્થ :- નસો, સાંધા, પર્વ જેના જણાય નહિં, સમાનભંગ તંતુલક્ષણ હીરક જેમાં ન જણાય, કાપવા છતાં પણ ફરી ઉગે તે છિન્નરુહ, આ સાધારણ વનસ્પતિકાયના ભેદો છે. એનાથી વિપરિત પ્રત્યેક વનસ્પતિના ભેદો છે. (૩૭)

**ટીકાર્થ** : જે વનસ્પતિના પાંદડાની, કંદની, દાંડી, ડાળી વગેરેની નસો ન દેખાય તે ગૂઢસિર કહેવાય. જો સાંધા ન દેખાય તો ગૂઢસંધી કહેવાય. અને પર્વ એટલે ગાંઠા ન જણાય તો ગૂઢપર્વ કહેવાય.

જે વનસ્પતિની શાખા વગેરે ભાંગવાથી અને પાંદડા વગેરે તોડવાથી સમાન એટલે ખરબચડો નહિં એવી રીતે એકસરખા ભાંગે તે સમભંગ, હીરક એટલે વનસ્પતિમાં રહેલા રેસા, તે જેમાં ન જણાય તે અહીરક કહેવાય. ઘરે લાવેલી, સુકાઇ ગયેલી હોવા છતાં પણ, કાપી નાખી હોવા છતાં પણ, પાણી વગેરે સાધનો મળવાથી ગુડુચી (ગળો) વગેરેની જેમ ફરી ઊગે તે છિન્નરુહ કહેવાય છે.

આ સર્વ લક્ષણોથી યુક્ત, કહેલ શૈવાલાદિ ભેદો સિવાય બીજી પણ વનસ્પતિઓ અનંતા જીવોના સ્થાનરૂપ સાધારણ વનસ્પતિ રૂપે સ્વીકારવી. એનાથી જે વિપરીત હોય તે પ્રત્યેકવનસ્પતિકાય જાણવી.

'चक्कागं भज्जमाणस्स गंठी चुण्णघणो भवे ।
पुढवी सरिस्सेण भेएण अणंतजीवं वियाणाहि' ॥१॥

કુંભારના ચક્રની જેમ સમાન બરાબર ગોળ તથા જે ગાંઠ વગેરે ભાંગવાથી સફેદ ચૂર્ણ જેમાંથી ઊડે તે વનસ્પતિ અનંત વનસ્પતિ જાણવી. કોની જેમ સમાન ભાંગે ? તો કેદાર (સુકાયેલો કાદવ) વગેરેની ઉપર રહેલ પોપડા અથવા ચીકણી ખડીની બનાવેલી વાટ વગેરેને ભાંગવાથી સમાન ભેદ થાય છે. એ પ્રમાણે સાધારણ વનસ્પતિકાયના પણ ચક્રાકાર સમાન ભેદ થાય છે....(૩૭)

એ પ્રમાણે પાંચે પૃથ્વીકાય વગેરે સ્થાવરો કહ્યા. હવે ત્રસકાયનું નિરૂપણ કરે છે.

## दुविहा तसा य वुत्ता वियला सयलिंदिया मुणेयव्वा ।
## वितियचउरिंदिया वियला सेसा सयलिंदिया नेया ॥३८॥

ગાથાર્થ : ત્રસ બે પ્રકારે કહયા છે અને તે વિકલેન્દ્રિય, સકલેન્દ્રિય એમ બે ભેદે જાણવા. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચોરિન્દ્રિય વિકલેન્દ્રિય છે બાકીના સકલેન્દ્રિય જાણવા.(૩૮)

**ટીકાર્થ** : ઠંડી, ગરમી અને પવનની ઇચ્છાપૂર્વક જે જીવો **त्रस्यन्ति चलन्ति इति त्रसाः** ચાલે તે ત્રસ કહેવાય છે. તે જીવો વિકલેન્દ્રિય અને સકલેન્દ્રિય એમ બે પ્રકારે કહ્યા છે. એમ જાણવું. વિકલેંદ્રિય એટલે પાંચ ઇંદ્રિયોની સંખ્યાની અપેક્ષાએ અસંપૂર્ણ એટલે ઓછી ઇન્દ્રિયવાળા જીવો કે જે બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરિંદ્રિય રૂપે છે તે વિકલેંદ્રિય કહેવાય, ત્રસકાયમાં જે બાકી રહ્યા તેઓ સંપૂર્ણ પાંચે ઇંદ્રિયવાળા હોવાથી તેઓ સકલેંદ્રિય જાણવા. (૩૮)

બેઈંદ્રિય વગેરે જીવો કયા છે? તે કહે છે.

संखा गोम्मि भमराइया उ विगलिंदिया मुणेयव्वा ।
पंचिंदिया य जलथलखहयर सुरनारय नरा य ॥३९॥

ગાથાર્થ : શંખ વગેરે, કાનખજુરા વગેરે, ભમરા વગેરે વિકલેન્દ્રિય જાણવા, પંચેન્દ્રિયો જલચર, સ્થળચર, ખેચર, દેવ, નારક અને મનુષ્યો રૂપે છે. (૩૯)

**ટીકાર્થ** : અહિં आदि શબ્દ શંખ વગેરે દરેક સાથે જોડવો. શંખ વગેરે બેઈંદ્રિય, કાનખજુરા વગેરે તેઈંદ્રિય, ભમરા વગેરે ચૌરિંદ્રિય જીવો વિકલેંદ્રિય જાણવા. જેઓ સકલેંદ્રિય રૂપે પહેલા કહ્યા છે તે જળચર એટલે પાણીમાં ફરનાર મગર, માછલા વગેરે જાણવા. ગાય, રોઝ વગેરે સ્થળચર જાણવા, કાગડા, બગલા વગેરે પક્ષીઓ ખેચર જાણવા. ભવનપતિ વગેરે દેવો, રત્નપ્રભા વગેરેમાં ઉત્પન્ન થયેલ નારકો અને કર્મભૂમિ વગેરેમાં ઉત્પન્ન થયેલ મનુષ્યો પંચેન્દ્રિય રૂપે જાણવા.

'આ પ્રમાણે પૃથ્વીકાય વગેરે ભેદોથી છ પ્રકારના જીવસમુદાય રૂપ કાયદ્વારની પ્રરૂપણા પ્રસંગાનુસારે કહી... તે કાયદ્વારમાં સમસ્ત જીવોની સાતિરેક કોટા કોટી કુલકોડી, સંવૃત, વિવૃત ભેદો વાળી ચોર્યાશી લાખ જીવયોની, છ સંઘયણો, છ સંસ્થાનો વગેરે ભાવોનો સંભવ છે. તે ભાવોમાંથી કુલકોટી વિગેરે વિશેષ પ્રકારે, શિષ્યોના કંઈક ઉપકાર માટે પ્રસંગાનુસારે કહે છે!

बारस सत्त य तिन्नि य सत्तय कुलकोडि सयसहस्साइं ।
नेया पुढविदगागणिवाऊणं चेव परिसंखा ॥४०॥

ગાથાર્થ : ૧૨ લાખ, સાતલાખ, ત્રણલાખ અને સાતલાખ કુલકોટીરૂપ સંખ્યા અનુક્રમે પૃથ્વીકાય અપકાય તેઉકાય અને વાયુકાયની જાણવી. (૪૦)

**ટીકાર્થ**--અહિં कुलकोटि शतसहस्र બાર વગેરે દરેકને જોડવો. પૃથ્વીકાયની બારલાખ કુલકોટી, સાતલાખ કુલકોડી અપકાયની, ત્રણ લાખ કુલકોડી તેઉકાયની છે, વાયુકાય સાતલાખ કુલકોડી રૂપે જાણવા.

कुलकोडि सयसहस्सा सत्तट्ठ य नव य अट्ठवीसं च ।
बेइंदिय तेइंदिय चउरिंदिय हरियकायाणं ॥४१॥
अद्ध तेरस बारस दस दस कुलकोडि सयसहस्साइं ।
जलयर पक्खि चउप्पय उरभुय सप्पाण नव हुंति ॥४२॥

**छव्वीसा पणवीसा सुरनेरइयाण सयसहस्साइं ।**
**बारस य सयसहस्सा कुलकोडीणं मणुस्साणं ॥४३॥**
**एगा कोडाकोडी सत्ताणउई भवे सयसहस्सा ।**
**पन्नासं च सहस्सा कुलकोडीणं मुणेयव्वा ॥४४॥**

ગાથાર્થ :

| | |
|---|---|
| સાતલાખ કુલકોડી બેઈન્દ્રિય | આઠલાખ કુલકોડી તેઈંદ્રિય, |
| નવલાખ „ ચૌરિન્દ્રિય | અઠ્ઠાવીસ „ સમસ્ત વનસ્પતિ |
| સાડાબાર „ „ જળચર | બારલાખ , પક્ષી |
| દશ „ „ ચતુષ્પદો | દશલાખ „ ઉરપરિસર્પ |
| નવ „ „ ભુજપરિસર્પ | છવ્વીસલાખ „ દેવો |
| પચ્ચીસ „ „ નારકો | બારલાખ „ મનુષ્યો |

ની જાણવી. એ પ્રમાણે સર્વ જીવોની એક કોડાકોડી. સત્તાણુ લાખ અને પચ્ચાસ હજાર સર્વ મળી કુલકોડી જાણવી. (૪૧ થી ૪૪)

**ટીકાર્થ** : સાતલાખ કુલકોડી બેઇંદ્રિય જીવો જાણવા, આઠલાખ કુલકોડી તેઇંદ્રિયની જાણવી, નવલાખ કુલકોડી ચૌરિન્દ્રિયની જાણવી, અઠ્ઠાવીસ લાખ કુલકોડી સમસ્ત વનસ્પતિ· કાયની જાણવી, સાડાબાર લાખ કુલકોડી જળચરો, બારલાખ કુલકોડી પક્ષીઓની, સ્થલચરો, ચતુષ્પદ ઉરપરિસર્પ, ભુજપરિસર્પ, એમ ત્રણ પ્રકારે છે. હાથી, ગધેડા વગેરે રૂપે ચતુષ્પદોની દશ લાખ કુલ કોડી જાણવી. સર્પ વગેરે ઉરપરિસર્પોની દશ લાખ કુલકોડી, ઘો, નોળીયા વગેરે ભુજપરિસર્પોની નવલાખ કુલકોડી જાણવી. છવ્વીસ લાખ કુલકોડી ભવનપતિ વગેરે દેવોની જાણવી. પચ્ચીસ લાખ કુલકોડી નારકોની જાણવી. બાર લાખ કુલકોડી મનુષ્યોની જાણવી. એ પ્રમાણે સર્વ કુલકોડીની સંખ્યા એક કોડાકોડી, સત્તાણું લાખ, પચ્ચાસ હજાર પ્રમાણ છે.(૪૧ થી ૪૪)

હવે યોનીનું સ્વરૂપ જણાવે છેઃ– **यु मिश्रणे** એક ભવમાંથી બીજા ભવમાં જતાં તૈજસ–કાર્મણ શરીરવાળા જીવોનું ઔદારિક વગેરે શરીર યોગ્ય દ્રવ્યસ્કંધો સાથે જે સ્થાનમાં મિશ્રણ થાય તે યોનિ કહેવાય, એટલે એકેંદ્રિય વગેરે જીવોનું ઉત્પત્તિસ્થાન, તે યોનિઓ સમસ્ત જીવો આશ્રયી ચોર્યાશી લાખ છે. એમ ન કહેવું કે અનંતાજીવોના ઉત્પત્તિસ્થાનો પણ અનંતા હોય છે. કેમકે જીવોના સામાન્ય આધારરૂપ લોક પણ અસંખ્ય પ્રદેશાત્મક જ છે અને વિશેષાધાર નરકના ઉત્પતિ સ્થાનો તથા દેવશય્યાઓ, પ્રત્યેક જીવો અને સાધારણ જીવોના શરીરો પણ અસંખ્યાતા જ છે. તો જીવો અનંતા હોવા છતાં ઉત્પત્તિસ્થાનો અનંતા શી રીતે થાય ?

પ્રશ્ન : તો શું ઉત્પત્તિસ્થાનો અસંખ્યાતા છે ?

ઉત્તર : ના, એ પ્રમાણે પણ નથી. કેવલી ભગવંત વડે દષ્ટ કોઇક ધર્મની સમાનતાથી ઘણાં સ્થાનો પણ એકજ સ્થાન કહેવાય છે. અને તે એકસ્થાન યોનિરુપે કહેવાય છે. એ

પ્રમાણે કેવલી દષ્ટ સમાનતા વડે પરસ્પર અંતર્ભાવ થઇ જવાના કારણે અનંતા જીવોની ચોર્યાશી લાખ જ યોનિઓ થાય છે. પણ વધારે ઓછી થતી નથી. તે યોનિઓ સૂત્રમાં અત્યંત પ્રસિદ્ધ હોવાથી કહી નથી. છતાં પણ આ પ્રમાણે જાણવી. 'પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય દરેકની સાતસાત લાખ યોનિ છે. પ્રત્યેક વનસ્પતિકાયની દશ લાખ યોનિ, સાધારણ વનસ્પતિકાયની ચૌદલાખ યોનિ, વિકલેંદ્રિયની દરેકની બબ્બે લાખ, દેવતા, નરક, તિર્યંચ પંચેંદ્રિયની ચાર ચાર લાખ, ચૌદ લાખ મનુષ્યોની યોની છે. એમ કુલ્લે ચોર્યાશી લાખ યોની થઈ.

પ્રશ્ન : યોનિ કુલકોટી એ બે માં શો તફાવત છે?

ઉત્તર : જેમ છાણુ, વિંછી વગેરેનું ઉત્પત્તિસ્થાન એટલે યોનિ છે. વર્ણાદિના ભેદોથી એકજ યોનિમાં ઉત્પન્ન થયેલાઓને કુલો ઘણા પ્રકારના હોય છે. જેમ એક જ છાણુમાંથી વિંછી વગેરે ઉત્પન્ન થએલા હોવા છતાં પણ લાલ, પીળા વગેરે રંગોના ભેદોથી કુલો અનેક પ્રકારના થાય છે. વધુ વિસ્તારથી સર્યું. આજ યોનિઓ સંવૃત વિવૃત વગેરે ભેદોથી સુત્રકાર પોતે જ કહે છે.

## एगिंदिय नेरइया संवुडजोणी य हुंति देवा य ।
## विगलिंदियाण वियडा संवुडवियडा य गब्भंमि ॥४५॥

ગાથાર્થ : એકેન્દ્રિય, નારકો, અને દેવો સંવૃત યોનિવાળા છે. વિકલેન્દ્રિયો વિવૃત યોનિ વાળા છે, જ્યારે ગર્ભજો સંવૃત્તવિવૃત યોનિવાળા છે.

ટીકાર્થ : એકેન્દ્રિયો, નારકો અને સર્વપ્રકારના દેવો સંવૃત ( અપ્રગટ ) યોનિવાળા છે.

પ્રશ્ન : નારકો ( અપ્રગટ ) સંવૃત્ત યોનિવાળા શી રીતે છે?

ઉત્તર : તેમને ઉત્પન્ન થવાના સ્થાન રૂપ નિષ્કુટો (કુંભીઓ) ઢાંકેલા ઝરૂખા જેવા છે. એ પ્રમાણે હોવાથી નારકો (અપ્રગટ) સંવૃત યોનિવાળા છે. દેવો ' देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखिज्जई भागमित्ताए सरीरोगाहणाए उववन्ना '

એ પ્રમાણે શાસ્ત્ર વચનથી વસ્ત્ર વડે ઢંકાયેલ દેવશય્યાઓમાં દેવદૂષ્યની અંદર સંવૃત સ્વરૂપે દેવોની ઉત્પત્તિ હોવાથી સંવૃત (અપ્રગટ) યોનિ કહેવાય છે. એ પ્રમાણે સર્વ એકેન્દ્રિયોમાં કેવલી ભગવંતે જોયેલા કોઈપણ ઉપાય વડે સંવૃત (અપ્રગટ) યોનિ વિચારવી.

વિકલેંદ્રિયો એટલે બેઇન્દ્રીયો, તેઈન્દ્રિયો, ચૌરેન્દ્રિયો અને સંમૂચ્છિંમ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્યો જાણવા. તેઓ મનરહિત હોવાથી વિશિષ્ટ પ્રકારે સંપૂર્ણ

ઇંદ્રિયો કાર્ય ન કરી શકતી હોવાથી વિકલેન્દ્રિય કહેવાય છે. એટલે તે સર્વ વિકલેંદ્રિયોની કેવલી ગમ્ય કોઈપણ પ્રકાર વડે વિવૃત્ત પ્રગટ યોની વિચારવી.

ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો સંવૃત્ત વિવૃત્ત એટલે પ્રગટ અપ્રગટ યોનિવાળા છે. અહિં પણ વિચારણા કેવલી ગમ્ય પ્રકારો વડે જ થઈ શકશે. ફક્ત મનુષ્ય યોનિનાં સ્વરૂપમાં પૂર્વાચાર્યોનું આ પ્રમાણેનું કથન જોવામાં આવે છે— સ્ત્રીઓની નાભિની નીચે બે શિરાઓ છે. તેની નીચે અધો (ઊંધા) મુખવાળી કોથળી (કોશક) આકારની યોનિ હોય છે. તે યોનીની બહાર આંબાના મોર જેવી માંસ પેશીઓ (ફોડા) હોય છે. તે માંસપેશી (ફોડા)ઓ ઋતુકાળે ફૂટે છે. અને તેમાંથી રૂધિર નિકળે છે. તેમાંનો કેટલોક લાલભાગ યોનિમાં પ્રવેશે છે. તે લાલભાગ અને પુરૂષના શુક્રાણુઓનો સંપર્ક પામી જીવ ઉત્પન્ન થાય છે. ત્યારબાદ કલલ; અર્બુદ માંસપેશી વગેરેના ક્રમપૂર્વક સર્વ અવયવો બને છે ત્યારબાદ જીવ, યોનિમાંથી બહાર આવે છે. (૪૫)

**अच्चित्ता खलु जोणी नेरइयाणं तहेव देवाणं ।**
**मीसा य गब्भवसही तिविहा जोणी ऊ सेसाणं ॥४६॥**

ગાથાર્થ:-દેવો તથા નારકોની યોનિ અચિત્ત જ હોય છે ગર્ભજ તિર્યંચો તથા મનુષ્યોની યોનિ મિશ્ર હોય છે. બાકી રહેલ જીવોની યોનિ સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારે છે. (૪૬)

**ટીકાર્થ**:-નારકોની અને દેવોની યોનિ અચિત્તજ હોય છે. ત્યાં આગળ સૂક્ષ્મ એકેન્દ્રિયો રહેલા હોવા છતાં પણ તે ઉપપાત ક્ષેત્ર કોઈ પણ અન્ય જીવોથી ગ્રહણ થયેલું હોતું નથી માટે તે અચિત્ત યોનિ કહેવાય છે.

ગર્ભ શબ્દથી અહિં ગર્ભમાં ઉત્પન્ન થનારા જીવો ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો લેવા. તેઓની યોનિ સચિત્તાચિત્ત રૂપ મિશ્ર હોય છે. લોહી, શુક્ર વગેરે અચિત્ત પુદ્ગલો અને સ્ત્રીના શરીરના અવયવો સચિત્ત હોવાથી મિશ્રયોનિ કહેવાય છે.

બાકી રહેલ એકેંદ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિંદ્રિય, સંમૂચ્છિંમ પંચેંદ્રિયોની ત્રણે પ્રકારની યોનિ હોય છે. કોઈક જીવો બીજા જીવોએ ગ્રહણ કરેલ ક્ષેત્રમાં ઉત્પન્ન થતા હોવાથી તેમની સચિત્ત યોનિ,

કોઇક જીવો અન્ય જીવોએ ગ્રહણ ન કરેલ ક્ષેત્રમાં ઉત્પન્ન થાય તે અચિત્તયોનિ કહેવાય, કોઇક જીવો બીજા જીવોએ ગ્રહણ કરેલ અને ગ્રહણ ન કરેલ ક્ષેત્રમાં ઉત્પન્ન થાય તે મિશ્રયોનિ કહેવાય છે.

**सीओसिणजोणीया सव्वे देवा य गब्भवक्कंता ।**
***उसिणाय तेउकाए दुह नरए तिविह सेसाणं ॥४७॥***

**ગાથાર્થ : સર્વ પ્રકારનાં દેવો તથા ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો શિતોષ્ણ યોનિવાળા હોય છે. અગ્નિકાય જીવો ઉષ્ણયોનિવાળા છે. નારકો શીત તથા ઉષ્ણયોનિવાળા છે. બાકી રહેલ જીવો ત્રણે પ્રકારની યોનિવાળા છે. (૪૭)**

**ટીકાર્થ** : સર્વ પ્રકારના ભવનવાસી વગેરે દેવો તથા ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યો સર્વ ઉપપાત ક્ષેત્રને આશ્રયી એકાંત શીત કે એકાંત ઉષ્ણસ્પર્શવાળું સ્થાન ન હોવાથી મિશ્ર એટલે શિતોષ્ણ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. માટે તેઓની યોનિ શિતોષ્ણ યોનિ કહેવાય છે. અગ્નિ કાયોની ઉષ્ણજ યોનિ હોય છે કેમકે ઉષ્ણ સ્પર્શથી પરિણત ક્ષેત્રમાં તેઓ ઉત્પન્ન થાય છે. કેટલાક નારકો શીત યોનિવાળા અને કેટલાક ઉષ્ણ યોનિવાળા એમ બે પ્રકારની યોનિવાળા છે. આ વિષયમાં આ પ્રમાણેનો અભિપ્રાય જાણવો :— પ્રથમ ત્રણ નરકોમાં રહેલ એકાંતે ખેરના લાકડાના અંગારાથી પણ અનંત ગુણ ઉષ્ણ વેદનાનો ત્યાં સદ્ભાવ હોવાથી નારકો ઉષ્ણ વેદના ભોગવે છે. ચોથી નરકમાં રહેલ ઘણાં નારકો ઉષ્ણવેદના જ ભોગવે છે. કારણકે ઘણા પ્રતરોમાં ઉષ્ણવેદનાનો સંભવ હોવાથી અને થોડાજ નારકો ત્યાં થોડા પ્રતરોમાં શીત વેદના ભોગવે છે. કેમકે ત્યાં આગળ શિયાળામાં પડતા બરફથી પણ અધિક ઠંડક નો સંભવ છે. પાંચમી નરકમાં પણ એ પ્રમાણે જ જાણવું પરંતુ શીતસ્પર્શ યુક્ત સ્થાનો ઘણા હોવાથી શીત વેદના ભોગવનાર ઘણા છે અને ઉષ્ણસ્પર્શ યુક્ત સ્થાનો થોડા હોવાથી ઉષ્ણસ્પર્શ ભોગવનારા થોડા છે. એ પ્રમાણે ચોથી નરકથી ઉલ્ટી રીતે પાંચમી નરકમાં સમજવું. છઠ્ઠી અને સાતમી નરકમાં નારકો એકાંતે શીત વેદનાજ ભોગવે છે કારણકે ત્યાં ઉપર કહેલ શીત વેદનાથી તીવ્રતર શીતવેદના હોય છે. આ પ્રમાણે વેદના ભોગવનારા નારકો જે રહેલ છે તેમાં જે ઉષ્ણ વેદના ભોગવનારા નારકો સર્વ શીત યોનિવાળા છે જેથી તે નારકોને ખૂબજ ભયંકર પીડા થાય છે માટે જ જે યોનિ હોય એનાથી વેદનાની વિપરીતતા ત્યાં આગળ છે. એ પ્રમાણે ન હોય અને શીતયોનિ અને શીતવેદના તથા ઉષ્ણ સ્પર્શવાળા સ્થાનમાં ઉત્પન્ન થનાર ઉષ્ણ યોનિ શિતોષ્ણ સ્પર્શવાળા સ્થાનમાં ઉત્પન્ન થનાર શિતોષ્ણયોનિ અને ઉષ્ણ વેદના એ પ્રમાણે હોય તો ત્યાં વેદનાની પ્રચુરતા રહે નહી.

માટે પહેલી ત્રણ પૃથ્વીમાં તથા ચોથી નરકમાં ઘણાં સ્થાનો અને પાંચમી નરકના થોડા સ્થાનોમાં શીતયોનિવાળા જીવો હોય છે. ચોથી પૃથ્વીમાં થોડા સ્થાનો અને પાંચમી નરકમાં ઘણા સ્થાને તથા છઠ્ઠી સાતમી પૃથ્વીમાં ઉષ્ણયોનિવાળા જીવો હોય છે એમ નક્કી થાય છે. વધુ વિસ્તારની ઇચ્છાવાળાએ પ્રજ્ઞાપના સુત્ર જોઈ લેવું.

મૂળ વૃત્તિકાર તો આ બાબતમાં પહેલી ત્રણ નરકમાં તથા ચોથી પૃથ્વીમાં આગળના કેટલાક પ્રતરોમાં ઉષ્ણયોનિ કહે છે. તેમજ ચોથી પૃથ્વીમાં બાકી રહેલ પ્રતરોમાં તેમજ છેલ્લી ત્રણ પૃથ્વીમાં શીતયોનિ કહે છે. આ અભિપ્રાય પ્રજ્ઞાપના સુત્રથી ઘણોજ વિસંવાદિ જણાય છે. આ વિષયમાં તત્ત્વ બહુશ્રુતો જાણે.

હવે બાકી રહેલ પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય અને સંમૂર્છિમ પંચેન્દ્રિયો, તિર્યંચો અને મનુષ્યોની ત્રણેપ્રકારની યોનિ હોય છે. શીતસ્પર્શાન્વિત સ્થાનમાં ઉત્પન્ન થનારાની શીતયોનિ કહેવાય છે, ઉષ્ણસ્પર્શવાળા સ્થાનમાં ઉત્પન્ન થનારાની ઉષ્ણયોનિ કહેવાય અને શીતોષ્ણ સ્પર્શયુક્ત જગ્યામાં ઉત્પન્ન થનારાની શીતોષ્ણ યોનિ કહેવાય છે. (૪૭)

ઉપર કહેલ યોનિમાં ઉત્પન્ન થનારા જીવોમાં યથાયોગ્ય રીતે છ યે સંઘયણો હોય છે.

'આથી સંઘયણનું સ્વરૂપ કહે છે'।

**वज्जरिसह नारायं वज्जं नारायं च नारायं ।**
**अध्धं चिय नारायं खीलीय छेवट्ठ संघयणं ॥४८॥**

ગાથાર્થ -વજ્રઋષભનારાચ, વજ્રનારાચ, નારાચ, અર્ધનારાચ, કિલીકા અને છેવઠ્ઠુ સંઘયણ એમ છ પ્રકારે સંઘયણો છે (૪૮)

**ટીકાર્થ** : संहति संहननम् હાડકાઓનું પરસ્પર જોડાણ જેના વડે થાય તે સંઘયણ. તે જોડાણોની ભિન્નતાના કારણે તે છ પ્રકારે છે. અહિં વજ્ર શબ્દ વડે કીલિકા (ખીલી) અર્થ લેવો. ઋષભ એટલે જોડાયેલા બે હાડકાના ઉપર ગોળ વીંટવાનો પાટો. નારાચ એટલે જોડનારા બે હાડકાને ઉપર નીચે ભેગા કરીને બંન્ને બાજુથી મર્કટબંધ.

૧ વજ્રઋષભ નારાચ એટલે મર્કટબંધ વડે બંને બાજુથી બંધાયેલા બે હાડકાના ઉપર પાટાની આકૃતિવાળા હાડકા વડે વિંટાયેલા ઉપર ખીલા જેવું હાડકું જેમાં રહેલું છે તે વજ્રઋષભનારાચ નામનું પ્રથમ સંઘયણ. વજ્ર અને ઋષભ વડે નિયંત્રિત છે નારાચ જે સંઘયણમાં તે વજ્રઋષભ નારાચ.

૨ જે સંઘયણમાં નારાચ બંધવાળા હાડકાપર વીંટવાના પાટા રૂપ ઋષભ નથી તે વજ્રનારાચ. વજ્ર એટલે ખીલો વગર પાટા સહિત નારાચબંધ જેમાં છે તે ઋષભનારાચ એમ અન્ય આચાર્યો માને છે.

૩ વજ્ર એટલે ખીલી, ઋષભ એટલે પાટો એ બેથી રહિત જે સંઘયણ તે નારાચ સંઘયણ છે.

૪ એક તરફ મર્કટબંધ અને બીજી તરફ હાડકામાં ખીલી તે અર્ધનારાચ નામે ચોથું સંઘયણ છે. કેટલાક આને બીજું સંઘયણ પણ માને છે.

૫ પાટો અને મર્કટબંધ વગર ફક્ત હાડકાના બે છેડામાં ખીલીજ રહેલી હોય તે કીલીકા નામે પાંચમું સંઘયણ છે.

૬ હાડકાના બે છેડા પરસ્પર સંબંધ કરીને જ્યાં રહેલા છે તે **છેદવૃત્ત** અહિં આગળ द કાર અને અનુસ્વરનો લોપ થયેલો દેખાય છે માટે **છેવટ્ઠું** ઉચ્ચાર થાય છે. જેમાં ખીલો પાટો અને મર્કટબંધ વગર ફક્ત હાડકાના બે છેડા માત્ર જ સ્પર્શીને રહેલા હોય તે **છેદવૃત્ત** નામે છઠ્ઠા સંઘયણને કેટલાક **સેવાર્ત** પણ કહે છે. બે હાડકાના છેડાના સ્પર્શરૂપ સેવાને જેણે પ્રાપ્ત કરી છે. તે **સેવાર્ત** કહેવાય.......(૪૮)

ઋષભ, વજ્ર અને નારાચ શબ્દોની ગ્રંથકાર વ્યાખ્યા કરે છે.

## रिसहो य होइ पट्टो वज्जं पुण कीलिया वियाणाहि ।
## ऊभओ मक्कडबंधं नारायं तं वियाण हि ॥४९॥

ગાથાર્થ—**ઋષભ એટલે પાટો છે. વજ્ર એટલે ખીલી જાણવી અને બન્ને તરફનો મર્કટ બંધ તેને નારાચ જાણવું. (૪૯)**

આ સંઘયણો કયા જીવોને કેટલા હોય છે તે, અને કોને બિલકુલ હોતા નથી તે કહે છે.

## नरतिरियाण छप्पिय हवइ हु विगलिंदियाण छेवट्ठं ।
## सुरनेरइया एगिंदियाय सव्वे असंघयणी ॥५०॥

ગાથાર્થ:- **મનુષ્યો અને તિર્યંચોને છ સંઘયણ હોય છે. વિકલેંદ્રિયોને છેવટ્ઠું સંઘયણ હોય છે. દેવ, નારકો અને એકેંદ્રિયો સંઘયણ રહિત છે. (૫૦)**

**ટીકાર્થ** – અહિં ગાથામાં એકેંદ્રિયો અને વિકલેંદ્રિયો અલગ રૂપે ગ્રહણ કર્યા હોવાથી ઉપલક્ષણથી જ તિર્યંચ શબ્દ વડે અહિં પંચેંદ્રિય તિર્યંચો જ ગ્રહણ કરવા. મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચોને કોઇને કોઇ સામાન્ય રીતે છ એ સંઘયણોમાંથી કોઈપણ એક સંઘયણ હોય છે, વિકલેદ્રિયોને ફક્ત છેવટ્ઠું સંઘયણ હોય છે. બીજા સંઘયણ હોતા નથી. દેવો, નારકો અને એકેંદ્રિયો સમસ્ત સંઘયણ રહિત છે. કારણ કે સંઘયણ હાડકાના જોડાણ રૂપ સંબંધ વિશેષ છે. અને તેઓને હાડકાનો અભાવ છે. (૫૦)

આ સંઘયણો સામાન્ય રીતે સંસ્થાન સાથે નિત્ય સંબંધવાળા છે, સંસ્થાનનો અભાવ થયે છતે સંઘયણનો સર્વથા અભાવ થાય છે. આથી સંસ્થાનનું પ્રતિપાદન કરે છે.

## समचऊरंसा नग्गोह साइ खुज्जा य वामणा हुंडा ।
## पंचिंदिय तिरियनरा सुरा समा सेसया हुंडा ॥५१॥

ગાથાર્થ : **સમચતુરસ્ર, ન્યગ્રોધ સાદિ, કુબ્જ, વામણ અને હુંડક એ પ્રમાણે છ એ સંસ્થાનો પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને હોય છે. દેવતાઓને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. બાકીનાઓને હુંડક સંસ્થાન હોય છે. (૫૧)**

**ટીકાર્થ**:–શરીરના અવયવોની રચના વિશેષને સંસ્થાન કહેવાય છે. તે સમચતુરસ્ર વગેરે છ પ્રકારે છે.

૧ સમ એટલે શરીર વિષયક જે પ્રમાણ તેના અવિસંવાદિ ચારે દિશા–વિભાગરૂપ જણાતા ચારે ખૂણા જેમાં સમાન છે તે સમચતુરસ્ર. અહિં સમાસાંત વિધિ વડે અત્ પ્રત્યયથી સમચતુરસ્ર શબ્દ બન્યો છે.

સામુદ્રિક શાસ્ત્રમાં જણાવેલ સમગ્ર લક્ષણોથી પરિપૂર્ણ જેના અવયવો હોય તે સમચતુરસ્ર છે. તે સંસ્થાન યુક્ત જીવ પણ સમચતુરસ્ર સંસ્થાનવાળો કહેવાય.

૨ ન્યગ્રોધઃ–ન્યગ્રોધ કોઈ ઝાડ વિશેષ છે. તે ઝાડનું પરિમંડળ એટલે ઘટા હોય તે ન્યગ્રોધ પરિમંડળ કહેવાય. જેમ ન્યગ્રોધ ઝાડ ઉપરના ભાગે સુંદર હોય છે અને સંપૂર્ણ અવયવવાળું હોય છે અને નીચેના ભાગે બરાબર હોતું નથી તેવી રીતે ન્યગ્રોધ સંસ્થાનવાળા જીવોના ઉપરના અવયવો લક્ષણ યુક્ત સુંદર હોય છે અને નીચેના અવયવો હીનાધિક પ્રમાણવાળા હોય છે.

૩ સાદિ : આદિ એટલે અહિં ઉત્સેધ નામનો નાભિ નીચેનો શરીરનો જે ભાગ તે આદિ કહેવાય. નાભિની નીચેના લક્ષણ યુક્ત અવયવો સહિત જે સંસ્થાન તે સાદિ સંસ્થાન કહેવાય. સંપૂર્ણ શરીરની અવિશિષ્ટ આદિ સાથે હોય જ છે એમ મનાય. તો આદિ વિશેષણની કોઈ સાર્થકતા રહેતી નથી માટે આદિ વિશેષણથી શરીરની નીચેનો ભાગ જ ગ્રહણ કરવો જેથી આદિ વિશેષણની વિશિષ્ટતા રહે છે. સાદિ સંસ્થાનના યોગથી જીવો પણ સાદિ કહેવાય છે.

૪ કુબ્જ : જેના હાથ, પગ, માથું, ડોક વગેરે અવયવો શરીર લક્ષણ પ્રમાણથી યુક્ત હોય છે પેટ, પીઠ વગેરે કોઠા રૂપ અવયવો હિનાધિક પ્રમાણવાળા જેમાં હોય તે કુબ્જ સંસ્થાન. તે સંસ્થાનવાળા જીવો પણ કુબ્જ કહેવાય છે.

૫ વામન : જેમાં હાથ, પગ, માથું, ડોક વિ. અવયવો લક્ષણ હીન હોય અને પીઠ, પેટ વગેરે કોઠારૂપ અવયવો લક્ષણયુક્ત હોય તે વામન સંસ્થાન કહેવાય, અને આ સંસ્થાનવાળા જીવો પણ વામન કહેવાય.

૬ હુંડક : જેમાં મોટે ભાગે એકપણ અવયવ શરીરના લક્ષણોયુકત હોતું નથી તે હુંડક સંસ્થાન. આ સંસ્થાનવાળા જીવો હુંડક કહેવાય.

પ્ર. આ છ સંસ્થાન યુક્ત જીવો કયા હોય છે?

ઉ. જુદા જુદા જીવોને આશ્રયી ગર્ભજ પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યો છએ સંસ્થાનવાળા હોય છે. દેવો સર્વે સમચતુરસ્ર સંસ્થાનવાળા છે અને બાકી રહેલા જીવો-એકેંદ્રિયો, નારકો, વિકલેન્દ્રિયો સર્વે હુંડક સંસ્થાનવાળા છે.

લાઘવતા માટે કરી એક સાથે સંસ્થાન અને તેના સ્વામિ કહ્યા. (૫૧)

"પૃથ્વીકાય વગેરે વિકેન્દ્રિયોનું હુંડક સંસ્થાન મસુર વગેરેના આકારભેદથી જુદું જાણવું."

**मस्सूरए य थिवुगे सूइ पडागा अणेगसंठाणा ।**
**पुढविदगअगणिमारुय वणस्सईणं च संठाणा ॥५२॥**

ગાથાર્થ--પૃથ્વીકાયનું મસૂરાકાર, અપકાયનું સ્તિબુકાકાર. અગ્નિકાયનું સોય આકાર, વાયુકાયનું પતાકા આકાર અને વનસ્પતિકાયનું અનેક પ્રકારનું સંસ્થાન હોય. (૫૨)

*ટીકાર્થ* : પૃથ્વીકાયનું સંસ્થાન માલવદેશમાં પ્રસિદ્ધ મસૂર નામના ધાન્ય જેવું છે, અપકાયનું સંસ્થાન પાણીના પરપોટા જેવું છે. વાઉકાયનું સંસ્થાન પતાકા-ધ્વજા આકારનું છે, તેઉકાયનું સંસ્થાન સોયાકારનું છે. અને વનસ્પતિકાયનું સંસ્થાન અનેક પ્રકારનું હોય છે. (૫૨)

કાયદ્વાર કહ્યું. કાયશબ્દ પૃથ્વીકાય વગેરે જીવસમુહમાં જેમ મનાય છે, તેમ ઔદારિક વગેરે શરીરમાં પણ સ્વીકારાય છે. આથી કાયશબ્દને આશ્રયી આ કાયદ્વારમાં ઔદારિક વગેરે શરીરોનો પણ વિચાર કરે છે.

**ओरालिय वेऊव्विय आहारय तेयए य कम्मयए ।**
**पंचमणुएसु चऊरो वाऊ पंचिंदिय तिरिक्खे ॥५३॥**

ગાથાર્થ : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એમ પાંચ શરીરો છે. પાંચ શરીરો મનુષ્યોને, વાયુકાયને તથા પંચેન્દ્રિય તિર્યંચને ચાર શરીર છે.(૫૩)

*ટીકાર્થ* : તીર્થંકરોના શરીરની અપેક્ષાએ ત્રણલોકમાં પ્રધાન સર્વ પુદ્ગલો વડે બનતું જે શરીર તે ઔદારિક અથવા उदाराः स्फारता मात्रसाराः વિશાળતાના સ્વભાવ-વાળું, વૈક્રિય વગેરે શરીરોના પુદ્ગલોની અપેક્ષાએ જેના પુદ્ગલો સ્થૂળ છે અને એવા પ્રકારના સ્થૂળ પુદ્ગલો વડે બનેલું શરીર તે ઔદારિક અથવા બાકીના બીજા સર્વ શરીરોની અપેક્ષાએ જેનું પ્રમાણ મોટું છે તે ઔદારિક. વૈક્રિય શરીર તો ઉત્તર વૈક્રિય અવસ્થામાં લાખયોજન પ્રમાણ કરી શકે છે ( મળે છે) સ્વાભાવિક તો[1] ૫૦૦ ધનુષ પ્રમાણ જ છે.

જ્યારે ઔદારિક શરીરની સ્વાભાવિક રીતે સ્વયંભુરમણ સમુદ્રના માછલાની અપેક્ષાએ હજાર યોજન પ્રમાણ અને કમળની નાળની અપેક્ષાએ હજાર યોજનથી પણ અધિક અવગાહના જાણવી. આ પ્રમાણે ઔદારિક શરીરની સ્વાભાવિક બૃહત્ પ્રમાણતા વિચારવી.

(૨) જેમાં જુદા જુદા પ્રકારની ક્રિયાઓ થાય તે વિક્રિયા કહેવાય. તે વિક્રિયામાં જે

૧ યુગલિકોમાં, ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ પ્રમાણ ઔદારિક શરીર હોય છે.

થાય તે વૈક્રિય તથા વૈક્રિયના કારણરૂપ ક્રિયાઓ જે પ્રજ્ઞપ્તિ (ભગવતિ) વગેરે ગ્રંથોમાં બતાવેલ છે, તે વૈક્રિય સમુદ્ઘાત, દંડકરણ, પુદ્ગલગ્રહણ વગેરે. તે આ પ્રમાણે જાણવા.

**'ताहे चेव णं से वेउव्वियं काउकामे वेउव्वियसमुग्घायेणं समोहणइ (२) संखेज्जाइं जोयणाइं दंडं निसिरइ (२) अहाबायरे पोग्गले परिसाडेइ (२) दोच्चंपि वेउव्विय समुग्घाएणं समोहणइ '**

'ત્યારે તે વૈક્રિય કરવાની ઇચ્છાવાળા વૈક્રિય સમુદ્ઘાત કરે છે, કરીને સંખ્યાતા યોજન પ્રમાણ દંડ કરે છે. દંડ કરીને બાદર પુદ્ગલોનો ત્યાગ કરે છે, ત્યાગ કરીને બીજીવાર વૈક્રિય સમુદ્ઘાત કરે છે. વગેરે આવા પ્રકારની વિક્રિયા વડે બનેલું હોવાથી આ વૈક્રિય શરીર કહેવાય તે અસ્વાભાવિક છે.

પ્ર. આ વ્યુત્પત્તિથી ઉત્તરવૈક્રિય શરીરનું જ ગ્રહણ થાય છે, નહિં કે સ્વાભાવિક શરીરનું, કારણકે સ્વાભાવિક શરીર, સમુદ્ઘાત વગેરે ક્રિયા વગર જ ઉત્પન્ન થાય છે.

ઉ. સાચી વાત છે. પરંતુ ઉત્તરવૈક્રિય શરીર જે પુદ્ગલોમાંથી બને છે, તેમાંથી જ સહજ વૈક્રિય પણ બનતું હોવાથી એમાં વૈક્રિયની જેમ વૈક્રિયપણાનો ઉપચાર કર્યો છે અથવા ઔદારિક વગેરે શરીરની અપેક્ષાએ વિશિષ્ટ અને વિલક્ષણ ક્રિયાઓ જેમાં થાય તે વિક્રિયા અને તે વિક્રિયા જે શરીરમાં થાય તે વૈક્રિય શરીર એ પ્રમાણે સ્વીકારાય છે.

(૩) **पाणिदयरिद्धि संदरिसणत्थमत्थोवगहण हेउं वा ।**
**संसयवोच्छेयत्थं गमणं जिणपायमूलंमि ॥१॥**

ગાથાર્થ : જીવોની દયા, તિર્થંકરની ઋદ્ધિ જોવા માટે, અર્થગ્રહણ માટે, સંશયના નિવારણાર્થે, પરમાત્માના ચરણ સમીપમાં જવા માટે, ચૌદપૂર્વધરો વડે આવા પ્રકારનાં કાર્યો ઉત્પન્ન થયે છતે, જે શરીરનું ગ્રહણ થાય તે આહારક અથવા કેવલી ભગવંત પાસેથી જેના વડે સૂક્ષ્મજીવાદિ પદાર્થો જાણી શકાય તે આહારક.

(૪) આહારને પચાવવામાં હેતુરૂપ તથા તેજોલેશ્યા છોડવા માટેના ઉષ્ણપુદ્ગલો તેજ કહેવાય છે. આવા પ્રકારના તેજ પુદ્ગલો વડે બનેલું શરીર તેજસ છે. તે શરીરની ઉષ્ણતા વગેરેથી જણાય છે.

(૫) આઠ કર્મના સમુદાયરૂપે જે કાર્મણ વર્ગણાઓથી બને તે કાર્મણ શરીર.

આ પાંચે શરીરો સામાન્ય રીતે સર્વજીવોને હોય છે. વિશેષ વિચારતા, જુદા જુદા જીવો આશ્રયી મનુષ્યોમાં પાંચ શરીર હોય છે. વાયુકાય અને ગર્ભજ પંચેદ્રિય તિર્યંચોને ઔદારિક, વૈક્રય, તેજસ અને કાર્મણ એમ ચાર શરીર હોય છે. આહારક શરીર ચૌદપૂર્વધરોને હોવાથી તેમને હોતું નથી. (૫૩)

'દેવો વગેરેની શરીર સંખ્યા કહે છે.'

**वेउव्विय तेयए कम्मएय सुरनारयाय तिसरीरा ।**
**सेसेगिंदिय वियला ओरालिय तेय कम्मईगा ॥५४॥**

ગાથાર્થ : દેવો અને નારકોને વૈક્રિય, તેજસ અને કાર્મણ એમ ત્રણ શરીર છે. બાકીના એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયોને ઔદારિક, તેજસ અને કાર્મણ એમ ત્રણ શરીર છે. (૫૪)

**ટીકાર્થ** : દેવો અને નારકો ત્રણ શરીરવાળા હોય છે. કયાં ત્રણ શરીર હોય છે? વૈક્રિય, તૈજસ, કાર્મણ એમ ત્રણ શરીર વાળા છે. ઔદારિક શરીર તિર્યંચ અને મનુષ્યોમાં જ હોવાથી દેવનારકોને હોતું નથી, આહારક પણ હોતું નથી, કારણકે તે મનુષ્યોમાં ચૌદપૂર્વધર મુનિભગવંતોને જ હોય છે.

બાકી રહેલ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વનસ્પતિકાય રૂપ એકેંદ્રિયો અને સંપૂર્ણઇંદ્રિય અને મનવડે વિકલ એવા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેંદ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય સ્વરૂપ વિકલેંદ્રિયો ઔદારિક તૈજસ અને કાર્મણ એમ ત્રણ શરીરવાળા જ છે. ભવપ્રત્યયિક વૈક્રિય હોતું નથી. તે વૈક્રિય દેવનારકોમાં જ હોય છે, લબ્ધિનો અભાવ હોવાથી. ઉત્તર વૈક્રિય પણ એકેંદ્રિયાદિને હોતું નથી. આહારકના અભાવનું કારણ કહ્યું છે તે જ સમજવું. આ પ્રમાણે પ્રસંગાનુસાર કાયદ્વાર ઉપર કહ્યું.

## પ્રકરણ-૬

## યોગદ્વાર

હવે ક્રમપૂર્વક આવેલ યોગદ્વાર કહેવાની ઈચ્છાવાળા કહે છે.

**सच्चे मोसे मीसेऽसच्चे मोसे मणे य वाया य ।**
**ओरालिय वेउव्विय आहारय मिस्स कम्मइए ॥५५॥**

**ગાથાર્થ** : સત્ય, મૃષા, સત્યમૃષારૂપ મિશ્ર અને અસત્યઅમૃષા એ મનના ચાર ભેદ તથા વચનના ચાર ભેદો છે. ઔદારિક, વૈક્રિય અને આહારક અને આ ત્રણના મિશ્ર તથા કાર્મણ એમ ૧૫ પ્રકારે યોગ છે. (૫૫)

**ટીકાર્થ** : સત્ય, અસત્ય, મિશ્ર, અસત્યઅમૃષા એમ ચાર પ્રકારે મનોવિષયક યોગ છે. અને ચાર પ્રકારે વચનવિષયક યોગ છે. આ યોગોનો ભાવાર્થ ગ્રંથકાર પોતે જ કહે છે.

પ્ર. : યોગ શબ્દનો અર્થ શું થાય છે?

ઉ. : **योजनं योगः** જે જોડાણ તે યોગ, જે જીવનું વીર્ય, શક્તિ, ઉત્સાહ, પરાક્રમ, ચેષ્ટા, પરિસ્પંદન આ બધા યોગો છે. અથવા **युज्यते इति योगः** જે દોડવું, વળગવું વગેરે ક્રિયામાં જે જોડાય તે યોગ અથવા દોડવા વળગવા વગેરે રૂપ ક્રિયાઓમાં જીવ જેના વડે જોડાય તે યોગ. તે યોગ મન, વચન અને કાયાના ભેદોથી ત્રણ પ્રકારે છે.

સંજ્ઞી જીવોવડે કાયયોગવડે મનોવર્ગણામાંથી મનને યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને મનરુપે પરિણમાવી પદાર્થની વિચારણામાં વપરાતા પરમાણુઓને મન કહેવાય છે. તે સહકારી કારણરૂપ મન વડે મનયોગ કહેવાય છે. મનવિષયક યોગ તે મનોયોગ. ભાષારૂપ પરિણામને પ્રાપ્ત થયેલ જે પુદ્ગલોનો સમુહ તે વાણી. તે વચન રૂપ સહકારી કારણ વડે વચનયોગ કહેવાય છે. વચન વિષયક યોગ તે વચનયોગ.

**चीयत इति कायः** જે એકઠું કરે તે કાય. તે ઔદારિક વગેરે કાયારૂપ સહકારી કારણ વડે કાયયોગ કહેવાય છે. કાય વિષયક યોગ તે કાયયોગ છે. આ ત્રણ પ્રકારના યોગના પંદર ભેદો થાય છે. તેમાં મનયોગ ચાર પ્રકારે છે.

(૧) **સત્ય મનોયોગઃ** મુનિ અને જીવાદિ પદાર્થો રૂપ સન્તઃ તે યથાક્રમ મુક્તિ પ્રાપકત્વ અને યથાવસ્થિત સ્વરૂપે ચિંતન જેના વડે કરાય તે સત્ય મનયોગ કહેવાય, જેમ જીવ શરીર માત્ર વ્યાપક છે વગેરે યથાવસ્થિત પદાર્થ વિચારણામાં તત્પર જે યોગ તે સત્ય મનોયોગ સત્ય છે. સત્ય તે જ મનોયોગ છે તે સત્ય મનોયોગ.

પ્રશ્ન : યોગ તો પરિસ્પંદન ક્રિયારૂપ છે એમ કહ્યું છે, તો પછી તેમાં તેવા પ્રકારની પ્રતીતિનો અભાવ હોવાથી સત્ય વગેરેનો વ્યપદેશ શી રીતે સંભવે ?

ઉત્તર : સાચીવાત છે છતાં પણ સત્ય મનોવિજ્ઞાનના માટે સહકારી કારણ રૂપ હોવાથી તે મનયોગને સત્યમનયોગ કહેવાય છે, કારણમાં કાર્યનો ઉપચાર કર્યો છે. એ પ્રમાણે બીજા સ્થાને પણ વિચારવું.

(૨) અસત્ય મનોયોગ—સત્યથી વિપરીત અસત્ય, જેમકે જીવ નથી અથવા સર્વ વ્યાપક છે, આવા પ્રકારના અયથાર્થ પદાર્થોમાં ચિંતન તત્પર જે મન તે અસત્ય મનોયોગ છે. અસત્ય એવો મનોયોગ તે અસત્યમનોયોગ.

(૩) સત્યાસત્ય મનોયોગઃ—સત્ય અને અસત્ય રૂપ મિશ્ર જે મનોયોગ તે સત્યાસત્ય મનોયોગ છે. અહિં કૃતાકૃતાદિની જેમ કર્મધારય સમાસ કર્યો છે. જે ખેર, પીંપળો, પલાશ વગેરે ઝાડોથી મિશ્રિત હોવા છતાં ઘણાં અશોકવૃક્ષના ઝાડો હોવાથી આ ' અશોકવન '' છે એમ જે વિચારાય છે તે મિશ્ર મનોયોગ કહેવાય, કેમકે ત્યાં અશોકના ઝાડો હોવાથી સત્ય છે. અને બીજા પલાશ વગેરેના કેટલાક ઝાડો હોવાથી અસત્ય છે. એ પ્રમાણે મિશ્રપણું હોવાથી સત્યાસત્ય મનોયોગ કહેવાય આથી જ સૂત્રકારે એને મિશ્ર કહ્યું છે. અશોકવૃક્ષનું ઉદાહરણ ઉપલક્ષણથી જાણવું.

સમસ્ત નગરમાં ઘરેઘરે બાળકો જન્મ્યાં છે. અથવા દરેક ઘેર લગ્નો છે. વગેરે જે વિચારણા છે તે આ જ મનોયોગનો વિષય છે. આ જ અશોકવન વગેરેના દ્રષ્ટાંત કહેવા વડે કહેવાનાર સત્યાસત્ય વચનયોગનો વિષય માનવો. કોઇકે પૂછ્યું કે ' આ પ્રદેશમાં તમે હરણ કે ચોર જોયા ? ત્યારે આ પ્રમાણે વિચારે કે આનો જવાબ હું આ પ્રમાણે આપું કે સામે જ ચોર કે હરણ રહેલ છે ' તે મિશ્ર મનોયોગ જાણવો. આ વિચાર સ્થૂલ વ્યવહારનયથી સત્ય છે પણ નિશ્ચયનયથી પરપીડાજનક હોવાથી અને પાપાનુબંધી હોવાથી અસત્ય છે. એ પ્રમાણે પણ સત્યાસત્ય મનોયોગ આ જ પ્રશ્ન ' સામે જ હરણ કે ચોર રહેલ છે ' એ પ્રમાણે બોલતા કહેવાનાર સત્યાસત્ય વચનયોગનો વિષય પણ વિચારવો. આ જ વચન સ્થૂલ વ્યવહારથી સત્ય અને નિશ્ચયથી અસત્ય છે. કહ્યું છે કે—

**अलियं न भासियव्वं अत्थि हु सच्चं पि जं न वत्तव्वं ।**
**सच्चं पि तं न सच्चं जं परपीडाकरं वयणं ॥ १ ॥**

જેમ જૂઠ બોલવા જેવું નથી, તેમ બીજાને પીડાજનક એવું સત્યવચન પણ બોલવા યોગ્ય નથી કારણ કે તે બીજાને પીડાજનક હોવાથી સત્ય છતાં પણ અસત્ય છે.

(૪) **અસત્યામૃષા મનોયોગ** :–જેમાં સત્ય નથી તે અસત્ય અને જેમાં મૃષા (જૂઠ) પણ નથી તે અમૃષા તે અસત્યામૃષા જેમાં અસત્ય અને અમૃષારૂપ વિચારણા હોય તે અસત્યામૃષા મનોયોગ કહેવાય. અહિં પણ કૃતાકૃતની જેમ કર્મધારય સમાસ કરવો.

અહિં વિશેષ સ્વીકારપૂર્વક વસ્તુ નિર્ણયની બુદ્ધિથી પ્રમાણઅબાધિત સર્વજ્ઞના મતાનુકુલ જે વિચારાય કે બોલાય. જેમ કે 'જીવ છે, સત્ અસત્ રૂપે' વગેરે, તેને સત્ય કહ્યું છે. આરાધકતા હોવાથી, જે વિશેષ સ્વીકારપૂર્વક, વસ્તુનિર્ણયની બુદ્ધિથી પ્રમાણોથી બાધિત સર્વજ્ઞના મત બાહ્ય જે કંઈ વિચારાય કે બોલાય, જેમ 'જીવ નથી કે એકાંત નિત્ય છે' વગેરેને અસત્ય કહેવાય છે. કારણ કે વિરાધક ભાવ હોવાથી. જે પ્રમાણથી બાધિત હોય અને અબાધિત પણ હોય તે પૂર્વમાં કહેલ અશોકવન વગેરેની વિચારણા કે વચન વિરાધક અને અવિરાધક ભાવ હોવાથી મિશ્ર કહેવાય છે. જે વિશેષ સ્વીકાર વગર વસ્તુનિર્ણયની બુદ્ધિ રહિત ફક્ત સ્વરૂપ માત્ર પ્રતિપાદન પૂર્વક વ્યવહાર યોગ્ય જે વિચારાય કે બોલાય, જેમ કે 'દેવદત્ત ઘડો લાવ', મને ગાય આપ,' વગેરે સ્વરૂપ માત્રને જણાવનાર હોવાથી વ્યવહારિક વિચારણા કે વચન જાણવું, તે સત્ય પણ નથી અને મૃષા (જૂઠ) પણ નથી પરંતુ અસત્યામૃષા છે. એમ આગમમાં કહ્યું છે. કારણ કે અનારાધક અને અવિરાધક હોવાથી, 'હે દેવદત્ત' વગેરે વિકલ્પોની વિચારણા અસત્યામૃષા મનોયોગ કહેવાય અને હે દેવદત્ત! એ વચન તે અસત્યામૃષા વચનયોગ કહેવાય.

આ પ્રમાણે ચાર પ્રકારે મનોયોગની વ્યાખ્યા કરી, તેની વ્યાખ્યાથી ચાર પ્રકારના વચનયોગની વ્યાખ્યા પણ જાણી લેવી.

(૧) **सताम् हिता सत्या**–સજ્જનોને હિતકારી જે વાણી તે સત્યવચન, તે સત્યવચનયુક્ત સહકારી કારણરૂપ જે યોગ તે સત્ય વચન યોગ અથવા પૂર્વે કહેલ રીત પ્રમાણે યોગમાં સત્યપણાનો જે ઉપચાર થાય તે સત્યવચન યોગ. સત્ય તે જ વચનયોગ. તે સત્ય વચન યોગ. બાકીનું સત્ય મનોયોગની જેમ અહિં વક્તવ્ય જાણવું.

(૨) સત્યથી વિપરીત તે અસત્ય, અસત્ય તે જ વચન અસત્ય વચન, તેના વડે અસત્ય વચનયોગ છે.

(૩) સત્ય અને અસત્યરૂપ વચન તે સત્યાસત્ય વચન, તેના વડે સત્યાસત્ય વચન યોગ.

(૪) જેમાં સત્ય નથી તે અસત્ય, જેમાં મૃષા (જૂઠ) નથી તે અમૃષા. અસત્ય અને અમૃષારૂપ વચન તે અસત્યામૃષા વચન, તેના વડે અસત્યામૃષા વચનયોગ. દરેક વચનયોગના વિષયની વ્યવસ્થા પહેલા મનોયોગમાં કહી દીધેલી છે. અહિં ત્રીજા અને ચોથા ભેદરૂપ મનોયોગ અને વચનયોગ સ્થૂલ વ્યવહારનયના મતથી જ જાણવા, જ્યારે શુદ્ધનયથી એ અદુષ્ટઆશય વિવક્ષાપૂર્વકનું સત્ય અને અજ્ઞાન વગેરે દુષ્ટાશયપૂર્વકનું અસત્ય

મનોયોગ અને વચનયોગ જાણવા. ઉભયરૂપ અનુભયરૂપ એ ભેદો સત્ય અને અસત્યમાં સમાઇ જાય છે.

કાયયોગ-૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ ઔદારિકમિશ્ર, ૫ વૈક્રિયમિશ્ર, ૬ આહારકમિશ્ર, અને ૭ કાર્મણ એમ સાત પ્રકારે છે. તેમાં ઔદારિક, વૈક્રિય અને આહારક યોગનું સ્વરૂપ આગળની ગાથામાં આવી જ ગયું છે. મિશ્ર શબ્દ ત્રણે શરીરોની સાથે જોડવો.

૧ ઔદારિક શરીરરૂપ સહકારી કારણવડે જે યોગ અથવા ઔદારિક શરીર વિષયક જે યોગ તે ઔદારિક કાયયોગ.

૨ મિશ્ર શબ્દના સંબંધથી ઔદારિકમિશ્ર. જેમાં કાર્મણ શરીર સાથે ઔદારિક શરીરનો સંયોગ થાય તે ઔદારિકમિશ્ર.

જ્યાં જીવ ઉત્પન્ન થાય તે સ્થાનમાં ઉત્પન્ન થયેલો જીવ પ્રથમ સમયે કાર્મણ શરીર વડે આહાર કરે છે. ત્યારપછી ઔદારિક શરીરનો આરંભ કરતો હોવાથી ઔદારિક કાર્મણ શરીરની સાથે મિશ્ર થઈ અન્તર્મુહુર્ત આહાર કરે છે. નિર્યુક્તિકાર પણ કહે છે કે

**जोएण कम्मएणं आहारेई अणंतरं जीवो**
**तेण परं मीसेणं जाव सरीरस्स निप्फत्ती (१)**

ઉત્પન્ન થયા પછી કાર્મણયોગથી આહાર કરે છે, તે પછી શરીરની ઉત્પત્તિ થાય ત્યાંસુધી મિશ્ર કહેવાય છે.

ઔદારિકમિશ્ર તે જ કાય ઔદારિકમિશ્રકાય. તેના વડે જે યોગ તે ઔદારિક મિશ્રકાયયોગ, કાર્મણ અને ઔદારિક બન્નેમાં મિશ્ર હોવાછતાં પણ કાર્મણમિશ્ર નથી બોલાતું કારણકે ત્યારે ઔદારિક શરીરનો પ્રારંભ થતો હોવાથી તેનો ઘણો વ્યાપાર હોવાથી, અને તેની જ મુખ્યતા હોવાથી ઔદારિકમિશ્ર કહેવાય છે.

(૩) પૂર્વે કહેલ સ્વરૂપવાળા વૈક્રિય શરીર સાથેનો જે યોગ તે વૈક્રિય કાયયોગ.

(૪) વૈક્રિયશરીરની કાર્મણની સાથે જ્યાં મિશ્રતા થાય તે વૈક્રિયમિશ્ર. આ વૈક્રિયમિશ્ર દેવનારકોને અપર્યાપ્ત અવસ્થામાં જાણવી. અહિં પણ કાર્મણમિશ્ર નહીં કહેવાનું કારણ પૂર્વમાં ઔદારિકમિશ્ર વખતે કહેલ છે તે જ જાણવું. બીજું વૈક્રિયલબ્ધિધારી બાદર પર્યાપ્ત વાયુકાય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યોને વૈક્રિય શરીર કર્યા પછી તેનો ત્યાગ કરી ફરી ઔદારિક શરીર સ્વીકારતા ઔદારિકની સાથે વૈક્રિયની મિશ્રતા હોય છે. માટે તે જીવોને પણ વૈક્રિયમિશ્ર યોગ હોય છે.

પ્ર. અહિં જેમ ઔદારિક સાથે વૈક્રિયમિશ્ર હોવાથી વૈક્રિયમિશ્ર તરીકે વ્યપદેશ થાય છે તેમ ઔદારિક પણ વૈક્રિય સાથે મિશ્ર હોય છે, તો ઔદારિકમિશ્ર એમ શા માટે કહેતા નથી ?

ઉ. તમારી વાત બરાબર નથી. જે મુખ્ય હોય તેના નામનો જ વ્યપદેશ થાય છે. વૈક્રિયના ત્યાગ વખતે ઘણા વ્યાપારવાળું હોવાથી તેની જ પ્રધાનતા હોવાથી તેનો જ વ્યપદેશ કર્યો છે. આથી વાયુકાય વગેરેના વૈક્રિયારંભ સમયે વૈક્રિયમિશ્રપણાનો વ્યપદેશ થતો નથી, કારણકે ઔદારિક શરીરમાં રહી વૈક્રિય શરીરનો આરંભ કરતો હોવાથી, તેથી પ્રારંભકપણાથી ઔદારિક શરીરનો જ ઘણો વ્યાપાર હોવાથી તેની પ્રધાનતા માટે ઔદારિકમિશ્રનો જ વ્યપદેશ થાય છે.

બીજા આચાર્યો તો વાયુકાય વગેરેને વૈક્રિયારંભકાલમાં જ વૈક્રિયમિશ્ર માને છે, કારણકે વૈક્રિયનો પ્રારંભ થતો હોવાથી તેની જ પ્રધાનતા સ્વીકારી વૈક્રિયમિશ્રના વ્યપદેશને ઇચ્છે છે. વધુ વિસ્તારથી સર્યું. વિસ્તારના ઇચ્છુકોએ પ્રજ્ઞાપના ટીકા જોઈ લેવી. વૈક્રિયમિશ્ર તે જ કાય વૈક્રિયમિશ્રકાય. તેની સાથે જે યોગ તે વૈક્રિયમિશ્ર કાયયોગ.

(૫) પૂર્વે કહેલ સ્વરૂપવાળું આહારકશરીર તેની સાથે જે યોગ તે આહારક કાયયોગ.

(૬) ઔદારિકની સાથે જેમાં આહારકશરીરની મિશ્રતા થાય તે આહારક મિશ્ર, તે જ કાય આહારકમિશ્રકાય. તેની સાથે જે યોગ તે આહારકમિશ્રકાયયોગ. જ્યારે ચૌદ પૂર્વધરો પોતાનું કાર્ય સિદ્ધ થઈ ગયા પછી આહારક છોડીને ફરી ઔદારિક શરીર સ્વીકારવા માટે પ્રવર્તે છે ત્યારે ઔદારિક સાથે આહારિકમિશ્ર થાય છે; કારણ કે આહારકનો ત્યાં ઘણો વ્યાપાર હોવાથી તેની પ્રધાનતા છે. માટે આહારકમિશ્રનો વ્યપદેશ થાય છે. અન્ય આચાર્યો આહારકના પ્રારંભકાળમાં પણ આહારિકમિશ્રતા માને છે. કારણ કે તેનો પ્રારંભ હોવાથી તેની પ્રધાનતા માની આહારકના વ્યપદેશને ઇચ્છે છે.

(૭) જેનું સ્વરૂપ બતાવ્યું છે તે કાર્મણ એ જ કાય તે કાર્મણકાય. તેની સાથે જે યોગ તે કાર્મણકાયયોગ. કાર્મણમિશ્ર કાયયોગ શા માટે હોતા નથી તેનું કારણ પૂર્વે જણાવ્યું છે. ફક્ત કાર્મણ કાયયોગ વિગ્રહગતિમાં તેમજ કેવલીસમુદઘાતના ત્રીજા, ચોથાં અને પાંચમા સમયે જ હોય છે.

તૈજસ અને કાર્મણ તો જ્યાં એક હોય ત્યાં બીજું હોય જ છે. જ્યાં એકનો અભાવ હોય ત્યાં બીજાનો પણ અભાવ હોય છે. કારણકે બંન્ને હમેશા સહવર્તી છે. આથી કાર્મણ થવાથી તૈજસનું ગ્રહણ થઈ જાય છે. આ જ અપેક્ષાએ કાર્મણ-કાયયોગથી તૈજસ કાયયોગ જુદો ગણ્યો નથી. (૫૫)

આ પ્રમાણે પંદર યોગોનું વર્ણન કર્યું. અહિં ગુણસ્થાન સ્વરૂપ જીવસમાસો ગતિ વગેરે માર્ગણાના સ્થાનોમાં વિચારણા એ ચાલુ વિષય છે એમ મનમાં ધારી ગુણસ્થાનકોનો ઉપર કહેલા યોગોમાં વિચાર કરે છે.

सच्चे असच्चमोसे सण्णी उ सजोगी केवली जाव।
सण्णी जा छउमत्थो सेसं संखाइ अंतवउ ॥५६॥

ગાથાર્થ : સત્ય અને અસત્યમૃષાયોગ સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી સયોગી કેવલી સુધી હોય છે, બાકી રહેલ યોગો અસત્ય અને સત્યાસત્ય રૂપ બે યોગો સંજ્ઞી મિથ્યાદૃષ્ટિથી ક્ષીણમોહ ગુણસ્થાનરૂપ છદ્મસ્થ ગુણસ્થાનકમાં હોય છે. શંખ વગેરે અસંજ્ઞી વિકલેન્દ્રિયોને અસત્યામૃષા વચનરૂપ છેલ્લો યોગ હોય છે.(૫૬)

ટીકાર્થ : સત્ય મનોયોગ તથા વચનયોગ તેમજ અસત્યામૃષા મનયોગ અને વચનયોગ રૂપ બે યોગો સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી લઈ સયોગી કેવલી ગુણસ્થાનક સુધી હોય છે કારણકે એકેન્દ્રિયોને મનયોગ અને વચનયોગ બિલકુલ હોતા જ નથી. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને વચનયોગ હોય છે, પણ તે ફક્ત અસત્યામૃષા રૂપ એકજ યોગ હોય છે અને તે આ ગાથામાં કહ્યો છે. આથી બાકી રહેલ સંજ્ઞીજીવોને ગ્રહણ કરવા માટે સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને કહ્યું છે. અને અયોગી કેવલીઓ બિલકુલ યોગ રહિત જ છે માટે સયોગી કેવલી સુધી કહ્યું.

બાકી રહેલ અસત્ય મનોયોગ તથા વચનયોગ અને સત્યાસત્ય મનોયોગ તથા વચનયોગ એ ચાર યોગો સંજ્ઞી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી લઈ છદમસ્થ ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી હોય છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય ચૌરિંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિયમાં આ યોગો નથી ગણ્યા, તેનું કારણ પૂર્વમાં કહેલ છે તે જ જાણવું. આ ચારે યોગો રાગ દ્વેષ, અજ્ઞાન, અનુપયોગવાળા આત્માઓને હોય છે. તે રાગ વગેરે સયોગી કેવલીઓને સંપૂર્ણ નાશ થયા છે. માટે તે છોડી છદ્મસ્થ ક્ષીણમોહ ગુણસ્થાન સુધી કહ્યું છે.

પ્ર. મિથ્યાદૃષ્ટિથી પ્રમત્તગુણસ્થાન સુધી આ ચાર યોગો સંભવી શકે છે, કારણ ત્યાં અવિશુદ્ધિ હોવાથી. પણ જે અપ્રમત્તથી ક્ષીણમોહ સુધી અત્યંત વિશુદ્ધ, વિશુદ્ધતર અને વિશુદ્ધતમ અધ્યવસાયો હોવાથી કેવી રીતે અસત્ય વગેરે ચાર યોગો સંભવી શકે?

ઉ. સાચી વાત છે. પરંતુ આ જીવોને પણ જ્ઞાનાવરણનો ઉદય હજુ પણ હોય જ છે. જ્ઞાનાવરણના ઉદયથી અનાભોગ વગેરેનો સંભવ હોઈ શકે. તે અનાભોગથી અસત્ય યોગ અવશ્ય હોઈ શકે. આથી જ ક્ષીણમોહમાં છદમસ્થ અવસ્થાના કારણે અસત્યપણાનો સંભવ છે. તો પછી બાકીના સ્થાનોમાં શું વાત કરવી? આથી આ ચાર યોગોની અપ્રમત્ત વગેરે છ ગુણસ્થાનોમાં સંભાવના હોવાથી વિરોધ આવતો નથી. આથી કહ્યું છે કે

'नहि नामानाभोगाच्छद्मस्थस्येह न भवति स्खलितम्
कर्म्मणि ज्ञानावरणे ज्ञानावरण स्वभावे हि। (१)

જ્ઞાનનું આવરણ કરવાનાસ્વભાવવાળા જ્ઞાનવરણીય કર્મના ઉદયથી અનાભોગના કારણે છદમસ્થને સ્ખલના નથી થતી એમ નથી એટલે સ્ખલના થાય છે.

સયોગી કેવલીઓને જ્ઞાનાવરણના ઉદયનો અભાવ છે, તેથી એમને અનાભોગ (અનુપયોગ) વગેરેનો સંભવ નથી હોતો, માટે એમને અસત્યતાનો સંભવ હોતો નથી. આથી અહિં આગળ અયોગી કેવલી ગ્રહણ કર્યા નથી. વધુ વિસ્તારથી સર્યું.

પ્ર. : મિથ્યાદ્રષ્ટિ ગુણસ્થાનકમાં સંજ્ઞી પંચેંદ્રિયોના જ યોગોની વિચારણા કરી, પણ તે જ ગુણસ્થાનકમાં શંખ વગેરે બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરિંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયોને વચનયોગ હોય છે તો તેનો કેમ હજુસુધી વિચાર કર્યો નથી ?

ઉ. : હવે તેની વિચારણા કરે છે. શંખ વગેરે બેઈન્દ્રિય, કાનખજુરા વગેરે તેઇંદ્રિય, ભમરા વગેરે ચૌરિંદ્રિય, માછલા વગેરે અસંજ્ઞી પંચેંદ્રિય મિથ્યાદ્રષ્ટિઓને અસત્યામૃષા રૂપ અંતિમ વચનયોગ હોય છે કારણકે અવ્યક્ત ધ્વનિવાળા હોવાથી તેઓ સત્ય કે અસત્યરૂપ વાણી બોલવા સમર્થ નથી, માટે તેમની વાણી અસત્યામૃષા રૂપ હોય છે.

પ્ર. : આગળ નરક ગતિ વગેરે માર્ગણાઓમાં કયાં કેટલા કોને ગુણસ્થાનકો પ્રાપ્ત થાય ? એ પ્રમાણે માર્ગણાઓમાં ગુણસ્થાનક રૂપ જીવસમાસોનો વિચાર કર્યો છે. અહિં આગળ એથી ઉલટું થયું છે. ગુણસ્થાન સ્વરૂપ જીવસમાસોમાં તમે યોગ માર્ગણાનો વિચાર કેમ કર્યો છે ?

ઉ. : સાચી વાત છે, પણ જ્યાં આગળ જેટલા ગુણસ્થાનરૂપ જીવસમાસોમાં જે યોગો આવે છે ત્યાં તેટલાજ યોગોમાં ગુણસ્થાનરૂપ જીવસમાસો આવશેજ માટે કોઈપણ જાતનો અર્થભેદ થતો નથી. ફક્ત પ્રસિદ્ધ અને સહેલાઈથી જાણવાના ઉપાયને આશ્રયી કયાં કોઇક વખત આવા પ્રકારની વાકય રચના હોય છે એ પ્રમાણે અર્થભેદ ન હોય તો બીજા સ્થાનોમાં પણ વાકય-રચનાના ભેદ માત્રથી મુંઝાવું નહીં. જે જીવને જે યોગ કહ્યા છે તે યોગ તેને લબ્ધિથી પ્રથમ સમયથી જ જાણવો. કરણથી તો પોતાની પર્યાપ્તિ પછી જ જાણવો. (૫૬)

આ પ્રમાણે મનવચનના યોગો ગુણસ્થાનરૂપ જીવસમાસોમાં વિચાર્યા. હવે કાયયોગની વિચારણા કરે છે.

**सुरनरया विउव्वी नर तिरि ओरलिया सवेउव्वी ।**
**आहारया पमत्ता सव्वेऽपज्जत्तया मीसा ॥५७॥**

ગાથાર્થ : દેવ અને નારકો વૈક્રિય શરીરવાળા છે, મનુષ્ય અને તિર્યંચો વૈક્રિય ઔદારિક શરીરવાળા છે, પ્રમત્ત સાધુ આહારક શરીરવાળા હોય છે. સર્વ અપર્યાપ્તાઓ મિશ્ર શરીરવાળા હોય છે.

**ટીકાર્થ**:—મિથ્યાદ્રષ્ટિ, સાસ્વાદન, સમ્યગ્ મિથ્યાદ્રષ્ટિ, અવિરત સમ્યગ્દ્રષ્ટિ એવા દેવો અને નારકો વૈક્રિયશરીરવાળા હોય છે.

પ્ર. ગાથામાં દેવો અને નારકો માટે કોઇપણ જાતનું વિશેષણ વાપર્યું નથી તો પછી તમે મિથ્યાદ્રષ્ટિ વગેરે વિશેષણ કેમ લીધા ?

ઉ. સામર્થ્યથી અહિં વિશેષણ લેવાયા છે. એ પ્રમાણે ન હોય તો ગુણસ્થાનરૂપ જીવસમાસોનો કાયયોગમાં વિચારણાનો જે વિષય છે તે ફક્ત દેવનારક વિશેષણ રહિત ગ્રહણ કરવાથી તે વિચારણા થઇ શકે નહિં અને સૂત્રકારના ચિત્તમાં પણ મિથ્યાદ્રષ્ટિ વગેરે વિશેષણો રહેલા છે, માટે એમ ન કહેવું કે સૂત્રકારનો આ અભિપ્રાય નથી.

પ્ર. સૂત્રકારના મનમાં વિશેષણ ગ્રહણનો ભાવ છે એ શી રીતે જણાય છે ?

ઉ. આગળની ગાથામાં કાર્મણ કાયયોગની વિચારણા વખતે **મિચ્છાસાસણે** વગેરે ગુણસ્થાનનો જે ઉપન્યાસ કર્યો છે તે નિશ્ચિત વિચારણા પૂર્વકનો છે; નહિં તો પ્રસંગ બહારનું કહેવાથી તેનું કાર્ય નકામું જાય છે. તેથી મિથ્યાદ્રષ્ટિ વગેરે ગુણસ્થાનકોમાં પણ દેવ વગેરે વિશેષણરૂપમાં જો યોગ વિચારણા કરાય તો પણ સામર્થ્યબળથી દેવો વગેરેમાં એ વિચારણા થાય છે. વિશેષ્ય વગર નિરાશ્રયી એવા વિશેષણનો અસંભવ છે. આથી મિથ્યાદ્રષ્ટિ વગેરે વિશેષણો અહિં પ્રસ્તુત હોવા છતાં પણ ગૌણ હોવાના કારણે મનમાં રાખી વિશેષ્ય રૂપ મુખ્ય દેવનારકો વગેરેમાં જ સૂત્રકારે કાયયોગની વિચારણા કરી છે. એ પ્રમાણે હોયે છતે દરેકેદરેક જીવસમાસમાં દેવનારક વગેરેના આધાર ભેદથી અનેકપણું સ્વીકારીને કાયયોગની વિચારણા કરવાથી વિષયની બહુલતાએ શિષ્યની બુદ્ધિના વિસ્તારરૂપ સાધ્યની સિધ્ધિ થાય છે. વધુ વિસ્તારથી સર્યું. બુધ્ધિશાળીઓએ સદ્બુધ્ધિપૂર્વક બીજી રીતે પણ આગમથી અવિરોધપણે અહિં અન્ય સમાધાન પણ કરી શકાય.

પ્ર. દેવનારકોને વૈક્રિય, વૈક્રિયમિશ્ર, કાર્મણ રૂપ ત્રણ કાયયોગનો સંભવ છે. તો અહીં એકજ વૈક્રિય કાયયોગ કેમ બતાવ્યો છે ?

ઉ. અહીં આગળ શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થાની અપેક્ષાએ કહ્યું છે અપર્યાપ્ત અવસ્થાવર્તિ વૈક્રિયમિશ્ર કાયયોગ તો આજ ગાથાના ઉત્તરપદમાં કહેશે. વિગ્રહગતિ વગેરેમાં રહેનારો કાર્મણ કાયયોગ આગળની ગાથામાં જણાવશે. આ પ્રમાણે સમજી મનુષ્ય વગેરેના વિષય કહેવાય ત્યારે અધીરાઇ કરવી નહીં.

મિથ્યાદ્રષ્ટિ, સાસ્વાદન, મિશ્ર, અવિરત, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર સંપરાય, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવલી રૂપ મનુષ્યો તથા મિથ્યાદ્રષ્ટિ, સાસ્વાદન, મિશ્ર, અવિરત અને દેશવિરત રૂપ તીર્યંચોને ઔદારિક

કાયયોગ હોય છે. અને વૈક્રિય કાયયોગ વાળા પણ છે. મિથ્યાત્વ વગેરે વિશેષણથી વિશિષ્ટ મનુષ્યો અને તિર્યંચો ઔદારિક કાયયોગવાળા જ હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોને સંકિલષ્ટપણા વડે અને વૈક્રિય લબ્ધિના અભાવથી તથા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા હોવાછતાં પણ સકલ પર્યાપ્તિએ અપર્યાપ્ત અવસ્થામાં મરણનો સંભવ હોવાથી ફક્ત ઔદારિક કાયયોગ હોય છે. અપ્રમત વગેરે ગુણસ્થાનકવાળાને અતિ વિશુધ્ધિ હોવાથી વૈક્રિય વગેરે લબ્ધિઓનો ઉપયોગ હોતો નથી. માટે તેમને વૈક્રિય શરીર હોતું નથી.

ગર્ભજ તિર્યંચોને જ વૈક્રિય શરીર હોય છે. સંમૂર્ચ્છિમ તિર્યંચોને તો વૈક્રિય લબ્ધિનો અભાવ હોવાથી વૈક્રિય શરીર હોતું નથી.

પ્રમત્ત ચૌદપૂર્વધર મહામુનિઓને આહારક કાયયોગ હોય છે.

પ્ર. આહારકના પ્રારંભ કાલમાં જ લબ્ધિના ઉપયોગનો સંભવ હોવાથી તેના કર્તાને પ્રમત્તપણું હોય છે એમ અન્ય જગ્યાએ કહ્યું છે. આહારક શરીર બન્યા પછી ઉત્સુકતાની નિવૃત્તિ હોવાથી તે મહામુનિ અપ્રમત્ત પણ થાય છે. તો પછી આહારક કાયયોગ પ્રમત્તને જ શા માટે કહ્યો ?

ઉ. સાચી વાત છે. પરંતુ અન્ય જગ્યાએ પણ જેઓનો આ મત છે કે આહારક શરીરના પ્રારંભમાં અને અને અંતમાં તે શરીરના કર્તા પ્રમત્ત જ હોય છે. લબ્ધિનો ઉપયોગ હોવાથી. આ મત જ અહિં લીધો હોવાથી કોઈ પણ જાતનો વાંધો રહેતો નથી. વૈક્રિય શરીરમાં પણ આ જ મતને લઈને જ અપ્રમત્તમાં વૈક્રિયશરીરનો નિષેધ કરાય છે એમ વિચારી લેવું.

પૂર્વમાં કહેલ મિથ્યાત્વ વગેરે વિશેષણોથી યુક્ત દેવ વગેરે સર્વે અપર્યાપ્ત અવસ્થામાં જ્યાં સુધી શરીર–પર્યાપ્તિ પૂરી ન થાય ત્યાં સુધી તેઓ મિશ્ર કાય-યોગવાળા હોય છે.

દેવો અને નારકો અપર્યાપ્ત અવસ્થામાં વૈક્રિયમિશ્ર કાયયોગવાળા હોય છે. તેઓ અપર્યાપ્ત અવસ્થામાં મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદની અવિરતસમ્યક્ત્વી હોય છે. મિશ્ર ગુણઠાણાવાળા હોતા નથી. કારણકે અપર્યાપ્તને મિશ્ર ગુણઠાણાનો અસંભવ છે.

પ્ર. અપર્યાપ્ત અવસ્થામાં મિશ્રગુણઠાણું તે ભવનું કે અન્યભવનું હોઈ શકે ખરૂં ?

ઉ. અપર્યાપ્ત અવસ્થામાં પરભવ સંબંધી મિશ્ર ગુણઠાણું હોતું નથી કેમકે મિશ્રદૃષ્ટિને મરણનો અભાવ છે. **न सम्ममिच्छो कुणइ कालं** એ પ્રમાણે વચનથી તે ભવસંબંધી પણ હોતું નથી. કેમકે તે જો મિથ્યાદૃષ્ટિપણામાં પૂર્વભવમાંથી આવ્યો હોય ત્યારે અપર્યાપ્ત દશામાં તેવા પ્રકારની વિશુદ્ધિનો અભાવ હોવાથી મિશ્ર ગુણઠાણામાં જીવ જતો નથી. હવે સાસ્વદનપણામાં પૂર્વભવમાંથી આવ્યો હોય તો છ આવલિકા પછી જરૂર મિથ્યાત્વમાં જાય છે, પણ મિશ્રમાં જતો નથી. સમ્યકત્વપણામાં જો ઉત્પન્ન

થાય તો તરતજ મિશ્રપણામાં ગમન થતું જ નથી. બીજા સ્થાનોમાં તેનો નિષેધ છે. કહ્યું છે કે,

'मिच्छत्ता संकंति अविरुद्धा होइ दोसु पुंजेसु ।
मिसाओ या दोसुं सम्म मिच्छं न उण मीसं' ॥

અશુધ્ધ પુંજરૂપ મિથ્યાત્વમાંથી શુધ્ધપુંજ રૂપ સમ્યક્ત્વ અને અર્ધ શુદ્ધ પુંજો રૂપ મિશ્રમાં જવું એટલે સંક્રાંત થવું અવિરૂદ્ધ છે. મિશ્રમાંથી સમ્યક્ત્વ અને અને મિથ્યાત્વમાં જવાય છે. પણ સમ્યક્ત્વમાંથી મિશ્રમાં નથી જવાતું.

આથી જ અપર્યાપ્ત અવસ્થામાં સમ્યગ્મિથ્યાદૃષ્ટિઓ હોતા નથી, તેથી દેવનારકોને વૈક્રિયમિશ્રનો સંભવ નથી.

અપર્યાપ્ત મનુષ્યો અને તિર્યંચોને પૂર્વોક્ત સ્વરૂપવાળો ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. તેઓને અપર્યાપ્ત અવસ્થામાં મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરત સમ્યગદૃષ્ટિપણુ જ હોય છે પણ મિશ્રપણુ હોતુ નથી. મિશ્રપણું ન હોવાના કારણો વૈક્રિયમિશ્રમાં કહ્યા છે. તે જ સર્વે અહિં જાણવા. દેશવિરત વગેરે ગુણસ્થાનકો પણ અપર્યાપ્ત અવસ્થામાં હોતા નથી. કારણકે એ ગુણસ્થાનકો વિરતિથી જ હોય છે અને અપર્યાપ્ત અવસ્થામાં વિરતિનો અંશ પણ હોતો નથી.

પ્ર : 'सव्वे अपज्जत्तगा मीसा' એ પ્રમાણે ગ્રંથકારે કહ્યું છે તે બરાબર લાગતું નથી, સયોગી કેવલી એવા પર્યાપ્ત મનુષ્યોને કેવલી સમુદ્ઘાત વખતે બીજા, છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્ર કાયયોગનો સંભવ છે. વૈક્રિય લબ્ધિધારી પર્યાપ્તા મનુષ્યો અને તિર્યંચોને વૈક્રિયના આરંભ વખતે પૂર્વોક્તસ્વરૂપવાળો વૈક્રિયમિશ્રનો સંભવ છે. ચૌદ પૂર્વધર પર્યાપ્તા મનુષ્યોને આહારકના આરંભ વખતે આહારકમિશ્ર સારીરીતે પ્રસિધ્ધ છે. આ બધા જીવો અપર્યાપ્તા નથી. ઉત્પન્ન થવાના પ્રથમ અંતમુહુર્તકાળ માત્ર દરેક જીવો અપર્યાપ્ત રૂપે હોય છે એમ સિધ્ધાંતમાં કહ્યુ છે. ત્યાં અપર્યાપ્ત અવસ્થામાં કેવલી વગેરે ભાવોનો અસંભવ છે.

ઉ. : સાચી વાત કહી પરંતુ તમે અભિપ્રાય જાણતા નથી. અહીં આગળ સિધ્ધાંતમાં કહેલ અપર્યાપ્તપણાની વ્યાખ્યા સૂત્રકારે વિવક્ષી નથી, પરંતુ અપૂર્ણ શરીરવાળા અપર્યાપ્ત એ વિવક્ષા ગ્રહણ કરી છે. અને એ વ્યાખ્યાના આધારે વૈક્રિયશરીર બનાવતા મનુષ્યો અને તિર્યંચોને વૈક્રિયમિશ્ર, ચૌદપૂર્વધરોને આહારક, શરીરના આરંભ વખતે આહારક-મિશ્ર, અને કેવલીઓને સમુદ્ઘાત વખતે બીજા વગેરે સમયોમાં ઔદારિક શરીર અપૂર્ણ જ હોવાથી આ ત્રણે શરીરો સંપૂર્ણ વ્યાપાર રહિત હોવાથી અપૂર્ણ શરીર છે. માટે

અપૂર્ણ શરીર હોવાથી તે સર્વજીવોને અપર્યાપ્તા જ ગણવા. અપર્યાપ્તા ગણવાથી સર્વ મિશ્ર શરીરનો પણ સમાવેશ થઈ જાય છે.

ગુણસ્થાનકો એઓમાં જેને જેટલા સંભવે તેઓને તે પ્રમાણે સ્વયં વિચારી લેવા, ફક્ત મિશ્રદ્રષ્ટિ ગુણસ્થાને મનુષ્ય તીર્યંચોને વૈક્રિય મિશ્ર હોતું નથી. અન્ય સ્થાનોમાં તે ન કહ્યું હોવાથી. તેઓ વૈક્રિય કેમ નથી કરતા તેનું ગમે તે કારણ હોય તે કેવલીઓ અથવા બહુશ્રુતો જાણે. વધુ વિસ્તારથી સર્યું. (૫૭)

હવે કાર્મણ કાયયોગમાં જીવસમાસોનો વિચાર કરે છે.

**मिच्छा सासण अविरय भवंतरे केवली समुहया य ।**
**कम्मयओ काओगो न सम्ममिच्छो कुणई कालं ॥५८॥**

ગાથાર્થ : કાર્મણ કાયયોગ ભવાંતરમાં જતા મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરત ગુણસ્થાનકે હોય છે. તથા કેવલી સમુદ્ઘાતમાં સયોગી કેવલી ગુણસ્થાનકે હોય છે, અને મિશ્રદ્રષ્ટિપણામાં જીવ મૃત્યુ પામતો નથી. (૫૮)

ટીકાર્થ : ભવાંતરમાં જતા વચ્ચે વિગ્રહગતિમાં મિથ્યાદષ્ટિઓ, સાસ્વાદનીઓ અને અવિરત સમ્યગદષ્ટિઓ કાર્મણ કાયયોગમાં હોય છે. 'सुपां सुपो भवन्ति' સૂત્રથી વિભક્તિનો વ્યત્યય થવાથી 'કાર્મણ કાયયોગમાં' એવો અર્થ થાય છે. પૂર્વના ઔદારિક શરીરનો પહેલા ત્યાગ કરી દીધો છે. અને આગળના ભવનું શરીર હજુ પ્રાપ્ત થયું નથી તે વખતે વિગ્રહગતિમાં કાર્મણ કાયયોગ જ હોય છે.

કેવલીઓ જ્યારે કેવલીસમુદ્ઘાત કરતા હોય ત્યારે ત્રીજા ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગમાં જ હોય છે. તે આ પ્રમાણે કહેવાય છે. કોઈ પણ કેવલી ભગવંતો મુક્તિગમનનો કાળ નજીક આવે ત્યારે પોતાનું આયુકર્મ થોડું છે અને વેદનીય કર્મ તો હજી પણ ઘણું છે એમ જાણીને આયુષ્યથી અધિક વેદનીયની સ્થિતિ ખપાવવા માટે પોતાના જીવપ્રદેશો વડે સમસ્ત લોકમાં ફેલાવા માટે દંડ, કપાટ વગેરેના ક્રમપૂર્વક સમુદ્ઘાત કરે તે જ કહે છે.

જે કેવલીઓને આયુષ્ય કર્મથી અધિક અન્ય કર્મ હોય તો તે સરખા કરવા માટે કેવલી ભગવાન સમુદ્ઘાત કરે છે. 'પહેલા સમયમાં દંડ, બીજા સમયમાં કપાટ, ત્રીજા સમયે મંથાન અને ચોથા સમયે લોકવ્યાપિ થાય છે. પાંચમા સમયે આંતરાઓ સંહરે છે, છઠે સમયે મંથાન સંહરે, સાતમા સમયે કપાટનું સંહરણ કરે છે અને આઠમે સમયે દંડનું સંહરણ કરે છે.

પ્ર. આ આઠ સમયમાં કયા સમયે કયો યોગ હોય છે?

ઉ. ઔદારિક શરીરવાળા પ્રારંભ કરનાર હોવાથી પહેલા અને આઠમા સમયે ઔદારિક યોગ, બીજા, છઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્ર યોગ, ચોથા, પાંચમા અને ત્રીજા સમયે કાર્મણ યોગ હોય છે અને આ ત્રણ સમયમાં જીવ નિયમા અણાહારી હોય છે. આ પ્રમાણે કેવલીઓ સમુદ્ઘાત કરતા હોય ત્યારે ત્રણ સમયમાં કાર્મણ કાયયોગ મળે છે, બાકીના દેશવિરત વગેરે જીવસમાસો કાર્મણ કાયયોગમાં હોતા નથી. સયોગી કેવલી છોડી બીજાઓને વિગ્રહગતિમાં જ ફક્ત કાર્મણ કાયયોગ હોય છે. તેઓમાં દેશવિરત વગેરે ગુણસ્થાનકનો અભાવ છે.

મરણ પામેલા જ્યાં સુધી અન્યસ્થાન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેને વિગ્રહગતિ હોય છે. તે વિગ્રહગતિમાં મિશ્રદૃષ્ટિ જીવો હોતા નથી, કારણકે આગમમાં તેમને મૃત્યુનો નિષેધ કર્યો છે. જ્યાં સુધી જીવ મિશ્રદૃષ્ટિમાં વર્તતો હોય ત્યારે મૃત્યુને પામતો નથી, તથા પ્રકારના સ્વભાવથી.

હવે '**सच्चे असच्चमोसे.**' (૫૬, ૫૭, ૫૮) વગેરે ત્રણ ગાથાઓમાં કહેલ અર્થના જ તાત્પર્યને કહે છે. મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન, અવિરતસમ્યગ્દૃષ્ટિરુપ ત્રણ જીવસમાસો ચાર પ્રકારના મનોયોગ, ચાર પ્રકારના વચનયોગ, ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, કાર્મણ કાયયોગરુપ તેર યોગોમાં હોય છે મિશ્રદૃષ્ટિ રૂપ જીવસમાસ ચાર પ્રકારના મનયોગ, ચાર પ્રકારના વચનયોગ, અને ઔદારિક તથા વૈક્રિય કાયયોગરૂપ દશ યોગોમાં છે, દેશવિરત ઉપર કહેલ દશ યોગો તેમજ વૈક્રિયમિશ્ર ભેળવતા અગિયાર યોગોમાં છે. પ્રમત્ત સંયતો ઉપર કહેલ અગિયાર યોગો તેમજ આહારકદ્વીક સહિત તેર યોગોમાં છે, અપ્રમત્તથી ક્ષિણમોહ સુધીના છ જીવસમાસો ચાર પ્રકારનો મનોયોગ, ચાર પ્રકારનો વચનયોગ અને ઔદારિકયોગરૂપ નવ યોગોમાં છે. સયોગી કેવલીઓ, સત્ય અને અસત્યામૃષારુપ, મન તથા વચન યોગ રુપ ચાર યોગો તેમજ ઔદારિક, ઔદારિક-મિશ્ર અને કાર્મણ રૂપ સાત યોગોમાં હોય છે. એ પ્રમાણે પૂર્વમાં કહેલ ગ્રંથાનુસારે કહ્યું છે. ' કહ્યું છે કે તેર યોગોમાં ચાર જીવસમાસો, દશયોગમાં એક જીવસમાસ, અગિયારયોગમાં એક જીવસમાસ, નવ યોગોમાં છ જીવસમાસો, સાતયોગોમાં એક જીવસમાસ હોય છે. યોગરહિત હોવાથી અયોગી કેવલી ગુણસ્થાનકમાં એક પણ યોગ હોતો નથી.(૫૮)

યોગદ્વાર કહ્યું. હવે વેદ તથા કષાય દ્વાર કહે છે.

## પ્રકરણ-૭

### વેદકષાય

**नेरइया नपुंसा तिरिक्ख मणुआ तिवेयया हुंति।**
**देवा य इत्थि पुरिसा गेविज्जाई पुरिसवेया ॥५९॥**

ગાથાર્થ : નારકોને નપુંસકવેદ, તિર્યંચો અને મનુષ્યોને ત્રણ વેદ અને દેવોને સ્ત્રી અને પુરૂષવેદ તથા ગ્રેવેયક વગેરે દેવોને પુરૂષવેદ હોય છે. (૫૯)

**ટીકાર્થ**-સ્ત્રી વગેરેના ભોગની ઇચ્છાને ઉત્પન્ન કરવા વડે જે અનુભવાય તે વેદ. તે ચારિત્ર મોહનિયમાં રહેલ કર્મ પુદ્ગલ વિશેષ છે તેના ત્રણ ભેદ છે. ૧, સ્ત્રીની પુરૂષ તરફની જે ભોગ ઇચ્છા તે ઉત્પન્ન કરનાર વેદ તે સ્ત્રીવેદ. ૨ પુરૂષની સ્ત્રી તરફની જે ભોગ ઇચ્છા ઉત્પન્ન કરનાર વેદ તે પુરૂષવેદ. ૩ નપુંસકની સ્ત્રી તથા પુરુષ તરફની ભોગઇચ્છા ઉત્પન્ન કરનાર વેદ તે નપુંસકવેદ.

આ ત્રણે પ્રકારનો વેદ આધાર વગર એટલે નિરાશ્રયી હોતો નથી માટે તેની વિચારણા નરક વગેરે દ્વારોથી કરે છે. નારકોમાં નપુંસક વેદ જ હોય છે, કારણકે તેને અતિસંક્લિષ્ટ અધ્યવસાય હોવાથી બાકીના બે વેદોનો અસંભવ છે. તિર્યંચ અને મનુષ્યોને ત્રણ વેદ હોય છે, તેમાં એકેંદ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, સંમુચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં ફક્ત નપુંસક વેદ જ હોય છે. અને ગર્ભજ તિર્યંચો તથા મનુષ્યોને ત્રણે વેદ હોય છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને સૌધર્મઇશાન રૂપ બે દેવલોક સુધીના દેવોને ઉપપાત(જન્મ)ને આશ્રયી સ્ત્રીવેદ અને પુરૂષવેદ હોય છે, કેમકે દેવો અને દેવીઓની ઉત્પત્તિ આમાં જ થાય છે. સનતકુમાર વગેરે ઉપરના દેવોમાં ઉપપાત(જન્મ)થી પુરૂષવેદ જ હોય છે, ત્યાં દેવીનો ઉપપાત (જન્મ) હોતો નથી. સૌધર્મેશાન દેવીઓ અચ્યુતદેવલોકના દેવોને ભોગમાં આવે છે માટે સંભોગ આશ્રયી બાર દેવલોક આશ્રયી સ્ત્રી અને પુરૂષવેદ હોય છે. ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવોને સ્ત્રી સંભોગનો અભાવ હોવાથી બિલકુલ પુરૂષવેદવાળા જ હોય છે. (૫૯)

સ્વરૂપથી અને આશ્રયથી એમ બે પ્રકારે વેદ કહ્યા. હવે તેમાં ગુણસ્થાનક રૂપ જીવસમાસોનો વિચાર કરે છે.

अनियट्टन्त नपुंसा सन्नी पंचिंदिया य थी पुरिसा ।
कोहो माणो माया नियट्टि लोभो सरागंतो ॥६०॥

ગાથાર્થ : સંજ્ઞી પંચેન્દ્રિયને નપુંસકવેદ, સ્ત્રીવેદ અને પુરૂષવેદ. અનિવૃત્તિ બાદર સંપરાય સુધી હોય છે. ક્રોધ, માન, માયા પણ અનિવૃત્તિ બાદર સંપરાય સુધી અને લોભ સરાગ એટલે સૂક્ષ્મસંપરાય સુધી હોય છે.

**ટીકાર્થ**–મિથ્યાત્વથી લઈ અનિવૃત્તિબાદર સંપરાય રૂપ નવ ગુણસ્થાનમાં નપુંસકવેદ, સ્ત્રીવેદ અને પુરૂષવેદ હોય છે.

પ્ર. એકેન્દ્રિય વગેરે જીવોમાં રહેલ નપુંસકવેદ આશ્રયીને આ વાત છે ?

ઉ. ના, જેઓ મિથ્યાત્વથી લઈ અનિવૃત્તિ બાદર સુધીમાં રહેલ સંજ્ઞી ગર્ભજ પંચેન્દ્રિય નપુંસકોને આશ્રયીને આ વાત છે તાત્પર્યાર્થ અનિવૃત્તિ સુધીના નવ ગુણઠાણાઓ જુદા જુદા જીવોને આશ્રયી ત્રણે વેદોમાં મળે છે સૂક્ષ્મ સંપરાય વગેરે ગુણઠાણા વેદોદય રહિતના છે.

"વેદદ્વાર પૂર્ણ. કષાયદ્વાર કહે છે."

**कष शिष** વગેરે ધાતુ સમુદાય હિંસા અર્થમાં છે. નરક વગેરે સ્થાનોમાં પ્રાણીઓની જેના વડે હિંસા કરાય છે તે કષકર્મ અથવા જેમાં જીવ પરસ્પર એકબીજાની હિંસા કરે છે તે કષ એટલે સંસાર. તે જ કષનો લાભ એટલે પ્રાપ્તિ જેનાથી થાય તે કષાય. તે ક્રોધ, માન. માયા, લોભ રૂપે ચાર પ્રકારે પ્રસિદ્ધ છે. આથી સૂત્રમાં તેઓનું નિરૂપણ કરી તેઓમાં જીવસમાસોનો વિચાર કરે છે.

મિથ્યાદૃષ્ટિથી અનિવૃત્તિબાદર સુધીના નવ જીવસમાસો ક્રોધ, માન, માયા રૂપ ત્રણ કષાયોમાં હોય છે અને લોભ કષાયોમાં ઉપરના નવ જીવસમાસો તથા સૂક્ષ્મસંપરાયરૂપ દશ જીવસમાસો હોય છે. આથીજ સૂક્ષ્મકીટ્ટીકૃત લોભ લક્ષણરૂપ રાગવાળું તે સરાગ એટલે સૂક્ષ્મસંપરાય ગુણઠાણા સુધીજ તેનો સંભવ છે, તે પછી કષાયનો અંત થવાથી અભાવરૂપ અંત રહેલ છે જેને સરાગાંત લોભ કહેવાય છે.

અહિં તાત્પર્ય આ પ્રમાણે છેઃ– ક્રોધ, માન, માયા રૂપ ત્રણ કષાયનો ઉદય અનિવૃત્તિબાદર પછી નાશ પામે છે અને આગળ તેનો ઉદય હોતો જ નથી, માટે નવ જીવસમાસો ત્રણ કષાયમાં મળે છે. લોભ કષાયનો ઉદય સૂક્ષ્મસંપરાય સુધી હોવાથી સૂક્ષ્મસંપરાય સુધી દશ જીવસમાસો મળે છે.

---

## પ્રકરણ-૮

### જ્ઞાનદ્વાર

કષાય દ્વાર કહ્યું. હવે જ્ઞાનદ્વાર કહે છે.

**आभिणि सुओहिमण केवलं च नाणं तु होइ पंचविहं ।**
**उग्गह ईह अवाय धारणाऽऽभिणिबोहियं चउहा ॥६१॥**

**ગાથાર્થ : આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એમ પાંચ પ્રકારે જ્ઞાન છે. તેમાં અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એમ ચાર પ્રકારે આભિનિબોધિક છે. (૬૧)**

**ટીકાર્થ:**- જેના વડે વસ્તુ જણાય તે જ્ઞાન અથવા જાણકારી તે જ્ઞાન. સામાન્ય વિશેષરૂપ પદાર્થમાં વિશેષરુપ બોધને ગ્રહણ કરનાર તે જ્ઞાન. તે જ્ઞાનો શબ્દના એક દેશથી સમસ્ત પદાર્થનો બોધ થાય છે. જેમ 'ભીમ' શબ્દથી ભીમસેન રૂપ સંપૂર્ણ શબ્દ બોધ થાય છે. એ ન્યાયથી અહિં પણ આભિનિબોધિકજ્ઞાન, (મતિજ્ઞાન) શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અને કેવલજ્ઞાન, એમ પાંચ પ્રકારે છે.

**૧ आभि-अभिमुखे સન્મુખ नीयि नैयत्ये. નક્કી.**

યોગ્ય પ્રદેશ સ્થિત સન્મુખ રહેલા પદાર્થનો નિયત ઇન્દ્રિયને આશ્રયી પોતપોતાના વિષયની અપેક્ષા પૂર્વકનો બોધ તે આભિનિબોધ. તે આભિનિબોધને, સ્વાર્થિક તદ્ધિતના પ્રત્યય લાગવાથી આભિનિબોધિક જ્ઞાન થાય છે. અથવા જે પદાર્થને તે જાણે તે આભિનિબોધ, કર્તરિ પ્રયોગમાં થાય છે અથવા આત્માવડે જે સંવેદાય તે આભિનિબોધ એમ કર્મણિ પ્રયોગમાં થાય છે. અને તે આભિનિબોધ જ આભિનિબોધિક જ્ઞાન છે.

૨ **श्रवणं श्रुतं** શબ્દો વડે ભીંજાયેલા (બોલાયેલા) અર્થગ્રહણ રૂપ જે ઉપલબ્ધ (જ્ઞાન) તે શ્રુતજ્ઞાન, અથવા સંભળાય તે શ્રુત-શબ્દ, કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી, શબ્દ જ્ઞાનનું કારણ હોવાથી તેમાં જ્ઞાનનો ઉપચાર કરાયો છે. આથી શબ્દ એ શ્રુત કહેવાય છે.

૩ ઈંદ્રિય વગેરેની અપેક્ષા વગર આત્મા જે પદાર્થનું જેનાવડે સાક્ષાત જ્ઞાન કરે છે; તે અવધિજ્ઞાન, અથવા અવધિ એટલે મર્યાદા. રૂપી દ્રવ્યોનું મર્યાદા પૂર્વક જે જ્ઞાન વપરાય (કરાય) તે અવધિજ્ઞાન.

૪ કાયયોગ વગેરેથી સંજ્ઞી જીવો વડે, પૂર્વમાં જેનું સ્વરૂપ કહ્યું છે તે મનને જેનાવડે જાણે તે મનઃપર્યાયજ્ઞાન(પર્યવજ્ઞાન) કર્મણિમાં અણ પ્રત્યય થવાથી મનઃપર્યાય શબ્દ થયો.

૫ કેવલ એટલે એક, અસહાય, અસાધારણ, અનંત, અપરિશેષ કહેવાય છે. એક એટલે કેવળજ્ઞાન હોયે છતે બાકીના છાદમસ્થિક જ્ઞાનદર્શનનો અભાવ થાય છે, ઈંદ્રિય અને મન વગર કરેલી સહાય રહિતપણે પદાર્થને જે જાણે તે અસહાય, કેવળજ્ઞાન સમાન બીજું કોઈ જ્ઞાન ન હોવાથી અસાધારણ, અનંતકાળ સુધી હોવાથી અનંત કહેવાય છે. અપરિશેષ એટલે સંપૂર્ણદ્રવ્ય વગેરે જ્ઞેય પદાર્થોને ગ્રહણ કરનાર હોવાથી અપરિશેષ.

આ પાંચ જ્ઞાનોમાં આભિનિબોધિક એટલે મતિજ્ઞાન, અવગ્રહ, ઈહા, અપાય, અને ધારણાના ભેદથી ચારે પ્રકારે છે. (૬૧)

અવગ્રહ વગેરેના ભેદો કહે છે.

पंचहि वि इंदिएहिं मणसा अत्थोग्गहो मुणेयव्वो ।
चक्खिदिया मणरहियं वंजणमीहाइय छद्धा ॥६२॥

ગાથાર્થ : પાંચ પ્રકારની ઇન્દ્રિયો અને મનવડે છ પ્રકારનો અર્થાવગ્રહ જાણવો. વ્યંજનાવગ્રહ ચક્ષુરિંદ્રિય અને મન વગર ચાર પ્રકારે છે. ઇહા, અપાય અને ધારણા ઇન્દ્રિયો અને મનસહિત છ પ્રકારે છે. (૬૨)

ટીકાર્થ—અવગ્રહ વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એમ બે પ્રકારે છે.

(૧) શબ્દાદિ પદાર્થો જેના વડે પ્રગટ થાય તે વ્યંજન.

પ્ર. તે વ્યંજન શું છે ?

ઉ. કાન, નાક, જીભ, સ્પર્શરૂપ ઇંદ્રિયોનો કદંબના ફૂલ વગેરેના આકારરૂપ ઉપકરણેંદ્રિયોનો શબ્દ, ગંધ, રસ, સ્પર્શ વિષયક પરિણત દ્રવ્યો સાથે એકબીજાનો પ્રથમ સ્પર્શ રૂપ જે સંબંધ તે વ્યંજન કહેવાય છે. બીજું ઇંદ્રિય વડે પદાર્થનું પ્રગટ થવાથી તે ઇંદ્રિય પણ વ્યંજન તરીકે મનાય છે. તેથી ઇન્દ્રિયરૂપ વ્યંજન વડે વિષયસંબંધરૂપ વ્યંજનનું જે જાણવું તે વ્યંજનાગ્રહ કહેવાય. આમા એક વ્યંજનનો લોપ કરવાથી વ્યંજનાવગ્રહ કહેવાય છે.

પ્ર. તો પછી આ વ્યંજનાવગ્રહ શું વસ્તુ છે ?

ઉ. જેનો અર્થ કહેવાનો છે એવા અવ્યક્ત જ્ઞાનરૂપ અર્થાવગ્રહથી પણ નીચેના સ્તરનું અત્યંત અવ્યક્ત જ્ઞાન રૂપ છે.

આ વ્યંજનાવગ્રહ વિષયની સાથે સંબંધ રહિત એવા અપ્રાપ્યકારી આંખ અને મન વગર ચાર ઈંદ્રિયોના ભેદથી ચાર પ્રકારે છે. વ્યંજનાવગ્રહમાં ઇન્દ્રિયનો અને પદાર્થનો સંબંધ હોય છે.

૨ **અર્યત इति अर्थः** પદાર્થ તરફ જે જાય તે અર્થ. શબ્દ, રૂપ, રસ, ગંધ વગેરે અર્થો એટલે પદાર્થોમાંથી કોઈપણ એક અર્થનું અનિયતપણે સામાન્યરૂપથી જે ગ્રહણ કરાય તે અર્થાવગ્રહ. આ જ્ઞાન પણ અવ્યક્ત જ્ઞાન જ છે. તે મન અને પાંચ ઈંદ્રિય સહિત છ પ્રકારે ઉત્પન્ન થતું હોવાથી છ પ્રકારે છે. સૂત્રકાર પણ કહે છે કે 'પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠા મન રૂપ કારણ વડે જે ઉત્પન્ન થાય તે અર્થાવગ્રહ, તે છ પ્રકારે જાણવો.' આ બે માં પ્રથમ વ્યંજનાગ્રહ અને પછી અર્થાવગ્રહ એ પ્રમાણે ક્રમ છે. ગાથામાં જે વ્યુત્ક્રમ છે તે સૂત્રકાર વડે ગાથાબંધ (છંદ) ની અનુકુળતા વગેરે કોઈપણ કારણથી આ પ્રમાણે વિપરીત ગ્રહણ કરાયું છે એમ વિચારવું.

તે પછી આભિબોધિક જ્ઞાનના ઈહા, અપાય અને ધારણાના ભેદો પણ દરેક પાંચ ઈંદ્રિય અને મન વડે જ ઉત્પન્ન થતા હોવાથી છ છ પ્રકારે જાણવા.

૩ અર્થાવગ્રહ વડે ગ્રહણ થયેલા જ થડ વગેરે પદાર્થોને પણ આ શું છે? થડ છે કે પુરૂષ? આવા પ્રકારની પદાર્થ ધર્મના સંશોધનાત્મક જ્ઞાનની જે ચેષ્ટા તે ઈહા કહેવાય છે. અથવા તો 'આ જંગલ છે, સૂર્ય આથમી ગયો છે. માટે હાલમાં અહિં માનવની સંભાવના નથી, આ પક્ષી વગેરેથી સેવાઇ રહ્યું છે, માટે આ સ્થાણુ છે.' આ પ્રમાણે અન્વય ધર્મ ઘટવાથી અને વ્યતિરેક ધર્મ દૂર થવા રૂપ નિશ્ચય સન્મુખ લઈ જતું જે જ્ઞાન વિશેષ તે ઇહા.

૪ ઇહિત કરેલી વસ્તુઓને 'આ પદાર્થ સ્થાણુ જ' એવા પ્રકારનો નિશ્ચયાત્મક બોધ-વિશેષ તે અપાય.

૫ એ પ્રમાણે નિશ્ચય કરેલા પદાર્થને, અવિચ્યુતિ, વાસના, સ્મૃતિરૂપ એમ ત્રણ પ્રકારે ધારે તે ધારણા કહેવાય છે.

૧ અપાય વડે નિશ્ચિત કરેલ ઘડા વગેરેના ઉપયોગને અંતર્મુહુર્ત કાળ માત્ર ધારી રાખવું તે અવિચ્યુતિ કહેવાય છે.

૨ એક વખત નિશ્ચિત કરેલા ઘડા વગેરે પદાર્થને સંખ્યાત કાળ કે અસંખ્યાત કાલ સુધી અથવા ફરી જોવાથી તેના નિશ્ચયરૂપ જે સંસ્કાર તે વાસના.

૩ પૂર્વમાં જોયેલા પદાર્થને કાળાંતરમાં ફરી જે સ્મરણ કરાય તે સ્મૃતિ. એ પ્રમાણે ધારણા ત્રણ પ્રકારે છે. (૯૨)

આ પ્રમાણે સંક્ષેપથી મતિજ્ઞાનના ભેદો કહ્યા. વિસ્તારથી તો બધાય ભેદો આવશ્યક વગેરેથી જાણી લેવા. હવે શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના ભેદોનું નિરૂપણ કરે છે.

अंग पविट्ठियर सुय ओहि भवे पतिगुणं च विन्नेयं ।
सुरनारएसु य भवे भवं पति सेसमियरेसुं ॥६३॥

ગાથાર્થ : અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એમ બે પ્રકારે શ્રુતજ્ઞાન છે. અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એમ બે પ્રકારે જાણવું. દેવ અને નારકોમાં ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે. અને બાકીનામાં ગુણપ્રત્યયિક હોય છે.

ટીકાર્થ : આચારાંગ વગેરે અંગોરૂપ અંગપ્રવિષ્ટ અને ઉત્તરાધ્યયન, દશવૈકાલિક અને આવશ્યક વગેરે રૂપ અંગબાહ્ય એમ બે પ્રકારે શ્રુતજ્ઞાન છે.

અવધિજ્ઞાન પણ ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એમ બે પ્રકારે છે. તેમાં દેવોમાં અને નારકોમાં ભાવ પ્રત્યેયિક જ અવધિજ્ઞાન થાય છે દેવ અને નરકભવમાં જન્મ એજ અવધિજ્ઞાન માટે કારણ છે. નહિં કે તપ વગેરે ગુણો, તે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવાય.

દરેક અવધિજ્ઞાનમાં અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ એજ કારણ છે. છતાં પણ તે ક્ષયોપશમ દેવલોકમાં અને નરકોમાં જન્મ પછી તરતજ થાય છે. તપ વગેરે ગુણોની અપેક્ષા વગર જેમ પક્ષીઓને આકાશમાં ઉડવાની શક્તિની જેમ, તેમ દેવનારકોને પણ ભવપ્રત્યયિક અવધિજ્ઞાન થાય છે.

બીજા તિર્યંચો અને મનુષ્યોને બાકી રહેલું ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન થાય છે. (૬૩)

'બીજી રીતે પણ અવધિજ્ઞાનના ભેદો કહે છે.'

अणुगामि अवट्ठिय हीयमाणमिइ तं भवे सपडिवक्खं ।
ऊज्जुमई विऊलमई मणनाणे केवलं एक्कं ॥६४॥

ગાથાર્થ : અનુગામિ, અવસ્થિત અને હીયમાન અને એના પ્રતિપક્ષીસહિત છ પ્રકારે અવધિજ્ઞાન છે. ઋજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારે મનઃપર્યવજ્ઞાન, તથા કેવલજ્ઞાન એક ભેદે છે. (૬૪)

ટીકાર્થ—અનુગામી, અવસ્થિત, હીયમાન એના પ્રતિપક્ષી અનનુગામી, અનવસ્થિત અને વર્ધમાન એમ છ પ્રકારે અવધિજ્ઞાન છે ૧ જે ક્ષેત્રમાં રહે છતે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ત્યાંથી બીજા ક્ષેત્રમાં જાય ત્યારે આંખની જેમ સાથે જ જાય તે અનુગામિ અવધિજ્ઞાન કહેવાય. ૨ એનું પ્રતિપક્ષી અનનુગામી જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયું હોય ત્યાંથી બીજા પ્રદેશમાં જાય ત્યારે ભીંત વગેરેમાં ફીટ કરેલા દીવાની જેમ સાથે ન જાય, ૩ જે અવધિજ્ઞાન લબ્ધિ, ઉપયોગ અને આધાર વડે પોતાના સ્વભાવથી ચલિત ન થાય તે અવસ્થિત અવધિજ્ઞાન છે.

આધાર એટલે ક્ષેત્ર, ક્ષેત્રાશ્રયી એક જ ક્ષેત્રમાં તેત્રીસસાગરોપમ સુધી અનુત્તર દેવોનું જે સ્થિર અવધિજ્ઞાન તે આધારથી અવસ્થિત કહેવાય.

ઉપયોગથી એક દ્રવ્યમાં ઉત્કૃષ્ટથી અંતર્મુહુર્ત સુધી અવધિજ્ઞાનનો ઉપયોગ હોય, પર્યાયમાં સાતથી આઠ સમય સુધી, બીજા આચાર્યો પર્યાયમાં સાત સમય અને ગુણોમાં આઠ સમય શુક્લવર્ણ વગેરે સહવર્તીઓ ગુણો કહેવાય અને જુનાપુરાણા વગેરે ક્રમવર્તીઓ પર્યાય કહેવાય. દ્રવ્યગુણ અને પર્યાય એકબીજાથી સૂક્ષ્મ સૂક્ષ્મ હોવાથી થોડો થોડો ઉપયોગ હોય છે.

લબ્ધિથી અવધિજ્ઞાનની સ્થિતિ, ઉત્પન્ન થયેલ ક્ષેત્ર કે અન્ય ક્ષેત્રમાં ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમ સુધી હોય છે.

અનવસ્થિત અવધિજ્ઞાન આધારથી અનુત્તર દેવોની જેમ સ્થિર ન રહેતા અચ્યુત દેવો વગેરેની જેમ બીજાબીજા ક્ષેત્રમાં અવધિજ્ઞાન જાય તે– દ્રવ્યપર્યાયોમાં એકદમ જલ્દીથી ઉપયોગ સંચારણ થાય તે ઉપયોગથી અનવસ્થિત.

લબ્ધિથી ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્ણ કર્યા વગર જે અવધિજ્ઞાન જાય અને પાછું ઉત્પન્ન થાય તે સર્વ અવધિજ્ઞાન અનવસ્થિત કહેવાય.

હીયમાન એટલે ઘટતું જાય તે. તે હીયમાનતા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને પર્યાયથી ચાર પ્રકારે છે. ક્ષેત્રકાળ આશ્રયી જે અવધિજ્ઞાન પ્રથમ ઘણા ક્ષેત્રકાળ વિષયવાળું ઉત્પન્ન થયું હોય તે પછી અસંખ્યાત ભાગહાની, સંખ્યાત ભાગહાની, સંખ્યાત ગુણહાની, અસંખ્યાત ગુણહાની પૂર્વક ઓછું થાય છે. પણ અનંતભાગ હાની કે અનંતગુણહાની હોતી નથી. કારણ કે ક્ષેત્ર કાળાવધિ જ્ઞાનનો અનંતતાનો વિષય હોતો નથી. દ્રવ્યાશ્રયી અવધિજ્ઞાન ઘણા વિષયપણે ઉત્પન્ન થાય પછી, અનંતભાગહાની અથવા અનંત ગુણહાની પૂર્વક ઓછું થાય છે. કારણકે અવધિજ્ઞાન વડે અનંત દ્રવ્યો દેખાય છે. જે પ્રકારે પર્યાયમાં છ પ્રકારની હાની છે તેમ દ્રવ્યમાં નથી તેવા પ્રકારના સ્વભાવથી.

પર્યાયોને આશ્રયી ઘણા વિષયરૂપે ઉત્પન્ન થયેલ અવધિજ્ઞાન અનંતભાગ, અસંખ્યાતભાગ સંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણ હાની પૂર્વક ઓછુ થાય છે. અનંતા દ્રવ્યોમાં અનંતા પર્યાયો અવધિજ્ઞાન વડે જણાય છે. હીયમાનના પ્રતિપક્ષીરૂપ વર્ધમાન અવધિજ્ઞાન છે. તેમાં ક્ષેત્ર કાળ દ્રવ્ય અને પર્યાયોની વૃદ્ધિ રૂપ વર્ધમાનતા જાણવી. તે આ પ્રમાણે ક્ષેત્રકાળ આશ્રયી ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન થોડા વિષય રૂપે ઉત્પન્ન થયું હોય, પછી અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, અસંખ્યાતગુણ, સંખ્યાતગુણ વૃદ્ધિપૂર્વક વધતું જાય તે વર્ધમાન હીયમાન અવધિજ્ઞાનની જેમ સર્વ બાબતો વર્ધમાન અવધિજ્ઞાનમાં જાણવી પણ હાનીના સ્થાને વૃદ્ધિ કહેવી બાકીનું બધું ઉપર પ્રમાણે જાણવું.

૧ **મણનાણે** એમ વિભક્તિ ના વ્યત્યયથી થયું છે. મનઃપર્યવજ્ઞાનના ઋજુમતિ, અને વિપુલમતિ એમ બે ભેદો છે. **મનનં મતિઃ** એટલે વિષયની જાણકારી. ઋજુ એટલે થોડા જ વિશેષ વિષયરૂપ મુગ્ધમતિ છે જેની તે ઋજુમતિ, વિપુલ એટલે ઘણા જ વિશેષ વિષયરૂપ પટુમતિ છે જેની તે વિપુલમતિ.

ક્ષેત્રથી : ઋજુમતિને અઢી આંગળ હીન એવો મનુષ્યલોક પ્રમાણ ક્ષેત્રનો વિષય છે. વિપુલમતિને સંપૂર્ણ મનુષ્યલોકપ્રમાણ વિશુદ્ધતર વિષય છે.

કાળથી : એટલાજ ક્ષેત્રમાં ભૂતકાળ તથા ભવિષ્યકાળના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ભૂતકાળ તથા ભવિષ્યકાળના સંજ્ઞીજીવના મનરૂપે પરિણમેલા મૂર્ત દ્રવ્યો જોઇ શકે.

દ્રવ્યથી : એટલા જ ક્ષેત્રમાં રહેલા મનોવર્ગણારૂપ દ્રવ્યોને જોઈ શકે.

ભાવથી : ચિંતનને અનુરૂપ પરિણમેલા મનોવર્ગણારુપ દ્રવ્યના પર્યાયોને જોઇ શકે. ચિંતનીય, બાહ્ય, રુપી કે અરૂપી ત્રણે કાળમાં રહેલાં છતા પદાર્થને અનુમાનથી જ જાણે છે, જેમ આ પ્રમાણે મનોવર્ગણાના પુદ્ગલો પરિણમ્યા છે તેથી આની આ પ્રમાણે જ વ્યાપ્તિ થાય છે માટે આ જ પદાર્થ ચિંતવ્યો છે. જેમ લેખમાં અક્ષરો જોવાથી તેમાં કહેલા ભાવાર્થને પ્રત્યક્ષ કરાય છે તેમ મનોદ્રવ્યથી વિચારાતા અર્થનું અનુમાન થાય છે. પણ મનને સાક્ષાત જાણતા નથી.

તેમાં ઋજુમતિને બાહ્ય અને અભ્યંતરરૂપ, બંને પ્રકારનો વિષય અસ્પષ્ટ, અલ્પતર હોય છે. જ્યારે વિપુલમતિને તે જ વિષય વિશેષ પ્રકારે હોય છે.

એ પ્રમાણે મનઃપર્યવજ્ઞાન ભેદો પૂર્વક કહ્યું. કેવલજ્ઞાન તો સર્વ આવરણોનો ક્ષય થવાથી થતું હોવાથી તેના ભેદો હોતા નથી. કેવલ જ્ઞાન ભેદ રહિત પણે એકજ છે. ક્ષાયોપશમિક જ્ઞાનોમાં પોતાના આવરણના ક્ષયોપશમની વિચિત્રતાથી ભેદો સંભવે છે. જ્યારે કેવલજ્ઞાનમાં દરેક પ્રકારના આવરણનો ક્ષય થવાથી ઉત્પન્ન થયેલ ક્ષાયિક કેવલ-જ્ઞાનમાં ભેદોની સંભાવના ક્યાંથી હોય ?

'એ પ્રમાણે સંક્ષેપથી પાંચે જ્ઞાનોનું નિરૂપણ કર્યું.

જ્ઞાનો કહે છતે તેના પ્રતિપક્ષીરૂપ મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન રૂપ ત્રણ અજ્ઞાનોનું પણ નિરૂપણ કરવું.

મિથ્યાદષ્ટિનું મતિજ્ઞાન પણ મતિઅજ્ઞાન છે. શ્રુતજ્ઞાન શ્રુતઅજ્ઞાન અને અવધિજ્ઞાન પણ વિભંગજ્ઞાન રૂપ છે.

પ્ર. મિથ્યાદ્રષ્ટિના જ્ઞાનને પણ અજ્ઞાન કેમ કહો છો ?

ઉ. જ્ઞાનનું તત્વની જાણકારી એ કાર્ય (ફળ) છે. અને તે ફળ મિથ્યાદ્રષ્ટિને હોતું જ નથી. જ્ઞાનનું જે કાર્ય 'તત્વાવગમ રૂપ' ફળ–મિથ્યા દ્રષ્ટિનું જ્ઞાન ન કરી શકતું હોવાથી તે જ્ઞાન હોવા છતાં પણ જ્ઞાન ન હોવા બરાબર હોવાથી અજ્ઞાન કહેવાય છે. જેમ પુત્ર હોય પણ તે સેવા ભક્તિ રૂપ કાર્ય ન કરતો હોવાથી ન હોવા બરાબર ગણાય છે. કોઈ પદાર્થ પોતાનું કાર્ય ન કરી શકવાથી તે પદાર્થ ન હોવા બરાબર ગણાય છે તેમ મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન પણ તત્ત્વાવગમ રુપ કાર્ય ન કરતું હોવાથી અજ્ઞાન ગણાય છે.

હવે આ જ્ઞાન અને અજ્ઞાનમાં ગુણસ્થાન રૂપ જીવસમાસો વિચારાય છે.

**मइसुय मिच्छा साणा विभंग समणे य मीसए मीसं ।**
**सम्मछऊमाभिणि सुओहि विरयमण केवलसनामे ॥६५॥**

ગાથાર્થ-મિથ્યા દ્દષ્ટિ, સાસ્વાદન ગુણસ્થાનકમાં સામાન્યથી મતિઅજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન હોય છે. સમનસ્ક મિથ્યાદ્દષ્ટિ અને સાસ્વાદનમાં વિભંગ જ્ઞાન સહિત ત્રણ અજ્ઞાન હોય છે. મિશ્ર ગુણસ્થાને મતિશ્રુતાવધિજ્ઞાનાજ્ઞાન રૂપ મિશ્ર હોય છે. સમ્યકત્વથી ક્ષીણમોહ સુધી મતિશ્રુતાવધિ રૂપ ત્રણ જ્ઞાન છે. વિરતથી ક્ષિણમોહ સુધી મતિશ્રુતાવધિ મનઃપર્યવરૂપ ચાર જ્ઞાન છે અને સયોગી અયોગી કેવલીઓને પોતાના નામ સમાન કેવલજ્ઞાન રૂપ એક જ્ઞાન છે (૬૫)

**ટીકાર્થ**—'પદના એક દેશથી સમસ્ત પદ જણાય' એ ન્યાયથી મતિશ્રુત પદો વડે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન રૂપ બે અજ્ઞાનો, ત્રસ, સ્થાવર, સમનસ્ક અમનસ્ક રૂપ સર્વ પ્રકારના મિથ્યાદ્રષ્ટિ તથા સાસ્વાદન રૂપ બે જીવસમાસોમાં હોય છે. વિભંગજ્ઞાન સહિત ત્રણ અજ્ઞાન તે જ મિથ્યાદ્રષ્ટિ સાસ્વાદનીમાં પણ સમનસ્કોમાં જ (સંજ્ઞી) હોય છે. ગાથામાં च કાર એવકાર અર્થમાં છે. અસંજ્ઞીઓને તે ભવના કે પરભવના વિભંગજ્ઞાનનો અસંભવ છે.

સાસ્વાદન સમ્યગ્દ્રષ્ટિને સમ્યક્ત્વનો અંશ કોઇકમાં હોય પણ છે, છતાંપણ અનંતાનુબંધિના ઉદયથી દૂષિત હોવાના કારણે અજ્ઞાની તરીકે જ એમણે ગણ્યા છે. સમ્યક્મિથ્યાદ્રષ્ટિ રૂપ મિશ્ર ગુણઠાણે મતિશ્રુતાવધિ રૂપ ત્રણે જ્ઞાનાજ્ઞાન રૂપ મિશ્ર હોય છે. આ વાત વ્યવહાર નયને આશ્રયી આ પ્રમાણે કહ્યું છે. કેમકે વ્યવહાર નય સ્થૂલપણે માને છે. જેમ આ ગુણઠાણા વાળા જીવો એકાંતે મિથ્યાત્વી નથી તેમ એકાંતે સમ્યક્દ્રષ્ટિ પણ નથી. પરંતુ સમ્યક્મિથ્યાદ્રષ્ટિ રૂપ મિશ્ર છે તેથી એમનું મતિશ્રુતઅવધિરૂપ ત્રણે જ્ઞાન પણ એકાંતે જ્ઞાન નથી પરંતુ જ્ઞાનાજ્ઞાન રૂપ મિશ્રજ્ઞાન છે.

*નિશ્ચયનય તો સમ્યગબોધ તે જ્ઞાન એમ માને છે. તે સમ્યગ બોધમાં જરા અંશ માત્ર પણ સમ્યગ્ભાવથી દૂષિત થાય તો તે સર્વ અજ્ઞાન જ છે.* જેમ અંશમાત્ર પણ ઝેરથી સ્પર્શાયેલ અન્ન બધું ઝેર જ ગણાય છે. જરાપણ અશુચિથી ખરડાયેલા પાણી વગેરે અપવિત્ર જ ગણાય છે. તેમ અલ્પ પણ મિથ્યાત્વથી દૂષિત જ્ઞાન પણ અજ્ઞાન જ કહેવાય. તેથી મતિશ્રુતાજ્ઞાન તેમજ વિભંગજ્ઞાન રૂપ ત્રણે અજ્ઞાનો જ હોય. મિશ્ર ન હોય. બીજા સર્વગ્રંથોમાં મોટાભાગે મિશ્રદ્રષ્ટિઓને અજ્ઞાની જ કહ્યા છે.

સમ્યક્દ્રષ્ટિથી ક્ષીણમોહ સુધીના નવગુણસ્થાનકોમાં મતિશ્રુતાવધિ રૂપ ત્રણ જ્ઞાનો હોય છે. પ્રમત્ત સંયત ગુણસ્થાનકથી ક્ષીણમોહ સુધી સાત ગુણસ્થાનકોમાં મનઃપર્યવ સહિત ચાર જ્ઞાનો હોય છે. મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ અપ્રમત ગુણસ્થાનકે જ હોય છે. છતાં ઉત્પન્ન થયેલ અપ્રમત્તો કાળાંતરે પ્રમત્ત પણ થાય છે, માટે પ્રમત્ત ગુણઠાણે તેની સંભાવનાનો બાધ નથી.

સમાન નામ છે જેમના એવા સમાન કેવલિઓમાં કેવલજ્ઞાન હોય છે. અહિં મત્વર્થીપણાવડે એટલે યોગવંત અને અયોગવંતપણા વડે સમાન નામપણું રહેતું નથી એમ ન કહેવું, કારણ કે અહિં તે બે ભેદોની વિવક્ષા કરી નથી. તે ભેદો તો સયોગી-અયોગી રૂપ ગુણસ્થાનકોની અપેક્ષાએ છે, જ્યારે કેવલજ્ઞાન તો આ બંને ગુણસ્થાને પ્રાપ્ત થાય છે (૬૫) જ્ઞાનદ્વાર કહ્યું. હવે સંયમદ્વાર કહે છે.

## પ્રકરણ- ૯

## સંયમદ્વાર

**अजया अविरयसम्मा देसविरया य हुंति सट्ठाणे ।**
**सामाइय छेयपरिहार सुहुम अहक्खाइणो विरया ॥६६॥**

ગાથાર્થ : અવિરત ચારિત્ર અવિરત સમ્યક્ત્વ ગુણઠાણા સુધી, દેશ વિરત ચારિત્ર પોતાના ગુણઠાણા સુધી, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રીઓ સર્વવિરતિ ચારિત્રવાળા છે. (૬૬)

**ટીકાર્થ** (૧) અવિરત સમ્યગદ્રષ્ટિથી પહેલાંના મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્રરૂપ અવિરત સમ્યગદ્રષ્ટિ ગુણઠાણામાં રહેલા સર્વ જીવોને અસંયત ચારિત્ર છે.

(૨) દેશવિરત એટલે સંયમાસંયમ રૂપ ચારિત્ર પોતાના સ્થાનરૂપ દેશવિરતિ ગુણસ્થાને હોય છે.

(૩) સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્રી, સર્વવિરતિ સંયમીમાં હોય છે. સામાયિક વગેરે પાંચે ચારિત્રોમાં સંયમ હોય છે. દેશ-વિરતિમાં સંયમાસંયમ હોય છે અને બાકીના કહેલ સ્થાનોમાં અસંયમ હોય છે.

પ્ર. સામાયિક વગેરે પાંચચારિત્રોનું કયું સ્વરૂપ છે કે જે સંયમ રૂપે સ્વીકારાય છે?

ઉ. (૧) રાગદ્વેષ રહિત જે ભાવ તે સમ, તે સમનો આય એટલે લાભ જેમાં છે તે સમાય. પ્રતિક્ષણે એકબીજાથી વિશુદ્ધતમ જ્ઞાનદર્શન ચારિત્રના પર્યાયો સાથે જે જોડે તે જ સમ કહેવાય છે. સમાય તે જ સામાયિક છે. ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ સર્વવિરતિ રૂપ જીવનો પરિણામ વિશેષ તે સામાયિક.

પાંચે પ્રકારના ચારિત્ર પણ સામાન્યથી સામાયિક ચારિત્ર જ કહેવાય છે. ફક્ત છેદોપસ્થાપના વગેરે વિશેષતા સામાયિક ચારિત્રમાં આવવાથી તે વિશેષતા વડે તે ચારિત્રનો વ્યપદેશ કરાય છે. જેમાં તે છેદોપસ્થાપના વગેરે વિશેષતા નથી હોતી તે નિર્વિશેષને સામાન્યથી સામાયિક કહેવાય છે. 'તે સામાયિક ઇત્વર અને યાવત્-કથિક એમ બે પ્રકારે છે.' તેમાં ઇત્વરકાલિક એટલે અલ્પકાલિન. તે ભરત ઐરવત ક્ષેત્રોમાં પહેલા છેલ્લા તીર્થંકરોના તીર્થોમાં જેમને વ્રતારોપણ થયું નથી, એવા (શૈક્ષક) સાધુને જાણવું.

યાવજજીવનનું સામાયિક યાવત્કથિક કહેવાય છે. તે ભરતઐરવત ક્ષેત્રોમાં મધ્યમ

બાવીશ તીર્થંકરોના તીર્થોમાં તેમજ વિદેહક્ષેત્રના તીર્થંકરોના તીર્થોના સાધુઓમાં હોય છે, કેમકે તે સાધુઓને વ્રતોની ઉપસ્થાપના (વડીદીક્ષા) હોતી નથી.

(૨) જેમાં છેદ અને ઉપસ્થાપના છે તે છેદોપસ્થાપના (વડીદીક્ષા) જેમાં પૂર્વનો ચારિત્ર પર્યાય છેદી ફરી મહાવ્રતોમાં આત્માને આરોપણ કરાય તે છેદોપસ્થાપના. તે સાતિચાર અને નિરતિચાર રૂપે છે. મૂળ વ્રતના વિરાધકને (ઘાતકને) ફરીથી જે વ્રતારોપણ કરાય તે સાતિચાર.

ઈત્વર સામાયિકવાળા શૈક્ષકને ઉપસ્થાપન વખતે જે મહાવ્રતારોપણ કરાય તે, અથવા એકતીર્થમાંથી બીજા તીર્થમાં જતા જેમ પાર્શ્વનાથના તીર્થમાંથી મહાવીર સ્વામિ (તીર્થ) ના શાસનમાં આવતા સાધુઓને પાંચ મહાવ્રતરૂપ ધર્મ સ્વીકારતી વખતે છેદોપસ્થાપના કરાય તે નિરતિચાર છેદોપસ્થાપના કહેવાય.

(૩) **परिहरणं परिहार** : ત્યાગ કરવો તે પરિહાર-તપોવિશેષરૂપ તે તપોવિશેષથી જેમાં વિશુદ્ધિ છે તે પરિહારવિશુદ્ધિ, તે બે પ્રકારે છે. એક નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક. તે કલ્પનું સેવન કરનારા નિર્વિશમાનક કહેવાય છે. તેનાથી અભિન્નપણાથી તે ચારિત્ર પણ નિર્વિશમાનક પરિહાર વિશુદ્ધિ કલ્પ કહેવાય છે.

પરિહારવિશુદ્ધિ કલ્પનું જેને આસેવન કર્યું છે એવા મુનિઓનું જે શરીર તે મુનિઓ નિર્વિષ્ટ શરીરવાળા કહેવાય. તે નિર્વિષ્ટકાય શબ્દને સ્વાર્થમાં **ईकण** પ્રત્યય લાગવાથી નિર્વિષ્ટકાયિક એવા પ્રકારે રૂપ થાય છે. તે નિર્વિષ્ટકાયિકવાળાથી તે ચારિત્ર પણ અભિન્ન હોવાના કારણે નિર્વિષ્ટકાયિક ચારિત્ર કહેવાય છે.

પરિહાર વિશુદ્ધિનું સ્વરૂપ કહે છે

અહિં નવ સાધુનો ગણ પોતાના સમુદાયમાંથી નિકળી આ તપ કરે છે. તેમાં ચાર સાધુઓ પરિહારકો થાય છે. બીજા ચાર તેની વૈયાવચ્ચ કરવા વડે અનુપરિહારક થાય છે. અને એક કલ્પસ્થિત વાંચનાચાર્ય ગુરુ રૂપે થાય છે. આ નિર્વિશમાનકોનો જે પરિહાર રૂપ તપ છે તે ભાષ્યની ગાથા વડે કહે છે તે આ પ્રમાણે.

परिहारियाण उ तवो जहण्ण मज्झो तहेव उक्कोसो ।
सीउण्हवासकाले भणिओ धीरेहिं पत्तेयं ॥१॥
तत्थ जहन्नो गिम्हे चउत्थ छट्ठं तु होइ मज्झिमओ ।
अट्ठममिहउक्कोसो एत्तो सिसिरे पवक्खामि ॥२॥
सिसिरे उ जहण्णाई छट्ठाई दसमचरिमगो होइ ।
वासासु अट्ठमाई बारसपज्जंतगो नेओ ॥३॥

पारणगे आयामं पंचसुऽगहो दोसुऽभिग्गहो भिक्खे ।
कप्पट्ठियाइ पइदिण कुणंति एमेव आयामं ॥४॥
एवं छम्मास तवं धरिउं परिहारिया अणुचरंति ।
अणुचरगे परिहारिय पयट्ठिए जाव छम्मासा ॥५॥
कप्पट्ठिओवि एवं छम्मास तवं करेइ सेसा उ ।
अणुचरगे परिहारिय पयट्ठिए जाव छम्मासा ॥६॥
एवं सो अट्ठारस मास पमाणो उ वण्णिओ कप्पो ।
संखेवओ विसेसो सुत्ते एयस्स नायव्वो ॥७॥
कप्पसमत्तीए तयं जिणकप्पं वा उवेंति गच्छं वा ।
पडिवज्जमाणगा उण जिणस्सगासे पवज्जंति ॥८॥
तित्थयरसमीवासेवगस्स पासेव न उण अण्णस्स ।
एएसिं जं चरणं परिहार विसुध्धिगं तं तु ॥९॥

પરિહાર કલ્પવાળાને શીત, ગ્રીષ્મ અને વર્ષાકાળમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ તપ દરેકને ધીર પુરૂષોએ કહ્યો છે. (૧) તેમાં ગ્રીષ્મઋતુમાં જઘન્ય ચોથ ભક્ત, મધ્યમ છઠ્ઠ તપ અને ઉત્કૃષ્ટ અટ્ઠમ તપ કહ્યો છે. હવે શિશિર એટલે શિયાળાનો તપ કહું છું. (૨) શીતકાળમાં જઘન્ય તપ છઠ્ઠ, મધ્યમ અટ્ઠમ અને ઉત્કૃષ્ટ દશમભક્ત (ચાર ઉપવાસ) હોય છે. વર્ષાઋતુમાં જઘન્ય અઠમ, મધ્યમ દશમભક્ત, ઉત્કૃષ્ટ દ્વાદશભક્ત, એટલે પાંચ ઉપવાસ રૂપ જાણવો (૩) આની અંદર પારણામાં આયંબિલ અને સાત ભિક્ષામાંથી બે નો અભિગ્રહ અને પાંચનું અગ્રહણ હોય છે. કલ્પસ્થિત અન્ય મહાત્માઓ હંમેશ આ પ્રમાણે જ આયંબિલ કરે. (૪) એ પ્રમાણે છ માસ તપ કરી પરીહારકો અનુપરિહારક થાય છે. અને અનુચરો પરિહારક રૂપે થઇ છ માસ તપ કરે છે. (૫) કલ્પસ્થિત (વાચનાચાર્ય) પણ એ પ્રમાણે છ માસ સુધી તપ કરે છે. અને બાકીનાઓ અનુપરિહારકપણું તથા કલ્પસ્થિતપણાને પામે છે, (૬) એ પ્રમાણે અઢાર માસ સુધીનો કલ્પ સંક્ષેપમાં વર્ણવ્યો. વિશેષથી સૂત્રોમાંથી જાણવો. (૭) કલ્પ સમાપ્ત થયે તેઓ જિનકલ્પને સ્વીકારે છે અથવા પાછા ગચ્છમાં જાય છે. આ કલ્પ સ્વીકારનારા જિનેશ્વર પાસે અથવા જીનેશ્વર પાસે આ કલ્પનું આચરણ કર્યું હોય તેમની પાસે આ કલ્પ સ્વીકારે છે. બીજા પાસે સ્વીકારતા નથી. આ જે કલ્પ છે તે પરિહાર વિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે. (૮-૯)

(૪) જેનાવડે સંસારમાં રખડાય તે સંપરાય કષાયો. જ્યાં આગળ સૂક્ષ્મ કીટ્ટી રૂપ થયેલ લોભ રૂપ કષાય હોય તે સૂક્ષ્મસંપરાય. તે વિશુધ્યમાનક અને સંક્લિશ્યમાનક

એમ બે પ્રકારે. તેમાં વિશુધ્યમાનક ક્ષપક કે ઉપશમશ્રેણીમાં ચડતા હોય છે. અને સંકિલશ્યમાનક તો ઉપશમ શ્રેણીથી પડતા હોય છે.

(૫) સર્વ ચારિત્રોથી અકષાય જ ચારિત્ર વિશુદ્ધ હોય છે, એમ સિદ્ધાંતમાં કહ્યું છે. તેથી જે પ્રમાણે સિદ્ધાંતમાં કહ્યું છે તે જ પ્રમાણે જે વર્તે તે ચારિત્ર યથાખ્યાત. બિલ્કુલ કષાયોદયથી રહિત ચારિત્ર. એ પણ છદ્મસ્થ અને કેવલી યથાખ્યાત એમ બે પ્રકારે છે. એમાં પ્રથમ છદ્મસ્થ યથાખ્યાત્ ઉપશાંતમોહ છદ્મસ્થ યથાખ્યાત, ક્ષીણમોહ છદ્મસ્થ યથાખ્યાત ચારિત્ર એમ બે પ્રકારે છે. તથા સયોગી કેવલી યથાખ્યાત તથા અયોગી કેવલી યથાખ્યાત એમ બે પ્રકારે કેવલી યથાખ્યાત ચારિત્ર છે. આ પ્રમાણે પાંચેય ચારિત્રો સંયમરૂપે સ્વીકારવા એમ નિર્ણય થયો. (૬૬)

આ પ્રમાણે સંયમનું સ્વરૂપ કહ્યું. તેના નિરૂપણથી અસંયમી અને સંયમાસંયમનું પણ નિરૂપણ થયું. હવે સંયમરૂપ નિરૂપિત થયેલા સામાયિક વગેરે ચારિત્રોમાં ગુણસ્થાનક રુપ જીવસમાસોનું નિરૂપણ કરે છે.

**सामाइयछेया जा नियट्टि परिहारमप्पमत्तंता ।**
**सुहुमा सुहुम सरागे ऊवसंताइं अहक्खाया ॥६७॥**

**ગાથાર્થ :** સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર અનિવૃત્તિબાદર ગુણસ્થાનક સુધી, પરિહાર વિશુદ્ધિ અપ્રમત્ત સુધી, સુક્ષ્મસંપરાય સુક્ષ્મસંપરાય ગુણસ્થાનકે અને યથાખ્યાત ઉપશાંત મોહ વગેરે ચાર ગુણઠાણા સુધી હોય છે. (૬૭)

**ટીકાર્થ :–** સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર પ્રમત્ત સંયત છઠ્ઠા ગુણસ્થાનકથી આરંભી અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક સુધી હોય છે. માટે તેમાં પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર સંપરાય રૂપ ચાર જીવસમાસો સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર રૂપ સંયમમાં હોય છે. દેશવિરતિ સુધીના પાંચ ગુણસ્થાનકમાં સર્વવિરતિનો અભાવ હોવાથી (બિલ્કુલ અસંભવ હોવાથી) સૂત્રમાં ન કહેલ હોવાછતાં છઠ્ઠા ગુણસ્થાનકથી લઇ એમ અર્થપ્રાપ્તિ થાય છે.

પરિહારવિશુદ્ધિ સંયમમાં અપ્રમત્ત સુધીના જીવો મળે છે. પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકવર્તિ જીવો પૂર્વમાં કહેલ સામાયિક, છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિ રૂપ સંયમમાં હોય છે. અપૂર્વકરણ વગેરે ગુણઠાણાઓ પરિહાર વિશુદ્ધિ ચારિત્રમાં હોતા નથી. કારણકે તેઓને ઉપશમ ક્ષપક રૂપ બે શ્રેણીઓ પર આરોહણનો જ અસંભવ હોવાથી કેટલાકના મતે પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળાને આગળના ગુણઠાણાનો નિષેધ છે.

સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને રહેલા જીવો સૂક્ષ્મસંપરાય રૂપ સંયમમાં જ હોય છે. બીજા સંયમમાં હોતા નથી.

ઉપશાંતમોહ વગેરે ગુણઠાણે રહેલા જીવો યથાખ્યાત ચારિત્રી કહેવાય છે. ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી કેવલી, અયોગી કેવલી રૂપ ચાર જીવસમાસો યથાખ્યાત ચારિત્રમાં હોય છે. આ પ્રમાણે સંયમમાં જીવસમાસોનો વિચાર કર્યો. અસંયમમાં તો મિથ્યાદ્રષ્ટિથી અવિરત સમ્યગદ્રષ્ટિ સુધીના જીવસમાસો તથા સંયમાસંયમમાં દેશવિરતિ રુપ એક જીવસમાસ આગળની ગાથામાં વિચારી ગયા છે. (૬૭)

આ પ્રમાણે સામાયિક, છેદોપસ્થાનીય વગેરે રૂપ સંયમનું નિરૂપણ કરી તેમાં જીવસમાસોનો વિચાર કર્યો.

આગમમાં પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક એમ પાંચ પ્રકારે શ્રમણો કહ્યા છે. આથી તેઓમાં ચારિત્રના પરિણામ રૂપ સંયમો પણ હોય છે. તેથી તે સંયમને પણ બતાવવા માટે કરી પુલાક વગેરે શ્રમણોનું પ્રતિપાદન કરે છે.

## समणा पुलाय बउसा कुसीलनिग्गंथ तह सिणाया य ।
## आइतिय सकसाई विराय छऊमाय केवलिणो ॥ ६८ ॥

ગાથાર્થ: -પુલાક, બકુશ, કુશિલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એમ પાંચ પ્રકારે શ્રમણો છે. તેમાં પ્રથમના ત્રણ શ્રમણો સકષાયિક છે. નિર્ગ્રંથ શ્રમણો વિતરાગ છદ્મસ્થ છે અને સ્નાતકો કેવલી ભગવંત છે. (૬૮)

**ટીકાર્થ**:-**श्राम्यन्तीति श्रमणाः**-શ્રમ કરે તે શ્રમણ-સાધુઓ, ચારિત્રિઓ તે શ્રમણો પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, અને સ્નાતક એમ પાંચ પ્રકારે છે. તે આ પુલાક વગેરે સર્વમાં સામાન્યથી ચારિત્રનો સદ્ભાવ હોવા છતાં પણ મોહનીય કર્મના ક્ષયોપશમની વિચિત્રતાથી આ ભેદો જાણવા.

૧ પુલાક એટલે નિસ્સાર-સત્વ વગરના, પલંજીરૂપ અનાજના દાણાની જેમ કહેવાતી યુક્તિ વડે જ્ઞાન દર્શન ચારિત્રને જીવતા (પાલન કરવા) છતાં સંયમ સાર (સત્ત્વ) ને નષ્ટ કરતા જેઓ અસાર થઈ ગયા છે તે પુલાક શ્રમણો છે. પુલાકની જેમ અસાર તે પુલાક.

૨ બકુશ એટલે શબલ અથવા કર્બુર, અતિચાર રૂપી ડાઘાડુઘી વાળું ચારિત્ર. અહિં આ પ્રમાણે આ ચારિત્ર અતિચાર સહિત હોવાથી બકુશ સંયમ કહેવાય છે. અને તે સંયમના કારણે સાધુઓ પણ બકુશ કહેવાય છે. કારણકે સાતિચારપણાથી શબલ ચારિત્રીઓ છે.

૩ મૂલોત્તર ગુણોની વિરાધનાથી અથવા સંજ્વલન કષાયના ઉદયથી કુત્સિત-શીલ એટલે ચારિત્ર જેમનું તે કુશીલો.

૪ મોહનીય કર્મરૂપ ગાંઠ જેમાંથી નિકળી ગઇ છે તે નિર્ગ્રન્થ.

૫ ઘાતીકર્મ રૂપી મેલા પડલોના ધોવાણથી જે સ્નાત એટલે નાહીને ચોખ્ખા થયા છે. તે સ્નાતક એટલે કેવલી ભગવંત.

૧ પુલાક–: લબ્ધિપુલાક અને પ્રતિસેવાપુલાક એમ બે પ્રકારે પુલાકો છે. લબ્ધિપુલાકો લબ્ધિયુક્ત હોય છે. કહ્યું છે કે :–

संघाइयाण कज्जे चुण्णिज्जा चक्कवट्टिमवि जीए ।
तीए लध्धीए जुओ लध्धि पुलाओ मुणेयव्वो ॥ १ ॥

જે લબ્ધિ વડે ચક્રવર્તીને પણ સંઘાદિક કાર્ય ઉત્પન્ન થયે છતે ચૂરી શકે તે લબ્ધિયુક્ત હોય તે લબ્ધિપુલાક જાણવા. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે કે આસેવનાથી જેઓ જ્ઞાનપુલાક હોય છે, તેઓની જે આવા પ્રકારની લબ્ધિઓ હોય તે જ લબ્ધિપુલાક કહેવાય છે. તેના સિવાય બીજું કંઇ હોતું નથી. પ્રતિસેવા પુલાકો જ્ઞાનપ્રતિસેવક, દર્શનપ્રતિસેવક, ચારિત્રપ્રતિસેવક અને લિંગ પ્રતિસેવક તથા સૂક્ષ્મપ્રતિસેવક એમ પાંચ પ્રકારે છે. કહ્યું છે કે.

खलियाइ दूसणेहिं नाणं संकाइएहिं समत्तं ।
मूलुत्तरगुण पडिसेवणाइ चरणं विराहेइ ॥ १ ॥
लिंग पुलाओ अन्नं निक्कारणओ करेइ जो लिंगं ।
मणसा अकप्पियाणं निसेवओ होअहा सुहुमो ॥ २ ॥

સ્ખલના વગેરે દૂષણોથી જ્ઞાનને, શંકા વગેરેથી સમ્યક્ત્વને (દર્શન), મૂલુત્તરગુણ પ્રતિસેવના વડે ચારિત્રને વિરાધે છે. નિષ્કારણ જે અન્યલિંગ કરે તે લિંગપુલાક. અને મન વડે અકલ્પ્યને સેવે તે યથાસૂક્ષ્મ પુલાક કહેવાય (૧, ૨)

૨ બકુશઃ–બકુશ શ્રમણો પણ બે પ્રકારે છે. ઉપકરણબકુશ અને શરીરબકુશ. વસ્ત્ર વગેરે ઉપકરણોને ધોવા વગેરે દ્વારા વિભૂષા કરનારા ઉપકરણ બકુશ. અને હાથ પગ મોઢું વગેરે શરીરના અવયવોને અથવા સંપૂર્ણ શરીરને ધોવા વગેરે વિભૂષા કરનારા શરીર-બકુશ કહેવાય છે. આ બે ભેદો પણ સામાન્યથી પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે :– આભોગબકુશ, અનાભોગબકુશ, સંવૃત્તબકુશ, અસંવૃત્ત બકુશ અને સૂક્ષ્મ બકુશ (૧) શરીર અને ઉપકરણની વિભૂષા એ સાધુઓનું અકાર્ય એવા પ્રકારના જ્ઞાનવાળા જે બકુશો તે આભોગ બકુશ (૨) આભોગ બકુશથી જે વિપરિત હોય તે અનાભોગ બકુશ (૩) સંવૃત્ત એટલે લોકોમાં જેના દોષો જણાયા નથી તે સંવૃત્તબકુશ (૪) સંવૃત્ત બકુશથી વિપરીત તે અસંવૃત્ત બકુશ (૫) આંખના પીયા દૂર કરવા વગેરે સુક્ષ્મ દોષો તે સૂક્ષ્મ બકુશ કહેવાય છે. કહ્યું છે કેઃ–

**आभोगे जाणंतो करेइ दोसे अजाणमणभोगो ।**
**लोए जाणिज्जंतो असंवुडो संवुडो इयरो ।। १ ।।**
**अच्छिमुह मज्जमाणो होइ अहासुहुमओ तहाबउसो**

જાણતાં હોવા છતાં દોષોને સેવે તે આભોગ, અજાણતા સેવે તે અનાભોગ, જેના દોષોને લોકો જાણે તે અસંવૃત્ત, અને ન જાણે તે સંવૃત્ત, આંખ મોઢું ધોતાં યથાસૂક્ષ્મ બકુશ કહેવાય છે.

આ બકુશો સામાન્ય રીતે ઋદ્ધિ-યશની ઇચ્છાવાળા, સાતા ગૌરવનો આશ્રય કરનારા, અવિવિક્ત પરિવારવાળા તથા છેદપ્રાયશ્ચિત યોગ્ય શબલ ચારિત્રવાળા જાણવા. ઋદ્ધિ એટલે ઘણા વસ્ત્ર પાત્ર વગેરેનો લાભ તથા યશ એટલે પ્રસિદ્ધિ તેની ઇચ્છાવાળા, શાતા એટલે સુખ ગૌરવ એટલે આદર તેમાં રહેલા અવિવિક્ત એટલે અસંયમથી અભિન્ન સમુદ્રફીણ (સાબુ) વગેરેથી જાંઘ વગેરે ધોનારા, તેલ વગેરેથી શરીરનો શણગાર કરનારા અને કાતરથી વાળની શોભા કરનારા-આવા પ્રકારના પરિવારવાળા તે અવિવિક્ત પરિવારવાળા કહેવાય. છેદ-પ્રાયશ્ચિતને યોગ્ય શબલ અતિચારોથી જેણે ચારિત્રને અત્યંત કર્બુર ડાઘાડુઘીવાળું કર્યું છે તે બકુશ શ્રમણો કહેવાય.

કુશીલઃ-પ્રતિસેવના કુશીલ અને કષાયકુશીલ એમ બે પ્રકારે કુશીલ શ્રમણો છે. સંયમની જે સમ્યગ્ આરાધના તે સેવના, તેની જે પ્રતિપક્ષી-તે પ્રતિસેવના એટલે વિરાધના, તેના જે કુશીલ તે પ્રતિસેવના કુશીલ. સંજ્વલન ક્રોધ વગેરે કષાયોના ઉદયથી જે કુશીલ તે કષાયકુશીલ. પ્રતિસેવના કુશીલ ૫ પ્રકારે છે. ૧ જ્ઞાન ૨ દર્શન ૩ ચારિત્ર ૪ લિંગ પ્રતિસેવક અને ૫ સુક્ષ્મ પ્રતિસેવક.

૧. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ વિ. માંથી કોઇના પણ વડે જે જીવતો હોય તે તેનો પ્રતિસેવક કહેવાય. આ સારા તપસ્વી છે, એવા પ્રકારની પોતાની પ્રશંસા સાંભળી જે ખુશ થાય તે સૂક્ષ્મપ્રતિસેવક છે. કહ્યું છે કે

**इह जाणाइ कुसीलो उवजीवं होइ नाण पभिईए ।**
**अहसुहुमो पुण तुस्सं एस तवस्सिच्चि संसाए ।। १ ।।**

અહિં જ્ઞાન વગેરે દ્વારા જે જીવે છે તે જ્ઞાનાદિ કુશીલ છે. 'આ તપસ્વી છે' એમ પ્રશંસા સાંભળી ખુશ થાય તે યથાસૂક્ષ્મ પ્રતિસેવક કહેવાય છે.

૨. જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને સૂક્ષ્મ એમ પાંચ પ્રકારે કષાય કુશીલો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લિંગને સંજ્વલનક્રોધ વગેરેમાં ઉપયોગવાળો થઈને જ્ઞાન વગેરે કોઈનો પણ, જ્ઞાન વગેરેને પોતાના વિષયમાં વ્યાપાર કરાવે, તે તે વિષયનો કષાય કુશીલ જાણવો. કષાયવશ થઈને જે કોઈને પણ શ્રાપ આપે તે ચારિત્ર કષાય કુશીલ છે. મનવડે ક્રોધ વગેરે કરતા સૂક્ષ્મ કષાય કુશીલ અથવા સંજ્વલન ક્રોધ વગેરે કષાયોથી વશ થઈને જ જ્ઞાન,

દર્શન, ચારિત્ર અને લિંગની જે વિરાધના કરે એટલે અતિચારોથી મલિન કરે તે જ્ઞાનાદિ કષાય કુશીલ. સૂક્ષ્મ કષાય કુશીલ તે આ પ્રમાણે જ છે. કહ્યું છે કે

नाणं दंसणं लिंगं जो जुंजइ कोहमाणमाईहिं ।
सो नाणाइ कुसीलो चरण कुसीलो उ सावेणं ।।१।।
अहवा कोहाईहिं नाणाई विराहओ कुसिलत्ति ।
मणसा कोहाईए कुव्वंतो होई सुहुमो उ ।।२।।

ક્રોધ માન વગેરે દ્વારા જ્ઞાન દર્શન અને લિંગનો જે ઉપયોગ કરે તે જ્ઞાનાદિના કષાય કુશીલ જાણવા. શ્રાપ આપવા વડે ચારિત્ર કષાયકુશીલ છે અથવા ક્રોધાદિ વડે કરી જ્ઞાન વગેરે ચારનો જે વિરાધક થાય તે જ્ઞાનાદિ કષાય કુશીલ અને મન વડે ક્રોધ વગેરે કરવાથી સૂક્ષ્મ કષાયકુશીલ કહેવાય છે. બન્ને પ્રકારના કુશીલ શ્રમણો કહ્યા.

૪. નિર્ગ્રંથોઃ– ઉપશાંત મોહ અને ક્ષીણમોહ એમ બે પ્રકારે નિર્ગ્રન્થો છે. એનું સ્વરૂપ પહેલા વર્ણવી ગયા છીએ.

૫. સ્નાતકઃ– સર્વોપાધિથી મુક્ત હોવાથી નિરૂપચરિત અને ભેદ રહિત પણે એક પ્રકારના સ્નાતકો કહ્યા છે.

આ પુલાક વગેરેનો **पण्णवणे वेयरागे कप्प चरित्त पडिसेवणा नाणे** વગેરે છત્રીશ દ્વારો વડે વ્યાખ્યા–પ્રજ્ઞપ્તિમાં (ભગવતી) વિચાર કર્યો છે. તેમાંથી ઘણા જ ઉપયોગી દ્વારો અહિં પણ લખીએ છીએ.

(૧) વેદદ્વારઃ– સ્રીવેદ વાળાને પુલાક લબ્ધિનો અભાવ હોવાથી પુલાક શ્રમણને સ્રીવેદ હોતો નથી. બકુશ અને પ્રતિસેવના કુશીલોમાં ત્રણ વેદ હોય છે કષાયકુશીલોને પણ શ્રેણી સિવાયના સ્થાને ત્રણ વેદ હોય છે. શ્રેણી આરૂઢ થયા હોય ત્યારે અવેદક પણ હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતકો નિયમા વેદ રહિત જ છે.

(૨) ચારિત્રદ્વારઃ– પુલાક, બકુશ, પ્રતિસેવના કુશીલો સામાયિક અને છેદોપસ્થાપનીય રૂપ બે ચારિત્રમાં જ હોય છે. બાકીમાં નહિં. કષાયકુશીલો યથાખ્યાત ચારિત્ર છોડી ચાર ચારિત્રમાં હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતકો તો યથાખ્યાત ચારિત્રમાં જ હોય છે.

(૩) પ્રતિસેવનાદ્વારઃ– પ્રતિસેવક એટલે વિરાધક. પુલાક અને પ્રતિસેવના કુશીલો મૂલ ગુણ અને ઉત્તર ગુણોના પ્રતિસેવક હોય છે. બકુશો ઉત્તર ગુણોના વિરાધક હોય છે પણ મૂળગુણના નહિં. કષાય કુશીલો નિર્ગ્રંથો અને સ્નાતકો અપ્રતિસેવક જ છે.

(૪) જ્ઞાનદ્વારઃ– પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલમાં મતિ શ્રુતાવધિ રૂપ ત્રણ જ્ઞાનો છે. બાકીના જ્ઞાનો હોતા નથી. કષાયકુશીલ અને નિર્ગ્રન્થો કેવળજ્ઞાન સિવાય ચાર જ્ઞાનોમાં હોય છે. સ્નાતક તો કેવલજ્ઞાની જ હોય છે. પુલાકોને જઘન્ય નવમા પૂર્વની ત્રીજી આચારવસ્તુ અને ઉત્કૃષ્ટથી નવપૂર્વ સુધીનું શ્રુત હોય છે. બકુશ અને પ્રતિસેવના કુશીલોને જઘન્યથી આઠ પ્રવચનમાતા તેમજ ઉત્કૃષ્ટથી દશપૂર્વ સુધીનું શ્રુત હોય છે.

હોય છે. કષાયકુશીલો અને નિર્ગ્રન્થોને જઘન્યથી આઠ પ્રવચન માતા અને ઉત્કૃષ્ટથી ચૌદપૂર્વોનું શ્રુત હોય છે. સ્નાતકો કેવલી હોવાથી શ્રુત તેમને હોતું નથી.

૫ કાળદ્વાર:- પુલાકો અવસર્પિણી કાળમાં સુષમદુષમ અને દુષમસુષમ રૂપ ત્રીજા ચોથા આરામાં જન્મથી અને પ્રવ્રજ્યાથી હોય છે. ચોથા આરામાં જેમણે વ્રતો ગ્રહણ કર્યાં છે એવા સત્તાશ્રયી (વિદ્યમાનતા) ને દુષમ રૂપ પાંચમાઆરામાં હોય છે.

ઉત્સર્પિણિમાં દુષમ, દુષમ સુષમ, સુષમ દુષમ, બીજા ત્રીજા અને ચોથા આરામાં જન્મથી મળે છે. વ્રતને આશ્રયી ત્રીજા ચોથા આરામાં જ હોય છે. દુષમ-સુષમ રૂપ કાળ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ અને વ્રતથી પુલાક શ્રમણો પ્રાપ્ત થાય છે.

બકુશપ્રતિસેવના અને કષાયકુશીલો અવસર્પિણી કાળમાં, સુષમ દુષમ, દુષમ સુષમ, દુષમ રૂપ ત્રીજા ચોથા અને પાંચમા આરામાં જન્મથી અને વ્રતથી હોય છે. બીજામાં નહિં. ઉત્સર્પિણિમાં તો દુષમ, દુષમ સુષમ, સુષમ દુષમ રૂપ બીજા ત્રીજા, ચોથા આરામાં જન્મથી મળે છે. વ્રતથી તો ત્રીજા ચોથા આરામાં જ મળે છે. બીજામાં નહિં. મહાવિદેહ ક્ષેત્રમાં દુષમ સુષમ જેવા કાળમાં જન્મથી અને વ્રતથી હંમેશા પ્રાપ્ત થાય છે. આ સર્વ શ્રમણો દેવ વગેરે વડે સંહરણ કરાયેલા સર્વ આરાઓમાં મળે છે. તથા સુષમ સુષમ કાળ સમાન દેવકુરૂ ઉત્તરકુરૂમાં તથા સુષમ કાળ સમાન હરિવર્ષ રમ્યક ક્ષેત્રમાં અને સુષમદુષમ કાળ સમાન હૈમવત ઐરણ્યવત ક્ષેત્રમાં તેમજ દુષમ સુષમ જેવા કાળવાળા મહાવિદેહ ક્ષેત્રમાં આ બધાજ શ્રમણો પ્રાપ્ત થાય છે.

નિર્ગ્રંથ અને સ્નાતકોનું વર્ણન જે પ્રમાણે પુલાકનું છે તે પ્રમાણે જાણવું, ફક્ત સંહરણ બકુશ વગેરેના પ્રમાણે તેઓનું પણ કહેવું. નિર્ગ્રંથ અને સ્નાતકો જ્યારે નિગ્રંથ કે સ્નાતકભાવ પામ્યા ન હોય ત્યારે પૂર્વમાં જેની વિરાધના કરી છે તેવા દેવ વગેરે દ્વારા અપહરણ કરી મહાવિદેહ ક્ષેત્રમાંથી ભરત ક્ષેત્રમાં લવાય અને તે લાવેલા નિગ્રંથો કે સ્નાતકોને નિર્ગ્રંથ કે સ્નાતક ભાવ પ્રાપ્ત કરી અંતકૃત કેવલી થાય છે.

સિદ્ધાંતમાં તો જેમને નિર્ગ્રંથ કે સ્નાતક ભાવ પ્રાપ્ત કર્યો હોય તેઓના અપહરણનો નિષેધ છે. અને પુલાકોનો તો બિલકુલ અપહરણ નિષેધ કરેલો છે. કહ્યું છે કે.

**समणीमवगयवेयं परिहारपुलायमप्पमत्तं च।**
**चउदसपुव्वि आहारकं च नय कोइ संहरति ॥ २ ॥**

સાધ્વી, નિર્વેદી, પરિહાર વિશુદ્ધિ મુનિઓ, પુલાક, અપ્રમત્ત, ચૌદ પૂર્વધરો, આહારક શરીરની લબ્ધિને ધારણ કરનાર મુનિઓનું સંહરણ કોઇ કરતું નથી.

૫ ચારિત્રશુદ્ધિ—ચારિત્ર શુદ્ધિમાં પુલાકથી બકુશ અને પ્રતિસેવના કુશીલ અનંત ગુણુ વિશુદ્ધ હોય છે. કષાય કુશીલ સાથે પુલાક છ સ્થાન પતિત છે, નિર્ગ્રંથ અને સ્નાતક ચારિત્ર વિશુદ્ધિ વડે એક બીજાની સમાન જ હોય છે. પણ પુલાક વગેરેથી અનંતગુણ વિશુદ્ધ છે.

૬ પરિમાણુ—પુલાકો પંદર કર્મભૂમિમાં કોઈ વખત હોય પણ ખરા અને કોઈ વખત નથી પણ હોતા. જ્યારે હોય ત્યારે જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સહસ્ર પૃથક્ત્વ. બકુશો હંમેશા જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કોટીશત પૃથક્ત્વ સંખ્યામાં હોય છે. એ પ્રમાણે જ પ્રતિસેવના કુશીલો પણ જાણવા. કષાયકુશીલો પણ હમેશાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કોટી સહસ્ર પૃથક્ત્વ સંખ્યામાં હોય છે. નિગ્રંથો કદી હોય પણ ખરા અને કદી ન પણ હોય. ત્યારે જઘન્ય એક વગેરે, ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ હોય છે. સ્નાતકો હમેશાં જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટથી કોટીપૃથક્ત્વ સંખ્યામાં હોય છે.

આ પ્રમાણે પુલાક વગેરે પાંચે શ્રમણોનું પ્રતિપાદન કર્યું. હવે આ પાંચેમાં ભગવતી ગ્રંથમાં કહેલ છત્રીશ દ્વારોમાં બાકીના દ્વારો જણાવવા માટે કષાયદ્વારને સૂત્રકાર પોતે જ વિચારે છે.

પુલાક, બકુશ અને કુશીલ એમ પ્રથમના ત્રણ શ્રમણો સંજ્વલન ક્રોધ વગેરે કષાયવાળા હોવાથી સકષાયી કહેવાય છે, તે આ પ્રમાણે કષાયવાન હોય છે. કષાયકુશીલ અને પ્રતિસેવના-કુશીલ એમ કુશીલો બે પ્રકારે છે. એ પ્રમાણે આગળ કહી ગયા છીએ તેમાં પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલોમાંથી ક્ષપક કે ઉપશમ શ્રેણીમાંથી કોઈપણ શ્રેણી સ્વીકારનાર હોતા નથી. કારણ કે તેવા પ્રકારની વિશુદ્ધિનો અભાવ હોવાથી. આથી સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ રૂપ ચારે કષાયોમાં આ શ્રમણો હોય છે. કષાયકુશીલો તો બન્ને શ્રેણીઓ સ્વીકારે છે. માટે સૂક્ષ્મ સંપરાય ગુણઠાણા સુધી કષાય કુશીલનો વ્યવહાર છે. આથી કષાય કુશીલ પણ સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભમાં હોય છે. ક્રોધનો ક્ષય કે ઉપશમ થવાથી માયા, લોભમાં હોય છે. માનનો ક્ષય કે ઉપશમ થવાથી લોભમાં તેઓ હોય છે. તેથી નક્કી થયું કે પુલાક, બકુશ, કુશીલ શ્રમણો સકષાયી હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતક પણ તો અકષાય ભાવમાં જ પ્રાપ્ત થાય છે. અહિં છદ્મસ્થ શબ્દથી નિર્ગ્રંથો લેવા. કારણ કે તેમનો ક્રમ આવતો હોવાથી તેઓ માયા લોભ રૂપ રાગનો ક્ષય કે ઉપશમ થવાથી વિતરાગ થાય. ક્રોધમાન રૂપ દ્વેષ ગયા પછી માયાલોભ રૂપ રાગ જાય છે, એમ સિદ્ધાંતમાં કહ્યું હોવાથી વીતરાગ શબ્દથી વિગતદ્વેષ પણ જણાઈ આવે છે. આથી આ નક્કી થયું કે નિર્ગ્રંથો સર્વથા કષાયોદયથી રહિત હોય છે.

સ્નાતકો તો કેવલીઓ જ હોય છે. તેઓમાં ફક્ત કષાયાભાવ નહિં પણ જ્ઞાનાવરણ વગેરે ઘાતી કર્મોનો પણ અભાવ હોય છે. કેમકે તે ઘાતીકર્મો હોયે છતે કેવલીપણાનો

અભાવ થાય છે. અહિં શ્લોકમાં સ્નાતક એમ ન કહ્યું હોવા છતાં પણ ગ્રહણ કરાય છે, કારણ કે બીજા શ્રમણોમાં કેવલીપણાનો અભાવ છે.

આ પ્રમાણે તુલાદંડ ન્યાયથી વચ્ચે રહેલ કષાયદ્વારની વિચારણાથી પ્રથમ અંતિમ રૂપ ભગવતિ સૂત્રમાં કહેલા દ્વારોને અહિં ગ્રહણ કરવા એમ જાણવું. તે દ્વારોમાંથી કેટલાક દ્વારો આગળ ટીકામાં પુલાક વગેરેમાં વિચાર્યા. બાકીના દ્વારો ભગવતિ અનુસારે જાતે જ વિચારી લેવા. (૯૮)

આ પ્રમાણે પુલાક વગેરે શ્રમણોનું સ્વરૂપ કહેવા વડે ચારિત્રના પરિણામાત્મક જ સંયમ હોય છે. હવે આ સંયમમાં ગુણઠાણા રૂપ જીવસમાસો વિચારવા. સંયમગુણ આધાર વગરનો હોતો નથી. અને તેનો આધાર પુલાક વગેરે શ્રમણો છે. તે અહિં કહ્યા છે. આથી તેઓમાં તે ગુણઠાણાની વિચારણા કરે છે.

પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલોમાં પ્રમત્ત અપ્રમત્ત રૂપ બે જ ગુણઠાણા હોય છે. કારણ કે ચારિત્ર ગુણથી યુક્ત હોવાથી મિથ્યાત્વ વગેરે પાંચ તેમજ બન્ને શ્રેણીનો અભાવ હોવાથી અપૂર્વકરણ વગેરે સાત ગુણઠાણા હોતા નથી. કષાયકુશીલોમાં તો પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદર સંપરાય, સુક્ષ્મસંપરાય રૂપ પાંચ ગુણસ્થાનક હોય છે, એનું કારણ પહેલા લગભગ કહેવાઇ ગયેલ છે. નિર્ગ્રન્થોમાં ઉપશાંતમોહ અને ક્ષીણમોહ રૂપ બે ગુણઠાણા જ હોય છે. સ્નાતકમાં સયોગી–અયોગી રૂપ બે ગુણઠાણા છે.

આ પ્રમાણે સામાયિક, છેદોપસ્થાપના વગેરે રૂપ તથા પુલાક વગેરે ચારિત્ર પરિણામાત્મક રૂપ સંયમનું વર્ણન કર્યું અને દરેકમાં જીવસમાસોનો વિચાર કર્યો છે. આ પ્રમાણે સંયમદ્વાર પૂર્ણ થયું.

# પ્રકરણ—૧૦ મું

## દર્શનદ્વાર

**चउरिंदियाइं छउमे चक्खु अचक्खु सव्व छउमत्थे ।**
**सम्मे य ओहिदंसी केवलदंसी सनामे य ॥६९॥**

ગાથાર્થ : ચક્ષુદર્શન, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય, મિથ્યાદષ્ટિથી લઈ છદ્મસ્થ સ્વરૂપ ક્ષીણમોહ ગુણઠાણામાં હોય છે. એકેન્દ્રિય વગેરે સર્વને અને છદ્મસ્થ સ્વરુપ ૧ થી ૧૨ ગુણઠાણા સુધી અચક્ષુદર્શન હોય છે. અવધિદર્શન અવિરત સમ્યકત્વ ગુણઠાણાથી ક્ષીણમોહ ગુણઠાણા સુધી હોય છે. અને કેવલદર્શન પોતાના નામ સમાન સયોગી અયોગી ગુણઠાણે હોય છે.(૬૯)

**ટીકાર્થ** : ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલદર્શન રૂપ ચાર પ્રકારે દર્શન છે. આ ચારે દર્શન અતિપ્રસિદ્ધ હોવાથી ગ્રંથકારે એનું સ્વરૂપ બતાવ્યું નથી. આથી અમે જ શિષ્યો પર અનુગ્રહ માટે કરી કંઇક સ્વરૂપ બતાવીએ છીએ, જેના વડે જોવાય તે દર્શન અથવા દષ્ટિ. સામાન્ય વિશેષ રૂપ પદાર્થમાં જે સામાન્યધર્મના ગ્રહણરૂપ જે બોધ તે દર્શન. જેમ વન, સેના, ગ્રામ, નગર વગેરે.

૧ ચક્ષુ વડે વસ્તુનો સામાન્ય અંશના ગ્રહણરૂપ જે દર્શન તે ચક્ષુદર્શન.

૨ અચક્ષુવડે એટલે આંખ સિવાય ચાર ઈન્દ્રિય વડે વસ્તુના સામાન્ય અંશ ગ્રહણ રૂપ જે દર્શન તે અચક્ષુદર્શન.

૩ ચક્ષુ વગેરે ઈંદ્રિયોના સમુદાયની અપેક્ષા વગર અવધિ વડે પદાર્થનો સામાન્ય અંશ ગ્રહણ રૂપ જે બોધ તે અવધિદર્શન અથવા રુપી દ્રવ્યના ગ્રહણની મર્યાદા રૂપ જે અવધિ તેના વડે જે દર્શન તે અવધિદર્શન.

૪ પૂર્વમાં જેનું સ્વરૂપ કહ્યું છે તે કેવલવડે જે દર્શન તે કેવલદર્શન–દર્શન ચતુષ્કનું સ્વરૂપ કહ્યું. હવે તેમાં ગુણઠાણારુપ જીવસમાસોનો વિચાર કરાય છે. તે જીવ સમાસોની વિચારણા ગ્રંથકાર પોતે જ આ ચાલુ ગાથા વડે કરે છે. આથી તે જ ગાથાની વ્યાખ્યા કરે છે.

જે પંચેન્દ્રિય વગેરેની પહેલા ચઉરિંદ્રિય છે તે ચૌરિંદ્રિય આદિ કહેવાય. ચૌરિંદ્રિય આદિ મિથ્યાદ્રષ્ટિથી લઇ ક્ષીણ કષાય છદ્મસ્થ સુધી ચક્ષુદર્શન મળે છે. એટલે મિથ્યાદ્રષ્ટિથી ક્ષીણમોહ રૂપ બારમા ગુણઠાણા સુધી ચક્ષુદર્શન હોય છે. કેમકે અહિં મિથ્યાદષ્ટિનું "ચૌરિંદ્રિય વગેરે વિશેષણ" ચતુદર્શનનો સદ્ભાવ ચૌરિન્દ્રિયથી હોય છે. તે પહેલા એક, બે, ત્રણ ઈંદ્રિયવાળાને ચક્ષુદર્શનનો અભાવ હોય છે.—

'**अतीन्द्रियाः केवलिनः**' એ પ્રમાણે વચન હોવાથી સયોગી અયોગી કેવલીને ચક્ષુદર્શન હોતું નથી. સર્વ પ્રકારના છદ્મસ્થોને અચક્ષુદર્શન હોય છે. ચક્ષુદર્શનની વિચારણામાં જે તેઇંદ્રિય વગેરે જીવોનો ત્યાગ કર્યો હતો તેઓમાં પણ સ્પર્શ વગેરે ઇન્દ્રિયો હોવાથી અચક્ષુદર્શન હોય છે. માટે તેનો અહિં ત્યાગ કરવો નહિં. આ પ્રમાણે હોયે છતે ઉપર કહેલ બાર ગુણઠાણાઓમાં સામાન્યથી બધાને અચક્ષુદર્શન હોય છે, એમ નક્કી થયું.

અવિરત સમ્યગ્દ્રષ્ટિથી લઈ ક્ષીણમોહ સુધી અવધિદર્શન હોય છે. તે પછી કેવલ-જ્ઞાન હોવાથી અને મિથ્યાદ્રષ્ટિને વિભંગજ્ઞાન હોવાથી અવધિદર્શન હોતું નથી. અન્ય *મતે તો મિથ્યાત્વીઓને અવધિદર્શન સ્વીકાર્યું છે. પણ તે મત અહિં સ્વીકાર્યો નથી.*

૫. સમાનનામ છે જેનું તે સયોગી કેવલી અને અયોગી કેવલીરૂપ, જેમાં કેવલદર્શન હોય છે. કેવલદર્શન સાથે આ બે ગુણઠાણાનું સમાન નામપણું કેવલ શબ્દની પ્રવૃત્તિમાત્રથી થયેલું જાણવું. (૬૯)

દર્શનદ્વાર કહ્યું, હવે લેશ્યાદ્વાર કહે છે.

# પ્રકરણ-૧૧ મું
## લેશ્યાદ્વાર

**लिश श्लेषणे लिश्यते संश्लिष्यते:** જેના વડે કર્મસાથે જીવનું જોડાણ થાય તે લેશ્યા. સમસ્ત કર્મપ્રકૃતિના પ્રવાહભૂત કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ વર્ણના દ્રવ્યોને સહાયરૂપ થનાર જીવના શુભાશુભ પરિણામ વિશેષ તે લેશ્યા કહેવાય છે. કહ્યું છે કે

**कृष्णादि द्रव्यसाचिव्यात् परिणामो य आत्मनः**
**स्फटिकस्येव तत्रायं लेश्या शब्दः प्रयुज्यते ॥ १ ॥**

કૃષ્ણ વગેરે દ્રવ્યના સંયોગથી થયેલ આત્માનો જે પરિણામ વિશેષ, તેમાં જ આ લેશ્યા શબ્દનો પ્રયોગ થાય છે. જેમ સ્ફટિક સામે કાળા વગેરે રંગ ધરવાથી તે તે રંગ સમાન દેખાય છે તેમ આ લેશ્યાઓ આત્માના કૃષ્ણ, નીલ, કાપોત, તેજસ, પદ્મ અને શુકલ એવા પ્રકારના પરિણામ વિશેષથી આવા કૃષ્ણ વગેરે નામોથી યુક્ત છ પ્રકારે થાય છે. તેમાં પહેલી ત્રણ અશુભ અને પછીની ત્રણ શુભ છે. આનું વિશેષ સ્વરૂપ જાણવા માટે જાંબુ ખાનારાઓનું તેમજ ગામ ભાંગનારાઓનું દ્રષ્ટાંત કહેવામાં આવે છે.

એક મોટા જંગલમાં છ ભૂખ્યા પુરૂષોએ સારી રીતે વિશેષ પ્રકારે પાકેલાં રસવાળાં ફળોના ભારથી નમી ગઈ છે બધીયે ડાળોના અગ્રભાગ જેના, બધીયે ડાળોના અગ્રભાગે રહેલા મત્ત થયેલા ભ્રમરો અને તથા સમસ્ત દિશાઓના ભ્રમરીઓના અવાજથી સમસ્ત દિશાઓના સમુદાયને પૂરી દેતા, સમુદાયમાંથી મળ્યો છે (આવેલો છે) પક્ષીઓના સમુહ વડે કરાયો છે મોટો કોલાહલ જ્યાં, એવા વૃક્ષની છાયામાં વિશ્રાન્તિ કરીને દૂર કર્યો છે શ્રમ જેમણે એ મુસાફરોના સમુદાયનું કર્ણયુગલ ઇચ્છી રહ્યું છે એવા, યુગલિક ધર્મના (કાળ) સમયની યાદ તાજી કરાવવામાં સમર્થ એવા કલ્પવૃક્ષના આકારને ધારણ કરતું એક મહાજાંબુ વૃક્ષને જોયું. તે જોઈને બધાયે આનંદમાં આવી જઈ બોલ્યા કે 'અરે ! આ ઝાડ સમયસર જોવામાં આવ્યું', આનાથી આપણી ભૂખ દૂર થશે અને આપણે આપણી ઇચ્છા પ્રમાણે આના રસદાર ફળો ખાઈશું. આ પ્રમાણે સર્વનો એકમત થવાથી તેઓમાંથી એક સંક્લિષ્ટ પરિણામવાળો બોલ્યો કે બરાબર છે, પણ આ ઝાડ પર ચડતા જો પડીએ તો આયુષ્યને પણ શંકા રહે માટે આ ઝાડને ધારદાર કુહાડાથી મૂળમાંથી કાપીને તિચ્છું (નીચે) પાડો, પછી શાંતિથી સર્વ ફળો આપણે ખાઈએ, આવા પ્રકારના પરિણામ કૃષ્ણ લેશ્યાના હોય છે. (૧) બીજાએ કંઈક દયાપૂર્વક કહ્યું કે 'આવડા મોટા ઝાડને કાપીને શું કામ છે ? માટે આ ઝાડની એક મોટી ડાળને કાપી આપણે પાડીએ અને તેના ફળો આપણે ખાઈએ.' આવા પ્રકારના અધ્યવસાયો નીલ લેશ્યાના હોય છે. (૨) ત્રીજાએ કહ્યું કે 'આવડી

મોટી શાખા કાપીને શું કામ છે ? પણ આ મોટી શાખાના અવયવ રૂપ નાની પ્રશાખાઓને જ કાપીએ.' આવા પ્રકારના અધ્યવસાયો કાપોત લેશ્યાના છે. (૩) ચોથાએ કહ્યું કે 'તે બિચારી નાની ડાળીને કાપવાથી શું ? એના કરતાં તેના છેડે રહેલા ઝુમખાઓને જ કાપો, આ પરિણામ તેજો લેશ્યાના છે. (૪) પાંચમો કહે છે કે 'આ ઝુમખાઓને કાપવાથી શું ? એના કરતાં ઝુમખાપરના પાકેલાં ફળોને આપણે તોડીએ કે જે આપણને ખાવા યોગ્ય હોય. આવા પ્રકારના પરિણામ પદ્મલેશ્યાના છે. (૫) છઠ્ઠો કહે છે કે ફળોને તોડવાથી પણ શું ? આપણને જેટલાં ફળોની જરૂર છે તેટલાં ફળો ઝાડની નીચે દેખાય છે માટે તેનાથી આપણે નિર્વાહ કરીએ. આ ભાંગવા, તોડવાની ધમાલ શામાટે ? આવા પ્રકારના પરિણામ શુકલ લેશ્યાના છે.

હવે ગામ ઘાતકનું દ્રષ્ટાંત કહે છે. છ ચોર નાયકોએ ભેગા થઈ કોઈ ગામમાં ધન-ધાન્ય લુંટવા માટે ધાડ પાડી તેમાં (૧) એક જણે કહ્યું કે 'પશુ, માનવ, સ્ત્રી, બાળક, વૃદ્ધ વગેરે જે કોઇ મળે તે સર્વને મારી નાખો' એવા પરિણામ કૃષ્ણલેશ્યાના છે. (૨) બીજાએ કહ્યું કે 'મનુષ્યોને જ મારો. પશુને શા માટે મારવા ? નીલ લેશ્યાના પરિણામ છે (૩) કાપોત લેશ્યાવાળા ત્રીજાએ કહ્યું કે 'પુરૂષોને જ મારીએ. સ્ત્રીને મારવાથી શું ? (૪) ચોથાએ કહ્યું કે પુરૂષોમાં પણ શસ્ત્રવગરનાને શા માટે મારવા ? આ પરિણામ તેજો-લેશ્યાના છે (૫) પદ્મલેશ્યાવાળા પાંચમાએ કહ્યું કે 'શસ્ત્રવાળામાં પણ જે યુદ્ધ કરે તેને જ મારવો, બાકીના નિરપરાધીને મારવાથી શું ? (૬) છઠ્ઠા શુકલના અધ્યવસાયવાળાએ કહ્યું કે 'અરે આ બધું અયોગ્ય છે. એક તો આપણે ધન ચોરીએ છીએ અને બીજું આ બિચારા લોકોનો નાશ કરવો ? માટે જો ધન ચોરવું પડે તો ભલે ! પણ કોઈપણ જીવોને મારવા નહિં. આ પ્રમાણે દ્રષ્ટાંત સહિત છ લેશ્યાનું સ્વરૂપ કહ્યું. હવે ગુણસ્થાન રૂપ જીવસમાસોને તે લેશ્યાઓમાં સૂત્રકાર સ્વયં કહે છે.

**किण्हा नीलाकाऊ अविरयसम्मंत संजयंतऽपरे ।**
**तेऊ पम्हा सण्णऽप्पमायसुक्का सजोगंता ॥७०॥**

ગાથાર્થ :-કૃષ્ણ નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ અવિરતસમ્યગદ્રષ્ટિ સુધી હોય છે. અને અન્ય મતે પ્રમત્ત સંયત ગુણસ્થાનક સુધી હોય છે. તેજો અને પદ્મ લેશ્યા સંજ્ઞી મિથ્યાદ્રષ્ટિથી અપ્રમત ગુણઠાણા સુધી હોય છે અને શુકલ લેશ્યા પહેલાથી સયોગી ગુણઠાણા સુધી હોય છે. (૭૦)

**ટીકાર્થ** :-કૃષ્ણ નીલ અને કાપોત એ પહેલી ત્રણ લેશ્યાઓમાં મિથ્યાદ્રષ્ટિથી અવિરત સમ્યગદ્રષ્ટિ સુધીના જીવો હોય છે. આગળના દેશાવરત વગેરે ગુણસ્થાનકોમાં આ

લેશ્યાઓ હોતી નથી કારણકે તે ગુણઠાણા વિશુધ્ધ છે અને લેશ્યાઓ અવિશુધ્ધ છે માટે. અન્ય આચાર્યો આ લેશ્યાત્રિકમાં મિથ્યાત્વથી પ્રમત્તસંયત ગુણસ્થાન સુધીના છ ગુણઠાણા માને છે. પણ અપ્રમત્ત વગેરે ગુણઠાણા હોતા નથી. પરંતુ દેશવિરત પ્રમત્ત ગુણસ્થાનોમાં પણ તેવા પ્રકારની વિશુધ્ધિનો અભાવ હોવાથી કૃષ્ણ વગેરે ત્રણ લેશ્યા માને છે.

સંજ્ઞી શબ્દ વડે મિથ્યાદ્રષ્ટિ સંજ્ઞી પંચેંદ્રિય લેવા. મિથ્યાદ્રષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિયથી લઈ પ્રમાદ રહિત એવા અપ્રમત્ત સંયત ગુણસ્થાન સુધી તેજો અને પદ્મ લેશ્યા હોય છે. ગાથામાં અપ્રમાદનો **अ सण्ण ना ण** માં અંતર્ગત થયો હોવાથી અહિં દેખાતો નથી, અપૂર્વકરણ વગેરે ગુણઠાણામાં ફક્ત શુકલ લેશ્યા જ હોવાથી આ બે લેશ્યા હોતી નથી.

પ્ર :–બીજા ગ્રંથોમાં 'પૃથ્વીકાય અપકાય અને વનસ્પતિકાયમાં તેજોલેશ્યા હોય છે' એમ કહ્યું છે અને અહિં સંજ્ઞીને જ કહી છે તો તે ગ્રંથો સાથે આ વાતનો વિરોધ ન થાય ?

ઉ :–અહિં આગળ કહેલ ન્યાયથી લેશ્યા દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે તેમાં ઇશાન સુધીના દેવોને જે અહિં દ્રવ્ય તેજોલેશ્યા કહી છે, તે લેશ્યા સાથે મિથ્યાદ્રષ્ટિ દેવ ત્યાંથી ચ્યવી પૃથ્વી અપ અને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય, તો તેને પૂર્વભવની દ્રવ્ય તેજોલેશ્યા અહિં કહી નથી કારણકે અહિં ભાવ લેશ્યા ગુણ સ્થાનકમાં વિચારાય છે અથવા પૃથ્વીકાય વગેરેને અપર્યાપ્ત અવસ્થામાં આ લેશ્યા હોય છે પછી હોતી નથી, કારણકે પછી કૃષ્ણ લેશ્યા વગેરેમાં પરિવર્તન હોવાથી: આથી અલ્પકાલિન હોવાના કારણે અહીં કહી નથી. આ પ્રમાણે તેનો અવિરોધ જાણવો.

મિથ્યાત્વ ગુણસ્થાનકથી સયોગી સુધીના તેર ગુણઠાણાસુધી શુકલ લેશ્યા હોય છે. અયોગી તો લેશ્યા રહિત છે.(૭૦)

હવે આ લેશ્યાદ્વારમાં પૃથ્વીકાય વગેરે જીવોમાંથી કોને ? કેટલી ? અને કયી લેશ્યા હોય તે શિષ્યોને ઉપયોગી હોવાથી તેનું નિરૂપણ કરે છે.

## पुढविदगहरियभवणे वण जोइसिया असंखनर तिरिया ।
## सेसेगिंदिय वियला तियलेसा भावलेसाए ॥७१॥

ગાથાર્થ : પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય, ભવનપતિ વ્યંતરો અસંખ્યવર્ષાયુ તિર્યંચ મનુષ્યો દરેકને કૃષ્ણ, નીલ કાપોત અને તેજો લેશ્યા હોય છે. જ્યોતિષિઓ ને તેજોલેશ્યા જ હોય છે. બાકી રહેલા એકેન્દ્રિયો તેમજ વિકલેન્દ્રિયોને ત્રણ લેશ્યા ભાવથી હોય છે. (૭૧)

**ટીકાર્થ** : પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાય તથા અસુરકુમાર વગેરે ભવનપતિઓ વ્યંતરોને દરેકને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો લેશ્યા હોય છે જ્યોતિષિઓ ફક્ત તેજોલેશ્યાવાળા હોય છે. અસંખ્ય વર્ષાયુવાળા યુગલિક મનુષ્ય તિર્યંચો, કૃષ્ણ નીલ, કાપોત

અને તેજોલેશ્યાવાળા હોય છે. બાકી રહેલ તેજસ્કાય વાયુકાય અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય રૂપ વિકલેન્દ્રિયોને કૃષ્ણ, નીલ, કાપોત રૂપ ત્રણ લેશ્યા હોય છે.

પ્રશ્ન. ગાથાના પૂર્વાર્ધમાં રહેલ પૃથ્વી વગેરે ત્રણ સ્થાનોમાં ચાર લેશ્યા વિષયક અધ્યાહાર શી રીતે જણાય છે ? જો એમને એમજ જણાય છે તો ગાથાની અંતે કહેલ કૃષ્ણ વગેરે ત્રણ લેશ્યા શરૂઆતથી લઈને પૃથ્વી વગેરેમાં સામાન્યથી કેમ લેવાય ?

ઉત્તર. એ પ્રમાણે નથી. પૃથ્વી, પાણી અને વનસ્પતિથી બાકીના એકેન્દ્રિયોને ગાથાના ઉત્તરાર્ધમાં અલગ ભેદ પૂર્વક ગ્રહણ કર્યા હોવાથી ચાર લેશ્યાનો અધ્યાહાર પ્રાપ્ત થાય છે. જો બધાજ એકેન્દ્રિયોમાં આ કૃષ્ણ વગેરે ત્રણ લેશ્યા માન્ય હોય તો અલગ ભેદપૂર્વક શા માટે બતાવ્યા ? બધાય સમુહમાં જણાવતે; માટે આ જ ભેદ નિર્દેશ રૂપ કારણથી પૂર્વાર્ધમાં ચાર લેશ્યાનો અધ્યાહાર જણાય છે. અને તે ભેદ પ્રજ્ઞાપનાદિ ગ્રંથોના પ્રમાણથી જે પ્રમાણે બતાવ્યું છે તે પ્રમાણે જ ઘટે છે. એક ગ્રંથને બીજા ગ્રંથ સાથે વિસંવાદિતપણે વ્યાખ્યા કરતા તે ગ્રંથ પ્રમાણ રૂપ થતો નથી. હવે વધુ ચર્ચાથી સર્યું.

પ્રશ્ન. ગાથાના ઉત્તરાર્ધમાં બતાવેલ તેઉકાય વાયુકાય વગેરે જીવોને કૃષ્ણ વગેરે ત્રણ દ્રવ્ય લેશ્યા જ હોય છે કે ભાવલેશ્યા પણ હોય છે ?

ઉત્તર, ગાથામાં કહેલ अपि શબ્દથી જ અહિં ત્રણ ભાવ લેશ્યા યુક્ત જ આ જીવો હોય છે એમ જણાઈ આવે છે, નહિં કે ફક્ત ત્રણ દ્રવ્ય લેશ્યા યુક્ત, પણ કહેલા ન્યાય પ્રમાણે દેવવગેરેની જેમ ભાવ પરાવર્તનથી છ લેશ્યાવાળા પણ હોય છે એમ નથી. પૃથ્વીકાય અપકાય અને વનસ્પતિકાય પણ કૃષ્ણ વગેરે ત્રણ દ્રવ્યલેશ્યા સાથે ભાવ અશુભ ત્રણ લેશ્યા યુકત જાણવા, ફકત અપર્યાપ્ત અવસ્થામાં પૂર્વમાં કહેલ યુક્તિ પ્રમાણે ચોથી દ્રવ્ય તેજોલેશ્યા પણ પૃથ્વીકાય વગેરેને જાણવી.

ભવનપતિ વ્યંતરને પૂર્વમાં કહેલ ચાર દ્રવ્યલેશ્યા જ જાણવી. જ્યોતિષીઓને દ્રવ્ય તેજોલેશ્યા જ હોય છે. ભાવથી આ ત્રણેને છ એ લેશ્યા કહી છે. અસંખ્ય-વર્ષાયુવાળા તિર્યંચ, મનુષ્યોને દ્રવ્ય અને ભાવથી પૂર્વમાં કહેલ ચાર લેશ્યાઓ જાણવી. બીજું આ ગાથામાં ઉપલક્ષણથી સંખ્યાતવર્ષાયુવાળા ગર્ભજ મનુષ્યો અને તિર્યંચોને દ્રવ્ય અને ભાવથી છ એ લેશ્યા હોય છે. સંમુચ્છિમ મનુષ્ય તથા તિર્યંચોને કૃષ્ણ વગેરે ત્રણ અશુભ લેશ્યા હોય છે. (૭૧)

હવે સાતે નારકોને નરકપૃથ્વીના ક્રમપૂર્વક લેશ્યાઓનું પ્રતિપાદન કરે છે.

काऊ काऊ तह काऊनील नीला य नीलकिण्हा य ।
किण्हा य परमकिण्हा लेसा रयणप्पभाइणं ॥७२॥

ગાથાર્થ-કાપોત, કાપોત, કાપોતનીલ, નીલ, નીલકૃષ્ણ, કૃષ્ણ, પરમકૃષ્ણ લેશ્યા રત્નપ્રભા વગેરે સાતે નરક પૃથ્વીમાં હોય છે. (૭૨)

ટીકાર્થ : રત્નપ્રભા નરકમાં ફક્ત એક કાપોત લેશ્યા જ હોય છે. શર્કરપ્રભા નરકમાં કિલષ્ટતર કાપોત લેશ્યા જ હોય છે. વાલુકાપ્રભા નરકમાં કેટલાક ઉપરના પ્રતરોમાં કાપોતલેશ્યા અને કેટલાક નીચેના પ્રતરોમાં નીલ લેશ્યા હોવાથી કાપોત અને નીલ લેશ્યા હોય છે. ચોથી પંકપ્રભા નરકમાં નીલ લેશ્યા જ હોય છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં કેટલાક ઉપરના પ્રતરોમાં નીલલેશ્યા અને નીચેના પ્રત્તરોમાં કૃષ્ણલેશ્યા હોય છે. છઠ્ઠી તમઃપ્રભા નરકમાં કૃષ્ણલેશ્યા હોય છે. અને સાતમી તમઃતમઃપ્રભા પૃથ્વીમાં અત્યંત કિલષ્ટતર પરમ કૃષ્ણલેશ્યા હોય છે. કહેલ ક્રમ પ્રમાણે રત્નપ્રભા વગેરે નારકોને આ લેશ્યા હોય છે. (૭૨)

હવે વૈમાનિકોમાં લેશ્યાનું નિરૂપણ કરે છે.

तेऊ तेऊ तह तेऊ पम्ह पम्हा य पम्हसुक्का य ।
सुक्का य परमसुक्का सक्कादिविमाणवासीणं ॥७३॥

ગાથાર્થ-તેજોલેશ્યા, તેજોલેશ્યા, તેજોપદ્મલેશ્યા, પદ્મલેશ્યા, પદ્મશુકલલેશ્યા, અને શુક્લલેશ્યા અને પરમશુક્લ લેશ્યા શક્ર વગેરે વિમાનવાસી દેવોને આ ક્રમે લેશ્યા હોય છે. (૭૩)

ટીકાર્થ : શક્ર એટલે સૌધર્માધિપતિ ઇન્દ્ર, તેના ઉપલક્ષણથી સૌધર્મ દેવલોક જાણવો. તેથી સૌધર્મ વગેરે દેવલોકમાં રહેલા વિમાનવાસી દેવોની તેજો વગેરે લેશ્યાનો ક્રમ આ પ્રમાણે જાણવો. સૌધર્મદેવલોકમાં ફક્ત એક જ તેજોલેશ્યા હોય છે. ઇશાન દેવલોકમાં કંઈક વિશુદ્ધતર તેજોલેશ્યા હોય છે. સનતકુમાર દેવલોકમાં કેટલાક અલ્પતર સમૃદ્ધિવાળા થોડા દેવોને તેજોલેશ્યા અને બાકીના દેવોને પદ્મલેશ્યા હોય છે. માહેન્દ્ર દેવલોકમાં ફક્ત પદ્મલેશ્યા જ હોય છે. બ્રહ્મદેવલોકમાં ઘણા દેવોને વિશુદ્ધ એવી પદ્મલેશ્યા હોય છે અને અતિ મોટી ઋદ્ધિવાળા થોડાક દેવોને શુક્લલેશ્યા પણ હોય છે. લાંતકથી અચ્યુત સુધીના દેવોને અને નવગ્રૈવેયકમાં શુકલલેશ્યા હોય છે. લાંતકથી મહાશુક્રમાં આ શુક્લ લેશ્યા ફક્ત વિશુદ્ધતર હોય છે. તેથી સહસ્રારમાં વિશુદ્ધતમ હોય છે. એ પ્રમાણે નવમા ગ્રૈવેયક સુધી વિશુદ્ધ, વિશુદ્ધતર શુકલલેશ્યા જાણવી. અનુત્તર વિમાનમાં પરમશુકલ લેશ્યા એટલે અત્યંત વિશુદ્ધતર લેશ્યા હોય છે. આ પ્રમાણે આ ગાથાની વ્યાખ્યા કરી પરંતુ પ્રજ્ઞાપના વગેરે ગ્રંથોમાં આ પ્રમાણે કહ્યું છે કે,

' किण्हा नीला काउ तेऊ लेसा य भवणवंतरिया ।
जोइससोहममीसाण तेउल्लेसा मुणेयव्वा ॥१॥
कप्पे सणंकुमारे माहिंदे चेव बंभलोगे य ।
एएसु पम्हलेसा तेण परं सुक्क लेसा य ॥२॥

કૃષ્ણ નીલ કાપોત તેજો લેશ્યા ભવનપતિ અને વ્યંતરોને હોય છે. જ્યોતિષીઓ અને સૌધર્મ, ઇશાન દેવલોકમાં તેજોલેશ્યા જાણવી. સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મદેવલોકમાં પદ્મલેશ્યા જ તે પછી લાંતક વગેરે દેવલોકમાં ફક્ત શુકલ લેશ્યા જ હોય છે. (૧-૨).

આ પ્રમાણે ગ્રંથાતરોમાં સનતકુમાર દેવલોકમાં તેમજ બ્રહ્મદેવલોકમાં ફક્ત પદ્મલેશ્યા જ બતાવી છે. જ્યારે આ ગાથામાં તો સનતકુમારમાં કેટલાક દેવોને તેજોલેશ્યા કહી છે અને બ્રહ્મદેવલોકમાં કેટલાક દેવોને શુકલલેશ્યા કહી છે. આ બાબતનું તત્ત્વ તો કેવલીઓ અથવા બહુશ્રુતો જાણે. બીજા આચાર્યો આ ગાથાની વ્યાખ્યા જુદા પ્રકારે પણ કરે છે. પરંતુ તે વ્યાખ્યા પ્રજ્ઞાપના વગેરે ગ્રંથો સાથે અત્યંત વિસંવાદી હોવાના કારણે તેની ઉપેક્ષા કરી છે. (૭૩)

અહિં પૂર્વમાં જે ભવનપતિથી લઈ વૈમાનિક સુધીના દેવો તથા નારકોની જે કોઈક નિશ્ચિત લેશ્યા કહી છે તે દ્રવ્ય લેશ્યા જાણવી, ભાવલેશ્યા તો સર્વને અલગ અલગ છ એ લેશ્યા હોય છે એ જ દર્શાવવા માટે કહેલ છે કે,

' देवाण नारयाण य दव्व ल्लेसा हवंति एयाउ ।
भावपरित्तीए ऊण नेरईयसुराण छल्लेसा ॥७४॥

ગાથાર્થ-દેવો અને નારકોને આ દ્રવ્યલેશ્યા હોય છે પરંતુ ભાવ પરાવર્તન થવાથી નારકો અને દેવોને છ એ લેશ્યા હોય છે. (૭૪)

*ટીકાર્થ* : પૂર્વમાં દેવો અને નારકોને જે લેશ્યા કહી છે તે દ્રવ્યલેશ્યા જાણવી. પરંતુ લેશ્યા દ્રવ્યથી આધારીત ચિત્તના અધ્યવસાય રૂપ ભાવનું પરિવર્તન થવાથી સર્વ દેવો અને નારકોને દરેકને છ એ લેશ્યાઓ હોય છે. અહિં એનું તાત્પર્ય આ પ્રમાણે છે.

શુભાશુભ પરિણામ વિશેષને લેશ્યા કહી છે. તે પરિણામ વિશેષ લેશ્યાને ઉત્પન્ન કરનારા સકલ કર્મના સાર રુપ દ્રવ્યો હમેશાં જીવને ઘેરીને જ રહ્યા હોય છે એમ પૂર્વમાં કહી ગયા છીએ. તેમાં કૃષ્ણલેશ્યાના પરિણામ ઉત્પન્ન કરનારા દ્રવ્યો વર્ણથી મેશના ઢગલા વગેરેના જેવા કાળા રંગના, ગંધથી મરી ગયેલી ગાય વગેરેના શરીરથી પણ અનંત

ગુણી અશુભ દુર્ગંધવાળા, રસથી કડવી તુંબડી, લીમડો, રોહિણી વગેરેના સ્વાદથી પણ અનંતગુણ કડવા સ્વાદવાળા, સ્પર્શથી પણ અનંતગુણા કર્કશ (ખરબચડા) સ્પર્શવાળાં દ્રવ્યો હોય છે.

નીલ લેશ્યાના પરિણામ ઉત્પન્ન કરનારા દ્રવ્યો વર્ણથી ચાસ પંખીના પીંછા, વૈડૂર્યમણિના જેવા વર્ણવાળા, ગંધથી કૃષ્ણ લેશ્યાના દ્રવ્યોથી કંઈક સારી ગંધવાળા, રસથી ત્રીફળા, સૂંઠ પીપળામૂળ વગેરેના સ્વાદથી પણ અનંતગુણ તિક્ત (તીખા) સ્વાદવાળા, સ્પર્શથી ગાયની જીભના સ્પર્શથી અનંતગુણ કર્કશ સ્પર્શવાળા હોય છે.

કાપોત લેશ્યાના પરિણામ ઉત્પન્ન કરનારા દ્રવ્યો વર્ણથી તેલ, કાંટો, કોયલનું શરીર કબૂતરની ડોક વગેરેના રંગ સમાન, ગંધથી નીલ લેશ્યાના દ્રવ્યથી કંઈક સારી ગંધવાળા, રસથી કાચી કેરી, આમળા, કોઠાના સ્વાદથી પણ અનંતગુણ અશુભ સ્વાદવાળા, સ્પર્શથી શાગના પાંદડાના સ્પર્શથી પણ અનંતગુણ કર્કશ સ્પર્શવાળા દ્રવ્યો હોય છે.

તેજો લેશ્યાના પરિણામ ઉત્પન્ન કરનારા દ્રવ્યો વર્ણથી હિંગળોક, પરવાળા, સૂર્યના કિરણો, પોપટની ચાંચ, દિવાની જ્યોત વગેરેના રંગ સમાન, ગંધથી સુગંધી ફૂલોના રસ (અત્તર) થી વાસિત ગંધ સમાન, રસથી પાકેલી કેરી પાકેલું કેળું ના રસથી પણ અનંતગુણ શુભ રસવાળા, સ્પર્શથી આકડાનું રૂ, માખણ, શિરીષના ફૂલ સમાન કોમળ સ્પર્શથી પણ અનંતગુણ કોમળ સ્પર્શવાળા હોય.

પદ્મલેશ્યા ઉત્પન્ન કરનારા દ્રવ્યો વર્ણથી ચૂરેલી હળદર, શણના ફૂલ સમાન વર્ણવાળા, ગંધથી તેજોલેશ્યાથી પણ શુભ ગંધવાળા, રસથી સારી સારી સંસ્કારિત દ્રાક્ષના રસથી પણ અનંતગુણ રસવાળા, સ્પર્શથી તેજોલેશ્યાના સ્પર્શથી પણ અધિક કોમળ સ્પર્શ જાણવો.

શુક્લલેશ્યાના કારણ રૂપ દ્રવ્યો વર્ણથી શંખ, કુંદ, દૂધ, હાર વગેરેના સમાન રંગવાળા, ગંધથી તેજોલેશ્યાથી પણ શુભતમ ગંધવાળા, રસથી ખજૂર, દ્રાક્ષ, ખીર, સાકરના સ્વાદથી પણ અનંતગુણ શુભ સ્વાદવાળા, સ્પર્શથી તેજોલેશ્યાથી પણ કોમલતમ સ્પર્શ. અહિં કોમળ સ્પર્શ કહેવો. આવા દ્રવ્યો હોય છે.

આ પ્રમાણે હોયે છતે કૃષ્ણ વગેરે દ્રવ્યોથી જીવના જે પરિણામ (યોજાય છે) વિશેષો ઉત્પન્ન થાય તે મુખ્યતાએ તેજ લેશ્યા શબ્દ તરીકે પ્રયોગાય છે. ગૌણ વૃત્તિએ કારણમાં કાર્યોપચાર રૂપ ન્યાયથી આ જ કૃષ્ણ વગેરે દ્રવ્યોને દ્રવ્યરૂપ લેશ્યા એટલે દ્રવ્યલેશ્યા તરીકે જણાવાય છે તેથી ભવનપતિ વ્યંતરોની જે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો રૂપ ચાર લેશ્યા કહી છે તે દ્રવ્ય લેશ્યા જ જાણવી. કોઇક દેવને જન્મથી આરંભી અંત સુધી કૃષ્ણ લેશ્યાના દ્રવ્યોનો ઉદય હોય તો કોઇકને નીલલેશ્યાના દ્રવ્યોનો, કોઇક ને કાપોત લેશ્યાના દ્રવ્યોનો તો કોઈકને તેજોલેશ્યાના દ્રવ્યોનો ઉદય હોય છે. પણ પદ્મ કે શુક્લલેશ્યાના દ્રવ્યોનો

સ્થિર ઉદય હોતો નથી. એ પ્રમાણે બાકીના દેવોને અને નારકોને પૂર્વમાં જેને જેટલી લેશ્યા કહી છે તેને તેટલી દ્રવ્ય લેશ્યા કહેવી.

તે તે દ્રવ્યલેશ્યાઓ તે દેવનારકોને હંમેશા સ્થિર ઉદયવાળી જાણવી. ભાવલેશ્યા આશ્રયી સર્વ દેવનારકોને છએ લેશ્યા હોય છે.

પ્રશ્ન :–દ્રવ્યલેશ્યા જન્ય ભાવલેશ્યા કહી છે. જો તે દેવનારક વગેરે જીવોને છ પ્રકારના દ્રવ્યો નથી હોતા તો પછી ભાવલેશ્યા છ પ્રકારે શી રીતે હોય ? કારણકે, કારણ વગર કાર્ય થવાથી નિર્હેતુકતાનો પ્રસંગ આવે.

ઉત્તર :–સાચી વાત છે, પણ અવસ્થિત ઉદયને આશ્રયી જેને જેટલી દ્રવ્યલેશ્યા કહી છે તેને તેટલી જ દ્રવ્યલેશ્યા હોય છે. કદાચિત ઉદયને આશ્રયી કહેલ દ્રવ્યલેશ્યા સિવાય બીજી પણ તેઓને દ્રવ્ય લેશ્યાનો ઉદય હોય છે. જેમકે સાતમી નરકમાં હંમેશા કૃષ્ણ લેશ્યાના દ્રવ્યોનો જ સ્થિર ઉદય હોય છે. પરંતુ સમ્યક્ત્વ પ્રાપ્તિ-કાળે તેજોલેશ્યા વગેરે દ્રવ્યનો પણ ઉદય થાય છે ત્યારે જ તે સમ્યક્ત્વ વગેરે ભાવને પ્રાપ્ત થાય છે. આ વાત તમારે જરૂર સ્વીકારવી પડશે, નહિં તો પછી તેઓને જે 'સમ્યક્ત્વ પ્રાપ્તિનો લાભ સિદ્ધાંતમાં કહ્યો છે તે પ્રાપ્ત થશે નહિં કારણકે અશુભ લેશ્યાના પરિણામ હોય તો સમ્યક્ત્વનો અસંભવ છે.

પ્રશ્ન :–જો એ પ્રમાણે હોય તો સ્થિર લેશ્યા અને આગંતુક લેશ્યાના દ્રવ્યોથી ઉત્પન્ન થયેલ બે પ્રકારના પરિણામો એકજ વખતે થવાનો સંભવ છે. એકીસાથે પરસ્પર વિરૂધ્ધ પરિણામોની સત્તા સિધ્ધાંતમાં સ્વીકારાઈ નથી તેમજ યુક્તિથી પણ બેસતું નથી.

ઉત્તર :–સાચી વાત છે. જે આગંતુક લેશ્યાના દ્રવ્યો કોઈક ઉદયમાં આવે ત્યારે તે દ્રવ્યો અવસ્થિત લેશ્યાના દ્રવ્યોને પ્રતિહત બળવાળા કરે છે. જેથી પોતાનાથી ઉત્પન્ન થનારા પરિણામને ઉત્પન્ન કરી શકતા નથી. તેથી આગંતુક લેશ્યાના ઉદય વખતે તેના દ્વારા ઉત્પન્ન થયેલ એકજ પરિણામ હોય છે. તેથી બે પરિણામો કેવી રીતે હોઈ શકે ?

પ્રશ્ન :–જો એમ હોય તો નારક અને દેવોની જે અવસ્થિત કૃષ્ણ વગેરે લેશ્યાઓ કહી છે તે નિરર્થક થશે. કારણકે આગન્તુક દ્રવ્યલેશ્યાના ઉદય વખતે અવસ્થિત લેશ્યાનો અવરોધ થશે ?

ઉત્તર :–એ પ્રમાણે નથી. આગંતુક લેશ્યાના દ્રવ્યોના ઉદય વખતે અવસ્થિત લેશ્યાના દ્રવ્યો ફરી આકારમાત્ર રૂપે જ સ્વીકારાય છે; નહિં કે બિલકુલ પોતાના સ્વરૂપને છોડી બીજા સ્વરૂપાંતરને સ્વીકારે, કે જેથી અવસ્થિત લેશ્યાના ઉદયમાં વિરોધ આવે. પ્રજ્ઞાપનામાં પણ કહ્યું છે કે—

**से नूणं भंते किण्हलेसा नीललेसं पप्प नो तारुवत्ताए नो तावन्नत्ताए नो तागंधत्ताए नो तारसत्ताए नो ताफासत्ताए भुज्जो परिणमई ? हंता गोयमा ! किण्हलेसा नीललेसं पप्प नो तारुवत्ताए'**

હે ભગવંત ! કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત કરી શું તદ્રૂપે નથી પરિણમતી ? શું તદ્વર્ણ રૂપે ? શું તદ્ગંધ રૂપે ? શું તદ્રસરૂપે ? શું તદ્સ્પર્શ રૂપે વારંવાર નથી સ્પર્શતિ ?

હે ગૌતમ ? કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પ્રાપ્ત કરી તદ્રૂપ નથી પરિણમતિ વગેરે સર્વ પાઠ **भुज्जो भुज्जो परिणमइ** સુધી સર્વ સ્વીકાર કરવા પૂર્વક અંત સુધી ફરી ઉચ્ચારવો. હે ગૌતમ, જે પ્રમાણે તું પ્રતિપાદન કરે છે કે અવસ્થિત ઉદયવાળી કૃષ્ણલેશ્યા આગન્તુક નીલલેશ્યાના દ્રવ્યોના ઉદયમાં તેના રૂપ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રૂપે પરિણમતી નથી. એ પ્રમાણે ભગવાને ઉત્તર આપ્યે છતે ફરી ગૌતમ-સ્વામી પ્રશ્ન કરે છે.

**से केणट्ठेणं भन्ते एवं वुच्चइ किण्हलेसा नीललेसं पप्प नो ता रूवत्ताए जाव परिणमइ ।**

હે ભગવન્ત ! કયા કારણથી એમ કહેવાય છે કે કૃષ્ણલેશ્યાં નીલલેશ્યાને પ્રાપ્ત કરી તદ્રૂપપણે નથી પરિણમતી ? યાવત વારંવાર પરિણમતી નથી—સુધી કહેવું. અહિં ભગવાન કારણને કહે છે.

**'आगारभावमायाए वा सिया परिभागमायाए वा से सिया किण्हलेसा णं सा नो खलु नीललेसा, तत्थंगया ओस्सक्कई ।'**

આકારભાવ માત્રવડે અથવા પ્રતિભાગમાત્રવડે હોવાથી કૃષ્ણલેશ્યા નીલલેશ્યામાં પરિણમતી નથી. આકાર એટલે આગંતુક નીલ વગેરે લેશ્યાનો આભાસ. જેમ જાસુદના ફૂલ વગેરે વસ્તુઓ જ્યારે અતિ નજીક ન હોય ત્યારે દર્પણમાં તેના પડછાયા રૂપ આકાર એજ ભાવ એટલે પદાર્થ, તે જ આકારભાવમાત્ર. તે આકારભાવ માત્ર વડે આ અવસ્થિત કૃષ્ણલેશ્યા આગંતુક નીલલેશ્યા રૂપે થાય છે. પણ સર્વથા નીલલેશ્યા રૂપે થતી નથી.

પ્રતિભાગ એટલે પ્રતિબિંબ. જેમ જાસુદના ફૂલ વગેરે વસ્તુઓ અતિ નજીક હોય ત્યારે દર્પણમાં તેની પ્રતિબિંબરૂપ છાયા પરિણમે છે. પ્રતિબિંબની જેમ પ્રતિભાગ તેના વડે જે અવસ્થિત લેશ્યા આગંતુક લેશ્યા રૂપ થાય છે પણ સર્વથા નીલલેશ્યા રૂપે થતી નથી, આ પ્રમાણે તાત્પર્યાર્થ છે. પહેલા આગુંતક લેશ્યાનો ઉદય મંદતર હોય તો અવ-સ્થિત લેશ્યા તે આગુંતક લેશ્યાનો આભાસ માત્ર જ ધારણ કરે છે. તે પછી આગુંતક લેશ્યાનો ઉદય તીવ્રતિવ્રતર થયેલ તે તત્પ્રતિબિંબ માત્ર એટલે વિશિષ્ટત્તર તદાકાર ભાવને

પ્રાપ્ત કરે છે. પરંતુ સર્વથા પોતાના સ્વરૂપને છોડી તે આગુંતક લેશ્યાના સ્વરૂપને પ્રાપ્ત થતી નથી એટલે વાસ્તવિક રીતે તે કૃષ્ણલેશ્યાનું સ્વરૂપ જ છે, નહિં કે નીલ-લેશ્યાનું, પણ કૃષ્ણલેશ્યા નીલલેશ્યા પાસે જઈ વૃધ્ધિભાવને પામે છે. આનો નિષ્કર્ષ આ પ્રમાણે છે. ત્યાં જ પોતાના જ સ્વરૂપમાં રહી નીલ વગેરે લેશ્યાને મળી વૃધ્ધિભાવને પામે છે એટલે તદાકારભાવ માત્ર કે તત્પ્રતિબિંબમાત્ર રૂપ કંઇક શુભ ભાવને પ્રાપ્ત કરે છે.

એ પ્રમાણે કૃષ્ણલેશ્યાના કાપોતલેશ્યા વગેરે સાથેના આલાવા પણ આ પ્રમાણે કહેવા. **से नूणं भन्ते किण्हलेसा काऊलेसं पप्प** તથા **तेउलेसं पम्हलेसं सुक्कलेसं पप्प** વગેરે આ પ્રમાણે કૃષ્ણલેશ્યાના અવસ્થિત ઉદયાશ્રયી આ વાત કહી.

જ્યારે નીલલેશ્યાનો અવસ્થિતોદય હોય ત્યારે નીચેની કૃષ્ણલેશ્યા સાથે તથા ઉપરની કાપોત લેશ્યા સાથેના આલાવા આ પ્રમાણે કહેવાઃ– **से नूणं भन्ते ! नीललेसा किण्हलेसा पप्प** વગેરે. **नीललेसा काउलेसं पम्हलेसं सुक्कलेसं** વગેરે પરંતુ કૃષ્ણલેશ્યા સાથેના આલા-વામાં કૃષ્ણલેશ્યાને પ્રાપ્ત કરી નીલલેશ્યા હીનભાવને પ્રાપ્ત કરે છે એમ કહેવું. આગંતુક કૃષ્ણલેશ્યાના ઉદય વખતે અવસ્થિત નીલલેશ્યાનો હીનભાવ જ ઘટે છે. એ પ્રમાણે જેમ નીલલેશ્યાનો નીચેની તેમજ ઉપરની લેશ્યાનો વિચાર કર્યો તેમ કાપોત વગેરે લેશ્યાનો પણ વિચાર કરવો. બધી જગ્યાએ નીચેની લેશ્યા સાથેના આલાવામાં હીનભાવને પામે છે એમ કહેવું અને ઉપરની લેશ્યા સાથે વૃધ્ધિભાવને પામે છે. શુકલલેશ્યા અન્ય લેશ્યા પ્રાપ્ત કરી હીન ભાવને જ પામે છે. કારણકે તેની ઉપર બીજી કોઇ લેશ્યા નથી. વધુ વિસ્તારથી સર્યું. તેથી આગંતુક લેશ્યાના ઉદય વખતે અવસ્થિત લેશ્યાના ઉદયમાં વિરોધ આવતો નથી, સર્વથી તેના પ્રતિઘાતત્વનું કહેલા ન્યાય પ્રમાણે નિવારણ કર્યું હોવાથી આમ નારક-દેવોને દ્રવ્યથી જેને જે લેશ્યા કહી છે તે લેશ્યા તેને હોય છે ભાવલેશ્યા તો બધાયને બધી જ હોય છે એમ નક્કી થયું. આ રીતે સાતમી નરકના જીવને સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે તેજો વગેરે લેશ્યા તેમજ સંગમદેવને શ્રીમાન મહાવીર પરમાત્માને ઉપસર્ગ કરવા વખતે કૃષ્ણ વગેરે લેશ્યાની હયાતી હોય છે એમ નિર્વિવાદ પણે ઘટે છે. (૭૪)

આ પ્રમાણે લેશ્યાદ્વાર પૂર્ણ થયું. હવે ભવ્યદ્વાર કહે છે.

## પ્રકરણ-૧૨

### ભવ્યદ્વાર

મુક્તિના પર્યાયરુપે જે થવાના છે તે ભવ્યો. જેમણે આજ સુધી નિર્વાણ પ્રાપ્ત કર્યું નથી પણ આગામિકાળે જરુર મોક્ષને પ્રાપ્ત કરશે તે ભવ્યો. તેનાથી વિપરિત તે અભવ્ય. આથીજ ભવ્યોને ભવસિધ્ધિકો પણ કહેવાય છે, ભવ્ય એટલે ભાવિકાળમાં સિધ્ધિ છે જેમની તે ભવસિધ્ધિક, તેનાથી વિપરિત તે અભવસિધ્ધિક.

આ ભવ્યોનું ભવ્યત્વ અનાદિ કાળથી સિધ્ધ શાશ્વત જ છે, નહીં કે સામગ્રી વગર ઉત્પન્ન થનારૂં કે જનારૂં છે, એવું નથી અભવ્યોનું અભવ્યત્વ પણ આ પ્રમાણે જ જાણવું,

આ ભવ્યત્વ અને અભવ્યત્વ વડે સમસ્ત સાંસારિક જીવરાશીનું ગ્રહણ કરાય છે તેમાં અભવ્યો થોડા છે એમ આગમોમાં કહ્યું છે અને ભવ્યો સિધ્ધોથી પણ અનંતગુણા છે. એમ આગમમાં જ કહ્યું છે.

પ્રશ્નઃ- જો ભવ્યત્વ અને અભવ્યત્વને અનાદિ કાલથી સંસિધ્ધ માનો છો તો તે શું પ્રત્યક્ષ પ્રમાણ ગમ્ય છે કે અનુમાન પ્રમાણ ગમ્ય છે?

ઉત્તરઃ- કેવલી ભગવંતોને તે પ્રત્યક્ષ ગમ્ય છે, છદ્મસ્થોને અનુમાન ગમ્ય છે

પ્રશ્ન :-અનુમાન લિંગથી (હેતુ) જણાય છે. અહિં તેનું કયું લિંગ છે કે જેના વડે વ્યવહારીઓ (છદ્મસ્થો) ભવ્યત્વને જાણી શકે?

ઉત્તર :-જે સંસારના વિપક્ષ રૂપ મોક્ષને માને, તેની પ્રતિરૂપ અભિલાષાને સ્પૃહા પૂર્વક ધારણ કરે 'શું હું ભવ્ય છું કે અભવ્ય છું એવું વિચારે. જો ભવ્ય હોઉં તો તો સારું, અભવ્ય હોઉં તો ધિક્કાર છે મને' એવા પ્રકારની વિચારણા કોઇક વખત પણ કરે તે ભવ્ય. આવા પ્રકારના ચિહ્નોથી ભવ્યાત્માઓ જણાય છે જેને આવા પ્રકારની કોઇ વખત પણ વિચારણા ઉત્પન્ન થતી નથી, થઈ પણ નથી અને થશે પણ નહિં તે અભવ્ય કહેવાય છે એમ વૃધ્ધ પુરૂષો વ્યાખ્યા કરે છે આચારાંગ ટીકામાં પણ કહ્યું છે કે **'अभव्यस्य हि भव्याभव्याशङ्काया अभावा'** વગેરે. અભવ્યોને ભવ્ય અભવ્યની શંકાનો જ અભાવ છે. આ પ્રમાણે ભવ્યનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું. હવે સૂત્રકાર પોતે જ ગુણઠાણા રૂપ જીવસમાસોને ભવ્યાભવ્યમાં ઘટાવે છે.

मिच्छदिट्ठि अभव्वा भवसिद्धीया य सव्वठाणेसु ।
सिद्धा नेव अभव्वा नवि भव्वा हुंति नायव्वा ॥७५॥

ગાથાર્થ : અભવ્યોને એક મિથ્યાત્વ ગુણસ્થાનક છે. ભવ્યને સર્વ ગુણઠાણા છે, સિદ્ધો ભવ્ય પણ નથી અને અભવ્ય પણ નથી હોતા એમ જાણવું. (૭૫)

**ટીકાર્થ** : અભવ્યો હંમેશાં મિથ્યાદૃષ્ટિ જ હોય છે. તેમને સાસ્વાદન વગેરે ગુણસ્થાનકો કોઇ પણ વખતે હોતા નથી. ભવ્યોમાં તે ગુણઠાણાની પ્રાપ્તી થાય છે. સર્વે ભવ્યો મિથ્યાદૃષ્ટિથી લઇ અયોગી ગુણસ્થાનક સુધી ચૌદે ગુણસ્થાનકોમાં હોય છે. તીર્થંકરો વગેરે અનાદિકાળમાં પ્રથમ તો મિથ્યાદૃષ્ટિરૂપે જ હોયછે સકલ કર્મથી ક્ષીણ એવા સિધ્ધ ભગવંતો અભવ્ય નથી કારણકે મોક્ષ પર્યાયને અનુભવતા હોવાથી, અને ભવ્ય પણ નથી કારણ કે મોક્ષ પર્યાયમાં રહેલા હોવાથી ફરી મોક્ષ પર્યાયની પ્રાપ્તિ નથી. (૭૫)

## પ્રકરણ-૧૩

### સમ્યકૃત્વ દ્વાર

ભવ્યાભવ્ય દ્વાર કહ્યું. હવે સમ્યકૃત્વ દ્વાર કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર પ્રસંગ પામી શિષ્યોના ઉપકાર માટે સમ્યક્ત્વ પ્રાપ્તિમાં વિઘાતક જે કર્મો છે તેનું સ્વરૂપ જણાવે છે.

**मइसुयनाणावरणं दंसणमोहं च तदुवघाईणि ।**
**तप्फड्डगाइं दुविहाइं सव्वदेसोवघाईणि ॥७६॥**

**ગાથાર્થ- મતિ અને શ્રુત જ્ઞાનાવરણ તથા દર્શન મોહનીય સમ્યકૃત્વના ઉપઘાતક છે અને તેના સ્પર્ધકો સર્વઘાતિ અને દેશઘાતિ એમ બે પ્રકારે છે. (૭૬)**

*ટીકાર્થ*:- પ્રસંગાનુસાર આવેલ **તત્** શબ્દથી અહિં મનમાં (આત્મામાં) પરિવર્તન સમ્યકૃત્વનો વિચાર કરવો. જે શુભાત્મ પરિણામ વિશેષથી જીવાજીવાદિ પદાર્થની શ્રદ્ધામાં સારી રીતે પ્રવર્તે તે સમ્યકૃત્વ, યથાવસ્થિત સકળ પદાર્થ વિષયક શ્રદ્ધાનો જીવના શુભ પરિણામ વિશેષ તે સમ્યકૃત્વ, તેને હણવાનો સ્વભાવ છે જેમનો તે તદુપઘાતિ કર્મો જાણવા. તે કર્મો મતિ શ્રુત જ્ઞાનનું આવરણ કરનારા જે મતિજ્ઞાનાવરણ તેમજ શ્રુતજ્ઞાનાવરણ કર્મો, તથા જે હોવાથી પદાર્થ સારી રીતે જાણી (જોઇ) શકાય તે દર્શન, એટલે સમ્યકૃત્વ કહેવાય છે. તેને મોહ પમાડે એટલે ઢાંકી દે તે દર્શન મોહ. તે સમ્યકૃત્વ, મિશ્ર અને મિથ્યાત્વપુંજ રૂપ છે. તે આ મતિજ્ઞાનાવરણ શ્રુતજ્ઞાનાવરણ, દર્શન મોહનીય રૂપ કર્મ સમ્યકૃત્વના ઉપઘાતક જાણવા.

પ્ર.- મતિશ્રુતાજ્ઞાનાવરણ એ બે તો મતિશ્રુત જ્ઞાનને રોકે છે તો અહિં કેવી રીતે સમ્યકૃત્વના ઉપઘાતક થાય છે? કારણકે દર્શનમોહનીય જ તેનો ઉપઘાતક છે.

ઉ.- સાચી વાત છે, પણ જીવ જ્યારે સમ્યકૃત્વ પામે છે ત્યારે જ તે વખતે જ મતિ-શ્રુતજ્ઞાન પણ અવશ્ય પામે છે, જ્યારે સમ્યકૃત્વ જાય છે ત્યારે મતિશ્રુતજ્ઞાન પણ અવશ્ય જાય છે તેથી જ સમ્યકત્વ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ત્રણે સહચારી હોવાથી આ પ્રમાણે મનાય છે. આ બધામાંથી જે એકનો ઘાતક છે તે સ્થૂલ વ્યવહાર નય વડે બીજાનો પણ ઘાતક તરીકે કહેવાય છે. છતાં પણ કોઇ પણ જાતની હાની નથી. કારણ કે અન્વય વ્યતિરેક વડે સર્વ જગ્યાએ સમાનતા રહી છે. વાસ્તવિક રીતે સમ્યકત્વના ઉપઘાતક તરીકે તો દર્શન મોહનીય જ છે. વધુ વિસ્તારથી સર્યું. તે મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, દર્શનમોહનીયરૂપ કર્મ પરમાણુ સ્કંધોના રસના જથ્થા રૂપ સ્પર્ધકો છે તે બે પ્રકારના છે, સર્વઘાતી અને દેશઘાતી. જે પોતાના આવાર્યજ્ઞાન વગેરે ગુણોને સર્વપણે હણવાના સ્વભાવવાળા હોય છે તે સર્વઘાતી, અને જે પોતાના આવાર્ય જ્ઞાન વગેરે ગુણોને દેશથી હણવાના સ્વભાવવાળા હોય તે દેશઘાતી.

પ્ર. સ્પર્ધક એટલે શું ? અને એનો અર્થ શું થાય ?

ઉ. અનંત પરમાણુઓ વડે બનેલા અનંતા સ્કંધોને કર્મરૂપે જીવ દરેક સમયે ગ્રહણ કરે છે તે દરેક સ્કંધોમાં જે સર્વથી જઘન્ય રસવાળા પરમાણુ છે. તેમાં રહેલા રસના પણ કેવલીઓની બુધ્ધિ વડે વિભાગ કરતા સર્વ જીવોથી તે રસના અનંતા ભાગો થાય છે તેમાં એક અંશ ઉમેરતા આ બીજો અંશ પૂર્વના અંશથી એક ભાગ અધિક રસવાળું, ત્રીજો અંશ તેનાથી બે ભાગ અધિક, ચોથો અંશ ત્રણ ભાગ અધિક, એ પ્રમાણે એક એક અંશ વૃધ્ધિ વડે ત્યાં સુધી ગણવું. જ્યાં સુધી બીજો પરમાણુ મૂળ રાશીથી અનંતગુણરસ ભાગવાળો થાય છે.

આ પ્રમાણે જે કેર્મસ્કંધમાં જે કંઈ જઘન્ય રસવાળા પરમાણુઓ હોય તેઓનો સમુદાય સમાન જાતિપણાથી એક વર્ગણા કહેવાય છે. બીજી વર્ગણામાં એકભાગ અધિક રસવાળા પરમાણુઓનો સમુદાય રૂપ બીજી વર્ગણા, બે ભાગ અધિક રસવાળા પરમાણુનો સમુદાય રૂપ ત્રીજી વર્ગણા, ત્રણભાગ અધિક રસવાળા પરમાણુઓનો સમુદાયરૂપ ચોથી વર્ગણા. આ પ્રમાણે એકેક રસભાગ અધિક પરમાણુઓનો સમુદાયરૂપ વર્ગણાઓ સિધ્ધોથી અનંતમાભાગે અને અભવ્યોથી અનંતગુણી થાય ત્યારે આટલી વર્ગણાઓનો સમુદાય સ્પર્ધક કહેવાય. શબ્દાર્થ આ પ્રમાણે છે. સ્પર્ધાની જેમ (હરિફાઇ) પરમાણુઓની વર્ગણાઓ જેમ ઉત્તરોત્તર રસવૃધ્ધિ વડે જેમાં હરિફાઈ કરે તે સ્પર્ધક કહેવાય.

અહિંથી આગળ એકએક ભાગના સતત વધતા રસવાળા પરમાણુઓ હોતા નથી, પરંતુ પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણામાં રહેલા પરમાણુઓના રસ ભાગોથી સર્વ જીવોથી અનંતગુણ રસભાગોની વૃદ્ધિવાળા રસોથી યુક્ત પરમાણુઓ હોય છે. અહિંથી બીજા સ્પર્ધકની શરૂઆત થાય છે. અહિંપણ જઘન્ય રસવાળા પરમાણુની એક વર્ગણા તે પછી એક રસભાગ વૃદ્ધિવાળી બીજી વર્ગણા, બે રસભાગ વાળી ત્રીજી વર્ગણા, એ પ્રમાણે પહેલા સ્પર્ધકમાં કહેલ સંખ્યા પ્રમાણે વર્ગણાઓ થાય ત્યારે બીજું સ્પર્ધક થાય છે. તે પછી એક એક ભાગની વૃદ્ધિવાળી વર્ગણાઓ હોતી નથી પરંતુ સર્વજીવોથી અનંતગુણ રસભાગ અધિક જ રસ પ્રાપ્ત થાય છે. અહિંથી ત્રીજા સ્પર્ધકની શરૂઆત થાય છે. આ જ પ્રમાણે ચોથા વગેરે સ્પર્ધકોમાં અનંતા રસના સ્પર્ધકો થાય છે.

આ સ્પર્ધકોમાં શુભ અને અશુભ એમ બે પ્રકારનો રસ હોય છે. તેમાં શુભ પ્રકૃતિનો શુભરસ અને અશુભ પ્રકૃતિનો અશુભરસ છે. તેમાં શુભ રસ ગાયના દૂધની ખીર વગેરેની ઉપમાવાળો હોય છે, આથી તેના દૃષ્ટાંત પૂર્વક અહિં વિચારણા કરે છે. જેમાં ભેંસનું દૂધ કે શેરડીનો રસ સ્વાભાવિક ઉકળ્યા વગરનો જે હોય અને તેની જે મીઠાશ તે એક સ્થાનીક રસ તરીકેની ગણત્રી કરાય છે તે જ રસમાં પછી પાણીના લવ, ટીપા, સુલુક

(કોગળો) અર્ધચુલુક પસલી, ખોબો, અંજલી, હાથ, ઘડો, દ્રોણ વગેરેના પ્રમાણ પાણી નાખવાથી (સંપર્કથી) તે રસ મંદ મંદતર વગેરે ઘણા ભેદોને સ્વીકારે છે. એ પ્રમાણે શુભ પ્રકૃતિઓનો પણ કોઈક તેવા પ્રકારનો રસ એકસ્થાનિક કહેવાય છે. તે જ રસ પોતાના કારણભૂત અધ્યવસાયોની વિચિત્રતાથી મંદ મંદતર વગેરે ભેદોને પામે છે.

તે જ ખીર કે શેરડીનો રસ અર્ધ ઉકળી જાય ત્યારે જે મીઠાશ હોય તે દ્વિસ્થાનિક રસ કહેવાય છે તે જ પાણીના લવ, બિંદુ, ચુલુક (કોગળો) અર્ધચુલુક પસલી, અંજલી વગેરેના સંબંધથી મંદ મંદતર વગેરે ભેદો પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે શુભ પ્રકૃતિનો રસ કંઈક શુભતર દ્વિસ્થાનિક કહેવાય છે. પોતાના કારણોની વિચિત્રતાથી મંદ મંદતર વગેરે ભેદો થાય છે.

તે જ ખીર કે શેરડીનો રસ બે ભાગ ઉકળી જઈ ત્રીજો ભાગ બાકી રહે ત્યારે જે મીઠાશ હોય તે ત્રિસ્થાનિક મધુરત્તમ રસ કહેવાય છે. તે જ પાણીના લવ, ટીપા અંજલી વગેરેના ભેદોથી તે જ રસના મંદ મંદત્તર વગેરે ભેદો થાય છે. આવા પ્રકારનો શુભ પ્રકૃત્તિનો રસ પણ કંઈક શુભત્તમ ત્રિસ્થાનિક રસ કહેવાય છે. પોતાના કારણોની વિચિત્રતાથી મંદ વગેરે ભેદો એ રસના થાય છે તે જ ખીર કે શેરડીનો રસ ઉકાળીયે ત્યારે ત્રણભાગ ઉકળી જાય અને ચોથો ભાગ બાકી રહે તે અતિશય મીઠાશવાળો ચતુઃસ્થાનિક રસ કહેવાય છે. તે જ ઉપર કહેલ પ્રમાણવાળા પાણીના સંપર્કથી જુદા જુદા ભેદોને પ્રાપ્ત કરે છે તેમ શુભ પ્રકૃતિનો રસ પણ કંઈક અતિશુભત્તમ ચતુઃસ્થાનિક રસ કહેવાય છે તે પણ પોતાના કારણોની વિચિત્રતાથી જુદા જુદા ભેદોને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે શુભરસની વિચારણા કરી.

અશુભ પ્રકૃતિનો અશુભ રસ અઘાડો નામની વનસ્પતિ તથા લીમડાના રસની ઉપમાવાળો હોય છે. આથી તે જ દ્રષ્ટાંતની વિચારણા કરાય છે. જેમ પટોલિકા એટલે હલકી જાતના પંડોળાના વેલાનો રસ તથા લીમડા વગેરેનો રસ સ્વભાવિક, અર્ધઉકાળેલ, બે ભાગ ઉકાળેલ, અને ત્રણ ભાગ ઉકાળેલ રસ જેમ કડવો, કટુત્તર, કટુત્તમ, અને અતિ-કટુત્તર રસ હોય ત્યારે એકસ્થાન, દ્વિસ્થાન, ત્રિસ્થાન, અને ચતુઃસ્થાનિક રસ કહેવાય છે. આ રસ પણ પૂર્વમાં કહેલ પાણીના ટીપા વગેરેના સંપર્કથી સર્વ પ્રકારના રસો જુદા જુદા મંદ, મંદત્તર વગેરે ભેદો પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે અશુભ પ્રકૃતિનો રસ પણ યથાસંભવ એક સ્થાનિક, દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક, અને ચતુઃસ્થાનિક કહેવાય છે. પોતાના કારણ ભેદોથી તે દરેક રસોના ઘણા ભેદો થાય છે.

અહિં ચતુઃસ્થાનિક અને ત્રિસ્થાનિક સર્વ પણ અશુભરસ પોતાના આવાર્ય ગુણને સંપૂર્ણ પણે હણતો હોવાથી સર્વઘાતીજ છે. દ્વિસ્થાનિક તો કંઈક તેવા પ્રકારે સર્વઘાતી

છે, કંઈક દેશઘાતી છે, અને એકસ્થાનિક રસ તો સંપૂર્ણ પણે દેશઘાતી જ છે. આથી નક્કી થયું કે જ્ઞાનાવરણ વગેરે અશુભ કર્મના સંબંધીત સ્પર્ધકો બે પ્રકારના છે. ઉપર કહેલ સર્વઘાતક રસયુક્ત તે સર્વઘાતિ અને દેશઘાતક રસયુક્ત તે દેશઘાતિ (૭૬)

તે સર્વઘાતિ અને દેશઘાતિ રસોથી શું ?

सव्वेसु सव्वघाइसु हएसु देसोवघाइयाणं च ।
भागेहि मुच्चमाणो समए समए अणंतेहिं ॥ ७७ ॥

**ગાથાર્થ :–સર્વે સર્વઘાતીનો ક્ષય થયે છતે તથા દેશઘાતિ સ્પર્ધકોનો સમયે સમયે અનંતા ભાગોને છોડતો જીવ સમ્યક્ત્વ પામે છે. (૭૭)**

**ટીકાર્થ** :–ચતુઃસ્થાનિક તથા ત્રિસ્થાનિક રસયુક્ત સ્પર્ધકો સર્વ સર્વઘાતિ તથા કેટલાક દ્વિસ્થાનિક રસયુક્ત સર્વઘાતિ સ્પર્ધકો વિશુદ્ધ અધ્યવસાયના બળે અપવર્તનાદિકરણ વગેરેના ક્રમપૂર્વક સંપૂર્ણ ઉચ્છેદ થાય ત્યારે તથા દેશઘાતિ પ્રકૃતિના કેટલાક દ્વિસ્થાનિક વગેરે રસવાળા સ્પર્ધકોનો દરેક સમયે અનંતાભાગોના અંશોનો ત્યાગ કરતો થકો દેશઘાતિ સ્પર્ધકના રસનોપણ (એકજ) અનંતમો ભાગ બાકી રહ્યો છતે જીવ સમ્યક્ત્વ પામે છે. બીજી રીતે નહિં. (૭૭)

આ પ્રમાણે સમ્યક્ત્વ પ્રાપ્તિનું કારણ કહ્યું. તે સમ્યક્ત્વ ત્રણ પ્રકારે છે. ક્ષયોપશમ ભાવ વડે થયેલ ક્ષાયોપશમિક, ઉપશમ ભાવ વડે થયેલ ઔપશમિક, ક્ષયભાવ વડે થયેલ ક્ષાયિક. તે ક્ષયોપશમ વગેરેનું સ્વરૂપ બતાવે છે.

खीणमुइण्णं सेसयमुवसंतं भण्णए खओवसमो ।
उदयविघाय उवसमो खओ य दंसणतिगाघाओ ॥७८॥

ગાથાર્થ :–**દર્શન મોહનિય જે ઉદયમાં છે તેનો ક્ષય કરવો અને ઉદયમાં નથી તેનો ઉપશમ કરવો તે ક્ષયોપશમ. દર્શનમોહનિયના ઉદયને રોકવો તે ઉપશમ અને દર્શન મોહનિય ત્રીકનો બિલકુલ ક્ષય કરવો તે ક્ષાયિક (૭૮)**

**ટીકાર્થ** :–જે મિથ્યાત્વ મોહનિય ઉદયમાં આવેલ છે તે સર્વને ક્ષીણ કરી નાખે અને જે વર્તમાનકાળમાં ઉદયમાં આવ્યા સિવાયની બાકી રહેલી ફક્ત સત્તામાં જ પડેલા છે તેના ઉદયને રોકી દબાવી રાખે તે ઉપશમ જ્યારે થાય છે તે મિથ્યાત્વમોહનિયના ઉદયે ક્ષય કરી અને જેનો ઉદય નથી તેને ઉપશાંત કરવાથી ક્ષયોપશમ કહેવાય છે. તે ક્ષયોપશમ વડે બનેલું સમ્યક્ત્વ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. મિથ્યાત્વ મોહનીય કર્મની

ક્ષયોપશમ અવસ્થામાં જીવો જે સમ્યક્ત્વ પામે છે તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય. આ વાત સૂત્રમાં ન કહેલ હોવા છતાં પણ પ્રસંગાનુસારે આવેલ હોવાથી જાતે જ જાણી લેવી. આ પ્રમાણે આગળ પણ સમજવું.

જેનું ઉપશમન થાય તે ઉપશમ. જે મિથ્યાત્વ મોહનિયના ઉદયનું રોકાણ થાય છે તે ઉપશમ. ઉદયનો વિઘાત કરવો તે ઉપલક્ષણથી છે. ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય પણ છે એમ સમજવું, કારણકે ઉદયમાં આવેલનો ક્ષય ન થયો હોય તો તે મિથ્યાત્વનો ઉપશમ થતો નથી. આથી કોઇક પ્રતમાં **खओ य दंसणतिगाघाओ** એ પાઠના સ્થાને **जा समुइण्णस्स य विसुध्धि** એવા પ્રકારનો પાઠ દેખાય છે. તેનો આ પ્રમાણે અર્થ છે. જેનો ઉદય નથી તેના ઉદયને રોકવો અને ઉદયમાં આવેલાને વિશુધ્ધ (ક્ષય) કરવો તે ઉપશમ કહેવાય છે. અહિં પાઠમાં ક્ષય (ક્ષાયિક) નું લક્ષણ સુગમ હોવાથી સ્વયં જાણી લેવું, તેથી આ પ્રમાણે નક્કી થયું કે ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય અને બાકીનું ઉદયમાં નથી અને સત્તામાં રહેલ છે તેના ઉદયનો વિઘાત કરવો એટલે ઉદયને યોગ્ય ન રહેવા દેવા તે ઉપશમ.

પ્ર :–જો આ પ્રમાણે ઉપશમનું સ્વરૂપ હોય તો ક્ષયોપશમનું સ્વરૂપ પણ આ જ પ્રમાણે પહેલા બતાવી ગયા છે તો તેની સાથે ઉપશમનો ભેદ રહેશે કે કેમ ?

ઉ :–સાચીવાત છે, ભેદ રહેશે જ. કારણકે ક્ષયોપશમ અવસ્થામાં કર્મોનો વિપાકોદય જ હોતો નથી પરંતુ પ્રદેશઉદય તો હોય છે. જ્યારે ઉપશાંત અવસ્થામાં તો પ્રદેશથી પણ ઉદય હોતો નથી. આ પ્રમાણે ક્ષયોપશમ અને ઉપશમનો ભેદ રહેલ છે. પ્રસંગથી સર્યું. ઉપશમથી બનેલું ઔપશમિક સમ્યક્ત્વ સ્વયમેવ સમજી લેવું

જે પ્રમાણે આ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને મિથ્યાત્વ મોહનીય કર્મના અંતરકરણ વખતે રહેલ જીવને જે પ્રમાણે આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તે અહિં આગળ આ જ ગ્રંથમાં સાસ્વાદન ગુણસ્થાનકના વિવરણમાં બતાવી ગયા છીએ તેમજ સમ્યક્ત્વ મોહનિયના શુદ્ધ પુંજના પ્રદેશોના ભોગવટા રૂપ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પણ ત્યાં આગળ જ બતાવેલ છે.

દર્શન શબ્દથી દર્શનમોહનિય કર્મ જાણવું, તે દર્શનમોહનિય સમ્યક્ત્વ મિશ્ર અને મિથ્યાત્વ પુંજ રૂપ ત્રણ પ્રકૃતિથી દર્શનમોહનીયત્રિક કહેવાય છે. તે દર્શનમોહનિયત્રિકનો વિશુદ્ધ અધ્યવસાયના બળથી બિલકુલ સર્વ પ્રદેશોનો નિર્લેપ કરવા રૂપ ક્ષય કરવો તે ક્ષય કહેવાય છે. તે ક્ષય વડે થયેલ સમ્યક્ત્વ ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય.

-બીજા સ્થાનોમાં દર્શન સપ્તકના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે એમ કહ્યું છે જ્યારે અહિં દર્શનત્રિકના ક્ષયથી ક્ષાયિક કહો છો તો તે વિરોધ નથી થતો ?

ઉત્તર–સાચી વાત છે, પરંતુ મુખ્યતાએ આ દર્શનત્રિક જ સમ્યક્ત્વને આવરનાર છે. આથી તેના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ કહેવું ઉચિત છે. જે બીજા સ્થાને દર્શન સપ્તકના ક્ષયથી કહ્યું છે, તે અનંતાનુબંધી ચતુષ્કનો ક્ષય થયા વગર દર્શનત્રિકનો ક્ષય કદાપિ થતો નથી અને દર્શન ત્રિકના ક્ષય વગર ક્ષાયિક સમ્યકત્વ નથી. માટે પરંપરાએ અનંતાનુબંધી ચતુષ્કનો ક્ષય ક્ષાયિક સમ્યકત્વ માટે અવિનાભાવિ રૂપે હોવાથી તે અનંતાનુબંધી ક્રોધ વગેરે ચારને દર્શનમોહ રૂપે ગણ્યા છે. આ પ્રમાણે દર્શન સપ્તકના ક્ષયથી ક્ષાયિક સમ્યકત્વ હોય છે એમ જે અન્ય ગ્રંથોમાં કહ્યું છે તે નિર્દોષ છે. બાકી વાસ્તવિક રીતે તો આ દર્શનત્રિક જ દર્શન મોહનિય ગણાય છે. અને તેના ક્ષય પછી જ ક્ષાયિક સમ્યત્વની પ્રાપ્તિ છે. વધુ ચર્ચાથી સર્યું.

કોઈક જગ્યાએ **'खाइयं दंसणतिग्घाधाओ'** આવા પ્રકારનો પાઠ છે, તેનો અર્થ દર્શનત્રિકના ઘાતથી ક્ષય એમ થાય છે. તે ક્ષય વડે થયેલ ક્ષાયિક સમ્યકત્વ કહેવાય છે. એ પ્રમાણે બીજા પણ પાઠાંતરોમાં ઉપર કહ્યા અનુસારે ચાલુ વિષયથી અવિરોધપણે વ્યાખ્યા કરવી. (૭૮)

આ પ્રમાણે સમ્યકત્વનું સ્વરૂપ કહ્યું. હવે ગુણસ્થાન રૂપ જીવસમાસોનો વિચાર કરે છે.

**उवसमवेयगखइया अविरय सम्माइ सम्मदिट्ठीसु ।**
**उवसंतमप्पमत्ता तह सिद्धंता जहाकमसो ॥७९॥**

ગાથાર્થ-ઉપશમ, વેદક એટલે ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યકત્વ અવિરત સમ્યગદષ્ટિથી લઈ અયોગી (સિદ્ધ ભગવંત) સુધીના સર્વ સમ્યગદષ્ટિ જીવ-સમાસોમાં હોય છે. એમાં ઉપશમ સમકિત ઉપશાંત મોહ સુધી ક્ષયોપશમ અપ્રમત્ત સુધી, અને ક્ષાયિક સિદ્ધો સુધી ક્રમશઃ હોય છે. (૭૯)

*ટીકાર્થ*—ઔપશમિક સમ્યક્ત્વ, વેદક એટલે જેમાં શુદ્ધ સમ્યક્ત્વ મોહનિયનાં પ્રદેશોનો પુંજ વેદાય એટલે ભોગવાય તે વેદક અથવા ક્ષયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. ઔપશમિક અને ક્ષાયિક સમ્યકત્વમાં પુદગલના ભોગવટાનો સર્વથા અભાવ હોવાથી આ ક્ષાયોપશમિક સમ્યકત્વ જ વેદક કહેવાય છે. આથી ખપાવાતા સમ્યક્ત્વ મોહનીયના પુંજના પ્રદેશના છેલ્લા ભાગ રૂપ જે સમ્યકત્વ તે વેદક સમ્યક્ત્વ કહેવાય છે, એમ બીજા ગ્રંથમાં કહે છે. પણ અહીં પુદગલના ભોગવટા રૂપ ક્રિયાની સમાનતાથી તેને અહીં જુદું ન ગણુતા ક્ષયોપશમ સમકિતમાં જ સમાવી લીધેલ છે. તથા ક્ષાયિક. આ ત્રણે સમ્યકત્વો અવિરત સમ્યગૃદૃષ્ટિ વગેરે સમ્યગૃદૃષ્ટિ ગુણઠાણામાં હોય છે. પણ મિથ્યાત્વ, સાસ્વાદન

કે મિશ્ર ગુણઠાણામાં નથી હોતા. એટલે અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી અયોગી સુધીના સર્વ સમ્યગ્દૃષ્ટિઓ યથા સંભવ આ ત્રણે સમકિતોમાં હોય છે. નીચેના ત્રણ ગુણઠાણા અસમ્યગદષ્ટિ હોવાથી આ ત્રણ સમકિતમાંથી એકપણ સમકિત હોતું નથી.

અવિરત સમ્યકૃત્વ વગેરે ઉપર સર્વ ગુણઠાણામાં આ ત્રણે સમકિતો એક સાથે હોતા નથી પરંતુ કોઇ ને કોઈક ગુણઠાણા સુધી હોય છે. ગાથામાં કહેવાયેલ अन्त શબ્દ ઉપશાંત વગેરે સર્વને જોડવો. ઔપશમિક સમ્યક્ત્વ અવિરતસમ્યગ્દૃષ્ટિ રૂપ ચોથા ગુણઠાણાથી લઈ ઉપશાંતમોહરૂપ અગિયારમા ગુણઠાણા સુધી હોય છે. તેનાથી આગળ ક્ષીણમોહપણું હોવાથી ક્ષાયિક સમ્યકત્વ જ સંભવે છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અવિરતસમ્યકૃત્વ, દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણઠાણા સુધી હોય છે. તેનાથી આગળ નથી હોતું, કારણકે અપૂર્વકરણ વગેરેમાં દર્શન-મોહનીયનો ક્ષય કે ઉપશમ થતો હોવાથી ક્ષાયિક કે ઔપશમિક જ સમકિત હોય છે. પણ ક્ષયોપશમ નથી હોતું. ક્ષાયિક સમકિત અવિરત સમ્યકત્વથી લઈ અયોગિ સુધીના સર્વ ગુણસ્થાનકોમાં હોય છે. સિધ્ધાવસ્થામાં પણ તેનો નાશ થતો નથી.

ઉપર કહ્યા પ્રમાણે ક્રમપૂર્વક આ ટીકાનો વિચાર કરવો પણ સામૂહિક પરમાર્થ આ પ્રમાણે છે. અવિરત, દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત સુધી આ ત્રણે સમકિત હોય છે. અપૂર્વકરણ, અનિવૃત્તિબાદરસંપરાય, સૂક્ષ્મસંપરાય; ઉપશાંતમોહ સુધી, ક્ષાયિક સમ્યગદૃષ્ટિ અથવા ઔપશમિક સમ્યગદષ્ટિ હોય છે, પણ ક્ષાયોપશમિક હોતા નથી. ક્ષીણમોહ, સયોગી–અયોગી કેવલી અને સિધ્ધો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જ હોય છે. (૭૯)

હવે આ ત્રણે સમ્યક્ત્વોને પ્રસંગાનુસારે વૈમાનિક વગેરે જીવોમાં વિચારે છે.

**वेमाणिया य मणुया रयणाए असंखवासतिरिया य ।**
**तिविहा सम्मदिट्ठी वेयग ऊवसामगा सेसा ॥८०॥**

**ગાથાર્થ-વૈમાનિકદેવો, મનુષ્યો, રત્નપ્રભા નારકો, અસંખ્ય વર્ષવાળા તિર્યંચો ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા હોય છે. બાકીના વેદક અને ઔપશમિક સમકિતવાળા હોય છે. (૮૦)**

**ટીકાર્થ**-વૈમાનિકદેવો, મનુષ્યો, રત્નપ્રભાનારકો, અસંખ્યવર્ષવાળા તિર્યંચો ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા હોય છે એટલે ત્રણેમાંથી કોઇ પણ સમ્યકત્વ તેમને સંભવે છે તે આ પ્રમાણે–વૈમાનિકોમાં અનાદિ મિથ્યાદૃષ્ટિ દેવ પ્રથમ સમ્યકત્વ પામે છે ત્યારે અંતરકરણ કાળે તેને પ્રથમ અંતર્મુહુર્ત માત્ર ઔપશમિક સમ્યકત્વ થાય છે તે તેને કેવી રીતે, કેવા સ્વરૂપે થાય છે વગેરે આ જ ગ્રંથમાં સાસ્વાદન ગુણસ્થાનકના વિચાર વખતે કહી ગયા છીએ.

ઔપશમિક સમ્યક્ત્વ પછી તરત જ શુદ્ધ સમ્યક્ત્વના પુંજના પ્રદેશોને ભોગવતા તે જ દેવને ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય છે. મનુષ્ય અથવા તિર્યંચોમાંથી જે ક્ષાયોપશમિક સમ્યક્ત્વી વૈમાનિકોમાં ઉત્પન્ન થાય છે તે (તેઓને) પારભવિક સમ્યક્ત્વ કહેવાય છે.

જ્યારે કોઈક મનુષ્ય વૈમાનિકનું આયુષ્ય બાંધી પછી ક્ષપકશ્રેણીનો આરંભ કરે તો તે બધ્ધાયુષ્ક હોવાના કારણે તે શ્રેણીને પૂર્ણ કરી શકતો નથી. ફક્ત દર્શનસપ્તક ખપાવી ક્ષાયિકસમ્યક્ત્વને પામે છે. ત્યાર પછી મનુષ્યાયુનો જ્યારે ક્ષય થાય ત્યારે મરીને વમાનિકોમાં ઉત્પન્ન થાય, ત્યારે આ પ્રમાણે વૈમાનિકો પારભવિક ક્ષાયિક સમ્યક્ત્વી હોય છે. પરંતુ તદ્ભવિક હોતું નથી મનુષ્ય જ તદ્(મનુષ્ય)ભવમાં ક્ષાયિક સમકિત શરૂ કરનાર છે. આ પ્રમાણે વૈમાનિક ત્રણ પ્રકારના સમ્યગ્દૃષ્ટિ છે.

મનુષ્યો બે પ્રકારના છે. (૧) સંખ્યાતાવર્ષાયુવાળા અને (૨) અસંખ્યાતાવર્ષાયુવાળા તેમાં સંખ્યાતાવર્ષાયુવાળા મનુષ્યોને ઉપશમ સમકિત આગળ ઉપર કહ્યા પ્રમાણે પ્રથમ સમકિત હોય છે તે ઉપશમ સમકિત. પછી ક્ષાયોપશમિક સમકિત એ તદ્ભવિક કહેવાય અથવા પામતી વખતે તથા ઉપશમશ્રેણીમાં ક્ષાયોપશમિક સમકિત દેવો વગેરે મનુષ્યમાં ઉત્પન્ન થાય ત્યારે પારભવિક ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે છે ક્ષાયિક સમકિત તો ક્ષપકશ્રેણીમાં તદ્ભવિક અને ક્ષાયિક સમકિતિ દેવનારકો મનુષ્યમાં ઉત્પન્ન થાય તે વખતે પારભવિક ક્ષાયિક સમકિત કહેવાય છે.

અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્યોને ઔપશમિક સમ્યક્ત્વ વૈમાનિકોની જેમ સમજવું. ક્ષાયોપશમિક સમકિત તો ઉપશમ સમકિત પછી થતું હોવાથી તદ્ભવિક પણ વૈમાનિકની જેમ જાણવું. ક્ષયોપશમ સમકિત સહિત તિર્યંચ મનુષ્યો તો વૈમાનિકમાં જ ઉત્પન્ન થાય છે, બીજે નહિં. જેમને મિથ્યાત્વ દશામાં આયુષ્ય બાંધ્યું હોય તેવા જો અસંખ્યવર્ષા-વાળા મનુષ્યમાં થાય તો પણ તેઓ મરણ વખતે સમકિત વમીને મિથ્યાત્વ દશા પામીને પછી જ ઉત્પન્ન થાય છે. એ જીવોને ક્ષયોપશમ સમકિત હોતું નથી એમ પારભવિક ક્ષયોપશમ સમકિત જાણવું આ. (કર્મગ્રંથો) કર્મગ્રંથકારોનો મત છે. જ્યારે સિદ્ધાંતકારો બધ્ધાયુષિ ક્ષાયોપશમિક સમકિતવાળા પણ કેટલાક એમાં ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે પારભવિક ક્ષાયોપશમિક સમ્યક્ત્વ એ જીવોને હોય છે, એ પ્રમાણે માને છે. ક્ષાયિક સમકિત તો વૈમાનિક દેવોની જેમ જ કહેવું. રત્નપ્રભા નારકોને ઔપશમિક અને ક્ષાયિક વૈમાનિક દેવોની જેમ જાણવું અને ક્ષાયોપશમિક સમકિત અસંખ્યવર્ષાયુવાળા મનુષ્યોની જેમ સમજવું. અસંખ્યવર્ષાયુવાળા તિર્યંચોના ત્રણે સમકિતો અસંખ્યવર્ષાયુવાળા મનુષ્યોની જેમ જાણવા.

કોઈક પ્રતમાં 'असंखवासनरतिरिया' એ પ્રમાણે પાઠ છે. તે બરાબર નથી, કારણકે

સંખ્યાતાવર્ષાયુવાળા અને અસંખ્યાતાવર્ષાયુવાળા મનુષ્યોને પૂર્વમાં 'मणुय' એમ સામાન્ય પદ વડે જ ગ્રહણ કરેલ છે.

ઉપર કહ્યા તે સિવાયના બાકીના ભવનપતિ, વ્યંતરો, જ્યોતિષિઓ, સંખ્યાતાવર્ષાયુવાળા સંજ્ઞીપંચેન્દ્રિયતિર્યંચો, અને શર્કરાપ્રભા વગેરે નીચેની છ નારકીના જીવો આ બધાને ક્ષાયોપશમિક તથા ઔપશમિક સમકિત હોય છે, ક્ષાયિક સમકિત તો તદ્ભવિક એમને હોતું નથી, કારણકે સંખ્યાતાવર્ષાયુવાળા મનુષ્ય જ તેના પ્રારંભક છે. એમ કહ્યું હોવાથી અને ક્ષાયિક સમકિતીઓની આ જીવસ્થાનકોમાં ઉત્પત્તિ ન હોવાથી પારભવિક ક્ષાયિક પણ હોતું નથી.

પ્ર. વાસુદેવ વગેરે જેઓ ક્ષાયિક સમકિતી હોવા છતાં પણ ત્રીજી નરક સુધી તેમની ઉત્પત્તિ આગમમાં કહી છે. તો પછી શા માટે શર્કરાપ્રભા વાલુકાપ્રભા નરકમાં ક્ષાયિક સમકિતનો નિષેધ કરો છો ?

ઉ. સાચી વાત છે. પરંતુ ક્ષાયિક સમકિતીઓ મોટે ભાગે રત્નપ્રભા નરક સુધી જ જાય છે. તેની આગળ તો થોડા જ કોઈક વખત જાય છે. એટલે થોડા હોવાના કારણે ગ્રંથમાં તેની વિવક્ષા કરી નથી. અથવા બીજા કોઈ કારણથી નિષેધ કર્યો હોય તો કેવલીઓ કે બહુશ્રુતો જાણે.

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયોને તો તદ્ભવિક, કે પરભવિક કોઈપણ અપેક્ષાએ આ ત્રણમાંથી કોઈપણ સમકિત હોતું નથી.

પ્રસંગાનુસારે સમ્યક્ત્વ દ્વાર કહ્યું. હવે સંજ્ઞી દ્વાર કહે છે.

## પ્રકરણ-૧૪

## સંજ્ઞીદ્વાર

સંજ્ઞા એટલે સારું જ્ઞાન અથવા વિશેષજ્ઞાન. તે હેતુવાદ, દીર્ઘકાલિક અને દ્રષ્ટિવાદ સંજ્ઞા એમ ત્રણે પ્રકારે છે.

જેમાં હેતુ એટલે યુક્તિપૂર્વક સાધ્ય વિષયને જણાવનાર, વચનવિશેષ ને બોલવારૂપ જે વાદ, અથવા હેતુનો વાદ તે હેતુવાદ તેનાવડે જે સંજ્ઞા તે હેતુવાદ સંજ્ઞા. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયોને હોય છે. કારણ કે એ જીવો તડકા વગેરેમાંથી છાયા વગેરેના આશ્રય માટે, તથા આહાર વગેરેના કારણે મનુષ્યોની જેમ ચેષ્ટાવાળા હોવાથી હેતુ પૂર્વક ક્રિયાવાળા હોવાથી, હેતુવાદી સંજ્ઞાવાળા કહેવાય છે. આ જ અપેક્ષાએ ચેષ્ટા વગરના પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અસંજ્ઞી કહેવાય છે.

પ્ર. પૃથ્વીકાય વગેરેને આહાર વગેરે દશે સંજ્ઞાઓ સિદ્ધાંતમાં કહેલી જ છે. તો એઓ શી રીતે અસંજ્ઞી છે?

ઉ. સાચી વાત છે. પરંતુ તે અત્યંત અપ્રગટ તેમજ તુચ્છ હોવાના કારણે ઇષ્ટ, અનિષ્ટ વગેરે વિશેષ જાણકારીના અભાવે અપ્રશંસનીય હોવાથી તે સંજ્ઞાઓ હોવા છતાં પણ તેઓને સંજ્ઞા ગણી નથી. માટે પૃથ્વી વગેરે એકેન્દ્રિયને સંજ્ઞાપણું ગણ્યું નથી. જેમ એક રૂપિયો ખીસામાં હોવા માત્રથી ધનવાન ન ગણાય, તથા સામાન્ય રૂપથી રૂપવાન ન ગણાય. એમ એકેન્દ્રિયોને પણ થોડી અને અપ્રશસ્ત સંજ્ઞા હોવાના કારણે અહિં સંજ્ઞી રૂપે ગણ્યા નથી.

અતીત, અનાગત અને વર્તમાન રૂપ દીર્ઘ અને દિવસ, પક્ષ, મહિના વગેરે કાળ રૂપે પરિણમેલી જે સંજ્ઞા તે દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે. જેમ "આ મેં કર્યું, આ હું કરીશ તથા આ સારૂં હતું, આ સારું છે. આ સારૂં થશે" એવા પ્રકારે ઘણા લાંબા સમય સુધીની ત્રણે કાળ વિષયક જે વિશિષ્ટ મનોવ્યાપારવાળી, નહિં કે વર્તમાન વિષયક હેતુવાદ સંજ્ઞાની જેમ, આ દીર્ઘકાલિક સંજ્ઞા વર્તમાનકાળ જોનાર નથી. માટે એ સંજ્ઞા હેતુવાદસંજ્ઞા સાથે સંબંધીત ન થઇ શકે. કારણકે આ સંજ્ઞા અતિ સ્પષ્ટ રૂપે બાળકોને પણ અતિ પ્રસિદ્ધ હોવાથી હેતુવાદ સંજ્ઞા સાથે આ સંજ્ઞાનું સાંકર્ય એટલે ભેળસેળ કરવું નહિં. આ સંજ્ઞા મનોલબ્ધિ યુક્ત નારકો, ગર્ભજ તિર્યંચો, મનુષ્યો અને દેવોને જાણવી. કારણકે એઓ જ ત્રણકાળ

વિષયક યુક્તાયુક્ત વિચારમાં કુશળ હોવાના કારણે આ સંજ્ઞા વડે સંજ્ઞી કહેવાય છે. અને આ જ અપેક્ષાએ મનોલબ્ધિ રહિત સર્વે અસંજ્ઞી કહેવાય છે.

અહિં દ્રષ્ટિ એટલે સમ્યગ્દ્રષ્ટિ ગ્રહણ કરવા, તેનો જે વાદ તે દ્રષ્ટિવાદ, દ્રષ્ટિવાદ વડે જે સંજ્ઞા તે દ્રષ્ટિવાદ સંજ્ઞા એટલે સમ્યક્ત્વ વડે નિર્મળ કરાયેલ જ્ઞાનરૂપ જે સંજ્ઞા, નહિં કે મિથ્યાદ્રષ્ટિ નારક વગેરેની જેમ મિથ્યાત્વથી કલંકિત બોધરૂપ. આ સંજ્ઞા ફક્ત સમ્યક્ત્વી દેવો, નારકો, ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોને જાણવી મિથ્યાત્વીઓને નહિં. આથી જ તેઓ સમ્યક્ત્વી હોવાથી વિશુદ્ધ જ્ઞાનવાળા, આ સંજ્ઞાથી સંજ્ઞી તરીકે ઓળખાય છે. આ જ અપેક્ષાએ સર્વે મિથ્યાદ્રષ્ટિઓ અસંજ્ઞી કહેવાય છે.

પ્ર. અહીં હેતુવાદ વગેરે ત્રણ જ સંજ્ઞા તમે કહી છે. જ્યારે સિદ્ધાંતમાં તો બેઇન્દ્રિય વગેરેને પણ આહાર વગેરે દશ પ્રકારની સંજ્ઞા પણ કહી છે, તો તેની સાથે વિરોધ ન આવે ?

ન આવે, કારણકે આકાશ વગેરેમાં ઊડવું, ઝાડ વગેરે પર ચડવું વગેરે રૂપ સામાન્ય પ્રવૃત્તિને કરતા ઓઘસંજ્ઞા એમને હોય છે. અને તે આહારવગેરે દશપ્રકારની સંજ્ઞા તેઓને સિદ્ધાંતમાં કહેલ છે. આથી જ અહિં તે ઓઘસંજ્ઞા ચોથી સંજ્ઞા ગણાય છે. તેના સંબંધથી એકેન્દ્રિયોને સંજ્ઞીપણું પ્રાપ્ત થાય છે. તમે તો અહિં હેતુવાદ વગેરે ત્રણજ સંજ્ઞા કહી, અને એકેન્દ્રિયોને સર્વરીતે અસંજ્ઞી જ કહ્યા. તો તે કેવી રીતે માન્ય કરાય ?

ઉ. સાચી વાત કહી, પરંતુ અવ્યક્ત હોવાના કારણે અલ્પ તેમજ અપ્રશસ્ત ઓઘસંજ્ઞા એકેન્દ્રિયોને હોય છે. આથી જ તેની અહિં વિવક્ષા કરી નથી. પછી ચોથી સંજ્ઞાની વાત શી રીતે થાય? જેમ રૂપિયો વગેરે અલ્પ ધન વડે દરિદ્ર ધનવાન ન કહેવાય, બેડોળ શરીર વાળો રૂપવાન ન કહેવાય. પણ પુષ્કળ ધન હોય ત્યારે જ ધનવાન કહેવાય. અને વિશિષ્ટ રૂપ હોય તો જ રૂપવાન જેમ લોકમાં કહેવાય છે, તેમ એકેન્દ્રિયો આ થોડી અને અશોભનીય ઓઘ સંજ્ઞા વડે સંજ્ઞી કહેવાતા નથી. માટે જ એમને સર્વપ્રકારે અસંજ્ઞી તરીકે અહિં કહેતા કોઈ જાતનો વિરોધ નથી. તે એકેન્દ્રિયોને જે આહાર, ભય, પરિગ્રહ વગેરે સંજ્ઞાઓ બીજા ગ્રંથોમાં કહી છે, તેનો સમાવેશ અહિં નથી એમ ન સમજવું. આ જ ત્રણે સંજ્ઞાઓમાં તેઓનો સંગ્રહ થઇ ગયો છે. અને સામાન્ય સ્વરૂપવાળી આ સંજ્ઞાઓમાં તે વિશેષરૂપ સંજ્ઞાઓનો સમાવેશ થઇ જાય છે. માટે હવે વધુ વિસ્તાર કરવાથી સર્યું એમ અમે કહીએ છીએ.

આ ત્રણે સંજ્ઞાઓમાં અસ્પષ્ટ હેતુવાદ સંજ્ઞા, તેનાથી સ્પષ્ટતર દીર્ઘકાલિકી, તેનાથી પણ સ્પષ્ટતમ સમ્યગ જ્ઞાનરૂપ દ્રષ્ટિવાદ સંજ્ઞા છે. સિધ્ધાંતમાં જ્યાં કોઇક

વખત સંજ્ઞા સંજ્ઞીનો (સંજ્ઞીઅસંજ્ઞીનો) વ્યવહાર કહેવાય છે, તે સંપૂર્ણપણે મોટેભાગે દીર્ઘકાલીકી સંજ્ઞાને આશ્રયી જાણવી. આથી અહિં પણ મનોલબ્ધિ યુક્ત બધા પંચેન્દ્રિયો પણ સંજ્ઞી કહેવાય છે. તે મનોલબ્ધિ રહિત અસંજ્ઞી કહેવાય.

આ પ્રમાણે સંજ્ઞી અસંજ્ઞીનું સ્વરૂપ બતાવ્યું હવે આ સંજ્ઞી-અસંજ્ઞીમાં ગુણસ્થાન રૂપ જીવસમાસોનું નિરૂપણ સૂત્રકાર જ કરે છે.

**अस्सण्णि अमणपंचिंदियंत सण्णी उ समण छउमत्था ।**
**नो सण्णिण नो असण्णी केवलनाणी उ विण्णेओ ॥८१॥**

ગાથાર્થ :– અસંજ્ઞીમાં મનરહિત પંચેન્દ્રિય સુધીના જીવો, સંજ્ઞીમાં મનસહિત પંચેન્દ્રિયોમાં ક્ષીણમોહ ગુણઠાણા સુધીનાં જીવો, કેવલજ્ઞાનીઓ નોસંજ્ઞી નોઅસંજ્ઞી જાણવા. (૮૧)

ટીકાર્થ : ગાથામાં अस्सण्णि એ પદ વિભક્તિનો લોપ થવાથી થયું છે. એ પ્રમાણે બીજા સ્થાને પણ યથાયોગ્ય જાણવું. અસંજ્ઞીમાર્ગણામાં મનોલબ્ધિ રહિત સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના જીવો હોય છે કે જેઓ મિથ્યાત્વ અને સાસ્વાદન રૂપ બે ગુણઠાણા સ્વરૂપ બે જીવસમાસવાળા છે. આ બે જીવસમાસોમાં જ એકેન્દ્રિયથીલઇ મનોબળ રહિત પંચેન્દ્રિય સુધીના જીવો હોય છે. પણ મિશ્ર કે અવિરત સમ્યગ દ્રષ્ટિ વગેરે જીવસમાસો એકેન્દ્રિયથી મનોરહિત પંચેન્દ્રિય જીવોમાં કદી પણ હોતા નથી. તેનું તાત્પર્ય આ પ્રમાણે કે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, મનોરહિત પંચેન્દ્રિય જીવોમાં જે મિથ્યાદ્રષ્ટિ કે સાસ્વાદન ગુણઠાણાવર્તી જીવો છે તે જ અસંજ્ઞી છે. મિશ્ર અને અવિરત ગુણસ્થાનક અસંજ્ઞી જીવોમાં તેવા પ્રકારની વિશુદ્ધિના અભાવે હોતા નથી. સાસ્વાદન ગુણસ્થાનક પણ અસંજ્ઞીમાં પૂર્વભવમાંથી આવેલા જીવોમાં અપર્યાપ્ત અવસ્થામાં હોય છે. પછી તો તે જીવો મિથ્યાત્વ ગુણઠાણાને પ્રાપ્ત કરે છે.

ગાથામાં तु पुनः અર્થમાં છે. બહુવચન હોવાથી સાતમી વિભક્તિનો ગાથામાં લોપ કર્યો છે માટે ગાથામાં કહેલ 'સંજ્ઞીનો સંજ્ઞીમાં' એમ અર્થ કરવો. મનોલબ્ધિ યુક્ત પંચેન્દ્રિયો સંજ્ઞીમાં ગણાય છે. કયા મનોલબ્ધિવાળા પંચેન્દ્રિયો સંજ્ઞીમાં ગણાય ? મનોલબ્ધિવાળા છદ્મસ્થ પંચેન્દ્રિયો કે જેઓ ક્ષીણ મોહ ગુણસ્થાનક સુધી રહેલા છે તે સર્વ જીવો સંજ્ઞી ગણાય છે. છદ્મસ્થ એટલે કેવળજ્ઞાન વગેરે ગુણોને જે ઢાંકે, તે જ્ઞાનાવરણ વગેરે કર્મો છદ્મ કહેવાય. તે છદ્મમાં જે રહ્યા હોય તે છદ્મસ્થ, તે છદમસ્થો મનવગરના એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયો પણ છે. આથી તેમને દૂર કરવા માટે સમનસ્ક કહ્યું છે. તેથી આ પ્રમાણે નક્કી થાય છે જે મનસહિત છદ્મસ્થ

છે તે બધા સંજ્ઞી કહેવાય છે. તેઓ મિથ્યાત્વથી લઈ ક્ષીણમોહ પર્યન્ત બાર ગુણસ્થાન સુધીના જીવો છે. મિથ્યાદ્રષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનકમાં મનોસહિત અને રહિત એમ બંને પ્રકારના જીવો છે, માટે તેમને સંજ્ઞીમાં અને અસંજ્ઞીમાં યથાયોગ્ય રીતે જાણવા. મિશ્ર અવિરત વગેરે તો મનોસહિત હોવાથી તેઓ સંજ્ઞી જ ગણાય છે.

પ્ર. :–સયોગી અયોગી કેવલીઓની શી વાત છે?

ઉ. :–બંને પ્રકારના કેવલીઓ સંજ્ઞીમાં પણ ગણાતા નથી અને અસંજ્ઞીમાં પણ ગણાતા નથી. કારણકે મનના વ્યાપાર પૂર્વક ભૂતકાળનું સ્મરણ વગેરે ભવિષ્યકાળની વિચારણા વગેરેથી જણાતી દીર્ઘકાલીન મતિશ્રુત જ્ઞાનની વિચારણાવાળી સંજ્ઞા છે. આ પ્રકારની સંજ્ઞા કેવલી ભગવંતને હોતી નથી. કારણકે સમસ્ત આવરણોના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવલજ્ઞાન વડે સાક્ષાત્ દરેક સમયે જણાતો સમસ્ત વસ્તુ સમુદાય હોવાથી અને મનના વિકલ્પો, સ્મરણ, ચિંતા, મતિશ્રુતના વ્યાપારાતિત હોય છે. માટે તેઓ સંજ્ઞાતિત હોવાથી નોસંજ્ઞી તરીકે ગણાય છે. કહ્યું છે કે—

'सन्ना सण्णमणागय चिन्ता य न सा जिणेसु संभवइ ।
मइवावारविमुक्का सन्नाईया इमे तम्हा ॥१॥

ગાથાર્થ :–સ્મરણ કે ભવિષ્ય વિચારણા રૂપ મતિવ્યાપાર રહિત સંજ્ઞા જિનોમાં હોતી નથી, માટે તેઓ નોસંજ્ઞી તરીકે ગણાય છે (૧)

અસંજ્ઞીપણું કેવલીઓમાં કેમ ઘટતું નથી તે પ્રસિદ્ધ છે. કારણકે અસંજ્ઞીપણું મનોલબ્ધિ રહિત સંમૂચ્છિંમ પંચેન્દ્રિયોમાં હોય છે, કેવલીઓ તો મનોલબ્ધિ સંપન્ન છે. આથી જ સયોગી-અયોગી કેવલીઓ સંજ્ઞી પણ હોતા નથી અને અસંજ્ઞી પણ હોતા નથી. પણ જૂદી જ કક્ષાના છે.

## પ્રકરણ-૧૫

## આહારક દ્વાર

સંજ્ઞીદ્વાર કહ્યું હવે આહારક-અનાહારક દ્વાર કહે છે, તેમાં કોણ આહારક અને કોણ અનાહારક છે? તે બતાવે છે.

**विग्गहगइमावन्ना केवलिणो समुहया अजोगी य ।**
**सिद्धा य अणाहारा सेसा आहारगा जीवा ॥ ८२ ॥**

ગાથાર્થ : **વિગ્રહગતિમાં રહેલા જીવો, કેવલી સમુદ્ઘાતમાં રહેલ કેવલીઓ, અયોગી કેવલીઓ તથા સિદ્ધો અણાહારી છે. બાકીના આહારક જીવો છે.**

**ટીકાર્થ** : ભવાંતરમાં જતા જીવો ઋજુશ્રેણીની અપેક્ષાએ બીજી, વિશિષ્ટ વક્ર શ્રેણીનો જે સ્વીકાર કરે છે તે વિગ્રહ કહેવાય છે. વક્રશ્રેણીના આરંભ રૂપ જે વાંકી ગતિ તે વિગ્રહગતિ. તે વિગ્રહ પૂર્વક પૂર્વના શરીરને છોડી જીવનું જે બીજા ભવના ઉત્પત્તિસ્થાનક તરફ જવાની જે ગતિ, તે વિગ્રહગતિને પામેલા જે જીવો હોય છે તે અણાહારી હોય છે. તથા સમુદ્ઘાત કરતા યથાસંભવ સયોગી કેવલીઓ, અયોગી કેવલીઓ અને સિદ્ધો એ સર્વ અણાહારી હોય છે.

જ્યારે જીવ મરણસ્થાન છોડી આગળના ભવના ઉત્પત્તિસ્થાને જવા માટે ઉપર, નીચે કે તીર્છો સ્થાને સમશ્રેણીએ સીધોજ ઉત્પન્ન થાય ત્યારે એક જ સમયે તે ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત કરે છે, તે ઋજુગતિ કહેવાય છે. આ ઋજુગતિમાં જીવ નિયમા આહારી જ હોય છે. કારણ કે છોડવા યોગ્ય શરીર અને ગ્રહણ યોગ્ય શરીરને છોડવાનો તથા ગ્રહણ કરવા રૂપ શરીરના સ્પર્શનો સંભવ હોવાથી આહાર યોગ્ય પુદ્ગલોનો વ્યવચ્છેદ થતો નથી.

જ્યારે મરણ સ્થાનથી ઉત્પત્તિસ્થાન કંઈક વક્ર હોય, જેમકે ઈશાન ખૂણાના ઉપરના ભાગેથી અગ્નિખૂણાના નીચેના ભાગે હોયત્યારે પ્રથમ સમયે ઈશાન ખૂણાના ઉપરના ભાગેથી અગ્નિખૂણાના ઉપરના ભાગે જઈ તેના જ નીચેના ભાગ રૂપ ઉત્પત્તિ સ્થાનને સમશ્રેણીએ પ્રાપ્ત કરે છે, કારણ કે જીવો અને પુદ્ગલોની અનુશ્રેણીએ ગતિ હોવાથી પ્રથમ સમયે જ ઉત્પત્તિસ્થાનને પ્રાપ્ત કરે છે. તેના પછીના બીજા સમયે વક્રશ્રેણીની શરૂઆત રૂપ વિગ્રહ કરીને ઉત્પતિ સ્થાને પ્રાણી ઉત્પન્ન થાય છે તે વિગ્રહગતિ કહેવાય છે. એક વક્ર (વળાંક) શ્રેણીપૂર્વકની શરૂઆત રૂપ વિગ્રહ વડે ઓળખાતી ગતિ એક વિગ્રહગતિ

કહેવાય છે. આ વિગ્રહગતિમાં પહેલા સમયે પૂર્વના શરીરને છોડયું હોવાથી અને આગળના શરીરને પ્રાપ્ત ન કર્યું હોવાથી અનાહારક થાય છે. એ પ્રમાણે પ્રજ્ઞપ્તિ (ભગવતિ) વગેરે આગમીકો માને છે અન્ય પ્રતોમાં परभव पढमे साडो એ પ્રમાણેના વચનથી છોડાતું પૂર્વભવનું શરીર પહેલા સમયે જ અસારરૂપ છે એમ માની છોડી દે છે. માટે પહેલે જ સમયે અનાહારક થાય છે. અહિં ક્રિયા (પ્રારંભ) કાળ અને નિષ્ઠા (પૂર્ણ) કાળના અભેદવાદિ નિશ્ચયનતનો આશ્રય કરવાથી થાય છે.

તત્વાર્થ ટીકાકાર વગેરેના મતે પહેલા સમયે આ જીવ અનાહારી થતો નથી, કારણકે અહિં જીવ પૂર્વના શરીરને છોડી રહ્યો છે, પણ છોડયું નથી, માટે વાસ્તવિક પણે આ સમય પૂર્વભવનો છેલ્લો સમય જ છે, પણ પરભવનો પ્રથમ સમય નથી, કારણ કે પૂર્વનું શરીર હજુ વિદ્યમાન છે. પૂર્વનું શરીર વિદ્યમાન હોય ત્યારે 'જેને આહાર નથી તે અનાહારક' એમ કહેવું અશકય છે. આ પ્રમાણે જીવ અનાહારક નથી થતો, આ મત ક્રિયા કાળ અને નિષ્ઠાકાળના ભેદવાદી વ્યવહાર નયના આધારે છે.

આ બન્ને મતો અહિં કથંચિત પ્રમાણ છે, કારણ કે જિનમત ઉભય નયરૂપ છે. બીજા સમયે તો ઉત્પત્તિ સ્થાનને પ્રાપ્ત કરતો હોવાથી આહારક જ છે એમાં અહિં કોઈ જાતનો વિવાદ નથી.

જ્યારે મરણસ્થાનથી ઉત્પત્તિસ્થાન જો વક્રતર હોય તો જેમ ઇશાનખૂણાના ઉપરના ભાગેથી નૈઋત્યખૂણાના નીચેના પ્રદેશે ઉત્પન્ન થાય ત્યારે પહેલા સમયે વાયવ્યખૂણાના ઉપરના ભાગે જાય છે. તે પછી બીજા સમયે વળાંકથી (વિગ્રહથી) નૈઋત્યખૂણાના નીચેના ભાગરૂપ ઉત્પત્તિ સ્થાનને પામે છે. આ પ્રમાણે બે વળાંકવાળી ત્રણ સમયની વિગ્રહગતિનો વિચાર કર્યો. આ ત્રણ સમયો આ જ પ્રકારે હોય છે, એમ ન માનવું, પરંતુ ઉપર કહ્યા પ્રમાણે બીજી રીતે પણ સારી રીતે (બુદ્ધિ પૂર્વક) વિચારવું. આ ફકત દ્રષ્ટાંત માત્ર છે આગળ કહેલા અને પછી કહેવાનાર દ્રષ્ટાંતમાં પણ જાણવું. અહિં પણ પહેલા કહેલ યુક્તિ પ્રમાણે નિશ્ચયનયનો મત છે. વ્યવહાર નયે તો આગળ કહેલ યુકિત પ્રમાણે મધ્યના એક જ વિગ્રહ સમયે અનાહારી હોય છે પણ પહેલા અને છેલ્લા સમયે હોતા નથી. આ પ્રમાણે સર્વ જીવોને બીજા ભવને સ્વીકારતી વખતે એક સમય વાળી ઋજુગતિ અને બે સમય તથા ત્રણ સમયવાળી વિગ્રહ ગતિ એમ ત્રણ પ્રકારની ગતિ હોય છે.

ફકત એકેન્દ્રિયોને ઉપર કહેલ ત્રણ ગતિ ઉપરાંત ચોથી ગતિ ત્રણ વળાંક વાળી જે હોય છે તેની વિચારણા કરે છે.

અહિં ત્રસનાડી બહાર વિદિશામાં—અધોલોકમાં રહેલ જે નિગોદ વગેરેમાંથી કોઈક જીવ ઊર્ધ્વલોકમાં ત્રસ નાડી બહાર દિશામાં ઉત્પન્ન થાય, તે એક સમયમાં વિદિશામાંથી દિશામાં આવે છે. બીજા સમયે ત્રસનાડીમાં પ્રવેશે છે, ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય છે,

અને ચોથા સમયે લોકનાડીથી નિકળી ઉત્પત્તિ સ્થાને ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ત્રણ વિગ્રહ(વળાંક)વાળી ચાર સમય પ્રમાણ વિગ્રહગતિ છે. અહીં પણ પહેલાંની જેમ પહેલા ત્રણ સમયમાં અનાહારક અને ચોથા સમયે આહારક હોય છે. બીજા મતે વચ્ચેના બે વક્રના (વળાંક) સમયે અનાહારક અને પહેલા છેલ્લા સમયે આહારક હોય છે.

આ પ્રમાણે આગમમાં જીવોને ભવાંતરાલ ગતિ ચાર પ્રકારની કહી છે : ૧. ઋજુગતિ, ૨. એક વિગ્રહ ગતિ, ૩ દ્વિવિગ્રહગતિ, ૪ ત્રિવિગ્રહગતિ. અન્ય આચાર્યો ચાર વળાંક-યુક્ત પાંચ સમયવાળી પણ ગતિનો સંભવ છે એમ કહે છે. જ્યારે જીવ ત્રસનાડી બહાર વિદિશામાં રહેલો હોય અને ત્યાંથી બીજી તરફ ત્રસનાડી બહાર વિદિશામાં ઉત્પન્ન થાય ત્યારે પાંચ સમયવાળી વિગ્રહગતિનો સંભવ હોય છે. અહીં પહેલાંના ત્રણ સમયની ગતિ તો ચાર સમયવાળામાં કહી છે તેમજ સમજવી. પછી ચોથા સમયે ત્રસનાડી બહાર નિકળી ઉત્પત્તિસ્થાનની સમશ્રેણીમાં આવે છે અને પાંચમા સમયે ત્રસનાડી બહાર દિશામાં રહેલા ઉત્પત્તિ સ્થાને જાય છે.

અહિં પણ પહેલા ચાર સમયે અનાહારી અને પાંચમા સમયે આહારી; બીજા મતે વચ્ચેના ત્રણ સમયે જ અનાહારી અને પહેલા તથા છેલ્લા સમયે આહારી હોય છે. કહ્યું છે કે "एकं द्वौ वाऽनाहारकः" સૂત્રમાં કહેલ वा શબ્દથી કોઈક વખતે જ ત્રણ સમય હોય છે એમ જાણવું. તત્વાર્થભાષ્યકારના અભિપ્રાયથી वा શબ્દ એક અને બે ના વિકલ્પ અર્થને ઊંચે લાવવા (વિકસાવવા) માટે છે. અધિક સમયનો ત્યાં સ્પષ્ટ નિષેધ છે. આ પાંચ સમયવાળી ગતિ કદાચિતપણે આગમમાં કહી હોવાથી અત્રે નથી કહી. મોટે ભાગે એકેન્દ્રિયોની પણ આ પ્રમાણે ઉત્પત્તિ હોતી નથી. આ પ્રમાણે વિગ્રહગત્તિને પ્રાપ્ત થયેલ અનાહારી જીવો બતાવ્યા. અહિં વિગ્રહગતિ સંપ્રાપ્ત જીવો જ અનાહારી હોય છે એમ ન માનવું, કારણ કે સિદ્ધ વગેરે પણ અનાહારી છે. વિગ્રહગતિમાં જ અનાહારી હોય છે, એમ પણ ન માનવું કારણ કે તેમાં પણ કેટલાક સમયોમાં અનાહારી-પણું કહ્યું નથી.

પ્રશ્ન : તો પછી બધાય વાક્યો અવધારણવાળા છે એમ શી રીતે જાણવા ?

ઉત્તર : અવધારણ સંભવદર્શન અને પરમ(પર) યોગ વ્યવચ્છેદ વડે (હોય ત્યારે) જણાય છે. વિગ્રહગતિમાં અનાહારકપણાનું સંભવદર્શન જ અહીં છે. માટે અવધારણવાળા જાણવા. જેમ આકાશમાં પક્ષીઓ, પાણીમાં માછલી વગેરેની જેમ. વધુ વિસ્તારથી સર્યું.

સયોગી કેવલીઓ કેવલીસમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે ફક્ત કાર્મણ કાયયોગની અવસ્થામાં અનાહારી હોય છે. એ વાત ફક્ત આગળ આ જ ગ્રંથમાં પહેલા વિસ્તારથી કહી છે.

અયોગી કેવલીઓ તેમજ સિધ્ધ ભગવંતો બિલકુલ અનાહારી છે, કારણ કે આહારના કારણરૂપ ઔદારિકશરીર તેમજ ક્ષુધા વેદનીયનો અભાવ છે.

ઉપર કહ્યા તે સિવાયના બાકી રહેલ સર્વ જીવો ઓજાહાર, લોમાહાર કે પ્રક્ષેપાહાર (કવલાહાર)માંથી કોઇ પણ આહાર ગ્રહણ કરવાના કારણનો સંભવ હોવાથી યથાયોગ્ય આહાર ગ્રહણ કરે છે. માટે આહારી છે. સકાર અક્ષરનો લોપ થવાથી ઓજસનું ઓજા થયું છે. ઓજસ એટલે તેજસ શરીર સાથે સંબંધિત કાર્મણ શરીર સાથે જે આહાર કરાય તે ઓજાહાર અથવા ઓજ એટલે પોતાના જન્મસ્થાનને ઉચિત શુક્ર યુક્ત લોહી વગેરે પુદ્ગલ સમુહનો જે આહાર તે ઓજાહાર કહેવાય છે. આ ઓજાહાર અપર્યાપ્તા અવસ્થામાં જ અંતર્મુહૂર્ત માત્ર સર્વ જીવોને હોય છે.

લોમ એટલે રોમરાજીના છિદ્રો વડે શિયાળા–ચોમાસામાં થતા ઠંડા પાણી વગેરેના પુદ્ગલોનું જે ગ્રહણ તે લોમાહાર કહેવાય છે. આ આહાર જીવ પર્યાપ્ત થયા પછી યાવજ્જીવ સુધી સર્વ જીવોને હોય છે.

પ્રક્ષેપ એટલે મોઢામાં નાખવું તે પ્રક્ષેપ એટલે ભાત વગેરેના કોળીયાને મોઢામાં નાખવા તે પ્રક્ષેપાહાર. આ પ્રક્ષેપાહાર વિકલેન્દ્રિયો, પંચેન્દ્રિય, તિર્યંચ તથા મનુષ્યોને જ હોય છે અને તેઓને પણ કોઈક વખત જ હોય છે. સતત હોતો નથી. કહ્યું છે કે—

'ओयाहारा जीवा सव्वेऽपज्जत्तया मुणेयव्वा ।
पज्जत्तया य लोमे पक्खेवे होंति भइयव्वा ॥१॥
एगिंदिय देवाणं नेरइयाणं च नत्थि पक्खेवो ।
सेसाणं जीवाणं संसारत्थाण पक्खेवो ॥२॥

ગાથાર્થ : અપર્યાપ્તા સર્વે જીવો ઓજાહારી જાણવા પર્યાપ્તાઓ લોમાહારી હોય છે અને કોઇક વખત પ્રક્ષેપાહારી હોય છે. એકેન્દ્રિયો, દેવો અને નારકોને પ્રક્ષેપાહાર નથી. બાકીના સંસારી જીવોને પ્રક્ષેપાહાર હોય છે.

પ્ર. ભવનપતિ વગેરે દેવોને મનશ્ચિંતિત રૂપ ચોથો આહાર હોય છે, તે અહીં કેમ ગણાવ્યો નથી ?

ઉ. સાચી વાત છે પરંતુ તેઓને હાથ વડે મોંમાં કોળીયા નાખ્યા વગર ફક્ત આગંતુક પુદ્ગલો જ અહિં આહાર રૂપે પરિણમે છે અને લોમાહારમાં પણ એ પ્રમાણે જ છે. એ પ્રમાણે સામ્યતા હોવાથી લોમાહારમાં જ તેનો અંતર્ભાવ થાય છે. માટે આગમમાં પણ તેનો આહાર જુદો કહ્યો નથી. તેથી વિગ્રહગતિને પ્રાપ્ત થયા સિવાયના બાકીના સર્વ જીવો ઉપર કહેલ ત્રણ પ્રકારના આહારને યથાયોગ્ય પ્રમાણે જ આહાર કરે છે. માટે જ તેઓ આહારી કહેવાય છે. (૮૨)

આ પ્રમાણે આહારક અનાહારકનું સ્વરૂપ કહ્યું. હવે ગુણઠાણા રૂપ જીવસમાસોનો તેઓમાં વિચાર કરવો જોઇએ. તે વિચાર સૂત્રકારે સુગમતા વગેરે કોઇપણ કારણથી કર્યો નથી. પણ અલ્પમતિવાળા શિષ્યોને ઉપકાર માટે અમે જ વિચાર કરીએ છીએ.

મિથ્યાદ્રષ્ટિ, સાસ્વાદની અવિરતી–સમ્યગદૃષ્ટિ, અયોગી કેવલીઓ તેમજ સયોગી કેવલીમાં સમુદ્ઘાત વખતે ત્રીજા, ચોથા, પાંચમા સમયે અનાહારી હોય છે. બીજાઓ અનાહારી હોતા નથી. અયોગી કેવલી તેમજ સયોગી કેવલી સમુદ્ઘાત વખતે ૩-૪-૫ સમય છોડીને અને બાકીના સર્વ સંસારી જીવો વિગ્રહગતિમાં જ અનાહારી હોય છે. બીજા સ્થાને નહિ તે વિગ્રહ ગતિ પૂર્વ ભવથી કાળ કરીને બીજા ભવમાં જતાં જ હોય છે. મિશ્રદ્રષ્ટિઓ તો મૃત્યુ પામતા નથી. કહ્યું છે કે—
**'न सम्ममिच्छो कुणई काल'** એ વચનાનુસારે એમને વિગ્રહગતિ ક્યાંથી સંભવે? તેનો અસંભવ હોવાથી અનાહારીપણું ક્યાંથી હોય?

દેશવિરતથી ક્ષીણમોહ ગુણઠાણા સુધીના જીવો વિગ્રહગતિમાં હોતા જ નથી, કારણકે આગમમાં ભવાંતરાલમાં વર્તતા જીવોને દેશવિરતિ વગેરેના પરિણામોનો નિષેધ કર્યો હોવાથી એમને અનાહારીપણું ક્યાંથી હોય? કેવલી સમુદ્ઘાતના ૩–૪–૫ સમય સિવાય સયોગી કેવલીઓને પણ અનાહારીપણું હોતું નથી, કારણકે વિગ્રહગતિનો અભાવ છે.

જે મિશ્રદ્રષ્ટિ દેશવિરતિ વગેરેથી કેવલી સમુદ્ઘાતના ત્રણ સમય સિવાયના સયોગી કેવલીઓ સુધીના જીવો, તેમજ વિગ્રહગતિ સિવાય અન્યત્ર રહેલ મિથ્યાત્વી તથા સાસ્વાદની અને અવિરત સમ્યગ્દ્રષ્ટિઓ ઉપર કહેલ યુક્તિના કારણે અનાહારીઓથી અલગ છે. માટે તેઓ આહારી છે, એમ સામર્થ્યથી જણાય છે.

આ પ્રમાણે આહારકદ્વાર કહ્યું.

## પ્રકરણ-૧૬

## ઉપસંહારદ્વાર

આ પ્રમાણે ગતિથી આહારક સુધીના દ્વારોમાં ચૌદ ગુણઠાણા રૂપ જીવસમાસો વિચાર્યા. તે વિચારણા પૂર્ણ થવાથી આગળ દ્વારગાથામાં કહેલ સત્પદપ્રરૂપણા દ્વાર પૂર્ણ થયું. બીજું દ્રવ્યપ્રમાણ દ્વાર આવ્યું હોવા છતાં પણ હમણાં કહેતા નથી. જેથી અહીં કોઈ પ્રશ્ન કરે છે.

પ્રશ્ન-તમે ગતિ વગેરે દ્વારોમાં ગુણઠાણા રૂપ જીવસમાસો કહ્યા પરંતુ જે કોઈ સર્વ સાધારણ લક્ષણ વડે અજીવોથી જીવો જુદા પડે છે તે હજુસુધી પણ કહ્યું નથી. તેથી તે લક્ષણના જ્ઞાન વગર જીવો અજીવથી જુદા પ્રકારના છે એમ શી રીતે જણાય?

ઉત્તર-જીવથી અજીવ જુદા છે. તે સર્વસાધારણરૂપ ઉપયોગ લક્ષણ બતાવતી ગાથા કહેવાય છે.

**नाणं पंचविहंपिय अण्णाण तिगं च सव्व सागारं ।**
**चउदंसणमणागारं सव्वे तल्लक्खणा जीवा ॥८३॥**

**ગાથાર્થ : પાંચે પ્રકારના જ્ઞાન તેમજ અજ્ઞાન ત્રિક એ સર્વ સાકારોપયોગ છે અને ચાર પ્રકારના દર્શન અનાકારોપયોગ છે. સર્વ ઉપયોગ લક્ષણ રૂપ જીવો છે.(૮૩)**

**ટીકાર્થ**-અર્થપ્રાપ્તિ રૂપ ઉપયોગ, જેના વડે થાય તે ઉપયોગ અથવા જીવ જેના વડે, જેનાથી, જેમાં અર્થગ્રહણરૂપ પરિણામ વડે પરિણમે તે ઉપયોગ, ઉપયોગ એટલે અવિશેષ રૂપ સામાન્ય બોધ. તે વિશેષ જિજ્ઞાસામાં સાકાર અને અનાકાર એમ બે પ્રકારે છે. તેમાં ગ્રહણ કરવા યોગ્ય અર્થ સાથે સંબંધિત આકારવાળો જે ઉપયોગ તે સાકારોપયોગ અને ગ્રાહ્ય અર્થ સંબંધિ આકાર રહિત જે ઉપયોગ તે અનાકારોપયોગ.

તે સાકારોપયોગ આઠ પ્રકારે છે. પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન. જેના વડે પદાર્થ વિશેષ પ્રકારે જણાય તે જ્ઞાન, આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એમ પાંચ પ્રકારે છે અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગ જ્ઞાન એમ ત્રણ પ્રકારે અજ્ઞાન છે. આ સર્વ આઠ પ્રકારે સાકારોપયોગ છે.

અનાકારોપયોગ ચાર પ્રકારના દર્શન વડે ચાર પ્રકારે છે : (૧) આંખવડે પદાર્થનો સામાન્ય રૂપે વિચાર તે ચક્ષુદર્શન, (૨) આંખ સિવાય બાકી રહેલ ચાર ઇન્દ્રિય અને મન વડે પદાર્થનો સામાન્યરૂપે વિચાર તે અચક્ષુદર્શન, (૩) અવધિવડે અથવા અવધિ એજ દર્શન

તે અવધિ દર્શન. (૪) સહાય વગર એટલે ચક્ષુદર્શન વગેરેના સાથ વગર જે દર્શન તે કેવલદર્શન. આ ચારે દર્શન અનાકારોપયોગ છે. આકાર નથી તે અનાકાર.

પ્રશ્ન—આ માણસ, માણસ એ પ્રમાણે સામાન્યરૂપે ગ્રહણ કરાયેલ દ્રવ્યમાં દર્શન મનાય છે. તેમાંજ આ સ્ત્રી છે. આ પુરૂષ, દેવદત્ત, યજ્ઞદત્ત વગેરે આકાર વિશેષ રૂપે વિચારતા જ્ઞાન કહેવાય છે.

આથી દર્શન ઉપયોગમાં પણ સામાન્ય અર્થાકાર છે, તો દર્શનમાં અનાકારતા કેમ કહો છો?

ઉત્તર—સાચી વાત છે. પરંતુ પેટ હોવા છતાં પણ ગર્ભધારણ કરવા રૂપ વિશિષ્ટ પેટનો અભાવ હોવાથી કન્યા અનુદરા કહેવાય છે. કૃપિણો વગેરે થોડું ધન હોય કે થોડું રૂપ હોય તેટલા માત્રથી લોકમાં 'દેવદત્ત નિર્ધન છે' વગેરે જણાવાય છે, એ પ્રમાણે અહીં પણ દર્શનોપયોગ હોયે છતાં સામાન્ય વસ્તુ આકારમાં જ્ઞાનગ્રાહ્ય વિશિષ્ટ આકારનો અભાવ હોવાથી અનાકારપણું કહ્યું છે માટે દોષ નથી.

આથી પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનો આ સર્વ મળી આઠ પ્રકારનો સાકારોપયોગ થયો. ચક્ષુદર્શન વગેરે ચાર દર્શનો રૂપ અનાકારોપયોગ એમ બન્ને મળી બાર પ્રકારના ઉપયોગો જીવત્વને જાણવા માટે સર્વ જીવના લક્ષણ રૂપ છે. સામાન્ય રીતે આ બાર ઉપયોગો જીવના લક્ષણ રૂપે ગણાય છે. વિશેષ રૂપે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિયોને મતિશ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન રૂપે ત્રણ ઉપયોગો લક્ષણ રૂપે જાણવા. ચૌરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને મતિશ્રુત અજ્ઞાન અને ચક્ષુ, અચક્ષુદર્શન એમ ચાર ઉપયોગ લક્ષણ તરીકે જાણવા. સંજ્ઞી પંચેન્દ્રિયોને મનુષ્ય વગેરે જુદાજુદા જીવો આશ્રયી બારે ઉપયોગો હોય છે. અલગ અલગ સંજ્ઞી પંચેન્દ્રિયોને જેટલા જેટલા ઉપયોગો હોય તે સ્વયં બુદ્ધિથી વિચારી લેવા.

આ પ્રમાણે ઉપર કહેલ સ્વરૂપવાળા બાર ઉપયોગો વડે અજીવથી જીવનું અલગ લક્ષણ કરાય છે. માટે જ ઉપયોગ લક્ષણવાળો જીવ કહેવાય છે. આ જીવો ઉપર કહેલ ઉપયોગથી રહિત હોવાથી ઉપયોગ લક્ષણવાળા થતા નથી. અન્ય ગ્રંથમાં કહ્યું છે 'उपयोग लक्षणो जीवः' એ પ્રમાણે જીવત્વ સામાન્યાશ્રયી ઉપયોગ રૂપ લક્ષણ છે એમ વિચારવું. જીવત્વનો આ ઉપયોગ માત્ર સાથે કોઈ પણ વખત વ્યભિચારનો અભાવ હોવાથી ઉપયોગ જીવનું લક્ષણ છે. (૮૩)

હવે ચાલુ વિષયના ઉપસંહાર માટે તેમજ પ્રાસંગિક વિષયની પ્રસ્તાવના માટે ગાથા કહે છે.

**एवं जीवसमासा बहुभेया वन्निया समासेणं ।**
**एवमिह भावरहिया अजीवदव्वा उ विन्नेया ॥८४॥**

ગાથાર્થ:-આ પ્રમાણે ઘણા ભેદવાળા જીવ સમાસોનું સંક્ષેપમાં વર્ણન કર્યું એ પ્રમાણે જ ભાવરહિત અજીવ દ્રવ્યો પણ જાણવા. (૮૪)

**ટીકાર્થ**:-પૂર્વમાં કહેલા પ્રકારો વડે સમસ્ત જીવોના સંગ્રહ રૂપ જીવસમાસોનું મિથ્યાદષ્ટિ, સાસ્વાદન વગેરે પ્રકારોથી અથવા એકેન્દ્રિય, બેઇન્દ્રિય વગેરે ભેદોથી તેમજ ગતિ વગેરે માર્ગણા દ્વારોથી એમ ઘણા ભેદો વડે સંક્ષેપમાં વર્ણન કર્યું છે. કારણકે વિસ્તારથી તો સિદ્ધાંતસાગરથી જ જાણી શકાય છે.

જો ઉપર કહેલ સ્વરૂપવાળા જીવસમાસો છે તો પછી અજીવો કેવા પ્રકારના છે? કયા લક્ષણવાળા છે? એ પણ કહો. વિપક્ષનું સ્વરૂપ કહેવાથી જ તેનો વિરોધિ પ્રસ્તુત પદાર્થ પણ સારી રીતે જાણી શકાય છે. એમ શંકા કરી જીવસમાસો કહ્યા છતાં પણ તેનાથી વિપરીત હોવા છતાં નજીકના અજીવોને પણ પ્રસંગાનુસારે પ્રતિપાદિત કરવા માટે પ્રસ્તાવનાર્થ કહે છે. '**एवमिह**' ઇત્યાદિ. જે પ્રમાણે પૂર્વ સ્વરૂપવાળા જીવ દ્રવ્યો જાણ્યા, તેમ અજીવદ્રવ્યો પણ આ જગતમાં જાણવા. ગાથામાં तु શબ્દ अपि અર્થમાં છે તે અજીવદ્રવ્યો જાણવાથી આ જ ગ્રંથમાં આગળ તેમજ અન્ય ગ્રંથોમાં કાર્યસિદ્ધિની સંભાવના છે.

પ્રશ્ન:- કેવા પ્રકારના અજીવદ્રવ્યો જાણવાના છે?

ઉત્તર- ઉપર કહેલ બાર ઉપયોગ લક્ષણ રૂપ જીવના જે પર્યાયો છે તે પર્યાય રૂપ ભાવથી રહિત અજીવદ્રવ્યો જાણવા. (૮૪)

તે અજીવદ્રવ્યો કયા છે! એવી શિષ્યની શંકાને દૂર કરવા માટે મૂર્તામૂર્ત ભેદપૂર્વક અજીવ દ્રવ્યો કહે છે.

**ते उण धम्माधम्मा आगास अरूविणो तहा कालो ।**
**खंधा देस पएसा अणुत्तिऽविय पोग्गला रूवी ॥८५॥**

ગાથાર્થ:-તે દ્રવ્યો ધર્મ, અધર્મ, આકાશ તથા કાળ એમ ચારેય અરૂપિ છે તથા પુદ્ગલ દ્રવ્ય સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એમ ચાર પ્રકારે રૂપી છે. (૮૫)

**ટીકાર્થ**:- જે આગળ ગાથામાં અજીવદ્રવ્યો જાણવા યોગ્ય છે એમ જણાવ્યું હતું તે અજીવદ્રવ્યો રૂપી અને અરૂપી એમ બે પ્રકારે છે, તેમાં અરૂપી એટલે અમૂર્ત, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ, એમ ચાર અજીવ દ્રવ્યો અમૂર્ત જાણવા

જીવ તથા પુદ્‌ગલો પોતાની જાતે ક્રિયામાં પરિણુત (તત્પર) થયા હોય ત્યારે તેમના ગતિરૂપ સ્વભાવને સહાયરૂપ ટેકા વડે ધારણુ કરવાથી ધર્મ, અસ્તિ એટલે પ્રદેશો, તે પ્રદેશો નો કાય એટલે સમુહ, ધર્મ એજ અસ્તિકાય છે તે ધર્માસ્તિકાય. અને તે લોકવ્યાપી અસંખ્યેય પ્રદેશાત્મક દ્રવ્ય વિશેષ છે.

તેજ જીવ તથા પુદ્‌ગલો ઉપર કહ્યા પ્રમાણે ગતિમાં તત્પર થયા હોય ત્યારે તેમના ગતિરુપ સ્વભાવને સહાયરૂપ ટેકાવડે ધારણુ ન કરે તે અધર્મ, બાકીનું બધું ધર્માસ્તિકાય પ્રમાણે જાણુવું

સર્વ વસ્તુઓને આકાશનાત્ (પ્રકાશિત કરે) તે આકાશ. શી રીતે પ્રકાશિત કરે? આ ઉપસર્ગ મર્યાદિત અર્થમાં છે, જેનો સંયોગ થવા છતાં પણુ પોતપોતાના સ્વરૂપમાં રહેવા વડે તેમજ સંપૂર્ણપણે તેના સ્વરૂપને પ્રાપ્ત કર્યા વગર મર્યાદા વડે **काशन्ते** એટલે સ્વભાવ પ્રાપ્તિ તથા અવસ્થિતકરણુ વડે કરી જેમાં પદાર્થોનો સમુદાય દીપે છે એટલે પ્રકાશિત થાય તે આકાશ અથવા **अभिविधि** અર્થમાં માનીયે તો, સંપૂર્ણપણે પદાર્થો તેના સંયોગના અનુભવરૂપ અભિવિધિ વડે જેમાં દીપે છે એટલે પ્રકાશિત થાય તે આકાશ, તે આકાશના અસ્તિકાય તે આકાશાસ્તિકાય. તે લોકાલોક વ્યાપી અનંત પ્રદેશાત્મક દ્રવ્ય વિશેષ છે.

સમસ્ત વસ્તુ સમુદાયની સંખ્યાને (કલનને) જે જણુાવે તે કાલ અથવા **कलयन्ति** એટલે સમય અને જેના વડે ઉત્પન્ન થયેલ આવલિકા મુહૂર્ત વગેરે. જેના વડે સંપૂર્ણ સચેતન અચેતન રૂપ પદાર્થોને કેવલી ભગવાન વગેરે જાણે તે કાલ. સમય આવલિકા રૂપ દ્રવ્યવિશેષ ને કાળ. કાળના અંશ રૂપ સમય આવલિકા વગેરે રૂપ કળાઓ વડે થયેલ અથવા તે કળાઓનો જે સમુહ તે કાળ, સમય આવલિકા વગેરે રૂપ જ છે.

પ્ર. :–જેમ ધર્માસ્તિકાય કહો છો તેમ કાલાસ્તિકાય શા માટે કહેતા નથી?

ઉ. :–કાળ તે અસ્તિકાય નથી કારણુકે તેને ઘણા પ્રદેશો નથી. ઘણા પ્રદેશો હોય તો અસ્તિકાય જોડાય છે. કાળને ભૂતકાળના સમયો નષ્ટ થયા છે, અને ભવિષ્યકાળના ઉત્પન્ન થયા નથી. જ્યારે વર્તમાન સમય રૂપ એકજ પ્રદેશ કાળનો બોલનારના સમયે વિદ્યમાન હોય છે.

પ્ર. :–જો એ પ્રમાણે માનશો તો આવલિકા, મુહુર્ત, દિવસ વગેરેની પ્રરૂપણાનો અભાવ થશે. કારણુકે આવલિકા વગેરે પણુ અસંખ્ય સમયાત્મક છે. આથી શું પ્રદેશ બહુત્વનો પ્રસંગ નહિ આવે ?

ઉ. :–સાચી વાત છે આવાલિકા વગેરે કાળ સ્થિર, સ્થૂર, કાળત્રયવર્તી, વસ્તુ રૂપ સિદ્ધાંત સ્વીકારનાર વ્યવહારનયને આશ્રયી છે. જ્યારે નિશ્ચયનય તો ધર્માસ્તિકાય વગેરેમાં જેમ અવસ્થિત પ્રદેશ રાશી હોય છે તેમ કાળની અંદર અવસ્થિત આવલિકા વગેરે

રૂપે સમયનો સમુહ હોતો નથી. ભૂતકાળ અને ભવિષ્યકાળના સમયો નાશ થયેલ અને અનુત્પન્ન હોવાથી ફક્ત વર્તમાન એક સમય માત્ર હોય છે. પણ આવલિકા વગેરે વાસ્તવિક કાળ હોતો નથી માટે કાળમાં અસ્તિકાયતા નથી. આથી કાળને બીજા ગ્રંથોમાં વર્તમાન સમય માત્ર રૂપે નક્કી કરી કહ્યો છે. પણ સામાન્ય રીતે અસ્તિકાય રૂપે કહ્યો નથી. કહ્યું છે કે—

'**कईणं भन्ते** ! दव्वा **पन्नत्ता** ? **गोयमा** ! **छद्दव्वा पन्नत्ता** तं जहा **धम्मत्थिकाए,** **अधमत्थिकाए आगासत्थिकाए. जीवत्थिकाए. पोग्गलत्थिकाए. अद्धासमये**'

હે ભગવંત ! દ્રવ્ય કેટલા કહ્યા છે? હે ગૌતમ! છ દ્રવ્યો કહ્યા છે, તે આ પ્રમાણે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ વધુ વિસ્તારથી સર્યું. આ પ્રમાણે ધર્માસ્તિકાય વગેરે ચારેય અજીવદ્રવ્યો અરૂપી એટલે અમૂર્ત જાણવા.

પુદ્ગલો તેજ અસ્તિકાય છે તે પુદ્ગલાસ્તિકાય જે બીજા સ્થાને કહેલ સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુના ભેદથી તે પુદ્ગલો ચાર પ્રકારે અને રૂપવાળા છે.

સ્કંધ અનંતાનંત પરમાણુના સમુદાય રૂપ ચર્મચક્ષુવડે ગ્રાહ્ય થાંભલા, ઘડા વગેરે રૂપે તથા અગ્રાહ્ય અચિત મહાસ્કંધો વગેરે રૂપે છે. દેશો તેજ સ્કંધોના ઉપરના નીચેના કે વચ્ચેના ભાગમાં રહેલ સ્થૂલખંડ (ટુકડા) રૂપ અવયવો છે. પ્રદેશો દેશના જ સૂક્ષ્મ શકલ (ટુકડા) રૂપ અવયવો જ છે. અણુ અંશ વગરના એક પરમાણુ રૂપે છે. આ જાતિ નિર્દેશ છે. વ્યક્તિ પક્ષમાં અણુઓ પણ છે એમ જાણવું.

છૂટા એવા એકલા પરમાણુઓને પણ પુદ્ગલાસ્તિકાયમાં અનંતાનંતપણાની અનુપપત્તિ હોવાથી આ સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ રૂપ ચારે પ્રકારના પુદ્ગલાસ્તિકાય રૂપી, મૂર્ત, અજીવ દ્રવ્યરૂપે જાણવા. પૂરણ ગલન સ્વભાવવાળા હોવાથી આ ચારે કોઈક દ્રવ્યથી ગળે છે કે છૂટા પડે છે અને કોઇક દ્રવ્યને પોતાના સંયોગથી પૂરે છે પુષ્ટ કરે છે.

આ પ્રમાણે ધર્માસ્તિકાય વગેરે પાંચેય મૂર્તામૂર્ત સ્વરૂપવાળા અજીવ દ્રવ્યો જાણવા. (૮૫)

પ્રશ્ન;– જીવદ્રવ્યનું ઉપયોગ લક્ષણ કહ્યું, તે તો જીવને જોવાથી તે ઉપયોગની સત્તા અમે સ્વીકારીએ છીએ પરંતુ અજીવ એવા ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોનું શું લક્ષણ છે? કે જે જોઇને તેની સત્તા અમે સ્વીકારીએ.

ઉત્તરઃ– હવે અજીવના લક્ષણો જણાવતી ગાથા કહે છે,

**गइ ठाणावगाहण लक्खणाणि कमसो य वत्तणगुणो य।**
**रूवरसगंध फासाइ कारणं कम्म बंधस्स ॥८६॥**

ગાથાર્થ:- ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોની ગતિ, સ્થાન, અવગાહન અને વર્તના રૂપ લક્ષણો છે અને પુદ્ગલાસ્તિકાય રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રૂપ લક્ષણવાળું છે અને કર્મબંધનું કારણ છે. (૮૬)

**ટીકાર્થ**:- **चिह्न्यन्ते**=અસ્તિત્વથી જણાય તે એટલે જેના વડે વસ્તુનું અસ્તિત્વ જણાય તેલક્ષણ કહેવાય છે. ગતિ, સ્થિતિ, અવગાહના એ લક્ષણો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયના ક્રમશઃ લક્ષણો છે. જીવપુદ્ગલોની એક જગ્યાએથી બીજી જગ્યાને (પ્રાપ્ત કરવા) જવા રૂપ ક્રિયા તે ગતિ. તે ગતિ લક્ષણવંત ધર્માસ્તિકાય છે.

ગતિ નિવૃત્તિરૂપ સ્થિતિ છે તે સ્થિતિરૂપ લક્ષણ અધર્માસ્તિકાયનું છે. અવગાહન તે અવગાહના, ગતિસ્થિતિમાં પરિણત જીવ અને પુદ્ગલોને જગ્યા આપનાર, આશ્રયરૂપ થવાના સ્વભાવવાળું. આધાર રૂપ ભાવને સ્વીકારનાર તે લક્ષણરૂપ જે દ્રવ્ય તે આકાશાસ્તિકાય.

જીવપુદ્ગલ સંબંધી ગતિ, સ્થિતિની અન્યથા અનુપપત્તિથી ધર્માધર્માસ્તિકાયની હયાતિ જણાય છે. માટે ધર્માધર્માસ્તિકાયનું ગતિ સ્થિતિ લક્ષણ થાય છે.

એમ ન કહેવું કે 'તે ગતિ અને સ્થિતિ ધર્માધર્માસ્તિકાય નહીં હશે તો પણ પ્રવર્તે છે. એમાં શું વાંધો છે?' તે ધર્માધર્માસ્તિકાય વગર તે ગતિ અને સ્થિતિ અલોકમાં પણ થવાનો પ્રસંગ આવશે. અલોકમાં પણ તે ગતિ અને સ્થિતિ થાય તો અલોક અનંત હોવાથી લોકમાંથી નીકળેલા જીવ અને પુદ્ગલો તેમાં પણ પ્રવેશ થવાથી એક, બે, ત્રણ વગેરે જીવ-પુદ્ગલયુક્ત અલોક થવાથી લોક સર્વથા શૂન્ય થશે કે અલોક એ લોક બની જશે. આ વાત કોઈપણ રીતે માન્ય નથી. તેથી લોકમાં જ જીવ પુદ્ગલોની ગતિ સ્થિતિનો સ્વીકાર કરવો. તે ગતિ, સ્થિતિ અલોકમાં ન હોવાથી અને લોકમાં જ હોવાથી પોતાના કારણરૂપ ધર્માધર્માસ્તિકાયની લોકમાં હયાતિ નક્કી થાય છે આથી તે ગતિ સ્થિતિ રૂપ લક્ષણ ધર્માધર્માસ્તિકાયનું નક્કી થાય છે.

જીવ પુદ્ગલોના આધાર સ્વીકારરૂપ અવગાહના વડે આકાશનું લક્ષણ કરાય છે એટલે અસ્તિત્વ મનાય છે. આધાર સ્વીકારરૂપ અવગાહના જ આકાશનું લક્ષણ થાય છે. જો જીવ પુદ્ગલના આધાર રૂપ આકાશ ન હોય તો ધર્માધર્માસ્તિકાયના ટેકાથી ગતિ સ્થિતિમાં પરિણત થયેલા દેવદત્ત વગેરે પણ પૃથ્વી વગેરેના આધાર વગર પણ રહેવા માટે (સ્થિરતા માટે) શક્તિમાન થતા નથી, તે જીવ અને પુદ્ગલોની ગતિ, સ્થિતિ આકાશના આધારથી જ પ્રવર્તશે એમ ન કહેવું શોભાના ગાંઠીયા જેવા નકામા ધર્માધર્માસ્તિકાય વડે

શું ? કારણકે અલોકમાં પણ આકાશ હોવાથી ત્યાં પણ તે ગતિ સ્થિતિનો પ્રસંગ આવશે અને તે પ્રસંગના જે દૂષણો છે તે ઉપર કહ્યા છે.

પ્રશ્ન:– તો પછી ધર્માધર્માસ્તિકાય જ જીવ વગેરેના આધાર રૂપે સ્વીકારો, અપ્રમાણ એવા આકાશની કલ્પનાથી શું ?

ઉત્તર:– આ વાત બરાબર નથી. આકાશ જ આધારશક્તિ સંપન્ન છે. ધર્માધર્માસ્તિકાયનું તો ફક્ત ટેકા રૂપ જ સામાર્થ્ય છે. અન્યથી સાધ્ય ક્રિયા, અન્ય વડે થતી નથી. અતિવ્યાપ્તિનો દોષ આવે છે. જેમ અગ્નિ સાધ્ય, તાપ રસોઇ વગેરે કાર્ય પાણી વગેરેથી પણ થશે.

આવા પ્રકારની શક્તિ શું આકાશની જ હોય છે? બીજાની નહીં. આવા પ્રકારનો વિપરિત સંબંધ અજ્ઞાનતા જ બતાવે છે. અગ્નિ, પાણી વગેરે દરેકમાં આ પ્રશ્ન ઉપસ્થિત થશે.

યુક્તિ, આગમ, લોકવ્યવહારથી દરેક પ્રાણીઓમાં પ્રસિદ્ધ આકાશની અપ્રમાણિકતા કહેવી યોગ્ય નથી. અતિદ્રિય પદાર્થોમાં એકાંતે યુક્તિપૂર્વકની જ વિચારણા યોગ્ય નથી કહ્યું છે કે :

'आगमश्चोपपत्तिश्च सम्पूर्णं द्रष्टिकारणम् ।
अतीन्द्रियाणामर्थानां सद्भाव प्रतिपत्तये.' ॥१॥

અતિંદ્રિય પદાર્થોની સિદ્ધિ માટે આગમ, ઉપપત્તિ અને સંપૂર્ણ દ્રષ્ટિ કારણનો સ્વીકાર કરવો. (૧)

તેથી જીવ પુદ્ગલોને અવકાશના કારણ રૂપ અવગાહના વડે આકાશ જણાય છે. માટે તે અવગાહના આકાશાસ્તિકાયનું લક્ષણ કરાય છે.

તે તે નવાજુના વગેરે ભાવરૂપે નક્કી ફળફૂલ વગેરે આપવા રૂપ ભાવથી જે પરિણમન અથવા વર્તન તે વર્તના.

તે વર્તના જ કાલનો સાધ્યરૂપ ગુણ છે. તે વર્તના ગુણને કાલ સમજવો. ઉપર કહેલ સ્વરૂપવાળી વર્તના કાલવડે જ સાધી શકાય છે, આથી તે વર્તના જ કાલનો ગુણ કહેવાય છે. માટે તે કાલનું લક્ષણ થાય છે. કારણકે તેના વડે જ કાળ જણાય છે. આ જગતમાં કાળ છે. થાંભલો, ઘડો વગેરે વસ્તુઓની નવા જુનાની પરિણતિ રૂપ તથા બકુલ, અશોક, આંબો, ચંપો વગેરે ઝાડો નક્કી અને નિયત સમયે ફળફૂલ ફળવા સ્વરૂપ ક્રિયા વર્તનાથી જ થાય છે. તે વર્તના વગર તેની પ્રાપ્તિ થતી નથી. તે ઝાડો વગેરે દ્રવ્યો હોવા છતે કે ગામ નગર વગેરે ક્ષેત્ર હોય, છતાં પણ વસંત વગેરે નિયત કાળમાં જ વૃક્ષ વગેરેમાં ફળફૂલની ઉત્પત્તિ રૂપ વર્તના દેખાય છે. જો આ સ્વભાવથી જ થાય છે એમ માનો તો તે નિત્ય કે સતરૂપ કે અસતરૂપ જ થઇ જવાનો સંભવ રહેશે. ભાવોનો

કાદાચિત્કપણાનો સંભવ હોવાથી જ નિયામકનો સદ્ભાવ છે. માટે આ વર્તનાનો જે નિયામક છે તે જ કાળ છે એમ સ્વીકારવું. અહીં ઘણું કહેવા યોગ્ય છે પણ ગ્રંથવિસ્તારના ભયથી તેમજ બીજા ગ્રંથોમાં કહ્યું હોવાથી કહેતા નથી માટે ઉપર કહેલા ન્યાયાનુસારે વર્તના વડે કાલ જણાય છે, તેથી વર્તના કાળનું લક્ષણ થાય છે.

હવે પુદ્ગલાસ્તિકાયનું લક્ષણ કહે છે.

રૂપ, રસ, ગંધ, સ્પર્શ યથાનુક્રમ આંખ, જીભ, નાક અને ચામડીરૂપ ઇંદ્રિયથી ગ્રાહ્ય ગુણ વિશેષો છે. **आदि** પદથી સંસ્થાન, સંઘયણ વગેરેના તે રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે તેઓના કારણ છે. એટલે પુદ્ગલાસ્તિકાય જ દરેકના કારણ રૂપ છે, એમ ઉપલક્ષણથી જણાય છે. ફક્ત રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરેમાં પુદ્ગલો કારણ છે એમ નથી, પરંતુ ઉત્તરભેદ સાથે જ્ઞાનાવરણું વગેરે આઠ પ્રકારની પ્રકૃત્તિના કર્મબંધનું તે જ કારણ છે. ગાથામાંનો **कारण** શબ્દ ડમરૂકમણિના ન્યાયપૂર્વક **रूवरसगंधफासाइ** તેમજ **कम्मबंधस्स** એમ બંનેને જોડવો.

જેમ માટી, સ્થાસ, કોશ, કપાલ, કુંભ (ઘડા) શરાવડુ અને ઉદંચન વગેરે રૂપે માટી પરિણમતી હોવાથી તેનું પરિણામી કારણ માટી કહેવાય છે તેમ પુદ્ગલો પણ રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે ભાવ રૂપે અને આઠ પ્રકારના કર્મબંધરૂપે પરિણમતા હોવાથી તે રૂપ વગેરેના પરિણામિ કારણરૂપે થાય છે એ પ્રસિદ્ધ છે એ પ્રમાણે પુદ્ગલોના કારણરૂપે રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે કર્મપરિણામના કાર્યરૂપે જણાતા તે રૂપ વગેરે તથા કર્મપરિણામરૂપ પુદ્ગલોના લક્ષણરૂપે સામર્થ્યથી કહેલા છે એમ જાણવું. એમ પ્રત્યક્ષ પ્રમાણથી જ તેમજ દરેક પ્રાણિઓમાં પ્રસિદ્ધ હોવાથી અને રૂપ વડે જગતની વિચિત્રતાની અન્યથા અનુપપત્તિથી સિદ્ધ અને કર્મબંધ વડે પોતાના કારણ રૂપ પુદ્ગલાસ્તિકાય જણાય છે અગ્નિ અને ધૂમાડાની જેમ. (૮૬)

આ પ્રમાણે જીવસમાસની પ્રરૂપણા વખતે આવેલા અજીવદ્રવ્યો પણ લક્ષણ સહિત વર્ણવ્યા તે પ્રરૂપણા કરવાથી સત્પદ પ્રરૂપણા દ્વાર પૂર્ણ થયું.

પ્રથમ વિભાગ પૂર્ણ

# વિભાગ ૨જો–પ્રમાણદ્વાર

## પ્રકરણ–૧

### દ્રવ્યપ્રમાણ

હવે **संतपय परूवणया** ગાથામાં કહેલ ક્રમ મુજબ દ્રવ્ય પ્રમાણ નામે બીજું દ્વાર કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે.

**दव्वे खेत्ते काले भावे य चउव्विहं पमाणं तु ।**
**दव्व पएस विभागं पएसमेगाइ य मणंतं ॥८७॥**

**ગાથાર્થ**:– દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એમ ચાર પ્રકારે પ્રમાણો છે. તેમા દ્રવ્યપ્રમાણ પ્રદેશ પ્રમાણ અને વિભાગ પ્રમાણ એમ બે પ્રકારે છે. પ્રદેશ પ્રમાણ એક વગેરેથી લઇ અનંત સુધીનું જાણવું. (૮૭)

**ટીકાર્થ** :–જેના વડે અનાજ વગેરે મપાય તે અસતિ, પ્રસૃતિ (એક જાતના માપ) વગેરે પ્રમાણ છે. અથવા આ પદાર્થનું આવું આવું સ્વરૂપ છે એ પ્રમાણે નક્કી સ્વરૂપ વડે દરેક પદાર્થને જેના વડે જાણી શકાય તે પ્રમાણ. જો કે અનાજ વગેરેનું માપ કે સ્વરૂપની જાણકારી તે પ્રમાણ છે. અહિં અસતિ, પ્રસૃતિ વગેરે માપવામાં કારણરૂપ હોવાથી પ્રમાણ છે તે પ્રમાણ દ્રવ્ય વગેરે, પ્રમેય એટલે જાણવા (માપવા) યોગ્ય પદાર્થના કારણે ચાર પ્રકારે છે. ગાથામાં તુ પુનઃ અર્થમાં છે. સૂત્ર ફક્ત સૂચન કરતું હોવાથી **दव्व** પદ વડે દ્રવ્ય વિષયક પ્રમાણ તે દ્રવ્યપ્રમાણ ક્ષેત્ર વિષયક પ્રમાણ તે ક્ષેત્રપ્રમાણ એ પ્રમાણે કાળપ્રમાણ તથા ભાવપ્રમાણ જાણવું.

તેમાં દ્રવ્યપ્રમાણ પ્રદેશ નિષ્પન્ન અને વિભાગ નિષ્પન્ન એમ બે પ્રકારે છે. પ્રદેશ એટલે અત્યંત નિર્વિભાગ અંશરહિત દેશ તે પ્રદેશ કહેવાય છે એટલે પરમાણુ જાણવું.

તે પ્રદેશો વડે બનેલા દ્રવ્યો અનેક પ્રકારના છે. તે એક પરમાણુથી લઈ અનંત પ્રદેશો વડે બનેલ સ્કંધ સુધીના દરેક સ્કંધો દ્રવ્યપ્રમાણ કહેવાય છે. તેમાં પરમાણુ એક-પ્રદેશરૂપ દ્રવ્ય પ્રમાણ કહેવાય છે, તેમાં બે પરમાણુઓનો સ્કંધ બે પ્રદેશનો બનેલ દ્રવ્ય-પ્રમાણ, ત્રણ અણુઓનો સ્કંધ ત્રણપ્રદેશ નિષ્પન્ન દ્રવ્યપ્રમાણ છે, એમ અનંતાઅણુનો સ્કંધ અનંતપ્રદેશ સંપન્ન દ્રવ્યપ્રમાણ કહેવાય છે.

**પ્રશ્ન** :–પરમાણુથી અનંતપ્રદેશના સ્કંધ સુધી દ્રવ્ય જ કહેવાય. તેને પ્રમેયપણા વડે પ્રમાણતા સાથે શી રીતે જોડો છો?

**ઉત્તર**:–એમ ન જાણવું, દ્રવ્યાદિ પ્રમેય પણ પ્રમાણરૂપે રૂઢ છે. જેમ પ્રસ્થક વગેરે માપોથી

તોલીને અનાજ વગરેના ઢગલાને જોઈ લોકમાં બોલનાર કહે છે કે 'આ પ્રસ્થકનો ઢગલો છે' તેવી રીતે એક, બે, ત્રણ, ચાર વગેરે પ્રદેશોથી બનેલ સ્કંધને મુખ્યતાએ પ્રમાણ કહે છે. દ્રવ્યતો તેના સ્વરૂપના યોગ ઉપચારથી કહે છે. ભાવસાધનરૂપે તો પ્રમિતિ એટલે જ્ઞાન (બુદ્ધિ) તે જ પ્રમાણ છે. પ્રમાણ પ્રમેયને આધિન હોવાથી પ્રમાણ અને પ્રમેય બન્નેના ઉપચારથી પ્રમાણતા છે આથી અહીં પરમાણુ વગેરે દ્રવ્યની ઉપચાર પ્રમાણતા અવિરુદ્ધ છે. (૮૭)

આ પ્રમાણે ઉપર કહ્યા મુજબ બીજી પણ અલગ અલગ યથાયોગ્ય સંખ્યા યુક્ત પોતાનામાં જ રહેલ પ્રદેશો વડે બનેલ પ્રદેશ નિષ્પન્ન દ્રવ્ય પ્રમાણ કહ્યું.

હવે પોતાનામાં રહેલ પ્રદેશોનો છોડી જુદા પ્રકારના કે વિશિષ્ટ પ્રકારના ભાગે એટલે ભંગો કે વિકલ્પો સ્વરૂપ બનેલ વિભાગ નિષ્પન્ન નામે બીજું દ્રવ્યપ્રમાણ કહે છે.

**माणुम्माणपमाणं पडिमाणं गणियमेव य विभागं ।**
**पत्थ कुडवाई धन्ने चउभाग विवड्ढियं च रसे ॥८८॥**

ગાથાર્થ :–માન, ઉન્માન, અવમાન, પ્રતિમાન, અને ગણિમ એમ પાંચ પ્રકારે વિભાગ પ્રમાણ છે. તેમાં માનપ્રમાણ પ્રસ્તક, કુડવ વગેરે ધાન્યવિષયક અને ચોથો ભાગ વિવર્ધિતરસ વિષયક એમ બે પ્રકારે છે. (૮૮)

**ટીકાર્થ**:–-માન, ઉન્માન, અવમાન, પ્રતિમાન અને ગણિમ એમ પાંચ પ્રકારે વિભાગ નિષ્પન્ન પ્રમાણ છે. જેના વડે મપાય તે માન, તે માન એજ પ્રમાણ તે માન પ્રમાણ. તેમાં ધાન્ય વિષયક માનપ્રમાણ તે ધાન્યમાન પ્રમાણ. તે ધાન્યમાન પ્રમાણ મગધ દેશમાં પ્રસિદ્ધ અને આગમમાં 'दो असईउ पसई' વગેરે રૂપે અસતિ વગેરેનું પ્રતિપાદન કર્યું છે તે આ પ્રમાણે. अश्नुते એટલે પ્રાપ્ત થાય છે, જેના ઉત્પન્ન થવા વડે સર્વ ધાન્યના માનો (માપો) વ્યાપે છે પ્રવર્તે છે અથવા પ્રાપ્ત થાય છે, તે अशति: ઊંધા કરેલ હાથના તળીયા પ્રમાણ (મુઠ્ઠી) માપ વડે જે ધાન્ય જણાવાય તે અશતિધાન્ય કહેવાય, તે બે અશતિ વડે થયેલ નાવના આકાર સમાન રહેલ પહોળા હાથના તળીયા જેવા પ્રસૃતિ (પશલી–ખોબો) બે પ્રસૃતિની એક સેતિકા તે સેતિકાનું માપ અહીં પ્રસિદ્ધ છે તે ગ્રહણ ન કરવી કારણકે મગધ દેશના માપનું પ્રતિપાદન કરાયેલ હોવાથી. આથી આ પણ મગધદેશ પ્રસિદ્ધ કોઈક જાણવી. ચાર સેતિકાનો એક કુડવ, ચાર કુડવનો એક પ્રસ્થ ચાર પ્રસ્થનો એક આઢક, ચાર આઢકનો એક દ્રોણ, સાઠ આઢકનો જઘન્ય કુંભ, એંસી આઢકનો મધ્યમ કુંભ, સો આઢકનો ઉત્કૃષ્ટ કુંભ થાય છે. આઠસો આઢકનો

એક આઢ઼ુ થાય છે. આ ધાન્યમાન પ્રમાણુ વડે મગધ દેશમાં ડાંગર વગેરે અનાજ મપાય છે. અહીં ગાથામાં ' पत्थ कुडवाइ धन्ने ' એ પ્રમાણે કહેવા વડે પ્રસ્થ કુડવ રૂપ ધાન્ય માન સાક્ષાત સ્વીકાર કર્યો છે. અને બાકીના અસતિ, પ્રસૃતિ આઢક વગેરે આદિ શબ્દ વડે લીધા છે. હવે રસમાન પ્રમાણુનું સ્વરૂપ કહે છે.

ઘી તેલ વગેરે રસો વિષયક જે માન, તે માન ધાન્યમાન સેતિકા વગેરેથી ચોથો ભાગ વધારે એટલે ચોથો અંશ અધિક માપ જાણવું. ધાન્ય પ્રવાહી ન હોવાથી તેની શિખા થાય છે. રસ તો પ્રવાહી હોવાથી તેની શિખાનો સંભવ નથી. આથી ધાન્યમાનથી અધિક ચોથા અંશ રૂપ અંતર્શિખા વડે યુક્ત એ થાય છે. જ્યારે ધાન્યમાન બીજાની અપેક્ષાએ પોતાના ચોથાભાગ રૂપ ઉંચુ બાહ્યશિખા યુક્ત હોય છે. આથી રસમાન અંતર્શિખા યુક્ત અને ધાન્યમાન બહિર્શિખાયુક્ત એમ સામર્થ્યથી બંને સરખા થાય છે. તેમાં આગમમાં चउपलमाणा चउसट्ठिय વગેરે ચોસઠીયા વગેરે રૂપે રસમાન કહ્યું છે. ૨૫૬ પલ પ્રમાણુની માણિકા નામનું રસમાન છે. તેના ૬૪ મા ભાગ પ્રમાણુ બનેલ અર્થયુક્ત ચોસઠીયા નામવાળું પહેલું રસમાન છે. એ ઉપલક્ષણથી ચાર પલનું જાણવું, તે માણિકાનું બત્રીસમા ભાગ પ્રમાણુ આઠ પલની બત્રીશી. તથા માણિકાની સોળમા ભાગ પ્રમાણુ સોળ પલ પ્રમાણુ ષોડશિકા, તે જ માણિકાની આઠમા ભાગ પ્રમાણુ ૩૨ પલની અષ્ટ ભાગિકા, તેની જ ચોથા ભાગ પ્રમાણુ ૬૪ પલ પ્રમાણુ ચોથીયા ભાગ, તેની અડધા ભાગની ૧૨૮ પલ પ્રમાણુ અર્ધ માણિકા. આ સર્વે માપો વડે મગધ દેશમાં ઘી, તેલ વગેરે મપાય છે. એ રસમાન ગ્રંથકારે નામ લેવા પૂર્વક કહ્યું નહીં, કારણકે સંક્ષેપરૂચી જીવોને ઉપકાર માત્ર ફળવાળું આ સૂત્ર હોવાથી. (૮૮)

આ પ્રમાણે માનરૂપ દ્રવ્યરૂપ ધાન્યમાન અને રસમાન એમ બે ભેદો સહિત કહ્યું. હવે ઉન્માન વગેરે દ્રવ્યપ્રમાણોના સ્વરૂપનો નિર્ણય કરે છે.

## कंसाइयमुम्माणं अवमाणं चेव होइ दंडाई।
## पडिमाणं धरिमेसु य भणियं एकाइ यं गणिमं ॥८९॥

ગાથાર્થ:- કાંસા વગેરેમાં ઉન્માન પ્રમાણ, દંડ વગેરે અવમાન પ્રમાણથી મપાય છે. સુવર્ણ વગેરે ધરિમમાં પ્રતિમાન પ્રમાણ અને એક વગેરે સંખ્યામાં ગણિત પ્રમાણુ કહ્યું છે. (૮૯)

**ટીકાર્થ** :- જે કાંસુ વગેરે ઊંચુ કરી (નાખીને) તોલવા વડે જેનાથી મપાય તે કાર્ષિકતુલા વગેરે ઉન્માન કહેવાય છે.

પ્રશ્નઃ–આ ઉન્માન માપ કયા દ્રવ્યના વિષયમાં વપરાય છે જેથી તેને દ્રવ્યપ્રમાણમાં ગણ્યું છે ?

ઉત્તર–સપ્તમી વિભક્તિના સુપ નો વ્યત્યય થવાથી અહિં કાંસા વગેરેમાં એમ સમજવું. કાંસુ પ્રસિદ્ધ છે, વગેરે શબ્દથી તાંબુ, લોખંડ, કપાસ, ગોળ, ખાંડ વગેરે આ ઉન્માન માનથી મપાતા હોવાથી ઉન્માન પ્રમાણના વિષય છે. એ ઉન્માન આગમમાં 'अद्ध करिसो करिसो' વગેરે વડે અર્ધકર્ષ, કર્ષ વગેરે ભાર પર્યંત કહ્યું છે. તેમાં પલનો આઠમો ભાગ અડધો કર્ષ, પલનો ચોથો ભાગ કર્ષ, પલનો અડધો ભાગ અડધોપલ, બે અડધા પલે એક પલ, એકસો પંચોતેર પલે એક તુલા, દશતુલાએ અર્ધભાર, વીસતુલાએ ભાર, આ પ્રમાણે વજનો વડે મગધ દેશમાં કાંસુ વગેરે તોલાય છે. આ સર્વ વજન ઉન્માન કહેવાય છે.

પ્રશ્નઃ– જો આગમમાં અર્ધકર્ષ વગેરે ઉન્માન કહેવાય છે તો પછી કાર્ષિકતુલા વગેરે એમ શા માટે કહ્યું ?

ઉત્તરઃ–સાચી વાત છે પરંતુ અર્ધ કર્ષ વગેરે જાણવાના ઉપાય તરીકે ઉપચારથી તે પણ પ્રમાણે કહેવાથી દોષ નથી. ઉન્માન પ્રમાણ કહ્યું.

હવે અવમાનનું સ્વરૂપ કહે છે જેનાવડે જમીન વગેરે પદાર્થો જાણી શકાય કે માપી શકાય તે પ્રમાણ વિશેષ અવમાન કહેવાય છે. તે અવમાન માનદંડ વગેરે શબ્દથી હાથ, ધનુષ, યુગ રજ્જુ વગેરે વડે (મપાય) થાય છે. હાથ, દંડ ધનુષ, યુગ વગેરેનું સ્વરૂપ આગળની ગાથામાં વિશેષથી કહીશું.

હવે પ્રતિમાન કહે છે. જેના વડે માપવા યોગ્ય સુવર્ણ વગેરેના જેવું, અથવા બીજા પક્ષે પ્રતિયોગીપણાથી પ્રતિતુલ્ય એટલે સમાન જે ગુંજા, કાકણી વગેરે વડે મપાય (તોલાય) તે પ્રતિમાન. તે પ્રતિમાન આગમમાં गुञ्जा कागणी निप्फावो વગેરે ઘણા ભેદપૂર્વક કહ્યું છે. તેમાં ગુંજા એટલે ચણોઠી જે લોકપ્રસિદ્ધ છે. સવાચણોઠીની એક કાકણી, ત્રણ ભાગયુક્ત એક કાકણી વડે, ત્રણ ભાગ ઓછા એવી બે ગુંજા વડે એકવાલ, ત્રણ વાલનો એક કર્મ-માષક, બાર કર્મમાષકનો એક મંડલક, સોળ કર્મમાષકનો એક સુવર્ણ, એ સર્વ પ્રતિમાન કહેવાય છે.

પ્રશ્ન :–આ પ્રતિમાન દ્રવ્યપ્રમાણના ભેદોનો કયા દ્રવ્યોને જાણવા માટે (ઉપયોગાય) પ્રવર્તે છે ?

ઉત્તર : જેના પ્રમાણને જાણવા માટે (નારાચે) ત્રાજવામાં મૂકાય તે સોનું, ચાંદી, મોતી વગેરે ધરીક (મ) કહેવાય છે. તેઓના વિષયને જાણવા માટે વપરાતું હોવાથી પ્રતિમાનરૂપ દ્રવ્યપ્રમાણ કહેવાય.

જેના વડે વસ્તુ ગણાય તે ગણિત કે ગણિમ કહેવાય છે તે ગણિત એક બે વગેરેથી લઈ શીર્ષપ્રહેલિકા સુધીની સંખ્યા, જેનું સ્વરૂપ આગળ કહેવાશે.

હવે જે અવમાનનું સ્વરૂપ કહ્યું, તેને કંઈક વિશેષતાથી કહે છે

**दंड धणु जुगनालिय अक्खो मुसलं होइ चऊहत्थं ।**
**दसनालियं चं रज्जुं वियाण अवमाण सण्णाए ॥९०॥**

ગાથાર્થ : દંડ, ધનુષ, યુગ, નાલિકા અક્ષ અને મુશલ એ ચાર હાથ હોય છે. દશનાલિકા પ્રમાણ રજ્જુ અને તે અવમાન સંજ્ઞાએ જાણવું. (૯૦)

**ટીકાર્થ** :–સિદ્ધાંત સાગરમાં 'हत्थेण वा दंडेण वा' વગેરે વચનો વડે હાથ, દંડ ધનુષ વગેરે કહ્યું છે. અહીં કોઈ કારણથી ગ્રંથકારે 'હાથ' કહ્યો નથી. છતાં પણ ઉપલક્ષણથી તેની વ્યાખ્યા જાણવી. તે હાથ આ ગ્રંથમાં જ જેનું સ્વરૂપ કહેવાનું છે, તે ઉત્સેધાંગુલ વડે ચોવીસ આંગળ પ્રમાણ જાણવો. તે હાથ વડે ચાર હાથ પ્રમાણવાળો દંડ, ધનુષ, યુગ, નાલિકા, અક્ષ અને મુશલ એમ છ માપો થાય છે આ છયે અવમાન સંજ્ઞાવાળા જાણવા એમાં નાલિકા એટલે એક પ્રકારની લાકડી અને અક્ષ ધૂંસરી છે, બાકીના તો પ્રસિદ્ધ છે. દસ નાલિકા એટલે ચાલીસ હાથ પ્રમાણ એક રજ્જુ પ્રમાણ થાય છે આ રજ્જુમાન વિશેષરૂપ અવમાન સંજ્ઞા જાણવી.

પ્ર. :–જો દંડ વગેરે દરેક ચાર હાથ પ્રમાણ જ છે, વધારે ઓછા નહીં. તો પછી કોઇપણ દંડ વગેરે એકને લેવાથી કાર્ય થાય છે તો બીજા ભેદો શા માટે લીધા ?

ઉ. : સાચી વાત છે પરંતુ વાસ્તુભૂમિ વગેરે માપ યોગ્ય વસ્તુમાં લોક રૂઢીથી આ સમાન પ્રમાણવાળાઓમાં અલગ ભેદો વપરાય છે માટે બધા ભેદોને લીધા છે. લોકમાં વાસ્તુભૂમિ વગેરે હાથથી મપાય છે. ખેતી વગેરેના વિષયરૂપ ખેતર ચારહાથના વાંસરૂપ દંડવડે, રસ્તાના ગાઉ, યોજન વગેરે જાણવા માટે ધનુષ વડે, ખાડો, કૂવા વગેરે નાલિકાવડે જે ચાર હાથ પ્રમાણ લાકડીરૂપ છે તેનાથી મપાય છે. એમ યુગ વગેરે કોઇક દેશ વગેરેના રિવાજથી નિયત વસ્તુમાં જ વપરાય છે. કહ્યું છે કે:

ભૂમિપર હાથ, ખેતરમાં દંડ, માર્ગમાં ધનુષ, ખાતામાં નાલિકા વડે અવમાન પ્રમાણ જાણવું. (૯૦)

## પ્રકરણ–૨

## ક્ષેત્રપ્રમાણ

પાંચે પ્રકારના દ્રવ્યપ્રમાણ કહ્યા હવે ક્ષેત્રપ્રમાણ કહે છે.

**खेत्तपमाणं दुविहं विभाग ओगाहणाए निप्फन्नं।**
**एगपएसो गाढाई होइ ओगाहणमणेगं ॥९१॥**

ગાથાર્થ :– ક્ષેત્રપ્રમાણ, વિભાગ નિષ્પન્ન અને અવગાહના નિષ્પન્ન એમ બે પ્રકારે છે. એક પ્રદેશાવગાઢ વગેરે અનેક પ્રકારે અવગાહના નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ છે. (૯૧)

ટીકાર્થ :–ક્ષેત્ર એટલે આકાશ તેના વિષયક જે પ્રમાણ તે ક્ષેત્રવિષયક પ્રમાણ. તે ક્ષેત્રપ્રમાણ વિભાગ નિષ્પન્ન અને અવગાહના નિષ્પન્ન એમ બે પ્રકારે છે. તેમાં અવગાહના નિષ્પન્નનો અલ્પવિષય કહેવાનો હોવાથી, તે પહેલા કહે છે.

'अवगाहनम्' એમ એક દેશવડે સમુદાયનું સૂચન થતું હોવાથી અવગાહના નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ એમ સમજવું, તે અનેક પ્રકારે છે. એકજ આકાશપ્રદેશમાં જે પરમાણુ, દ્વયણુક, ત્ર્યણુક વગેરે અનંતાણુક સ્કંધ સુધીનો પુદ્ગલસમુહ અવગાહીને રહે તે એકપ્રદેશાવગાઢ. તે એકપ્રદેશાવગાઢ વગેરે જ જેમાં અવગાહન કરે તે એકપ્રદેશાવગાઢ વગેરે શબ્દથી દ્વિપ્રદેશાવગાઢ, ત્રિપ્રદેશાવગાઢથી લઈ અસંખ્યેય પ્રદેશાવગાઢ સુધીનો વિષય સમજવો. તેનો અર્થ આ પ્રમાણે સમજવો કે એકપ્રદેશાવગાઢ, દ્વિપ્રદેશાવગાઢ, ત્રિપ્રદેશાવગાઢ, ચતુષ્પ્રદેશાવગાઢ વગેરેથી અસંખ્યેય પ્રદેશાવગાઢ સુધીના દ્રવ્ય સમુહના ભેદોવડે અસંખ્યેય પ્રકારો હોવાથી અવગહના નિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ અનેક પ્રકારે થાય છે. આ જ બીજા ગ્રંથોમાં પ્રદેશનિષ્પન્ન ક્ષેત્રપ્રમાણ એમ કહ્યું છે, એકપ્રદેશાવગાઢ વગેરેમાં આ એક ક્ષેત્રપ્રદેશ વગેરે વડે નિષ્પન્ન થતું હોવાથી તથા એક વગેરે ક્ષેત્રપ્રદેશોમાં અવગાહવા વડે થતું હોવાથી અવગાહના નિષ્પન્ન એમ અહીં પણ, તત્વથી એકજ વાત છે એમાં કોઈ પણ જાતનો વિરોધ નથી. એકપ્રદેશાવગાઢ વગેરે એકપ્રદેશાવગાહીપણા રૂપ સ્વરૂપ વડે જણાતા હોવાથી તેની પ્રમાણતા છે. (૯૧)

હવે જેના વિવિધ કે વિશિષ્ટ ભાગો, ભાંગાઓ, વિકલ્પો પ્રકારો રહ્યા છે તે વિભાગ, તેના વડે થયેલ વગેરે પૂર્વમાં કહેલ વ્યુત્પત્તિ અર્થયુક્ત વિભાગ નિષ્પન્ન ક્ષેત્ર-પ્રમાણ કહે છે.

अंगुल विहत्थि रयणी कुच्छी धणु गाऊयं च सेढी य ।
पयरं लोगमलोगो खेत्तपमाणस्स पविभागा ॥ ९२ ॥

ગાથાર્થ : ટીકાર્થ : આંગળ વેંત, હાથ, કુક્ષી, ધનુષ, ગાઉ, શ્રેણી, પ્રતર, લોક અલોક આ સર્વે વિભાગ નિષ્પન્ન ક્ષેત્ર પ્રમાણના પ્રવિભાગો એટલે ભેદો થાય છે. (૯૨)

હવે સૂત્રકાર જાતે જ આ ભેદોનું વિસ્તારથી નિરૂપણ કરવાની ઇચ્છાથી અંગુલ-સ્વરૂપનો નિર્ણય કરે છે.

तिविहं च अंगुलं पुण ऊस्सेहंगुल पमाण आयं च ।
एक्केक्कं पुण तिविहं सूई पयरंगुल घणं च ॥९३॥

**ગાથાર્થ**-ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ, અને આત્માંગુલ એમ અંગુલ ત્રણ પ્રકારે છે. તથા દરેક અંગુલના પણ સૂચિઅંગુલ, પ્રતરાંગુલ ઘનાંગુલ એમ ત્રણ પ્રકાર છે. (૯૩)

**ટીકાર્થ** : अगिरगि વગેરે ધાતુઓ ગતિ અર્થમાં છે અને ગતિ અર્થવાળા ધાતુઓ જ્ઞાનાર્થમાં પણ વપરાય છે આથી **अंग्यन्ते-प्रमाणतो ज्ञायंते पदार्था अनेनेत्यंगुल** જે પ્રમાણથી પદાર્થો જણાય તે અંગુલ કહેવાય છે, તે પ્રસિદ્ધ છે. તે અંગુલ ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ અને આત્માંગુલ એમ ત્રણ પ્રકારે છે.

ઉત્સેધાંગુલ—એટલે અનંતા સૂક્ષ્મપરમાણુ રૂપ પુદ્ગલોના સમુદાયોનો સમાગમ થવાથી એક વ્યવહારિક પરમાણુ થાય છે વગેરે ક્રમપૂર્વક ઉચ્છ્રય એટલે આગમમાં તેમજ અહીં આગળ કહેવાતા સ્વરૂપપૂર્વક વૃદ્ધિ પામતા પુદ્ગલ સમુહ તે ઉત્સેધ, તેથી કહેલ સ્વરૂપવાળા ઉત્સેધથી ઉત્પન્ન થયેલ અંગુલ તે ઉત્સેધાંગુલ. અથવા નારક વગેરેના શરીરોની ઊંચાઈના પ્રમાણુ નિર્ણય કરવારૂપ જે વિષયવાળું અંગુલ તે ઉત્સેધાંગુલ.

અહીં આગળ કહેવાતા નિયમ મુજબ ઉત્સેધાંગુલના પ્રમાણથી ચારસોગણુ કે હજારગણા પ્રમાણથી ઉત્પન્ન થયેલ તે પ્રમાણાંગુલ, અથવા પ્રમાણપ્રાપ્ત અંગુલ તે પ્રમાણાંગુલ. એનાથી બીજું કોઇ મોટું અંગુલ નથી. માટે આજ પ્રમાણ પ્રાપ્ત અંગુલ છે. જો કે આજ અવસર્પિણી કાળમાં સમસ્ત લોક વ્યવહાર તેમજ રાજ્ય વગેરેની વ્યવહારના પ્રથમ પ્રણેતા રૂપે પ્રમાણભૂત યુગાદિદેવ શ્રી ઋષભદેવ અથવા ભરતચક્રવર્તિ જેવા પુરૂષનું અંગુલ તે પ્રમાણાંગુલ.

જે કાળમાં ભરત સગર વગેરે શાસ્ત્રોકત પ્રમાણવાળા મનુષ્યો હોય તેઓનો આત્મા (શરીર) લેવો. તે આત્માઓનું અંગુલ તે આત્માઅંગુલ આ ત્રણે પ્રકારના અંગુલોનો પણ દરેકના સૂચ્યંગુલ, પ્રતરાંગુલ, ઘનાંગુલ, એમ ત્રણ પ્રકારો છે.

તેમાં લંબાઇથી એક આંગળ પહોળી અને એક પ્રદેશ જાડી એક આકાશ પ્રદેશની શ્રેણી શૂચી અંગુલ કહેવાય છે. એ વાસ્તવિકપણે અસંખ્યેય પ્રદેશ સૂચીરૂપે હોવા છતાં

પણ અસત્ કલ્પનાએ સૂચીના આકારે ત્રણ પ્રદેશની કલ્પનાથી વિચારણા કરવી. તે આ પ્રમાણે ..., સૂચીને સૂચી વડે જ ગુણતાં પ્રતરાંગુલ થાય છે એ પણ ખરેખર અસંખ્યપ્રદેશ રૂપ જ છે પણ અસત્ કલ્પનાએ પૂર્વમાં કહેલ ત્રણ પ્રદેશવાળી સૂચીને તેજ ત્રણ પ્રદેશવાળી સૂચીએ ગુણવાથી દરેક ત્રણ પ્રદેશ નિષ્પન્ન ત્રણ સૂચી રૂપ નવ પ્રદેશ સ્થાપન કરીને વિચારવું તે આ પ્રમાણે ⁝ ⁝ ⁝,

પ્રત્તરને સૂચીવડે ગુણુતા લંબાઇ, પહોળાઈ અને જાડાઈની સમાન સંખ્યા રૂપ ઘનાંગુલ થાય છે. પ્રત્તરાંગુલ તો લંબાઇ, પહોળાઈ વડે સમાન સંખ્યાવાળા છે, પણ જાડાઈથી નથી. કેમકે જાડાઇથી એકપ્રદેશ રૂપ જ છે એ પ્રમાણે પ્રતરાંગુલથી ઘનાંગુલનો ભેદ વિચારવો. આ પણ વાસ્તવિક રીતે તો લંબાઇ, પહોળાઈ અને જાડાઈથી અસંખ્ય પ્રદેશરૂપ, પણ અસત્ કલ્પનાએ સત્તાવીશ પ્રદેશ પ્રમાણપૂર્વમાં કહેલ ત્રણ પ્રદેશરૂપ સૂચીનેપૂર્વમાં બતાવેલ નવ પ્રદેશરૂપ પ્રત્તર વડે ગુણુતા સત્તાવીશ પ્રદેશોનો સંભવ હોય છે એની સ્થાપના આગળ બતાવેલ નવપ્રદેશો રૂપ પ્રત્તરની ઉપર નીચે નવ નવ પ્રદેશો મૂકીને વિચારવી. ⁝ ⁝ ⁝ | ⁝ ⁝ ⁝ | ⁝ ⁝ ⁝ ,આ ઘનાંગુલ લંબાઇ પહોળાઈ અને જાડાઇ વડે તુલ્યતાએ થાય છે.(૯૩)

હવે ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ અને આત્માંગુલમાંથી ઉત્સેધાંગુલના પ્રમાણનું શું સ્વરૂપ છે ? એમ શંકા કરી તેના પ્રમાણની ઉત્પત્તિક્રમનું નિરૂપણ કરે છે.

**सत्थेण सुतिक्खेण वि छेत्तुं भेत्तुं च जं किर न सक्का ।**
**तं परमाणं सिद्धा वयंति आइं पमाणाणं ॥९४॥**

ગાથાર્થ :– **સારી રીતે તીક્ષ્ણ એવા શસ્ત્રવડે પણ જેને છેદી કે ભેદી ન શકાય તે પરમાણુ જ ઉત્સેધાંગુલની ઉત્પત્તિના પ્રમાણોનું પ્રથમ કારણ છે એમ જ્ઞાનસિદ્ધ કેવલીઓ કહે છે. (૯૪)**

**ટીકાર્થ**:–જે પરમાણુને અત્યંત તીક્ષ્ણ તલવાર વગેરે, તેમજ ભાલા વગેરે શસ્ત્રો વડે છેદવા માટે કે ભેદવા માટે શક્તિમાન ન થઈ શકાય, કેમકે અતિ સૂક્ષ્મ હોવાથી આવા પ્રકારના તે પરમાણુને કહેવાતા ઉત્સેધાંગુલની ઉત્પત્તિના કારણરૂપ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા વગેરે પ્રમાણોના પ્રથમ આરંભ કરનાર કારણરૂપે જ્ઞાનસિદ્ધ કેવલીઓ કહે છે, નહિ કે મુક્તિ-પ્રાપ્ત સિદ્ધો કારણકે તેમણે શરીર વગેરેનો અભાવ હોવાથી વચન હોતું નથી. **किल** શબ્દ વડે પરમાણુનું આ લક્ષણ જ કહેવાય છે, પરંતુ તેને કોઈપણ છેદવા કે ભેદવા માટે પ્રયત્ન કરતા નથી. તેઓમાં અતિ શ્લક્ષ્ણત્વ હોવાથી તે છેદનભેદનના વિષય રૂપ થતું નથી, અને પ્રયોજન ન હોવાથી એમ સૂચવે છે. વ્યવહારનયના મતે જ આ પરમાણુ રૂપે કહેવાય. છે, બાકી તો વાસ્તવિક રીતે અનંતા પરમાણુ રૂપ સ્કંધ જ છે. જ્યારે સૂક્ષ્મપરમાણુ તો ફક્ત

સૂક્ષ્મ પરિણામને પામેલ હોવાથી આંખ વડે જોવા રૂપ તેમ જ છેદવા, ભેદવા વગેરે ક્રિયાના વિષયરૂપ ન હોવાથી આ વ્યવહારનય પરમાણુ જ મનાય છે, એજ પરમાણુ રૂપે ગણાય છે. (૯૪)

પ્રશ્ન:- શું પરમાણુના પણ નિશ્ચય અને વ્યવહાર રૂપ ભેદ છે? કે જેથી આ પરમાણુને વ્યવહારનય માને છે એમ કહો છો?

ઉત્તર:- હા, છે જ, તે કહે છે.

**परमाणु सो दुविहो सुहुमो वह ववहारिओ चेव ।**
**सुहुमो य अप्पएसो ववहारनएणणंतओ खंधो ।।९५।।**

ગાથાર્થ-સૂક્ષ્મ તથા વ્યવહારિક એમ બે પ્રકારે તે પરમાણુ છે. સૂક્ષ્મ પરમાણુ અપ્રદેશી છે અને વ્યવહારનયવડે અનંતપ્રદેશવાળો સ્કંધરુપ વ્યવહારિક પરમાણુ છે (૯૫)

*ટીકાર્થ*:- આ છંદ ગીતિકા નામે છે, પણ ગાથા છંદ નથી. તે પરમાણુ સામાન્યથી સૂક્ષ્મ એટલે નૈશ્ચિયિક તથા વ્યવહારિક એમ બે પ્રકારે છે. તેમાં નિશ્ચય નય માન્ય સૂક્ષ્મ પરમાણું પોતાના સિવાય અન્યપ્રદેશોનો અભાવ હોવાથી નિરંશરૂપે અપ્રદેશ જ જાણવો. વાસ્તવિક રીતે આ પ્રકારનો જ પરમાણુ કહેવાય છે, પરમ એટલે શ્રેષ્ઠ કોટીનો અણુ એટલે સૂક્ષ્મ, પ્રકૃષ્ટ કોટીની સૂક્ષ્મતા જેને પ્રાપ્ત કરી તે પરમાણુ. આવા પ્રકારની વ્યુત્પત્તિ છે. કહ્યું છે કે—

'कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः ।
एकरसो वर्ण गन्धो द्विस्पर्शः कार्यलिंगश्च ।।१।।

ઉત્તરકાર્યરૂપ દ્વયણુક વગેરે સ્કંધોના અંત્યકારણરૂપ આ પરમાણુ જ છે. આ પરમાણુ બીજા કોઈપણ કારણનું કાર્ય નથી, કારણકે તેના પહેલા બીજા કોઈની પણ શરૂઆતનો અભાવ હોવાથી દ્વયણુક વગેરે તો પૂર્વોત્તર અપેક્ષાએ કાર્ય અને કારણરૂપે થાય છે. વળી તે પરમાણુ સૂક્ષ્મ, નિત્ય, એકરસ, એકવર્ણ, એકગંધ, અને બે સ્પર્શયુક્ત અને કાર્યના લિંગરૂપે છે.

વ્યવહારનયના મતે અનંતાઅણુથી બનેલ સ્કંધ જ, જે હજુ સૂક્ષ્મ પરિણામને જ પ્રાપ્ત થયેલ છે, તથા છેદનભેદન થઈ ન શકવાથી તે પણ પરમાણુ જ કહેવાય છે. કારણકે સૂક્ષ્મપણાના કારણે છેદનભેદનના અવિષયરૂપે તેની સમાનતા સૂક્ષ્મપરમાણુ સાથે હોવાથી.

પ્ર. :-ભલે એમ હો, છતાંપણ સૂક્ષ્મ પરમાણુને પ્રમાણોના આદિ કારણ રૂપે કેમ સ્વીકારતા નથી? સૂક્ષ્મ પરમાણુ પ્રમાણોના કારણ રૂપે વપરાતું નથી એમ નથી કારણકે વ્યવહારિક પરમાણુ પણ તે જ સૂક્ષ્મ અનંતા પરમાણુથી બનેલ છે.

ઉ. :–સાચું કહ્યું, પરંતુ અહીં પ્રમાણ વ્યવહાર રજુ કર્યો છે. વ્યવહારમાં અને લોકમાં સર્વત્ર અનંત અણુવાળા સ્કંધોનો જ મુખ્યત્વે ઉપયોગ થાય છે. સૂક્ષ્મ પરમાણુઓનો નહિ, એ બતાવવા માટે પ્રમાણોના આદિ રૂપે તેની વિવક્ષા કરી નથી. અને બીજા ગંભીર અભિપ્રાયો અને સૂત્રપ્રવૃત્તિઓ વગેરે કારણો સ્વયં પોતાની બુદ્ધિથી વિચારી લેવા. (૯૫)

જે વ્યવહારિક પરમાણુ વડે તે પછીના જે પ્રમાણો જેમ થાય છે તે પ્રમાણે બતાવે છે.

**परमाणु य अणंता सहिया उस्साहसण्हिया एक्का ।**
**साणंतगुणा संती ससण्हिया सोऽणु व्यवहारी ॥९६॥**

ગાથાર્થ :–અનંતા પરમાણુ ભેગા થવાથી એક ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે. તે ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા અનંતી મળવાથી શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે અને તેજ વ્યવહારિક પરમાણુ કહેવાય છે. (૯૬)

**ટીકાર્થ** :–વ્યવહારિક અનંતા પરમાણુઓ મળવાથી એક ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે. જે અત્યંત શ્લક્ષ્ણા હોય તે શ્લક્ષ્ણશ્લક્ષ્ણા તે જ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહેવાય છે. ઉત્તર પ્રમાણોની અપેક્ષાએ उत् એટલે પ્રબળતાએ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા તે ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહેવાય છે, તે અનંતાગુણી થયે છતે શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા થાય છે. આગમમાં અનેક સ્થાનોમાં આ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા પૂર્વની ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કરતાં આઠ ગણી કહી છે. ગ્રંથકાર વડે અનંતગુણ ક્યાંથી લખી છે તે કેવલીઓ જ જાણે, અમે છદ્મસ્થ હોવાથી જાણી શકતા નથી.

ગાથામાં सो છે તે લિંગ વ્યત્યય થવાથી અને च કારનો च જણાતો હોવાથી છે. અને તે જ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા વ્યવહારિક પરમાણુના ક્રમપૂર્વક જ ઉત્પન્ન થતી હોવાથી ઉપચારથી વ્યવહારિક પરમાણુ પણ કહેવાય છે. તેથી આટલા પ્રમાણ વાળી મુખ્યરૂપે શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહેવાય છે. અને ઉપચારથી વ્યવહારિક પરમાણુ પણ એને જ કહે છે એમ સિદ્ધ થયું. (૯૬)

હવે અહીં જેની બુદ્ધિ ખીલી નથી એવો શિષ્ય પ્રશ્ન કરે છે કે :

પ્રશ્ન :–વ્યવહારિક પરમાણુ અનંતાણુઓથી બનેલ હોવા છતાં પણ છેદન ભેદનના અવિષયરૂપ છે એમ કહ્યું. તો શું અનંતાણુ વડે બનેલા બધા સ્કંધો આવા પ્રકારના જ હોય છે કે કોઈક છેદન વગેરેના વિષયરૂપ પણ થાય છે?

ઉત્તર—खंधो अणंत पएसो अत्थेगइओ जयम्मि छिज्जेज्जा ।
भिज्जेज्ज व एवहओ नो छिज्जे नो य भिज्जेज्ज ॥९७॥

ગાથાર્થ : અનંત પ્રદેશોથી બનેલ સ્કંધોમાં કેટલાક સ્કંધો જગતમાં છેદાય છે અને ભેદાય પણ છે અને કેટલાક સ્કંધો છે જે ભેદાતા પણ નથી અને છેદાતાયે નથી. (૯૭)

ટીકાર્થ :—આ જગતમાં અનંતા પરમાણુ રૂપ પ્રદેશો વડે બનેલ સ્કંધોમાંથી કેટલાક સ્કંધો ભાલા વગેરેથી કાણાં પાડવા રૂપે ભેદાય પણ છે. અને ખડ્ગ વડે બે ભાગ કરવા રૂપ છેદાય પણ છે. કારણકે તેઓ બાદર ભાવને પામેલા હોવાથી અને કેટલાક સૂક્ષ્મ પરિણામ રૂપે રહેલા સ્કંધો છેદાતા નથી અને ભેદાતા પણ નથી. લાકડા, પત્થર, ઢેફા વગેરે બાદરભાવને પામેલા આંખ વડે દેખાતા સ્કંધો છેદન ભેદનના વિષયરૂપે થાય છે. સૂક્ષ્મ પરિણામને પામેલા તો અતિશયજ્ઞાનવડે જણાતા હોવાથી છેદનભેદનના વિષયરૂપે થતા નથી. 'खंधोअणंत पपसो अत्थेगइओ उ जो य छिज्जेज्जा । भिज्जेज्ज व' આવા પ્રકારનો કોઈક પાઠ છે પરંતુ આમાં કોઈ સૂત્ર સાથે અર્થ ભેદ નથી. (૯૭)

જે છેદન વગેરેના અવિષયરૂપ છે અને સૂક્ષ્મ પરિણામને પ્રાપ્ત થયેલ છે તે વ્યવહારિક પરમાણુ આગળ બતાવી ગયા છે. અને હમણાં જ બાદર પરિણામ રૂપ તથા છેદન વગેરેના વિષયરૂપ સ્કંધો કે જે શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા ની આગળ રહેલા તેમજ બાકી રહેલ ઉત્સેધાંગુલની નિષ્પત્તિમાં કારણ રૂપ પરિણામ વિશેષોને બતાવે છે.

परमाणू तसरेणू रहरेणू अग्गयं च वालस्स ।
लिक्खा जूया य जवो अट्ठगुण विवड्ढिया कमसो ॥९८॥

ગાથાર્થ :—પરમાણુ, ત્રસરેણુ, રથરેણુ, બાલનો અગ્રભાગ, લીખ, જુ, યવ આ દરેક એક-બીજાથી ક્રમશઃ આઠગણા મોટા છે. (૯૮)

ટીકાર્થ : અહીં પરમાણુ પછી ઉપલક્ષણ વ્યાખ્યાથી ઊર્ધ્વરેણુનો પાઠ જાણવો. કારણકે આગમમાં અનેક જગ્યાએ તે પ્રમાણે જોવામાં આવે છે તેમજ તે યુક્તિ સંગત પણ છે. તેથી પરમાણુ, ઉર્ધ્વરેણુ, ત્રસરેણુ, રથરેણુ વગેરેથી જવ પર્યન્ત સુધી પરિમાણ વિશેષો અનુક્રમે આઠ આઠ ગણા સમજવા તે આ પ્રમાણે પરમાણુથી ઉર્ધ્વરેણુ આઠગણુ થાય છે. અહીં પરમાણુ એટલે આગળની ગાથામાં કહેલ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા રૂપ છે તે ગ્રહણ કરવો પણ છેદન વગેરેના અવિષયરૂપ તથા પ્રમાણના પ્રથમ કારણરૂપ વ્યવહારિક પરમાણુ ન લેવો. કારણકે તે વચ્ચે અનંતગુણા પરમાણુ વડે જ બનેલ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા કહી છે તેમજ આઠ પરમાણુ બરાબર ઉર્ધ્વરેણુ કે જે બાદર પરિણામવાળું કહ્યું છે તે ઘટી ન શકે કારણકે વ્યવહારિક પરમાણુ

અતિ સૂક્ષ્મ છે અને તે ઉર્ધ્વરેણુ તો બારી વગેરેમાંથી સૂર્યના કિરણો વગેરેના બહાને પોતાનાથી અથવા બીજાથી ઉપર નીચે તિર્છી ફેલાવાના સ્વભાવવાળી જે ધૂળ તે ઉર્ધ્વરેણુ કહેવાય છે, માટે તે ઉર્ધ્વરેણુ વ્યવહારિક આઠ પરમાણુ વડે શી રીતે થાય? આથી સિદ્ધાંતથી-અવ્યભિચારી આઠ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા રૂપ ઉપચારથી વ્યવહારિક-પરમાણુ વડે એક ઉર્ધ્વરેણુ થાય છે એમ નક્કી થયું.

પૂર્વ વગેરે દિશાના વાયુ વડે પ્રેરિત જે ધૂળ ઊડે તે ત્રસરેણુ કહેવાય છે. ઉર્ધ્વરેણુ સ્વયંપણે ઊડે છે. જ્યારે ત્રસરેણુ પૂર્વ વગેરેના વાયુથી જ ઊડે છે. આથી તેનું અલ્પ પ્રમાણ છે. માટે આઠ ઉર્ધ્વરેણુ એ એક ત્રસરેણુ થાય છે. આ પ્રમાણે હોવાથી ગાથામાં ઉર્ધ્વરેણુનો અધ્યાહાર યુક્તિસંગત જ છે એમ માનવું.

ચાલતા રથના ચક્રથી ઊડતી જે ધુળ તે રથરેણુ, ત્રસરેણુ પૂર્વ વગેરે દિશાના વાયુ વાયે છતે ઊડે છે જ્યારે આ રથરેણુ વાયુ હોવા છતાં રથના ચક્ર વગેરેના ખનન વગર ઊડતી નથી. આથી ત્રસરેણુ અલ્પપ્રમાણુ છે. માટે આઠ ત્રસરેણુ વડે એક રથરેણુ થાય છે.

અહીં '**परमाणू रहरेणू तसरेणू**' એવા પ્રકારનો પાઠ ઘણી પ્રતોમાં દેખાય છે. પણ તે બરાબર નથી. કારણકે ઉપર કહેલા ન્યાય પ્રમાણે વિપરિતતા આવતી હોવાથી. રથરેણુને આશ્રયી ત્રસરેણુનું આઠગણાપણું ઘટતું નથી. જે કોઇ એમ કહે કે આ પાઠ તો સંગ્રહણી કારે **परमाणू. रहरेणू. तसरेणू.** વગેરે દ્વારા કહ્યો છે તેમાં પણ એક સરખોજ રસ્તો છે કે તે પાઠને આગમની સાથે વિચારતા વિરોધ આવે છે, તેમજ યુકિતથી અસંગત હોવાથી ઘટી શકતો નથી.

આઠ રથરેણુ વડે દેવકુરૂ ઉત્તરકુરૂના મનુષ્યનો એક વાલાગ્ર થાય છે. એ આઠ વાલાગ્ર વડે હરિવર્ષ, રમ્યક્ ક્ષેત્રના મનુષ્યનો એક વાલાગ્ર થાય, એ આઠ વાલાગ્ર વડે હૈમવત હૈરણ્યવંત ક્ષેત્રના મનુષ્યનો એક વાલાગ્ર થાય, એ આઠ વાલાગ્ર વડે પૂર્વપશ્ચિમવિદેહના મનુષ્યનો એક વાલાગ્ર થાય છે એવા આઠ વાલાગ્ર વડે ભરતઐરાવત ક્ષેત્રના મનુષ્યનો એક વાલાગ્ર થાય છે. વાળાગ્ર એટલે વાળનો અગ્રભાગ. આ પ્રમાણે વાલાગ્રોના ભેદો હોવા છતાં પણ વાલાગ્ર સામાન્ય જાતિની વિવક્ષાથી સામાન્ય રૂપે વાલાગ્ર એમ એકજ નિર્દેશ કર્યો છે. આઠ ભરતૈરાવત મનુષ્યના વાલાગ્રથી એક પ્રસિદ્ધ સ્વરૂપવાળી લીખ જાણવી. એ આઠ લીખથી એક યુકા (જૂ) થાય છે. આઠ યુકા વડે યવ શબ્દથી સૂચિત એક યવમધ્ય થાય છે. (૯૮)

તે યવમધ્ય પછી શું? તે કહે છે.

**अट्ठ य जवमज्झाणि अंगुलं छच्च अंगुला पाओ ।**
**पाया य दो विहत्थी दोवि य विहत्थी भवे हत्थो ॥९९॥**

ગાથાર્થ-આઠ યવમધ્યવડે એક અંગુલ, છ અંગુલનો એક પાદ, બે પાદની એક વેંત, બે વેંતનો એક હાથ થાય છે. (૯૯)

**ટીકાર્થ** : આઠ યવમધ્ય વડે એક અંગુલ થાય છે, આ એક અંગુલ એ જ ઉત્સેધાંગુલ કહેવાય છે. એ છ અંગુલ વડે એટલે છ આંગળના વિસ્તારવાળો એક પગ એટલે પગના તળિયાનો મધ્યભાગ થાય છે. પગનો એક ભાગ પગ જ કહેવાય છે. એવા બે પગ ભેગા કરીએ ત્યારે બાર આંગળ પ્રમાણની એક વેંત થાય છે. બે વેંત વડે એક હાથ થાય છે. મૂળ ગાથામાં 'अंगुल विहत्थी रयणी' વગેરે જે કહ્યું છે તેમાં રત્નિ શબ્દ વડે હાથનો પર્યાયવાચી શબ્દ જાણવો. બે હાથ પ્રમાણ એક કુક્ષીનું માપ જાણવું. કુક્ષી શબ્દ ગાથામાં ન કહેલ હોવા છતાં પણ અધ્યાહારથી જાણવો કેમકે અહીં (ગા. ૯૨) મૂળ ગાથામાં પહેલા કહેલ હોવાથી તેમજ આગમમાં કહેલ છે. (૯૯)

આથી આગળ શું છે? તે કહે છે.

**चउहत्थं पुण धणुयं दुन्नि सहस्साइं गाउयं तेसिं ।**
**चत्तारि गाउया पुण जोयणमेगं मुणेयव्वं ॥१००॥**

ગાથાર્થ : ચાર હાથનો એક ધનુષ્ય થાય છે. બે હજાર ધનુષનો એક ગાઉ થાય, ચાર ગાઉનો એક યોજન જાણવો. (૧૦૦)

**ટીકાર્થ** : ચાર હાથ કે બે કુક્ષી પ્રમાણ એક ધનુષ થાય છે બંનેમાં એક જ અર્થ હોવાથી સમાનતા છે. તે બે હજાર ધનુષનો એક ગાઉ થાય છે. ચાર ગાઉનો એક યોજન જાણવો. આ યોજનનો મૂળ ગાથામાં (ગા.૯૨) ઉપન્યાસ ન કર્યો હોવા છતાં પણ ગાઉના કહેલા વડે જણાતો હોવાથી, આગમમાં કહેલ હોવાથી, તેમજ ઉપયોગી હોવાથી કહ્યો છે. (૧૦૦)

ગાઉ પછી મૂળ ગાથા (ગા. ૯૨) માં જો કે શ્રેણી પ્રતર વગેરે ક્ષેત્ર પ્રમાણના વિભાગ રૂપે બતાવ્યા હોવા છતાં પણ આ ઉત્સેધાંગુલથી બનેલ પ્રમાણના વિચારમાં તેની વ્યાખ્યા નથી કરતા. કારણ કે હમણાં તે અપ્રસ્તુત છે તેની નારક વગેરેની અવગાહના માપવામાં જરૂર રહેતી નથી. અહીં ફક્ત નારક વગેરેની અવગાહનાના વિષયરૂપ ઉત્સેધાંગુલ પ્રમાણથી જ અહિં કહે છે. તેની અવગાહના માપવામાં યોજન સુધીના માપ જ વપરાય છે. આથી જરુરીઆતવાળા માપની જ વ્યાખ્યા કરી. શ્રેણી વગેરે તેમાં વપરાતા ન હોવાથી તેમજ અપ્રસ્તુત હોવાથી તેની વ્યાખ્યા કરતા નથી. આગળ ઉપર તેની પણ વ્યાખ્યા કરીશું.

આ પ્રમાણે ઉત્સેધાંગુલ અને તેનાથી બનેલ વેંત વગેરે ક્ષેત્રપ્રમાણ કહ્યું. હવે ક્રમપ્રાપ્ત પ્રમાણાંગુલ અને તેનાથી બનેલ વેંત વગેરે ક્ષેત્રપ્રમાણને કહે છે.

उस्सेहंगुलमेगं हवइ पमाणंगुल दुपंचसयं ।
ओसप्पिणीए पढमस्स अंगुलं चक्कवट्टिस्स ॥१०१॥

ગાથાર્થ : એક ઉત્સેધાંગુલ હજાર (બે પાંચસો) ગણું થાય ત્યારે એક પ્રમાણાંગુલ થાય છે. અને તે પ્રમાણાંગુલ આ અવસર્પિણીમાં પ્રથમ ચક્રવર્તિના અંગુલ સમાન જાણવું. (૧૦૧)

ટીકાર્થ : આગળ કહેલ સ્વરૂપવાળા એક ઉત્સેધાંગુલને (બે પાંચસો) ગણું એટલે હજારગણું કરવાથી પ્રમાણાંગુલ થાય છે ગાથામાં 'द्विपंचशत' પદ પરથી 'द्विपंचशतगुण' એમ સમજવું. કારણકે પદના એક દેશથી સમસ્ત પદ જાણી શકાય એવો ન્યાય છે. આનું તાત્પર્ય એમ થાય કે એક ઉત્સેધાંગુલ હજારગણુ હોય તો એક પ્રમાણાંગુલ થાય.

આ ઉત્સેધાંગુલથી હજારગણુ પ્રમાણાંગુલ આ અવસર્પિણીમાં પ્રથમ ચક્રવર્તિનું એક અંગુલના બરાબર હતું એમ જાણવું.

પ્ર. : જો આ પ્રમાણે ભરતચક્રીના અંગુલને પ્રમાણાંગુલ બરાબર કહ્યું છે તો એ પ્રમાણે ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ચારસોગણુ થાય છે. પણ હજારગણું થતું નથી તે પ્રમાણે... 'ભરતચક્રવર્તિ પોતાના (આત્માંગુલ) આંગળથી પોતે એકસોવીશ આંગળ ઊંચા હતા' એમ અનુયોગદ્વાર ચૂર્ણીમાં કહ્યું છે. જ્યારે ઉત્સેધાંગુલ વડે પાંચસો ધનુષ પ્રમાણ છે દરેક ધનુષ જો છન્નુ આંગળ પ્રમાણ હોય તો પાંચસો ધનુષના અડતાળીસ હજાર આંગળ થાય છે. એ પ્રમાણે એક પ્રમાણાંગુલમાં ઉત્સેધાંગુલ ચારસો જ થાય છે. કેમકે એકસો વીસ વડે પ્રમાણાંગુલોના ૪૮૦૦૦ સંખ્યાવાળા ઉત્સેધાંગુલની સંખ્યાને ભાગતા ચારસો જ જવાબ આવે છે. માટે જ ભરતચક્રી સંબંધી પ્રમાણાંગુલ ઉત્સેધાંગુલથી ચારસોગણુ છે, પણ હજારગણુ નથી એમ નિર્ણય થાય છે. તો પછી તમે હજારગણુ કેમ કહ્યું ?

ઉત્તર:—સાચી વાત છે. પરંતુ પ્રમાણાંગુલની અઢી આંગળની ઉત્સેધાંગુલ રૂપ પહોળાઇ છે. તેથી જ્યારે પોતાની પહોળાઈ વગર માત્ર લંબાઈ વિચારીએ તો ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ચારસો ગણુ થાય છે. અને અઢી આંગળરૂપ ઉત્સેધાંગુલ પહોળાઈ વડે ચારસોગણી પ્રમાણાંગુલની લંબાઇને ગુણીએ તો ઉત્સેધાંગુલ સાથે એક આંગળ પહોળી ચારસો ગણી લાંબી એક (પટ્ટી થાય) અને એટલાજ પ્રમાણવાળી બીજી પણ અને ત્રીજી તો લંબાઈથી ચારસો આંગળના પ્રમાણની પણ પહોળાઇથી અડધા આંગળની. તેથી એની લંબાઇમાંથી ૨૦૦ આંગળ ઓછા કરી પહોળાઇમાં જોડવા જેથી આ પ્રમાણે કરવાથી ૨૦૦ આંગળની લંબાઇ રૂપ ક્ષેત્રફળ મળશે.

તે પછી આ ત્રણેને એકબીજાની ઉપર ઉપર મૂકવાથી (સરવાળો કરવાથી) ઉત્સેધાંગુલથી હજારગણી લાંબી એક આંગળ પહોળી પ્રમાણાંગુલની સૂચી સિદ્ધ થશે. તેથી આ સૂચીને આશ્રયી ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ હજારગણું કહ્યું છે. બાકી વાસ્તવિકપણે તો ચારસો ગણું જ છે. આથી પૃથ્વી, પર્વત, દ્વિપ, સમુદ્ર, વિમાન વગેરેના માપો ચારસોગણા લાંબા અને અઢી આંગળ પહોળા એ પ્રમાણાંગુલ વડે જ મપાય છે. નહીં કે હજારગણા લાંબા અને એક આંગળ સૂચીશ્રેણીરૂપ પ્રમાણાંગુલ વડે આ વાત અમે બીજા શાસ્ત્રોને જોવાથી તેમજ વૃદ્ધ પરંપરા વડે જાણી છે. બાકી તત્ત્વ તો કેવળજ્ઞાનીઓ જાણે. (૧૦૧)

આ છ પ્રમાણાંગુલથી ભરતચક્રવર્તીનો મધ્યતલરૂપ (પગ) પાદ થાય છે તે બે પાદે તેમની એકવેંત થાય, તે બે વેંતે એક હાથ થાય છે, તે ચાર હાથેથી એક ધનુષ થાય છે, તે બે હજાર ધનુષનો એક ગાઉ થાય છે, ચાર ગાઉનો એક યોજન થાય છે એ પ્રમાણે પૂર્વમાં કહેલ સર્વ વસ્તુઓ અહિં પણ જાણવી. જો એ પ્રમાણે હોય તો યોજન સુધીના ક્ષેત્રપ્રમાણની વ્યાખ્યા થઈ.

જે શ્રેણી પ્રત્તર વગેરે બીજા પણ મૂળગાથામાં ભેદો કહ્યા છે તેની હજુ સુધી વ્યાખ્યા થઈ નથી માટે તેની વ્યાખ્યા કરે છે.

**तेणंगुलेण जं जोयणं तु एत्तो उ असंखगुणयारो ।**
**सेढी पयरं लोगो लोगो णंता अलोगो य ॥१०२॥**

ગાથાર્થ : તે પ્રમાણાંગુલ વડે જે યોજન છે તેનાથી અસંખ્યગુણો કરીએ ત્યારે શ્રેણી થાય છે. તેને અસંખ્યગુણા કરવાથી પ્રત્તર, તેને અસંખ્યગુણા કરવાથી લોક અને લોકને અનંતગુણો કરવાથી અલોક થાય છે. (૧૦૨)

**ટીકાર્થ :** પૂર્વોક્ત પ્રમાણાંગુલને ઉત્સેધાંગુલમાં કહ્યા પ્રમાણે વૃદ્ધિ કરવાથી એક પ્રમાણ યોજન થાય છે. તે યોજનથી લઈ ઉત્તર ઉત્તરમાં અસંખ્યાત રાશિવડે ગુણતા અનુયોગદ્વારમાં કહેલ ક્રમ પ્રમાણે એકત્રીત કરી ઘનરૂપ બનાવેલ સમચોરસ લોકની એક પ્રદેશવાળી શ્રેણી થાય છે. તે શ્રેણીને અસંખ્યાત ગણી કરવાથી યથોક્ત સ્વરૂપવાળા લોકના એક આકાશ પ્રદેશ માત્ર જાડાઈવાળો અસંખ્યાત યોજન લાંબો-પહોળો આકાશ પ્રદેશનો પ્રત્તર થાય છે. તે આકાશપ્રત્તરને પણ અસંખ્યાતગણો કરવાથી યથોક્ત સ્વરૂપવાળો લોક થાય છે. તે લોકને અનંતગુણો કરવાથી અલોક થાય છે. કારણકે અસંખ્યાત વડે તે અલોકનો પાર આવતો નથી. (૧૦૨)

આ પ્રમાણે પ્રમાણાંગુલ કહ્યું. તેના પ્રસંગે પહેલા ન કહેલ શ્રેણી વગેરેની પણ વ્યાખ્યા કરી. હવે આત્માંગુલ કે જેને પહેલા ઉપન્યાસ કર્યો છે તેની વ્યાખ્યા કરે છે.

जे जम्मि जुगे पुरिसा अट्ठसयंगुल समूसिया हुंति ।
तेसि सयमंगुलं जं तयं तु आयंगुलं होइ ॥१०३॥

ગાથાર્થ : જે પુરુષ જે યુગમાં પોતાના આંગળ વડે કરી એકસોઆઠ આંગળ ઊંચો હોય, તે પુરૂષનું પોતાનું અંગુલ તે તેનું આત્માંગુલ કહેવાય. (૧૦૩)

ટીકાર્થ : જે ચક્રવર્તિ વાસુદેવ વગેરે પુરૂષો સુષમ દુષમ વગેરે જે કાલમાં પોતાના આંગળો વડે એકસો આઠ આંગળ ઊંચા હોય છે. તે એકસોઆઠ આંગળ ઊંચા પુરૂષોનું પોતાનું આંગળ તે આત્માંગુલ થાય છે.

એનો ભાવાર્થ આ પ્રમાણે છે :– અહીં જે એકસો આઠ આંગળનું ઉચ્ચપણું છે. તે લક્ષણશાસ્ત્રમાં કહેલ પ્રમાણ વગેરે લક્ષણ યુક્તત્વના ઉપલક્ષણથી છે. પ્રમાણાદિ લક્ષણયુક્ત પુરૂષો જ મોટે ભાગે એકસોઆઠ આંગળ ઉંચા હોય છે તેથી તેઓને અહીં ઉપન્યાસ કર્યો છીએ, બાકી તો એકસોઆઠ આંગળના માપથી વધતા ઓછા ઊંચા જે પુરૂષો જે યુગમાં શાસ્ત્રોક્ત પ્રમાણ વગેરે લક્ષણો યુક્ત હોય તે પુરૂષોનું જે જે પોતાનું આંગળ તે જ આત્માંગુલ જાણવું. (૧૦૩)

પ્રશ્ન :–ઉત્સેધાંગુલ વગેરે ત્રણ પ્રકારના અંગુલો વર્ણવ્યા. પરંતુ ક્ષેત્રપ્રમાણના ભેદોમાં કહેવાથી એ ક્ષેત્રપ્રમાણ રૂપ તમને માન્ય છે તો આ અંગુલો વડે કયું ક્ષેત્ર માપી શકાય ? કે જેથી એની ક્ષેત્રપ્રમાણતા થાય છે.

ઉત્તર :–ત્રણે પ્રકારના અંગુલોનું દરેકનું પ્રમેયક્ષેત્ર છે તે બતાવવા ગ્રંથકાર પોતે જ ગાથા કહે છે.

देहस्स उसएण उ गिहसयणाई य आयमाणेणं ।
दीवुदहि भवणवासा खेत्तपमाणं पमाणेणं ॥१०४॥

ગાથાર્થ :-શરીરનું માપ ઉત્સેધાંગુલથી અને ઘર પથારી, વગેરેનું માપ આત્માંગુલ વડે કરવું, દ્વિપ, સમુદ્રો, ભવનો, આવાસો વગેરેનું પ્રમાણ પ્રમાણાંગુલ વડે જાણવું. (૧૦૪)

ટીકાર્થ :–નારક વગેરેના શરીરની ઉંચાઇ ઉત્સેધાંગુલ પ્રમાણ વડે જણાય છે નરક, તિર્યંચ, મનુષ્યો, દેવો બધાના શરીરની જે શાસ્ત્રમાં,

सत्त धणु तिन्नि रयणी छच्चेव य अंगुलाइं रयणाए ।
मुणसु पमाणं भवधारणीय देहस्स निरयाणं ॥

સાત ધનુષ, ત્રણ હાથ, અને છ આંગળ રત્નપ્રભામાં નારકોના ભવધારણીય શરીરનું

પ્રમાણુ જાણવું. વગેરે બીજા શાસ્ત્રોમાં જે પ્રમાણ કહ્યું છે તે પણ ઉત્સેધાંગુલ નિષ્પન્ન જ, વહેંત, હાથ વગેરેના પ્રમાણ પૂર્વક જ જાણવું. બીજી રીતે નહીં. ઘર, શયન વગેરેનું પ્રમાણુ આત્માંગુલ વડે જાણવું. જે કાળે જે ચક્રવર્તી, વાસુદેવ વગેરે પૃથ્વીમંડલને ભોગવનારા હોય છે તેઓના શયન, આસન, ઘર, નગર વગેરે વાસ્તુઓના માપ આત્માંગુલથી નિષ્પન્ન વહેંત, હાથ વગેરે વડે મપાય છે બીજા વડે નહિં. દ્વિપ, સમુદ્ર, ભવનો, વર્ષધર વગેરે ક્ષેત્રોનું જે પ્રમાણુ છે તે પ્રમાણાંગુલ વડે નિષ્પન્ન યોજન સુધીના માપો વડે મપાય છે બીજા વડેનહીં. અહિં વાસામાં સકાર જે દીર્ઘ છે તે અલાક્ષણિક જાણવો. દ્વીપ અને સમુદ્ર પ્રસિદ્ધ છે, ભવન એટલે અસુરકુમાર વગેરે દેવોના આવાસો, વર્ષો એટલે ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ વગેરે ક્ષેત્ર, આના વડે હિમવંત વગેરે વર્ષધર, પર્વતો, વિમાનો, નરકાવાસો, પૃથ્વીના આંતરાઓ, પાતાલકળશો, સરોવરો, નદી વગેરે આ સર્વ પ્રમાણાંગુલ વડે બનેલ માપોથી જ મપાય છે.

પ્રશ્ન :–જો ઉત્સેધાંગુલ વગેરે વડે નારક વગેરેના શરીર વગેરે પ્રમેય રૂપે જે કહ્યા છે તે તો દ્રવ્ય જ છે. તેથી તેનાથી તો દ્રવ્યપ્રમાણુ જ પ્રાપ્ત થાય છે. તો પછી એને ક્ષેત્રપ્રમાણુમાં કેમ કહ્યા ?

ઉત્તરઃ–આ જે વાત છે તે તમો અમારો અભિપ્રાય ન જાણતાં હોવાથી કહી છે. નરક વગેરેના શરીર વગેરેના દ્રવ્ય દ્વારા જે ક્ષેત્રને અવગાહીને રહ્યા હોય તે જ ક્ષેત્ર અહિં પ્રમેયરૂપે કહ્યું છે એમ જાણવું. કે જેથી તેમની ક્ષેત્રપ્રમાણુતા સાથે વિરોધ ન રહે, અહિં જે ક્ષેત્ર પ્રમેયરૂપે સાક્ષાત નથી કહ્યું. કારણકે તે ક્ષેત્ર મુખ્યરૂપે અમૂર્ત છે તેથી તેનું પ્રમાણુ થઇ શકે નહીં. એમ વિચારવું. (૧૦૪)

આ પ્રમાણે સ્વવિષય ત્રણે અંગુલોનું વર્ણન કર્યું. અને તેની વ્યાખ્યા કરતા કરતા **अंगुलविहत्थी रयणी** ગાથા રૂપ મૂળગાથામાં કહેલ અલોક સુધીના ક્ષેત્રપ્રમાણુના વિભાગોની પણ વ્યાખ્યા કરી તેઓની વ્યાખ્યા કરવાથી મૂળ ગાથાનું સંપૂર્ણ વિવરણુ થયું. અને તેનું વિવરણુ થવાથી ક્ષેત્રપ્રમાણરુપ પ્રમાણદ્વારના બીજાદ્વારની વ્યાખ્યા થઈ. હવે કાળપ્રમાણુ રૂપ ત્રીજા ભેદની વ્યાખ્યા કરે છે.

## પ્રકરણ-૩

### કાળ પ્રમાણ

**कालेत्ति य एगविहो कालविभागो य होइ णेगविहो ।**
**समयावलियाइओ अणंत कालोत्ति णायव्वो ॥१०५॥**

ગાથાર્થ : 'કાલ' એ પ્રમાણે તે એક પ્રકારે છે. અને કાળ વિભાગે કરી અનેક પ્રકારે છે. તથા સમય આવલિકા વગેરેથી અનંતકાળ જાણવો. (૧૦૫)

**ટીકાર્થ** : જિનેશ્વરના શાસનમાં દરેક વસ્તુઓ સામાન્ય વિશેષાત્મક છે. તેમાં સામાન્ય રૂપ વિવક્ષાથી દરેક વસ્તુ એક રૂપ જ છે, જેમ વન. અને વિશેષરૂપ વિવક્ષાવડે દરેક વસ્તુ અનેક રુપે છે, જેમ વન, ધવ ખેર, પલાશ, શાલ, તાલ, તમાલ વગેરે અનેક પ્રકારના પોતાનામાં રહેલા ઝાડોના ભેદો વડે અનેક પ્રકારે છે. એ પ્રમાણે અલગ અલગ સમય આવલિકા વગેરે રુપે પોતાનામાં રહેલ અનેક ભેદોના સમુદાયરુપ, જેનો શબ્દાર્થ પહેલા કહી ગયા છે તે કાળ પણ 'કાળ' એમ સામાન્ય વિવક્ષાથી એક પ્રકારે છે. જ્યારે તે કાળની પણ વિભાગરુપભેદોની વિવક્ષા કરીએ ત્યારે તે અનેક પ્રકારે થાય છે. તે અનેક પ્રકાર શી રીતે થાય છે તે કહે છે. સમય અને આવલિકા છે જેની શરૂઆતમાં તે પ્રાણ, સ્તોક, લવ વગેરે કે જેનું સ્વરૂપ તરત કહેવાશે.

પ્ર. : આ કાળ છે, તે સાન્ત છે કે અનંત છે?

ઉ. : આ કાળ સામાન્ય રૂપ વિવક્ષાથી અનંત છે. એટલે અંત વગર અને ઉપલક્ષણથી અનાદિ છે. એ કાળ ભૂતકાળમાં ન હતો એમ નથી, વર્તમાનકાળમાં નથી એમ નથી, ભવિષ્યમાં ન હશે એવું પણ નથી. (૧૦૫)

હવે કાળનું અનેક પ્રકારપણું બતાવે છે.

**कालो परमनिरुध्धो अविभागी तं तु जाण समओत्ति ।**
**तेऽसंखा आवलिया ता संखेज्जा य ऊसासो ॥१०६॥**

ગાથાર્થ :-કાળનો અત્યંત સૂક્ષ્મ અને વિભાગ રહિત ભાગને તું સમય તરીકે જાણ. તે અસંખ્યાતા સમયોથી એક આવલિકા થાય છે, અને સંખ્યાતિ આવલીકા વડે એક શ્વાસોશ્વાસ થાય છે. (૧૦૬)

**ટીકાર્થ** :-પોતાના ઉત્પન્ન થવા વડે જે સારી રીતે આવલિકા વગેરે સર્વ પ્રકારના કાળ વિશેષોને પ્રાપ્ત થાય છે કે વ્યાપે છે તે સમય અથવા સારી રીતે પદાર્થોને સ્થિતિ વિશિષ્ટપણે જેના વડે જાણી શકે તે સમય. તે સમયને હે શિષ્ય તું જાણ એ પ્રમાણે શિષ્યને સંબોધન કર્યું છે.

તે સમયરૂપ કાળ પરમ એટલે અત્યંત સંક્ષિપ્ત એટલે સૂક્ષ્મ રૂપે છે. અથવા સર્વ અલ્પરૂપે છે. જેનાથી બીજી કોઈ અલ્પકાલની માત્રા નથી. પરંતુ તે સમય જ સર્વાલ્પકાળમાત્રા છે. આથી જ તે વિભાગરહિત છે. કારણકે અત્યંત સૂક્ષ્મ હોવાથી કેવલીઓની બુદ્ધિ વડે પણ છેદતા છેદાતા (કાળનો) ભેદ, અંશ, વિભાગ થતો નથી. તેથી તે અવિભાગી છે. જો તેનો પણ વિભાગ થાય તો તે સમયનું પરમ નિરૂદ્ધપણુ ન રહે. માટે સર્વ સૂક્ષ્મ અંશરહિત કાલ વિશેષ તે સમય એમ નક્કી થયું.

આ સમયો અત્યંત કોમળ બે કમળના પાંદડાઓને એકબીજા પર ગોઠવી તીક્ષ્ણ સોય વડે ભેદતા એક પાંદડેથી બીજે પાંદડે જતા અસંખ્યાતા સમયો વીતે છે. સાડીના ફાડવા વગેરે દ્રષ્ટાંતો આદિ અહીં ઘણું વક્તવ્ય છે તે અનુયોગ દ્વારથી જાણવું.

તે અસંખ્યાતા સમયોથી એક આવલિકા થાય છે. અસંખ્યાતાના અસંખ્યાતા ભેદો થાય છે, તે અહીં જ કહેશે તેમાં જેટલા પ્રમાણવાળા અસંખ્યાતા વડે આવલિકામાં અસંખ્યાતા સમયો થાય છે, તે અહીં પણ આગળ અમે કહીશું. તે સંખ્યાતિ આવલિકા વડે એક ઉચ્છવાસ એટલે ઊંચો શ્વાસ થાય છે, ઉપલક્ષણથી નીચો શ્વાસ પણ સંખ્યાતી આવાલિકાથી જ થાય છે એમ જાણવું, ઉચ્છવાસથી ઉપલક્ષિત નિઃશ્વાસ ઉચ્છવાસ નિઃશ્વાસ એ બંનેમાં પણ સંખ્યાતી આવાલિકાઓ હોય છે, એમ માનવું (૧૦૬)

આ શ્વાસોશ્વાસ અવિશેષરૂપ જેવો તેવો ન લેવો પરંતુ વિશિષ્ટ જ લેવો. અને તે શ્વાસોશ્વાસને પ્રાણ કહેવાય છે. તે પ્રાણ બતાવી રહ્યા છે.

## हट्ठऽणगल्लुस्सासो एसो पाणुत्ति सन्निओ एको ।
## पाणू य सत्त थोवो थोवा सत्तेव लवमाहु ॥१०७॥

**ગાથાર્થ : આનંદીત, નિરોગી યુવાન સંબંધી જે શ્વાસોશ્વાસ તે એક પ્રાણ કહેવાય છે. સાત પ્રાણનો એક સ્તોક થાય છે. અને સાત સ્તોકનો એક લવ કહેવાય છે (૧૦૭)**

**ટીકાર્થ** :–આનંદિત, ઘડપણથી અપીડિત એટલે યુવાન અને ભૂતકાળ કે વર્તમાન કાળમાં રોગથી ન ઘેરાએલો એવા પુરૂષ સંબંધી જે શ્વાસોશ્વાસ તે એક પ્રાણ કહેવાય છે. ગાથામાં કહેલ **उस्सास** પદ પરથી પદના એક દેશ વડે સંપૂર્ણ પદ જણાય છે એ ન્યાયે શ્વાસનિઃશ્વાસ એમ સંપૂર્ણ પદ જાણવું. પણ સંજ્ઞા વડે સર્વજ્ઞ એમ વ્યવહાર કર્યો છે કેટલાકો **पाणू**માંનો **उ** અલાક્ષણીક છે એમ કહે છે માટે પ્રાણ એમ કહેવું. રોગ ઘડપણ વગેરેથી અસ્વસ્થ પુરૂષના શ્વાસોશ્વાસ ઝડપી ધીમા વગેરે રૂપ અસ્વાભાવિક ગતિવાળા હોવાથી હ્રષ્ટ વગેરે વિશેષણો ગ્રહણ કર્યા છે એમ વિચારવું.

આ સાત પ્રાણો ભેગા થવાથી સ્તોક કહેવાય છે. સાત સ્તોક મળવાથી તીર્થંકરો ગણધરો તેને લવ કહે છે. (૧૦૭)

अट्ठतीसं तु लवा अद्धलवो चेव नालिया होइ ।
दो नालिया मुहुत्तो तीस मुहुत्ता अहोरत्ता ॥१०८॥

ગાથાર્થ: ટીકાર્થ: સાડી આડત્રીસ લવની એક નાડિકા, એટલે ૨૪ મિનિટની એક ઘડી થાય છે બે નાડીકાનું એક મુહુર્ત અને ત્રીસ મુહુર્તનો એક અહોરાત્ર થાય છે. (૧૦૮)

હવે એક મુહુર્તમાં જે શ્વાસોશ્વાસ થાય છે તેની સંખ્યા કહે છે.

तिन्नि सहस्सा सत्त य सयाणि तेसतरी य उस्सासा ।
ऐक्केक्कस्सेवइया हुंति मुहुत्तस्स उस्सासा ॥१०९॥

ગાથાર્થ : ત્રણહજાર સાતસો તોતેર (૩૭૭૩) શ્વાસોશ્વાસ એક મુહુર્તમાં થાય છે.(૧૦૯)

ટીકાર્થ : પૂર્વમાં કહેલ સ્તોક લવ વગેરેના ક્રમપૂર્વક ત્રણહજાર સાતસો તોંતેર ઉશ્વાસ ઉપલક્ષણથી ઉશ્વાસનિઃશ્વાસો બે ઘડીરૂપ એકમુહુર્તમાં થાય છે. તે આ પ્રમાણે સાત શ્વાસોશ્વાસનો એક સ્તોક કહ્યો છે એવા સ્તોકો એક લવમાં સાત થાય છે માટે સાતને સાતે ગુણતા એક લવમાં (૪૯) ઓગણપચાસ શ્વાસોશ્વાસ થાય છે. એક મુહુર્તમાં સત્યોતેર (૭૭) લવો થાય છે આથી ૭૭ ને (૪૯) ઓગણપચાસે ગુણતા ઉપર પ્રમાણેની ૩૭૭૩ સંખ્યા થાય છે (૧૦૯)

અહોરાત્ર પછીના જે કાલવિશેષો છે તે બતાવે છે.

पन्नरस अहोरत्ता पक्खो पक्खाय दो भवे मासो ।
दो मासा उउसन्ना तिन्नि य रियवो अयणमेगं ॥११०॥
दो अयणाइं वरिसं तं दसगुणवड्ढियं भवे कमसो ।
दसय सयं त्र सहस्सं दस य सहस्सा सयसहस्सं ॥१११॥
वाससयसहस्सं पुण चुलसीइगुणं हव्वेज्ज पुव्वंगं ।
पुव्वंगं सयसहस्सं चुलसीईगुणं भवे पुव्वं ॥११२॥

ગાથાર્થ: પંદર અહોરાત્રીનો એક પક્ષ થાય છે, બે પખવાડીયાનો એક માસ થાય, બે માસનાં એક ઋતુ થાય છે, ત્રણ ઋતુનો એક અયન થાય, બે અયનોનું એક વર્ષ થાય છે. તે વર્ષની પછી દશદશ ગુણા કરવાથી દશ, સો, હજાર. દશહજાર. લાખ. એ લાખને ચોર્યાસી (૮૪) ગુણા કરવાથી એક પૂર્વાંગ થાય છે. પૂર્વાંગને ચોર્યાસી લાખે (૮૪ લાખ) ગુણવાથી એક પૂર્વ છે. (૧૧૦ ૧૧૧ ૧૧૨)

ટીકાર્થ:-પંદર અહોરાત્રીનો એક પક્ષ એટલે પખવાડીયુ થાય છે. બે પખવાડીયાનો એક મહિનો થાય છે. બે માસની એક ઋતુ સંજ્ઞા છે. ત્રણ ઋતુઓ એટલે છ મહિનાનો અયન થાય છે. બે અયનનું એક વર્ષ થાય છે. તે વર્ષને દશની સંખ્યાવડે અનુક્રમે ગુણવાથી જે સંખ્યા વધે છે. તે કહે છે. દશ એને દશે ગુણવાથી સો, તેને દશે ગુણવાથી હજાર, તેને દસે ગુણવાથી દશહજાર, તેને દસે ગુણવાથી લાખ થાય છે. એ લાખ વર્ષોને ચોર્યાશી (૮૪) વડે ગુણવાથી ૮૪ લાખ (૮૪૦૦૦૦૦) વર્ષ પ્રમાણ એક પૂર્વાંગ થાય છે. આ પૂર્વાંગોનો લાખ કરી તેને ચોર્યાશી (૮૪) વડે ગુણવાથી એક પૂર્વ વર્ષ થાય છે. એટલે પૂર્વાંગને લાખવડે ગુણી તેની જે સંખ્યા આવે તેને ૮૪ વડે ગુણવાથી એક પૂર્વ થાય છે. બીજા ગ્રંથોમાં પૂર્વાંગને પૂર્વાંગ વડે ગુણવાથી એટલે ૮૪૦૦૦૦૦ (ચોર્યાસી લાખ) ને ચોર્યાશી લાખ વડે ગુણવાથી એક પૂર્વ થાય છે. આ બધી રીતોમાં તાત્પર્યાર્થ એકજ છે. એમાં કોઈ જાતનો વિરોધ નથી. પૂર્વનો જે આંકડો થાય છે તે પાછળની ગાથામાં બતાવશે.

(૧૧૦-૧૧૧-૧૧૨)

આગળ ગાથામાં કહેલ પૂર્વની વિધિ કર્યા પછી એક પૂર્વમાં કેટલા વર્ષો થાયછે તે કહે છે

**पुव्वस्स उ परिमाणं सयरिं खलु होंति कोडि लक्खाओ ।**
**छप्पन्नं च सहस्सा बोधव्वा वास कोडीणं ॥११३॥**

ગાથાર્થ:-પૂર્વનું પરિમાણ સીત્તેરક્રોડ લાખ છપ્પન્ન હજાર ક્રોડ વર્ષો છે (૭૦૫૬૦૦૦૦ ૦૦૦૦૦) સંખ્યા પ્રમાણ વર્ષો એક પૂર્વમાં હોય છે.

ટીકાર્થ:- પૂર્વમાં ૭૦,૫૬૦૦૦,૦૦૦૦,૦૦ પ્રમાણ વર્ષો હોય છે. તેને ચોર્યાશી લાખે ગુણવાથી એક નયુતાંગ થાય છે. એને પણ ૮૪ લાખે ગુણવાથી નયુત થાય છે. એને ૮૪ લાખે ગુણવાથી નલિનાંગ થાય છે. એને પણ ૮૪ લાખે ગુણવાથી નલિન થાય છે. એ પ્રમાણે દરેક સંખ્યાને પૂર્વ પૂર્વ સંખ્યાને ૮૪ લાખ વડે ગુણવાથી ઉત્તરોત્તરની સંખ્યા પ્રાપ્ત થાય છે, તે આગળ આગળની વધતી જે સંખ્યા છે તેઓના નામ અનુક્રમે આ પ્રમાણે જાણવા. મહાનલિનાંગ, મહાનલિન, પદ્માંગ, પદ્મ, કમલાંગ, કમલ કુમુદાંગ, કુમુદ, ત્રુટિતાંગ, ત્રુટિત, અટટાંગ, અટ્ટ, અવવાંગ, અવવ, હુહુકાંગ, હુહુક, અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, શીર્ષપ્રહેલિકાંગ, આ બધી સંખ્યાઓ ૮૪ લાખે અનુક્રમે ગુણવાથી આવે છે. શીર્ષ પ્રહેલિકાંગને પણ ૮૪ લાખે ગુણવાથી શીર્ષપ્રહેલિકા થાય છે. આ શીર્ષપ્રહેલીકાનો આંકડાથી બતાવે છે તે આંકડા ૧૯૪ રૂપે થાય છે. તે આ પ્રમાણે ૭૫૮૨, ૬૩૨૫, ૩૦૭, ૩૦૧૦, ૨૪૧૧, ૫૭૯૭, ૩૫૬૯, ૯૭૫૬, ૯૬૪૦, ૬૨૧૮, ૯૬૬૮, ૪૮૦૮, ૦૧૮૩, ૨૯૬, આ સંખ્યાની આગળ ૧૪૦ મીંડા મૂકવાથી શીર્ષ-પ્રહેલીકા નામની છેલ્લી સંખ્યા છે, સૂત્રકાર પણ કહે છે.

पुव्वंगं पुव्वंपि य नउयंग चेव होइ नउयं च ।
नलिणंगं नलिणंपि य महानलिणंगं महानलिणं ॥११४॥
पऊमं कमलं कुमुयं तुडियमडडमवव्व हूहुयं चेव ।
अउयंगं अउय पउय तह सीसपहेलिया चवे ॥११५॥

ગાથાર્થ : પૂર્વાંગ, પૂર્વ, નયુતાંગ, નયુત, નલિનાંગ, નલિન, મહાનલિનાંગ, મહાનલિન, પદ્મ કમલ, કુમુદ, ત્રુટિત, અટટ, અવવ, હૂહુક અયુતાંગ, અયુત્ત, પ્રયુત્ત તથા શીર્ષપ્રહેલિકા (૧૧૪-૧૧૫)

ટીકાર્થ : અહીં પ્રથમ ગાથામાં પૂર્વાંગ વગેરે આઠ નામો ઉલ્લેખપૂર્વક કહ્યા છે. બીજી ગાથામાં અગ્યાર નામો ઉલ્લેખપૂર્વક કહ્યા છે. પરંતુ પદ્મીંગ, કમલાંગ, કુમુદાંગ, ત્રુટિતાંગ, અટટાંગ, અવવાંગ, હૂહુકાંગ, પ્રયુતાંગ, શીર્ષપ્રહેલિકાંગ નામો નથી કહ્યા તે નવ નામો ઉપલક્ષણથી સ્વયં જાણી લેવા. આ બધા મળીને અઠ્ઠાવીસ થાય છે, આ અઠ્ઠાવીસ નામો વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ વગેરેમાં કહેલ અપેક્ષાએ કંઇક ક્રમભેદ, કોઇક વખત બિલકુલ અલગ નામ દેખાય તો એમાં મુંઝાવું નહીં. સંકેતાનુસારે નામ ભેદ હોવા છતાં પણ અભિધેય તત્ત્વમાં તો અભેદ છે. આથી જ પ્રસ્તુત ગ્રંથની સૂત્ર પુસ્તકોમાં ક્યાંક વાંચના ભેદ જોઇને વાચ્ય અર્થનો અભેદ હોવાથી કંઈ પણ અવિશ્વાસ ન કરવો. આ પ્રમાણે ગણિતના વિષયને યોગ્ય જેટલો કાળ થાય છે, તેટલો કાળ શીર્ષપ્રહેલિકા સુધીનો બતાવ્યો છે. આથી આગળ એક, દસ, સો, હજાર, વગેરે ગણિત સંખ્યાના વ્યવહારને ઉલ્લંઘન કરી ગયેલ હોવાથી એનો અસંખ્ય રૂપે છે. તે કાળને અનતિશયિઓએ (વિશિષ્ટ જ્ઞાન વગરના લોકોએ) પલ્ય વગેરેની ઉપમાથી જ જાણવો, તે કાળ બતાવે છે.

एवं एसो कालो वासच्छेएण संखमुवयाइ ।
तेण परमसंखेज्जो कालो उवमाए नायव्वो ॥११६॥

ગાથાર્થ : આ પ્રમાણે આ વર્ષ છેદ વડે એટલે વર્ષોના ભેદ વડે આ કાળ સંખ્યાને પામે છે. તેના પછીનો કાળ અસંખ્યાતો કહેવાય છે. તેને ઉપમાઓ વડે જાણવો. (૧૧૬)

ટીકાર્થ : એ પ્રમાણે ઉપર કહ્યા મુજબ વર્ષોના એક, દસ, સો, હજાર વગેરે ગણિતથી જે છેદ એટલે ભેદ કરવામાં આવે છે તે ભેદથી શીર્ષ પ્રહેલિકા સુધીનો કાળ જ સંખ્યાને પામે છે. તે પછીનો કાળ પૂર્વ મુનિઓ વડે ગણિત સંખ્યાપૂર્વક વ્યવહાર કર્યો ન હોવાથી અસંખ્યાત કાળ તરીકે કહેવાય છે. તે કાળ ઉપમા વડે જ જાણવો. (૧૧૬)

જે પલ્ય (ખાડા) વગેરની ઉપમાથી જણાતો કાળ, પલ્યોપમ અને સાગરોપમ એમ બે પ્રકારે છે. તેમાં પલ્યોપમનો નિર્ણય કરે છે.

**पलिओयमं च तिविहं उद्धारऽद्धं च खेत पलिकं च ।**
**एक्केक्कं पुण दुविहं बायर सुहुमं च नायव्वं ॥११७॥**

ગાથાર્થ : ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એમ પલ્યોપમ ત્રણ પ્રકારે છે. તે ત્રણેમાં દરેકના પણ બાદર અને સૂક્ષ્મ એમ બબ્બે ભેદો જાણવા. (૧૧૭)

**ટીકાર્થ** : અનાજની કોઠીની જેમ ખાડો (પલ્ય) કે જેનું સ્વરૂપ આગળની ગાથામાં કહેવાશે. તેની ઉપમા જેમાં છે તે પલ્યોપમ તે પલ્યોપમ ઉધ્ધાર પલ્યોપમ, અધ્ધા પલ્યોપમ અને ક્ષેત્ર પલ્યોપમ એમ ત્રણ પ્રકારે છે. તેમાં જેનું સ્વરૂપ કહેવાશે એવા વાલાગ્ર અથવા તેના ટુકડા વડે દ્વીપ અને સમુદ્રોનો જે ગણત્રી વડે ઉધ્ધાર કરવો તે ઉધ્ધાર વિષયક તે ઉધ્ધાર પ્રધાન જે પલ્યોપમ તે ઉધ્ધાર પલ્યોપમ.

તથા અધ્ધા એટલે કાળ તે પણ જેનું સ્વરૂપ કહેવાશે એવા વાલાગ્રો કે તેના ટુકડાને દર સો વર્ષે એક એક કાઢવા રૂપ કાળ ગ્રહણ કરાય છે. અથવા અધ્ધા પલ્યોપમથી જાણવા યોગ્ય નરક વગેરેના આયુરૂપ કાળ તે જ અધ્ધા. તે અધ્ધા પ્રધાન કે અધ્ધા વિષયક જે પલ્યોપમ તે અધ્ધાપલ્યોપમ.

તથા ક્ષેત્ર એટલે આકાશ તેના ઉધ્ધાર ( કાઢવા રૂપ ) વિષયક જે પલ્યોપમ. તે ક્ષેત્ર પલ્યોપમ એઓમાં દરેકનો સૂક્ષ્મ બાદર રૂપ બે પ્રકારના ભેદો છે કે જેનું સ્વરૂપ આગળ કહેવાશે.(૧૧૬)

આ પલ્ય કયો છે કે જેના વડે પલ્યોપમની ઉપમા કરાય છે,

**जं जोयण विच्छिण्णं तं तिगुणं परिरएण सविसेसं ।**
**तं चेव य उव्विद्धं पल्लं पलिओवमं नाम ॥११८॥**

ગાથાર્થ : જે એક યોજનના વિસ્તારવાળા અને ત્રણ ગણી પરિધિવાળો તથા એક યોજનની ઊંચાઇવાળો ગોળ જે પલ્ય એટલે ખાડો તે પલ્યોપમ કહેવાય છે.(૧૧૮)

**ટીકાર્થ** : **नाम** એ શિષ્યને કોમલ આમંત્રણ રૂપે છે. અહીં **पलिओवम** માં વિભક્તિનો વ્યત્યય થવાથી સાતમી વિભક્તિ જાણવી તથા **पल्लं** માં લિંગ વ્યત્યય થવાથી પુલિંગ પણ જાણવું તેથી પલ્યોપમે એટલે પલ્યોપમના વિષયમાં ધાન્યના પલ્ય એટલે કોઠીની જેમ પહેલા કહેલ છે તે પલ્ય જાણવો. જે પલ્ય એક યોજન ગોળાકાર હોવાથી લાંબો-પહોળો જાણવો. તે યોજન કંઇક અધિક એવો ત્રણ ગણી પરિધિવાળો છે, કેમકે સર્વ ગોળ વસ્તુઓ પોતાના વિષ્કંભથી કે આયામથી ત્રણ ગણી યુક્ત કંઇક અધિક

પરિધિ થાય છે એ પ્રમાણેના વચનથી સાધિક ત્રણ યોજન વાળી તે પલ્યની પરિધિ છે ઊંચાઈથી પણ તે પલ્ય એક યોજન ઊંચો છે તે પલ્ય લંબાઇ વડે, પહોળાઇ વડે, તથા ઊંચાઈથી એક યોજન પ્રમાણવાળો તેમજ પરિધિ વડે તો સાધિક યોજનના છઠ્ઠા ભાગમાં કંઇક ન્યૂન યુકત ત્રણ યોજનની પરિધિવાળો જે પલ્ય છે તે પલ્ય અહીં પલ્યોપમના વિષયમાં જાણવો. (૧૧૮)

હવે જે આ પલ્ય જે સ્વરૂપવાળા વાળાગ્રોથી ભરાય છે તેનું નિરૂપણ કરે છે.

**एगाहिय वेहिय तेहियाण उक्कोस सत्तरत्ताणं।**
**समट्ठं संनिचियं भरियं वालग्ग कोडीणं ॥११९॥**

ગાથાર્થ : એક દિવસ, બે દિવસ ત્રણ દિવસ, કે વધુમાં વધુ સાત દિવસના બાળકના જે વાળાગ્રો વડે આ કંઠ સુધી તેમજ દબાવી દબાવીને એકદમ ગાઢ કરવા પૂર્વક પલ્ય ભરવો. (૧૧૯)

**ટીકાર્થ** : એક દિવસમાં થયા હોય તેવા, એ પ્રમાણે બે દિવસ કે ત્રણ દિવસ વડે થયા હોય તેવા, એ પ્રમાણે ચાર દિવસ વગેરેથી વધુમાં વધુ સાત રાતમાં થયા હોય એવા બાળકોના વાળોનો અગ્ર ભાગ લેવો, કે જે અત્યંત સૂક્ષ્મ છે. તે વાળોના અગ્ર ભાગ વડે કરી આખો ખાડા ભરવો. આવો ભરેલો ખાડો લેવો. તેમાં મુંડેલા માથા પર એકજ દિવસમાં જે કરોડો વાલાગ્રો ઉગે તે એક દિવસના બનેલા (એકાહિકી) કહેવાય છે. બે દિવસમાં જે ઉગે તે બે દિવસની બનેલી (દ્વ્યાહિકી) ત્રણ દિવસ વડે બનેલા તે (ત્ર્યાહિકી) એ પ્રમાણે સાત રાતના ઉગેલા તે સપ્તરાત્રીકી કહેવાય છે. તે ખાડો વાલાગ્રોકોટી વડે આ કર્ણ એટલે અંતભાગ સુધી ભરેલો તથા દબાવી દબાવીને કઠણ કરવા પૂર્વક ભરવો. (૧૧૯)

તે પછી શું તે કહે છે.

**तत्तो समए समए एक्केक्के अवहियम्मि जो कालो।**
**संखेज्जा खलु समया बायर उद्धार पल्लंमि ॥१२०॥**

ગાથાર્થ : તે ખાડામાંથી સમયે સમયે એક બાલ કાઢવાથી જે કાળ થાય છે તે બાદર ઉધ્ધાર પલ્યોપમ કહેવાય છે. તેની અંદર સંખ્યાતા જ સમયો થાય છે.

**ટીકાર્થ** : ઉપર કહેલ વાલાગ્રો વડે ભરેલ ખાડામાંથી દરેક સમયે સમયે એક એક વાલાગ્ર કાઢવામાં આવે તો જેટલો કાળ લાગે છે, તેટલા કાળને બાદર ઉધ્ધાર પલ્યોપમ કહેવાય છે. बायर ઉધ્ધાર पल्लंमिનો આવૃત્તિ વડે પ્રથમાન્ત રૂપે અહીં સંબંધ કરવો.

આ કાળમાં કેટલા સમયો થાય છે, તે કહે છે. એની અંદર સંખ્યાતાજ સમયો થાય છે, અસંખ્યાતા નહીં. કારણકે અહીં વાલાગ્રો સંખ્યાતા છે. તેઓને દરેક સમયે કાઢતા સંખ્યાતા જ સમયો થઇ શકે. ગાથામાં खलु શબ્દ અવધારણ અર્થમાં લેવો. અહીં વાલાગ્રોની બાદરતા વાલાગ્રોના સૂક્ષ્મખંડ ન કરેલ હોવાથી બાદરપણાનો વિચાર કરવો. (૧૨૦)

હવે ક્રમ પ્રાપ્ત સૂક્ષ્મ ઉધ્ધાર પલ્યોપમને કહેવાની ઇચ્છાવાળા કહે છે.

**एक्केक्कमओ लोमं कट्टुमसंखेज्ज खंड मद्दिस्सं ।**
**समछेयाणंत पएसियाण पल्लं भरेज्जाहि ॥१२१॥**

ગાથાર્થ : એકેક લોમના (વાળ) અદૃશ્ય અસંખ્યાતા ટુકડા કરી. તે પણ પરસ્પર એક સરખા અને અનંત પ્રદેશવાળા બનાવી તેના વડે ખાડો ભરવો. (૧૨૧)

સહજ વાલાગ્રોથી ભરેલા ખાડામાંથી એક એક વાળના અસંખ્યાતા અદૃશ્ય ટુકડાઓ કરવા એટલે અસત્કલ્પના વડે તે એકેક વાલાગ્રોના ત્યાં સુધી કટકા કરવા તે કટકા અદૃશ્યસ્વરૂપ અસંખ્ય ખંડરૂપતાને પામે છે. એ પ્રમાણે કરવાથી એકેક ટુકડા બાદર પર્યાપ્ત પૃથ્વીના શરીર બરાબર થાય છે. એમ વૃધ્ધ પુરૂષો કહે છે. એ પ્રમાણે કર્યા પછી તે સર્વે પરસ્પર સરખા ટુકડાવાળા તે દરેકના હજુ પણ અનંતપ્રદેશ રૂપ અનંત પરમાણુવાળા વાળો વડે તે જ ખાડાને બુદ્ધિ વડે ભરવો. (૧૨૧)

એ પ્રમાણે તે ખાડાને ભરવાથી જે કરવાનું છે તે કહે છે :

**तत्तो समए समए एक्केक्के अवहियम्मि जो कालो ।**
**संखेज्जवासकोडी सुहुमे उद्धार पल्लम्मि ॥१२२॥**

ગાથાર્થ : તે પછી સમયે સમયે એક એક વાલાગ્રને કાઢીએ તો જેટલો સમય થાય તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે. તેની અંદર સંખ્યાતા ક્રોડ વર્ષ જેટલો કાળ જાય છે. (૧૨૨)

**ટીકાર્થ** : તે પછી સૂક્ષ્મ ટુકડાવાળા વાલાગ્ર ભરેલા તે ખાડામાંથી દરેક સમયે એકએક સૂક્ષ્મ વાલાગ્રનો ટુકડો કાઢતાં જેટલો કાળ થાય છે, તે કાળ સૂક્ષ્મ ઉધ્ધાર પલ્યોપમ કહેવાય છે. આ સૂક્ષ્મ ઉધ્ધાર પલ્યોપમમાં કેટલો કાળ લાગે છે તે કહે છે સૂક્ષ્મ ઉધ્ધાર પલ્યોપમમાં સંખ્યાતા ક્રોડવર્ષ થાય છે. કારણકે દરેક વાલાગ્ર અસંખ્ય ખંડરૂપ હોવાથી એક એક વાલાગ્રના ટુકડાઓને કાઢતાં સંખ્યાતા સમયો થાય છે. તો બધા બાલના ટુકડા કાઢતા સંખ્યાતાં ક્રોડવર્ષ થાય છે આનું સૂક્ષ્મપણું વાલાગ્રો સૂક્ષ્મ ટુકડા કરવા પૂર્વક વિચારવું. (૧૨૨)

હવે આ પ્રમાણે બાદર અને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહ્યા. હવે તેનાથીજ ઉત્પન્ન થતા સાગરોપમને કહે છે.

एएसिं पल्लाणं कोडाकोडी हवेज्ज दसगुणिया ।
तं सागरोवमस्स उ एकस्स भवे परिमाणं ॥१२३॥

ગાથાર્થ :આ બન્ને પ્રકારના પલ્યોપમને દશ કોડાકોડીએ ગુણવાથી એક સાગરોપમનું પરિમાણ થાય છે. (૧૨૩)

ટીકાર્થ : પૂર્વમાં કહેલ બાદર અને સૂક્ષ્મ ભેદવાળા આ બને ઉદ્ધાર પલ્યોપમોને દરેકને દશ કોડાકોડી વડે ગુણતા બાદર ઉદ્ધાર સાગરોપમ તેમજ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનું પરિમાણ આવે છે. એટલે દશ કોડાકોડી ઉદ્ધાર બાદર પલ્યોપમ વડે એક બાદર ઉદ્ધાર સાગરોપમ થાય છે. અને દશ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ વડે સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય છે. અત્યંત મોટાપણાની સરખામણી હોવાથી સાગરની સાથે જેની ઉપમા કરી છે તે સાગરોપમ. (૧૨૩)

અહીં બાદરની જે પ્રરૂપણા કરી છે તે બાદરની પ્રરૂપણાથી સૂક્ષ્મની પ્રરૂપણા ક્રમપૂર્વકની થવાથી સારી રીતે કરી શકાય તથા સારી રીતે જાણી શકાય. એટલા માટે જ પ્રથમ કરી છે. આજ કારણથી બાદર ઉદ્ધાર પલ્યોપમ, સાગરોપમની પ્રરૂપણા કરી છે. બાદરપલ્યોપમ કે સાગરોપમ વડે સિદ્ધાંતમાં કંઇપણ પ્રયોજન નથી. સૂક્ષ્મની તો આગમમાં જરૂર છે. તે જરૂરિયાત બતાવે છે.

जावइओ उध्धारो अड्ढाइज्जाण सागराण भवे ।
तावइआ खलु लोए हवंति दीवा समुद्दाय ॥१२४॥

ગાથાર્થ : અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો થાય છે તેટલાજ લોકમાં દ્વીપો અને સમુદ્રો છે. (૧૨૪)

ટીકાર્થ : અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપના વાલાગ્રોના ઉદ્ધાર કરતાં જેટલા સમયો લાગે તેટલાજ લોકમાં દ્વીપો અને સમુદ્રો છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે : અઢી ઉદ્ધાર સૂક્ષ્મ સાગરોપમ એટલે પચ્ચીસ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના વાલાગ્રોના ઉદ્ધારમાં જેટલા સમયો લાગે, તેટલા સંખ્યાવાળા તિર્છા લોકમાં સર્વ મળીને દ્વીપસમુદ્રો છે. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ અને સાગરોપમ વડે દ્વીપ અને સમુદ્રની સંખ્યા નક્કી કરવી એજ એનું પ્રયોજન છે. (૧૨૪)

હવે ક્રમ પ્રાપ્ત અદ્ધા પલ્યોપમનું નિરૂપણ કરે છે.

वाससए वाससए एक्केक्के बायरे अवहियम्मि ।
बायर अद्धा पल्ले संखेज्जा वासकोडीओ ॥१२५॥

ગાથાર્થ : સો. સો વર્ષે તે ખાડામાંથી એક એક વાળ કાઢયે છતે તે ખાડો જ્યારે ખાલી થાય ત્યારે બાદર અદ્ધા પલ્યોપમ થાય છે તે બાદર અદ્ધા પલ્યોપમનો સંખ્યાતા ક્રોડ વર્ષ પ્રમાણ કાળ થાય. (૧૨૫)

ટીકાર્થ : પહેલા કહેલા સ્વરૂપવાળા ખાડાને સહજ બાદર વાળાગ્ર વડે ભર્યે છતે જ્યારે દરેક સો, સો વર્ષે એક એક વાળાગ્ર કઢાય તો સર્વ વાળાગ્ર કાઢી રહીએ ત્યારે જેટલો કાળ થાય તે બાદર અદ્ધા પલ્યોપમ કહેવાય. તે બાદર અદ્ધા પલ્યોપમમાં સંખ્યાતા ક્રોડ વર્ષો થાય છે. (૧૨૫)

હવે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહે છે.

**वाससए वाससए एक्केक्के अवहियम्मि सुहुमम्मि ।**
**सुहुमे अध्धापल्ले हवंति वासा असंखेज्जा ॥१२६॥**

ગાથાર્થ : સો સો વર્ષે તે ખાડામાંથી એકએક સૂક્ષ્મ વાલાગ્રને કાઢવાથી જ્યારે તે ખાડો ખાલી થાય ત્યારે સૂક્ષ્મ અધ્ધા પલ્યોપમ થાય છે તેમાં અસંખ્યાતા વર્ષો જેટલો કાળ થાય છે. (૧૨૬)

ટીકાર્થ : પૂર્વમાં કહેલ અસંખ્ય ખંડ કરેલ વાલાગ્રોથી સંપૂર્ણ ભરેલ ખાડામાંથી દરેક સો, સો વર્ષે એક એક સૂક્ષ્મ વાલાગ્રના ખંડ કાઢીયે છતે જેટલા કાળે ખાડો ખાલી થાય તે કાળને સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહે છે. તે સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમમાં અસંખ્યાત ક્રોડો વર્ષ રૂપ અસંખ્યાતો કાળ થાય છે. (૧૨૬)

બાદર સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહ્યા હવે એનાથી ઉત્પન્ન થતા બાદર સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું વિવરણ કરે છે.

**एएसिं पल्लाणं कोडाकोडी हवेज्ज दस गुणिया ।**
**तं सागरोवमस्स उ परिमाणं हवइ एक्कस्स ॥१२७॥**

ગાથાર્થ : આ પલ્યોપમોને દશ કોડાકોડી વડે ગુણતાં એક અદ્ધા સાગરોપમનું માપ આવે છે. (૧૨૭)

ટીકાર્થ : પૂર્વમાં કહેલ બાદર તથા સૂક્ષ્મ ભેદવાળા આ બન્ને અદ્ધા પલ્યોપમને દશ કોડાકોડી વડે ગુણવાથી અનુક્રમે બાદર અદ્ધા સાગરોપમ અને સૂક્ષ્મ અદ્ધા સાગરોપમનું પ્રમાણ થાય છે આનો ભાવાર્થ ઉદ્ધાર સાગરોપમની જેમ જાણવો. (૧૨૭)

પ્રશ્ન : અહીં આગળ સમય, આવલિકા વગેરે કાળના ભેદોનાં પ્રતિપાદનનો વિષય છે તે તમે સાગરોપમ સુધીનો હમણા જ બતાવી ગયા પરંતુ સિદ્ધાંતમાં '**सायर उसप्पिणि परियट्टा**'

વગેરે વચનથી ઉત્સર્પિણિ વગેરે પણ તે કાળના જ ભેદો જણાય છે તે ભેદો હજુ કેમ કહ્યા નથી ?

ઉત્તર : તે બાકી રહેલ અવસર્પિણી વગેરે કાળ વિશેષો કે જે સૂક્ષ્મ અદ્ધા સાગરોપમના માપથી જ ઉત્પન્ન થયેલા છે. તેનું જ વર્ણન પ્રસંગ આવવાથી ગ્રંથકાર કરે છે.

**दस सगरोवमाणं पुन्नाओ हुंति कोडिकोडीओ।**
**ओसप्पिणी पमाणं ते चेवुस्सप्पिणीए वि ॥१२८॥**

**उस्सप्पिणी अणंता पोग्गल परियट्टओ मुणेयव्वो।**
**तेऽणंता तीयऽध्धा अणागयध्धा अणंतगणा ॥१२९॥**

ગાથાર્થ : દશ કોડાકોડી સાગરોપમ સંપૂર્ણ પૂર્ણ થયે છતે અવસર્પિણી થાય છે અને ઉત્સર્પિણી પણ તેટલાજ પ્રમાણ કાળે થાય છે. આવી અનંત ઉત્સર્પિણી કાળે વ્યતીત થાય ત્યારે એક પુદ્ગલ પરાવર્તકાળ થાય છે. આવા પુદ્ગલ પરાવર્તો ભૂતકાળમાં અનંતા ગયા અને ભવિષ્યમાં અનંત ગણા આવશે. (૧૨૮-૧૨૯)

**ટીકાર્થ** : સંપૂર્ણ દશ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ પ્રમાણ કાળ થાય ત્યારે છ આરા યુક્ત અવસર્પિણી રૂપ કાળ વિશેષ થાય છે. આ વાકયનો અર્થ આ પ્રમાણે છે. સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ દશ કોડાકોડી પ્રમાણ થાય, ત્યારે અવસર્પિણી રૂપ કાળ વિશેષ થાય છે. એમ માનવું. તથા છ આરો યુક્ત ઉત્સર્પિણીનું પણ એટલુંજ પ્રમાણ જાણવું.

ઉપર કહેલ પ્રમાણવાળી ઉત્સર્પિણી તથા ઉપલક્ષણથી અવસર્પિણી પણ એ બન્ને અનંતી થાય ત્યારે પુદ્ગલ પરાવર્ત કાળ જાણવો. તે પુદ્ગલપરાવર્તો ભૂતકાળમા અનંતા થઇ ગયા એટલે ભૂતકાળ અનંત પુદ્ગલ પરાવર્તાત્મક છે અને ભવિષ્યકાળ ભૂતકાળની અપેક્ષાએ અનંતગુણો છે. વર્તમાનકાળ સમય રૂપ છે. તે એક સમય રૂપ વર્તમાનકાળ **'कालोपरम निरूद्धो अविभागी तं तु जाण समउ'** એ પ્રમાણે સમયની પ્રરૂપણા વખતે કહ્યો છે. સામાન્ય રૂપે સર્વકાળ રૂપ સર્વદ્ધા પણ પહેલા **'कालोत्ति य एगविही'** એ પ્રમાણે સામાન્ય કાળ કહેવા વડે કહેલી જ છે.(૧૨૮-૧૨૯)

આ પ્રમાણે કાળના સર્વ ભેદો કહ્યા. હવે ચાલુ વિષય કહે છે. તેમાં બાદર અદ્ધા પલ્યોપમ અને સાગરોપમ નિષ્પ્રયોજન હોવા છતાં પણ પૂર્વમાં કહેલ કારણથી કહ્યા છે. સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને સાગરોપમનું જે પ્રયોજન છે, તે બતાવે છે.

सुहुमेण य अद्धा सागरस्स माणेण सव्वजीवाणं ।
कम्मिठिई कायठिई भवठिई यावि नायव्वा ॥१३०॥

ગાથાર્થ : સુક્ષ્મ અદ્ધા સાગરોપમ અને પલ્યોપમના પ્રમાણ વડે સર્વજીવોની કર્મસ્થિતિ, કાયસ્થિતિ, ભવસ્થિતિ જાણવી (૧૩૦)

ટીકાર્થ : સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ અને ઉપલક્ષણથી પલ્યોપમના પ્રમાણ વડે શું કરવા યોગ્ય છે તે કહે છે. સર્વે નરક, તિર્યંચ વગેરે ગતિના જીવોની કર્મસ્થિતિ, કાયસ્થિતિ અને ભવસ્થિતિ જાણવી. તે કર્મસ્થિતિ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય રૂપ ચાર કર્મોની ત્રીસ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. મોહનીય કર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમ, આયુષ્યકર્મની તેત્રીસ સાગરોપમ અને નામગોત્રની વીસ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

કાય એટલે અહીં પૃથ્વી વગેરે કાયો ગ્રહણ કરવા. કોઈએક કાયમાં ફરી ફરી ત્યાં જ ઉત્પન્ન થાય, તો તે કેટલો વખત થાય તે જેનાવડે જણાય, તે કાયસ્થિતિ. જેમ પૃથ્વીકાયમાં કોઈક જીવ વારંવાર મરી મરીને ત્યાંજ ઉત્પન્ન થાય તો અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી રહે છે. એ પ્રમાણે અપ્કાય, તેજસ્કાય, વાયુકાયમાં પણ દરેકને અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પ્રમાણ કાયસ્થિતિ કહેવી. વનસ્પતિકાયમાં તો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી છે. ત્રસકાયમાં સાધિક બે હજાર સાગરોપમ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે.

ભવ એટલે નરક વગેરે કોઈપણ એક જીવની કોઈપણ એકજ જન્મમાં જે સ્થિતિ તે ભવસ્થિતિ એટલે આયુષ્ય. તેમાં નરકમાં એકજ જીવની એક ભવમાં ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે. એ પ્રમાણે જ દેવમાં પણ ભવસ્થિતિ જાણવી. તિર્યંચો અને મનુષ્યોમાં દરેકની ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જાણવી. એ પ્રમાણે આ કર્મસ્થિતિ, કાયસ્થિતિ અને ભવસ્થિતિઓ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ સાગરોપમ પ્રમાણ વડે જાણવી.

એ પ્રમાણે આ બેના બીજા પણ પ્રયોજનો સિદ્ધાંતાનુસારે કહેવા. (૧૩૦)

હવે ક્ષેત્રપલ્યોપમ કહે છે.

बायर सुहुमागासे खेत्तपएसाण समयमवहारे ।
बायरसुहुमं खेत्तं उस्सप्पिणीओ असंखेज्जा ॥१३१॥

ગાથાર્થ : બાદર અને સૂક્ષ્મ વાલાગ્રો વડે અવગાહિત ક્ષેત્રના પ્રદેશોને દરેક સમયે કાઢતા બાદર અને સૂક્ષ્મ, ક્ષેત્ર પલ્યોપમ થાય છે તેની અંદર અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ કાળ થાય છે. (૧૩૧)

**ટીકાર્થ** : પૂર્વમાં કહેલ પલ્યમાં રહેલ બાદર રૂપ જે સહજ વાલાગ્રો અને સૂક્ષ્મ-રૂપ જે અસંખ્ય ખંડરૂપ વાલાગ્રો, તેઓના રહેવા રૂપ સંબંધથી સંબંધિત જે આકાશ છે તેના જે અંશ વગરના પ્રદેશો છે. તે પ્રદેશોને દરેક સમયે સમયે કાઢતા જેટલો કાળ થાય તેટલો કાળ યથાનુક્રમે બાદર અને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ થાય છે. તે બન્નેમાં દરેકની કાળ અસંખ્યાતી ઉત્સર્પિણી રૂપ થાય છે તાત્પર્યાર્થ આ પ્રમાણે છે : બાદર વાલાગ્ર વડે ભરેલા ખાડામાં જે એક એક વાલાગ્ર વડે અવગાહિત આકાશમાં દરેક વાલાગ્રના અસંખ્યાત આકાશ પ્રદેશો છે. કારણકે વાલાગ્રો બાદર છે, અને આકાશ પ્રદેશો અતિ સૂક્ષ્મ હોવાથી એકેક વાલાગ્રોનું અસંખ્યાતા ક્ષેત્ર પ્રદેશમાં રહેવાથી ઘટે છે. આ સર્વ વાલાગ્રો વડે અવગાહીત સર્વ આકાશપ્રદેશને દરેક સમયે એક એક કાઢતા જે કાળ થાય છે તદ્રૂપ બાદર ક્ષેત્ર પલ્યોપમ જાણવું. એ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પ્રમાણ છે. જો એક વાલાગ્ર વડે અવગાહીત ક્ષેત્ર પ્રદેશોને દરેક સમયે અપહારમાં '**अंगुल असंख भागे ओसप्पिणीओ असंखेज्जा**' એ વચનથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણ પ્રમાણ કાળ થાય છે. તો પછી સર્વ વાલાગ્ર વડે અવગાઢ ક્ષેત્ર પ્રદેશોના અપહારમાં કેમ ન લાગે ?

અસંખ્યાતા ખંડ રૂપ સૂક્ષ્મ વાલાગ્ર વડે ભરેલ ખાડામાં તો એકેક સૂક્ષ્મ વાલાગ્ર ખંડ વડે અવગાહિત જે આકાશ છે તે આકાશના પણ દરેકના અસંખ્યાતા જ પ્રદેશો છે. કારણકે સૂક્ષ્મ વાલાગ્રના ટુકડા પણ આકાશ પ્રદેશની અપેક્ષાએ સ્થૂલ છે.

અસંખ્યાતા તે પ્રદેશોનું તેના વગર અવગાહી શકવાનો અસંભ છે. આ સર્વ સૂક્ષ્મ વાલાગ્રના ખંડો વડે અવગાઢ જે ક્ષેત્ર પ્રદેશો છે, તે પ્રદેશોને દરક સમયે એક એક કાઢતા જેટલો કાળ થાય તેટલા કાળને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહે છે. આ કાળ પણ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પ્રમાણ છે. પરંતુ બાદર કરતા અસંખ્યાત ગણો છે. કારણકે વાલાગ્રો અસખ્યાતગુણા છે.

અથવા તે ખાડામાંના અસંખ્ય ખંડીકૃત વાલાગ્રો વડે સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ જે આકાશ પ્રદેશો છે, તે સર્વે અહીં લેવાય છે. અને તે સર્વ આકાશ પ્રદેશોને દરેક સમયે એક એક કરતા સંપૂર્ણપણે કાઢવામાં આવે ત્યારે એક સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ થાય છે.

પ્ર. : શું સૂક્ષ્મ ખંડ રૂપ કરેલ વાલાગ્રો વડે ભરેલ ખાડામાં હજુ પણ કેટલાક આકાશ પ્રદેશો અસ્પૃષ્ટ છે કે જેથી બીજી વ્યાખ્યા કરી ?

ઉ. : સૂક્ષ્મ ખંડરૂપ કરેલ વાલાગ્રોથી સ્પૃષ્ટ જે આકાશપ્રદેશો છે તેનાથી અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો અસંખ્યાતા ગુણા છે. શિલા, થાંભલો બારણા, પર્વત વગેરે પદાર્થો પોતાના વડે રોકીને જેટલા આકાશમાં રહેલા છે તે આકાશને છદમસ્થો જાણે છે. અને તે પદાર્થો વડે જેટલા પ્રદેશો સ્પૃષ્ટ છે તેના કરતાં અસંખ્યાતા ગુણ અસ્પૃષ્ટ પ્રદેશો ત્યાંજ રહેલા હોય છે. જો એમ ન હોય તો પછીથી ઉપરથી નંખાતા લોખંડના ખીલા વગેરેને પણ ભેદી અંદર પેસતા ઝાડના મૂળીયા વગેરેને અવકાશની પ્રાપ્તી થશે નહીં.

એ પ્રમાણે અહીં પણ સૂક્ષ્મ વાલાગ્રના ખંડોથી ઠાસી ઠાંસીને ભરેલ ખાડામાંથી ટુકડાઓ વડે સ્પૃષ્ટ આકાશ પ્રદેશ કરતા તે ટુકડાઓ વડે અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો અસંખ્યગુણા છે. આથી જ હમણા કહેલ પ્રકારવડે કહેવાયેલ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમથી આ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ અસંખ્યાત ગુણ છે. અને આને જ આદ્ય કાલિન (પ્રાચીન) સિધ્ધાંતમાં ગ્રહણ કરેલ છે.

પ્ર. : જો એ પ્રમાણે જ હોય તો પછી ખાડાને સૂક્ષ્મ વાલાગ્રો વડે પૂરવાથી શું પ્રયોજન છે? જો તે ખાડામાં રહેલ સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ સર્વ આકાશ પ્રદેશો લેવાના હોય તો એમજ કહેવું યોગ્ય છે કે તે ખાડામાં જે આકાશ પ્રદેશો છે તે સર્વને દરેક સમયે સમયે એકેક કાઢો તેથી જે કાળ થાય તે સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ છે પછી વાલાગ્રના ટુકડાઓ ભરવાથી શું ?

ઉ. : તમારી વાત બરાબર નથી કારણકે તે વાલાગ્રો ભર્યા વગર પહેલા પ્રકારનો સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમનું પ્રરૂપણ થઇ શકે નહીં.

પ્ર. : પહેલા પ્રકારના સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમની શી જરૂર છે ? બીજા પ્રકારનીજ અહીં જરૂર છે.

ઉ. : સાચી વાત છે પણ પ્રસ્તુત પલ્યોપમ વડે દ્રષ્ટિવાદમાં દ્રવ્યો મપાય છે. તેમાના કેટલાક દ્રવ્યો સૂક્ષ્મ વાલાગ્રના ખંડ વડે સ્પૃષ્ટ આકાશ પ્રદેશો વડે મપાય છે. તો કેટલાક તે વાલાગ્ર વડે સ્પૃષ્ટ અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો વડે મપાય છે. માટે પહેલા પ્રકારનો દ્રષ્ટિવાદમાં કહેલ દ્રવ્યના પ્રમાણ માપવામાં ઉપયોગી હોવાથી વાલાગ્રના ખંડને ભરવાનું અસંગત નથી. (૧૩૧)

સૂક્ષ્મ બાદર ક્ષેત્ર પલ્યોપમ કહ્યા હવે ક્રમાનુસારે આવેલ ક્ષેત્ર સાગરોપમને કહે છે.

**एएसिं पल्लाणं कोडाकोडी हवेज्ज दसगुणिया ।**
**तं सागरोवमस्स उ एक्कस्स भवे परिमाणं ॥१३२॥**

ગાથાર્થ : આ બાદર કે સુક્ષ્મ પલ્યોપમને દશ કોડાકોડી વડે ગુણવાથી એક બાદર સૂક્ષ્મ સાગરોપમનું પ્રમાણ છે. (૧૩૨)

ટીકાર્થ : ગાથાર્થ પ્રમાણે

અહીં પણ બાદર ક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમ નિષ્પ્રયોજન હોવા છતાં પૂર્વમાં કહેલ કારણથી કહ્યા છે બાકી તો સૂક્ષ્મ વડે પ્રયોજન હોય છે તે પ્રયોજન બતાવે છે.

**एएण खेत्तसागरउवमाणेणं हवेज्ज नायव्वं ।**
**पुढतिदगअगणि मारुय हरिय तसाणं च परिमाणं ॥१३३॥**

ગાથાર્થ : આ ક્ષેત્ર સાગરોપમ વડે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, અને ત્રસ-કાયનું પ્રમાણ જાણી શકાય છે. (૧૩૩)

ટીકાર્થ : આ સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ અને ઉપલક્ષણથી સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ રૂપ પ્રમાણ વડે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયના જીવોની સંખ્યા એટલે પરિમાણ કહેવાય છે અને એ પ્રમાણ કંઇક અહીં કહેશે અને કંઇક દૃષ્ટિવાદ ગમ્ય છે. (૧૩૩)

આ પ્રમાણે ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર ત્રણે પ્રકારના પલ્યોપમો કહ્યા અને તે કહે છતે ઉદ્ધાર પલ્યોપમના નિરૂપણ વખતે કહેલ સર્વ પ્રકારનો સર્વાદ્ધા સુધીનો કાલવિભાગ પણ કહેવાથી અને તે કહેવાથી ભાવાર્થ સહિત અનેક પ્રકારનો કાળ વિભાગની પણ વ્યાખ્યા થઇ તેની વ્યાખ્યા કરવાથી પ્રમાણદ્વારના ત્રીજા ભેદ રૂપ કાળ પ્રમાણ પણ પૂર્ણ થયું.



## પ્રકરણ-૪ થું

## ભાવપ્રમાણ

હવે ચોથા ભેદરૂપ ભાવપ્રમાણનું નિરૂપણ કરે છે.

**गुणनोगुण निप्फन्नं गुण निप्फन्नं तु वन्नमाईयं ।**
**नोगुण निप्फन्नं पुण संखाणं नो य संखाणं ॥१३४॥**

**ગાથાર્થ : ભાવપ્રમાણ ગુણ અને નોગુણ એમ બે પ્રકારે છે ગુણ નિષ્પન્ન વર્ણ વગેરેથી છે અને નોગુણ નિષ્પન્ન સંખ્યા અને નોસંખ્યા એમ બે પ્રકારે છે. (૧૩૪)**

*ટીકાર્થ* : भवनं भावः જે થાય તે ભાવ. પદાર્થનો જ્ઞાન વગેરે અથવા વર્ણ વગેરે જે પરિણામ તે ભાવ. જેનાવડે પ્રમિતિ જાણી શકાય તે પ્રમાણ. ભાવ એજ પ્રમાણ તે ભાવપ્રમાણ. તે ભાવપ્રમાણ ગુણ નિષ્પન્ન અને નોગુણનિષ્પન્ન એમ બે પ્રકારે છે. એટલે ગુણસ્વરૂપ અને નોગુણ સ્વરૂપ. તેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ સંસ્થાન રૂપ ગુણોના સ્વરૂપ જે પ્રમાણ તે ગુણસ્વરૂપ ભાવપ્રમાણ છે. તે ગુણો જ પદાર્થના પરિણામ રૂપે હોવાથી ભાવો છે. અને તે ભાવો વડે કરી પદાર્થને જાણી શકાય છે. અને એ ગુણો પણ સ્વ સ્વરૂપ વડે જાણી શકાય છે. માટે તે ગુણોની આ પ્રમાણે પ્રમાણતા છે. એ પ્રમાણે બીજા સર્વ સ્થાને ભાવ પ્રમાણતા સ્વયં જાણી લેવી. નોગુણ નિષેધરૂપ છે તે રૂપ બીજું ભાવ-પ્રમાણ છે. એ પણ સંખ્યારૂપ અને નોસંખ્યારૂપ એમ બે પ્રકાર છે. (૧૩૪)

સંખ્યા પણ બે પ્રકારે છે તે બતાવે છે.

**संखाणं पुण दुविहं सुयसंखाणं च गणणसंखाणं ।**
**अक्खरपयमाईयं कालियमुकालियं च सुयं ॥१३५॥**

**ગાથાર્થ : સંખ્યા પણ શ્રુતસંખ્યા અને ગણિતસંખ્યા એમ બે પ્રકારે છે. તેમાં શ્રુતસંખ્યા કાલિકશ્રુત અને ઉત્કાલિકશ્રુતના અક્ષર, પદ વગેરે વડે છે. (૧૩૫)**

*ટીકાર્થ* : શ્રુતસંખ્યા અને ગણિતસંખ્યા એમ સંખ્યા પણ બે પ્રકારે છે તેમાં શ્રુતસંખ્યા અક્ષર, પદ, વગેરે વડે પર્યાય, સંઘાત, પાદ ગાથા વગેરે લેવા કહ્યું છે કે 'શ્રુત પરિમાણ સંખ્યા અનેક પ્રકારે કહી છે તે આ પ્રમાણે પર્યાયસંખ્યા, અક્ષરસંખ્યા, સંઘાતસંખ્યા પાદસંખ્યા, ગાથાસંખ્યા, શ્લોક સંખ્યા, વેષ્ટક સંખ્યા, નિર્યુક્તિસંખ્યા, અનુયોગદ્વારસંખ્યા, ઉદ્દેશસંખ્યા, અધ્યયન સંખ્યા શ્રુતસ્કંધ સંખ્યા, અંગસંખ્યા,' પર્યવો એટલે પર્યાયો અથવા ધર્મો તે રૂપ સંખ્યા તે પર્યાયો. શ્રુતના અનંતા જાણવા. કેમકે એકેક અકારાદિ અક્ષરોના

અને અભિધેય જીવાદિ પદાર્થોના દરેકના અનંતા પર્યાયો છે. એ પ્રમાણે બીજી સંખ્યાઓનો પણ વિચાર કરવો. જો કે શ્રુતમાં અકાર કકાર વગેરે અક્ષરોની સંખ્યા, અક્ષરોના સંયોગરૂપ સંઘાતો. સંખ્યાત છે. સિધ્ધાંત પ્રસિદ્ધ सुपतिङन्त વગેરે રૂપ વિભક્તિના અંતવાળા પદો સંખ્યાત છે ગાથા વગેરે ચોથા અંશ રૂપ પાદો સંખ્યાત છે, ગાથા સંખ્યાત છે, શ્લોક સંખ્યાત છે જે પ્રસિદ્ધ છે. છંદવિશેષરૂપ વેષ્ટકો સંખ્યાત છે નિક્ષેપનિર્યુક્તિ ઉપોદઘાત નિર્યુક્તિ, સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિરૂપ ત્રણ પ્રકારની નિર્યુક્તિ, વ્યાખ્યાનના ઉપાયરૂપ સત્પદપ્રરૂપણા વગેરે અથવા ઉપક્રમ વગેરે સંખ્યાતા અનુયોગદ્વારો છે ઉદેશા સંખ્યાત છે, અધ્યયનો સંખ્યાત છે શ્રુતસ્કંધો સંખ્યાત છે આંચારાંગ વગેરે અંગો સંખ્યાત છે.

પ્ર. : જેમાં આ અક્ષર પદ વગેરેની સંખ્યા છે તે શ્રુત શું ? (કેટલા પ્રકારે) છે ?

ઉ. : તે શ્રુત કાલિક, આચાકાંગ, ઉત્તરાધ્યયન વગેરે અને દશવૈકાલિક આવશ્યક, જીવાભિગમ પ્રજ્ઞાપના, દ્દષ્ટિવાદ એકજ ઉત્કાલિક શ્રુત છે. પરંતુ બાર અંગમાંથી દ્દષ્ટિવાદ એકજ ઉત્કાલિક છે. બાકીના કાલિક છે. તે શ્રુતમાં જે અક્ષર, પદ વગેરે પ્રત્યેક તે સંખ્યા છે. (૧૩૫)

શ્રુત સંખ્યા કહી હવે ગણન સંખ્યા કહે છે.

संखेज्जमसंखेज्जं अणंतयं चेव गणणसंखाणं ।
संखेज्जं पुण तिविहं जहण्णणयं मज्झिमुक्कोसं ॥१३६॥

ગાથાર્થ : ટીકાર્થ : જેનું સ્વરૂપ કહેવાનું છે, તે ગણન સંખ્યા, સંખ્યાત અસંખ્યાત અને અનંત એમ ત્રણ પ્રકારે છે. સંખ્યાત સંખ્યા પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારે છે, (૧૩૬)

હવે નવ પ્રકારના જે અસંખ્યતા છે તે કહે છે.

तिविहमसंखेज्जं पुण परित्त जुत्तं असंखयासंखं ।
एक्केक्कं पुण विविहं जहण्णयं मज्झिमुकोसं ॥१३७॥

ગાથાર્થ ટીકાર્થ : અસંખ્યાતુ, પરિત્તઅસંખ્યાત, યુક્તઅસંખ્યાત અને અસંખ્યાત અસંખ્યાત એમ ત્રણ પ્રકારે છે. અને તે ત્રણેના પણ જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ એમ ત્રણત્રણ પ્રકાર છે. આ પ્રમાણે નવ પ્રકારે અસંખ્યાતા છે. (૧૩૭)

આઠ પ્રકારના અનંતા બતાવે છે.

तिविहमणंतंपि तहा परित्त जुत्तं अणंतयाणंत ।
एक्केक्कंपिय तिविहं जहण्णयं मज्झिमुक्कोसं ॥१३८॥

ગાથાર્થ ટીકાર્થ : પરિતઅનંત, યુક્તઅનંત અનંતઅનંત એમ અનંતા ત્રણ પ્રકારે છે. તે દરેકના પણ ત્રણત્રણ પ્રકારે છે, જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. એમ નવ પ્રકારે સૂત્રમાં અવિશેષ પણે કહ્યા હોવા છતાં. પણ વ્યાખ્યા કરવાથી વિશેષ જ્ઞાન થવાથી પહેલા બે અનંતાના જ ત્રણ ત્રણ ભેદો સ્વીકારવા. ત્રીજા અનંતાનંતના તો જઘન્ય અનંતઅનંત અને મધ્યમ અનંત-અનંત રૂપ બે ભેદો જ માનવા ઉત્કૃષ્ટ અનંતઅનંતમાં કોઇપણ વસ્તુ હોવાનો સંભવ નથી માટે તેની પ્રરૂપણા કરતા નથી આથી અનંતા આઠ પ્રકારે છે. (૧૩૮)

આ પ્રમાણે સામાન્યથી સંખ્યાતા વગેરેનું સ્વરૂપ કહ્યું હવે વિશેષ ભાવાર્થયુક્ત તેની વ્યાખ્યા કરે છે.

जंबुद्दीवो सरिसव पुण्णो ससलाग परिगह सलागाहिं ।
जावइअं पडिपूरे तावइअं होइ संखेज्जं ॥१३९॥

ગાથાર્થ : જંબુદ્વીપ સમાન અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા, અને મહાશલાકા રૂપ પ્યાલાઓ સરસવો વડે પૂર્ણ રૂપે જયારે ભરાઈ જાય છે. ત્યારે ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય છે. (૧૩૯)

ટીકાર્થ : આ ગાથાનો ભાવાર્થ કહી પછી અક્ષરાર્થ કહીશું. તેમાં અહીં સંખ્યાત વગેરેના સ્વરૂપ જાણવા માટે જંબૂદ્વીપ જેવો લાંબો પહોળો એક લાખ યોજન પ્રમાણેનો અને હજાર યોજનનો ઊંડો કે જે રત્નપ્રભાપૃથ્વીના ૧૦૦૦ યોજન પ્રમાણ પહેલા રત્નકાંડને ભેદી બીજા વજ્રકાંડમાં રહેલો, ગોળાકાર પણે ત્રણ લાખ, સોળ હજાર બસો સત્તાવીસ યોજન ત્રણકોશ ૨૮ ધનુષ અને સાડાતેર આંગળ જેટલી પરિધિના પ્રમાણયુક્ત ગોળ અનાજની કોઠીના જેવો. પ્યાલાની કલ્પના કરવી. આટલા પ્રમાણવાળા તે પ્યાલો બુદ્ધિની કલ્પના વડે સરસવોથી ત્યાંસુધી ભરવો કે જંબૂદ્વીપની વેદિકાની ઉપર પણ સંપૂર્ણ શીખા થાય. હવે અસત્કલ્પનાએ કોઈક દેવ આ સરસવથી ભરેલ પ્યાલાને ઉપાડી સરસવનો એક દાણો દ્વીપમાં, એક દાણો સમુદ્રમાં એ પ્રમાણે દરેક દ્વીપ સમુદ્રમાં નાંખતો નાંખતો જાય. એ પ્રમાણે નાખતા નાખતા જે કોઈપણ દ્વીપ અથવા સમુદ્રમાં પૂર્ણ થાય, ત્યાં સુધીનો જંબૂદ્વીપ વગેરે અનવસ્થિત પલ્ય નામનો પલ્ય કહેવાય છે. પાછો તે પલ્યને સરસવો વડે વેદિકાની ઉપર પણ શિખા સહિત ફરીવાર ભરવો અને શલાકા પલ્યમાં એક સરસવ રૂપ એક શલાકા નાખવી.

પ્ર. : આ શલાકા પલ્ય શું (કોણ) છે?

ઉ. : હજાર યોજન ઉંડો, લાખ યોજન લાંબો, પહોળો અને સાધીક ત્રણ લાખ યોજનની પરિધિ યુક્ત જંબૂદ્વીપની વેદિકા સુધીની ઊંચાઈવાળો પલ્ય જેમ પહેલા કલ્પેલો

હતો, તે પ્રમાણે તેવાજ બીજા ત્રણ પ્યાલા પણ કલ્પવા. આ પ્રમાણે કુલ ચાર પલ્ય થાય છે. તેમા પહેલો વધતા સ્વરૂપવાળો હોવાથી સ્થિર સ્વરૂપનો અભાવ છે માટે અનવસ્થિત પલ્ય કહેવાય, બીજો શલાકાઓ વડે ભરાતો હોવાથી શલાકા પલ્ય કહેવાય છે. ત્રીજો પ્રતિશાલકાઓ વડે ભરાય છે માટે પ્રતિશલાકા પલ્ય ગણાય છે ચોથો મહાશલાકા વડે ભરાય છે એટલે મહાશલાકા મનાય છે.

હવે ચાલું વિષય કહે છે જે પહેલા અનવસ્થિત પલ્યસરસવોથી ભરીને મુકયો હતો તે સરસવોને ફરી ઉપાડી એક સમુદ્રમાં એક દ્વીપમાં એ પ્રમાણે નાખતાં જ્યારે તે પલ્ય ખાલી થાય. શલાકા પલ્યમાં બીજી શલાકા નાખવી સરસવો જે દ્વીપસમુદ્રમાં પૂર્ણ થાય ત્યાં સુધીનો.પાછલા દ્વીપસમુદ્રોની સાથેના વિસ્તાર વાળો અનવસ્થિત પલ્ય સરસવથી ભરેલો કલ્પવો. ફરી ફરી તેને ઉપાડી એક એક સરસવ નાખવા રૂપ ક્રમવડે દ્વીપસમુદ્રોમાં દાણા નાખવા. ખાલી થાય ત્યારે શલાકા પલ્યમાં ત્રીજી શલાકા નાખવી. તે પ્યાલાના સરસવો જ્યાં ખાલી થાય તે દ્વીપ અથવા સમુદ્ર સુધીના આગળના દ્વીપસમુદ્ર સાથેના વિસ્તારવાળો અનવસ્થિત પ્યાલો પહેલાની જેમ ભરેલો કલ્પવો. ફરી તેને ઉપાડી તેજ ક્રમપૂર્વક દ્વીપસમુદ્રમાં દાણા નાખવા. જ્યારે ખાલી થાય ત્યારે ચોથો દાણો શલાકા પ્યાલામાં નાખવો. એ પ્રમાણે યથાનુક્રમે વધતા અનવસ્થિત પલ્યને ભરવો અને ખાલી કરવાના ક્રમપૂર્વક ત્યાં સુધી કહેવું કે જ્યાં સુધીમાં એકેક સરસવના દાણા વડે શલાકા પ્યાલો વેદિકાના ઉપર પણ શિખાયુક્ત ભરાઇ જાય અને એનાપર એક પણ દાણો સમાઇ ન શકે. તે પછી અનવસ્થિત પ્યાલો ભરેલો હોય તો પણ ઉપાડવો નહીં. પરંતુ શલાકા પ્યાલાને ઉપાડી, અનવસ્થિત પ્યાલા વડે નખાયેલ ક્ષેત્રથી આગળ એકેક સરસવાના દાણા દ્વીપસમુદ્રમાં નાખવા. જ્યારે ખાલીથાય ત્યારે પ્રતિશલાકા નામના ત્રીજા પ્યાલામાં એક સરસવના દાણારૂપ પહેલી પ્રતિશલાકા નાખવી તે પછી અનવસ્થિત પ્યાલાને ઉપાડી જ્યાથી સલાકા પ્યાલો ખાલી થયો હતો ત્યાંથી આગળ એકેક દાણા નાખવાના ક્રમપૂર્વક દાણા નાખવા. પ્યાલો ખાલી થાય ત્યારે શલાકા પ્યાલામાં એક દાણો નાખવો. એ પ્રમાણે અનવસ્થિત પ્યાલો ખાલી કરવો ભરવોના ક્રમપૂર્વક પહેલાની જેમ શલાકા પ્યાલો શલાકાઓ વડે ભરવો. અનવસ્થિત અને શલાકા પ્યાલો ભરાય એટલે શલાકા પ્યાલાને ઉપાડી અનવસ્થિત જ્યાં ખાલી થયો હતો ત્યાંથી આગળ પૂર્વના ક્રમ પ્રમાણે જ દાણા નાખવા. ખાલી થાય એટલે પ્રતિશલાકા પ્યાલામાં બીજી પ્રતિશલાકા રૂપ દાણો નાખવો. તે પછી અનવસ્થિત પ્યાલાને લઇ ફરીવાર શલાકા પ્યાલો ખાલી થયો હતો ત્યાંથી આગળ તેજ ક્રમ પૂર્વક ફરી સરસવો નાંખે અને શલાકા પ્યાલામાં શલાકા નાખે એ પ્રમાણે અનવસ્થિત પ્યાલાને ભરવા ખાલી કરવાના ક્રમ પ્રમાણે (વડે) શલાકા પ્યાલો ફરી શલાકાઓ વડે ભરવો, તથા શલાકા પ્યાલાને ઉપાડવો અને નાંખવો. રૂપ પહેલા કહેલ રીત પ્રમાણે પ્રતિશલાકા પ્યાલામાં પ્રતિશલાકારૂપ સરસવોથી શિખા

સુધી ભરવો. જ્યારે આ પ્રમાણે પ્રતિશલાકા અને અનવસ્થિત આ ત્રણે પ્યાલા શિખા યુક્ત ભરાય જાય ત્યારે પ્રતિશલાકાને ઉપાડી આગળ પ્રમાણે જ દરેક દ્વીપસમુદ્રોમાં એકેક સરસવ નાંખવો. પૂર્ણ થાય ત્યારે મહાશલાકા પ્યાલામાં પહેલા મહાશલાકા રૂપ એક સરસવનો દાણો નાખવો. તે પછી શલાકા પ્યાલો ઉપાડી પહેલાની જેમ દ્વીપસમુદ્રોમાં સરસવ નાંખે અને પ્રતિશલાકા પ્યાલામાં પ્રતિશલાકા નાખે. તે પછી અનવસ્થિત પ્યાલો લઈ તે પ્રમાણે જ દ્વીપસમુદ્રમાં દાણા નાખે અને શલાકા પ્યાલામાં શલાકા નાખે આ પ્રમાણે અનવસ્થિત પ્યાલો ખાલી કરવો અને ભરવા વડે શલાકાઓથી શલાકા પ્યાલાને ભરે. શલાકા પ્યાલાને ખાલી કરવો અને ભરવો એમ પ્રતિશલાકાઓથી પ્રતિશલાકા પ્યાલો ભરે. પ્રતિશલાકા પ્યાલાને ખાલી કરવા અને ભરવા પૂર્વક મહાશલાકાઓ વડે મહાશલાકા પ્યાલાને ભરે. જ્યારે આ પ્રમાણે ચારે પ્યાલા સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે એક દાણો અધિક એવું ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય છે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે :—ઉપર કહેલ ચારે પ્યાલાને જે સરસવોથી ભરીએ છતે જે અનવસ્થિત પ્યાલો, શલાકા પ્યાલો, પ્રતિ-શલાકા પ્યાલાને ખાલી કરવા કે ભરવા દ્વારા દ્વીપસમુદ્રમાં જેટલો સરસવો નંખાય તેટલી સંખ્યા એક અધિક સરસવ વડે ઉત્કૃષ્ટ સંખ્યા થાય છે. આજ ઉત્કૃષ્ટ સંખ્યાતુ છે. જઘન્ય સંખ્યા બે છે. એક નહીં. કેમકે તે સંખ્યા વ્યવહારમાં અનધિકૃત હોવાથી જઘન્ય અને ઉત્કૃષ્ટ વચ્ચે ત્રણ વગેરે જેટલા સંખ્યા સ્થાનો આવે તેટલા બધાયે મધ્યમ સંખ્યા કહેવાય. આગમમાં જ્યાં આગળ અવિશેષરૂપ સંખ્યાતુ ગ્રહણ થાય ત્યાં આગળ મધ્યમ સંખ્યા જ જાણવી. આ પ્રમાણે જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ રૂપ ત્રણ પ્રકાર સંખ્યાતાના કહ્યા. હવે પહેલા જણાવેલ નવ પ્રકારના અસંખ્યાતા કહે છે.

અહીં જે ઉત્કૃષ્ટ સંખ્યા એક સરસવથી અધિક કહી છે તેમાં જ્યારે એક ઉમેરવામાં આવે ત્યારે જઘન્ય પરિત્ત અસંખ્યાતુ થાય છે તેની પછી આગળના આ પરિત્ત અસંખ્યા-તાના મધ્યમ સ્થાનો ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતા થાય ત્યાં સુધી હોય છે.

પ્ર : ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત કેટલા પ્રમાણનું હોય છે ?

ઉ : જઘન્ય પરિત્ત અસંખ્યાતમાં જેટલી સંખ્યા હોય તેટલી દરેક સંખ્યાને જઘન્ય પરિત્ત-અસંખ્યાત રૂપે ગોઠવવી તે પછી પરસ્પર દરેકનો ગુણાકાર કરવો. તે ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તેમાં એક ન્યૂન સંખ્યાવાળું ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ થાય છે.

અહીં શિષ્યો સહેલાઈથી સમજી શકે તે માટે કંઈક ઉદાહરણ કહે છે. જઘન્ય પરિત્ત અસંખ્યાતામાં વાસ્તવિક પણે અસંખ્યાત સંખ્યા હોવા છતાં પણ અસત્ કલ્પનાથી પાંચની સંખ્યા ધારીએ તેને પાંચ જ વખત પાંચ પાંચ રૂપ ગોઠવીએ તે આ પ્રમાણે ૫| ૫| ૫| ૫| ૫| તેમાં પહેલી પાંચની સંખ્યાને બીજી પાંચની સંખ્યા સાથે ગુણતા ૨૫ થયા. તે પચ્ચીસને ત્રીજા પાંચ સાથે ગુણતા એકસો પચ્ચીસ થયા. આ

પ્રમાણે પાંચને પરસ્પર ગુણવાથી એકત્રીસસો પચ્ચીસ થાય. આ કલ્પના વડે આટલા પ્રમાણ સંખ્યા અને વાસ્તવિક પણે અસંખ્યાત રાશિ એકરૂપ ઓછું ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત થાય છે. જે એક રૂપ વડે ન્યૂન એવી સંખ્યા જે પહેલા કહી, તેમાં તે એક સંખ્યા ઉમેરતાં જઘન્ય યુક્ત અસંખ્યાતુ થાય છે. આ જઘન્યયુક્ત અસંખ્યાતામાં જેટલી સંખ્યા હોય તેટલા સમયો પૂર્વમાં કહેલ આવલિકા રૂપ કાળમાં હોય છે. આથી સૂત્રોમાં જ્યાં કોઈક વખત આવલિકા લીધી હોય ત્યાં દરેક ઠેકાણે જઘન્ય યુક્ત અસંખ્યાત પ્રમાણ સમયો જાણવા.

જઘન્ય યુક્ત અસંખ્યાતથી આગળ એકએકની વૃદ્ધિપૂર્વક જે સંખ્યા સ્થાનો આવે તે બધાયે ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત ન આવે ત્યાંસુધી મધ્યમયુકત અસંખ્યાતા જાણવા.

પ્ર. : ઉત્કૃષ્ટ યુકત અસંખ્યાત કેટલા પ્રમાણનું થાય છે?

ઉ. : જઘન્ય યુક્ત અસંખ્યાત રાશીને તે જ જઘન્યયુક્ત અસંખ્યાત રાશી વડે ગુણવાથી જે સંખ્યા આવે તેમાં એક સંખ્યા ન્યૂન એટલા પ્રમાણનું ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત થાયછે.

જો તેજ ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતમાં એક સંખ્યાં ઉમેરાય તો જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ થાય છે. તે પછી એક એકની વૃદ્ધિપૂર્વક ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત ન થાય ત્યાંસુધી જેટલા સંખ્યા સ્થાનો થાય તે બધાયે મધ્યમ અસંખ્યાત અસંખ્યાત જાણવા.

પ્ર : તે ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતનું પ્રમાણ કેટલું છે?

ઉ : જઘન્ય અસંખ્યાત અસંખ્યાતમાં જેટલી સંખ્યા હોય તેટલી સંખ્યાવાળા દરેકની જઘન્ય અસંખ્યાત અસંખ્યાત્મક રૂપ રાશિઓ ગોઠવવી, અને એ રાશિઓનો પરસ્પર ગુણાકાર કરવાથી જે રાશિ ઉત્પન્ન થાય તેમાં એક રૂપ ન્યૂન ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતું થાય છે. અહીં પણ ઉદાહરણ ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતમાં કહેલ પ્રમાણે સમજવું. કેમકે બંનેમાં સમાન રીત છે માટે ફકત ત્યાં આગળ ગુણાકાર માટે જે સંખ્યા લીધી હતી તેના કરતા અહીં મોટી સંખ્યા લેવી આટલો તફાવત સમજવો.

જ્યારે તે એક રૂપને ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતમાં ઉમેરવામાં આવે તો જઘન્ય પરિત્ત અનંતુ થાય છે આ પ્રમાણે એક આચાર્યનો મત બતાવ્યો. બીજા આચાર્યો તો ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતને જુદી રીતે બતાવે છે તે આ પ્રમાણે.

જઘન્ય અસંખ્યાત અસંખ્યાત રાશિનો વર્ગ કરવો જે વર્ગ આવે તે વર્ગે ફરીથી વર્ગ કરવો. જે વર્ગ આવે તેનો પાછો વર્ગ કરવો એ પ્રમાણે ત્રણવાર વર્ગ કરી તેમાં નીચે જણાવેલ દશ અસંખ્યાતી વસ્તુઓ ઉમેરવી.

लोगागास पएसा धम्माधम्मेग जीवदेसा य ।
दव्वट्ठिया निओया पत्तेया चेव बोद्धवा ॥१॥
ठिइबंधज्झवसाणे अणुभागा जोगछेय पलिभागो ।
दुण्हय समाणसमया असंख पक्खेवया दस उ ॥२॥

૧ લોકાકાશના જેટલા આકાશ પ્રદેશો છે તે, ૨ ધર્માસ્તિકાય, ૩ અધર્માસ્તિકાય, ૪ એક જીવના પ્રદેશો, ૫ સૂક્ષ્મ અને બાદર અનંતકાય વનસ્પતિ જીવોના શરીરો, ૬ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય રૂપ સર્વ પ્રત્યેક શરીરી જીવો, ૭ જ્ઞાનાવરણ વગેરે કર્મોના સ્થિતિ-બંધના કારણ રૂપ જે અધ્યવસાયના સ્થાનો તે સ્થિતિબંધ અધ્યવસાયસ્થાનો તે પણ સર્વ.

પ્ર. : અહીં અસંખ્યાતના વિચારમાં અસંખ્યાત રૂપ રાશીઓ જ ઉમેરાય છે. સંખ્યાતરૂપ અલ્પ હોવાથી અકિંચિતકર છે માટે તે સંખ્યાતરૂપ કે અનંતરૂપ રાશી ઉમેરાતી નથી. કારણકે તે અનંતનું અસંખ્યાતમાં પ્રવેશ થતો નથી. તો શું સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો અસંખ્યાત છે કે જેથી અહીં લીધા છે?

ઉ. : તે સ્થાનો અસંખ્યતા જ છે. જેમ જ્ઞાનાવરણનો જઘન્ન સ્થિતિબંધ અંતર્મુહૂર્ત પ્રમાણનો છે, અને ઉત્કૃષ્ટ ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. મધ્યમમા એક, બે, ત્રણ, ચાર સમય અધિક અંતર્મુહૂર્તથી અસંખ્ય ભેદયુક્ત સ્થિતિબંધ છે. આ સ્થિતિબંધોને કરનાર અધ્યવસાય સ્થાનો દરેક કર્મના અલગ અલગ છે. માટે એકજ જ્ઞાનાવરણમાં અસંખ્યાતા સ્થિતિબંધના અધ્યાવસાય સ્થાનો પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે દર્શનાવરણ વગેરેમાં પણ કહેવું. એમનું અસંખ્યાત પણું તો પ્રગટ છે. ૮ અનુભાગ એટલે જ્ઞાનાવરણ વગેરે કર્મોની સ્થિતિબંધમાં જઘન્ય, મધ્યમ વગેરે ભેદવાળા જે રસવિશેષો તે અસંખ્યાતા છે. અનુભાગ વિશેષોને કરનાર અધ્ય-વસાય સ્થાનો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય છે. આથી અધ્યવસાય સ્થાનોના કારણો અસંખ્યા હોવાથી તેના કાર્યરૂપ અનુભાગો વિશેષો પણ અસંખ્યાતા જાણવા. કાર્યભેદો કારણભેદના લીધે થાય છે. ૯ મન, વચન કાયના યોગ વિષયક જે વીર્ય, તે વીર્યના કેવલીની બુદ્ધિથી છેદતા પ્રતિવિશિષ્ટ નિર્વિભાગ જે ભાગો તે યોગચ્છેદ પ્રતિભાગો કહેવાય છે. તે ભાગોના નિગોદથી લઈ સંજ્ઞી પંચેંદ્રિય સુધીના જીવોને આશ્રયી જઘન્ય વગેરે અસંખ્યાતા ભેદો જાણવા. ૧૦ ઉત્સર્પિણી અવસર્પિણી કાલના અસંખ્યાતા સમયો. આ પ્રમાણે દશેય અસંખ્યાતાને પૂર્વમાં કરેલ ત્રણ વર્ગવાળી રાશીમાં નાંખવા. આ પ્રમાણે જે રાશિ મળેલ હોય તેને ફરી ત્રણ વખત પહેલાની જેમ વર્ગ કરવો, તેથી જે રાશિ થાય તેમાંથી એક રૂપ ઓછું કરીએ

ત્યારે ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત થાય છે. નવ પ્રકારના અસંખ્યાતા કહ્યા.

હવે આઠ પ્રકારના પહેલા કહેલ અનંતા કહે છે.

ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત કહેતા જે એક રૂપ સંખ્યા ઓછી કરી હતી તેને ફરી ઉમેરી દઇએ તો જઘન્ય પરિત્ત અનંતુ થાય છે. તે પછી એકએકની વૃદ્ધિપૂર્વક ઉત્કૃષ્ટ પરિત્ત અનંત ન થાય ત્યાં સુધીના જેટલા સંખ્યાસ્થાનો થાય તે મધ્યમ પરિત્ત અનંત કહેવાય છે.

પ્ર. : ઉત્કૃષ્ટ પરિત્ત અનંતના સંખ્યા સ્થાનો થાય ?

ઉ. : જઘન્ય પરિત્ત અનંતમાં જેટલી સંખ્યા હોય તેટલી સંખ્યાવાળી જઘન્ય પરિત્ત અનંત પ્રમાણ રાશિઓ સ્થાપન કરવી. પછી તે દરેક રાશિને પૂર્વની જેમ પરસ્પર ગુણાકાર કરવાથી જે રાશિ ઉત્પન્ન થાય તેમાં એક ન્યૂન કરીએ તો ઉત્કૃષ્ટ પરિત્ત અનંત થાય છે. ઉદાહરણ અહીં પહેલાની જેમ સમજવું. ઉત્કૃષ્ટ પરિત્ત અનંતમાં જે એકરૂપ ઓછું હતું તેણે પણ ગણત્રીમાં લેવાય તો જઘન્ય યુક્ત અનંત થાય છે. અભવ્ય જીવ જઘન્ય યુક્ત અનંત પ્રમાણ છે, એમ કેવલી ભગવતોએ જોયું છે. માટે સ્વીકારવું જોઈએ.

એનાથી આગળ એક એક સંખ્યાની વૃદ્ધિપૂર્વક ઉત્કૃષ્ટ યુકત અનંત થાય ત્યાં સુધીના જેટલા સંખ્યા સ્થાનો તે બધા મધ્યમ યુક્ત અનંતા જાણવા.

પ્ર. : ઉત્કૃષ્ટ યુકત અનંત શી રીતે થાય છે ?

ઉ. : જઘન્ય યુક્ત અનંત રાશીને તેજ રાશિ વડે ગુણતા જેટલી સંખ્યા પ્રાપ્ત થાય તેમાંથી એક ઓછું કરતા જે સંખ્યા આવે તે ઉત્કૃષ્ટ યુક્ત અનંત કહેવાય છે. જ્યારે જે એક ન્યૂન કર્યો હતો તેને પણ ગણત્રીમાં લઈએ તો જઘન્ય અનંતાઅનંત થાય છે તે પછી એકએકની વૃદ્ધિપૂર્વકના સંખ્યા સ્થાનો મધ્યમ અનંતાઅનંત છે. ઉત્કૃષ્ટ અનંતાઅનંત છે જ નહીં.

બીજા આચાર્યો ઉત્કૃષ્ટ અનંતાઅનંત આ પ્રમાણે કહે છે. જઘન્ય અનંતાઅનંતનો પહેલાની જેમ ત્રણ વખત વર્ગ કરવો. અને જે સંખ્યા આવે તેમાં આ છ અનંતા ઉમેરવા તે આ પ્રમાણે—

' सिध्धा निगोयजीवा वण्णस्सई काल पोग्गला चेव ।
सव्वमलोगागासं छप्पेतेऽणंत पक्खेवा ' ॥१॥

૧ સર્વ સિદ્ધો, ૨ સર્વ સૂક્ષ્મબાદર નિગોદના જીવો, ૩ પ્રત્યેક અને સાધારણ સર્વ વનસ્પતિઓ, ૪ ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળ વિષયક સર્વ સમય રાશિ, ૫ સંપૂર્ણ

લોકવર્તી સર્વપુદ્ગલ સમુહ, ૬ સર્વ આકાશના પ્રદેશો. આ છયે અનંતાઅનંતના પ્રસ્તુત વિચારમાં અહીં સ્વયં અનંતરૂપ આ રાશીઓ ઉમેરવી.

પ્ર : અહીં અનંતાનો વિચાર ચાલે છે માટે અનંત રૂપ રાશિઓ જ ઉમેરવી જોઈએ. સંખ્યાત કે અસંખ્યાત રાશિ અલ્પ હોવાથી અકિંચિતકર છે તેમાં વનસ્પતિના ગ્રહણમાં પ્રત્યેક વનસ્પતિઓ જ અધિક મળે છે કારણ કે સાધારણ વનસ્પતિનો 'निगोयजीवा' એ પ્રમાણે પહેલા જ લઈ લીધી છે પ્રત્યેક વનસ્પતિઓ મેળવવાથી કોઇ પણ ઉપયોગ નથી. કેમકે તે તો અલ્પ છે. તો પછી શા માટે તે લીધી ?

ઉ. : એ પ્રમાણે નથી, કેમકે તમે આશયને જાણતા નથી. આજ અનંતા નિગોદ જીવો પ્રત્યેક જીવોથી અધિક્તાયુક્ત લીધા છે તે રાશિની વૃદ્ધિ લાવવા માટે વનસ્પતિના ગ્રહણ પૂર્વક બીજીવાર ઉમેરવામાં આવ્યા છે. અહીં પુનરુક્તતા દોષનો વિચાર ન કરવો. કારણ કે રાશિ વૃદ્ધિની પ્રાપ્તિ એજ સાધ્ય છે અને તે એકજ રાશિ બે વાર ઉમેરવાથી જ પ્રાપ્ત થાય છે. વધુ વિસ્તારથી સર્યું.

પૂર્વની રાશિમાં ઉપર કહેલા છ અનંતા નાખવાથી જે રાશિપ્રાપ્તિ થાય તે રાશિને ફરી ત્રણવાર વર્ગ કરવો છતાં પણ ઉત્કૃષ્ટાનંતાઅનંત થતું નથી. તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શન જે જ્ઞેયના ભેદથી બંન્ને અનંતભેદવાળા છે તે ઉમેરવા ત્યારે ઉત્કૃષ્ટ અનંતા-અનંત થાય છે. આ વાત ચૂર્ણીમાં કહી છે. ઉત્પન્ન થયેલ સર્વ વસ્તુઓના સંગ્રહ રૂપ હોવાથી.

આનાથી વસ્તુ તત્ત્વની સંખ્યાનો અભાવ છે.

અનુયોગદ્વાર સૂત્રના અભિપ્રાયે તો આ પ્રમાણે પણ ઉત્કૃષ્ટ અનંતાઅનંત થતું નથી. અજઘન્ય ઉત્કૃષ્ટ સ્થાનોનું જ તેમાં પ્રતિપાદન થતું હોવાથી. આથી તેના મત પ્રમાણે આઠ પ્રકારનાજ અનંતા કહ્યા છે. તત્ત્વ તો કેવલીઓ જ જાણે. સૂત્રમાં જ્યાં કોઈક ઠેકાણે અનંતાઅનંત ગ્રહણ કરાય છે, તે દરેક ઠેકાણે અજઘન્ય ઉત્કૃષ્ટ જાણવું.

આ પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત અને અનંતનો ભેદો સહિત વર્ણન કર્યું અને તેની પ્રરૂપણા કરવાથી **जंबुद्दीवो सरिसव पुण्णो** એ ગાથાનો ભાવાર્થ પણ કહેવાયો. હવે તે ગાથાનો અક્ષરાર્થ કહે છે.

અહીં જંબૂદ્વીપ લેવા વડે જંબૂદ્વીપ સમાન પ્રમાણવાળો પહેલો નક્કી કરેલ એને તેનાવડે ઓળખાતો અનવસ્થિત પલ્ય ગ્રહણ કરાય છે. શલાકા અને પ્રતિશલાકા શબ્દ વડે શલાકા પલ્ય અને પ્રતિશલાકા પલ્ય ગ્રહણ કરવો અને આ બેના ઉપલક્ષણથી મહાશલાકા પલ્ય પણ જાણવો. જે જંબૂદ્વીપ જેવો અનવસ્થિત પલ્ય પણ છે તે તેમજ શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા પલ્ય પણ પૂર્ણપણે સરસવો વડે શિખાપર્યંત સતત ભરવો. તે સરસવોનો જથ્થો અને સરસવો વડે આક્રાન્ત દ્વીપ અને સમુદ્રોની સંખ્યા સાથેની જે સંખ્યા થાય તેમાં એક સંખ્યા ન્યૂન તે ઉત્કૃષ્ટ સંખ્યાત થાય છે. તે એક સંખ્યા ઉત્કૃષ્ટ સંખ્યાતામાં ઉમેરવાથી

જઘન્ય પરિત્ત અસંખ્યાતુ થાય છે. વગેરે સ્વયં જાણી લેવું. સૂત્રકારે તે કહ્યું નથી સંખ્યાતાનું સ્વરૂપ કહે છત્તે તે સારી રીતે જાણી શકાય છે. (૧૩૯)

આ પ્રમાણે શ્રુતસંખ્યા અને ગણનસંખ્યા એમ સંખ્યાના ભેદો કહ્યા હવે તેના નિષેધરૂપ નોસંખ્યાને કહે છે.

**नो संखाणं नाणं दंसण चरणं नयाप्रमाणं च ।**
**पंच चउ पंच पंच य जहाणुपुव्वीए नायव्वा ॥१४०॥**

ગાથાર્થ : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને નય પ્રમાણ એમ નો સંખ્યાના ચાર ભેદ છે. અને તે દરેકના પાંચ, ચાર, પાંચ અને પાંચ એમ અનુક્રમે ભેદો જાણવા (૧૪૦)

**ટીકાર્થ** : નોસંખ્યા પ્રમાણુ એટલે સંખ્યા નિષેધ રૂપ જે પ્રમાણુ તે નોસંખ્યા ભાવ પ્રમાણુ. તે નોસંખ્યા પ્રમાણુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને નયપ્રમાણુ એમ ચાર પ્રકારે છે. આ જ્ઞાન વગેરે ચારેના પણ યથાનુક્રમે પાંચ, ચાર, પાંચ અને પાંચ એમ ભેદો જાણવા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન કેવળજ્ઞાન એમ જ્ઞાનના પાંચ ભેદો પહેલા જ્ઞાનદ્વારમાં કહ્યા છે.

દર્શનના ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન અને કેવલદર્શન રૂપ ચાર ભેદો દર્શન દ્વારમાં જણાવ્યા છે.

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત એ ચારિત્રના પાંચ ભેદો સંયમદ્વારમાં વર્ણવ્યા છે.

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એમ પાંચ પ્રકારે નયો છે. નય એટલે પદાર્થના બોધ વિષય તરફ એકાંશે લઇ જાય કે પ્રાપ્ત કરાવે તે. અથવા જેઓ વડે પદાર્થની એક અંશ વિષયક બોધને પ્રાપ્ત કરાવાય કે લઈ જવાય, અથવા વસ્તુના એકાંશિક બોધ સ્વરૂપ નયો કહેવાય. અનંત ધર્મોવાળી વસ્તુમાં એક અંશ અધ્યવસાય રૂપ તે નયો છે. તે નયો નૈગમ વગેરે છે. કહ્યું છે કે :- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ સમભિરુઢ અને એવંભૂત એ મૂળ નયો જાણવા.

જેમાં સામાન્ય છે અને વિશેષો પણ છે, વગેરે પ્રકારો વડે પરસ્પર એકબીજાથી નિરપેક્ષ પણે સામાન્ય વિશેષ વગેરેને સ્વીકારવાની બુદ્ધિરૂપ જે એક ગમ નહીં પણ બધુ છે.

ગમો એટલે પદાર્થનો બોધ જેનો, એવી આ નિરૂક્ત વિધિ વડે ક કારનો લોપ થવાથી નૈગમ નય કહેવાય છે. સામાન્ય વિશેષાત્મક પણે, અનુયોગદ્વારમાં કહેલ નિલયન, પ્રસ્થક, અને ગામના ઉદાહરણ વગેરે પ્રકારો વડે કહેલ ઘણા સ્વરૂપે પદાર્થને સ્વીકારવા તત્પર જે નય તે નૈગમનય છે.

ત્રણે ભુવનમાં રહેલ સર્વ પદાર્થ સમુહને જે સંગ્રહ કરે એટલે સામાન્યરૂપથી એકપણે વિચારે તે સંગ્રહ. ફક્ત સામાન્ય ગ્રહણુ રૂપ જે નય તે સંગ્રહ. જેનો વ્યવહાર કરાય તે વ્યવહાર. જે લૌકિક પ્રવૃત્તિરૂપ છે અને તેને જ સ્વીકારવામાં તત્પર જે નય તે વ્યવહારનય અથવા તો જેનાવડે લોકવ્યવહાર કરે તે અને બધાયે જેનાથી પ્રવર્તે એટલે વ્યવહાર કરે તે વ્યવહાર. મોટે ભાગે પ્રાયેઃ ફક્ત વિશેષ ગ્રહણ તત્પર નય તે વ્યવહાર. પાણી લાવવું, ઘા ઉપર પિંડ કરવો (લેપ) વગેરે લોકવ્યવહારમાં, ઘડો, લીમડો વગેરે વિશેષો જ ઉપકાર કરતા દેખાય છે. તેના સિવાય ઘટ વગેરે દેખાતા નથી. આ નય વિશેષોને જ સત્ત્વરૂપે માને છે. સામાન્યને માનતો નથી. મોટે ભાગે વિશેષ સિવાય લોકવ્યવહારોને ઉપકારી બીજું કોઇ હોતું નથી એમ વિશેષવાદિ કહે છે.

ઋજુ એટલે ભૂતકાળ અને ભવિષ્યકાળ રૂપ પારકાને છોડી વર્તમાન રૂપ સરળ વસ્તુને **सूत्रयति** એટલે સ્વીકારે તે ઋજુસૂત્ર વર્તમાન કાલમાં થયેલ અને પોતાની જ જે વસ્તુ હોય તેને જ માને તે ઋજુસૂત્રનય.

**शप-आक्रोशे-शब्द्यते प्रोच्यतेऽर्थोऽनेनेति शब्दः**

જેના વડે અર્થ કહેવાય તે શબ્દ. શબ્દ એટલે અર્થવાચક જે ધ્વનિ અને તે ધ્વનિપ્રધાન જે નય તે શબ્દનય. આ નય શબ્દને જ મુખ્ય રૂપે માને, અર્થને ગૌણ રૂપે માને છે. શબ્દથી જ અર્થ જણાય છે. સંજ્ઞા શબ્દથી વિકલ એવા અર્થની કોઈપણ જગ્યાએ પ્રાપ્તિ થતી નથી, માટે શબ્દ એજ પ્રધાન છે અર્થ નહી.

બીજું આ શબ્દ પૂર્વમાં કહેલ નયોથી વિશુદ્ધ છે. માટે નામ સ્થાપના અને દ્રવ્ય ઈન્દ્રો જ નથી, કારણકે ઇન્દ્ર રૂપ કાર્ય કરી શકતા નથી, આકાશ પુષ્પની જેમ. ભાવ ઈન્દ્રને જ સ્વીકારે છે. કારણકે ઈન્દ્રનું કાર્ય કરનાર હોવાથી **तटः, तटी, तटं दाराः कलत्रं भार्या** વગેરે ભિન્નભિન્ન લિંગો તેમજ **वृक्षः, वृक्षौ, वृक्षाः** જુદા જુદા વચનો અને ધ્વનિને એકજ અર્થો છે એમ માનતો નથી. સ્ત્રી–પુરૂષ શબ્દની જેમ લિંગવચનના ભેદથી એમાં ભેદ માને છે. ઈન્દ્ર, શક્ર, પુરંદર વગેરે સમાન લિંગ વચનવાળા તથા એકજ અર્થવાળા શબ્દોને એકરૂપે માન્ય કરે છે. કારણકે આગળ કહેવાનાર નયોની અપેક્ષા અવિશુદ્ધ છે.

ઈન્દ્ર, શક્ર, પુરંદર વગેરે શબ્દો પર્યાયશબ્દ રૂપ રૂઢ હોવા છતાં પણ જુદાજુદા અલગ જ અર્થોને આશ્રય કરતા હોવાથી સમભિરૂઢ કહેવાય છે. આ નય શબ્દપ્રધાન હોવા છતાં પણ પૂર્વ નયોથી વિશુદ્ધ છે માટે આ પ્રમાણે માને છે. ઘટ, પટ વગેરે શબ્દોની જેમ જુદા જ નિમિત્તોથી ઉત્પન્ન થયેલ હોવાના કારણે ઈન્દ્ર, શક્ર વગેરે પર્યાય શબ્દો એક અર્થવાળા નથી. તે આ પ્રમાણે **इन्द्रनात् इन्द्रः, शकनात् शक्रः पूर्दारणात् पुरंदरः** વગેરેના જુદાજ નિમિત્તો છે. તથા **घटद्चेष्टायाम्** એ પ્રમાણે વિશિષ્ટ ચેષ્ટાવાળો અર્થ

તે ઘટ કહેવાય છે. **कुट कौटिल्ये कौटिल्य योगात् तु कुटः, उंभः पूरणे कुस्थित पूरणात्** કુંભ વગેરે પર્યાયોના જૂદા જ નિમિત્તો છે. જો નિમિત્ત ભેદ હોવા છતાં પણ શબ્દોનું એક અર્થપણું સ્વીકારાય તો પટ, વૃક્ષ વગેરે અનેક શબ્દોનું પણ એકાર્થત્વનો પ્રસંગ થવાથી અતિવ્યાપ્તિ દોષ આવે છે. અને કહેવાનાર નયની અપેક્ષાએ આ નય અવિશુદ્ધ હોવાથી ઘટન વગેરે પોતાના અર્થનો વાચક (જણાવનાર) ઘટ વગેરે શબ્દથી કહેવાનાર પદાર્થ પોતાની ઘટન વગેરે ક્રિયારૂપ અર્થને ન કરતો હોવા છતાં પણ તે ક્રિયાની યોગ્યતા હોવાથી ઘટ વગેરે શબ્દરૂપે વાચ્ય (કહેવા યોગ્ય) થાય છે. અને ઘટ વગેરે શબ્દ તેનો વાચક થાય છે. એમ માને છે.

જે પ્રમાણે શબ્દ હોય તે પ્રમાણે જ અર્થ તથા જે પ્રમાણે અર્થ હોય તે પ્રમાણે જ શબ્દ હોય એવા પ્રકારનું સ્વરૂપ જેને પ્રાપ્ત કર્યું છે તે એવંભૂત નય છે. આ નય પણ શબ્દ પ્રધાન છે અને ઘટ, કુટ, કુંભ વગેરે પર્યાય વાચક શબ્દોનું ભિન્નાર્થ પણું પણ સ્વીકારે છે પરંતુ પૂર્વના નયથી વિશુદ્ધ છે માટે ફક્ત આટલી વિશેષતા જાણવી.

ઘટ વગેરે પદાર્થ ઘટ વગેરેરૂપે વાચ્યત્વ તરીકે ત્યારે જ થાય જ્યારે તે પદાર્થ પાણી વગેરે લાવવાની ક્રિયાની અવસ્થામાં સ્ત્રી વગેરેના માથા પર ચડી પોતાને જણાવનાર શબ્દથી વાચ્ય જે ચેષ્ટા વગેરે ક્રિયારૂપ અર્થને કરતો હોય ત્યારે ઘટ વગેરે કહેવાય છે. અને ઘટાદિ શબ્દરૂપે વાચ્ય થાય છે બીજા વખતે નહીં.

પ્રસ્તુત નય અહીં આ પ્રમાણે જણાવે છે કે ચેષ્ટા વગરનો સ્થાનમાં રહેલો ઘડો એ ઘડો જ નથી. કેમકે ઘટ શબ્દ વડે વાચ્ય ચેષ્ટારૂપ લક્ષણનો અભાવ છે. જેમ પર્વત વગેરે ઘટ શબ્દ પણ નિશ્ચેષ્ટ અવસ્થામાં રહેલા ઘડાના વાચક રૂપે પ્રવર્તી શકે જ નહીં પોતાના અભિધેયપણાનો અભાવ હોવાથી પટ વગેરે શબ્દની જેમ.

એ પ્રમાણે કુટ, કુંભ, ઇન્દ્ર, શક્ર વગેરે શબ્દોમાં પણ વિચારવું. અહીં આગળ ઘણું કહેવાનું છે પણ ગ્રંથ વિસ્તારના ભયથી કહેતા નથી. તેમજ વિશેષાવ્યશ્યક વગેરેમાં પોતાના સ્થાન (નય પ્રકરણ)માં વિસ્તારથી કહ્યું છે. આ નૈગમ વગેરે સાત નયો મૂળ ભેદ રૂપે છે. ઉત્તરભેદોની અપેક્ષાએ તો સિદ્ધાંતમાં **'अक्केक्को च सयविहो सत्त नय सया हवन्ति एमेव'** નયના સો સો ભેદો થવાથી સાત નયના સાતસો ભેદ થાય છે. વગેરે વચનથી અનેક પ્રકારના ભેદો કહ્યા છે.

પ્ર. : જો આગમમાં નયના અનેક ભેદો કહ્યા છે તો અહીં થોડા ભેદો શા માટે? જો મૂળ નયોની જ વિવક્ષા હોય તો તે પણ સાત કહેલા છે. અહીં પાંચ કેમ કહ્યા ?

ઉ. : સારું કહ્યું; પરંતુ શબ્દ, સમભિરૂઢ એવંભૂત રૂપ ત્રણ નયો એકબીજાથી ઉત્તરોત્તર વિશુદ્ધ રૂપ સ્વીકારેલ હોવા છતાં પણ એમાં શબ્દ પ્રધાનત્વ સામાન્ય રૂપે છે માટે

વ્યભિચાર થતો નથી. એટલે એક શબ્દનય રૂપે ત્રણેની વિવક્ષા કરી છે. તેથી નૈગમ-સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર એ ચાર નયો મૂળ નય છે અને પાંચમો શબ્દનય છે. માટે કોઈ દોષ નથી. (૧૪૦)

મતિ, શ્રુત વગેરે ભેદોથી જ્ઞાનપ્રમાણ પાંચ પ્રકારે કહ્યું છે તેમ જ્ઞાનના પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારે પણ ભેદો થાય છે તે કહે છે.

**पच्चक्खं च परोक्खं नाणपमाणं समासओ दुविहं।**
**पच्चक्खमोहिमणकेवलं च परोक्ख मइसुत्ते ॥१४१॥**

**ગાથાર્થ :** **જ્ઞાનપ્રમાણ સંક્ષેપથી પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારે છે. પ્રત્યક્ષ અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એમ ત્રણ પ્રકારે તથા પરોક્ષ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એમ બે પ્રકારે છે. (૧૪૧)**

**ટીકાર્થ :** જ્ઞાનપ્રમાણ સંક્ષેપથી પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારે છે. તેમાં પ્રત્યક્ષ એટલે 'अशु व्याप्तौ' अश ધાતુનો અર્થ વ્યાપવાના અર્થમાં છે એટલે જ્ઞાન આત્મા-વડે પદાર્થોને વ્યાપી જાય તે અક્ષ એટલે જીવ. अश ધાતુનો ભોજન અર્થ લઈએ તો જે ખાય છે અથવા પાલન કરે છે. સર્વ પદાર્થોને તે અક્ષ એટલે જીવજ છે. **प्रतिगतम् आश्रितं अक्षं प्रत्यक्षम्**-દરેકમાં રહેલ અક્ષ તે પ્રત્યક્ષ. અહીં દ્વિતીયાતત્પુરૂષ સમાસ '**अत्याद्य क्रान्ताद्यर्थ द्वितीयया** ' વડે થયો છે. બીજાઓ જે '**अक्षमक्षं प्रतिवर्तते**' એ પ્રમાણે અવ્યયીભાવ સમાસ કરે છે. તે બરાબર નથી કારણકે અવ્યયીભાવના નપુંસકલિંગણા વડે પ્રત્યક્ષનું ત્રણે લિંગમાં અર્થ પ્રાપ્તિ થતી નથી. અને પ્રત્યક્ષ શબ્દ આ પ્રમાણે ત્રણેલિંગમાં દેખાય છે. **प्रत्यक्षा बुद्धिः प्रत्यक्षो बोधः प्रत्यक्षम ज्ञानम्** માટે જે પ્રમાણે ઉપર બતાવ્યો છે તે પ્રમાણેનો તત્પુરૂષસમાસજ થાય છે. પ્રત્યક્ષ એટલે ઇન્દ્રિયથી નિરપેક્ષપણે આત્માને જે સાક્ષાત્ પદાર્થ રૂપે દેખાડે તે જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે. તે પ્રત્યક્ષજ્ઞાન અવધિ, મનઃ-પર્યવ અને કેવળજ્ઞાનના ભેદ ત્રણ પ્રકારે છે. આજ જ્ઞાનોને ઇન્દ્રિય નિરપેક્ષપણે અર્થની જાણકારી થવાનો સંભવ છે. માટે આગમમાં એ જ્ઞાનને નોઇન્દ્રિય પ્રત્યક્ષપણે કહ્યા છે. અહીં તો શબ્દનો અર્થ સર્વ નિષેધવાચક તરીકે હોવાથી અહીં ઇન્દ્રિયનો બિલ્કુલ ઉપયોગ હોતો નથી, પરંતુ જીવ જ સાક્ષાત્ પદાર્થને જુએ છે. તેથી નોઇન્દ્રિય પ્રત્યક્ષ રૂપે અવધિ મનઃપર્યવ અને કેવળજ્ઞાન રૂપ એકપણે હોવાથી કોઈ વિરોધ નથી. અક્ષ એટલે જીવનો, પર એટલે ઇન્દ્રિય વગેરે વડે જે વ્યવહાર થાય તે પરોક્ષ. તે પરોક્ષ જાતિ અને શ્રુતજ્ઞાનના ભેદ બે પ્રકારે છે. આ બે જ્ઞાન ઇન્દ્રિયની સાપેક્ષતા એ પદાર્થને જાણે છે. (૧૪૧)

મતિજ્ઞાન શ્રુતજ્ઞાનને વિશેષ પ્રકારે નિરૂપણ કરે છે.

इंदिय पच्चक्खंपि य अणुमाणं उवमयं च मइनाणं ।
केवलि भासिय अत्थाण आगमो होइ सुयजाणं ॥१४२॥

ગાથાર્થ : મતિજ્ઞાન ઈન્દ્રિય પ્રત્યક્ષ અને ઇન્દ્રિય પરોક્ષ એમ બે પ્રકારે છે તેમાં ઇંદ્રિય પરોક્ષ અનુમાન અને ઉપમાન એમ બે ભેદે છે શ્રુતજ્ઞાન કેવલિભાષિત અર્થોના પતિપાદન કરનાર આગમ રૂપે છે. (૧૪૨)

**ટીકાર્થ** : જે આગળની ગાથામાં પરોક્ષરૂપ કહેલ મતિજ્ઞાન ઇન્દ્રિય પ્રત્યક્ષ અને અપિ શબ્દ વડે ઇન્દ્રિય પરોક્ષ એમ બે પ્રકારે જાણવું તેમાં સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય, શ્રોત્રેન્દ્રિય રૂપ પાંચ સહકારી કારણરૂપ ઇન્દ્રિયો વડે જીવના તરફ જે જ્ઞાન થાય તે ઇન્દ્રિય પ્રત્યક્ષ છે. જેમાં ઇન્દ્રિયોજ સાક્ષાત્ વસ્તુને જુએ પણ જીવ નહિં, તે શ્રોત્ર વગેરે ઇન્દ્રિય પ્રત્યક્ષ છે. જેમાં ઇન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થવું હોવાથી ઇન્દ્રિયોને સાક્ષાતરૂપ અને જીવને પરોક્ષરૂપ, પરંતુ લોકમાં પ્રત્યક્ષ પણે રૂઢ થયેલ હોવાથી શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વિષયક મતિજ્ઞાન ઇન્દ્રિય પ્રત્યક્ષ કહેવાય છે.

જેમાં ઇંદ્રિયો પણ ધૂમાડો વગેરે લિંગો વડે અગ્નિ વડે અગ્નિ વગેરે પદાર્થ ગ્રહણ કરે, પણ સાક્ષાત્ નહીં. તે ઇન્દ્રિયોને પણ પરોક્ષ હોવાથી ઇન્દ્રિય પરોક્ષ કહેવાય છે. તે ઇન્દ્રિય પરોક્ષ કોણ છે તે સૂત્રકારજ બતાવે છે. તે ઇન્દ્રિય પરોક્ષ અનુમાન અને ઉપમાન છે. અનુ એટલે લિંગ ગ્રહણ વડે તથા સંબંધના સ્મરણ કરવા વડે કરી પાછળથી પદાર્થ જેનાવડે જણાય તે અનુમાન. તે અનુમાન કૃતકત્વ ધૂમવત્ત્વ વગેરે લિંગો તથા શબ્દ પર્વત વગેરેમાં અનિત્યત્વ. અગ્નિમત્વ વગેરે સાધ્ય પદાર્થનો નિશ્ચય રૂપ જાણવું.

ઔપમ્ય એટલે સાદૃશ્ય કોઈક પદાર્થ નોઇંદ્રિય વડે પણ નિશ્ચય ન થાય. તેથી તેના સદૃશપણાના પદાર્થ વડે તેનો જે નિશ્ચય કરવો તે ઉપમાન કહેવાય. 'જેમ ગાયના સમાન રોઝ હોય છે' એ પ્રમાણે પૂર્વમાં જેને નિશ્ચય કરેલ છે એવો પ્રમાતા કોઈક જંગલમાં ગયો હોય અને ત્યાં ગાયના સમાન પ્રાણી જોઈ રોઝનો એ નિશ્ચય કરે છે. આ બન્ને જ્ઞાનો કૃતકત્વ અને સદૃશતા વડે ઇન્દ્રિયોની વચ્ચે આંતરારૂપ હોવાથી ઇંદ્રિય પરોક્ષ કહેવાય છે. અભાવ, અર્થાપત્તિ રૂપ બન્ને પ્રમાણો પણ ઇંદ્રિય પરોક્ષ છે. તેમનો અનુમાનમાં સમાવેશ થતો હોવાથી જુદા કહ્યા નથી. શબ્દરૂપ પ્રમાણનો શ્રુતજ્ઞાન રૂપે કહે છે અને પ્રત્યક્ષ પ્રમાણ તો ઇંદ્રિયરૂપે પ્રત્યક્ષ રૂપે કહ્યું છે. આ પ્રમાણે પ્રમાણષટ્ક ગ્રહણ થયા. આ પ્રમાણે ઇંદ્રિય પ્રત્યક્ષ અને ઇન્દ્રિય પરોક્ષ એમ બે ભેદે મતિજ્ઞાન કહ્યું. હવે શ્રુતજ્ઞાનનું સ્વરૂપ કહે છે.

કેવળ જ્ઞાન વડે પ્રગટ થયેલ જે પદાર્થો છે તેમને પ્રતિપાદન કરવા રૂપે જે દ્વાદશાંગી રૂપ આગમો તે શ્રુતજ્ઞાન શબ્દ પ્રમાણ રૂપે થાય છે. અહીં પણ ઈન્દ્રિયોનું અને શબ્દનું આંતર હોવાથી પૂર્વની ગાથામાં કહેલ પરોક્ષતા જ છે. (૧૪૨)

જ્ઞાનપ્રમાણ કહ્યુ હવે ચક્ષુ વગેરે વડે દર્શનના ચાર ભેદો વડે દર્શનપ્રમાણ, સામાયિક વગેરે પાંચ ભેદોથી ચારિત્રપ્રમાણ અને નૈગમ, સંગ્રહ વગેરે પાંચ ભેદો વડે નયપ્રમાણ કહે છે.

**चक्खुदंसणगाई दंसण चरणं च सामाईयमाई ।**
**नेगम संगहववहारुज्जुसुए चेव सद्द नया ॥१४३॥**

ગાથાર્થ ટીકાર્થ : ચક્ષુદર્શન વગેરે દર્શન, સામાયિક વગેરે ચારિત્ર અને નૈગમ, સંગ્રહ, વ્યવહાર ૠજુસૂત્ર અને શબ્દ એમ નયો છે. અહીં જ્ઞાનદર્શન વગેરે ગુણો હોવાથી, શું ગુણ પ્રમાણથી અલગ જ્ઞાનદર્શન વગેરે પ્રમાણો કહ્યા છે? એમ શંકા ન કરવી પરંતુ શિષ્યની બુદ્ધિના વિકાસ માટે વિસ્તાર કર્યો છે. (૧૪૩)

આ પ્રમાણે સંપૂર્ણ ભાવપ્રમાણ કહ્યું છે. તે કહેવાથી દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ રૂપ ચારે પ્રકારના પ્રમાણો પૂર્ણ થયા. આ પ્રમાણો વડે દ્રવ્યો જાણી શકાય છે. આથીજ દ્રવ્યોનું પ્રમાણ તે દ્રવ્યપ્રમાણ એ પ્રમાણેની વ્યુત્પત્તિ વડે દ્રવ્યપ્રમાણ દ્વારને હવે કહે છે.

અહીં મિથ્યાદ્રષ્ટિ, સાસ્વાદન વગેરે ચૌદ જીવસમાસ રૂપ જીવદ્રવ્યોનો જ પ્રસંગ છે. આથી (માપવા યોગ્ય) તેને જ આ ચારે પ્રમાણવડે દરેક જેટલા પ્રમાણમાં છે, તેટલા પ્રમાણમાં જાણવા માટે ગાથા બતાવે છે.



## પ્રકરણ-૫ મું

### જીવ-દ્રવ્ય-પ્રમાણ

**मिच्छादव्वमणंता कालेणोसप्पिणी अणंताओ ।**
**खेत्तेण मिज्जमाणा हवंति लोगा अणंताओ ॥ १४४ ॥**

ગાથાર્થ : મિથ્યાદ્રષ્ટિ જીવો દ્રવ્યોથી અનંતા છે. કાળથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ છે ક્ષેત્રથી માપતા અનંતા લોકાકાશ પ્રમાણ થાય. (૧૪૪)

**ટીકાર્થ** : મિથ્યાદ્રષ્ટિ જીવો દ્રવ્યપ્રમાણથી અનંતા છે. કાલપ્રમાણ વડે માપતા તેજ મિથ્યાદ્રષ્ટિ જીવદ્રવ્યો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં જેટલા સમયો થાય તેટલા પ્રમાણમાં સર્વલોકવર્તી એકેન્દ્રિય વગેરે સર્વે મિથ્યાદ્રષ્ટિ જીવદ્રવ્યો છે. ક્ષેત્રપ્રમાણ વડે માપતા તેજ મિથ્યાદ્રષ્ટિ જીવદ્રવ્યો અનંતા લોક એટલે અનંતા લોકાકાશમાં જેટલા આકાશપ્રદેશો છે તેટલા પ્રમાણ છે. ભાવપ્રમાણ વડે અહીં માપ જણાવ્યું નથી. કેમકે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ પ્રમાણના અંતર્ગત રહીને જ તેનો પ્રયોગ થાય છે. જેમ સંખ્યાત, અસંખ્યાત, અનંત સ્વરૂપ સંખ્યાઓ ભાવપ્રમાણમાં કહેવાય છે. અને આ સંખ્યાઓ વડે જ મુખ્યપણે દ્રવ્યોનું માપ કરાય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તો સંખ્યાના જ વિશેષણ રૂપે રહેલા ગુણ રૂપ જ છે તેથી મુખ્યપણે દરેકમાં અંતર્ગત રહેલ ભાવપ્રમાણ વડે દ્રવ્યો મપાય છે આથી અહીં તે ભાવપ્રમાણ જુદું કહ્યું નથી, આ પ્રમાણે બીજા સ્થાનોમાં પણ વિચારવું. (૧૪૪)

હવે સાસ્વાદન અને સમ્યગ્ મિથ્યાદ્રષ્ટિ વિષયક પ્રમાણ કહે છે.

**एगाईया भज्जा सासायण तह य सम्ममिच्छाय य ।**
**उक्कोसेणं दुण्हवि पल्लस्स असंखभागो उ ॥१४५॥**

ગાથાર્થ ટીકાર્થ : સાસ્વાદન અને સમ્યગદ્રષ્ટિઓ અધ્રુવ હોવાથી લોકમાં કોઈક વખત હોય અને કોઈક વખત હોતા નથી. જો હોય છે તો એક, બે, ત્રણથી લઇ ઉત્કૃષ્ટથી બન્ને પ્રકારોમાં દરેકના ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત ભાગ જેટલા હોય છે. એટલે ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાત ભાગે જેટલા ક્ષેત્ર પ્રદેશો છે તેટલા પ્રમાણ બંને જુદાજુદા સાસ્વાદન અને મિશ્ર દ્રષ્ટિ ઉત્કૃષ્ટથી કોઇક વખત હોય છે. (૧૪૫)

હવે અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરેનું પ્રમાણ કહે છે.

पल्लाऽसंखियभागो अविरय सम्मा य देसविरया य ।
कोडिसहस्सपुहुत्तं पमत्त इयरे उ संखेज्जा ॥१४६॥

ગાથાર્થ : અવિરત સમ્યગ્દ્રષ્ટિ તેમજ દેશવિરતિવાળા પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ છે. પ્રમત્તો કોડીસહસ્ર પૃથક્ત્વ છે. અને અપ્રમત્ત સંખ્યાતા પ્રમાણ છે. (૧૪૬)

**ટીકાર્થ** : અવિરત સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્તો સામાન્યપણે સર્વલોક આશ્રયી ધ્રુવ હોવાથી કોઈપણ સમયે એનો વ્યવચ્છેદ થતો નથી અર્થાત કાયમ હોય છે જ આથી એમની અહીં વિચારણા કરાય છે.

પ્ર. : કોઈપણ સમયે આ દરેક ગુણઠાણે કેટલા જીવો પ્રાપ્ત થાય છે ?

ઉ : અવિરત સમ્યગ્દ્રષ્ટિ જઘન્યથી ક્ષેત્રપલ્યોપમના અસંખ્યતમાં ભાગમાં રહેલા પ્રદેશ પ્રમાણ હોય છે. ઉત્કૃષ્ટથી પણ એટલાજ પ્રમાણમાં પણ અસંખ્યાતના અસંખ્યાત ભેદો છે માટે જઘન્યથી ઉત્કૃષ્ટ અસંખ્યાતગુણ જાણવું. દેશવિરતો પણ એટલાજ પ્રમાણમાં પણ અવિરત સમ્યગ્દ્રષ્ટિનો પલ્યોપમનો અસંખ્યાતનો ભાગ મોટો જાણવો અને આનો નાનો ભાગ જાણવો.

પૂર્વમાં કહેલ છે અર્થ જેનો એવા પ્રમત્તસંયતો સામાન્યથી પંદર કર્મભૂમિઓમાં પણ જઘન્યથી કોટી સહસ્રપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી પણ કોટી સહેસ્ર પૃથક્ત્વ હોય છે પૃથક્ત્વ એટલે 'બે થી નવની સંખ્યા' એ પ્રમાણે સિદ્ધાંતની સંજ્ઞા છે. તેથી જઘન્યપણે બે હજાર ક્રોડથી ઉપર ઉત્કૃષ્ટથી પણ નવહજાર ક્રોડ સુધી પ્રમત્ત સંયતો હોય છે એમ કહ્યું છે. બીજાઓ એટલે પૂર્વમાં કહેલ શબ્દાર્થ વાળા અપ્રમત્તસંયત્તો સંખ્યાતા મળે છે. પણ પ્રમતસંયતોથી તો થોડા જ છે. (૧૪૬)

હવે અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય રૂપ ત્રણ ગુણઠાણામાં મોહનીય કર્મના ઉપશમકો અને ક્ષપકોજ હોય છે. બીજા નહીં ઉપશાંત મોહગુણઠાણામાં તો મોહનીય કર્મ જેનું ઉપશાંત થયું હોય તે જ હોય છે. તથા ક્ષીણમોહી ગુણઠાણે ક્ષીણમોહી આત્માઓ જ હોય, બીજા નહીં. એ પ્રમાણે આગમ ગુણઠાણાના વિચારમાં નિર્ણય કર્યો છે. આથી અહીં અપૂર્વકરણથી ક્ષીણમોહ ગુણઠાણા સુધીના પાંચ ગુણઠાણાઓમાં જે જીવદ્રવ્યો છે. તેઓનું પ્રમાણ મોહઉપશમક, ઉપશાંતમોહ, મોહક્ષપક અને ક્ષીણમોહ પ્રમાણ દ્વારા વિચાર કરવાની ઈચ્છાથી મોહઉપશમક અને ઉપશાંતમોહનું જે પ્રમાણ છે તે કહે છે.

एगाइय भयणिज्जा पवेसणेणं तु जाव चउपन्ना ।
उवसामगोवसंता अद्धं पइ जाव संखेज्जा ॥१४७॥

ગાથાર્થ : ઉપશામકો જ્યારે ઉપશમશ્રેણીમાં પ્રવેશ કરે ત્યારે એકથી લઇ યાવત્ ચોપ્પન સુધી જીવો હોય છે સંપૂર્ણ ઉપશશ્રેણીના કાળ આશ્રયી ઉપશમકો અને ઉપશાતમોહીઓ સંખ્યાતા જીવો હોય છે. (૧૪૭)

**ટીકાર્થ** : અહીં મોહનીયકર્મના ઉપશામકો અને ઉપશાંતમોહીઓ કોઇક વખત હોય છે અને કોઇક વખત ન પણ હોય. કારણકે ઉપશમ શ્રેણીના અંતરનો સંભવ છે. જ્યારે તેઓ હોય છે. ત્યારે એક વગેરેથી લઈ ઉપશામકો તથા ઉપશાંતમોહીઓ બંન્ને પ્રવેશને આશ્રયી બે, ત્રણ, ચારથી ચોપ્પન સુધી હોય છે. એટલે ઉપશમ શ્રેણીમાં એકી સાથે એકસમયમાં પ્રવેશને આશ્રયી સમજવું. સિદ્ધાંતમાં નિયમ છે કે, એકથી લઇ ચોપ્પન સુધીજ જીવો એક સમયમાં ઉપશમશ્રેણી સ્વીકારે છે, વધારે નહીં. આ અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર સંપરાય, સૂક્ષ્મસંપરાય ગુણઠાણે રહેલ જીવો ઉપશામક કહેવાય છે. ઉપશાંતમોહ ગુણઠાણે રહેલા ઉપશાંતમોહી કહેવાય છે. આ પ્રમાણે એક સમયે એકી સાથે પ્રવેશને આશ્રયી ચોપ્પન જીવો કહ્યા છે હવે જુદા જુદા સમયે પ્રવેશેલા જીવો આશ્રયી કહે છે.

અહીં અદ્ધા શબ્દ વડે ઉપશમશ્રેણીની શરૂઆતથી અંતસુધીનો જે શ્રેણીકાળ તે જાણવો. તે કાળ અસંખ્યાત સમય રૂપ અંતર્મુહૂર્ત પ્રમાણ સમજવો. ઉપશમ શ્રેણી અંતર્મુહૂર્ત પછી નિરંતર હોતી નથી. તેથી આ અંતર્મુહૂર્ત રૂપ ઉપશમ શ્રેણીના કાળને વિચારતા ઉપશામકો અને ઉપશાંતો એકબીજા સમયોમાં પ્રવેશેલા હોય ત્યારે ઉત્કૃષ્ટથી સંખ્યાતા પ્રમાણ થાય છે. તે આ પ્રમાણે.

આંતર્મુહૂર્ત પ્રમાણકાળ વાળી ઉપશમશ્રેણીમાં એકજ સમયે એકીસાથે એક વગેરેથી લઈ ચોપ્પન સુધી જીવો પ્રવેશ કરે, બીજા સમયે પણ એટલાજ જીવો પ્રવેશે, ત્રીજા સમયે પણ એટલાજ, એ પ્રમાણે જુદાજુદા સમયે પ્રવેશેલા સર્વ થાય લઈએ તો સંપૂર્ણ ઉપશમશ્રેણી કાળમાં કર્મભૂમિમાંથી કોઈક વખત ઉત્કૃષ્ટ પણે સંખ્યાતા ઉપશામકો અને સંખ્યાતા ઉપશાંત મોહીઓ મળે. તે પછી ઉપશમશ્રેણીનો નિરંતર અભાવ હોય છે.

પ્ર. : જો અંતર્મુહૂર્ત પ્રમાણવાળી ઉપશમશ્રેણીના કાળમાં અસંખ્યાતા જીવો થાય છે તે દરેક સમયમાં જો એકેક જીવ પ્રવેશ કરે તો પણ અસંખ્યાતા જીવો થાય છે. તો પછી એકી સાથે ચોપ્પન પ્રવેશ કરે તો અસંખ્યાતા કેમ ન થાય?

ઉ. : તમે કહ્યું એ પ્રમાણે જો અસંખ્યાતા દરેક સમયોમાં તેઓનો પ્રવેશ થતો હોય તો થઇ શકે, પણ એ પ્રમાણે નથી. કોઇ કોઈ સમયોમાં જ તેમના પ્રવેશનો સંભવ હોય છે. એ પ્રમાણે અતિશય જ્ઞાનીઓએ જોયું છે. ગર્ભજ મનુષ્યો પણ અસંખ્યાતા હોવાના અસંભવ છે. તેમાં ચારિત્રવંતો અસંખ્યાતા વિશેષથી અસંભવે છે. અને ઉપશમશ્રેણી ચારિત્રવંત ગર્ભજ મનુષ્ય વગર બીજાને હોતી નથી. વધુ વિસ્તારથી સર્યું.

તેથી અહીં આ પ્રમાણે નક્કી થયું કે અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર સંપરાય, સૂક્ષ્મ-સંપરાય, રૂપ ત્રણ ગુણઠાણામાં દરેકની અંદર એકી સાથે એકજ સમયમાં પ્રવેશેલાને લઈને જઘન્યથી એક વગેરે અને ઉત્કૃષ્ટથી ચોપ્પન ઉપશમિકો કોઈક વખત પ્રાપ્ત થાય છે. જુદા જુદા સમયે પ્રવેશેલાને આશ્રયી તો ઉત્કૃષ્ટથી સંખ્યાતા પણ કોઇક વખત જ મળે છે ઉપશાંત મોહગુણઠાણે પણ એ પ્રમાણે જ જાણવું પરંતુ ઉપશાંત ગુણઠાણે ઉપશાંતમોહી કહેવા. (૧૪૭)

હવે મોહક્ષપક અને ક્ષીણમોહીઓનું પ્રમાણ કહે છે.

खवगाउ खीणमोहा जिणाउ पविसन्ति जाव अट्ठसयं ।
अद्धाए सयपुहुत्तं कोडिपुहुत्तं सजोगीणं ॥१४८॥

ગાથાર્થ : ક્ષપકો અને ક્ષીણમોહી જિનો ક્ષપકશ્રેણીમાં પ્રવેશ કરે ત્યારે એક, બે થી લઇ ઉત્કૃષ્ટ ૧૦૮ સુધી પ્રવેશે છે. ક્ષપકશ્રેણીમાં ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ જીવો હોય સયોગી કેવલીઓ કોડપૃથક્ત્વ હોય છે. (૧૪૮)

**ટીકાર્થ** : અહીં પણ મોહનીયકર્મના ક્ષપકો અને ક્ષીણમોહીઓ કોઇક વખત હોય છે અને કોઇક વખત ન પણ હોય. કારણ કે ક્ષપકશ્રેણી હંમેશ હોય એવો નિયમ નથી. તેથી જ્યારે હોય ત્યારે ક્ષપકો અને રાગ વગેરેને જીતેલ હોવાથી ક્ષીણમોહ જીવો ક્ષપક શ્રેણીમાં એકીસાથે એકજ સમયે પ્રવેશ કરે તો જઘન્યથી એક વગેરેને ઉત્કૃષ્ટથી એકસોને આઠ હોય છે. અને એઓ અપૂર્વકરણ અનિવૃત્તિબાદર સંપરાય અને સૂક્ષ્મ સંપરાયે રહેલા હોય ત્યારે ક્ષપક કહેવાય. અને શ્રેણી મસ્તક રૂપ ક્ષીણમોહ ગુણઠાણે ક્ષીણમોહી કહેવાય છે.

પ્ર. : એક સમયમાં પ્રવેશ કરેલા આટલાજ મળે છે વધારે નહીં એમ શેનાંથી કહો છો ?

ઉ. : એક સમયમાં એકીસાથે ક્ષપકશ્રેણીમાં જઘન્યથી એક વગેરે અને ઉત્કૃષ્ટથી એકસોઆઠ સુધીજ પ્રવેશેલા હોય, વધારે નહીં એ પ્રમાણે સિદ્ધાંતમાં નિયમથી કહેવાય છે. આમ એકી સાથે એક સમયમાં પ્રવેશેલાને આશ્રયી પ્રમાણ કહ્યું. હવે જુદાજુદા સમયે પ્રવેશેલાને આશ્રયી પ્રમાણ કહે છે.

અદ્ધા એટલે ક્ષપકશ્રેણીકાળ તે અસંખ્યેય સમયાત્મક અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવો. તે ઉપર કહેલ સ્વરૂપવાળા કાળમાં ઉત્કૃષ્ટથી ક્ષપકો અને ક્ષીણમોહીઓ દરેક શતપૃથક્ત્વ હોય છે. તે આ પ્રમાણે :-અંતર્મુહૂર્ત પ્રમાણ ક્ષપકશ્રેણીના કાળમાં એક સમયમાં એકીસાથે એકથી લઇ ઉત્કૃષ્ટપણે એકસોઆઠ પ્રમાણ જીવો મોહ ક્ષય માટે પ્રવેશે. એ પ્રમાણે બીજા બીજા સમયોમાં બીજા પણ ઘણા જીવોનો પ્રવેશ સંભવે. તેથી જુદાજુદા સમયે પ્રવેશેલા સર્વને એકત્રિત કરીએ તો, સંપૂર્ણ અંતર્મુહૂર્ત પ્રમાણ ક્ષપકશ્રેણીના કાળમાં સામાન્ય રૂપે

સમસ્ત મનુષ્ય ક્ષેત્રમાં કોઇકવખત શતપૃથક્ત્વ ક્ષપકો અને શતપૃથક્ત્વ ક્ષીણમોહીઓ હોય છે. તે પછીથી ક્ષપકશ્રેણીનો નિરંતર અભાવ હોય છે.

આ જીવો અસંખ્યાત કેમ ન હોય ? તેનું શંકા સમાધાન ઉપશમશ્રેણી મુજબ જાણવું. તેથી અહીં આ પ્રમાણે નક્કી થયું કે : અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય એ ત્રણ ગુણઠાણામાં દરેકમાં એકીસાથે એક સમયે પ્રવેશેલા જઘન્યથી એક વગેરેથી ઉત્કૃષ્ટપણે એકસો આઠ ક્ષપકો કોઈક વખત હોય છે. જુદા જુદા સમયે પ્રવેશેલા આશ્રયી શતપૃથકત્વ પ્રમાણવાળા જ તેઓ કોઇક વખત હોય છે. પૃથકત્વનો અર્થ પૂર્વમાં કહેલ છે. ક્ષીણમોહ ગુણઠાણે પણ એ પ્રમાણેજ જાણવું, પરંતુ ક્ષપકના સ્થાને ક્ષીણમોહીઓ કહેવા.

આ પ્રમાણે પૂર્વની ગાથામાં કહેલ ઉપશામકો અને આ ગાથામાં કહેલ ક્ષપકો બંને મેળવી અપૂર્વકરણ, અનિવૃતિ બાદર, સૂક્ષ્મસંપરાય ગુણઠાણા વતી જીવદ્રવ્યોની સર્વ સંખ્યા વિચારવા. કેમકે આ બે પ્રકારના જીવો ઉપશાંતમોહી જીવદ્રવ્યો હોય છે. અને ક્ષીણમોહ ગુણઠાણે ક્ષીણમોહી જીવદ્રવ્યો હોય છે. એતો નિર્ણીત છે. આ રીતે ક્ષીણમોહ ગુણઠાણા સુધીના જીવદ્રવ્યો કહ્યા-

હવે સયોગી ગુણઠાણે રહેલ સયોગી કેવલી જીવદ્રવ્યોનું પ્રમાણ કહે છે. સયોગી કેવલીઓ હંમેશાં હોય જ છે એમનો વ્યવચ્છેદ થતો નથી. તેઓ સામાન્ય પંદર કર્મભૂમિઓમાં જઘન્ય ક્રોડપૃથક્ત્વ અને ઉત્કૃષ્ટથી ક્રોડપૃથક્ત્વ પ્રમાણ હોય છે.

અયોગી કેવલીઓ તો કોઇક વખત હોય છે અને કોઇક વખત ન પણ હોય જ્યારે હોય ત્યારે જઘન્યથી એક અથવા બે અને ઉત્કષ્ટથી સંખ્યાતા હોય છે. એ સૂત્રકારે સુગમપણા વગેરે કારણથી ન કહ્યું હોવા છતાં પણ સ્વયં જાણી લેવું. (૧૪૮)

આ પ્રમાણે સામાન્યથી આ ચૌદ જીવસમાસ વતી જીવદ્રવ્યોનું પ્રમાણ કહ્યું, હવે નરક વગેરે ગતિ વિસેષથી તે પ્રમાણ કહેવાની ઇચ્છાથી નરકગતિમાં તેનું પ્રમાણ કહે છે.

**पढमाए असंखेज्जा सेढीओ सेसीआसु पुढवीसु ।**
**सेढीअसंखभागो हवंति मिच्छा उ नेरइया ॥१४९॥**

ગાથાર્થ :-પ્રથમ નરકમાં અસંખ્યાતી શ્રેણી પ્રમાણ નારકો છે. બાકીની છ નરકોમાં દરેકમાં શ્રેણીના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ મિથ્યાદષ્ટિ નારકો હોય છે.(૧૪૯)

**ટીકાર્થ** : પહેલી રત્નપ્રભા નરકપૃથ્વીમાં મિથ્યાદૃષ્ટિ નારકો અસંખ્યાતી શ્રેણી પ્રમાણ હોય છે. એટલે સંવર્તન કરી ઘનરૂપે બનાવેલ લોકની અસંખ્યાતી આકાશ

શ્રેણીઓમાં જેટલા આકાશ પ્રદેશ હોય તેટલા પ્રમાણમાં પહેલી નરક પૃથ્વીમાં સર્વમળી મિથ્યાદૃષ્ટિ નારકો છે.

બાકીની શર્કરાપ્રભા વગેરે ૭ નારક પૃથ્વીઓમાં દરેકમાં ઘન કરેલ લોકના એક આકાશ શ્રેણીના અસંખ્યાતમા ભાગે જેટલા આકાશપ્રદેશો હોય તેટલા મિથ્યાદ્રષ્ટિ નારકો હોય છે. અહીં બીજી પૃથ્વીમાં શ્રેણીના અસંખ્યાત ભાગ વર્તી જે નારકો છે તેનાથી ત્રીજી પૃથ્વીમાં નારકો શ્રેણીના અસંખ્યાતા ભાગવર્તી રૂપે તો સરખા છે. પણ બીજી કરતા અસંખ્યાતમાં ભાગે જાણવા કેમકે અસંખ્યાતના અસંખ્યાતા ભેદો છે. એમ ત્રીજી નરકના નારકોથી ચોથી પૃથ્વીના નારકો અસંખ્યાતમે ભાગે જ છે. એમ છઠ્ઠી પૃથ્વીના નારકોથી સાતમી પૃથ્વીના નારકો અસંખ્યાતમે ભાગે છે. અસંજ્ઞી માછલા વગેરે પહેલી નરકમાં ઉત્પન્ન થાય તેથી આગળ નહીં આથી તેમાં નારકો વધુ છે. સંજ્ઞીઓમાં પણ બહુ, બહુત્તર, બહુત્તમ વગેરે સંક્લેશ યુક્ત બીજી વગેરે નરક પૃથ્વીમાં ઉત્પન્ન યોગ્ય અધ્યવસાયવાળા હોવાથી અનુક્રમે ઓછા ઓછા હોય છે. માટે તે પૃથ્વીઓમાં અનુક્રમે નારકો ઓછા હોય છે એમ વિચારવું. આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ નારકો કહ્યા. સાસ્વાદન અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નારકો સાતે નારકોમાં કોઈ વખત હોય છે અને કોઈ વખત ન પણ હોય. જો હોય તો ચારે ગતિમાં સામાન્યથી પહેલા કહેલ દરેક ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ ઉત્કૃષ્ટથી કહ્યા છે તદનુસારે અહીં પણ એક ફક્ત નરકગતિ આશ્રયી કેટલાક થોડાકજ જાણવા.

અવિરત સમ્યગ્દૃષ્ટિઓ દરેક પૃથ્વીઓમાં હંમેશા અવ્યવચ્છિન્નપણે અસંખ્યતા હોય છે. અને અસંખ્યાત એટલે ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગવર્તી સામાન્ય રૂપ ચારે ગતિમાં અવિરત સમ્યક્ત્વીઓ હોય છે એમ પહેલા નિર્ણય કર્યો છે. તદનુસાર અહીં પણ કંઇક થોડા જાણવા. દેશવિરતો વગેરે તો નરકગતિમાં હોતા નથી એમ પહેલા નિર્ણય કરેલ છે. (૧૪૯)

ચૌદ જીવસમાસો : ચૌદ જીવસમાસાંતર્ગત મિથ્યાદૃષ્ટિ જીવદ્રવ્યોનું તિર્યંચગતિથી વિશેષિત પ્રમાણ કહે છે.

तिरिया हुंति अणंता पयरं पंचिंदिया अवहरंति ।
देवावहार काला असंखगुणहीणं कालेणं ॥१५०॥

ગાથાર્થ : સામાન્યથી મિથ્યાદૃષ્ટિ તિર્યંચો અનંતા છે. જ્યારે પંચેદ્રિય તિર્યંચો ઘનકૃત લોકના સતરાજ લાંબા પહોળા એક પ્રદેશ જાડાઇવાળા પ્રતરમાં આકાશપ્રદેશ પ્રમાણ છે અને કાળથી દેવ અપહારના કાળથી અસંખ્યા ગુણ હિન છે.

**ટીકાર્થ** : 'મિથ્યાદૃષ્ટિઓ' એમ પૂર્વગાથામાંથી આવે છે. સામાન્યથી એકેન્દ્રિય વગેરે મિથ્યાદૃષ્ટિ તિર્યંચો અનંતા છે વિશેષ વિચાર કરતા સામાન્યથી પર્યાપ્ત અપર્યાપ્ત રૂપ મિથ્યાદૃષ્ટિ પંચેંદ્રિય તિર્યંચો સંવર્તિત કરેલ ઘનરૂપ અસંખ્ય પ્રતરાત્મક લોકના સાતરાજ લાંબાપહોળા, એક પ્રદેશ માત્ર જાડાઇવાળા અસંખ્ય પ્રદેશ પ્રમાણ પ્રત્તરનો અપહાર, એકબીજા પર ગોઠવેલ ઘણા માંડાઓમાંથી જેમ એક માંડો ખેંચવામાં આવે તેમ અપહાર કરવો, આ અપહાર કેટલા કાળે થાય તે કહે છે. દેવોનો અપહાર કાળથી અસંખ્યગુણ હીન કાળે થાય છે. આનું તાત્પર્ય આ પ્રમાણે છે. આ પંચેંદ્રિય તિર્યંચો ક્ષેત્રથી સામાન્ય રૂપે ઉપર કહેલ પ્રતરોના અસંખ્યેય ભાગમાં અસંખ્ય કોડાકોડી યોજનમાં રહેલ આકાશ પ્રદેશની શ્રેણીમાં જેટલા પ્રદેશો છે તેટલા પ્રમાણમાં કહ્યા છે.

કાળથી અસંખ્ય ઉત્સર્પિણી સમય પ્રમાણ છે. કહ્યું છે કેઃ– હે ભગવંત ! પંચેન્દ્રિય તિર્યંચો કેટલા કહેલા છે? ગૌતમ ! કાલથી અસંખ્યાત એટલે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીનો અપહાર કરાય છે ક્ષેત્રથી અસંખ્યાત શ્રેણીઓ પ્રત્તરનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ તે શ્રેણીઓ અસંખ્યાત યોજન કોડાકોડી પ્રમાણ વિષ્કંભ સૂચી પ્રમાણ જાણવી" વગેરે આથી પ્રતરના અસંખ્યાત ભાગ વર્તી અસંખ્યાત કોડાકોડી યોજન આકાશશ્રેણીમાં રહેલ પ્રદેશોના જથ્થા બરાબર સામાન્યથી પંચેન્દ્રિય તિર્યંચ જીવો છે. એ સર્વે દરેક સમયે દરેક પ્રદેશને એક એક ગ્રહણ કરે તો દેવોના અપહાર કાળથી અસંખ્યગુણ હીન કાળે સર્વ પ્રતર અપહરાઇ જાય.

સર્વ દેવો પણ પંચેદ્રિય તિર્યંચોથી અસંખ્યગુણ હીન છે. પંચેદ્રિય તિર્યંચો તો તેઓથી અસંખ્યગુણા છે એમ પ્રજ્ઞાપના મહાદંડકમાં કહ્યું છે. તેથી સર્વ દેવો પણ દરેક પ્રદેશને એકેક ગ્રહણ કરતા પંચેદ્રિય તિર્યંચોથી અસંખ્યગુણ હીનપણાથી અલ્પ છે. પંચેન્દ્રિય તિર્યંચો અપહાર કાળથી અસંખ્ય કાળે સર્વ પ્રતરને અપહરે છે પંચેદ્રિય તિર્યંચો દેવોથી અસંખ્યગુણ વડે વધુ છે. સામર્થ્યથી દેવના અપહાર કાળથી જ અસંખ્યાતગુણ હીન કાળ યુક્ત થોડાજ કાળમાં સર્વ પ્રત્તરને આ પ્રમાણે અપહરણ કરે છે. અંગુલના અસંખ્યાતમા ભાગરૂપ દરેક પ્રત્તરખંડને જો સર્વ પંચેન્દ્રિય તિર્યંચો ગ્રહણ કરે તો એકીસાથે સંપૂર્ણ પ્રતરનો અપહાર કરે છે. એમ જાણવું.

હવે વૈક્રિયલબ્ધિધારી મિથ્યાદ્રષ્ટિ તિર્યંચોનું પ્રમાણ કહે છે.

**पढमंगुलमूलस्सासंखतमो सूइसेढिआयामो ।**
**उत्तरविउव्वियाणं पज्जतयसन्नितिरियाणं ॥१५१॥**

**ગાથાર્થ: ઉત્તરવૈક્રિય પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચો અંગુલ પ્રમાણ પ્રતર ક્ષેત્રનું જે પહેલું વર્ગમૂળ છે તેનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ સૂચી શ્રેણીના વિસ્તારમાં જે પ્રદેશો છે તેટલા પ્રમાણમાં હોય છે. (૧૫૧)**

**ટીકાર્થ** :- હમણા કહેલ સામાન્ય પંચેદ્રિય તિર્યંચોમાં પર્યાપ્ત સંજ્ઞી ગર્ભજ પંચેન્દ્રિય વૈક્રિય લબ્ધિધારી તિર્યંચોનું આ પ્રમાણ થાય છે. વૈક્રિયશરીરી પર્યાપ્ત ગર્ભજ પંચેદ્રિય તિર્યંચો કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણીના સમય જેટલા છે. ક્ષેત્રથી પ્રત્તરના અસંખ્યાતમાં ભાગની અસંખ્યાતી શ્રેણીઓના જે પ્રદેશોરાશિ સમાન સિદ્ધાંતમાં કહેલ છે. કહ્યું છે કે "હે ભગવંત! પંચેન્દ્રિય તિર્યંચ યોનિક વૈક્રિયશરીરી કેટલા કહ્યા છે ? હે ગૌતમ ! કાળથી અસંખ્યાત, એટલે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ વડે જે અપહરી શકાય એટલો ક્ષેત્રથી પ્રતરના અસંખ્યાતમાં ભાગની અસંખ્યાતી શ્રેણીઓ પ્રમાણ છે.

પ્ર. : પ્રતરના અસંખ્યાતમાં ભાગે અસંખ્યાત શ્રેણીઓ અસંખ્યાત કોડાકોડી યોજનવાળી પણ હોય છે. તો તે શું તેટલા વિસ્તારવાળી શ્રેણીઓ અહીં ગ્રહણ કરો છો કે બીજા પ્રમાણની ? આગમમાં પણ **असंखेज्जाओ सेढीओ** એમ કહીને તરત જ કહ્યું **तासिणं ढीण विक्खंभ सूइ अंगुलपढमवग्गमूलस्सअसंखेज्जइ भागो** તે અસંખ્યાતી શ્રેણીઓની વિષ્કંભ સૂચી તીર્ચ્છી વિસ્તારવાળી પ્રદેશ પંક્તિ એ પ્રમાણે તેનો સાર છે તે જાણવી એમ કહ્યું જે તો અહીં ક્યા પ્રમાણની લેવી.

ઉ. : અહીં સૂત્રકાર પોતે આગમતને સંવાદક ગાથામાં કહે છે. અંગુલપ્રમાણ પ્રતરક્ષેત્રનું જે મૂળ એટલે વર્ગમૂળ એને અંગુલ મૂળ કહે છે. તેમાં પહેલું જે વર્ગમૂળ તે પ્રથમાંગુલ મૂળ તે પ્રથમાંગુલ તો અસંખ્યાતમો જે ભાગ તે પ્રમાણવાળી સૂચીશ્રેણીની આયામ એટલે વિસ્તાર જાણવો. એનુ તાત્પર્ય આ પ્રમાણે છે. અંગુલ પ્રમાણ પ્રત્તરક્ષેત્રમાં જે શ્રેણીઓમાં રાશિ છે તેમાં અસંખ્યાતા વર્ગમૂળો થાય છે. તેમાં પહેલા વર્ગમૂળમાં જે શ્રેણીઓ છે તેઓનો અસંખ્યાતમાં ભાગે જેટલી શ્રેણીઓ છે તેટલા પ્રમાણ સૂચીશ્રેણીનો વિસ્તાર અહીં ગ્રહણ કરવો. તે અંગુલ પ્રમાણ પ્રતરક્ષેત્રમાં પણ અસંખ્યાતી શ્રેણીઓ થાય છે. અને પહેલુ વર્ગમૂળ પણ તેઓની અસંખ્યાત શ્રેણી રૂપ છે તેના અસંખ્યાતમા ભાગમાં પણ અસંખ્યાતી શ્રેણીઓ છે. અને તેઓમાં એકેક શ્રેણી અસંખ્યાત પ્રદેશાત્મક જ છે, આથી આ સર્વ અસંખ્યાતી શ્રેણીઓમાં જે અસંખ્યાત પ્રદેશો તેટલા પ્રમાણમાં ઉત્તરવૈક્રિય શરીર લબ્ધિ વાળા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યાતા દ્વીપ વગેરેમાં હાથી, માછલા, વંસ વગેરે રૂપે હોય છે. એમ સ્વીકારવું.

અહીં શિષ્યોના અનુગ્રહ માટે કરી કલ્પનાથી ગાથાનો કંઇક ભાવાર્થ કહે છે: અંગુલ પ્રમાણ પ્રતર ક્ષેત્રમાં અસંખ્યાત શ્રેણી રૂપમાં ૬૫૫૩૬ શ્રેણીઓની કલ્પના કરવી ૬૫૫૩૬

ની સંખ્યાનું પહેલું વર્ગમૂળ ૨૫૬ થાય, બીજું વર્ગમૂળ ૧૬ થાય, ત્રીજું વર્ગમૂળ ૪ થાય છે, ચોથું વર્ગમૂળ ૨ થાય છે. આ વર્ગમૂળો વાસ્તવિક પણે દરેક અસંખ્યાત શ્રેણી રૂપ જાણવા. તેમાં ૨૫૬ રૂપ પહેલા વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ રૂપ ૩૨ શ્રેણીઓ કલ્પવી તે દરેક શ્રેણીઓ વાસ્તવીક પણે અસંખ્યાત પ્રદેશાત્મક પણ અસત્ કલ્પનાએ દશ પ્રદેશાત્મક વિચારવી. તેથી ૩૨૦ પ્રમાણ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય વૈક્રિય લબ્ધિમંત તિર્યંચો જાણવા. વાસ્તવીક રીતે તો અસંખ્યાતા જાણવા. અપર્યાપ્ત અને અસંજ્ઞીઓને વૈક્રિય લબ્ધિ હોતી જ નથી માટે પર્યાપ્ત સંજ્ઞી વિશેષણ લીધું છે. (૧૫૧)

આ પ્રમાણે મિથ્યાદ્રષ્ટિ એકેન્દ્રિયવગેરે તિર્યંચોનું સામાન્યથી પહેલા પ્રમાણ કહ્યું, તે પછી પર્યાપ્ત અપર્યાપ્ત સ્વરૂપ સામાન્યથી પંચેદ્રિય તિર્યંચો, તે પછી ઉત્તરવૈક્રિય લબ્ધિવંત પંચેન્દ્રિય તિર્યંચો કહ્યા. હવે પહેલા કહેલ પર્યાપ્ત અપર્યાપ્ત પંચેન્દ્રિયતિર્યંમાંથી વિશેષથી નક્કી કરી પર્યાપ્તા જ સ્ત્રી, પુરૂષ, નપુંસક સ્વરૂપ પચેન્દ્રિય તિર્યંચોનું પ્રમાણ કહે છે.

## संखेज्जहीण कालेण होइ पज्जत्त तिरिय अवहारो।
## संखेज्ज गुणेण तओ कालेण तिरिक्ख अवहारो ॥१५२॥

**ગાથાર્થ :** સંખ્યાત હીણ કાલવડે પર્યાપ્ત તિર્યંચનો અપહાર થાય છે અને સંખ્યાત ગુણ કાલવડે તિર્યંચ સ્ત્રીનો અપહાર થાય છે. (૧૫૨)

**ટીકાર્થ** :–દરેક સમયે દરેક પ્રદેશને એકએક અપહરણ કરતા જેટલા કાળે દેવોનું પ્રતરનો અપહાર થાય, તે કાળથી સંખ્યાતગુણ હીન કાળે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોના પ્રતરનો અપહાર થાય છે. એની વિચારણા સામાન્યથી પહેલા કહેલ પંચેન્દ્રિય તિર્યંચોની જેમ જ કરવી. પરંતુ આટલું વિશેષ છે કે સામાન્યથી પર્યાપ્ત અપર્યાપ્તા રૂપ પંચેન્દ્રિય તિર્યંચો દેવોથી અસંખ્યાત ગુણ છે, માટે દેવોના અપહાર કાળથી તેમનો અપહારકાળ અસંખ્યાત ગુણ હીન છે. એમ આગળ કહ્યું છે. અહીં તો પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો દેવોથી સંખ્યાતગુણ છે માટે દેવોના અપહારકાળથી તેમનો અપહારકાળ સંખ્યાતગુણ વડે હીન છે, પણ અસંખ્યાતગુણ હીન નથી. એમ પ્રસ્તુતગ્રંથનો અભિપ્રાય છે. જ્યારે પ્રજ્ઞાપનાના અભિપ્રાયે તો પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો પણ દેવાથી અસંખ્યાત ગુણા જ છે કારણકે દેવોના અપહાર કાળથી એમનો અપહાર કાળ પણ અસંખ્યાત ગુણ જ હીન છે નહીં કે સંખ્યાતગુણ હીન એમ જણાય છે. તથા ઘણા સ્થાનોમાં તેમજ અહીં આ પ્રકરણમાં પણ બીજા સ્થળોએ અત્યંત ઉપયોગી હોવાથી પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલ મહાદંડક પાઠ જ અહીં લખીએ છીએ.

તે આ પ્રમાણે :— હે ભગવંત ! સર્વજીવોનું અલ્પબહુત્વ મહાદંડકનું કીર્તન કરું છું. (કહું છું)

સર્વથી થોડા ગર્ભવ્યુત્ક્રાંતિક (ગર્ભઉત્પન્ન)મનુષ્યો
તેનાથી મનુષ્ય સ્ત્રીઓ સંખ્યાતગુણી
તેનાથી પર્યાપ્ત બાદર તેઉકાયો અસંખ્યાતગુણા
તેનાથી અનુત્તરોપપાતિ દેવો અસંખ્યાતગુણા
તેનાથી ઉપરીમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા
" મધ્યમ ગ્રૈવેયક દેવો સંખ્યાતગુણા
" હેટ્ઠિમ " " "
" અચ્યુત કલ્પના " "
" આરણ " " "
" પ્રાણત " " "
" આનત " " "
" નીચે સાતમી પૃથ્વીના નારકો અસંખ્યાતગુણા
" " છઠ્ઠી તમા " " "
" સહસ્રાર કલ્પના દેવો "
" મહાશુક્ર " " "
" પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નારકો "
" લાંતક કલ્પના દેવો "
" ચોથી પંકપ્રભાપૃથ્વીના " "
તેનાથી બ્રહ્મદેવલોકના દેવો અસંખ્યાતગુણા
" ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નારકીઓ "
" માહેન્દ્ર કલ્પના દેવો "
" સનતકુમાર " " "
" બીજી શર્કરાપ્રભા પૃથ્વીના "
" સંમૂર્છિમ મનુષ્યો "
" ઈશાન કલ્પના દેવો "
" " " ની દેવીઓ સંખ્યાતગુણી
" સૌધર્મ " ના દેવો " ગુણા
" " " ના દેવીઓ " ગુણી
" ભવનવાસિ દેવો અસંખ્યાતગુણા

તેનાથી ભવનવાસિની દેવીઓ સંખ્યાતગુણી
" રત્નપ્રભા પૃથ્વીના નારકો અ " ગુણા
" ખેચર પચેન્દ્રિય તિર્યંચયોની પુરૂષઅ.સ.ગુણ
" " " તિર્યંચયોની સ્ત્રીઓ સં.ગુણ
" સ્થળચર તિર્યંચયોનિક પુરૂષો "
" " " " સ્ત્રીઓ " ગુણી "
" જળચર " " પુરૂષો " ગુણા "
" " " " " સ્ત્રીઓ " ગુણી "
" વાણવ્યંતર દેવો " ગુણા "
તેનાથી વાણવ્યંતર દેવી સંખ્યાતગુણી
" જ્યોતિષ દેવો " ગુણા
" " દેવીઓ " ગુણી
" ખેચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક નપુંસકો અસંખ્યાતગુણા
" સ્થળચર " " " "સં.ગુણા
" જળચર " " " "
" ચઉરિન્દ્રિય પર્યાપ્ત "
" પંચેન્દ્રિય " વિશેષાધિક
" બેઇન્દ્રિ " "
" તેઇન્દ્રિય " "
" પચેંદ્રય અપર્યાપ્ત અસંખ્યાત ગુણા
" ચઉરેંદ્રિય " વિશેષાધિક
" તેઇંદ્રિય " "
" બેઇંદ્રિય " "
" પર્યાપ્ત પ્રત્યેક બાદર વનસ્પતિકાયિક અ.ગુણા
" " " નિગોદ "
" " " પૃથ્વીકાય "
" " " અપકાય "
" " " વાયુકાય "
" અ " " તેઉકાય "

તેનાથી અપર્યાપ્ત બાદર પ્રત્યેકશરીરી<br>
વનસ્પતિકાય અસંખ્યાતગુણા<br>
” અપર્યાપ્ત બાદર નિગોદ અસંખ્યાતગુણા<br>
” ” ” પૃથ્વીકાય ”<br>
” ” ” અપકાય ”<br>
” ” ” વાયુકાય ”<br>
” અપર્યાપ્ત સૂક્ષ્મ તેઉકાય ”<br>
” ” ” પૃથ્વીકાય વિશેષાધિક<br>
” ” ” અપકાય ”<br>
” ” ” વાયુકાય ”<br>
” પર્યાપ્ત ” તેઉકાય સંખ્યાતગુણા<br>
” ” ” પૃથ્વીકાય વિશેષાધિક<br>
” ” ” અપકાય ”<br>
” ” ” વાયુકાય ”<br>
” અ ” ” નિગોદ અ. ગુણ<br>
” પર્યાપ્ત ” ” સં. ગુણ<br>
” અભવ્ય સિદ્ધિકો અનંતગુણા<br>
,, પરિપતિત સમ્યગ્દષ્ટિ ,,<br>
” ” સિદ્ધો ”<br>
,, પર્યાપ્ત બાદર વનસ્પતિકાય ,,<br>
” ” ” બાદર વિશેષાધિક

તેનાથી અપર્યાપ્ત બાદર વનસ્પતિકાય અસં.ગુણ<br>
” ” બાદર વિશેષાધિક<br>
” ” બાદરો ”<br>
,, અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાય અસં.ગુણ<br>
” ” સૂક્ષ્મ વિશેષાધિક<br>
,, પર્યાપ્ત ,, વનસ્પતિકાય સં. ગુણા<br>
” ” ,, પર્યાપ્ત વિશેષાધિક<br>
” ” સૂક્ષ્મો ”<br>
” તિર્યંચો ”<br>
” ભવ સિદ્ધિકો ”<br>
” નિગોદ જીવો ”<br>
” વનસ્પતિ જીવો ”<br>
” એકેન્દ્રિયો ”<br>
તેનાથી તિર્યંચ યોનિકો વિશેષાધિક<br>
” મિથ્યાદૃષ્ટિઓ ”<br>
” અવિરતો ”<br>
” સકષાયીઓ ”<br>
” છદ્મસ્થો ”<br>
” સયોગીઓ ”<br>
” સંસારસ્થો ”<br>
તેનાથી સર્વજીવો વિશેષાધિક

પ્ર. : પ્રજ્ઞાપના મહાદંડકમાં જે નપુંસક ખેચર પંચેન્દ્રિય તિર્યંચો વગેરે જીવરાશિઓ જ્યોતિષ સુધીના દેવોથી અસંખ્યગુણ વગેરે રૂપે કહેલા છે, તે રાશિઓના ઉપરજ આગળ પર્યાપ્તા પંચેંદ્રિયો વિશેષાધિક રૂપે કહેલા છે. તો પછી પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચો દેવોથી અસંખ્યાતગુણા કેમ ન થાય ?

ઉ. : 'પ્રજ્ઞાપના મહાદંડકમાં જે પર્યાપ્ત પંચેંદ્રિયો ગ્રહણ કર્યા છે તે સામાન્યથી ચારે ગતિના પર્યાપ્ત પંચેંદ્રિયો સમજવા. અને તે વધુ હોવાથી દેવાથી અસંખ્યાત ગુણા થઈ જ શકે છે. પરંતુ ચાલુ ગાથામાં કહેલ 'પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચો ફક્ત એક તિર્યંચગતિના વિષયરૂપે હોવાથી થોડા છે.' એ પ્રમાણે તમે કહો છો તો તે

બરાબર નથી. કેમ કે મહાદંડકમાં સામાન્યથી પર્યાપ્ત પંચેંદ્રિય લીધા હોવા છતાં પર્યાપ્ત પંચેંદ્રિયો તિર્યંચો જ રહે છે. કારણકે નારક અને મનુષ્ય પંચેંદ્રિયો તો અલ્પ હોવાથી જ્યોતિષિ દેવોની પહેલા ઘણે દૂર અસંખ્યાતના ભાગ રૂપે કહેલ છે. માટે તેઓને ગ્રહણ કરવાથી અહીં કશોજ વધારો થતો નથી. તેથી પર્યાપ્ત ચઉરિંદ્રિયથી પણ વિશેષાધિક પણે કહેવાવડે અહીં પણ પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચો જ ખરેખર કહ્યા છે. આથી પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચો પ્રજ્ઞાપના સૂત્રના અભિપ્રાયે દેવોથી સંખ્યાત ગુણા જણાય છે.

તે પ્રમાણે હોવાથી દેવ પ્રતરના અપહાર કાળથી તેઓનો તે અપહાર કાળ પૂર્વની જેમ અસંખ્યાત ગુણ હીન જ ઘટી શકે છે.

પણ સંખ્યાગુણ હીન નહિં. એમ અમે જાણીએ છીએ. પંડિતોએ પણ જો બીજી રીતે ઘટી શકે એમ હોય તો કોઇપણ જાતના વિરોધ વગર ઘટાવવું. પ્રસંગથી સર્યું. આ પ્રમાણે વિશેષથી પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચોનું પ્રમાણ કહ્યું.

હવે ઉત્તરાર્ધ વડે એઓમાંથી તીર્યંચ સ્ત્રીઓના પ્રમાણને નક્કી કરી કહે છે તે દેવ સંબંધી પ્રતરાપહાર કાલથી સંખ્યાત ગુણ કાળ વડે તિર્યંચીણીના પ્રતરનો અપહાર જાણવો આ વાત મહાદંડક વડે સંગત થાય છે. જેથી ત્યાં પણ વ્યંતર વગેરે દેવોથી આગળ પહેલા તિર્યંચીણીઓ સંખ્યાતમા ભાગે રહેલ છે. એમ કહ્યું છે. વ્યંતર વગેરે દેવો તો તેઓથી સંખ્યાતગુણા કહ્યા છે. આથી દેવી ઘણા હોવાથી તીર્યંચીણીના પ્રત્તરાપહાર કાળથી સંખ્યાત ગુણહીન કાળ વડે પહેલા કહેલ રીતે પ્રતરોનો અપહાર કરે છે. તિર્યંચિણીઓ દેવોથી સંખ્યાત-ગુણહીન હોવાથી અલ્પ છે. માટે તેના અપહારકાળથી સંખ્યાતગુણ કાળે પ્રત્તરનો અપહાર કરે છે. એજ યુક્તિયુકત છે. આ સર્વ તિર્યંચગતિમાં મિથ્યાદ્રષ્ટિનું પ્રમાણ કહ્યું.

સાસ્વાદન, મિશ્ર, અવિરત અને દેશવિરત વગેરે સામાન્ય ચાર ગતિ અનુસાર કહેલ ઔધિક જે પ્રમાણ કહ્યું છે તે અનુસારે વિભાગથી અહીં પણ સમજવું. કંઇક જાતે જ જાણવું પ્રમત્ત વગેરે તો તિર્યંચગતિમાં હોતા જ નથી. એમ પહેલાજ નક્કી કરી લીધું છે. (૧૫૨)

આ પ્રમાણે તિર્યંચગતિમાં સામાન્યથી તિર્યંચોનું પ્રમાણ કહ્યું તે પછી સમાન્ય અને વિશેષથી પંચેદ્રિય તિર્યંચોનો પ્રમાણ કહ્યું. હવે પૃથ્વીકાય વગેરેનું વિશેષથી પ્રમાણ કહેવાનું છોડી દઈ પંચેન્દ્રિયપણાના સામ્યતાથી મનુષ્યગતિમાં મનુષ્યોનું પ્રમાણ કહે છે.

संखेज्जा पज्जता मणुयाऽपज्जत्तया सिया नत्थि ।
उक्कोसेण जइ भवे सेढीए असंखभागो उ ॥१५३॥

ગાથાર્થ:- પર્યાપ્તા મનુષ્યો સંખ્યાતા જ હોય છે અપર્યાપ્તા મનુષ્યો કોઈક વખત હોય છે, કોઇવખત નથી હોતા. જ્યારે હોય ત્યારે શ્રેણીના અસંખ્યાતમા ભાગે હોય છે. (૧૫૩)

**ટીકાર્થ** : મનુષ્યો બે પ્રકારે છે (૧) સ્ત્રીનાગર્ભમાં ઉત્પન્ન થયેલ ગર્ભજ. (૨) અને મનુષ્યના વાયુના પ્રકોપથી પડેલ પિત્ત. (માત્ર વાયુમાં ઉત્પત્તિનો અસંભવ છે માટે વાયુના પ્રકોપથી થયેલ ઉલટી પિત્તમાં બે ઘડી પછી સંમૂચ્છિંમ મનુષ્યો ઉત્પન્ન થાય. તે સમૂચ્છિંમો. જેમનું સ્વરૂપ પહેલા વિસ્તારથી કહી ગયા છે. તેમાં ગર્ભજો પર્યાપ્ત અને અપર્યાપ્ત બન્ને હોય છે. સંમૂચ્છિંમો અંતર્મુહૂર્ત આયુષ્યવાળા અપર્યાપ્તા જ મરે છે. આથી તેઓ પર્યાપ્તા થતા જ નથી. વગેરે પણ પહેલા કહી ગયા છીએ. તેથી અહીં પર્યાપ્ત ગ્રહણ વડે ગર્ભજોજ પર્યાપ્તા જાણવા. અપર્યાપ્ત લેવા વડે ગર્ભજ અપર્યાપ્તા અને સંમૂચ્છિંમ અપર્યાપ્તાઓ સ્વીકારેલા છે એમ સમજવું. આ પ્રમાણે જે પર્યાપ્ત ગર્ભજો છે તેઓ (ધ્રુવ) નક્કી સંખ્યાવડે હોવાથી હંમેશા સંખ્યાતા જ હોય છે. પણ સંખ્યાતાના સંખ્યાતા ભેદ છે. એમાથી કઇ સંખ્યાવડે સંખ્યાતા જાણવા. છઠ્ઠા વર્ગને પાંચમાં વર્ગને સાથે ગુણવાથી જે સંખ્યા આવે તે સંખ્યા પ્રમાણ ગર્ભજો જાણવા.

હવે વર્ગ એટલે શું ? તે કહે છે. આ પંચમો વર્ગ શું છે ? છઠ્ઠો વર્ગ કેવા પ્રકારનો છે ? વગેરેનું સ્વરૂપ કહે છે. જેમાં કોઈ એક સંખ્યા ને તેજ સંખ્યા વડે ગુણતા જે સંખ્યા આવે તે વર્ગ એકજ કહેવાય છે તેમને એક વૃદ્ધિ હોવાથી એકનો વર્ગ થાય છે. માટે તે વર્ગ જ ન ગણાય. (૧)બેનો વર્ગ ચાર થાય છે આ પહેલો વર્ગ. (૨) ચાર નો વર્ગ સોળ થાય એ બીજો વર્ગ. (૩) સોળનો વર્ગ બસોને છપ્પન થાય, (૨૫૬) એ ત્રીજો વર્ગ બસો છપ્પનનો વર્ગ (૬૫૫૩૬) પાંસઠ હજાર પાંચસો છત્રીસ એ ચોથો વર્ગ. (૫) આ સંખ્યાનો વર્ગ દોઢ ગાથાવડે કહે છે. ચારસો કરોડ ઓગણત્રીસ ક્રોડ ઓગણપચાસ લાખ સડસઠ હજાર બસોન છન્નુ(૪૨૯ ૪૯ ૬૭૨૯૬) એ પાંચમો વર્ગ (૬) આ સંખ્યાનો વર્ગ ત્રણ ગાથા વડે કહે છે નવલાખ કોડાકોડી ચોર્યાશી હજાર ચારસો સડસઠ કોડાકોડી, ચુમાલીસ લાખ કોડ, સાત હજાર, ત્રણસો સીત્તર ક્રોડ, પંચાણુ લાખ, એકાવન હજાર છસો ને સોલ, (૯૮૪૪૬૭,૪૪૦,૭૩ ૭૦૯૫૫૧૬૧૬) પ્રમાણ છઠ્ઠો વર્ગ છે આ છઠ્ઠા વર્ગને ઉપર કહેલા પાંચમા વર્ગવડે ગુણતા જે સંખ્યા થાય તેમાં જઘન્યથી પણ પર્યાપ્ત ગર્ભજ મનુષ્યો હોય છે. તે સંખ્યા આ પ્રમાણે છે ૭૯૨, ૨૮૧, ૬૨૫,

૧૪૨, ૬૪૩, ૩૭૫, ૯૩૫, ૪૩૯, ૫૦૩, ૩૬, આ સંખ્યાને કોડાકોડી વગેરે કોઈપણ પ્રકારે કોઈપણ કહી શકે નહી આથી છેલ્લેથી આંકડાના સંગ્રહ રૂપ બે ગાથા કહે છે.

तिन्न तिन्न सुन्नं पंचेव य नव य तिन्नि चत्तारि ।
पंचेव तिन्न नव पंच सत्त तिण्णेव तिण्णेव ॥१॥
चउ छट्ठो चउ एक्को पण दो छक्केकगो य अट्ठवा ।
दो दो नव सत्तेव य अंकठाणा इगुणतीस ॥२॥

આ પ્રમાણે ઉપર કહેલ ઓગણત્રીસ આંકડાવાળી સંખ્યા વડે સંખ્યાતા જઘન્યથી પણ ગર્ભજ પર્યાપ્તા મનુષ્યો હોય છે. એમ નક્કી થયું.

જે ગર્ભજ અપર્યાપ્તા મનુષ્યો તથા સંમૂચ્છિંમ અપર્યાપ્તા મનુષ્યો એ બંન્ને કોઇક વખત હોય છે અને કોઇક વખત નથીયે હોતા. જયારે ન હોય ત્યારે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી. નો ગર્ભજ મનુષ્યોનો ઉત્પત્તિ વિરહકાળ તથા સંમૂચ્છિંમ મનુષ્યોનો ઉત્પત્તિ વિરહ કાળ જઘન્યથી એક મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૪ મુહૂર્તનો આગમમાં કહેલો છે. પૂર્વમાં ઉત્પન્ન થયેલ પણે અંતમુહૂર્ત આયુષ્ય પૂર્ણ થયે છતે બિલકુલ નિર્લેપ થાય છે. તેથી આ બન્ને અપર્યાપ્તા અધ્રુવ હોવાથી કોઇક વખત હોય છે કોઇક વખત ન હોય, જો હોય ત્યારે આ પર્યાપ્તાઓ પૂર્વમાં કહેલ પર્યાપ્તાઓ બધાયે મળીને મનુષ્યો ઉત્કૃષ્ટ શ્રેણીના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ થાય છે. એટલે ભેગો કરેલ ઘનરૂપ લોકની એક શ્રેણીના પ્રદેશ પક્તિનાં અસંખ્યાતમે ભાગે જેટલા પ્રદેશો હોય તેટલા પ્રમાણ સર્વે મનુષ્યો ઉત્કૃષ્ટથી જાણવા. (૧૫૩)

આ પ્રમાણે એક શ્રેણીના અસંખ્યાતમાં ભાગ રૂપ પ્રદેશ રાશિ પ્રમાણ ઉત્કૃષ્ટથી સમસ્ત મનુષ્યોને કહ્યા હોવા છતાં પણ બીજા પ્રકારે તેનું નિરૂપણ કરે છે.

## उक्कोसेण मणुयासेढी च हरंति रूवपक्खित्ता ।
## अंगुल पढमयतिय वग्गमूल संवग्ग पलिभागा ॥१५४॥

ગાથાર્થ : ઉત્કૃષ્ટપણે મનુષ્યોમાં એક રૂપ ઉમેરવા વડે તે શ્રેણીના અંગુલ પ્રમાણ ક્ષેત્રના પહેલાં વર્ગમુળને ત્રીજા વર્ગમુળ સાથે ગુણના જે શ્રેણીખંડરૂપ નિયતભાગ હોય તેનો અપહાર કરવો (૧૫૪)

**ટીકાર્થ** : च કાર બીજા પ્રકારે પણ ઉત્કૃષ્ટ મનુષ્યોની સંખ્યા છે એમ બતાવવા માટે છે. તે બીજો પ્રકાર આ પ્રમાણે થાય છે. ફક્ત શ્રેણીના અસંખ્યાતા ભાગ પ્રમાણ પ્રદેશરાશિ જેટલા સમસ્ત મનુષ્યો નથી, પરંતુ શ્રેણીને એટલે પ્રદેશ પંકિત રૂપને સંપૂર્ણ પણે અપહાર કરાય છે, તે શ્રેણી કેવી છે તો કે ઉત્કૃષ્ટ પદે રહેલ મનુષ્યોમાં એક મનુષ્ય ઓછો છે. તેમાં અસતકલ્પનાએ એક મનુષ્ય ઉમેરવો. પછી શું તે શ્રેણીના દરેક

પ્રદેશને એક એક કરીને અપહાર કરવો ? ના એમ નહીં. પણ તે શ્રેણીના અંગુલ પ્રમાણ ક્ષેત્રનું પહેલું વર્ગમૂળ કરવું તે પછી આગળ કહેલ પ્રમાણે બીજું વર્ગમૂળ, તે પછી ત્રીજું વર્ગમૂળ કરવું. તેમાં જે અંગુલ પ્રમાણ શ્રેણીક્ષેત્રના પહેલા વર્ગમૂળને ત્રીજા વર્ગમૂળ સાથે ગુણાકાર કરવો તે ગુણાકાર કરવા વડે જે શ્રેણી ખંડરૂપ પ્રતિનિયત ભાગ છે. તેમાથી તેને આશ્રયીને તેઓ સંપૂર્ણ શ્રેણીનો અપહાર કરે છે. આનો તત્પર્યાર્થ આ પ્રમાણે છે. આંગળના પહેલા વર્ગમૂળની જે ક્ષેત્રપ્રદેશ સંખ્યા છે તેને ત્રીજા વર્ગમૂળની પ્રદેશ સંખ્યા-વડે ગુણતા જે પ્રદેશરાશિ થાય તે પ્રમાણ ક્ષેત્રના ખંડને જો દરેક મનુષ્ય શ્રેણીમાંથી અપહરે ત્યારે ઉત્કૃષ્ટ પદે રહેલા સર્વ મનુષ્યો એકીસાથે તે લોકપ્રદેશની એકશ્રેણીને સંપૂર્ણ પણે અપહરે છે. જો એક મનુષ્ય રૂપ વધારે તે મનુષ્યરાશિમાં ઉમેરવામાં આવે તો તે ન ઉમેરાય. કેમકે મનુષ્યોની ઉત્કૃષ્ટ સંખ્યા પરમગુરૂ તીર્થંકારોએ એક સંખ્યા ન્યૂન રૂપે જોઈ છે. કેમકે એ પ્રમાણે ઉપર કહેલા પ્રમાણવાળા ક્ષેત્રખંડોને એક લોક શ્રેણીમાં જેટલા પ્રદેશો થાય તેટલા રૂપ નાખવાથી ઉત્કૃષ્ટથી સર્વ મનુષ્યો થાય છે. એ પ્રમાણે સામર્થ્યથી જણાય છે. અને આ રીતે પૂર્વ ગાથામાં કહેલ શ્રેણીના અસંખ્યાત ભાગવર્તીપણાનો વિરોધ આવતો નથી. જો કે એક મનુષ્ય પોતાના અપહૃત ક્ષેત્રખંડ પ્રદેશોના અસંખ્યાતમે ભાગે હોય છે. આથી પ્રસ્તુત સંપૂર્ણ ક્ષેત્રખંડરૂપ સર્વ શ્રેણીના અસંખ્યાતમે ભાગે સર્વ મનુષ્યો હોય છે. એ પ્રસિદ્ધ છે. વધુ વિસ્તારથી સર્યું. આ પ્રમાણે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પંચેન્દ્રિય મનુષ્યોનું પ્રમાણ કહ્યું.

અહીં મનુષ્યગતિમાં મિથ્યાદ્રષ્ટિથી લઇ અયોગી સુધીના ચૌદે જીવસમાસો હોય છે તેમાં સંમૂર્છિમ મનુષ્યોતો સર્વે મિથ્યાદ્રષ્ટિ જ છે. ગર્ભજોમાં પણ ઘણા મિથ્યાદ્રષ્ટિ જ છે બાકીના તો સાસ્વાદનથી અયોગી સુધીના ઓઘપ્રમાણાનુસારે જાતેજ વિચારી લેવા. (૧૫૪)

હવે પંચેંદ્રિય ક્રમથી જ દેવગતિમાં ભવનપતિ, વ્યંતર, જયોતિષ્કોનું પ્રમાણ એક ગાથા વડે જ કહે છે.

## सेढीओ असंखेज्जा भवणे वणजोइसाण पयरस्स ।
## संखेज्जा जोयणंगुल दोसय छप्पन्न पलिभागो ॥१५५॥

**ગાથાર્થ** : ભવનપતિ દેવો પ્રતરનાઅસંખ્યાતમા ભાગમાં રહેલ શ્રેણી પ્રમાણ છે. જ્યારે વ્યંતરો જયોતિષીઓ એક પ્રદેશવાળી સંખ્યાતા યોજન પ્રમાણ શ્રેણી તથા એક પ્રદેશવાળી ૨૫૬ અંગુલ પ્રમાણ શ્રેણી જેટલા છે, (૧૫૫)

**ટીકાર્થ** : ગાથામાં **भवणे** એ વિભક્તિનો વ્યત્યય થવાથી થયું છે. તથા પદના એક દેશ વડે સમસ્ત પદ જણાય એ ન્યાયે અહીં **भवणे** પદથી ભવનપતિ દેવો જાણવા.

તે દેવો પ્રત્તરના અસંખ્યાતમા ભાગમાં રહેલ શ્રેણીઓમાં જેટલા પ્રદેશો છે તેટલા પ્રમાણમાં છે. તે શ્રેણીઓનું માપ આગળ કહેવાશે.

વ્યંતરો અને જ્યોતિષીઓ અનુક્રમે પહેલા કહેલ સ્વરૂપવાળા એક પ્રત્તરના એક પ્રદેશવાળી સંખ્યાતા યોજન પ્રમાણ પંક્તિ, તથા એક પ્રાદેશિકી બસોછપ્પન અંગુલ પ્રમાણ પંક્તિનો ભાગાકાર કરવા પ્રમાણ થાય છે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે.

એક પ્રદેશવાળી સંખ્યાતા યોજન પ્રમાણ પંક્તિમાં જેટલા આકાશ પ્રદેશો છે. તે સર્વ વડે પ્રતર પ્રદેશ રાશિનો ભાગ અપહરાય છે. અને આ ભાગ કરવા વડે જેટલા પ્રમાણ પ્રદેશક્ષેત્રખંડ મળે છે. તેમાં જેટલા આકાશ પ્રદેશો છે તેટલા પ્રમાણમાં બધાય વ્યંતર દેવો છે. અથવા ઉપર કહેલ ભાગાકાર પ્રમાણ પ્રતરક્ષેત્રખંડને જો એકએક વ્યંતર દેવ અપહરણ કરે તો સમસ્ત પ્રતર તે વ્યંતર દેવો એકીવખતે અપહરી લે છે. એ પ્રમાણે ઉપરનો અને આ એકજ અર્થ છે.

તથા ૨૫૬ અંગુલપ્રમાણ એકપ્રદેશવાળી પંક્તિમાં જેટલા આકાશ પ્રદેશો છે. તે સર્વ પ્રદેશો વડે પ્રતર પ્રદેશનો રાશિનો ભાગ કરવામાં આવે અને તે ભાગ કરવા વડે જેટલા પ્રમાણમાં પ્રતર ક્ષેત્રખંડ મળે, તેમાં જેટલા આકાશ પ્રદેશો હોય તેટલા પ્રમાણ જ્યોતિષિ દેવો હોય છે. અથવા ઉપર ભાગ કરેલ પ્રતર ક્ષેત્રખંડને જો દરેક દરેક જ્યોતિષી દેવ અપહાર કરે તો સંપૂર્ણ પ્રત્તર તે જ્યોતિષી દેવો એકી વખતે અપહરી લે. એ પ્રમાણે અહીં પણ એકજ અર્થ છે. મહાદંડકમાં જ્યોતિષી દેવો વ્યંતરોથી સંખ્યાતગુણ કહ્યા છે. તે અહીં વ્યંતરો અસંખ્યાતગુણ હીન પ્રત્તરના ભાગ પ્રમાણ તેમને કહ્યા છે. (૧૫૫)

હવે દેવગતિમાં વૈમાનિકોનું પ્રમાણ કહે છે.

**सक्कीसाणे सेढीअसंख उवरिं असंखभागो उ ।**
**आणयपाणयमाई पल्लस्स असंखभागो उ ॥१५६॥**

**ગાથાર્થ : સૌધર્મ અને ઈશાન દેવલોકમાં અસંખ્યાતી શ્રેણી પ્રમાણ દેવો છે. તેની ઉપરના દેવલોકમાં શ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. આનતપ્રાણત વગેરે દેવલોકમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દેવો છે. (૧૫૬)**

**ટીકાર્થ :** શક્ર એટલે સૌધર્મેન્દ્ર તેનાથી જણાતો સૌધર્મ દેવલોક જ અહીં લેવો. સૌધર્મ દેવલોકમાં સર્વે દેવો પૂર્વમાં કહેલ સ્વરૂપવાળા ઘન કરેલ લોકના જે પ્રતરની અસંખ્યાતી શ્રેણીઓ થાય છે. તે પ્રતરના અસંખ્યાતમા ભાગે રહેલ અસંખ્યાતી શ્રેણીઓમાં જેટલા આકાશ પ્રદેશો છે. તેટલા પ્રમાણમાં સૌધર્મ દેવલોકમાં સર્વ દેવો થાય.

ઈશાન દેવલોકમાં પણ દેવોનું પ્રમાણ આ પ્રમાણેજ એટલે પ્રતરના અસંખ્યાતમાં ભાગે રહેલ અસંખ્યાતી શ્રેણીઓના પ્રદેશરાશિસમાન કહેવું. ફક્ત ઈશાન દેવો સૌધર્મ દેવોથી સંખ્યાતગુણહીન છે. આ પ્રમાણે મહાદંડકમાં કહ્યું છે.

સૌધર્મેશાનથી ઉપર સનતકુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર સહસ્રાર, આ છ દેવેલોકમાં સમચોરસ ઘન કરેલ લોકની એકપ્રાદેશીક શ્રેણીના અસંખ્યાતમા ભાગે જેટલા પ્રદેશો હોય તેટલા પ્રમાણમાં દરેક દેવલોકમાં હંમેશા દેવો હોય છે. પરસ્પરનું અલ્પબહુત્વ મહાદંડકમાંથી જાણી લેવું.

આનત, પ્રાણત, આરણ, અચ્યુત, દેવલોક, અધસ્તન, મધ્યમ અને ઉપરિતન ગ્રૈવેયકો અને અનુત્તર વિમાનોમાં દરેકમાં ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે જેટલા પ્રદેશો છે તેટલા દેવો હંમેશા હોય છે. પરસ્પરનું અલ્પબહુત્વ મહાદંડકમાં કહ્યા પ્રમાણે છે. (૧૫૬)

અહીં આગળ કોઇ પૂછે છે કે:– ભવનપતિઓ, રત્નપ્રભાપૃથ્વીના નારકો, સૌધર્મઇશાન દેવો પ્રતરના અસંખ્યાતમાં ભાગમાં રહેલ અસંખ્યાતી શ્રેણીઓના પ્રદેશ પ્રમાણ રૂપે સામાન્યથી પ્રહેલા તમે કહી ગયા છે. પરંતુ તે પ્રતરના અસંખ્યાતમા ભાગે રહેલ અસંખ્યાતી શ્રેણીઓ અસંખ્યાતા કોડાકોડી યોજન પ્રમાણ પણ છે. તો શું આ માપની શ્રેણીઓ તેમાં લેવી કે બીજા માપની શ્રેણીઓ લેવી. તેની શંકા કરી ભવનપતિ વગેરેની શ્રેણીઓનું નક્કી વિસ્તાર પ્રમાણ કહે છે.

## सेढीसूइपमाणं भवणे धम्मे तहेव सोहम्मे ।
## अंगुलपढमं बियतिय समणंतर वग्गमूलगुणं ॥१५७॥

**ગાથાર્થ** : **ભવનપતિ, ધમ્માનરક તથા સૌધર્મ દેવલોકના જીવો શ્રેણી સૂચી પ્રમાણ છે તેમાં ભવનપતિદેવો અંગુલના પ્રથમ વર્ગમૂળને સમ અનંતર વર્ગમૂળ સાથે ગુણવાથી ધર્મનારકો બીજા વર્ગમૂળ સાથે ગુણવાથી સૌધર્મ દેવો ત્રીજા વર્ગમૂળ સાથે ગુણવાથી થાય છે. (૧૫૭)**

**ટીકાર્થ** : પ્રત્તરમાં પહેલા કહેલ અસંખ્યતી જે પ્રદેશપંક્તિઓ ઉર્ધ્વગામી હોય તે શ્રેણીઓ તરીકે ગણાય છે. અને તેજ તિર્ચ્છી જાય તો સૂચિ તરીકે મનાય છે. તેથી પહેલા કહેલ સાતરાજ લાંબી ઉર્ધ્વગામીની પ્રદેશપંક્તિરૂપ શ્રેણીઓના તિર્ચ્છા વિસ્તાર રૂપ સૂચિ. તે શ્રેણી સૂચિ પ્રમાણ થાય છે. તે શ્રેણી સૂચિપ્રમાણ કોને થાય છે? ભવનપતિઓને, ધર્મા એટલે રત્નપ્રભા પૃથ્વીના નારકો અને સૌધર્મકલ્પના દેવોને થાય છે. તે શ્રેણી સૂચિ પ્રમાણ થાય તેમને કેટલા પ્રમાણમાં હોય છે. તે કહે છે સમનંતર વર્ગમૂળ વડે ગુણેલુ એ દરેકની સાથે જોડવું તેથી અંગુલના પહેલા વર્ગમૂળ રૂપ સંખ્યાને

સમનંતર (તેજ) વર્ગમૂળ સાથે ગુણવાથી ભવનપતિની શ્રેણીના વિસ્તાર રૂપ સૂચિ થાય છે. તે પહેલા વર્ગમૂળને પણ બીજા વગર્મૂળ રૂપ સમનંતર વર્ગમૂળ સાથે ગુણવાથી રત્નપ્રભાના નારકોની શ્રેણીના વિસ્તાર રૂપ સૂચિ થાય છે. આ બીજા વર્ગમૂળને પણ ત્રીજા વર્ગમૂળ રૂપ સમનંતર વર્ગમૂળ સાથે ગુણવાથી સૌધર્મદેવોની શ્રેણી વિસ્તાર રૂપ સૂચિ થાય છે. હવે આનો તાત્પર્યાર્થ કહે છે.

પ્રત્તરનું જે અંગુલપ્રમાણ ક્ષેત્ર છે તે વાસ્તવિક રીતે અસંખ્યાતશ્રેણી રૂપ છે જે શ્રેણીઓ શિષ્યોને સુખપૂર્વક જાણી શકાય માટે બસ્સો છપ્પન પ્રમાણ તેની કલ્પના કરે છે. આ સંખ્યાનું પહેલું વર્ગમૂળ બીજું વર્ગમૂળ અને ત્રીજું વર્ગમૂળ લેવાય છે. આ ત્રણે વર્ગમૂળો અસંખ્યાત શ્રેણી રૂપ છે છતાં પણ પહેલા કહેલ કારણથી જ પ્રથમ વર્ગમૂળમાં સોળ શ્રેણીઓ બીજાવર્ગમાં ચાર શ્રેણી અને ત્રીજામાં બે શ્રેણી કલ્પાય છે. આ પ્રમાણે કર્યા પછી વાસ્તવીક પણે અસંખ્યાત શ્રેણીરૂપ અને કલ્પનાથી બસો છપ્પન શ્રેણીરૂપ અંગુલપ્રમાણ પ્રતર ક્ષેત્રને વાસ્તવીક પણે અસંખ્યાત શ્રેણીરૂપ અને કલ્પનાથી સોળ શ્રેણીરૂપ પહેલા વગમૂળ રૂપ સમનંતર વર્ગમૂળ વડે ગુણવાથી વાસ્તવિકપણે અસંખ્યાત શ્રેણીના વિસ્તાર રૂપ કલ્પનાવડે (૪૦૯૬) ચાર હજાર છન્નુ શ્રેણીના વિસ્તારરૂપ ભવનપતિઓની વિષ્કંભસૂચિ થાય છે. આટલી પ્રત્તર શ્રેણીઓમાં જેટલા આદેશપ્રદેશો થાય છે તેટલા ભવનપતિ દેવો થાય છે એ પ્રમાણે આગળ ભાવાર્થ જાણવો. જે પહેલું વર્ગમૂળ છે તેને બીજા વર્ગમૂળ રૂપ સમનંતર વર્ગમૂળ સાથે ગુણતા રત્નપ્રભાના નારકોની વિષ્કંભ સૂચિ થાય છે. આ પણ વાસ્તવિક પણે અસંખ્યાત શ્રેણી રૂપ છે. કલ્પલોથી ૬૪ ચોસઠ શ્રેણીરૂપ જાણવી. જે બીજુ વર્ગમૂળ છે તેને ત્રીજા વર્ગમૂળ રૂપ સમનંતર વર્ગમુળ સાથે ગુણવાથી સૌધર્મ દેવોની વિષ્કંભ સૂચિ થાય છે. આ પણ સદ્ભાવથી અસંખ્યાત શ્રેણી રૂપ છે પણ કલ્પનાથી આઠ (૮) શ્રેણી રૂપ જાણવી. આ ચાલુ ગ્રંથનો અભિપ્રાય છે.

આ વાત પ્રજ્ઞાપના મહાદંડક તેમજ અનુયોગદ્વાર વગેરે સાથે વિસંવાદ પામે છે. તે આ પ્રમાણે પ્રજ્ઞાપના મહાદંડકમાં ભવનપતિઓથી રત્નપ્રભા નારકો અસંખ્યાતગુણા કહ્યા છે જ્યારે ચાલુ ગ્રંથની ગાથામાં રત્નપ્રભા વિષ્કંભ સૂચિ લઈ ભવનપતિ સુચિ અસંખ્યાત ગણી મોટી રૂપે કહી છે માટે રત્નપ્રભાનારકોથી ભવનપતિઓજ અસંખ્યાત ગુણા થયા આમ આ સ્પષ્ટ વિસદૃશતા જણાય છે.

અનુયોગ દ્વારમાં પણ રત્નપ્રભા નારકોની સંખ્યાના વિચારમાં "તેઓની વિષ્કંભ શ્રેણી સૂચી અંગુલ પ્રથમ વર્ગમૂળને બીજા વર્ગમૂળ સાથે ગુણવાથી" પ્રત્યુત્પન્ન એટલે ગુણાકાર. એ વચન ભવનપતિ સંખ્યાના વિચારમાં તેઓની વિષ્કંભ શ્રેણી સૂચી અંગુલના પ્રથમ વર્ગમૂળના સંખ્યાત ભાગે છે. આ પ્રમાણે રત્નપ્રભા નારકોની વિષ્કંભ સૂચીથી

ભવનપતિની વિષ્કંભ સૂચિ અસંખ્યાતમે ભાગે પ્રગટપણે કહી છે એમ જણાય છે. આ વાત પ્રસ્તુત ગ્રંથ સાથે વિપરીત આવે છે તેથી અહીં '**धम्मे भवणे तहेय सोहम्मे** આ પ્રમાણે પાઠનો ફેરફાર કરવાથી કંઇક થોડો પણ અર્થ મેળ આવે છે. પરંતુ મૂળ સુત્રની પ્રતોમાં કોઇ પણ જગ્યાએ આ પ્રમાણે દેખાતું નથી વધુ વિસ્તારથી સર્યું'. અહીં ઇશાન દેવોની વિષ્કંભ સૂચિ કહી નથી. પણ ઇશાન દેવોથી સૌધર્મ દેવો સંખ્યાત ગુણા છે એમ મહાદંડકમાં કહેલ છે. તેના અનુસારે વિષ્કંભસૂચિ પણ જાતે જાણી લેવી. (૧૫૭)

'હવે શર્કરાપ્રભા વગેરે પૃથ્વીના નારકો અને સનત્કુમાર વગેરે દેવોનું વિશેષતર પ્રમાણ કહે છે.

## बारस दस अट्ठेव य मूलाइं छत्ति दुन्नि नरएसुं ।
## एक्कारस नव सत्त य पणग चउक्कं य देवेसु ॥१५८॥

**ગાથાર્થ : સાતમી વગેરે પૃથ્વીમાં અનુક્રમે બાર, દશ, આઠ, છ, ત્રણ, બે વર્ગમૂળો ના પ્રદેશ પ્રમાણ જીવો છે તથા સહસ્રાર દેવલોકથી સનતકુમાર માહેન્દ્ર સુધી અનુક્રમે અગ્યાર નવ, સાત પાંચ ચાર વર્ગમૂળોના પ્રદેશપ્રમાણ દેવો છે. (૧૫૮)**

**ટીકાર્થ :** આ ગાથાની વ્યાખ્યામાં અર્વાચીન ટીકાકાર કહે છે કે ' મૂળ ટીકામાં આ ગાથાની વ્યાખ્યા કરેલ નથી' અમને તો આ અર્થ જણાય છે. ઘન કરેલ લોકની

જીવસમાસ ગ્રંથની ૧૫૮મી ગાથાના ટીકાકારે જ સાતમી નરકથી બીજી નરક સુધીના જીવો ક્રમશ. શ્રેણીના બારમા, દસમા આઠમાં છઠ્ઠા, ત્રીજા અને બીજા વર્ગમૂળ જેટલા કહ્યા છે. તેજ પ્રમાણે દેવલોકમાં સહસ્રારથી ક્રમશઃ ત્રીજા-ચોથા દેવલોક સુધીના જીવો ક્રમશઃ અગ્યારમાં, નવમા, સાતમા, પાંચમા, અને ચોથા વર્ગમૂળ જેટલા બતાવ્યા છે એટલે કે ત્રીજી નરકના જીવો ત્રીજા વર્ગમૂળ જેટલા અને ત્રીજા-ચોથા દેવલોકના જીવો ચોથા વર્ગમૂળ જેટલા છે. અને તેથી આ મતે સ્વભાવિક રીતે ત્રીજી નરકના જીવો ત્રીજા ચોથા દેવલોકના દેવો કરતાં અસંખ્યગુણ થાય એજ પ્રમાણે છઠ્ઠી નરક અને આઠમા દેવલોક અંગે સમજવું.

જ્યારે સંપ્રદાયમતે બારમાં વર્ગમૂળ વગેરે વડે શ્રેણીના પ્રદેશને ભાગતા આવતી સંખ્યા બીજી વગેરે નરકના જીવોની છે. મૂળ સંખ્યાના ઈષ્ટ છેલ્લા વર્ગમૂળ સુધીના વર્ગમૂળોનો પરસ્પર ગુણાકાર અને મૂળસંખ્યા÷છેલ્લું ઈષ્ટ વર્ગમૂળ આ બન્ને સરખા જ આવે. પણ જીવસમાસ ટીકાકારની ગણત્રી સ્વભાવિક રીતે જુદી પડે છે, અને તેના કારણે અલ્પ બહુત્વમાં પણ તફાવત પડે.

**बारस दस अट्ठेव मूलाई छत्ति दुन्नि नरएसुं । एक्कारस नव सत्त य पणग चउक्कं च देवेसु ॥२५८॥**

શ્રેણીગત પ્રદેશ રાશિને ૧૨ માં વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે બીજી નરકના જીવોનું પ્રમાણ.
શ્રેણીગત પ્રદેશ રાશિને ૧૦ માં વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે ત્રીજી નરકના જીવોનું પ્રમાણ.
શ્રેણીગત પ્રદેશ રાશિને ૮ મા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે ચોથી નરકના જીવોનું પ્રમાણ.

એક પ્રદેશવાળી શ્રેણીમાં અસંખ્યાતા વર્ગમૂળો થાય છે. તેમાં બારમા વર્ગમૂળમાં જેટલા પ્રદેશો છે તેટલા સાતમી પૃથ્વીના નારકો છે, છઠ્ઠી પૃથ્વીમાં તો દશમા વર્ગમૂળ જેટલા પ્રદેશ પ્રમાણ પાંચમી પૃથ્વીમાં આઠમા વર્ગમૂળ જેટલા પ્રદેશો પ્રમાણ, ચોથી પૃથ્વીમાં તો છઠ્ઠા વર્ગ મૂળ પ્રદેશ પ્રમાણ જેટલા, ત્રીજી પૃથ્વીમાં ત્રીજા વર્ગમૂળ જેટલા પ્રદેશ

---

શ્રેણિગત પ્રદેશ રાશિને ૬ ઠ્ઠા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે પાંચમી નરકના જીવોનું પ્રમાણ
શ્રેણિગત પ્રદેશ રાશિને ૩ જા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે છઠ્ઠી નરકના જીવોનું પ્રમાણ.
શ્રેણિગત પ્રદેશ રાશિને ૨ જા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે સાતમી નરકના જીવોનું પ્રમાણ.
શ્રેણીગત પ્રદેશ રાશિને ૧૧મા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે ત્રીજા–ચોથા દેવલોકના જીવોનું પ્રમાણ
શ્રેણીગત પ્રદેશ રાશિને ૯ મા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે ૫મા દેવલોકના જીવોનું પ્રમાણ.
શ્રેણીગત પ્રદેશ રાશિને ૭ મા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે છઠ્ઠા દેવલોકના જીવોનું પ્રમાણ.
શ્રેણિગત પ્રદેશ રાશિને ૫ માં વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે ૭મા દેવલોકના જીવોનું પ્રમાણ.
શ્રેણીગત પ્રદેશ રાશિને ૪ થા વર્ગમૂળથી ભાગતા જે ભાગફળ તે ૮મા દેવલોકના જીવોનું પ્રમાણ.

અથવા શ્રેણિગત પ્રદેશના પ્રથમમૂલથી આરંભી યાવત્

૧૨ મા વર્ગમૂળ સુધીના ૧૨ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે બીજી નરકના જીવોનું પ્રમાણ.
૧૦ માં વર્ગમૂળ સુધીના ૧૦ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે ત્રીજી નરકના જીવોનું પ્રમાણ.
૮ મા વર્ગમૂળ સુધીના ૮ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે ચોથી નરકના જીવોનું પ્રમાણ.
૬ ઠ્ઠા વર્ગમૂળ સુધીના ૬ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે સાતમી નરકના જીવોનું પ્રમાણ.
૩ જા વર્ગમૂળ સુધીના ૩ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે ૭ ઠ્ઠી નરકના જીવોનું પ્રમાણ.
૨ જા વર્ગમૂળ સુધીના ૨ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે સાતમી નરકના જીવોનું પ્રમાણ.
૧૧ માં વર્ગમૂળ સુધીના ૧૧ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે ત્રીજા–ચોથા દેવલોકના જીવોનું પ્રમાણ
૯ માં વર્ગમૂળ સુધીના ૯ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે પાંચમાં દેવલોકના જીવોનું પ્રમાણ.
૭ માં વર્ગમૂળ સુધીના ૭ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે છ ઠ્ઠા દેવલોકના જીવોનું પ્રમાણ.
૫ માં વર્ગમૂળ સુધીના ૫ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે ૭ મા દેવલોકના જીવોનું પ્રમાણ.
ચોથા વર્ગમૂળ સુધીના ૪ વર્ગમૂળોને પરસ્પર ગુણતા જે આવે તે ૮ મા દેવલોકના જીવોનું પ્રમાણ.

અક્ષરગમનિકા રૂપ ગાથાની વ્યાખ્યા ઉપર પ્રમાણે બંને રીતે કરીને હવે આના અર્થનો વિચાર કરીએ.

ઘનીકૃત લોકની ૧ શ્રેણિમાં જે અસંખ્ય પ્રદેશો છે તેના વર્ગમૂળો પણ જેમકે ૧લું વર્ગમૂળ, ૨ જુ વર્ગમૂળ, ૩ જુ વર્ગમૂળ, આ પ્રમાણે અસંખ્ય (વર્ગમૂલો) થાય છે. દા.ત. ૬૫૫૩૬ ની સંખ્યાનું ૧ લું વર્ગમૂળ ૨૫૬, ૨ જું વર્ગમૂળ ૧૬, ૩ જું વર્ગમૂળ ૪ અને ૪ થું વર્ગમૂળ ૨ થાય તે પ્રમાણે શ્રેણિના અસંખ્ય વર્ગમૂલો જાણવા.

અહિં શ્રેણિગત પ્રદેશરાશિ પણ અસંખ્ય છે છતા અસત્સ્થાપનાએ તેને (1) ૪૦૯૬ કલ્પીએ અર્થાત્ ૨ની સંખ્યાને ૩૦૯૬ વાર સ્થાપીને પરસ્પર ગુણતા જે આવે તેને અસત કલ્પનાએ શ્રેણિગત પ્રદેશ રાશિ જાણવી.

હવે તેના વર્ગમૂલો નીચે પ્રમાણે જે રીતે આવે તે જોઈએ.

પ્રમાણુ બીજી પૃથ્વીમાં બીજા વર્ગમૂળ જેટલા પ્રદેશ પ્રમાણુ નારકો હોય છે. પહેલી પૃથ્વીના નારકો તો 'સેઢી સૂઇ પમાણ મવણે ઘમ્મે' વગેરેમાં વિશેષતા રૂપે પ્રમાણને આગળ જ કહ્યા છે. માટે અહીં કહ્યા નથી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શ્રેણિગત રાશિ $૨^{૪૦૯૬}$નું | પ્રથમ | વર્ગમૂળ | $૨^{૨૦૪૮}$ | બીજુ | વર્ગમૂળ | $૨^{૧૦૨૪}$ |
| | ત્રીજું | ,, | $૨^{૫૧૨}$ | ચોથું | ,, | $૨^{૨૫૬}$ |
| | પાંચમું | ,, | $૨^{૧૨૮}$ | છઠ્ઠું | ,, | $૨^{૬૪}$ |
| | સાતમું | ,, | $૨^{૩૨}$ | આઠમું | ,, | $૨^{૧૬}$ |
| | નવમું | ,, | $૨^{૮}$ | દશમું | ,, | $૨^{૪}$ |
| | અગ્યારમું | ,, | $૨^{૨}$ | બારમું | ,, | (૨) |

હવે પ્રથમ વ્યાખ્યાનુસાર શ્રેણિગત રાશિ $૨^{૪૦૯૬}$ ને

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| બારમા | વર્ગમૂળ | ૨ | થી | ભાગતા | ભાગફલ | = $૨^{૪૦૯૫}$ | (બીજી નરકના જીવો) |
| દશમા | ,, | $૨^{૪}$ | ,, | ,, | ,, | = $૨^{૪૦૯૨}$ | (ત્રીજી ,, ,, ) |
| આઠમા | ,, | $૨^{૧૬}$ | ,, | ,, | ,, | = $૨^{૪૦૮૦}$ | (ચોથી ,, ,, ) |
| છઠ્ઠા | ,, | $૨^{૬૪}$ | ,, | ,, | ,, | = $૨^{૪૦૩૨}$ | (પાંચમી ,, ,, ) |
| ત્રીજા | ,, | $૨^{૫૧૨}$ | ,, | ,, | ,, | = $૨^{૩૫૮૪}$ | (છઠ્ઠી ,, ,, ) |
| બીજા | ,, | $૨^{૧૦૨૪}$ | ,, | ,, | ,, | = $૨^{૩૦૭૨}$ | (સાતમી ,, ,, ) |
| અગીયારમા | ,, | $૨^{૨}$ | ,, | ,, | ,, | = $૨^{૪૦૯૪}$ | (ત્રીજા ચોથા દેવલોકના ,, ) |
| નવમા | ,, | $૨^{૮}$ | ,, | ,, | ,, | = $૨^{૪૦૮૮}$ | (પાંચમાં ,, ,, ) |
| સાતમા | ,, | $૨^{૩૨}$ | ,, | ,, | ,, | = $૨^{૪૦૬૪}$ | (છઠ્ઠા ,, ,, ) |
| પાંચમા | ,, | $૨^{૧૨૮}$ | ,, | ,, | ,, | = $૨^{૩૯૬૮}$ | (સાતમા ,, ,, ) |
| ચોથા | ,, | $૨^{૨૫૬}$ | ,, | ,, | ,, | = $૨^{૩૮૪૦}$ | (આઠમા ,, ,, ) |

બીજી વ્યાખ્યાનુસાર પણ આ પ્રમાણે જ આવે છે તે જોઈએ.

પ્રથમ વર્ગમૂળથી આરંભી પ્રત્યેક વર્ગમૂલ રાશિને સ્થાપી યાવત્

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બારમાં | વર્ગમૂળ | સુધી | પરસ્પર | ગુણતા | ગુણાકાર | જે | $૨^{૪૦૯૫}$ તે ૨ જી | નરકના | જીવો. |
| દશમાં | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૪૦૯૨}$ તે ૩ જી | ,, | ,, |
| આઠમા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૪૦૮૦}$ તે ૪ થી | ,, | ,, |
| છઠ્ઠા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૪૦૩૨}$ તે ૫ મી | ,, | ,, |
| ત્રીજા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૩૫૮૪}$ તે ૬ઠ્ઠી | ,, | ,, |
| બીજા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૩૦૭૨}$ તે ૭ મી | ,, | ,, |
| અગીયારમા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૪૦૯૪}$ તે ૩જા ૪થા દેવલોકના | | ,, |
| નવમા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૪૦૮૮}$ તે ૫ મા | ,, | ,, |
| સાતમા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૪૦૬૪}$ તે ૬ ઠ્ઠા | ,, | ,, |
| પાંચમાં | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૩૯૬૮}$ તે ૭ મા | ,, | ,, |
| ચોથા | ,, | ,, | ,, | ,, | ,, | ,, | $૨^{૩૮૪૦}$ તે ૮ મા | ,, | ,, |

હવે અહીં વૈમાનિકદેવોનું વિશેષરૂપે પ્રમાણને કહે છે. તેમાં સૌધર્મ ઇશાન દેવોનું પ્રમાણ આગળની ગાથામાં કહ્યું છે આથી સનંતકુમાર વગેરે દેવોનું પ્રમાણ પશ્ચાનુપૂર્વીએ ગાથાના ઉત્તરાર્ધ સુધી કહે છે તે આ પ્રમાણે. શ્રેણીનું જે ચોથું વર્ગમૂળ તેના પ્રદેશ-પ્રમાણ વૈમાનિક દેવોમાં સનતકુમાર મહેન્દ્ર દેવો છે. બ્રહ્મલોકમાં તો પાંચમા વર્ગમૂળમાં પ્રદેશ રાશિપ્રમાણ, લાંતકમાં સાતમા વર્ગમૂળની પ્રદેશ રાશિ પ્રમાણ, મહાશુક્રમાં નવમા વર્ગમૂળની પ્રદેશ રાશિપ્રમાણ, સહસ્રારમાં અગ્યારમા વર્ગમૂળની પ્રદેશ રાશિપ્રમાણ દેવ છે. આનત, પ્રાણત વગેરેમાં તો 'आणय पाणय माई पल्लस्स असंखभागोउ વગેરે રૂપે વિશેષતાથી પ્રમાણ કહ્યું છે માટે અહીં કહ્યું નથી.

ચાલુ ગાથાની વ્યાખ્યા અર્વાચીન ટીકાકારે કરેલ છે. તે બતાવી. અમે તો આવા પ્રકારનો નક્કી કરેલા અર્થની બીજા કોઈ પણ આગમમાં જરા પણ સુસંગતતા જોઇ નથી. પ્રજ્ઞાપના મહાદંડક સાથે પણ આવો જ વ્યભિચાર થાય છે. તત્ત્વતો કેવલીઓ કે બહુશ્રુતો જાણે. (૧૫૮)

---

ઉપરની બંને વ્યાખ્યાની રીતથી માત્ર ગાથાનો અર્થ સંપૂર્ણ થાય છે એટલું જ નહીં પરંતુ ટીકાકાર ભગવંતની વ્યાખ્યાનો શ્રી પ્રજ્ઞાપના સૂત્રગત અલ્પ બહુત્વના મહાદંડક સાથે જે વિસંવાદ થાય) છે. તે પણ દૂર થઈ જાય છે. અહીં શંકા થાય છે કે તે વિસંવાદ કેવી રીતે છે? તો તે આ પ્રમાણે જાણવો...

ટીકાકાર ભગવંતની વ્યાખ્યાનુસાર ૩-૪થા દેવલોકના દેવોનું પ્રમાણ કરતા ૩જી નારકના જીવોનું પ્રમાણ અસંખ્યાતગુણ આવે છે. તથા ૮મા દેવલોકના દેવોના પ્રમાણ કરતા છઠ્ઠી નરકના જીવોનું પ્રમાણ પણ અસંખ્યાતગુણ આવે છે. તે વાત શ્રી પ્રજ્ઞાપના સૂત્રથી સંગત નથી થતી કારણ ત્યાં આનાથી વિપરીત છે અર્થાત્ અસંખ્યભાગ છે, પરંતુ ઉપરની બંને રીતની વ્યાખ્યાઓથી પ્રાપ્ત થતું અલ્પબહુત્વ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર સાથે મળતું આવે છે. તે આ પ્રમાણે...

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૩૦૭૨ | ૭મી | નરકના | જીવો | સૌથી ઓછા | તેના | કરતાં |
| ૨૩૫૮૪ | ૬ઠી | ,, | ,, | અસંખ્યગુણા | ,, | ,, |
| ૨૩૮૪૦ | ૫મી | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૩૯૬૮ | ૪થી | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૪૦૩૨ | ૩જી | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૪૦૬૪ | ૨જી | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૪૦૮૦ | ૩જા૪થા દેવલોકના | | ,, | ,, | ,, | ,, |
| ૨૪૦૯૨ | ૬ઠ્ઠા | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૪૦૯૪ | ૭મા | ,, | ,, | ,, | ,, | ,, |
| ૨૪૦૯૫ | ૮મા | ,, | ,, | ,, | હોય છે. | |

આ પ્રમાણે ચારે ગતિના પંચેન્દ્રિયોનું પ્રમાણ કહ્યું હવે તિર્યંચગતિમાં પૂર્વમાં ન કહેલ બાદરપર્યાપ્ત પૃથ્વીકાય તથા અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયનું પ્રમાણ કહે છે.

**बायर पुढवी आऊ पत्तेय वणस्सई य पज्जता ।**
**ते य पयर भवहरिज्जंसु अंगुलासंख भागेणं ॥१५९॥**

ગાથાર્થ : પર્યાપ્ત બાદર પૃથ્વીકાય તથા અપ્કાય અને વનસ્પતિકાય એ ત્રણ રાશિઓ પ્રતરનો અપહાર કરવા માંડે તો અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પ્રતરને અપહરે છે. (૧૫૯)

**ટીકાર્થ** : બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, બાદર પર્યાપ્ત અપ્કાય અને બાદર પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાય એ ત્રણેય રાશિઓ દરેક અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પ્રતરનો અપહાર કરે છે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે : બાદર પર્યાપ્ત પૃથ્વીકાયો સર્વ મળીને એક સમયમાં દરેક એક એક પ્રતર પ્રદેશને અપહરીને અસત્કલ્પનાએ બીજા સ્થાને મૂકે, ફરી બીજા સમયે પણ દરેક એક એક પ્રતર પ્રદેશને અપહરીને બીજા સ્થાને મૂકે એ પ્રમાણે ત્રીજા સમયમાં, ચોથા સમયમાં યાવત્ અંગુલના અસંખ્યાતમા ભાગ રૂપ આકાશ-પ્રદેશ રૂપ શ્રેણીખંડમાં જેટલા પ્રદેશો હોય છે તેટલા સમયો વડે તેઓ સમસ્ત પ્રતરનો અપહાર કરે છે.

અથવા અંગુલના અસંખ્યાતમા ભાગરૂપ આકાશપ્રદેશની શ્રેણીખંડમાં જેટલા પ્રદેશો છે તેના વડે, સંપૂર્ણ પ્રતરના પ્રદેશોની રાશિનો ભાગ કરીએ તો જે પ્રતર પ્રદેશખંડ ભાગાકાર રૂપે આવ્યો હોય તેમાં જેટલા પ્રદેશો છે તેટલા સર્વ પ્રદેશો પ્રમાણ બાદર પર્યાપ્ત પૃથ્વીકાયો થાય છે.

અથવા સમસ્ત બાદર પર્યાપ્ત પૃથ્વીકાયિકોનો દરેકને જો અંગુલના અસંખ્યાતમા ભાગરૂપ પ્રતર પ્રદેશખંડ આપીએ ત્યારે એકી સાથે એકજ સમયમાં તેઓ સંપૂર્ણ પ્રતરનો અપહાર કરે છે. આ ત્રણે વિકલ્પોનો તાત્પર્યાર્થ એક જ છે, જેમ બાદરપર્યાપ્ત પૃથ્વીકાયોનો આ પમાણ વિચાર કર્યો તેમ બાદર પર્યાપ્ત અપ્કાયની અને બાદર પર્યાપ્ત વનસ્પતિ કાયની પણ આ પ્રમાણે ભાવના કરવી. કારણકે સમાન પ્રમાણ રૂપે ગાથામાં જણાવ્યું છે. આ પ્રમાણે સમાન પ્રમાણનો નિર્દેશ હોવા છતાં પણ અંગુલના અસંખ્યાત ભાગના અસંખ્યાતા ભેદો હોવાથી પોતપોતાના સ્થાને એમનું પરસ્પરનું અલ્પબહુત્વ જોઈ લેવું. તે આ પ્રમાણે બાદરપર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિથી બાદર પર્યાપ્ત પૃથ્વીકાયો અસંખ્યાતગુણા છે. (૧૫૯)

હવે બાદર પર્યાપ્ત તેજસકાય અને વાયુકાયનું પ્રમાણ કહે છે.

**पज्जत जायराणल असंख्या हुंति आवलिय वग्गा ।**
**पज्जत वायुकाया भागो लोगस्स संखेज्जा ॥१६०॥**

**ગાથાર્થ : પર્યાપ્ત બાદર અગ્નિકાય અસંખ્યાતી આવલિકાના વર્ગ કરીએ તેટલા પ્રમાણમાં બાદરપર્યાપ્ત વાયુકાય લોકાકાશના સંખ્યાતમા ભાગે જેટલા આકાશ પ્રદેશ છે તેટલા પ્રમાણમાં છે. (૧૬૦)**

**ટીકાર્થ** : બાદરપર્યાપ્ત તેજસકાયો અસંખ્યાતી આવલિકાના વર્ગો પ્રમાણ થાય છે. એટલે આવલિકામાં જેટલા સમયો છે તેનો વર્ગ કરીએ તેથી તે આવલિકામાં અને તે સંખ્યાતા વર્ગોમાં જેટલા સમયો થાય તેટલા પ્રમાણમાં બાદર પર્યાપ્ત તેજસ્કાય થાય છે.

બાદર પર્યાપ્ત વાયુકાય લોકના સંખ્યાતમે ભાગે છે. એટલે લોકા કાશના સંખ્યાતમે ભાગે જેટલા આકાશ પ્રદેશો છે તેટલા પ્રમાણમાં સર્વે બાદર પર્યાપ્ત વાયુકાય થાય છે. (૧૬૦)

અસંખ્યાત આવલિકાના વર્ગો વડે આવલિકાનો ઘન થાય અને તે વધારે અથવા ઓછા પણ હોય. આથી અસંખ્યાતા આવલિકા વર્ગો એટલા માત્રથી બાદર પર્યાપ્ત અગ્નિકાયનું નક્કી પ્રમાણ જાણી શકાતું નથી. તથા લોકના સંખ્યાતમે ભાગે પણ કેટલા પ્રતરો થાય એ પણ અમે જાણી શકતા નથી. માટે આ બન્નેનું વિશેષરૂપે પ્રમાણ કહે છે.

**आवलिवग्गाऽसंखा घणस्स अंतो उ वायरा तेऊ ।**
**पज्जत वायराणिल हवन्ति पयरा असंखेज्जा ॥१६१॥**

**ગાથાર્થ : બાદર પર્યાપ્ત અગ્નિકાયો ઘનની અંદર એટલે વચ્ચે રહેલ અસંખ્યાતાં આવલિકા વર્ગો પ્રમાણ જાણવા તેમજ પર્યાપ્ત બાદર વાયુકાયના અસંખ્યાતા પ્રતરો થાય છે. (૧૬૧)**

**ટીકાર્થ** : જે બાદર પર્યાપ્ત અગ્નિકાય પહેલા અસંખ્યાતી આવલિકાના વર્ગો પ્રમાણ કહ્યા તે આવલિકા વર્ગો ઘનની અંદર એટલે વચ્ચે રહેલા લેવા. એનો અર્થ આ આ પ્રમાણે છે. અસંખ્યાતી આવલિકાના વર્ગો એટલાજ લેવા કે જેટલાથી આવલિકાનો ઘન પૂરો ન થાય પણ અધુરો રહે આ જ વાત શિષ્યોના ઉપકાર માટે અસત્ કલ્પના વડે એની સિદ્ધિ કરે છે. તે આ પ્રમાણે :–અસંખ્યાત સમય રૂપ આવલિકામાં દશ (૧૦) સમયોની કલ્પના કરાય છે. તેનો વર્ગ કરવાથી સો (૧૦૦) થાય છે. આ અસંખ્યાતા વર્ગો કલ્પનાથી જો દશ (૧૦) પણ થાય, પરંતુ એટલા વર્ગો ન કલ્પી શકાય, કારણકે એટલા વર્ગો વડે આવલિકા સંબંધિત ઘનપૂર્ણ સંપૂર્ણ થઈ જવાનો સંભવ છે. તે આ પ્રમાણેઃ–

આવલિકામાં દશ સમયો કલ્પેલા હતા અને તે દશનો ઘન હજાર થાય છે અને તે હજાર દશ વર્ગો વડે પણ થાય છે માટે તે ગ્રહણ કરવાથી ઘન સંપૂર્ણ થાય છે. તેથી આઠ અથવા નવ આવલિકા વર્ગોની અસંખ્યાત રૂપે કલ્પના કરવી. તે પ્રમાણેની કલ્પનાથી આઠસો (૮૦૦) કે નવસો (૯૦૦) અથવા વાસ્તવિકપણે અસંખ્યાતા બાદરપર્યાપ્તા તેજસ્કાયો સિદ્ધ થાય છે તેથી આવલિકાના ઘનની મધ્યવૃત્તિપણું થાય છે

આ પ્રમાણે એક આવલિકાનો વર્ગ કંઈક ન્યુન આવલિકાના સમયોની સંખ્યા સાથે ગુણતા જે સંખ્યા આવે તેટલા પ્રમાણમાં બાદર પર્યાપ્ત તેજસકાય જાણવા. બાદર વાયુકાય પર્યાપ્તના અસંખ્યાતા પ્રતરો થાય છે. તે આ પ્રમાણે. પહેલા કહ્યા પ્રમાણે લોકના સંખ્યાતમા ભાગે અસંખ્યાતા પ્રતરો જાણવા. તેથી લોકના સંખ્યાતમા ભાગે રહેલ અસંખ્યાત પ્રતરોમાં જેટલા પ્રદેશો થાય તેટલી સંખ્યા પ્રમાણ બાદર પર્યાપ્ત વાયુકાય થાય છે.

આ અને જેનું પ્રમાણ કહ્યું છે એવા બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાયોનું પરસ્પર અલ્પ બહુત્વ આ પ્રમાણે વિચારવું. સૌથી થોડા બાદર પર્યાપ્ત અગ્નિકાય, તેનાથી અસંખ્યાતગુણા પ્રત્યેક વનસ્પતિકાય, તેનાથી અસંખ્યાતગુણા પૃથ્વીકાય, તેનાથી અસંખ્યાતગુણા અપ્કાય, તેનાથી અસંખ્યાતગુણા વાયુકાય, જો અગ્નિકાય થોડા છે તો શા માટે પહેલા તેનું પ્રમાણ ન કહ્યું એમ શંકા ન કરવી કેમકે સૂત્રકારોની પ્રવૃત્તિ વિચિત્ર પ્રકારની હોય છે. (૧૬૧)

આ પ્રમાણે બાદર પર્યાપ્ત પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિકાય રૂપ પાંચ એકેંદ્રિયોનું પ્રમાણ કહ્યું. હવે એમનો જ અપર્યાપ્ત સંબંધી જે એકરાશિ પ્રમાણ કહ્યા વગરનો બાકી છે. બીજો રાશિ સૂક્ષ્મ પર્યાપ્ત પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ સંબંધી પ્રમાણ ત્રીજો રાશિ સૂક્ષ્મ અપર્યાપ્તા સંબંધી બાકી છે. આ ત્રણે રાશિઓ પ્રત્યેક શરીરીના જાણવા. અને સાધારણ વનસ્પતિના સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત સંબંધી ચાર રાશીઓ કહ્યા વગરની બાકી છે.

માટે આ સાત રાશિઓનું પ્રમાણ કહે છે.

## सेसा तिण्णिवि रासी वीसुं लोया भवे असंखेज्जा ।
## साहारण उ चउसुवि वीसु लोया भवेऽणंता ॥१६२॥

**ગાથાર્થ : બાકી રહેલ ત્રણ રાશિઓ દરેક અલગ અલગ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. અને ચારે પ્રકારના સાધારણ વનસ્પતિઓ દરેક અલગ અલગ અનંતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. (૧૬૨)**

**ટીકાર્થ :** પ્રત્યેક શરીરી એકેન્દ્રિયોની ચાર રાશિઓ થાય છે (૧) બાદર પર્યાપ્ત, (૨) અપર્યાપ્ત, (૩) સૂક્ષ્મ પર્યાપ્ત, (૪) સૂક્ષ્મ અપર્યાપ્ત, તેમાં બાદર પર્યાપ્તરૂપ એકરાશિનું

પ્રમાણ કહ્યું. બાકી રહેલ ત્રણે રાશિઓ પણ જુદી જુદી અસંખ્યાત લોકો લોકાકાશ જેટલા છે. અસંખ્યાત લોકાકાશોમાં જેટલા પ્રદેશો છે તેટલા પ્રમાણમાં એકએક રાશિ થાય છે. આ પ્રમાણે ત્રણે રાશિઓના પ્રમાણમાં સરખો જ નિર્દેશ હોવા છતાં પણ પોતપોતાના સ્થાને અલ્પબહુત્વ આ પ્રમાણે વિચારી લેવું. પ્રત્યેક શરીર બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયોથી પ્રત્યેક શરીરી સૂક્ષ્મઅપર્યાપ્તા અસંખ્યાતગુણા, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

સાધારણ શરીરવાળા વનસ્પતિ એકેન્દ્રિયો બાદર પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ પર્યાપ્ત અપર્યાપ્ત રૂપ ચારે રાશિઓમાં જુદાજુદા અનંતા (લોકાકાશો) થાય છે. એટલે અનંતા લોકાકાશોમાં જેટલા આકાશ પ્રદેશો છે તેટલા પ્રમાણ દરેક રાશિ થાય છે.

અહીં પણ સમાનરૂપે પ્રમાણ કહ્યું હોવા છતાં પણ આ ચારે રાશિઓનું પરસ્પર પોતાના સ્થાને અલ્પબહુત્વ આ પ્રમાણે વિચારવું :–સાધારણ શરીર બાદર પર્યાપ્ત એકેન્દ્રિયોથી સાધારણ શરીરી બાદર અપર્યાપ્ત અસંખ્યાતગુણા, તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા સંખ્યાતગુણા, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા.

હવે આ સાતે રાશિઓનું અલ્પબહુત્વ આ પ્રમાણે કહેવું :– (૧) સર્વથી થોડા પ્રત્યેક શરીરી બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયો, (૨) તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૩) તેનાથી સૂક્ષ્મપર્યાપ્તા સંખ્યાતગુણા, (૪) તેનાથી સાધારણ શરીરી બાદરપર્યાપ્ત એકેંદ્રિયો અનંતગુણા. (૫) તેનાથી બાદર અપર્યાપ્ત અસંખ્યગુણા, (૬) સૂક્ષ્મઅપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૭) તેનાથી પણ સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા. (૧૬૨)

હવે બાદર પર્યાપ્ત વાયુકાયમાં કેટલાક ઉત્તરવૈક્રિય શરીરીવાળા પણ હોય છે. તેનું પરિમાણ કહે છે.

**बायरवाउमग्गा भणिया अणुसमयमुत्तर सरीरा ।**
**पल्लासंखिय भागेणऽवहीरंतित्ति सव्वं वि ॥१६३॥**

ગાથાર્થ: પર્યાપ્ત બાદર વાયુકાયમાં કેટલાક વાયુકાયો ઉત્તર વૈક્રિય શરીરવાળા નિરંતર હોય છે. તેઓ સર્વ પલ્યોપમના અસંખ્યાતમે ભાગે અપહરી શકાય છે. (૧૬૩)

**ટીકાર્થ** : બાદર વડે ઉપલક્ષણથી પર્યાપ્ત વિશેષણ પણ જાણવું. કેમકે અપર્યાપ્તાઓને ઉત્તરવૈક્રિય કરવાનો અસંભવ છે. તેથી સમસ્ત પર્યાપ્તા બાદર વાયુકાયોમાં સતત ઉત્તરવૈક્રિય શરીરવાળા વાયુકાયો પણ હોય છે.

પ્ર. : તે બાદર પર્યાપ્તા વાયુકાયો ઉત્તરવૈક્રિય શરીર કેટલાવાળા હોય છે?

જ. : તેઓ સર્વે પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અપહરી શકાય એટલે દરેક સમયે એકેક પ્રદેશનો અપહાર કરતા જેટલા કાળે ક્ષેત્રપલ્યોપમનો અસંખ્યાતમો ભાગ

પૂર્ણ થાય તેટલા કાળે વૈક્રિયશરીરી વાયુકાયના જીવો પણ દરેક સમયે અપહરતા સર્વ પૂરા થાય છે.

ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમાં ભાગે જેટલા આકાશપ્રદેશો છે. તેટલા વૈક્રિયશરીરી બાદરપર્યાપ્ત વાયુકાયો થાય છે. એ તાત્પર્યાર્થ થયો. બીજાઓ જે એ પ્રમાણે વ્યાખ્યા કરે છે કે 'બાદર પર્યાપ્ત સર્વે વાયુકાય જીવો અનવરત ઉત્તરવૈક્રિય શરીરપણાને પામે છે' તે બરાબર નથી કેમકે સમગ્ર બાદર પર્યાપ્ત વાયુકાય જીવો લોકના સંખ્યાત ભાગ વર્તી પણા રૂપે પહેલા નિર્ણય કર્યો છે તેથી અહીં ઉત્તરવૈક્રિય વાયુ જીવો ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત ભાગવૃત્તિરૂપે ઘટી નહિં શકે. સમગ્ર બાદર પર્યાપ્ત વાયુકાય જીવોના વૈક્રિયશરીરનો આગમમાં નિષેધ કર્યો છે. (૧૬૩)

હવે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરન્દ્રિય, અને પંચેંદ્રિય પર્યાપ્ત, અપર્યાપ્ત ભેદોનું પ્રમાણ કહે છે.

## बेइंदियाइया पुण पयर पज्जत्तया अपज्जता ।
## संखेज्जा संखेज्जेणऽंगुल भागेणऽवहरेज्जा ॥१६४॥

ગાથાર્થ : પર્યાપ્ત, અપર્યાપ્ત બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરેંદ્રિય, પંચેંદ્રિય દરેક પર્યાપ્ત પ્રતરમાં અંગુલનો અસંખ્યાતમાં ભાગ અપહરે છે. (૧૬૪)

**ટીકાર્થ** : બેઇંદ્રિય આદિ એટલે તેઇન્દ્રિય, ચઉરેંદ્રિય, પંચેંદ્રિય, લેવા. પર્યાપ્ત અપર્યાપ્ત સ્વરૂપવાળા બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરેંદ્રિય, પંચેંદ્રિય, દરેક પ્રતરને અપહરે છે કેટલો ભાગ અપહરે છે? પર્યાપ્તા અંગુલનો સંખ્યાતભાગ પ્રતરને અપહરે છે. અને અપર્યાપ્ત અંગુલનો અસંખ્યાતભાગ પ્રતરને અપહરે છે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે અંગુલ પ્રમાણ શ્રેણી પ્રદેશના સંખ્યાતા ભાગ વડે ઘન કરેલા લોક પ્રતરનો ભાગાકાર કરીએ. અને તે ભાગાકારવડે જેટલો પ્રતરનો ક્ષેત્ર ખંડ આવે, તેમાં જેટલા પ્રમાણ પ્રદેશો તેટલા સંપૂર્ણ પર્યાપ્ત બેઇંદ્રિય થાય છે. અથવા સર્વ પર્યાપ્ત બેઇંદ્રિયો પહેલા સમયે દરેક એક એક પ્રતર પ્રદેશને અપહરે, એ પ્રમાણે બીજા સમયે સર્વે દરેક એક એક પ્રતર પ્રદેશને અપહરે, એમ ત્રીજા સમયે, ચોથા સમયે યાવત્ અંગુલશ્રેણી પ્રદેશોના સંખ્યાતમે ભાગે જેટલા પ્રદેશો હોય તેટલા સમયે સંપૂર્ણ પ્રતરને પર્યાપ્ત બેઇન્દ્રિય અપહરે છે. અથવા અંગુલશ્રેણી પ્રદેશોના સંખ્યાત ભાગરૂપ ખંડને એક એકને આપીએ તો સર્વે બેઇંદ્રિય પર્યાપ્તા એકી સાથે એક જ સમયે સંપૂર્ણ પ્રતરને અપહરે છે. એ પ્રમાણે પહેલાની જેમ અહીં પણ ત્રણેય રીતે એક જ અર્થ આવે છે.

આ પ્રમાણે જ અપર્યાપ્ત બેઇંદ્રિયોમાં પણ સંપૂર્ણપણે કહેવું ફક્ત અંગુલ શ્રેણી પ્રદેશોના સંખ્યાતભાગને સ્થાને અસંખ્યાત ભાગ રૂપ પ્રતિભાગ કહેવો, કારણકે પર્યાપ્તથી

અપર્યાપ્ત બેઈંદ્રિયો અસંખ્યાતગુણા છે. એમ પહેલા કહી ગયા છીએ. સૂક્ષ્મ પ્રતિભાગ વડે જ એ પ્રરૂપણાની પ્રાપ્તિ થાય છે.

જેમ પર્યાપ્ત અપર્યાપ્ત બેઇન્દ્રિયોનું પ્રમાણ વિચાર્યું તેમ તેઈંદ્રિયો, ચઉરિંદ્રિયો, પંચેંદ્રિયો પર્યાપ્ત અપર્યાપ્ત રૂપ દરેકનું બંને પ્રકારે પ્રમાણ વિચારવું. રીતે બધાનું સરખું પ્રમાણ કહ્યું હોવા છતાં પણ આ આઠે રાશિઓનું પરસ્પરનું અલ્પબહુત્વ આ પ્રમાણે જાણવું, (૧) સર્વથી થોડા પર્યાપ્ત ચઉરિંદ્રિય (૨) તેનાથી પર્યાપ્ત પંચેંદ્રિય વિશેષાધિક (૩) તેનાથી પર્યાપ્ત બેઇંદ્રિય વિશેષાધિક (૪) તેનાથી અપર્યાપ્ત પંચેંદ્રિયો અસંખ્યાગુણા (૬) ચઉરિંદ્રિય અપર્યાત વિશેષાધિક (૭) તેનાથી તેઈંદ્રિય અપર્યાપ્તા વિશેષાધિક (૮) તેનાથી બેઈંદ્રિય અપર્યાપ્તા વિશેષાધિક અહીં પંચેંદ્રિયોનું પ્રમાણ સામાન્યથી કહ્યું છે. આગળ તો ચારે ગતિઓમાં જુદું જુદું કહ્યું હોવાથી પુનરુક્ત દોષની શંકા ન કરવી.(૧૬૪)

આ પ્રમાણે નારક વગેરે દ્રવ્યોની મોટેભાગે જે અવસ્થિત રાશીઓ છે તેઓનું પ્રમાણ હવે કહ્યું. હવે જીવદ્રવ્યમાં જે અનવસ્થિત રાશીઓ છે. જે કોઈક વખત લોકમાં હોય છે અને કોઇક વખત નથી હોતી તેઓને એકઠા કરી કહે છે.

**मणुय अपज्जताऽऽहार मिस्स वेउव्वि छेय परिहारा ।**
**सुहुमसरागोवसमा सासण मिस्साय भयणिज्जा ॥१६५॥**

ગાથાર્થ : અપર્યાપ્તા મનુષ્યો, આહારક શરીરી, મિશ્ર, વૈક્રિય કાયયોગી છેદોપસ્થાપનીય ચારિત્રીઓ, પરિહારવિશુદ્ધિક ચારીત્રીઓ, સૂક્ષ્મ સંપરાય, સરાગી ઉપશામકો સાસ્વાદની, મિશ્રદૃષ્ટિ, આ રાશિઓ કોઈક વખત હોય છે અને કોઇ વખત નથી હોતી. (૧૬૫)

**ટીકાર્થ** : ૧ અપર્યાપ્ત મનુષ્યો, ૨ આહારક શરીરીઓ, ૩ મિશ્ર વૈક્રિય કાયયોગીઓ, ૪ છેદોપસ્થાપનીય, ચારિત્રીઓ, ૫ પરિહાર વિશુદ્ધિ ચારિત્રીઓ, ૬ સૂક્ષ્મસાંપરાયિકો, ૭ ઉપશામક લેવા વડે મોહના ઉપશસમ યોગ્ય અપૂર્વગુણસ્થાનીઓ, ૮ મોહના ઉપશામક અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનીઓ, ૯ ઉપશાંતમોહીઓ આ ત્રણે રાશિઓ લેવી, ૧૦ સાસ્વાદનીઓ, ૧૨ સમ્યગ્મિથ્યાદષ્ટિઓ, આ અગ્યારે રાશિઓનો વિકલ્પ હોય છે. એટલે લોકમાં કોઈક વખત હોય છે અને કોઈકિ વખત ન પણ હોય.

મનુષ્યગતિમાં ગર્ભજ મનુષ્યોનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ઠથી બાર મુહૂર્તનો વિરહકાળ છે. સંમૂર્ચ્છિમ મનુષ્યોનો તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ૨૪ મુહુર્તનો ઉત્પત્તિ વિરહકાળ સિદ્ધાંતમાં કહ્યો છે. જ્યારે આ વિરહકાળમાં નવા મનુષ્યો ઉત્પન્ન ન થાય અને પૂર્વમાં ઉત્પન્ન થયેલ ગર્ભજ અપર્યાપ્તાઓ કેટલાક મરી

જાય અને કેટલાક પર્યાપ્ત થાય. સંમૂર્ચ્છિમો તો અંતર્મુહૂર્ત આયુષ્યવાળા હોવાથી પૂર્વમાં ઉત્પન્ન થયેલ સર્વ મરી જવાથી નિર્લેપ થાય છે. ત્યારે અપર્યાપ્તા મનુષ્યોનો કદાચિત અભાવ સિદ્ધ થાય છે.

આહારક શરીરના આરંભનો પણ ઉત્કૃષ્ટથી છ મહિના જેટલો વિરહકાળ કહ્યો છે. માટે આહારક શરીરીઓ પણ કોઈક વખત નથી જ હોતા કહ્યું છે કે, " આહારક શરીરીઓ લોકમાં છ માસ સુધી કોઈક વખત નથી હોતા ઉત્કૃષ્ટથી, જઘન્યથી એક સમય સુધી અભાવ હોય છે.[1] જ્યારે હોય છે ત્યારે જઘન્યથી એક, બે, ત્રણ, પાંચ હોય છે, ઉત્કૃષ્ટથી યુગપત્ સહસ્રપૃથકત્વ પણે હોય છે.[2]"

મિશ્ર વૈક્રિય કાયયોગીઓ પણ જેઓ પ્રથમ ઉત્પત્તિકાળે કાર્મણ સાથે મિશ્ર વૈક્રિય હોય છે તેઓ જાણવા, તેઓ નરકગતિ અથવા દેવગતિમાં પ્રથમ ઉત્પત્તિકાળે હોય છે. આ બંને ગતિમાં દરેકનો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્તનો વિરહકાળ કહ્યો છે. કહ્યું છે કે, 'હે ભગવંત! નરકગતિમાં કેટલા કાળનો ઉત્પતિ વિરહકાળ કહ્યો છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બારમુહૂર્ત એમ દેવગતિમાં પણ' જ્યારે આટલા કાળ સુધી નારક દેવો કદાચ ઉત્પન્ન ન થાય અને આગળ ઉત્પન્ન થયેલા અંતર્મુહૂર્ત પછી સંપૂર્ણ વૈક્રિયકાયયોગી થાય ત્યારે મિશ્રવૈક્રિયકાયયોગીઓનો કાદાચિત્ક અભાવ ઘટે છે.

છેદોપસ્થાપનીય ચારિત્રવંતો પણ જઘન્યથી ત્રેસઠ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી અઢાર કોડાકોડી સાગરોપમનો વિરહકાળ છે. પરિહાર વિશુદ્ધિ ચારિત્રીઓનો જઘન્યથી ચોર્યાસી-હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી અઢાર કોડાકોડી સાગરોપમનો વિરહકાળ અંતર બીજા સ્થાને કહ્યું છે. અહીં પણ આગળ કહેશે. સૂક્ષ્મ સંપરાય, અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર બે પ્રકારના છે ઉપશમ શ્રેણીવંત અને ક્ષપકશ્રેણીવંત, ઉપશાંતમોહી તો ફક્ત ઉપશમશ્રેણીના ટોચે રહેલા છે. તેમાં ઉપશમશ્રેણીનું અંતર ઉત્કૃષ્ટથી વર્ષ પૃથકત્વ અને ક્ષપકશ્રેણીનું અંતર ઉત્કૃષ્ટથી છ મહિના છે, એમ બીજા સ્થાને કહ્યું છે અને અહીં પણ કહેશે. સાસ્વાદની અને મિશ્રદૃષ્ટિઓનું પણ જઘન્યથી સમય ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમા ભાગનું અંતર અહીં જ કહેશે. આ પ્રમાણે આ સર્વરાશિઓનો કાદાચિત્ક અભાવ વિચારવો અને એ અંતર આ ગ્રંથમાં પણ આગળ પ્રાયઃ કરી સર્વ પ્રગટ થશે. (૧૬૫)

આ પ્રમાણે દ્રવ્યપ્રમાણ દ્વારમાં, ચાલુ જીવદ્રવ્ય પ્રમાણ કહીને હવે ઉપસંહાર કરે છે.

**एवं जे जे भावा जहिं जहिं हुंति पंचसु गईसु ।**
**ते ते अणुमज्जिता दव्वपमाणं नए धीरा ॥१६६॥**

ગાથાર્થ : એ પ્રમાણે જે જે ભાવો પાંચેગતિઓમાં જ્યાં જ્યાં હોય તે તે ભાવોને વિચારી બુદ્ધિમાનોએ દ્રવ્યપ્રમાણમાં લાવવા (૧૬૬)

**ટીકાર્થ** : આ પ્રમાણે આગળ કહેલ રીત પ્રમાણે જે જે ભાવો એટલે જઘન્ય સ્થિતિ, નારક, તિર્યંચ, મનુષ્ય, દેવો, પ્રથમ સમય ઉત્પન્ન સિદ્ધ વગેરે ભાવો જે જીવોની અવસ્થા વિશેષરૂપ નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ, સિદ્ધગતિરૂપ પાંચે ગતિઓમાં જ્યાં જ્યાં જે ભાવો થયા હોય તે તે ભાવોને સ્વબુદ્ધિપૂર્વક વિચારી સિદ્ધાંતાનુસારે અને અહીં કહ્યાનુસારે નહીં કહેલા ભાવોનું દ્રવ્યપ્રમાણ, બુદ્ધિવડે શોભતા ધીરપુરૂષોએ સંવેદન પંથમાં લાવવું. (૧૬૬)

આ પ્રમાણે જીવદ્રવ્યપ્રમાણ પૂર્ણ થયું હવે અજીવદ્રવ્યપ્રમાણ કહે છે.

**तिन्नि खलु एक्कयाइं अध्धासमया व पोग्गलऽणंता ।**
**दुन्नि असंखेज्ज पएसियाणि मेसा भवेऽणंता ॥१६७॥**

**ગાથાર્થ** : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યથી એક છે. જ્યારે અદ્ધા સમયરૂપ કાળ અને પુદ્ગલાસ્તિકાય દ્રવ્યથી અનંત છે. પ્રદેશથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ બે અસંખ્યાતા છે. બાકીના ત્રણ અનંતા છે.(૧૬૭)

**ટીકાર્થ** : પૂર્વમાં કહેલ સ્વરૂપવાળા અજીવદ્રવ્યો (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્ગલાસ્તિકાય, (૫) કાળ એમ પાંચ દ્રવ્યો છે. અહીં એમનું દ્રવ્યથી અને પ્રદેશથી એમ પ્રમાણ વિચારાય છે. તેમાં ધર્માધર્માકાશાસ્તિકાય રૂપ ત્રણ અજીવદ્રવ્યો દ્રવ્યથી વિચારતા દરેક એક એક દ્રવ્યજ છે. કાળ એટલે સમયો અને પરમાણુ અને દ્વ્યણુક વગેરે સ્કંધો રૂપ જે પુદ્ગલો છે, તે દ્રવ્યથી નિરૂપણ કરતા દરેક અનંતા દ્રવ્યો છે. અદ્ધાસમય દ્રવ્યોનું આનન્ત્ય, ભૂત ભવિષ્યકાળના સમયોનું કથંચિત સત્વપણાથી જાણવું.

હવે આ પાંચે અજીદ્રવ્યોનું પ્રદેશથી પ્રમાણ વિચારાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયરૂપ બે અજીવદ્રવ્યો દરેક અસંખ્યાતા પ્રદેશ રૂપ છે. પણ અનંતા પ્રદેશરૂપ નથી કારણકે ફક્ત લોકાકાશમાંજ રહેલા છે. અને લોકાકાશ અસંખ્યપ્રદેશ રૂપજ છે. બાકીના આકાશાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય, અદ્ધાસમયરૂપ ત્રણે દ્રવ્યો દરેક અનંત પ્રદેશરૂપ છે.

પ્ર. : અલોકાકાશ અનંત હોવાથી અનંત પ્રદેશત્વ રૂપ હોવું તેનું યુક્ત છે. પુદ્ગલાસ્તિકાયના પણ દ્વ્યણુક, ત્ર્યણુક, ચતુરણુક વગેરેથી અનંતાનંત અણુક સુધીના અનંતાસ્કંધો રૂપ હોવાથી, અને દરેક સ્કંધમાં અનેક પ્રદેશોનો સંભવ હોવાથી, તથા ફક્ત પરમાણુઓ ત્યાં અનંતા હોવાથી, તેનું પ્રદેશાત્મકપણુ યુક્તિ સંગત છે. પણ અદ્ધા સમયો તો સર્વે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સમયોને દ્રવ્યરૂપે હમણા જ કહ્યા છે. તેમાં કયા પ્રદેશો છે ? કે જેનાથી અનંતપ્રદેશરૂપ તે કાળને કહો છો ?

ઉ. : બરાબર છે. પરંતુ જ્યારે સામાન્ય કાળરૂપ એકદ્રવ્યની વિવક્ષા કરાય છે, ત્યારે તે અપેક્ષાએ દ્રવ્યરૂપે કહેલ ભૂતભવિષ્યના સમયો પણ પ્રદેશ તરીકે ગ્રહણ કરાય છે. જુદાજુદા નિમિત્તોની અપેક્ષાએ એકજ પદાર્થમાં દ્રવ્યત્વ કે પ્રદેશત્વનો વિરોધ હોતો નથી. કારણકે પદાર્થ અનંત ધર્માત્મક છે. અથવા જે સમયોને દ્રવ્યરૂપે કહ્યા છે તે તે દરેક સમયના અનંતાનંત ભેદો પડે છે. તે આ પ્રમાણે :–અનંતાનંત એકેન્દ્રિયો વગેરે જીવદ્રવ્યો, અનંતાનંત પરમાણુ દ્વ્યણુક વગેરે, પુદ્‌ગલદ્રવ્યો એઓ પણ ક્ષેત્રાવગાહના ભેદથી, એકસમય સ્થિતિ વગેરે કાળના ભેદથી, એકગુણ કાળુંપણું વગેરે ભાવભેદથી અનંતાભેદો, આ બધા ભેદો સાથે એક એક સમય દ્રવ્યોનો સંબંધ છે. તે સંબંધથી દરેક સમયના અનંતાનંત ભેદો સ્વીકારાય છે. આ પ્રમાણે હોવાથી અતિત વગેરે સમયો સામાન્યથી દ્રવ્યો છે. પણ જીવ વગેરે દ્રવ્યોના સંબંધભેદોથી પ્રદેશો છે. એ પ્રમાણે અદ્ધા સમયોનો પણ દ્રવ્ય કે પ્રદેશભાવ અમે જાણીએ છીએ. આગમમાં તો પુદ્‌ગલ સ્કંધોની જેમ અદ્ધા સમયોના પિંડરૂપનો અભાવ હોવાથી પ્રદેશત્વરૂપ સ્વીકાર્યું નથી. તત્ત્વતો બહુશ્રુતો જ જાણે છે. (૧૬૭)

આ પ્રમાણે વિસ્તારપૂર્વક જીવાજીવ દ્રવ્યપ્રમાણ કહ્યું. તે કહેવાથી 'संतपयपरूवणया'

## ગાથામાં કહેલ બીજું પ્રમાણદ્વાર સમાપ્ત થયું

—બીજો વિભાગ સમાપ્ત—

# ત્રીજો-વિભાગ ક્ષેત્રદ્વાર

## પ્રકરણ-૧ લું

## ચતુર્ગતિ જીવ દેહમાન

હવે ક્રમાનુસાર ક્ષેત્રદ્વાર કહે છે.

**खेत्तं खलु आगासं तव्विवरीयं च होइ नोखेत्तं ।**
**जीवा य पोग्गलवि य धम्माधम्मत्थिया कालो ॥१६८॥**

ગાથાર્થ : ક્ષેત્ર એટલે આકાશ. ક્ષેત્રથી જે વિપરિત તે નોક્ષેત્ર કહેવાય છે. તે નોક્ષેત્ર જીવો પુદ્ગલો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળ રૂપે છે. (૧૬૮)

**ટીકાર્થ** : જેમાં પદાર્થો ઉત્તરપર્યાયની પ્રાપ્તિમાં પૂર્વ પર્યાયના વિલયપૂર્વક નાશ થાય તે ક્ષેત્ર એટલે આકાશ અથવા જ્યાં પ્રાણીઓ પરસ્પર હિંસા કરે તે ક્ષેત્ર તે જ આકાશ છે. આકાશ ક્ષેત્રથી જે વિપરીત તે નોક્ષેત્ર એટલે જે ક્ષેત્ર રૂપે ન કહી શકાય તે નોક્ષેત્ર જીવો પુદ્ગલો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળ. આના સિવાય બીજા કોઈ પદાર્થો જ નથી. (૧૬૮)

ક્ષેત્રનું સ્વરૂપ કહ્યું અહીં ચૌદ જીવસમાસો સત્પદપ્રરૂપણા વગેરે અનુયોગ દ્વારો વડે વિચારાય છે. તે જીવસમાસો નારક વગેરે રૂપ રહેલા છે. આથી નારકોનું શરીરપ્રમાણ વિચારાય છે.

**सत्त धणु तिन्नि रयणी छच्चेव य अंगुलाइं उच्चत्तं ।**
**पढमाए पुढवीए बिऊणा बिऊणं च सेसासु ॥१६९॥**

ગાથાર્થ : સાત ધનુષ, ત્રણ હાથ અને છ આંગળની ઉંચાઇ પહેલી પૃથ્વીમાં છે તે પછી બાકીની દરેકમાં બમણી બમણી ઉંચાઇ છે. (૧૬૯)

**ટીકાર્થ** : પહેલી પૃથ્વીમાં નારકોના શરીરની ઊંચાઈ કહે છે. સાત ધનુષ, ત્રણ હાથ, છ આંગળ ઉંચાઇ છે. ઉત્સેધાંગુલ વડે (૩૧) સવા એકત્રીસ હાથ સમજવા બાકીની બીજી વગેરે પૃથ્વીમાં આજ માપને બમણું બમણું કરવું, તે આ પ્રમાણે. શર્કરાપ્રભામાં પંદર ધનુષ અને અઢી હાથ વાલુકાપ્રભામાં એકત્રીસ ધનુષ, અને એક હાથ, પંકપ્રભામાં બાસઠ ધનુષ અને બે હાથ, ધુમપ્રભામાં સવાસો ધનુષ, તમપ્રભામાં અઢીસો ધનુષ (૨૫૦),

તમઃતમઃ પ્રભામાં પાંચસો ધનુષ (૫૦૦) પ્રમાણ ઉંચાઈ ઉત્સેધાંગુલ વડે જાણવી. જઘન્યથી સર્વે પૃથ્વીઓમાં અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દેહમાન જાણવું. આ શરીર પ્રમાણ ભવધારણીય સમજવું. ઉત્તરવૈક્રિય શરીરમાન તો જઘન્યથી દરેક ઠેકાણે અંગુલનો સંખ્યાતમો ભાગ છે. અને ઉત્કૃષ્ટથી ભવધારણીય શરીરમાનથી બમણું જાણવું. તે આ પ્રમાણે.

રત્નપ્રભામાં પંદર ધનુષ ને અઢી હાથ, ઉત્તર વૈક્રિય શરીરમાન જાણવું આ પ્રમાણે ભવધારણીય શરીર પ્રમાણથી બમણું બમણું ત્યાં સુધી લેવું જ્યાં સુધી સાતમી પૃથ્વીના નારકોનું ઉતર વૈક્રિય શરીરનું માપ આવે તેઓનું જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી એકહજાર ધનુષ દેહમાન છે.

પ્ર. : ક્ષેત્રદ્વારના વિષયમાં જીવસમાસોના શરીરપ્રમાણની વિચારણા શું અપ્રસ્તુત નથી?

ઉ : એ પ્રમાણે નથી. કેમકે તમે અભિપ્રાય જાણતા નથી બીજા ગ્રંથોમાં નારક વગેરેના શરીર પ્રમાણ વડે તેમના શરીર વડે અવગાહિત ક્ષેત્રનું જ ખરૂં પ્રમાણ કહ્યું છે. આથી આ ક્ષેત્રદ્વારમાં નારક વગેરે જીવસમાસોના શરીરક્ષેત્રાવગાહનાની વિચારણા અપ્રસ્તુત નથી. (૧૬૯)

હવે બેઈંદ્રિય વગેરેનું શરીરપ્રમાણ કહે છે.

**वारस य जोयणाइं तिगाउयं जोयणं च बोद्धव्वं ।**
**बेइंदियाइयाणं हरिएसु सहस्समब्भहियं ॥१७०॥**

ગાથાર્થ : બેઇન્દ્રિયનું બાર યોજન, તેઈંદ્રિયનું ત્રણ ગાઉ, ચઉરિંદ્રિયનું એક યોજન અને વનસ્પતિઓનું હજાર યોજનથી કાંઇક અધિક દેહમાન છે (૧૭૦)

**ટીકાર્થ** : બાર યોજન વગેરે બેઇંદ્રિય વગેરેનું ઉત્કૃષ્ટ અનુક્રમે દેહમાન જાણવું તે આ પ્રમાણે, શંખ વગેરે બેઈંદ્રિયોનું બાર યોજનનું ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ છે. કેટલાકો ચક્રવર્તિના સૈન્યની નીચે જ કોઈક વખત (સંમૂર્ચ્છિમ સંમૂર્ચ્છતા) જે આશાલિકા નામે જીવ છે, તે બારયોજન પ્રમાણવાળા હોવાથી બેઈંદ્રિય છે એમ માને છે, કેટલાક એને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય માને છે.

કાનખજુરો, મંકોડા વગેરે તેઈન્દ્રિયોનું ત્રણગાઉનું ઉત્કૃષ્ટ દેહમાન છે. ભમરા વગેરે ચઉરિંદ્રિયોનું એક યોજનનું શરીરમાન ઉત્કૃષ્ટ છે.

સમુદ્ર વગેરેમાં રહેલ વેલડી, લત્તાઓ, કમળો વગેરે બાદરવનસ્પતિઓનું ઉત્કૃષ્ટ દેહમાન એક હજાર યોજનથી કંઈક અધિક છે, બેઇંદ્રિય વગેરે સર્વેનું જઘન્ય દેહમાન અંગુલનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ દેહમાન જાણવું.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુકાય, એકેંદ્રિયોનું જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગપ્રમાણનું શરીરનું દેહપ્રમાણ ગ્રંથકાર જાતે જ કહેશે. (૧૭૦)

પંચેંદ્રિય તિર્યંચો ત્રણ પ્રકારે છે–જળચર, સ્થળચર અને ખેચર, જળચરો સંમૂર્ચ્છિમ ગર્ભજ અને એ બંને પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ચાર પ્રકારે છે. સ્થળચરો ચતુષ્પદ અને પરિસર્પ એમ બે પ્રકારે છે. તેમાં ચતુષ્પદો ગર્ભજ અને સંમૂર્ચ્છિમ અને એ બંને પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ચાર પ્રકારે છે. પરિસર્પો, ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ એમ બે પ્રકારે છે. એમાં ઉરપરિસર્પ ચતુષ્પદની જેમ ચાર પ્રકારે તેમજ ભુજપરિસર્પો પણ જાણવા. આમ સ્થળચરો બાર પ્રકારે થયા. ખેચરો જળચરની જેમ ચાર પ્રકારે છે. આ પ્રમાણે તિર્યંચોના વીસ ભેદો થયા તેમાં સંમૂર્ચ્છિમ અપર્યાપ્ત જળચર, સ્થળચર, ખેચરોનું અને પર્યાપ્ત સંમૂર્ચ્છિમ જળચરોનું શરીર પ્રમાણ કહે છે.

**जल थल खह संमुच्छिम तिरिय अपज्जतया विहत्थं ।**
**जल संमुच्छिमपज्जत्तायाण अह जोयण सहस्सं ॥१७१॥**

ગાથાર્થ : જળચર, સ્થળચર, ખેચર સંમૂર્ચ્છિમ અપર્યાપ્તાઓનું દેહમાન ઉત્કૃષ્ટથી એક વેંત પ્રમાણ છે. જળચર સંમૂર્ચ્છિમ પર્યાપ્તાનુ ઉત્કૃષ્ટ દેહમાન એક હજાર યોજન છે. (૧૭૨)

**ટીકાર્થ** : સંમૂર્ચ્છિમ અપર્યાપ્ત જળચરોનું એક વેંત પ્રમાણ દેહમાન જાણવું સ્થળચરોમાં ચતુષ્પદો, ઉરપરિસર્પો અને ભુજપરિસર્પો સંમૂર્ચ્છિમ અપર્યાપ્તાનું એકવેંત પ્રમાણ દેહમાન જાણવું. સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા ખેચરનું એકવેંત પ્રમાણ દેહમાન છે. આ દેહમાન ઉત્કૃષ્ટથી જાણવું. જઘન્યથી અંગુલનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

પર્યાપ્તા સંમૂર્ચ્છિમ જળચરોનું નદી, તળાવ વગેરેની અપેક્ષાએ જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સ્વયંભૂરમણ સમુદ્રમાં ઉત્પન્ન થયેલ માછલા વગેરેની અપેક્ષાએ હજાર યોજન પ્રમાણનું શરીર હોય છે. (૧૭૨)

આ પ્રમાણે છ પંચેંદ્રિય તિર્યંચના ભેદોનું શરીરમાન કહી હવે બાકીના ભેદોનું પ્રમાણ કહે છે.

**उरपरिसप्पा जोयण सहस्सिया गब्भया उ उक्कोसं ।**
**संमुच्छिम पज्जत्तय तेसिं चिय जोयण पुहुत्तं ॥१७२॥**

ગાથાર્થ : ગર્ભજ પર્યાપ્ત ઉરઃપરિસર્પો એક હજાર યોજન પ્રમાણના છે. સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ઉરપરિસર્પો ઉત્કૃષ્ટથી યોજન પૃથકત્વ પ્રમાણના છે (૧૭૨)

**ટીકાર્થ** : ઉરસ એટલે હૃદય, હૃદય વડે જે પરિસર્પ એટલે ચાલે તે ઉરપરિસર્પો સાપ વગેરે છે. ગર્ભજ પર્યાપ્તા ઉરપરિસર્પો જઘન્યથી અંગુલના અસંખ્યાત ભાગ

શરીરવાળા છે. ઉત્કૃષ્ટથી સમયક્ષેત્રની બહાર ઉત્પન્ન થયેલ તેઓ જ હજાર યોજન પ્રમાણના શરીરવાળા છે. ગાથામાં તુ શબ્દ વિશેષણના અર્થવાળો હોવાથી પર્યાપ્ત એ અર્થ લેવો. સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ઉરપરિસર્પોનું જઘન્યથી દેહમાન અંગુલનો અસંખ્યાત ભાગ અને ઉત્કૃષ્ટથી યોજન પૃથક્ત્વ પ્રમાણ દેહમાન છે. પૃથક્ત્વનો શબ્દાર્થ પહેલા કહેલો તે જ છે. (૧૭૨)

હવે બીજા પણ પંચેન્દ્રિય તિર્યંચના બે ભેદનું શરીરમાન કહે છે.

**भुय परिसप्पा गाउयपुहुत्तिणो गब्भया व उक्कोसं ।**
**संमुच्छिम पज्जत्तय तेसिं त्रिय धणु पुहुत्तं च ॥१७३॥**

ગાથાર્થ : ગર્ભજ પર્યાપ્તા ભુજપરિસર્પોનું ઉત્કૃષ્ટ દેહમાન ગાઉ પૃથક્ત્વ છે. અને સંમૂર્ચ્છિમ પર્યાપ્તા તેઓનું ધનુષ્ય પૃથક્ત્વ ઉત્કૃષ્ટ દેહમાન છે.

ટીકાર્થ : भुजाभ्यां परिसर्पन्ति—गच्छन्ति इति भुजपरिसर्पा । હાથ વડે જે ચાલે તે ભુજપરિસર્પ કહેવાય જેમકે ઘો, નોળિયા વગેરે, ગર્ભજ પર્યાપ્તા ભુજપરિસર્પોનું જઘન્યથી દેહમાન અંગુલના અસંખ્યાતમા ભાગે છે. અને ઉત્કૃષ્ટથી મનુષ્ય ક્ષેત્રબહાર ઉત્પન્ન થયેલાનું ગાઉ પૃથક્ત્વ દેહમાન છે. ગાથામાં તુ શબ્દ અહીં વિશેષણના અર્થવાળો છે. માટે પર્યાપ્ત રૂપ વિશેષણ લેવું. સંમૂર્ચ્છિમ પર્યાપ્ત ભુજપરિસર્પનું જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગનું દેહમાન છે અને ઉત્કૃષ્ટથી ધનુષ પૃથક્ત્વ છે. (૧૭૩)

હવે ગર્ભજ અપર્યાપ્ત જળચર વગેરે પંચેન્દ્રિય તિર્યંચોનું શરીર પ્રમાણ કહે છે.

**जल थल गब्भऽपज्जत्ता खह थल संमुच्छिमा य पज्जत्ता ।**
**खह गब्भया उ उभए उक्कोसेणं धणुपुहुत्तं ॥१७४॥**

ગાથાર્થ : જળચર, સ્થળચર, ગર્ભજ અપર્યાપ્તા તથા ખેચર, સ્થળચર સંમૂર્ચ્છિમ પર્યાપ્તા, ખેચર ગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બંનેનું ઉત્કૃષ્ટ દેહમાન ધનુષપૃથક્ત્વ છે. (૧૭૪)

ટીકાર્થ : ધનુષ પૃથક્ત્વ શબ્દ બધાની સાથે જોડવો. તેથી ગર્ભજ અપર્યાપ્ત જળચરોનું ધનુષ પૃથક્ત્વ શરીર પ્રમાણ છે. ગર્ભજ અપર્યાપ્ત સ્થળચર લેવા વડે ત્રણે પ્રકારના ગર્ભજ અપર્યાપ્ત સ્થળચરો લેવા. તેથી ગર્ભજ અપર્યાપ્ત ૧ ચતુષ્પદો, ૨ ઉરઃપરિસર્પો ૩ ભુજપરિસર્પોનું શરીરમાન ધનુષપૃથક્ત્વ, સંમૂર્ચ્છિમ પર્યાપ્ત ખેચરોનું ધનુષ પૃથક્ત્વ શરીર માન છે. સંમૂર્ચ્છિમ પર્યાપ્ત સ્થળચરો એટલે બાકી રહેલ ચતુષ્પદો જ અહીં લેવા કેમકે સંમૂર્ચ્છિમ પર્યાપ્તા ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પનું શરીરમાન

આગળ જ નક્કી કરી ગયા છીએ. તેથી ચતુષ્પદો સમૂર્ચ્છિમ પર્યાપ્તાનું ધનુષપૃથક્ત્વ દેહમાન છે. ખેચર ગર્ભજ પર્યાપ્તા અને અપર્યાપ્તાઓનું ઉત્કૃષ્ટથી શરીર પ્રમાણ ધનુષ પૃથક્ત્વ છે. પહેલા કહેલ પણ ચાલુ વિષયોક્ત ગાથાઓમાં ગર્ભજ અપર્યાપ્તા જળચર વગેરે સ્થાનોમાં ધનુષ્યપૃથક્ત્વ શરીરમાન ઉત્કૃષ્ટથી જ જાણવું. જઘન્યથી તો દરેક ઠેકાણે અંગુલનો અસંખ્યાતમો ભાગ જ જાણવો. (૧૭૪)

હવે બાકી રહેલ પંચેંદ્રિય તિર્યંચના બે ભેદોનું પ્રમાણ કહે છે.

**जलगब्भय पज्जता उक्कोसं हुंति जोयण सहस्सं ।**
**थलगब्भय पज्जत्ता छग्गाउक्कोसमुव्वेहा ॥१७५॥**

ગાથાર્થ : જળચર ગર્ભજ પર્યાપ્તનું એક હજાર યોજન ઉત્કૃષ્ટ દેહમાન છે. સ્થળચર ગર્ભજ પર્યાપ્તની છગાઉની ઉત્કૃષ્ટ ઉંચાઇ છે.(૧૭૫)

*ટીકાર્થ* : ગર્ભજ પર્યાપ્તા જળચરોનું જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ શરીરમાન છે. અને ઉત્કૃષ્ટથી સ્વયંભુરમણ સમુદ્રમાં રહેલ માછલાઓનું એક હજાર યોજન દેહમાન છે.

સ્થળચર ગર્ભજ પર્યાપ્તા એટલે બાકી રહેલાના ન્યાયે અહીં ચતુષ્પદો જ લેવા. ગર્ભજ પર્યાપ્તા ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પોનું દેહમાન આગળ જ કહી ગયા છે. તેથી ચતુષ્પદો રૂપ ગર્ભજ પર્યાપ્તા સ્થળચર ગાય વગેરેની જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ શરીરમાન છે. અને ઉત્કૃષ્ટથી દેવકુરૂ ઉત્તરકુરૂના હાથી વગેરેનું છ ગાઉની ઊંચાઇ છે. આ પ્રમાણે 'जल थल खह' વગેરે પાંચ ગાથાઓ વડે વીસ પ્રકારના પંચેંદ્રિય તિર્યંચોનું શરીરમાન કહ્યું. આ પ્રમાણે બીજા ગ્રંથો સાથે કંઇક કોઇક ઠેકાણે વિસંવાદિત થાય છે તે આ પ્રમાણે :–વીસભેદોમાં દશ ભેદો અપર્યાપ્તના છે. તેમાં પ્રજ્ઞાપના, અનુયોગ દ્વાર વગેરે ગ્રંથોમાં કોઇક વિવક્ષાથી દશે અપર્યાપ્તાઓની જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી કોઈપણ વિશેષતા વગર અંગુલનો અસંખ્યાતમો ભાગ જ શરીરપ્રમાણ કહ્યું છે. આ ગ્રંથમાં તો 'जल थल खह' (૧૭૧) ગાથામાં પાંચે સંમૂર્ચ્છિમ અપર્યાપ્તાઓની દરેકની ઉત્કૃષ્ટથી વેંત પ્રમાણ શરીરમાન કહ્યું છે. અને પાંચે ગર્ભજ અપર્યાપ્તાઓનું દેહમાન **जल थल गब्भ अपज्जत्त** (૧૭૪) ગાથામાં દરેકનું ઉત્કૃષ્ટથી ધનુષ પૃથક્ત્વ કહ્યું છે. માટે અહીં તત્ત્વ તો કેવલીઓ કે બહુશ્રુતો જ જાણે.

પર્યાપ્ત અવસ્થામાં જેમનું હજાર યોજનનું શરીર હોય છે તેઓ પણ અપર્યાપ્ત અવસ્થામાં ઉત્કૃષ્ટથી પણ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ દેહવાળા હોય છે, એમ પ્રજ્ઞાપના વગેરેમાં કહ્યું છે. તે બેસતું નથી, જે આ ગ્રંથમાં **खह गब्भयाउ उभए** (૧૭૪) એ પ્રમાણે જે ગર્ભજ ખેચરોનું પર્યાપ્તાની જેમ અપર્યાપ્તાઓનું ઉત્કૃષ્ટથી ધનુઃ

પૃથક્ત્વ દેહમાન કહ્યું છે તે પણ પૃથક્ત્વના ઘણા ભેદો હોવા છતાં એ કથન અમને યોગ્ય લાગતું નથી.

બીજું સ્થળચર ચતુષ્પદો સંમૂચ્છિંમ પર્યાપ્તાઓનું ઉત્કૃષ્ટ દેહમાન પ્રજ્ઞાપના, અનુયોગદ્વાર વગેરે ગ્રંથમાં ઉત્કૃષ્ટથી ગાઉ પૃથક્ત્વ કહ્યું છે. અને આ ગ્રંથમાં આ વિચાર ૧૬૪ મી ગાથામાં સોળમા સ્થાને તેઓને ધનુષ પૃથક્ત્વ ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ કહ્યું છે. અહીં પણ તત્ત્વતો અતિશય જ્ઞાનિઓ જાણે છે. (૧૭૫)

એકેન્દ્રિયોમાં પહેલા ફક્ત વનસ્પતિઓનું જ શરીરમાન કહ્યું છે હવે બાકી રહેલ પૃથ્વી વગેરે સર્વેનું શરીરમાન કહે છે.

**अंगुल असंख भागो बायर सुहुमा य सेसया काया ।**
**सव्वेसिं च जहण्णं मणुयाण तिगाउ उक्कोसं ॥१७६॥**

**ગાથાર્થ** : બાકી રહેલ કાયોમાં બાદર અને સૂક્ષ્મ એ બન્નેનું ઉત્કૃષ્ટ અને જઘન્યથી તથા સર્વજીવ નિકાયોનું જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ દેહમાન છે. મનુષ્યોનું ઉત્કૃષ્ટ દેહમાન ત્રણ ગાઉનું છે. (૧૭૬)

**ટીકાર્થ** : કહ્યા સિવાય બાકી રહેલ જે પૃથ્વી, અપ, તેજસ અને વાયુ કાયોનું દરેકનું સૂક્ષ્મ કે બાદર હોય તેઓનું જઘન્ય તેમજ ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમા ભાગનું શરીરમાન છે ફક્ત એમનું જ અંગુલનો અસંખ્યાત ભાગ છે. એમ નથી પરંતુ જે નારક, બેઇંદ્રિય, તેઇંદ્રિય ચઉરિંદ્રિય, વનસ્પતિઓ, સંમૂચ્છિંમ ગર્ભજ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો જેમનું પહેલા જઘન્ય શરીરમાન કહ્યું નથી અને આગળ પણ મનુષ્ય વગેરેની કહેવાના નથી તે સર્વેનું જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ જ શરીરમાન જાણવું. મનુષ્યોનું ઉત્કૃષ્ટ શરીરમાન ત્રણ ગાઉ છે. જઘન્ય ઉપર કહ્યું છે. (૧૭૬)

હવે દેવોનું શરીર પ્રમાણ કહે છે.

**भवणवइ वाणवंतर जोइसवासी य सतरयणीया ।**
**सक्काइ सतरयणी एक्केका हाणि जावेक्का ॥१७७॥**

**ગાથાર્થ** : ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષિઓ, અને શક્ર વગેરે દેવલોકમાં સાત હાથનું શરીર છે તે પછી એક એક હાથ ઓછો કરતા એક હાથ આવે ત્યાં સુધીનું કહેવું (૧૭૭)

**ટીકાર્થ** : ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષિઓ, સર્વે દેવોને દરેકને સાત હાથ પ્રમાણ દેહ હોય છે. શક્ર એટલે સૌધર્મેન્દ્ર તેના વડે જણાતો સૌધર્મ દેવલોક જ અહીં

લેવો. વગેરે શબ્દથી ઈશાન કલ્પ ગ્રહણ કરવો તે સૌધર્મ ઈશાન દેવોનું દરેકનું ઉત્કૃષ્ટ શરીર સાત હાથનું છે તેપછી એક એક હાથની હાનિ એક હાથ સુધી કરવી તે આ પ્રમાણે :–સનતકુમાર માહેન્દ્ર દેવલોકના દેવોનું (ઉત્કૃષ્ટ સ્થિતિવાળા) ઉત્કૃષ્ટ શરીર ૭ પ્રમાણ શરીર થાય છે. બ્રહ્મલોક, લાંતકમાં પાંચહાથ, મહાશુક્ર અને સહસ્રારના દેવો ચાર હાથ, આનત, પ્રાણુત, આરણ અને અચ્યુતમાં ઉત્કૃષ્ટ આયુવાળા દેવોનું ઉત્કૃષ્ટ શરીર ત્રણ હાથ, ગ્રૈવેયકમાં સર્વથી ઉપર બે હાથ, અનુત્તરવિમાનમાં ઉત્કૃષ્ટ આયુવાળા દેવોને એક હાથનું શરીર પ્રમાણ છે આ દેવોનું જઘન્ય શરીર તો પહેલા કહી ગયા છે આ સાત હાથ વગેરે દેવોનું શરીરમાન ભવધારણીય સહજ શરીરની અપેક્ષાએ છે

ઉત્તર વૈક્રિય તો અચ્યુત દેવલોક સુધીના દેવોનું જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી એક લાખ યોજનનું જાતેજ જાણી લેવું. ગ્રૈવેયેક અનુત્તર દેવેને તો ઉત્તર વૈક્રિય લબ્ધિ હોવા છતાં પણ સ્વભાવથી કોઈપણ વખત કરતા જ નથી એમ માનવું. આ અને આગળ કહેવા સર્વ શરીરમાન **'उस्सेहपमाण ओमिणे देहम्'** એ વચનથી ઉત્સેધાંગુલથી જ જાણવું. આતો દિશાસૂચન જ છે. વિસ્તારથી તો દેવેન્દ્ર, નરકેન્દ્ર વગેરે ગ્રંથોથી જાણવું. (૧૭૭)

આ પ્રમાણે નારકી વગેરેની અવગાહનાના ચિંતન દ્વારા ક્ષેત્ર દ્વારના ક્રમાનુસાર આવેલ ક્ષેત્ર વિચાર્યું અને ગુણસ્થાનરૂપ જીવસમાસોનાં વિષયમાં જે નારક વગેરેની અવગાહના પ્રમાણ વિચાર્યું તેનું કારણ પહેલા જ કહ્યું છે હવે તે જ ગુણસ્થાનરૂપ જીવસમાસોની મુખ્યતાથી જ લોકના જેટલા ભાગમાં તેમનુ જે અવગાહ ક્ષેત્ર છે તેના પ્રમાણને વિચારે છે.

## પ્રકરણ ૨ જું

### ગુણસ્થાન અવગાહ ક્ષેત્ર

**मिच्छा य सव्वलोए असंखभागे य सेसया हुंति ।**
**केवलि असंखभागे भागेसु व सव्वलोए वा ॥१७८॥**

ગાથાર્થ : મિથ્યાદ્રષ્ટિ સર્વલોકમાં હોય છે. બાકીના લોકના અસંખ્યાતમા ભાગે છે કેવલીઓ લોકના અસંખ્યાતમા ભાગે તથા કેવલી સમુદ્દઘાતમાં અસંખ્યાતમા ભાગે તેમજ સર્વલોક વ્યાપી છે. (૧૭૮)

ટીકાર્થ : મિથ્યાદ્દષ્ટિઓ સંપૂર્ણ ચૌદે રાજલોકમાં હોય છે. સૂક્ષ્મ એકેન્દ્રિયો સંપૂર્ણ લોકમાં હોય છે અને તેઓ સર્વે મિથ્યાદષ્ટિઓ છે માટે મિથ્યાદ્દષ્ટિઓનું સર્વલોક વર્તિત્વ યોગ્ય છે શેષ એટલે બાકીના સાસ્વાદની મિશ્રદ્રષ્ટિ, અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરે સર્વે ફક્ત સયોગી કેવલીઓ છોડીને દરેક લોકના અસંખ્યાતમા ભાગે રહેલા છે મિશ્રદ્રષ્ટિ વગેરે સર્વે સંજ્ઞીપંચેંદ્રિયોમાં જ હોય છે. સાસ્વાદનીઓ કેટલાક થોડા જ અપર્યાપ્ત બેઈંદ્રિય, તેઈંદ્રિય ચઉરિંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય વગેરેમાં મળે છે. આ સંજ્ઞી પચેંદ્રિય વગેરે થોડા હોવાથી લોકના અસંખ્યાતમા ભાગે જ મળે છે માટે સાસ્વાદની વગેરે લોકના અસંખ્યાતમા ભાગે વર્તે છે તે યુક્તિયુક્ત છે.

સયોગી કેવલીઓ જ્યારે કેવલી સમુદ્દઘાત ન કરતા હોય અને પોતાની સ્વાભાવિક સ્થિતિમાં વર્તતા હોય ત્યારે તેમજ કેવલી સમુદ્દઘાતમાં પણ જ્યારે દંડ, કપાટ અવસ્થામાં હોય ત્યારે લોકના અસંખ્યાતમા ભાગે વર્તે છે મંથાન કરતા પણ તેઓ લોકના અસંખ્યાતમા ભાગે જ વર્તે છે. ચોથા લોક વ્યાપી સમયે એઓ સંપૂર્ણ લોકમાં હોય છે. (૧૭૮)

આ ગાથામાં મિથ્યાદ્રષ્ટિઓ સર્વ લોકવર્તિ એમ કહ્યું છે તે એકેન્દ્રિય વગેરે ભેદોથી ઘણા ભેદે છે તો શું તે બધાયે સર્વલોક વર્તિ છે કે કેટલાક જ?

**तिरि एगिंदिय सुहुमा सव्वे तह बायरा अपज्जता ।**
**सव्वेवि सव्वलोए सेसा उ असंख भागम्मि ॥१७९॥**

ગાથાર્થ : સર્વે સૂક્ષ્મ એકેંદ્રિય તિર્યંચો તથા બાદર અપર્યાપ્ત સર્વે એકેન્દ્રિયો સમસ્ત લોકમાં હોય છે અને બાકીના લોકના અસંખ્યાતમા ભાગે હોય છે. (૧૭૯)

ટીકાર્થ : સૂક્ષ્મ, પૃથ્વી, અપૂ તેજસ, વાયુ, વનસ્પતિરૂપ એકેંદ્રિય તિર્યંચો સર્વે સંપૂર્ણ લોકમાં પ્રાપ્ત થાય છે. सुहुमा य सव्व लोए એ પ્રમાણેના શાસ્ત્ર વચનનો એમાં

આધાર છે. તથા બાદર અપર્યાપ્તા પૃથ્વી, અપ્, તેજો, વાયુ, વનસ્પતિ રૂપ સર્વે એકેંદ્રિયો દરેકને સમુદાયરૂપે વિચારતા સમસ્ત લોકમાં હોય છે.

પ્ર. સૂક્ષ્મ એકેંદ્રિયને છોડી બાકીના જીવોનું સર્વ લોક વ્યાપિત્વ આગમમાં ક્યાંય કહ્યું નથી તો પછી શા માટે અહીં બાદર અપર્યાપ્ત એકેંદ્રિયો દરેકનું સર્વલોકવર્તિપણું કહો છો ?

ઉ. : સાચી વાત છે કે સ્વસ્થાન આશ્રયી સૂક્ષ્મ એકેન્દ્રિયો જ સર્વ લોકવ્યાપી હોય છે. ઉત્પાદ અને સમુદ્દ્ઘાત આશ્રયીને બાદર અપર્યાપ્તા દરેક એકેન્દ્રિયો સંપૂર્ણ લોકવ્યાપી છે પ્રજ્ઞાપનાસૂત્રમાં કહ્યું છે કે.—'હે ભગવંત ! બાદર પૃથ્વીકાય અપર્યાપ્તાના કયાં સ્થાનો છે? હે ગૌતમ ! જ્યાં આગળ બાદર પૃથ્વીકાય પર્યાપ્તાના સ્થાનો કહ્યા છે ત્યાંજ બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયના સ્થાન કહ્યા છે. ઉત્પાદ વડે સર્વલોકમાં, સમુદ્દ્ઘાત વડે સર્વલોકનાં અને સ્વસ્થાનવડે લોકના અસંખ્યાતમા ભાગે."

તેમાં ઉત્પાદ એટલે ભવાંતરાલ ગતિ રૂપ છે. તેમાં બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયો વિગ્રહગતિમાં હોવાના કારણે સંપૂર્ણ લોકમાં વ્યાપે છે તથા સમુદ્દ્ઘાત એટલે જેનું સ્વરૂપ કહેવાશે તે મારણાંતિક સમુદ્દ્ઘાતમાં તેઓ રહ્યા હોય ત્યારે સર્વલોકવ્યાપી થાય છે. સ્વસ્થાનમાં તો રત્નપ્રભા પૃથ્વી વગેરે આશ્રયી લોકનો અસંખ્યાતકી ભાગે જ હોય છે આમ બાદર અપર્યાપ્ત વાયુકાય અને વનસ્પતિકાય ઉત્પાદ અને સમુદ્દ્ઘાત વડે બંને સર્વલોક વ્યાપી થાય છે બાદર અપર્યાપ્તા અગ્નિકાયો તો સમુદ્દ્ઘાત વડે જ સર્વલોક વ્યાપી થાય છે. વધુ વિસ્તારથી સર્યું. આ વિષયના અર્થીઓએ પ્રજ્ઞાપના સૂત્ર જોવું. આ પ્રમાણે બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયોના ઉત્પાદ્ અને સમુદ્દ્ઘાતને આશ્રયી અહીં સર્વલોક વ્યાપિત્વ કહ્યું છે. એમ માનવું. ઉપર કહ્યા સિવાયના બાકી રહેલ મિથ્યાદૃષ્ટિઓ બાદર પૃથ્વીકાય વગેરે એટલે બાદર પર્યાપ્ત વાયુ અને વનસ્પતિ છોડી સર્વે ઉત્પાદ્ અને સમુદ્દ્ઘાતને આશ્રયીને પણ લોકના અસંખ્યામા ભાગે છે. બાદર પર્યાપ્ત વનસ્પતિઓ તો બાદર પર્યાપ્ત પૃથ્વી વગેરેની જેમ જાણવા.

તો પછી બાદર પર્યાપ્ત વાયુકાયની શી હકીકત છે ?

**पज्जत बायराणिल सट्ठाणे लोगऽसंखभागेसु ।**
**उववाय समुग्घाएण सव्वलोगम्मि होज्जण्हु ॥१८०॥**

ગાથાર્થ:– બાદર પર્યાપ્ત વાયુકાયો સ્વસ્થને લોકના અસંખ્યાત ભાગમાં હોય છે. ઉપપાત સમુદ્દ્ઘાત આશ્રયી સર્વલોકમાં હોય છે. (૧૮૦

**ટીકાર્થ** : બાદર પર્યાપ્ત વાયુકાયો ઘનવાત તનુવાત વગેરે પોતાના સ્થાનાશ્રયી લોકના અસંખ્યાતમા ભાગોમાં હોય છે. લોકના એકજ અસંખ્યાતમા ભાગે આ જીવો નથી હોતા પણ બાકીના લોકના અસંખ્યાતા ભાગોમાં હોય છે. લોકના જેટલા પોલાં ભાગ હોય તે સર્વમાં વાયુનો સંચાર હોય છે. જે ભાગ પોલાણ રહિત ઘન હોય જેમકે

મેરૂપર્વતના મધ્ય ભાગમાં રહેલ શિલા વગેરેમાં વાયુનો સંચાર હોતો નથી, તે ભાગ બધો મળી લોકના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જ છે, આથી તે જ એક ભાગને છોડી બાકીના બીજા અસંખ્યાતા પોલા ભાગોમાં બાદર પર્યાપ્તા વાયુકાયોની હયાતીમાં વિરોધ આવતો નથી. કેમકે યુક્તિયુક્ત છે અને પ્રજ્ઞાપના આગમ વડે સિદ્ધ છે. એક ભવમાંથી બીજા ભવમાં જવા રૂપ ઉપપાત અને મારણાંતિક વગેરે સમુદ્‌ઘાત વડે સંપૂર્ણ લોકમાં બાદર પર્યાપ્ત વાયુકાયો હોય છે. ભવાંતરાલ એટલે વિગ્રહ ગતિમાં રહેલા અને મારણાંતિક સમુદ્‌ઘાતમાં આગળના ભવમાં ઉત્પન્ન થવાના સ્થાને પોતાના આત્મ પ્રદેશોનો દંડ સ્થાપન કરીને સમસ્ત લોકમાં ફેલાય છે. અને પહેલા જે બાદર પર્યાપ્તા વાયુકાયોને લોકના સંખ્યાત ભાગ પ્રમાણપણે કહ્યા તે સંખ્યાને આશ્રયીને જાણવુ. અહીં તો લોકના સંખ્યાત ભાગ પ્રમાણ પ્રદેશ રાશિ જેટલા છે, એમ આગળ નિર્ણય કરેલો છે તે બાદર પર્યાપ્ત વાયુકાયો પોતાના અવગાહ વડે કેટલાં ક્ષેત્રને રોકે છે એ વિચાર કર્યો છે. માટે કોઇપણ જાતનો પૂર્વાપરનો વિરોધ નથી. (૧૮૦)

આ પ્રમાણે જીવદ્રવ્યોનું ક્ષેત્ર કહ્યું હવે અજીવ દ્રવ્યોનો વિષય હોવા છતાં પણ, સૂત્રગતિ વિચિત્ર હોવાના કારણે કહેવાતા ક્ષેત્ર દ્વારમાં રહેલ ક્ષેત્રની અને સ્પર્શના દ્વારમાં રહેલ સ્પર્શનાની જે વિશેષતા છે તે બતાવે છે.

**सट्ठाणसमुग्घाएणुववाएणं च जे जहिं भावा ।**
**संपइकाले खेत्तं तु फासणा होइ समईए ॥१८१॥**

**ગાથાર્થ:-** **સંસ્થાન, સમુદ્‌ઘાત, અને ઉપપાત વડે જે ભાવો જ્યાં હોય છે તે ભાવોનું વર્તમાનકાળ વિષયક ક્ષેત્ર કહેવાય છે. અને ભૂતકાળ વિષયક સ્પર્શના કહેવાય છે. (૧૮૧)**

**ટીકાર્થ** : જે જીવો જ્યાં ઉત્પન્ન થાય તે તેમનું સ્વસ્થાન કહેવાય છે. જેમ પૃથ્વીકાયોનું રત્નપ્રભા પૃથ્વી વગેરે સમુદ્‌ઘાત એટલે જેનું સ્વરૂપ કહેવાશે એ મારણાંતિક સમુદ્‌ઘાત. ઉપપાત એટલે એક ભવમાંથી બીજા ભવમાં જતા વચ્ચેનો સમય. આ સ્વસ્થાન, સમુદ્‌ઘાત અને ઉપપાત વડે જે પૃથ્વી વગેરે ભાવો જે રત્નપ્રભા વગેરે સ્થાનોમાં જ્યાં ઉત્પન્ન થાય તે તેઓનું વર્તમાનકાળ વિષયક ક્ષેત્ર જાણવું. અને ભૂતકાળ વિષયક પણ સ્પર્શના થાય છે. તે આ પ્રમાણે :- વિગ્રહગતિની અવસ્થામાં પોતાના આત્મપ્રદેશો વડે સમસ્ત લોક રૂપ ક્ષેત્રને સર્વ બાજુથી આક્રાન્ત કરવા રૂપ બાદર અપર્યાપ્ત એકેંદ્રિયોનું ક્ષેત્ર પહેલા કહ્યું છે અને સ્પર્શના ભૂતકાળ વિષયક છે તે કહેશે જેમ દેશવિરત વગેરેને આ સ્થાનની અચ્યુત દેવલોક વગેરેમાં ઉત્પન્ન થયેલાને છ રાજલોક વગેરેની સ્પર્શના છે.

તે સ્પર્શના જ આ સ્થાનથી ૭ રાજલોકને સ્પર્શીને અચ્યુત દેવલોકમાં ગયેલો હોવા છતાં પણ નજીકના ભૂતકાળમાં છ રાજલોકની સ્પર્શનાના કારણે છ રજ્જુ લોકનો સ્પર્શક કહેવાય છે. એ પ્રમાણે બીજા સ્થાનોમાં પણ વિચારવું (૧૮૧)

હવે પહેલાં ન કહેલ અજીવ દ્રવ્યોનું ક્ષેત્ર કહે છે.

**लोए धम्मऽधम्मा लोयाए लोए होई आगासं ।**
**कालो माणुस लोए उ पोग्गला सव्व लोयम्मि ॥१८२॥**

**ગાથાર્થ**:- લોકમાં ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય લોક, અલોકમાં આકાશાસ્તિકાય મનુષ્ય કાય, મનુષ્યલોકમાં કાળ અને પુદ્ગલો સર્વલોકમાં છે (૧૮૨)

**ટીકાર્થ** : આગળ કહેલ સ્વરૂપવાળા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બન્ને સંપૂર્ણ લોક લોકાકાશ ક્ષેત્રમાં છે. એટલે સંપૂર્ણ લોકાકાશ ક્ષેત્રમાં ફેલાઈને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય રહેલા છે. આકાશાસ્તિકાય તો લોક અને અલોકમાં ફેલાઈને રહેલા છે. ચંદ્ર સૂર્યની ગતિ ક્રિયા વડે જણાતો કાળ અઢી દ્વીપ સમુદ્રરૂપ મનુષ્ય ક્ષેત્રમાં જ હોય છે. આગળ નહીં કારણ કે મનુષ્યક્ષેત્રથી આગળ ચંદ્રસૂર્યોની ગતિક્રિયાનો જ અભાવ છે. દ્રવ્યોનું જે તે તે રૂપ વડે વર્તન, તે રૂપ કાળ મનુષ્યક્ષેત્રની બહાર પણ હોય છે. એમ સિદ્ધાંતમાં કહ્યું છે એમ જાણવું. પરમાણુ, દ્વયણુકથી લઈ અનંતાણુક સ્કંધો સુધીના પુદ્ગલો સંપૂર્ણ લોક ક્ષેત્રમાં હોય છે. (૧૮૨)

આ પ્રમાણે અજીવ દ્રવ્યોનું પણ ક્ષેત્ર બતાવ્યું તે બતાવવા વડે ક્ષેત્રદ્વાર સમાપ્ત થયું. હવે સંતપય પરૂવણયા વગેરે ગાથામાં કહેલ સ્પર્શના દ્વાર યોગ્ય છે. સ્પર્શના સ્પર્શનીય હોય છતે જ હોય છે. અને સ્પર્શનીય ઉર્ધ્વલોક અધોલોક, તિર્છાલોક વગેરેના ભેદોથી અનેક પ્રકારે થાય છે આથી તેને બતાવવા માટે પ્રયત્ન કરે છે.

# વિભાગ—૪થો

## —સ્પર્શના દ્વાર—

### પ્રકરણ-૧

### સ્પર્શનીય ક્ષેત્ર

**आगासं च अणंतं तस्स य बहुमज्झ देसभागम्मि ।**
**सुपइट्ठिय संठाणो लोगो कहिमो जिणवरेहिं ॥१८३॥**

ગાથાર્થ : આકાશ અનંત છે તેના ઘણા મધ્ય પ્રદેશરૂપ ભાગમાં સુપ્રતિષ્ઠિત સંસ્થાન વાળો લોક જિનેશ્વરો એ કહેલ છે. (૧૮૩)

**ટીકાર્થ** : સામાન્યથી વિચારાતું લોકાલોક રૂપ આકાશ અનંત છે તે અનંત આકાશનો ઘણો મધ્ય ભાગ રૂપ પ્રદેશ એટલે તે કંઈક વધારે ઓછો હોય તો પણ ઉપચારથી મધ્યભાગ જ કહેવાય છે. આથી તેનો નિષેધ કરવા માટે બહુ એટલે અત્યંત નિરૂપચાર જે મધ્યભાગ તે ભાગ સર્વ આકાશના અંશરૂપ બહુ મધ્યદેશ ભાગ છે. તેમાં સુપ્રતિષ્ઠિત સંસ્થાનવાળો પંચાસ્તિકાયના સમુદાયરૂપ લોક જિનેશ્વરોએ કહેલ છે અહીં ઘણા પાઠાંતરો દેખાય છે. તે પાઠાંતરોની પણ દેશ શબ્દની જુદા જુદા સ્થાનોમાં જોડવા વગેરે દ્વારા ઉપર કહ્યાનુસાર વ્યાખ્યા કરવી. સુપ્રતિષ્ઠિત એટલે વાસણના આધાર રૂપ ત્રણ લાકડાનું બનાવેલ સાધન. વિશેષ (માંચી) જે લોકમાં આરખલક તરીકે પ્રસિદ્ધ છે. આસ્ખલક એટલે નીચે પડતા વાસણને અટકાવે નિવારે તે. આથી જ સારી રીતે પ્રતિષ્ઠિત છે ભાજન વગેરે જેમાં તે સુપ્રતિષ્ઠિત. સુપ્રતિષ્ઠિતની જેમ જેનું સંસ્થાન એટલે આકાર છે તે – સુપ્રતિષ્ઠિત સંસ્થાનવાન લોક કહેવાય છે. આ સુપ્રતિષ્ઠિત લોક ઊંધા કરેલ શરાવ વગેરે ભાજનનો નીચેનો ભાગ ઉપર છે. કે જેથી આસ્ખલનકની જેમ લોક પણ નીચે નીચે ક્રમપૂર્વક વિસ્તાર પામતો જાય છે, મધ્યભાગ સાંકડો, ઉપર પણ ક્રમપૂર્વક બ્રહ્મદેવલોક સુધી વિસ્તાર પામતો અને તે પછી સિદ્ધશીલા સુધી સાંકડો થતો જાય છે. આ પ્રમાણે તો બ્રહ્મલોક સુધી જ લોક સુપ્રતિષ્ઠિત સંસ્થાનવાળો થાય છે. સિદ્ધ શિલા સુધી વિચારતા ઉપર નીચા મોઢાવાળા તિલક વગેરે વાસણ સુપ્રતિષ્ઠિત ઉપમાવાળા જ થાય છે. એમ વિચારવું. (૧૮૩)

આ લોકનો નીચેનો ભાગ અધોલોક, વચ્ચેનો ભાગ તિર્યગ્લોક, અને ઉપરનો ભાગ ઉર્ધ્વલોક છે. આથી આ ત્રણે ભાગોનાં જુદા જુદા સંસ્થાનના નિરૂપણ માટે કહે છે.

**हेट्ठा मज्झे उवरिं वेत्तासणझल्लरी मुइंगनिभो ।**
**मज्झिम वित्थाराहिय चोद्दस गुणमायओ लोओ ॥१८४॥**

ગાથાર્થ : અધોલોક વેત્રાસન જેવો છે, મધ્યલોક ઝલ્લરી જેવો છે અને ઉર્ધ્વલોક મૃદંગ (ઢાલક)ના જેવો છે. મધ્યલોકના વિસ્તારથી સમસ્ત લોક ચૌદગુણોમાં મોટો છે. (૧૮૪)

**ટીકાર્થ** : આલોક નીચેથી વેત્રાસન સમાન છે. કોમળ નેતરની સોટી વડે બનાવેલ આસન વિશેષ કે જે નીચેના ભાગે પહોળું અને ઉપરના ભાગે કંઈક સાંકડુ હોય છે. તે પ્રમાણે લોક પણ રત્નપ્રભાના ઉપરના તળથી નીચે ક્રમસર વિસ્તારવાપૂર્વક વેત્રાસન સમાન થાય છે.

ઝલ્લરી એટલે જાવાલપુર વગેરેમાં પ્રસિદ્ધ વાજીંત્ર. વિશેષ છે કે જે બંને બાજુથી અત્યંત વિસ્તારવાળું હોય છે તેમ મધ્ય તિર્છા લોક પણ તેવા આકારનો છે. જેમ ઊભી રાખેલ ઝલ્લરી વાજીંત્ર ઉપરથી લઈ નીચે સુધી અતિ વિસ્તૃતતા અને ગોળાકારતા છે અને વચ્ચેનો ભાગ થોડો દેખાય છે. એ પ્રમાણે તિર્છાલોક રૂપ મધ્યલોકમાં પણ ઉપર અને નીચે કંઈક અધિક રજ્જુ વિસ્તાર છે. વચ્ચે અઢારસો યોજનની ઊંચાઈ હોવાથી થોડો છે.

મૃદંગ (ઢાલક) ઉપર અને નીચે કંઈક આંકડો અને વચ્ચે પહોળું એવું વાજીંત્ર વિશેષ જ છે તે પ્રમાણે લોક પણ ઉપરના ભાગ એટલે ઉર્ધ્વલોક તિર્યગ્લોકના ઉપરના ભાગેથી સિદ્ધશિલા સુધી વિચારતા મૃદંગ સમાન આકારવાળો થાય છે. આ પ્રમાણે સામાન્યથી અને વિશેષથી લોકનું સંસ્થાન કહ્યું. હવે તે લોકની જ ઊર્ધ્વ અને અધોનું લંબાઈ રૂપ પ્રમાણ કહે છે.

મધ્યભાગ એજ વિસ્તાર તે મધ્યવિસ્તાર, અને અધિક તે ચૌદગણું અધિક ચૌદગણું, મધ્યવિસ્તારથી અધિકઅધિક ચૌદગણુ તે મધ્યમ વિસ્તારાધિક ચૌદગણુ. ગુણમાં જે અનુસ્વાર છે તે અલાક્ષણિક છે મધ્યમવિસ્તારથી અધિક ચૌદગુણ પ્રમાણ વડે જણાય છે જેની લંબાઈ તે લોક એટલે મધ્યમવિસ્તાર રૂપ તિર્છાલોકના વિસ્તારથી અધિક ચૌદગુણો વિસ્તાર રૂપ લંબાઈ છે તે લોક, આ પ્રમાણે સમાન થયો હવે ભાવાર્થ કહે છે.

આ રત્નપ્રભાના ઘણા સમાન ભાગે મેરૂના વચ્ચે આકાશપ્રદેશના બે પ્રતરો છે. આ પ્રતરો લંબાઇ અને પહોળાઈથી બંન્નેથી સંપૂર્ણ રજ્જુ પ્રમાણ છે. સર્વલોકના મધ્યભાગમાં રહેલ હોવાથી આ બે પ્રતરો મધ્યમ કહેવાય છે. તે પ્રતરસંબંધી જે રજ્જુ પ્રમાણનો

વિસ્તાર અહીં મધ્યમ વિસ્તાર કહેવાય છે. તે મધ્યમ વિસ્તારથી અધિક ચૌદગુણો સંપૂર્ણ લોક છે. એ તાત્પર્યાર્થ. બીજી જગ્યાએ સંપૂર્ણ ચૌદ રજ્જુ લાંબો લોક સંભળાય છે અહીં તો કંઇક સાધિકપણે કહ્યું છે આ વિષયમાં તત્ત્વનો કેવલિઓ જ જાણે. (૧૮૪)

પ્ર. : જો આ લોક ત્રણ પ્રકારે વહેંચાયેલો છે તો પછી જીવ વગેરેને તિર્છાલોકમાં શું સ્પર્શનીય છે? તે કહો.

ઉત્તર : मज्झे य मज्झलोयस्स जंबुद्दीवो य वट्ट संठाणो ।
जोयण सय सहस्सो विच्छिण्णो मेरुनाभीओ ॥१८५॥

ગાથાર્થ : મધ્યલોકના મધ્યમાં ગોળાકાર જંબૂદ્વીપ છે જે એક લાખ યોજનના વિસ્તારવાળો અને જેને મેરુની નાભિ છે એવો જંબૂદ્વીપ છે. (૧૮૫)

**ટીકાર્થ** : ઊર્ધ્વલોક અને અધોલોકની વચ્ચે હોવાથી મધ્યલોક કે તિર્છાલોક તેની મધ્ય ભાગમાં સમસ્ત દ્વીપો અને સમુદ્રોની વચ્ચે જંબૂદ્વીપ નામે દ્વીપ છે દ્વીપ એટલે સ્થાન દાન અને આહાર વગેરેનો ટેકો આપવા રૂપ બે પ્રકારો વડે પ્રાણીઓનું જે પાલન કરે તે, રત્નમય, શાશ્વત જંબૂવૃક્ષ વડે ઓળખાતો દ્વીપ તે જંબૂદ્વીપ છે. તે સંપૂર્ણ ચન્દ્રમંડળની જેમ ગોળાકાર વાળો છે તથા ગોળાકાર હોવાથી પૂર્વપશ્ચિમ અને ઉત્તર દક્ષિણ એકલાખ યોજનના વિસ્તારવાળો છે બીજું જેના મધ્યભાગમાં મેરૂપર્વત હોવાથી મેરૂ નાભિ તરીકે જે ઓળખાય છે (૧૮૫)

તેના બે પડખામાં શું છે તે કહે છે.

तं पुण लवणो दुगूणेण वित्थडो सव्वओ परिक्खिवइ ।
तं पुण धायइसंडो तद्दुगुणो तं च कालोओ ॥१८६॥

ગાથાર્થ : તે જંબૂદ્વીપને ચારેબાજુથી વીંટળાઇને તેનાથી બમણા વિસ્તારવાળો લવણસમુદ્ર છે તેને તેનાથી બમણા વિસ્તારવાળો ધાતકીખંડ છે અને તેને તેનાથી બમણા વિસ્તારવાળો કાલોદધિ સમુદ્ર વીંટળાઇને રહેલ છે. (૧૮૬)

**ટીકાર્થ** : જેનું સ્વરૂપ કહ્યું છે તે જંબૂદ્વીપને ખારા રસવાળો અને જંબૂદ્વીપથી બણુણા વિસ્તારવાળો એટલે બે લાખ યોજનના વિસ્તારવાળો લવણસમુદ્ર સર્વ બાજુથી વીંટળાયેલ છે તે લવણસમુદ્રને શાશ્વત રત્નમયધાતકી વૃક્ષવડે ઓળખાતો ધાતકીખંડ જે તેનાથી બમણા એટલે ચારલાખ યોજનના વિસ્તારવાળો ધાતકીખંડ ચારે બાજુ વીંટળાયેલ છે એમ અહીં પણ જોડવું, તે ધાતકીખંડને શુદ્ધપાણીના સ્વાદવાળો કાલોદધિ નામે સમુદ્ર, તેનાથી બમણા વિસ્તારવાળો એટલે આઠલાખ યોજનના વિસ્તારવાળો ચારેબાજુથી વીંટળાઇને રહેલ છે. (૧૮૬)

તે પછી પણ શું છે તે કહે છે.

**तं पुण पुक्खरदीवो तम्मज्झे माणुसोतरो सेलो ।**
**एतावं नरलोओ बाहिं तिरिया य देवा य ॥१८७॥**

ગાથાર્થ : તે કાલોદધિને પુષ્કરદ્વીપ વીંટળાઈને રહેલ છે તેની મધ્યે માનુસોત્તર પર્વત છે. અહિં સુધી જ મનુષ્યક્ષેત્ર છે એની બહાર તિર્યંચો અને દેવો છે, (૧૮૭)

**ટીકાર્થ** : તે કાલોદધિ સમુદ્રને શાશ્વત રત્નમય પુષ્કરો એટલે કમળો વડે ઓળખાતો જે દ્વીપ તે પુષ્કરદ્વીપ કે જે કાલોદધિથી બમણા એટલે સોળલાખ યોજનના વિસ્તારવાળો ચારેબાજુથી વીંટળાયેલો છે. તે પુષ્કરદ્વીપની મધ્યભાગમાં કાલોદધિ સમુદ્રથી આઠલાખ યોજન પછી વલય આકારવાળો માનુષોત્તર નામનો પર્વત છે. માનુષોત્તર પર્વત સુધીજ મનુષ્યોનો જન્મ, મૃત્યુ, હંમેશના રહેઠાણ રૂપ જે લોક તે નરલોક જાણવો.

તે પર્વત પછી તે માનુષ્યોના જન્મ, મરણ, હમેશનું રહેવાનું વગેરેનો અભાવ છે.

પ્ર. : તો પછી તે માનુષોત્તર પર્વતની બહાર શું છે ?

ઉ. : તે પર્વતની બહાર તિર્યંચો, દેવો અને દેવની નગરીઓ હમેશાં હોય છે પણ મનુષ્યો હોતા નથી. (૧૮૭)

પ્ર. : પુષ્કરદ્વીપ પછી દ્વીપસમુદ્રો છે કે નહીં ?

ઉ. : **एवं दीवसमुद्दा दुगुण दुगुण वित्थरा असंखेज्जा ।**
**एवं तु तिरियलोगो सयंभुरमणोदहिं जाव ॥१८८॥**

ગાથાર્થ : એ પ્રમાણે બમણા બમણા વિસ્તારવાળા અસંખ્યાતા દ્વીપસમુદ્રો સ્વયંભુરમણ સમુદ્રો સુધી છે. આ પ્રમાણે તિર્છાલોક થયો. (૧૮૮)

**ટીકાર્થ** : જે પ્રમાણે આગળ દ્વીપસમુદ્રો કહ્યા તે પ્રમાણે બીજા પણ અસંખ્યાતા દ્વીપસમુદ્રો કહેવા. અસંખ્યાતાનું પ્રમાણ તો આગળ કહ્યું છે તે અસંખ્યાતા દ્વીપસમુદ્રોનું કેવા પ્રકારનું સ્વરૂપ છે ? અનુક્રમે તે બધા બમણા બમણા વિસ્તારવાળા છે તે આ પ્રમાણે, પુષ્કર દ્વીપથી પછી તેના બમણા પ્રમાણવાળો શુદ્ધ પાણીના સ્વાદવાળો પુષ્કર સમુદ્ર કહેવો તે પછી વરૂણવરદ્વીપ, તે પછી વારૂણી (દારૂ) સ્વાદવાળો વરૂણોદધિ સમુદ્ર, તે પછી ક્ષીરવર દ્વીપ, તે પછી ક્ષીરના સ્વાદવાળો ક્ષીરોદધિ સમુદ્ર, તે પછી ઘૃતવરદ્વીપ, તે પછી ઘીના સ્વાદ વાળો ઘૃતોદધિ સમુદ્ર, તે પછી ઇક્ષુવરદ્વીપ, તે પછી શેરડીના રસના સ્વાદવાળો ઇક્ષુરસ સમુદ્ર, અહીંથી આગળ સર્વે સમુદ્રોદ્વીપના સમાન નામવાળા જાણવા, બીજું સ્વયંભૂરમણ સમુદ્રોને છોડી સર્વે સમુદ્ર શેરડીના રસના સ્વાદ જેવા પાણીવાળા છે.

તે દ્વીપોના નામો આ પ્રમાણે :-ઇક્ષુરસ સમુદ્ર પછી નંદીશ્વર દ્વીપ, અરુણવર, અરુણાવાસ, કુંડલવર, શંખવર, રૂચકવર. અનુયોગદ્વાર ચૂર્ણીના અભિપ્રાયે તેરમો રૂચકવર દ્વીપ કહ્યો છે. પરંતુ અનુયોગદ્વાર સૂત્રમાં અરૂણાવાસ અને શંખવરદ્વીપ ન કહેલ હોવાથી તેના અભિપ્રાયે અગીયારમો રૂચકવરદ્વીપ છે. આ બે માં પરમાર્થ તો યોગી પુરૂષો જ જાણે છે.

નંદીશ્વર વગેરે દ્વીપોની વચ્ચે પોતાના દ્વીપ સમાન નામવાળા સમુદ્રો જાતે જ જાણી લેવા એમ કહ્યું છે. આ જંબૂદ્વીપ વગેરેથી લઇ રુચકવર સુધીના દ્વીપસમુદ્રો આંતરા વગર રહેલાના નામો કહ્યા છે. આનાથી આંતરા વગર રહેલા દ્વીપો અસંખ્યાતા છે. માટે દરેક નામો કહેવા અશકય છે. આથી અસંખ્યાતા દ્વીપોમાં કેટલાના નામો કહીએ ? તે આ પ્રમાણે રુચકવર દ્વીપથી અસંખ્યાતા દ્વીપ સમુદ્ર ગયા પછી ભુજગવરનામનો દ્વીપ જાણવો. તે પછી અસંખ્યાતા દ્વીપ ઓળંગ્યા પછી કુશવર નામનો દ્વીપ જાણવો, તે પછી અસંખ્યાતા દ્વીપો ઓળંગ્યા પછી કૌંચવર નામનો દ્વીપ છે. એ પ્રમાણેઅસંખ્યાતા અસંખ્યાતા દ્વીપસમુદ્રો ઓળંગ્યા પછી સિદ્ધાંતમાં કહેલ બે ગાથાઓમાં જણાવેલ વસ્તુઓ નામ સમાન દ્વીપસમુદ્રો જાણવા તે ગાથાઓ આ પ્રમાણે છે.

'आभरण वत्थ गंधे उप्पल तिलए य पुढविनिहिरयणे ।
वासहर दह नइओ विजया वक्खार कप्पिंदा ॥१॥
कुरू मन्दर आवासा कूडा नक्खत्त चंद सूरा य ।
देवे नागे जक्खे भूए य सयंभुरमणे य' ॥२॥

આભરણ, વસ્ત્ર, ગંધો, કમળો, તિલકો, પૃથ્વીઓ, નિધિ, રત્નો વર્ષધરો, દ્રહો, નદીઓ વિજયો, વક્ષસ્કારો, કલ્પો ઇંદ્રો (૧)

કુરૂ, મેરુ, આવાસો, શિખરો, નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય અને દેવ, નાગ, યક્ષ, ભૂત, સ્વયંભૂરમણ....(૨)

આ બે ગાથામાં કહેલ આભરણ, વસ્ત્ર, ગંધ, કમળો, તિલક વગેરે વસ્તુઓ પર્યાય વાચક જેવા સમાન નામવાળા એકેક દ્વીપો સ્વયંભૂરમણ સુધી કહેવા. તે દ્વીપ પછી શુદ્ધ પાણીના સ્વાદવાળો સ્વયંભૂરમણ સમુદ્ર આવે છે.

પ્ર. : જો આ પ્રમાણે અસંખ્યાત અસંખ્યાત દ્વીપો ઓળંગ્યા પછી જે દ્વીપો આવે છે તેના જ આ નામો કહ્યા છે. પણ તે દ્વીપોની વચ્ચે જે દ્વીપો છે તેના શું નામ છે ?

ઉ. : સાચી વાત છે લોકમાં શંખ, ધ્વજ, કળશ, સ્વસ્તિક, શ્રીવત્સ વગેરે શુભ પદાર્થના જે શુભ નામો છે તે સર્વ નામો વડે તે દ્વીપો ઓળખાય છે એમ જાતે જ જાણી

લેવું. સમય સાગરમાં પણ કહ્યું છે કે "હે ભગવંત ! દ્વીપ સમુદ્રોના કેટલા નામો કહ્યા છે ? હે ગૌતમ ! લોકમાં જેટલા શુભનામો શુભરૂપો, શુભગંધો, શુભરસો શુભસ્પર્શો છે એટલા દ્વીપ સમુદ્રોના નામો કહ્યા છે."

જેટલા શંખ ધ્વજ વગેરે શુભનામો, જેટલા શુભ રૂપ ગંધ વગેરેને જણાવનારા શબ્દો તેના નામોવાળા અસંખ્યાતા દ્વીપો જાણવા. સમુદ્રો દ્વીપ સમાન નામવાળા જ છે એમ કહ્યું જ છે. આ પ્રમાણે અનુક્રમે બમણા બમણા વિસ્તારવાળા અસંખ્યાતા દ્વીપ સમુદ્રો વિચારવા આમ અસંખ્યાતા દ્વીપ સમુદ્ર યુક્ત સ્વયંભૂરમણ સમુદ્ર સુધી તિર્છાલોક જાણવો. સિદ્ધાંતની પરિભાષા વડે ઉર્ધ્વલોક અને અધોલોકની વચ્ચે રહેલ લોક તે તિર્છાલોક કહેવાય છે અથવા અહીં તિર્યક્ શબ્દનો અર્થ મધ્યમપણાનો વાચક છે. તેથી તિર્યગ્ એટલે મધ્યમ પરિણામવાળા દ્રવ્યો જેમાં કેવલીઓ વડે જોવાય છે તે તિર્યગ્લોક.

આ તિર્છાલોકમાં ક્ષેત્રના પ્રભાવથી જ સર્વે દ્રવ્યો મોટે ભાગે મધ્યમ પરિણામવાળા જ હોય છે. ઉર્ધ્વલોકની જેમ ઉત્કૃષ્ટ પરિણામવાળા દ્રવ્યો હોતા નથી અને અધોલોકની જેમ અત્યંત જઘન્ય પરિણામવાળા દ્રવ્યો પણ હોતા નથી. (૧૮૮)

તિર્છાલોકમાં જીવને સ્પર્શનીય વસ્તુ કહી. અધોલોકમાં જીવને સ્પર્શ કરવા યોગ્ય કઇ વસ્તુઓ છે? રત્નપ્રભા વગેરે સાત પૃથ્વીઓ સ્પર્શનીય છે. તો પછી તે પૃથ્વીઓનું તિર્છુ પ્રમાણ શું છે? તે પૃથ્વીઓ આંતરાવાળી છે કે આંતરા વગરની છે? નીચેની પૃથ્વી ઉપરની પૃથ્વી કરતાં શું અધિક વિસ્તારવાળી છે કે સમાન વિસ્તાર છે? એ વગેરેનું પ્રતિપાદન કરો.

હવે એનું પ્રતિપાદન કરે છે.

## तिरियं लोगायामं पमाण हेट्ठा ऊ सव्व पुढवीणं ।
## आगासंतरिआऊ विच्छिन्नयरा उ हेट्ठेट्ठा ॥ १८९ ॥

ગાથાર્થ : નીચે સર્વ પૃથ્વીઓનું તિર્છુ પ્રમાણ તિર્છાલોકના પ્રમાણ જેટલું છે અને સર્વ પૃથ્વીઓ વચ્ચે આકાશનું અંતર છે. નીચે નીચે વિસ્તારવાળી છે. (૧૮૯)

**ટીકાર્થ** : તિર્છાલોકમાં સ્પર્શનીય વસ્તુ કહી. હવે નીચે સાત નરક પૃથ્વીઓ સ્પર્શનીય જાણવી. તે સર્વ પૃથ્વીઓનું તિર્છુ એટલે પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ પ્રમાણ તિર્છાલોકના વિસ્તાર જેટલું જાણવું. નિર્દેશની વિભક્તિ લુપ્ત હોવાથી '**लोगायाम**' થયું છે.

આનું તાત્પર્ય આ પ્રમાણે છે:- જેટલા પ્રમાણમાં તિર્છાલોકાકાશ છે તેટલા જ પ્રમાણમાં આ સાતે પૃથ્વીઓ પણ તિર્છી છે.

પ્ર. : તિર્ચ્છાલોકાકાશનો વિસ્તાર લોકના અંત સુધી છે. અને આ સાત પૃથ્વીઓ તો અલોકને સ્પર્શતી નથી. પૃથ્વી અને અલોકના અંતરમાંજ 'छच्चेव अद्धपंचमजोयणमध्धं च हुंति रयणाए' વગેરે શાસ્ત્રગ્રંથ વડે ઘનોદધિ, ઘનવાત, તનુવાત વલયોનો અને ફક્ત થોડાક આકાશની જ હયાતિ આગમમાં કહી છે તો પછી તે પૃથ્વીઓનું તિર્ચ્છું પ્રમાણ (તિર્ચ્છો) લોકાયામ જેટલું શા માટે કહો છો ?

ઉ. : સાચી વાત છે. પરંતુ ઘણા લોકાકાશમાં તિર્ચ્છી સર્વે પૃથ્વીઓ તેટલાજ પ્રમાણવાળી છે. જ્યાં છેડે કંઈક છેડેના ભાગમાં થોડો ભાગ નથી હોતો તે અહીં અલ્પ હોવાથી ગણ્યો માટે કોઈ દોષ નથી. અહીં 'तिरियं लोयपमाणं, तिरियं लोगायाम पमाणं' વગેરે પાઠાંતરો જોવામાં આવે છે. તેની પણ ઉપર કહ્યા પ્રમાણે વ્યાખ્યા કરવી.

આ સાતે પૃથ્વીઓ અસંખ્યાતા હજાર યોજન વિસ્તારવાળા આકાશખંડો વડે પરસ્પર એકબીજાથી અંતરિત છે. તે આ પ્રમાણે રત્નપ્રભાના પછી નીચે અસંખ્યાતા યોજન વિસ્તારવાળા આકાશખંડના અંતર પછી શર્કરાપ્રભા પૃથ્વી રહેલી છે પણ અંતર વગર નથી રહેલી તે શર્કરાપ્રભાની નીચે વાલુકાપ્રભા પણ શર્કરાપ્રભાની જેમજ જાણવી. એ પ્રમાણે છઠ્ઠી પૃથ્વીની નીચે અસંખ્યાતા હજાર યોજન વિસ્તારવાળા આકાશના આંતરાપૂર્વક સાતમી પૃથ્વી રહેલી છે. પણ આંતરા વગર નથી રહેલી. કહ્યું છે કે, " હે ભગવંત ! આ રત્નપ્રભા પૃથ્વીથી શર્કરા પૃથ્વી કેટલી અબાધના અંતરે કહેલ છે ? હે ગૌતમ ! અસંખ્યાતા હજાર યોજન અબધાએ અંતર કહેલ છે. એ પ્રમાણે છઠ્ઠી પૃથ્વી સુધી જાણવું. હે ભગવંત ! તમા પૃથ્વીની નીચે સાતમી પૃથ્વી કેટલી અબાધાના અંતરે કહેલ છે ? હે ગૌતમ ! અસંખ્યાતા હજાર યોજન અબાધાની અંતરે રહેલ છે." આ સાતે પૃથ્વીઓ નીચે નીચે વિસ્તારવાળી જાણવી. કેમકે લોક નીચે અનુક્રમે વિસ્તાર પામે છે. તિર્ચ્છાલોકની એની પહોળાઈનું પ્રમાણ આ સાતે પૃથ્વીઓનું હાલમાં જ નિરૂપણ કર્યું છે. માટે સામર્થ્યથી લોક વિસ્તારાનુસારે પૃથ્વીઓનો નીચે નીચે વધુ વિસ્તાર સિદ્ધ થાય છે. (૧૮૯)

આ પ્રમાણે અધોલોકમાં પણ સ્પર્શનીય પદાર્થોનું નિરૂપણ કર્યું.

હવે ઉર્ધ્વલોકના સ્વરૂપનો નિર્ણય કરે છે.

**उड्ढं पएसवुड्ढी निद्दीट्ठा जाव बंभलोगोत्ति ।**
**अध्धुट्ठा खलु रज्जू तेण परं होइ परिहाणी ॥१९०॥**

ગાથાર્થ:- ઊર્ધ્વલોકમાં પ્રદેશ વૃદ્ધિ પૂર્વક બ્રહ્મદેવલોક સુધી એટલે સાડા ત્રણ રજ્જુ સુધી વૃદ્ધિ થાય છે. તે પછી હાની થવા માંડે છે એમ કહ્યું છે(૧૯૦)

**ટીકાર્થ** : પૂર્વમાં કહેલ લોકના મધ્યમાં રહેલ રત્નપ્રભાના બે પ્રતરોમાંથી ઉપરના પ્રતરથી ઉપર અંગુલના અસંખ્યાતમા ભાગ ચડવા માત્રથી અંગુલનો અસંખ્યાતમા ભાગની વૃદ્ધિપૂર્વકની પ્રદેશવૃદ્ધિ નંદીસૂત્રમાં કહેલી છે. તે પ્રદેશવૃદ્ધિ કેટલે દૂર સુધી કહીં છે ? તે પ્રદેશવૃદ્ધિ પાંચમા દેવલોક સુધી એટલે રજ્જુ પ્રમાણ વડે કેટલી પ્રદેશવૃદ્ધિ જાણવી ? સાડાત્રણ રજ્જુ પ્રમાણ લોકની પ્રદેશવૃદ્ધિ ઉર્ધ્વમાં જાણવી. તે પછી સાડાત્રણ રજ્જૂ પછી અંગુલના અંસખ્યાતમોભાગ ચડતા અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હાનિપૂર્વક પ્રદેશહાનિ લોકાંત સુધી જાણવી તે હાનિ પણ સાડાત્રણ રજ્જુ જેટલીજ જાણવી.

સાડાત્રણ શબ્દ હાનિ અને વૃદ્ધિ બંન્નેમાં જોડવો.

પ્ર. : જો ઉર્ધ્વલોકમાં સાડાત્રણ રજ્જુ પ્રમાણ ક્ષેત્ર સુધી પ્રદેશવૃદ્ધિ થાય અને પછી સાડાત્રણ રજ્જુક્ષેત્ર સુધી પ્રદેશોની હાનિ થાય તો બન્ને મળી સાતરજ્જુ પ્રમાણ ઉર્ધ્વલોક થયો કહેવાય. જ્યારે સિદ્ધાંતમાં તો ઉર્ધ્વલોક કંઈક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ રૂપે સંભળાય છે તો આ બેમાં સાચું શું ?

ઉ. : સાચી વાત છે પણ ન્યૂનતા અતિ અલ્પ હોવાથી તેની અહીં વિવક્ષા કરી નથી માટે કોઈ દોષ નથી.

આ પ્રમાણે બ્રહ્મદેવલોક સુધી સાડાત્રણ રજ્જુ પ્રમાણ અને લોકના અંતભાગ સુધી સાત રજ્જુ પ્રમાણ ક્ષેત્ર જીવ અને અજીવોને સ્પર્શનીયપણે અહીં કહેલ છે. એમ જાણવું.(૧૯૦)

જો એ પ્રમાણે છે તો પછી ઇશાન વગેરે દેવલોકોની પણ કેટલા રજ્જુ પ્રમાણ જીવ વગેરેને સ્પર્શનીય ક્ષેત્ર છે તે કહો ?

**ईसाणम्मि दिवड्ढा अड्ढाइज्जा य रज्जु माहिंदे ।**
**पंचेव सहस्सारे छ अच्चूए सत्त लोगंते ॥१९१॥**

**ગાથાર્થ** : ઈશાન દેવલોક દોઢ રજ્જુએ માહેન્દ્ર અઢી રજ્જુ સહસ્રારપાંચ રજજુએ અચ્યુત છ રજ્જુએ લોકાંતે સાત રજ્જુ થાય છે (૧૯૧)

**ટીકાર્થ** : પૂર્વમાં કહેલ લોક મધ્યથી સૌધર્મ, ઈશાન દેવલોક સુધીમાં દોઢ રજ્જુ પ્રમાણ સ્પર્શનીય ક્ષેત્ર થાય છે. એ પ્રમાણે સનત્કુમાર, માહેન્દ્ર સુધીમાં અઢી રજ્જુ, સહસ્રાર સુધીમાં પાંચ રજ્જુ, આરણઅચ્યુત સુધીમાં છ રજ્જુએ અને લોકાંત સુધીમાં સાત રાજ પ્રમાણ સ્પર્શનીય ક્ષેત્ર થાય છે. આગળની ગાથામાં ઊર્ધ્વલોક પ્રદેશોની હાનિ-વૃદ્ધિના પ્રસંગથી લોકાંતે સાત રજ્જુઓ કહ્યા હતા. અહીં મુખ્યપણે કહ્યા છે માટે પુનરુકતતા દોષની શંકા ન કરવી. (૧૯૧)

## પ્રકરણ ૨ જું

## સ્પર્શકો

પ્ર. : લોકમાં રહેલ સર્વ સ્પર્શનીય પદાર્થો કહ્યા. ફક્ત આ કહો કે, આ કહેવાતા મિથ્યા દૃષ્ટિ વગેરે સ્પર્શક જીવો પોતાના સ્વરૂપમાં રહીને સ્પર્શે છે કે કોઈ બીજી અવસ્થા વિશેષને પ્રાપ્ત કરી સ્પર્શે છે ?

ઉ. : બન્ને પ્રકારે સ્પર્શે છે.

પ્ર. : જો એમ છે તો પછી સ્વરૂપતા તો જણાય જ છે પણ અવસ્થા વિશેષ કઇ છે ? તે કહો.

ઉ. : સાત સમુદ્ઘાત રૂપ અવસ્થા વિશેષો છે.

પ્ર. : તો તે સાત સમુદ્ઘાતો કયા છે ? તે કહે છે.

**वेयणं कसाय मरणे वेउव्वि य तेयए य आहारे।**
**केवलि य समुग्घाए सत्तय मणुएसु नायव्वा ॥१९२॥**

ગાથાર્થઃ- વેદના, કષાય, મરણ, વૈક્રિય, તેજસ, આહારક અને કેવલી સમુદ્ઘાત આ સાતે સમુદ્ઘાતો મનુષ્યોને જાણવા. (૧૯૨)

ટીકાર્થ : सम्- એકીભાવ વડે उत् પ્રબળતાથી घातः- એટલે વેદનીય વગેરે કર્મ પ્રદેશોને હણવું એટલે નિર્જરા કરવી. એકી ભાવને પ્રાપ્ત થવા પૂર્વક જીવનો પ્રબળતાથી કર્મોને જે હણવું એટલે નિર્જરવું તે સમુદ્ઘાત તેમાં જીવને કોની સાથે એકીભાવને પ્રાપ્ત થવાનું છે. તે કહે છે જ્યારે વેદના વગેરે સમુદ્ઘાતને પામેલ જીવ વેદના વગેરેના અનુભવના જ્ઞાનમાં પરિણમેલ હોય ત્યારે તે બીજા જ્ઞાનોમાં અપરિણત હોય છે. માટે વેદના વગેરેના અનુભવજ્ઞાન સાથે જીવના એકપણાની પ્રાપ્તિ જાણવી.

પ્ર. : પ્રબળતા પૂર્વકનો ઘાત કેવી રીતે થાય છે. ?

ઉ. : જે વેદના વગેરે સમુદ્ઘાતને પરિણમેલો જીવ વેદનીય વગેરેના ઘણા કર્મ પ્રદેશોને જે અન્યકાળે ભોગવવા યોગ્ય હતા તેને ઉદીરણાકરણ વડે ખેંચી, ઉદયમાં લાવી, ભોગવટો કરવા પૂર્વક નિર્જરે તે અવસ્થાને પ્રબળતા પૂર્વકનો ઘાત કહેવાય. આ પ્રમાણે સમુદ્ઘાતનો તાત્પર્યાર્થ થયો.

તે સમુદ્ઘાત વેદના વગેરેના ભેદોથી સાત પ્રકારે છે તે આ પ્રમાણે ૧વેદના સમુદ્ઘાત ૨કષાય સમુદ્ઘાત ૩મારણાંતિક સમુદ્ઘાત ૪વૈક્રિય સમુદ્ઘાત ૫તૈજસ સમુદ્ઘાત ૬આહારક સમુદ્ઘાત ૭કેવલી સમુદ્ઘાત

૧ વેદના સમુદ્ઘાતઃ- અશાતાવેદનીયના ઉદયથી ઉત્પન્ન થયેલ પીડા રૂપ કારણ વડે જે સમુદ્ઘાત થાય તે વેદના સમુદ્ઘાત. વેદનાથી આકુળ વ્યાકુળ થયેલ જીવ પોતાના અનંતાનંત કર્મ સ્કંધો વડે વીંટળાયેલ આત્મપ્રદેશોને શરીરમાંથી બહાર કાઢે છે પછી તે પ્રદેશો વડે પેટ, મોઢું, હાથ વગેરે પોલાણ ભાગો તેમજ કાન વગેરે સ્કંધોના આંતરાઓને પુરે છે. આથી શરીરપ્રમાણ વિસ્તારના ક્ષેત્રમાં ફેલાય ને અંતમુહૂર્ત સુધી રહે છે તે અંતમુહૂર્ત કાળમાં ઘણા અસાતા વેદનીય કર્મોના પુદ્ગલોનો નાશ કરે છે. તે પછી સમુદ્ઘાતથી નિવૃત થઈ પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે.

૨ કષાય સમુદ્ઘાતઃ- ક્રોધ વગેરે કષાયો રૂપ કારણો વડે જે સમુદ્ઘાત તે કષાયસમુદ્ઘાત તીવ્ર કષાયના ઉદયથી આકુળ થયેલ જીવ પોતાના અનંતાનંત કર્મસ્કંધો વડે વીંટળાયેલ આત્મપ્રદેશોને બહાર કાઢે છે તે આત્મપ્રદેશો વડે પેટ, મુખ, ગળું, વગેરે પોલાણ ભાગોને તથા કાન વગેરે સ્કંધોના અંતરાને પૂરે છે. તે પૂરીને લંબાઈ-પહોળાઈથી શરીર પ્રમાણ ક્ષેત્રમાં ફેલાય ને અંતમુહૂર્ત સુધી રહે છે. તે અંતમુહૂર્તમાં કષાય મોહનીયના ઘણાં કર્મ પુદ્ગલોનો નાશ કરે છે પછી તે સમુદ્ઘાતથી નિવૃત થઈ સ્વરૂપમાં આવે છે.

૩ મારણાંતિક સમુદ્ઘાતઃ- પ્રાણીઓના અંતને એટલે મરણ જ કરનાર હોવાથી મરણાંત તે મરણાંતમાં જે ઉત્પન્ન થયેલ તે મરણાંતિક, તે મરણાંતિક એજ સમુદ્ઘાત તે મારણાંતિક સમુદ્ઘાત. મૃત્યુના સમયે કોઈક જીવ, અંતમુહૂર્ત પોતાનું આયુષ્ય બાકી રહે ત્યારે આ સમુદ્ઘાત કરે તે મારણાંતિક સમુદ્ઘાત કહેવાય છે. તે મારણાંતિક સમુદ્ઘાત આ પ્રમાણે જાણવો. કોઈક જીવ પોતાનું અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી છે. ત્યારે પોતાના શરીર પ્રમાણ જાડાઈ યુક્ત અને લંબાઈથી જઘન્ય પણે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત યોજનો જેટલો શરીર બહાર પોતાના આત્મપ્રદેશોને કાઢે છે. કાઢીને આગળના ભવમાં જ ઉત્પન્ન થવાનું હોય તે સ્થાને તે પોતાના આત્મપ્રદેશ રૂપ દંડને નાખે છે તે ઉત્પત્તિ સ્થાનને ઋજુગતિ વડે એકજ સમયે તે આત્મપ્રદેશોનો દંડ પ્રાપ્ત કરે છે અને વિગ્રહગતિવડે આગળની જેમ ચાર સમયે પ્રાપ્ત કરે છે આ મારણાંતિક સમુદ્ઘાત અંતર્મુહૂર્ત પ્રમાણનો જ છે તે અંતર્મુહૂર્તમાં આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોનો નાશ કરે છે.

૪ વૈક્રિય સમુદ્ઘાતઃ- વૈક્રિય શરીર નામ કર્મ વિષયક જે સમુદ્ઘાત તે વૈક્રિય સમુદ્ઘાત અથવા વૈક્રિય શરીર કરવાના સમયનો જે સમુદ્ઘાત તે વૈક્રિય સમુદ્ઘાત. આ સમુદ્ઘાત પણ આ પ્રમાણે જાણવો. જેને વૈક્રિયશરીરની લબ્ધિવાળો કોઈક જીવ વૈક્રિય કરવાના સમયે જાડાઈથી પોતાના શરીર પ્રમાણ, અને લંબાઈ વડે જઘન્યથી અંગુલનો સંખ્યાતમો

ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન પ્રમાણ પોતાના આત્મપ્રદેશોનો દંડ શરીરમાંથી બહાર કાઢે છે અને કાઢીને પૂર્વમાં બાંધેલ વૈક્રિયશરીર નામકર્મના જે સ્થૂલ પુદ્ગલો છે તેનો નાશ કરે છે જેથી કહ્યું છે કે, "વૈક્રિયસમુદ્ઘાત કરે છે. કરીને સંખ્યાતા યોજનનો દંડ કાઢે છે. કાઢીને બાદર પુદ્ગલોનો ત્યાગ કરે છે" આ સમુદ્ઘાત અંતર્મુહૂર્ત કાળનો જ છે તે પછી વૈક્રિયશરીરની સમાપ્તિ થવાથી પોતાના સ્વરૂપમાં આવે છે.

૫ તૈજસ સમુદ્ઘાતઃ- તેજ શબ્દ વડે તૈજસ શરીરના કારણરૂપ તૈજસ શરીર નામકર્મને પણ ઉપચારથી તેજસ શરીર કહેવાય છે તેથી તેજસ વિષયક જે સમુદ્ઘાત તે તેજસ સમુદ્ઘાત એની પણ આ પ્રમાણે વિચારણા કરવી. જેમ તેજોલેશ્યાની લબ્ધિવાળો સાધુ વગેરે ગુસ્સે થઈને સાત આઠ ડગલા પાછળ હટી જાડાઈથી શરીરપ્રમાણ અને લંબાઈથી જઘન્ય પણે અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન પ્રમાણ પોતાના અનંતા તેજસશરીર નામકર્મના સ્કંધો વડે વીંટળાયેલ આત્મપ્રદેશોનો દંડ શરીર બહાર કાઢે છે તે પછી જેના પ્રત્યે ક્રોધ વગેરે ઉત્પન્ન થયેલ હોય તે મનુષ્ય વગેરેને બાળે છે. આ સમુદ્ઘાત પણ અંતર્મુહૂર્ત પ્રમાણનો જ છે તે અંતર્મુહૂર્ત પ્રમાણ કાળમાં તેજસશરીર નામકર્મના ઘણા પુદ્ગલો નાશ કરે છે. તે અંતર્મુહૂર્ત પછી સમુદ્ઘાતથી નિવૃત્ત થઈ સ્વરૂપસ્થ થાય છે.

૬ આહારક સમુદ્ઘાતઃ–આહારકશરીર નામકર્મ વિષયક જે સમુદ્ઘાત આહારક તે સમુદ્ઘાત અથવા આહારક શરીર કરવાના સમયનાં જે સમુદ્ઘાત તે આહારક સમુદ્ઘાત. આ સમુદ્ઘાત વૈક્રિય સમુદ્ઘાતની જેમજ સમજવો. જેમ આહારક લબ્ધિવંત ચૌદપૂર્વધર આહારકશરીર કરવાના વખતે જાડાઈથી શરીરપ્રમાણ અને લંબાઈથી જઘન્યપણે અંગુલનો સંખ્યાતભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજનનો પોતાના આત્મપ્રદેશોનો દંડ શરીરમાંથી બહાર કાઢે છે અને કાઢીને જે આહારકશરીર નામકર્મના પૂર્વમાં બાંધેલ ઘણા સ્થૂળ પુદ્ગલોનો નાશ કરે છે આ પણ અંતર્મુહૂર્ત પ્રમાણ માત્ર જ છે અને અંતર્મુહૂર્ત પછી સમુદ્ઘાતથી જીવ નિવૃત્ત થાય છે.

૭ કેવલિ સમુદ્ઘાત : કેવલિઓનો સમુદ્ઘાત તે કેવલિ સમુદ્ઘાત તે કરવાના વખતે કેવલિ ભગવંત અંતર્મુહૂર્ત સુધી ઉદીરણા આવલિકામાં કર્મનો પ્રક્ષેપ કરવારૂપ વ્યાપાર રૂપ આવર્જિકરણ કરે છે. તે પછી સમુદ્ઘાત કરે છે તે સમુદ્ઘાતનો આ પ્રમાણે ક્રમ છે પહેલા સમયે પોતાના શરીરની જાડાઈ જેટલો અને લંબાઈથી ઊર્ધ્વલોકના અને અધોલોકના અંત સુધી પહોંચતો જીવપ્રદેશોના સમૂહ રૂપ દંડ કેવળજ્ઞાનના ઉપયોગ પૂર્વક કરે છે. બીજા સમયે તો તેજ દંડને પૂર્વ પશ્ચિમ બે દિશામાં ફેલાવવા વડે તિર્ચ્છાલોકના અંત સુધીનો કપાટની જેમ કપાટ કરે છે. ત્રીજા સમયે તે જ કપાટને

દિશામાં ફેલાવવા વડે તિર્ચ્છાલોકના અંત સુધીનો મંથાનની જેમ મંથાન કરે છે એ દક્ષિણ ઉત્તર પ્રમાણે લોકનો ઘણો ભાગ પૂરાઈ જાય છે. મંથાનના આંતરાઓ નહીં પૂરાયેલા મળે છે કેમકે જીવના પ્રદેશો અણુશ્રેણીએ (સીધી લાઈને) જાય છે. ચોથા સમયે તો તે આંતરાઓ સાથે લોકના નિષ્કુટો (ખૂણાઓ) પુરાઈ જાય છે. આ પ્રમાણે સમસ્ત લોક ભરાય છે.

પ્ર : જો લોકના મધ્યમાં રહી જ્યારે કેવલી કેવલી સમુદ્ઘાત કરે ત્યારે તો ત્રીજા સમયેજ લોકને ભરી દે છે તો પછી ચોથા સમયે આંતરા પૂરવાથી શું ?

ઉ : એમ ન હોઈ શકે કેમકે લોકનો મધ્યભાગ તો ખરેખર મેરૂના મધ્યમાં જ સંભવે છે ત્યાં મોટે ભાગે સમુદ્ઘાત કરતા કેવલિઓનો અસંભવ જ હોય છે. બીજા સ્થાને સમુદ્ઘાત કરતા તેના ત્રીજા સમયે આંતરાઓ જ ઉદ્ધરે જ છે એમ વિચારવા જેવું છે તે પછી પાંચમા સમયે ઉપર કહ્યા પ્રમાણે ઊલટા ક્રમ પ્રમાણે મંથાનના આંતરાઓ સંહરે છે એટલે ફેલાયેલા જીવપ્રદેશોનો સંકોચ કરે છે. છઠ્ઠા સમયે મંથાનને સંહરે છે, સાતમા સમયે કપાટનો સંકોચ કરે છે અને આઠમા સમયે દંડને પણ સંહરી લે છે. અને શરીરસ્થ થાય છે આ પ્રમાણે આઠ સમયનો કેવલિ સમુદ્ઘાત છે. આગળના સમુદ્ઘાતો અંતર્મુહૂર્ત કાળ પ્રમાણના છે. આ આઠ સમયોમાં કેવલિ વેદનીય વગેરેના ઘણા કર્મપુદ્ગલોને ખપાવે છે.

આમ સ્વરૂપથી આ સાતે સમુદ્ઘાતો જાણ્યા ફક્ત આ સાતે સમુદ્ઘાતો કયા જીવોને હોઈ શકે ? તે કહે છે પહેલા કહેલ આ સાતે સમુદ્ઘાતો જુદા જુદા જીવો આશ્રયીને મનુષ્ય જાતિમાં મળે છે. (૧૯૨)

બાકીના જીવોમાં કોને કેટલા સમુદ્ઘાતો હોય છે તે કહે છે.

**पज्जत्तबायरानिल नेरइएसु य हवंति चत्तारि।**
**पंचसुरेसु तिरिय पंचिंदिएसु सेसेसु तिगमेव ॥१९३॥**

ગાથાર્થ : પર્યાપ્ત બાદર વાયુકાય અને નારકીમાં ચાર, પંચેન્દ્રિય તિર્યંચ અને દેવોને પાંચ અને બાકીનાને ત્રણ સમુદ્ઘાતો છે. (૧૯૩)

**ટીકાર્થ** : વૈક્રિય કરણ લબ્ધિવાળા પર્યાપ્ત બાદર વાયુકાયને અને નારકોને આગળના ચાર સમુદ્ઘાતો હોય છે તેજસ સમુદઘાત એમને હોતો નથી તૈજસલબ્ધિનો અભાવ હોવાથી આહારક સમુદ્ઘાત ચૌદ પૂર્વધરોને જ હોય છે. અને કેવલિ સમુદ્ઘાત ક્ષાયિક જ્ઞાનદર્શન ચારિત્રવાળાને જ હોય છે માટે એમને કેવલિ સમુદ્ઘાત, આહારક સમુદ્ઘાત અને તજસ સમુદ્ઘાત હોતા નથી,

દેવો અને પંચેંદ્રિય તિર્યંચોમાં આગળના પાંચ સમુદ્ઘાતો હોય છે કેમકે એમને તેજસલબ્ધિનો સંભવ છે. આહારક અને કેવલીસમુદ્ઘાત ન હોવાનું કારણ ઉપર કહ્યા પ્રમાણે જાણવા. બાકીના કહ્યા સિવાય રહ્યા તે પૃથ્વી, પાણી, અગ્નિ, બાદર પર્યાપ્ત વાયુકાય સિવાય વાયુકાયો, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચો રૂપ જીવોમાં આગળના ત્રણજ સમુદ્ઘાત હોય છે. કારણ કે આ જીવોમાં વૈક્રિય સમુદ્ઘાત વગેરેની લબ્ધિનો અભાવ છે માટે. (૧૯૩)

આ પ્રમાણે સમુદ્ઘાતોના સ્વામિ કહ્યા હવે તે સમુદ્ઘાતનો કાળ વિશેષ કહે છે.

**दंडकवाडे रूयए लोए चउरो य पडिनियत्तंते ।**
**केवलिय अट्ठसमये भिन्नमुहुत्तं भवे सेसा ॥१९४॥**

ગાથાર્થ : દંડ, કપાટ, રુચક અને લોક એમ ચાર સમયે લોક સંપૂર્ણ ભરાય છે એ જ પ્રમાણે સંક્ષેપના પણ ચાર સમય જાણવા એમ આઠ સમયનો કેવલિસમુદ્ઘાત છે અને બાકીના અંતમુહૂર્ત પ્રમાણ કાળના છે. (૧૯૪)

**ટીકાર્થ** : પૂર્વે કહ્યા પ્રમાણે પ્રથમ સમયે દંડ, બીજા સમયે કપાટ, ત્રીજા સમયે રૂચક એટલે મંથાન અને ચોથા સમયે સંપૂર્ણ લોક ભરે છે. આ પ્રમાણે ચાર સમયો થયા પાછાં સમુદ્ઘાતને સંહરતાપૂર્વમાં કહેલ યુકિત મુજબ ચાર જ સમયો થાય છે.

બાકીના સર્વે સમુદ્ઘાતો અંતમુહૂર્ત પ્રમાણના છે એ સર્વ પહેલા જ વિચારેલું છે. (૧૯૪)

પહેલા લોક વગેરે સ્પર્શનીય ક્ષેત્રનું નિરૂપણ કર્યું તે પછી સ્પર્શકોની અવસ્થા વિશેષરૂપ સમુદ્ઘાતો બતાવ્યા.

મિથ્યાદ્રષ્ટિ, સાસ્વાદન વગેરે ચૌદ જીવસમાસરૂપ સ્પર્શકો તો પ્રસિદ્ધ છે. આથી તેઓમાં કોણ કેટલું ક્ષેત્ર સ્પર્શે છે તે કહે છે.

**मिच्छेहिं सव्वलोओ सासणमिस्सेहिं अजयदेसेहिं ।**
**पुट्ठा चउदसभागा बारस अट्ठऽट्ठ छच्चेव ॥१९५॥**

ગાથાર્થ : મિથ્યાદષ્ટિઓ સંપૂર્ણ લોક, સાસ્વાદની, મિશ્ર દ્રષ્ટિઓ અવિરત સમ્યગદ્રષ્ટિ, દેશવિરતધરો, લોકના ચૌદ ભાગમાંથી અનુક્રમે બારભાગ, આઠ ભાગ, આઠ ભાગ અને છ ભાગ પ્રમાણે ક્ષેત્રને સ્પર્શે છે. (૧૯૫)

**ટીકાર્થ** : સૂક્ષ્મ એકેંદ્રિય વગેરે મિથ્યાદ્રષ્ટિઓ વડે યથાયોગ્ય પોતાના સ્વરૂપમાં રહેવા વડે કે સમુદ્ઘાત કરતી વખતે દરેક પહેલા કહેલ યુક્તિ પ્રમાણે સંપૂર્ણ લોકને

હંમેશા સ્પર્શી રહેલ છે. સાસ્વાદની વગેરેનો બાર વગેરેની સાથે યથાયોગ્ય રીતે જોડવા, તે આ પ્રમાણે-ચૌદને પૂર્ણ કરનારચૌદભાગ તે સંપૂર્ણ લોકના અંશ છે. તે ચૌદ ભાગ વડે સંપૂર્ણ લોક ચૌદ રજ્જુ રૂપ કહેવાય છે. લોકનો ચૌદમો ભાગ એક રજ્જુ કહેવાય છે. તે ચૌદ ભાગમાંથી બાર ભાગને બાર રજ્જુ કહેવાય. આથી સામાન્ય પણે સાસ્વાદન સમ્યગદૃષ્ટિ બાર રજ્જુ પ્રમાણ લોકના ક્ષેત્રને સ્પર્શે છે એવો અર્થ થાય છે તે આ પ્રમાણે.

છઠ્ઠી પૃથ્વીનો નારક જીવ સાસ્વાદન સમ્યકત્વ યુક્ત જ્યારે અહીં તિર્છાલોકમાં ઉત્પન્ન થાય ત્યારે પાંચ રજ્જુ પ્રમાણ ક્ષેત્રને સ્પર્શે છે. જ્યારે અહીંનો જ તિર્યંચ કે મનુષ્ય સાસ્વાદન સમ્યકત્વ યુક્ત ઉપર લોકાંતે, અને કર્મગ્રંથના મતે ઇષત્ પ્રાગભાર પૃથ્વી ઉપર પૃથ્વી વગેરે રૂપે ઉત્પન્ન થાય ત્યારે સાત રજ્જુ પ્રમાણ ક્ષેત્ર સ્પર્શ મળે છે. આ પ્રમાણે એક સાસ્વાદન ગુણસ્થાનકને આશ્રયી લોકના ચૌદ ભાગોમાંથી બાર ભાગો પ્રમાણ સ્પર્શના હોય છે, નહીં કે એક સાસ્વાદની જીવને આશ્રયીને, એ પ્રમાણે બીજા સ્થાને પણ યથાયોગ્ય એક ગુણસ્થાનની અપેક્ષાએ જ સ્પર્શના જાણવી. આ સૂત્રના અભિપ્રાયે અધોલોકના પૃથ્વીકાય વગેરેમાં આ સ્થાન (તિર્છાલોક) થી સાસ્વાદની જીવ જતો જ નથી, નહિં તો તિર્છાલોકમાંથી તેમની ઉર્ધ્વ અને અધોલોકમાં ઉત્પન્ન થતા તે રજ્જુની સ્પર્શના થાય. સાતમી પૃથ્વીના નારકો સાસ્વાદન ભાવને છોડીને જ તિર્છાલોકમાં ઉત્પન્ન થાય છે માટે જ છઠ્ઠી નરક પૃથ્વીના નારકો અહીં કહ્યા છે.

મિશ્રદ્રષ્ટિ ગુણસ્થાનકના જીવો ચૌદ ભાગમાંથી લોકના આઠ ભાગ સ્પર્શે છે એકજ જીવો લોકના આઠ રજ્જુ સ્પર્શે છે કેવી રીતે સ્પર્શે છે. તે કહે છે જ્યારે મિશ્રદ્રષ્ટિ ભવનપતિ વગેરેને પૂર્વનો મિત્ર એવા અચ્યુત દેવલોકના વડે સ્નેહથી અચ્યુત દેવલોકમાં લઈ જવાય ત્યારે છ રજ્જુની સ્પર્શના થાય. ૬ 'અચ્યુત દેવલોક છ રજ્જુએ છે' એવું શાસ્રવચન છે. તથા મિશ્રદ્રષ્ટિ સહસ્રાર સુધીના દેવો પૂર્વના મિત્ર એવા નારકની વેદના શમાવવા માટે કે પુર્વના વેરીની વેદનાની ઉદીરણા કરવા માટે જ્યારે ત્રીજી નરક પૃથ્વીમાં જાય ત્યારે ભવનવાસી દેવોથી નીચે બે રજ્જુ પછી ત્રીજી નરક પૃથ્વીનો સંભવ છે. માટે આગળ કહેલ છ રજ્જુથી ઉપર વધુ બે રજ્જુ થાય છે. માટે સામાન્યથી મિશ્રદ્રષ્ટિ જીવો આઠ રજ્જુ રૂપ ક્ષેત્રને સ્પર્શે છે.

અથવા મિશ્રદ્રષ્ટિ જીવો સહસ્રાર દેવલોકના દેવ આગળ કહેલ કારણથી ત્રીજી નરક પૃથ્વીમાં જતા સાત રજ્જુને સ્પર્શે છે તે જ સહસ્રાર દેવો અચ્યુત દેવ વડે સ્નેહથી ત્યાં લઈ જવાતા બીજા પણ એક રજ્જુની સ્પર્શના થાય છે. એમ સર્વ મળીને આઠ રજ્જુની સ્પર્શના થાય છે.

આનત વગેરેના દેવો તો અલ્પ સ્નેહભાવવાળા હોવાથી મિત્ર વગેરેના કારણે પણ નરકમાં જતા નથી. માટે સહસ્ર સુધીના દેવો લીધા મિશ્રદ્રષ્ટિઓ મિશ્રદ્રષ્ટિઓ મિશ્ર

ગુણઠાણમાં મરણ પામતા નથી. માટે અહીં ભવસ્થ મિશ્રદૃષ્ટિઓની જ સ્પર્શના વિચારી છે એમ જાણવું.

અવિરત સમ્યગ્દૃષ્ટિઓને પણ આઠ રજ્જુની સ્પર્શના હોય છે. એની વિચારણા મિશ્રદૃષ્ટિની જેમજ છે. એમ ચાલુ ગાથના અભિપ્રાયથી જણાય છે. ચિરંતન ટીકાકારે પણ આ પ્રમાણે સંક્ષેપમાં જ કહ્યું છે. કોઈ પણ જાતની તેવા પ્રકારે ભાવના પણ કરી નથી, પ્રજ્ઞપ્તિ વગેરેના અભિપ્રાયે તો એમની બાર રજ્જુની સ્પર્શના હોય છે. તે આ પ્રમાણે :–અનુત્તર દેવમાં ઉત્પન્ન થતા કે ત્યાંથી આવતા સાત રજ્જુની સ્પર્શના કહી જ છે. બીજા મનુષ્ય તિર્યંચમાંથી કોઈપણ અવિરત સમ્યગ્દૃષ્ટિ પૂર્વબદ્ધાયુ વાળો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સાથે પ્રજ્ઞપ્તિ વગેરેના અભિપ્રાયે છઠ્ઠી નારક પૃથ્વીમાં નારક પણે ઉત્પન્ન થાય છે. અથવા છઠ્ઠી નરકથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો નારક અહીં આવી મનુષ્યમાં ઉત્પન્ન થાય, એ પ્રમાણે અવિરત સમ્યગ્દૃષ્ટિ જતા આવતા પાંચ રજ્જુને સ્પર્શે છે. એમ સર્વ મળી બાર રજ્જુ થયા. સાતમી પૃથ્વીમાં તો સમ્યક્ત્વ સાથે જવા કે આવવાનું પ્રજ્ઞપ્તિમાં નિષેધ કરેલ છે. માટે છઠ્ઠી નરક પૃથ્વીનું ગ્રહણ કર્યું છે. વધુ વિસ્તારથી સર્યું. દેશવિરત મનુષ્ય આ સ્થાનથી મરીને અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થતા છ રજ્જુને સ્પર્શે છે.

પ્ર. : ત્યાં ઉત્પન થતા દેવ હોવાથી તે અવિરત સમ્યગ્દૃષ્ટિ જ છે પણ દેશવિરત નથી માટે દેશવિરતની છ રજ્જુની સ્પર્શના શી રીતે ઘટે ?

ઉ. : તમારી વાત સાચી છે, પણ એમ કહેવું કારણકે જે ઋજુગતિ પૂર્વક એકજ સમયમાં ત્યાં ઉત્પન્ન થાય છે. તેઓનું પૂર્વભવાયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે. ક્ષય થયું નથી પૂર્વભવનું શરીર છોડી રહ્યા છે. પણ છોડયું નથી. પૂર્વભવનું આયુષ્ય, અને શરીરયુક્ત હોવાથી ઋજુગતિમાં દેશવિરત જ છે માટે કોઈ દોષ નથી. આ પ્રમાણે **पुट्ठा चउदस भागा बारस** વગેરે પદને યથાયોગ્ય રીતે સાસ્વાદન વગેરે સાથે જોડયું. (૧૯૫)

હવે બાકી રહેલ પ્રમત્ત વગેરેની સ્પર્શના કહે છે.

## सेसेहऽसंखभागो फुसिओ लोगो सजोगिकेवलिहिं ।
## एगाइको भागो बीयाइस णरग पुढवीसु ॥१९६॥

ગાથાર્થ : બાકીના પ્રમત્ત વગેરેને લોકનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ સ્પર્શના છે. સયોગી કેવલીઓને સંપૂર્ણ લોકની અને નરક વગેરેમાં બીજી પૃથ્વીમાં એક રજ્જુ, ત્રીજામાં બે, એ પ્રમાણે સાતમીમાં ૬ રજ્જુની સ્પર્શના જાણવી.

**ટીકાર્થ** : પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, વગેરે બાકીના ગુણસ્થાનકવાળા જીવો લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે છે. આ જીવો ભવના વચ્ચે વિગ્રહગતિમાં પ્રમત્ત વગેરે સંયમી ભાવને છોડી અસંયમભાવને સ્વીકારે છે, આથી પોતાના ગુણસ્થાનકમાં રહેલા જ ગ્રહણ કરવા. આ જીવોનું જે ભરત ઐરાવત વગેરે સ્વસ્થાન છે તે લોકના અસંખ્યાતમા ભાગે જ છે તેને સ્પર્શનારાજ આ જીવો છે.

પ્ર. : આ પ્રમત્ત વગેરે જીવોથી ઉપશાંતમોહ ગુણસ્થાનકવાળાને ઋજુગતિથી અનુત્તર દેવોમાં ઉત્પન્ન થાય તો સાત રજ્જુની સ્પર્શના હોય તે તો પછી અહીં લોકનો અસંખ્યાતમો ભાગ શા માટે કહો છો ? જેમ ઋજુગતિમાં એક સમય પણ દેશ-વિરતપણુ હોય છે. તેમ પ્રમત્ત વગેરે ભાવોમાં પણ હોય છે. પંચસંગ્રહમાં સાત રજ્જુની સ્પર્શના પ્રમત્ત વગેરેને આ પ્રમાણે કહી છે '**सग सेसा उ फुसंती रज्जु खीणो असंखंसम्**'

ઉ. : સાચી વાત છે. પણ સૂત્રગતિની વિચિત્રતાથી આ પ્રકાર અહીં જણાવ્યો નથી. માટે કોઈ દોષ નથી, સયોગી કેવલીઓ કેવલી સમુદ્દઘાતના ચોથા સમયે સંપૂર્ણ લોકને સ્પર્શે છે. આ પ્રમાણે ચૌદે જીવસમાસોની સ્પર્શના કહી. તે જીવ સમાસો નરકગતિ વગેરે ગતિને આશ્રયીને છે. આથી નરકગતિમાં જે સ્પર્શના છે તેનું નિરૂપણ કરે છે. **एकादिकः** એટલે आदि શબ્દથી બે વગેરે ગ્રહણ કરવા. ભાગ એટલે લોકનો ચૌદમો અંશરૂપ એક રજ્જુ બીજી વગેરે નરકપૃથ્વીઓમાં સ્પર્શના જાણવી. તે આ પ્રમાણે બીજી નરકમાંથી જે અહીં આવે છે કે અહીંથી ત્યાં જે જાય છે તેને લોકના ચૌદમા ભાગ રૂપ એક રજ્જુની સ્પર્શના છે ત્રીજી નરક પૃથ્વીમાં જતાં કે આવતાં બે રજ્જુની સ્પર્શના થાય છે. ચોથી નરકપૃથ્વીમાં જતાં કે આવતાં ત્રણ રજ્જુની સ્પર્શના થાય છે. એ પ્રમાણે સાતમી પૃથ્વીમાં જતાં કે આવતાં જીવને છ રજ્જુની સ્પર્શના હોય છે. (૧૯૬)

હવે કંઇક સમાન વક્તવ્ય હોવાના કારણે તિર્યંચ મનુષ્ય ગતિની સ્પર્શના સાથે પછીથી કહેવાશે એમ મનમાં નક્કી કરી, દેવગતિને ઉદ્દેશી તેની સ્પર્શના કહે છે.

## इसाणंता मिच्छ सासण नव मिस्स अविरया अट्ठ ।
## अट्ठ सहस्सारं तिय छाच्चुयाऽसंख भागुप्पि ॥१९७॥

ગાથાર્થ : ભવનપતિથી ઇશાન સુધીના દેવો જેઓ મિથ્યાત્વી અને સાસ્વાદની હોય તેઓને નવરજ્જુની સ્પર્શના અને મિશ્રદષ્ટિ, તથા અવિરત સમ્યગ્દૃષ્ટિને

**આઠરજ્જુ, સહસ્રાર સુધીના દેવોને આઠરજ્જુ અચ્યુત સુધીના દેવોને છ રજ્જુ તેમજ અચ્યુતની ઉપરના દેવોને લોકના અસંખ્યભાગની સ્પર્શના છે. (૧૯૭)**

**ટીકાર્થ** : ભવનપતિ વગેરેથી લઈ ઈશાન સુધીના મિથ્યાત્વી તેમજ સાસ્વાદની દેવોને નવ રજ્જુની સ્પર્શના કરે છે. તે આ પ્રમાણે :—ભવનપતિ વ્યંતર અને જ્યોતિષીઓ પૂર્વમાં કહેલ કારણથી નીચે ત્રીજી નરક પૃથ્વી સુધી જતાં બે રજ્જુની સ્પર્શના કરે છે. અને ઉપર ઈષત્ પ્રાગભાર વગેરે પૃથ્વીકાયીકોમાં ઉત્પન્ન થતા સાત રજ્જુ સ્પર્શે છે. એમ સર્વ મળીને નવ રજ્જુ થાય છે. સૌધર્મ ઇશાનના દેવો પણ મિથ્યાત્વી કે સાસ્વાદની હોય ત્યારે ત્રીજી નરકપૃથ્વી સુધી સાડા ત્રણ રજ્જુને સ્પર્શે છે. અને ઉપર ઈષત્ પ્રાગભાર વગેરે પૃથ્વી કાયિકોમાં ઉત્પન્ન થાય ત્યારે સાડા પાંચ રજ્જુને સ્પર્શે છે એમ નવ રજ્જુની સ્પર્શના છે.

ભવનપતિથી ઈશાન સુધીના મિશ્ર તેમજ અવિરત સમ્યગ્દ્રષ્ટિ જીવો આઠ રજ્જુને સ્પર્શે છે અને આ આઠ રજ્જુની સ્પર્શના એમને નીચે ત્રીજી નરક પૃથ્વીમાં જતા અને ઉપર પૂર્વનાં મિત્ર દેવ વડે અચ્યુત દેવલોકમાં લઈ જવાતા વિચારવી, ત્રીજી પૃથ્વીથી અચ્યુત દેવલોકના અંતરમાં આઠ રજ્જુની સંભાવના છે.

સામાન્ય રૂપે સનતકુમારથી લઈ સહસ્રાર સુધીના દેવો પણ આઠ રજ્જુને સ્પર્શે છે. એમને પણ આઠ રજ્જુની સ્પર્શના નીચે ત્રીજી નરક પૃથ્વીમાં જતા અને ઉપર અચ્યુત દેવલોકમાં પૂર્વના મિત્ર દેવ વડે લઈ જવાતા હોય છે એમ જાણવું.

પ્ર. : **'अट्ठ पाणय अ तिय'** એ પ્રમાણે વચન છે તે કેમ ન કહ્યું ? આણુત સુધીના દેવોને પણ આ શાસ્ત્રપાઠ વડે આઠ રજ્જુની સ્પર્શના સંભવે છે તો પછી આઠ રજ્જુની સ્પર્શના કેમ ન કહી ?

ઉ. : સાચી વાત છે. પરંતુ આમ મનાય છે કે આનત વગેરેના દેવો અલ્પ મોહવાળા હોવાથી નરકમાં વેદનાની ઉદીરણા વગેરેના કારણે જતા નથી તથા પૂર્વના મિત્ર દેવ વડે લઇ જવાતા ઉપર અચ્યુત દેવલોકમાં પણ જવાની ઇચ્છા કરતા નથી આથી જ **अट्ठ सहस्सारतिय** એ પ્રમાણે કહ્યું છે.

અચ્યુત દેવલોકથી દેવો શ્રીમાન તિર્થંકરોને વંદન માટે આવતા તેમને છ રજ્જુની સ્પર્શના થાય છે. ત્રીજી નરકમાં વેદનાની ઉદીરણા વગેરેના કારણે તેઓ જતા નથી કારણકે અલ્પ મોહી છે.

જેઓના મતે સીતેન્દ્ર ચોથી નરકમાં લક્ષ્મણજીની વેદના શમાવવા માટે ગયા છે એમ સંભળાય છે. તેમને તો છ રજ્જુ ઉપરની સ્પર્શના થાય છે ભગવતિસૂત્રના અભિપ્રાયે

તો સાતમી પૃથ્વીના નીચેના પ્રદેશ સુધી પણ વૈમાનિક દેવોનું ગમન હોય છે. કહ્યું છે કે, હે ભગવંત ! આ રત્નપ્રભા પૃથ્વીના નીચે મોટા બલાહક મેઘો સંમૂર્છે છે ? હા, તે હોય છે. હે ભગવંત ! તે મેઘો શું અસુરો કરે છે, નાગો કરે છે, દેવો કરે છે ? હે ગૌતમ ! અસુરો પણ કરે છે, નાગો પણ કરે છે, અને દેવો પણ કરે છે. દેવ એટલે અહીં વૈમાનિકો લેવા. એ પ્રમાણે બીજી નરકમાં નીચે પણ, એમ ત્રીજી નરકમાં અસુર પણ કરે અને દેવ પણ કરે, પરંતુ નાગકુમાર ન કરે કારણકે નાગકુમારની ત્રીજી નરક નીચે જવાની શક્તિનો અભાવ છે ચોથી નરક પૃથ્વીની નીચે એક દેવોજ કરે છે. કેમકે ત્યાં જવા માટે અસુર તથા નાગની શક્તિનો અભાવ છે આ પ્રમાણે સાતમી પૃથ્વીના નીચેના ભાગે ઘણુ વૈમાનિક દેવોનું ગમન કહ્યું છે. આ ગ્રંથમાં તો ત્રીજી નરકપૃથ્વી સુધી જ ગમન જણાવ્યું છે. તત્વ તો કેવલીઓ જાણે. અચ્યુત દેવલોકના ઉપર રહેલ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનવાસી દેવોનું બીજા સ્થાને જવાનો અભાવ હોવાથી પોતાના સ્થાનનીજ સ્પર્શના જાણવી તે સ્પર્શના લોકના અસંખ્યાતમા ભાગ રૂપે છે. અહીં મરનારની સ્પર્શનાની વિવક્ષા કરી નથી. (૧૯૭)

હવે તિર્યંચ મનુષ્યગતિની સ્પર્શના કહે છે.

**नरतिरिएहि य लोगो सत्तासाणेहि छऽजयगिहीहिं ।**
**मिस्सेहऽसंखभागो विगलिंदीहिं तु सव्वजगं ॥१९८॥**

ગાથાર્થ : મનુષ્ય અને તિર્યંચો વડે સંપૂર્ણ લોક, સાસ્વાદનીને સાત રજ્જુની, અવિરત સમ્યક્ત્વી અને દેશવિરતને છ રજ્જુની મિશ્રદ્રષ્ટિને લોકના અસંખ્યભાગરૂપ અને વિકલેંદ્રિયોને સંપૂર્ણ લોકમાં સ્પર્શના છે. (૧૯૮)

**ટીકાર્થ** : મનુષ્ય અને તિર્યંચ વડે સંપૂર્ણ લોક વ્યાપ્ત છે. બીજા આચાર્યો તો કહે છે કે મિથ્યાદ્રષ્ટિ મનુષ્યો દરેક જગ્યાએ ઉપર નીચે કે તિરછી લોકમાં ઉત્પન્ન થતા કે ત્યાંથી આવતા વેદના કે મારણાંતિક સમુદ્દ્ઘાત વડે સર્વલોકમાં વ્યાપે છે. આ વ્યાખ્યા અમે માનતા નથી. કારણ કે માત્ર અઢીદ્વીપ સમુદ્રમાં રહેવાથી મનુષ્યો અલ્પ જ છે આથી જો તેઓ બાકીના જીવોમાં ઉત્પન્ન થતાની વિવક્ષા કરીએ અને બાકીના જીવો મનુષ્યોમાં ઉત્પન્ન થતા હોય તેની પણ મનુષ્ય રૂપે વિવક્ષા કરીએ અને વેદના અને મરણ સમુદ્દ્ઘાત અવસ્થામાં રહેલાની પણ વિવક્ષા કરીએ છતાં પણ મનુષ્યોનું સર્વલોક વ્યાપ્ત પણું જણાતું નથી. બીજું પંચેંદ્રિયોને પણ પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે "**उववाएण समुग्घाएण सट्ठाणेण लोयस्स असंखज्जई भागे**" ઉત્પાતવડે, સમુદ્દ્ઘાત વડે, સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગે છે" આ પ્રમાણે સર્વે પંચેંદ્રિયોનું સર્વ લોક વ્યાપિપણું નિષેધ્યું છે પછી ફક્ત મનુષ્યોની શી વાત ? તેથી કેવલિની અપેક્ષાએ જ મનુષ્યનું સર્વલોક વ્યાપિપણું જણાય છે. સૂક્ષ્મ એકેંદ્રિયો મિથ્યાદ્રષ્ટિઓની અપેક્ષાએ તિર્યંચોનું સર્વલોક વ્યાપીપણું જણાય છે.

સાસ્વાદની તિર્યંચ અને મનુષ્યો ઈષત્ પ્રાગ્ભાર પૃથ્વી વગેરેમાં ઉત્પન્ન થાય ત્યારે સાત રજ્જુને સ્પર્શે છે અહીં મરેલ સાસ્વાદની કંઈક શુભ પરિણામી હોવાથી ઉપર જ જાય છે નીચે જતા નથી. આથી જ સપ્ત નો ઉપન્યાસ કર્યો છે જો નીચે પણ જાય તો તેર રજ્જુની સ્પર્શના કહી હોત. જે સાસ્વાદની નારક છઠ્ઠી નરક પૃથ્વીમાંથી નીકળી અહીં તિર્યંચ મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય છે તે પણ ભવાંતરમાં વચ્ચે આગળના ભવના આયુષ્યનો ઉદય હોવા છતાં પણ આગળના ભવનું શરીર ન મળ્યું હોવાથી નારક રૂપે જ ગણ્યા છે. નહીં તો સાસ્વાદન તિર્યંચમનુષ્યોની બાર રજ્જુની સ્પર્શના થાય.

અવિરત સમ્યક્ત્વી તથા ગૃહસ્થો એટલે દેશવિરત શ્રાવકો અહીં લેવા. તે સમ્યક્ત્વી તથા દેશવિરતો અહીંથી બંન્ને અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થવા વડે છ રજ્જુને સ્પર્શે છે. અહીં ગૃહસ્થ લેવા વડે કરી મનુષ્યો જ જાણવા તિર્યંચો નહીં, કેમકે તેઓ સહસ્રાર સુધી જ ઉત્પન્ન થાય છે. માટે છ રજ્જુની સ્પર્શનાનો અભાવ છે મિશ્રદ્રષ્ટિ તિર્યંચ મનુષ્યો સ્વ અવસ્થામાં મરણનો અભાવ હોવાથી પોતાના જન્મસ્થાન રૂપ ક્ષેત્રમાં લોકના અસંખ્યાતમા ભાગને સ્પર્શે છે.

આ પ્રમાણે તિર્યંચોની સામાન્ય રૂપે સ્પર્શના કહી છે. હવે તેઓની જ બાદર એકેન્દ્રિય વગેરે ભેદોની વિશેષતાં પૂર્વક સ્પર્શના કહેવા માટે આ કહે છે. બેઈંદ્રિય, તેઈંદ્રિય ચઉરિંદ્રિય રૂપ વિકલેંદ્રિય ઉત્પાદ અને સમુદ્ઘાત અવસ્થામાં સર્વ જગત એટલે સંપૂર્ણ લોકને સ્પર્શે છે. આ અભિપ્રાય આ ગ્રંથનો છે જ્યારે પ્રજ્ઞાપનામાં ઉત્પાદ સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે લોકના અસંખ્યાતમા ભાગે જ વિકલેંદ્રિયો કહ્યા છે. અને તે જ યુક્તિ સંગત લાગે છે કેમ કે વિકલેંદ્રિયો અલ્પ છે માટે તત્વ તો બહુશ્રુતો જ જાણે. (૧૯૮)

ઉપર કહેલ વાતને વિશેષ પ્રકારે કહે છે

**बायर पज्जतावि य सयला य समुहउववाए ।**
**सव्वं फोसंतिजगं अह एवं फोसणाणुगमो ॥१९९॥**

**ગાથાર્થ :** બાદર પર્યાપ્ત સકલેન્દ્રિય અને વિકલેંદ્રિય સમુદ્ઘાત કે ઉપપાત અવસ્થામાં સંપૂર્ણ લોકને સ્પર્શે છે આ પ્રમાણે સ્પર્શનાનુગમ જાણવો. (૧૯૯)

**ટીકાર્થ :** પૃથ્વીકાય વગેરે બાદર પર્યાપ્ત એકેંદ્રિય સકલ સંપૂર્ણ પંચેંદ્રિય તિર્યંચો અને બેઈંદ્રિય, તેઈંદ્રિય અને ચઉરિંદ્રિય રૂપ વિકલેંદ્રિયો સમુદ્ઘાત અવસ્થામાં કે વિગ્રહ-ગતિ રૂપ ઉત્પાત અવસ્થામાં સર્વ લોકને સ્પર્શે છે આ અભિપ્રાય પણ આ જ ગ્રંથનો છે. પ્રજ્ઞાપના સૂત્રની અપેક્ષાએ તો બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપકાય અને તેજસકાય, પંચેદ્રિયો વિકલેંદ્રિયો, સર્વે અલ્પ હોવાથી ઉત્પાત સમુદ્ઘાત અને સ્વસ્થાન વડે દરેક

જણા લોકના અસંખ્યાતમા ભાગે જ હોય છે. આ ગાથામાં સૂક્ષ્મ એકેંદ્રિયો કહ્યા નથી. સર્વલોક વ્યાપ્ત રૂપે તેમને આગળ કહેલા છે અપર્યાપ્ત બાદર એકેંદ્રિયો તો આ ગ્રંથના અભિપ્રાયે પોતાના સ્થાન વડે પણ સર્વ લોકમાં વ્યાપેલા જ છે. તેઓને પણ અહીં ગ્રહણ કર્યા નથી. પ્રજ્ઞાપના સૂત્રના અભિપ્રાયે તો બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયો પણ ઉત્પાદ અને સમુદ્ઘાત વડે લોકમાં ફેલાયેલા છે પણ સ્વસ્થાનથી નહીં કેમકે તેઓની ઉત્પત્તિ પર્યાપ્ત એકેન્દ્રિયની નિશ્રાએ જ છે. વિકલેન્દ્રિયોનું સર્વવ્યાપ્ત પણું આગળની ગાથાના અંતે સામાન્યથી કહ્યું હતું. અહીં તો ઉત્પાદ અને સમુદ્ઘાત અવસ્થા વિશેષપણે કહ્યું માટે પુનરૂક્તતા દોષની શંકા ન કરવી. આ પ્રમાણે જીવ સંબંધી સ્પર્શના કહી હવે ઉપસંહાર કરે છે. આના પછી બીજી પણ અજીવ સમાસની સ્પર્શનાનો અનુગમ એટલે વિચાર બુદ્ધિમાનોએ કરવો (૧૯૯)

આમ જીવસ્પર્શના કહી હવે તેની પ્રતિપક્ષ રૂપ તથા અતિનજીકની અજીવ સ્પર્શનાને કહે છે.

**आइदुगं लोगफुडं गयणमणागाढमेव सव्वगयं ।**
**कालो नरलोग फुडो पोग्गलपुण सव्वलोग फुडा ॥२००॥**

ગાથાર્થ : પહેલા બે દ્રવ્યો લોકને સ્પર્શીને રહેલ, આકાશદ્રવ્ય કોઇને પણ અવગાહીને રહ્યુ નથી પણ લોકાલોકમાં રહેલ છે. કાળ મનુષ્ય લોક વ્યાપી છે અને પુદ્ગલ સર્વ લોક સ્પર્શી છે. (૨૦૦)

*ટીકાર્થ* : પાંચ અજીવદ્રવ્યો છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલ, અને કાળ તેમાં પહેલા બે ધર્માધર્માસ્તિકાય રૂપ દ્રવ્યો સંપૂર્ણ લોકને સ્પર્શીને રહેલા છે. ગગન એટલે આકાશ તે અનવગાઢ છે તે આ પ્રમાણે-સર્વે જીવો કે અજીવો આકાશમાં જ રહેલા છે. પણ આકાશ બીજા કોઈ પણ દ્રવ્યમાં રહેલું નથી. આથી તે જ આકાશને જીવ અને અજીવ વડે સ્પૃષ્ટ તરીકે ગણાવાય છે. પણ આકાશ સાથે બીજું સ્પૃષ્ઠ કહેવાતું નથી. તે આકાશનું કેટલું પ્રમાણ છે? તે લોકાલોકમાં સર્વ વ્યાપી છે.

કાળ એટલે ચંદ્રસૂર્યની ગતિક્રિયાથી જણાતો અઢી દ્વીપ સમુદ્રમાં રહેલ પદાર્થ છે. તે મનુષ્યલોકને જ સ્પર્શે છે. કારણકે અઢીદ્વીપથી આગળ ચંદ્રસૂર્યની ગતિક્રિયાનો અભાવ છે. સમય, આવલિકા વગેરે રૂપ કાળનો અસંભવ છે. પુદ્ગલો સંપૂર્ણલોકને સ્પર્શે કારણકે તે સર્વલોકાકાશમાં રહેલા છે. (૨૦૦)

આ પ્રમાણે અજીવોની સ્પર્શના કહી, તે કહેવાથી સ્પર્શનાદ્વાર સમાપ્ત થયું.

**સ્પર્શના દ્વાર સમાપ્ત**

# વિભાગ-૫ મો કાળદ્વાર

## પ્રકરણ-૧ લું

### ભવાયુકાળ

હવે **'સંતપયરુપવણયા'** ગાથામાં કહેલ ક્રમાનુસારે આવેલ કાળદ્વારને કહે છે.

**कालो भवाऊकायट्ठिई य तह गुणविभागकालं य ।**
**वोच्छामि एक्कजीवं नाणाजीवे पडुच्चा य ॥२०१॥**

**ગાથાર્થ** : કાળ ભવાયુકાળ, કાયસ્થિતિકાળ, અને ગુણવિભાગકાળ એમ ત્રણ પ્રકારે છે તેને એક જીવાશ્રયી અને અનેક જીવાશ્રયીને હું કહીશ.(૨૦૧)

**ટીકાર્થ** : જેનો શબ્દાર્થ આગળ કહ્યો છે તે કાળ સમય, આવલિકા વગેરે રૂપે અહીં કહેવો જોઈએ પણ તે આગળ કહી ગયા છીએ માટે અહીં કહેતા નથી. સામાન્ય રૂપે કાળ પ્રરૂપણા કર્યા પછી ભવાયુકાળ, કાયસ્થિતિકાળ અને ગુણવિભાગ કાળને કહીશું. ગાથામાં બીજી વિભક્તિવાળો કાળ શબ્દ ત્રણે જગ્યાએ જોડવો.

તેમાં નરક વગેરેમાંથી કોઈપણ એક ભવ એટલે જન્મસ્થાન. તેમાં જે આયુષ્ય, તે ભવાયુષ્ય, તેના સંબંધી દશહજાર વર્ષ વગેરે રૂપે એક જીવ કે અનેક જીવાશ્રયી જે કાળ ભવાયુકાળ હું કહીશ.

તથા કાય એટલે પૃથ્વી, પાણી વગેરે કોઈ પણ એક કાયમાં મરીને ફરી ફરી ઉત્પન્ન થતા અને તે પૃથ્વી વગેરે ભાવને ન છોડતા જીવની જે સ્થિતિ તે કાયસ્થિતિ, તે વિષયક જે કાળ કાયસ્થિતિ કાળ કહેવાય છે જે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી વગેરે રૂપે છે તેને હું કહીશ.

તથા ગુણો એટલે મિથ્યાત્વ, સાસ્વાદન વગેરે રૂપ ચૌદ ગુણસ્થાનકો, તેઓનું પૃથક્કરણ દ્વારા તે ભાવને ન છોડવા વિષયક જે કાળ તે ગુણવિભાગ કાળ છે તે એક જીવ કે જુદા જુદા જીવાશ્રયીને હું કહીશ. આ પ્રમાણે ભવાયુષ્ય વગેરે વિષય ભેદથી ત્રણ પ્રકારે અહીં કાળ કહેવાશે. (૨૦૧)

તે કાળમાં સાતે નરક પૃથ્વીમાં ક્રમપૂર્વક એકેક નારકનું એકેક ભવાયુ રૂપ કહે છે.

एगं च तिण्ण सत्त य दस सत्तरसेव हुंति बावीसा ।
तेत्तीस उयहिनामा पुढवीसु ठिई कनुकोसा ॥२०२॥

ગાથાર્થ : એક, ત્રણ, સાત, દશ, સત્તર, બાવીસ અને તેત્રીસ સાગરોપમ પહેલી વગેરે પૃથ્વીમાં ક્રમાનુસારે સ્થિતિ જાણવી. (૨૦૨)

*ટીકાર્થ* : મહત્ત્વતાની સમાનતાથી ઉદધિ એટલે અહીં સાગરોપમ સમજવું. દરેક નારકને એકજ ભાવમાં રત્નપ્રભા વગેરે સાતે પૃથ્વીઓમાં અનુક્રમે આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

રત્નપ્રભામાં એક નારકને એક ભવમાં એક સાગરોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ આયુષ્ય છે. શર્કરાપ્રભામાં ત્રણ સાગરોપમ, વાલુકાપ્રભામાં સાત સાગરોપમ, પંકપ્રભામાં દશ સાગરોપમ, ધૂમપ્રભામાં સત્તર સાગરોપમ, તમ:પ્રભામાં બાવીશ સાગરોપમ એક નારકને એક ભવમાં ઉત્કૃષ્ટસ્થિતિ છે. સાતમી નરકપૃથ્વીમાં એક નારકને એક જ ભવમાં તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૦૨)

હવે આજ સાતે નરક પૃથ્વીઓમાં નારકાયુષોની જઘન્ય સ્થિતિ કહે છે.

पढमादिजमुक्कोसं बीयादिसु सा जहण्णियां होई ।
घम्माए भवणवंतर वाससहस्सा दस जहण्णा ॥२०३॥

ગાથાર્થ : પહેલી વગેરેમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે જ બીજી વગેરે પૃથ્વીઓમાં જઘન્ય સ્થિતિ થાય છે. ધર્મા પહેલી નરક, ભવનપતિ અને વ્યંતરને દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે.(૨૦૩)

*ટીકાર્થ* : પહેલી વગેરે પૃથ્વીમાં જે ઉત્કૃષ્ટ આયુ કહ્યું છે તે જ બીજી વગેરે પૃથ્વીઓમાં જઘન્ય સ્થિતિ થાય છે એમ માનવું. તે આ પ્રમાણે પહેલી પૃથ્વીમાં જે એક સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે જ બીજી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ છે. બીજી પૃથ્વીમાં જે ત્રણ સ.ગરોપમ રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ તે જ ત્રીજી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવું કે છઠ્ઠી પૃથ્વીમાં જે બાવીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે. તે જ સાતમી પૃથ્વીમાં જઘન્ય સ્થિતિ જાણવી. આ પ્રમાણે થવાથી તો ધર્મા નામની પહેલી પૃથ્વીમાં તો હજુ સુધી જઘન્ય સ્થિતિ જણાવાઈ નહીં આથી તેનું નિવેદન કરે. પહેલી પૃથ્વીના નારકોની અને તે પ્રસંગાનુસારે સમાનતાના કારણે ભવનપતિ અને વ્યંતરોની જઘન્ય સ્થિતિ પણ કહે છે. ધર્મા નામની પહેલી પૃથ્વીના નારકોની અને ભવનપતિ વ્યંતરોની દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ જાણવી. (૨૦૩)

જો ભવનપતિ વ્યંતરોની દશહજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે, તો પછી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી છે? તે જણાવવા માટે અસુરકુમાર વગેરે ભવનપતિઓની અને વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે.

**असुरेसु सारमहियं सड्ढं पल्लं दुवे य देसूणा ।**
**नागाईणुक्कोसा पल्लो पुण वंतरसुराणं ॥२०४॥**

ગાથાર્થ : અસુરકુમારમાં દક્ષિણ દિશામાં એક સાગરોપમ અને ઉત્તર દિશામાં સાગરોપમથી અધિક નાગકુમાર વગેરે નવ ભવનપતિમાં દક્ષિણ દિશામાં દોઢ પલ્યોપમ અને ઉત્તરદિશામાં બે પલ્યોપમમાં કંઇક ન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિ છે. વ્યંતરદેવોની એક પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. (૨૦૪)

**ટીકાર્થ** : અહીં ભવનપતિઓના અસુરકુમાર વગેરે દશ ભેદો છે તે શ્રુતરૂપી સાગરમાં આ પ્રમાણે કહ્યા છે. "અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર આ દશ ભેદો ભવનપતિના છે." આ અસુરકુમાર વગરે દશેના બે ભેદો છે. જે મેરૂપર્વતની દક્ષિણ દિશામાં રહેલ અને ઉત્તર દિશામાં રહેલ, તેમાં જે મેરૂની દક્ષિણ દિશાવર્તી અસુરકુમારોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની અને ઉત્તર દિશાવર્તી અસુરકુમારો કંઇક અધિક એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

નાગકુમાર વગેરેની आदि શબ્દથી સુવર્ણકુમાર વિદ્યુતકુમાર વગેરે લેવા. દક્ષિણ દિશાવર્તી તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ દોઢ પલ્યોપમની અને ઉત્તરદિશાવર્તી નાગકુમાર વગેરેની દેશોન બે પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ઉત્તરદિશામાં રહેલા એમને સ્વાભાવિક જ શુભ અને દીર્ઘાયુ હોય છે જ્યારે દક્ષિણ દિશાવર્તીઓને એથી વિપરિત હોય છે.

પિશાચ, ભૂત, યક્ષ વગેરે આઠે પ્રકારના વ્યંતરોને તો એક પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

દક્ષિણ દિશામાં રહેલ અસુરકુમારના ઇંદ્ર, ચમરેંદ્રની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાડા ત્રણ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુ છે. ઉત્તર દિશાવર્તી અસુરકુમારના ઇન્દ્ર બલીંદ્રની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાડાચાર પલ્યોપમ છે. નાગકુમાર વગેરે નવનિકાયની ઉત્તર દિશાવર્તી દેવીઓની ઉત્કૃષ્ટસ્થિતિ દેશોન પલ્યોપમ, દક્ષિણ દિશાવર્તી દેવીઓની તેમજ વ્યંતર દેવીઓની ઉત્કૃષ્ટસ્થિતિ અડધા પલ્યોપમની છે. એ જાતે જ જાણી લેવું. જઘન્યથી દશહજાર વર્ષ રૂપ આગળ કહી ગયા છે.

'હવે જ્યોતિષ્ક દેવોનું આયુ પ્રમાણ કહે છે.'

पल्लट्ठभाग पल्लं च साहियं जोइसे जहण्णियइं ।
हेट्ठल्लुक्कोसठ्ठिइ सक्काइणं जहण्णा सा ॥२०५॥

ગાથાર્થ : જ્યોતિષીઓનું જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ આયુ છે અને ઉત્કૃષ્ટ સાધિક પલ્યોપમાયુ છે. સૌધર્મ વગેરે નીચેના કલ્પના દેવોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે ઉપરના દેવોની જઘન્ય સ્થિતિ છે. (૨૦૫)

*ટીકાર્થ* : સામાન્યથી જ્યોતિષીઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેઓની સાધિક પલ્યોપમ ઉપર એકલાખ અધિક છે.

પ્ર. : કયા જ્યોતિષીને કેટલું આયુષ્ય હોય છે ? તે કહો

ઉ. : જ્યોતિષીઓ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એમ પાંચ પ્રકારે દેવો છે અને તેમની પાંચ પ્રકારની દેવીઓ છે. બન્ને મળીને દશ પ્રકાર થાય. ૧. તેમાં ચંદ્ર દેવોનું જઘન્ય આયુ પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ આયુ એકલાખ વર્ષ અધિક એક પલ્યોપમ છે, ૨. તેમની દેવીનું જઘન્ય આયુ પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ પચાસ હજાર વર્ષ અધિક એક પલ્યોપમ, ૩. સૂર્ય દેવોની જઘન્ય સ્થિતિ ચંદ્રની જેમ, ઉત્કૃષ્ટ સ્થિતિ એક હજાર વર્ષાધિક એક પલ્યોપમ, ૪. સૂર્ય-દેવીનું જઘન્ય આયુ ચંદ્ર દેવોની જેમ અને ઉત્કૃષ્ટાયુ પાંચસો વર્ષાધિક અડધો પલ્યોપમ, ૫. મંગળ બુધ વગેરે ગ્રહોનું જઘન્ય આયુ સૂર્યદેવની જેમ ઉત્કૃષ્ટાયુ તો પલ્યોપમ, ૬. તેની દેવીઓનું જઘન્યાયુ સૂર્યદેવીની જેમ અને ઉત્કૃષ્ટાયુ અડધો પલ્યોપમ, ૭. અશ્વિની વગેરે નક્ષત્રોનું જઘન્ય આયુ ગ્રહની જેમ, ઉત્કૃષ્ટાયુ અડધો પલ્યોપમ, ૮. તેની દેવીનું જઘન્યાયુ ગ્રહદેવી સમાન અને ઉત્કૃષ્ટાયુ કંઈક અધિક પલ્યોપમનો ચોથો ભાગ, ૯. તારા દેવોનું જઘન્યાયુ પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટાયુ પલ્યોપમનો ચોથો ભાગ, ૧૦. તેની દેવીઓનું જઘન્યાયુ પલ્યોપમનો આઠમો ભાગ ઉત્કૃષ્ટાયુ સાધિક પલ્યોપમનો આઠમો ભાગ આ પ્રમાણે આ દશે સ્થાનોમાં વિશેષથી જ્યોતિષીઓનું જઘન્ય, ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું.

કહ્યું છે કે :–ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્રો દેવોનું દેવી સહિત આઠેનું જઘન્ય આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ છે પલ્યોપમનો આઠમો ભાગ તારા દેવો અને દેવીઓનું જઘન્ય આયુષ્ય છે. હવે પછી ઉત્કૃષ્ટ આયુ કહું છું (૨) લાખવર્ષ અધિક એક પલ્યોપમ ચંદ્રોનું, અને સૂર્યોનું એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમ તથા ગ્રહોનું એક પૂર્ણ પલ્યોપમ (૩) નક્ષત્રોનું અડધો પલ્યોપમ, તારાદેવોનું પલ્યોપમનો ચોથો ભાગ ચંદ્રદેવીનું ઉત્કૃષ્ટાયું અડધો પલ્યોપમ સાધિક પચાસ હજાર વર્ષ તથા સૂર્ય દેવીનું અડધો પલ્યોપમ સાધિક પાંચસો વર્ષ ઉત્કૃષ્ટાયુ છે (૪–૫) ગ્રહદેવીનું આધિક અડધો પલ્યોપમ અને નક્ષત્ર

દેવીનું પલ્યોપમનો ચોથો ભાગ આયુ છે, ૬ તારા દેવીનું ઉત્કૃષ્ટાયુ પલ્યોપમનો આઠમો ભાગ સાધિક કહ્યો છે ૭.

હવે વૈમાનિક દેવોની જઘન્ય સ્થિતિનું નિરૂપણ કરે છે.

શક્ર શબ્દ વડે અહીં આગળની જેમ સૌધર્મ દેવલોક જ કહેવો તેથી સૌધર્મ વગેરે દેવલોકોની ગ્રૈવેયક અનુત્તર વિમાનોમાં જે ઉપર ઉપરનાઓની હેટ્ઠિલ શબ્દ ગ્રહણ કરવાથી ઉપર ઉપરનાઓની પદ સામર્થ્ય વડે પ્રાપ્ત થતો અધ્યાહાર વડે જાણવો. જઘન્ય સ્થિતિ જાણવી. આનો ભાવાર્થ આ પ્રમાણે છે કે નીચેના દેવલોકોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ તે ઉપરના દેવલોકોની તે જ જઘન્ય સ્થિતિ જાણવી. તે આ પ્રમાણે :–જે સૌધર્મ દેવલોકમાં બે સાગરોપમ રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તેજ તેની ઉપર રહેલ સનતકુમારમાં જઘન્ય સ્થિતિ, જે ઇશાનમાં સાધિક બે સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે જ તેના ઉપર રહેલ માહેન્દ્રમાં જઘન્ય સ્થિતિ. સનત્ કુમારની સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ તે બ્રહ્મલોકમાં જઘન્ય સ્થિતિ, તે બ્રહ્મદેવલોકની દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ લાંતકમાં જઘન્ય લાંતકની ચૌદ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ સહસ્રારમાં જઘન્ય, સહસ્રારની અઢાર સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ આનતમાં જઘન્ય, આનતની ઓગણીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાણતમાં જઘન્ય, પ્રાણતની વીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ આરણમાં જઘન્ય, આરણની ઉત્કૃષ્ટ સ્થિતિ એકવીશ સાગરોપમની તે અચ્યુતમાં જઘન્ય, અચ્યુતની બાવીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ, નવ ગ્રૈવેયક વિમાનના પ્રતરોમાં નીચેના પ્રતરોમાં જઘન્ય સ્થિતિ, એ પ્રમાણે નવે ગ્રૈવેયકના વિમાન પ્રત્તરોમાં એકેક સાગરોપમની વૃદ્ધિપૂર્વક નવમા પ્રતરમાં ત્રીસ સાગરોપમની જઘન્ય સ્થિતિ આવે છે નવમા પ્રતરની એકત્રીસ સાગરોપમ રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ વિજય વગેરે ચાર અનુત્તરો વિમાનોમાં જઘન્ય સ્થિતિ, સર્વાર્થસિદ્ધ વિમાનમાં તો જઘન્ય સ્થિતિ જ નથી ત્યાં આગળ તેત્રીસ સાગરોપમ રૂપ અજઘન્ય ઉત્કૃષ્ટ રૂપ જ સ્થિતિ કહી છે આ પ્રમાણે :– **हेट्ठिल्लुक्कोसठिईसक्काइण जहण्णा** આ પદ વડે સનતકુમાર વગેરેની જઘન્ય સ્થિતિ કહી છે પણ સૌધર્મ ઇશાનની જઘન્ય સ્થિતિ કહી નહીં સાચી વાત છે તે બે દેવલોકની સ્થિતિ જાતે જાણી લેવી તે આ પ્રમાણે સૌધર્મ દેવલોકમાં જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ અને ઇશાનમાં તો સાધિક પલ્યોપમની જઘન્યસ્થિતિ જાણવી. વધુ વિસ્તાર વડે સર્યું. (૨૦૫)

હવે આ જ વૈમાનિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે.

**दो साहि सत्त साहिय दस चउदस सतरेव अट्ठारा ।**
**एक्काहिया य एत्ता सक्काइसु सागरूवमाणा ॥२०६॥**

ગાથાર્થ : બે સાધિક બે, સાત, દશ ચૌદ સત્તર અઢાર પછી એક એકની વૃદ્ધિ પૂર્વક સર્વાર્થ સિદ્ધ સુધી સૌધર્મ વગેરે દેવલોકમાં ઉત્કૃષ્ટ સાગરોપમોની સ્થિતિ અનુક્રમે જાણવી (૨૦૬)

**ટીકાર્થ** : મોટાઈની સામ્યતાથી સાગર એટલે સમુદ્ર સાથે જેઓની ઉપમા છે તે સાગરોપમો કાળ પ્રમાણ વિશેષો છે જે આગળ કહેલ અદ્ધા સાગરોપમ રૂપે છે. તે બે વગેરે સાગરોપમોની સૌધર્મ વગેરે દેવલોકમાં યથાનુક્રમે ઉત્કૃષ્ટ સ્થિતિ એમ સામર્થ્યથી જણાય છે. તે આ પ્રમાણે : સૌધર્મ દેવલોકમાં બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ, બે સાગરોપમ, સનત્કુમારમાં સાત સાગરોપમ, માહેન્દ્રમાં સાધિક સાત સાગરોપમ, બ્રહ્મલોકમાં દશ સાગરોપમ, લાંતકમાં ચૌદ સાગરોપમ, મહાશુક્રમાં સત્તર સાગરોપમ, સહસ્રારમાં અઢાર સાગરોપમ એના પછી આગળના દસે સ્થાન એક એક સાગરોપમ વધારતા જવું, તે આ પ્રમાણે આનતમાં ઓગણીશ સાગરોપમ, પ્રાણતમાં વીસ, આરણમાં એકવીસ, અચ્યુતમાં બાવીસ ગ્રૈવેયક વિમાનના પ્રતરોમાં દરેકમાં એકેક સાગરોપમ વધારતા નવમા ગ્રૈવેયકના પ્રતરમાં એકત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. અહિં એકએકની વૃદ્ધિ સામાન્ય રૂપે કહી હોવાથી વ્યાખ્યાની વિશેષ પ્રત્તિપતિથી નવમા ગ્રૈવેયક સુધી જ જાણવી. અનુત્તર વિમાનમાં બે સાગરોપમની વૃદ્ધિ પૂર્વક ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવી એટલે તેમનામાં તેત્રીસ સાગરોપમ રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ આગમમાં અનેક સ્થાનોમાં કહી છે. તેમાં પણ સર્વાર્થ સિદ્ધ વિમાનમાં તો જઘન્ય સ્થિતિનો અભાવ હોવાથી તેત્રીસ સાગરોપમની અજઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૦૬)

હવે તિર્યંચગતિમાં ભવાયુ કાળ કહેવાની ઈચ્છાથી એકેન્દ્રિયોમાં તે સ્થિતિ કહે છે.

**बावीस सततिन्नि य वास सहस्साणि दस य उक्कोसा ।**
**पुढवीदगानिलपत्तेय तरुसु तेउ तिरायं च ॥२०७॥**

ગાથાર્થ : બાવીસ, સાત, ત્રણ, અને દશ હજાર વર્ષ અનુક્રમે પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેઉકાયની ત્રણ અહોરાત્રની સ્થિતિ છે, (૨૦૭)

**ટીકાર્થ** : બાવીસ વગેરેની સાથે પૃથ્વી વગેરે યથાનુક્રમ જોડવા પૃથ્વી વગેરે એકેન્દ્રિયોના સૂક્ષ્મ, બાદર વગેરે અનેક ભેદો સિદ્ધાંતમાં કહેલા છે તેમાંથી અહીં બાદર એકેન્દ્રિયોનું જ ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું. બાદરોનું જઘન્ય અને સૂક્ષ્મ વગેરેનું જઘન્ય, ઉત્કૃષ્ટ ભેદ પૂર્વકની સ્થિતિ આગળ કહેશે. તેમાં બાદર પૃથ્વીકાયનું બાવીસ હજાર વર્ષની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, બાદર અપ્કાયના સાતહજાર વર્ષ, બાદર વાયુકાયની ત્રણ હજાર વર્ષ અને બાદર પ્રત્યેક વનસ્પતિની દશહજાર વર્ષની, બાદર તેજસકાયની ત્રણ અહોરાત્રિની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. (૨૦૭)

હવે બેઇન્દ્રિય વગેરેનું ઉત્કૃષ્ટ ભવાયુકાળ કહે છે.

बारस अऊणपन्नं छप्पिय वासाणि दिवसमासा य।
बेइंदियाइयाणं नर तिरियाणं तिपल्लं च ॥२०८॥

ગાથાર્થ : બારવર્ષ, ઓગણપચાસ દિવસ, અને છ મહિના બેઇન્દ્રિય વગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ છે અને મનુષ્ય તથા તિર્યંચની ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.(૨૦૮)

**ટીકાર્થ** : બારવર્ષ બેઇન્દ્રિયોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે વગેરે યથાયોગ્યપણે સંબંધ કરવો. ઓગણપચાસ દિવસ તેઇન્દ્રિયોની. છ મહિના ચઉરિંદ્રિયોની, ગર્ભજ મનુષ્યોની અને તિર્યંચ પંચેન્દ્રિયોની ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. અહીં તિર્યંચગતિના ભવાયુકાળની પ્રરૂપણા ચાલે છે. તેમાં જે મનુષ્યોનું ઉત્કૃષ્ટ આયુષ્યનું પ્રતિપાદન કર્યું છે. તે ત્રણ પલ્યોપમ રૂપ ઉત્કૃષ્ટ આયુષ્યની સામ્યતા અને લાઘવપણા માટે કરીને કહ્યું છે. પણ સંબંધ વગરની પ્રરૂપણા છે. એમ શંકા ન કરવી. (૨૦૮)

અહીં પંચેન્દ્રિય તિર્યંચોનું સામાન્યરૂપે ઉત્કૃષ્ટ આયુષ્ય કહ્યું. હવે વિશેષ વિચારણામાં એમના સમૂચ્છિંમ, જળચર વગેરેના ભેદોથી ઘણા ભેદો પડે છે. માટે સંમૂચ્છિંમ જળચર અને સ્થળચરોના આયુષ્ય કહે છે.

जल थल खह संमुच्छिमपज्जत्तुक्कोस पुव्वकोडीओ ।
वरिसाणं चुलसीई बिसत्तरि चेव य सहस्सा ॥२०९॥

ગાથાર્થ : જળચર, સ્થળચર, ખેચર સંમૂચ્છિંમ પર્યાપ્તાનું ઉત્કૃષ્ટ આયુષ્ય યથાનુક્રમે પૂર્વક્રોડવર્ષ, ચોર્યાસી હજારવર્ષ, બોતેર હજાર વર્ષ છે. (૨૦૯)

**ટીકાર્થ** : અહીં પણ જળચર વગેરેનું પૂર્વક્રોડ વગેરે સાથે અનુક્રમે સંબંધ કરવો. તેમાં પર્યાપ્ત સંમૂચ્છિંમ જળચરોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષ છે. પર્યાપ્ત સંમૂચ્છિંમ સ્થળચરોની ભવસ્થિતિ ચોર્યાશી હજાર વર્ષ અને પર્યાપ્ત સંમૂચ્છિંમ ખેચરોનું ઉત્કૃષ્ટ ભવાયુકાળ બોંતેર હજાર વર્ષ છે. (૨૦૯)

હવે આજ જળચર પર્યાપ્ત ગર્ભજોનું ઉત્કૃષ્ટ ભવાયુ કાળ કહે છે.

तेसिं तु गब्भयाणं उक्कोसं होइ पुव्वकोडीओ ।
तिण्णि य पल्ला भणिया पल्लस्स असंखभागो उ ॥२१०॥

ગાથાર્થ ટીકાર્થ : આગળની ગાથામાં કહેલ જળચર વગેરે ગર્ભજોનું પૂર્વક્રોડ વગેરે ઉત્કૃષ્ટ આયુ યથાનુક્રમે જોડવું તેમાં પર્યાપ્ત ગર્ભજ જળચરોનું પૂર્વક્રોડ વર્ષનું ઉત્કૃષ્ટ આયુ, પર્યાપ્ત ગર્ભજ સ્થળચરોનું ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુ, ગર્ભજ પર્યાપ્ત ખેચરોનું ઉત્કૃષ્ટ આયુ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. (૨૧૦)

હવે આગળ કહેલ બાદર પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિયોની તથા પર્યાપ્તા સંમૂર્છિમ જળચર ખેચરોની, જેની આગળ કહેવાશેશી સાધારણ વનસ્પતિ વગેરેની જઘન્ય વગેરે સ્થિતિ સ્વરૂપ આયુષ્ય કહે છે.

एएसिं च जहण्णं उभयं साहारण सव्व सुहुमाणं ।
अंतोमुहुत्तमाउ सव्वा पज्जतयाणं च ॥२११॥

ગાથાર્થ : આગળ જણાવેલાઓની જઘન્ય અને સાધારણ વનસ્પતિકાય સર્વ સૂક્ષ્મ જીવો અને સર્વ અપર્યાપ્તાઓની બંને પ્રકારનું એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુ અંતર્મુહૂર્તનું છે. (૨૧૧)

**ટીકાર્થ** : આગળ જણાવેલ બાદર પૃથ્વીકાય અપ્કાય, તેજસ્કાય વાયુકાય અને પ્રત્યેક વનસ્પતિકાયની, પર્યાપ્ત સંમૂર્છિમ અને ગર્ભજ જળચર, સ્થળચર અને ખેચરોની જઘન્ય સ્થિતિ જ અંતર્મુહૂર્ત છે. ઉત્કૃષ્ટ સ્થિતિ તો આગળ કહી દીધી છે. આગળ ઉત્કૃષ્ટ આયુ પ્રતિપાદનના ક્રમે કહેલ જીવોનું જઘન્ય આયુષ્ય કહ્યું.

હવે આગળ ન કહેલાઓની બંને પ્રકારની સ્થિતિ કહે છે. સાધારણ એટલે અનંતકાય વનસ્પતિઓ તેઓ સૂક્ષ્મ અને બાદર તથા સર્વ પ્રકારના સૂક્ષ્મો, બાકી રહેલ બધાય પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાયરૂપ સૂક્ષ્મોની. વનસ્પતિકાયના સૂક્ષ્મો તો સાધારણ વનસ્પતિ દ્વારા કહ્યા છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ રૂપ બંને પ્રકારના આયુષ્યો અંતર્મુહૂર્ત જ છે, જઘન્યથી અંતર્મુહૂર્તનું સ્વરૂપ નાનું અને ઉત્કૃષ્ટમાં તે જ અંતર્મુહૂર્તનું મોટું જાણવું. બીજો કોઈપણ જઘન્ય ઉત્કૃષ્ટનો ભેદ નથી એમ બીજે પણ જાણવું. જે પૃથ્વીકાય વગેરે અપર્યાપ્તા જ મરે છે. તે પણ સર્વ પર્યાપ્તિઓ પૂરી નથી કરતા. તે અપર્યાપ્તાઓનું પણ જઘન્ય ઉત્કૃષ્ટ રૂપ બંને પ્રકારે અંતર્મુહૂર્ત જ આયુષ્ય છે. (૨૧૧)

આ પ્રમાણે એકેક જીવને લઈ ભવાયુકાળ કહ્યો હવે તેના ઉપસંહાર પૂર્વક જુદા જુદા જીવોને આશ્રયીને આયુ કહે છે.

एक्कग जीवाउठिई एसा बहुजीविया उ सव्वद्धं ।
मणुय अपज्जताणं असंखभागो उ पल्लस्स ॥२१२॥

ગાથાર્થ : પહેલા કહેલ આ એક જીવાશ્રયી સ્થિતિ કહી, ઘણા જીવાશ્રયી સ્થિતિ તો સર્વકાળ જાણવી. અપર્યાપ્તા મનુષ્યો તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા જ હોય છે, (૨૧૨)

**ટીકાર્થ** : આગળ કહેલા આ એક જીવાશ્રયી એટલે રત્નપ્રભાના નારક વગેરે જીવની આયુસ્થિતિ કહી, હવે ઘણા જીવ વિષયક તે બહુજીવિકા એટલે ઘણા જીવ સંબંધી સ્થિતિ તો સર્વકાળ હોય છે. એવો કોઈ કાળ નથી કે જ્યાર સર્વે નારકો મરીને બીજી જગ્યાએ ઉત્પન્ન થયા હોય આમ થાય તો નરકગતિ તે નારકજીવોથી શૂન્ય થઇ જશે એમ તિર્યંચ વગેરે ગતિઓમાં પણ કહેવું તેથી જુદા જુદા જીવાશ્રયીને સર્વકાળની સ્થિતિ છે.

પ્ર : મૂળ અને ઉત્તર ભેદવાળા સર્વ જીવોમાં આ પ્રમાણે જ છે કે કેટલાક ભેદોમાં જ આ પ્રમાણે છે?

ઉ : અપર્યાપ્તા મનુષ્યો કોઇક વખત એક, કોઇક વખત બે, કોઇક વખત ઘણા તે ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જેટલા હોય છે. તે પછી જરૂર બાર મુહૂર્ત સુધી ફક્ત સર્વે મનુષ્યો પર્યાપ્તા જ હોય છે કોઈપણ અપર્યાપ્તા હોતા નથી.

મનુષ્યગતિનો ઉત્પત્તિ વિરહકાળ આગમમાં બાર મુહૂર્તનો જ કહ્યો છે તેથી જુદા જુદા જીવો આશ્રયી આયુ-સ્થિતિ વિચારતા અપર્યાપ્તા મનુષ્યો સર્વકાળ નથી હોતા પલ્યોપમનો અસંખ્ય ભાગ જ હોય છે.

નરકગતિ, દેવગતિનો, એકેંદ્રિય, વગેરે તિર્યંચોનો કોને કેટલો વિરહકાળ હોય છે, તે સિદ્ધાંતમાં કહેલ છે પરંતુ કોઇ પણ કારણસર નારક વગેરે અપર્યાપ્તા કેટલા કાળ સુધી અવ્યવચ્છિન્ન હોય છે તે અહીં જણાવ્યું નથી તે અન્ય સ્થાનેથી જાણી લેવું. (૨૧૨)

આ પ્રમાણે એક જીવ, અનેક જીવાશ્રયી ભવાયુકાળ કહ્યો.

## પ્રકરણ–૨ જું
## કાયસ્થિતિ કાળ

"હવે કાયસ્થિતિ કાળ કહે છે"

**एक्केक्क भवं सुरनारयाओ तिरिया अणंतभवकालं ।**
**पंचिंदिय तिरियनरा सत्तट्ठभवा भवग्गहणे ॥२१३॥**

**ગાથાર્થ :** દેવ અને નારકોની એકેક ભવની, તિર્યંચોની અનંત ભવકાળની, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોની સાત, આઠ ભવની કાયસ્થિતિ છે. (૨૧૩)

**ટીકાર્થ :** અહીં કાય શબ્દ વડે પૃથ્વી વગેરે કાયો લેવી. તે કાયોમાં સ્થિતિ એટલે રહેવું તે કાયસ્થિતિ. મરી મરીને ફરી ત્યાં જે ઉત્પન્ન થવું તે. તે કાયોમાંથી કોઈ-પણ કાયને છોડયા વગર જીવની જે અવસ્થિતિ તે કાયસ્થિતિ, તદ્‌વિષયક જે કાળ, તે કાયસ્થિતિકાળ, તે કાળ અહીં કહેવાનો છે. તેમાં દેવો અને નારકો પોતપોતાની નિકાયમાં એકભવ સુધી જ સતત રહે છે તે પછી મરી તિર્યંચ કે મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. પણ નારક કે દેવોમાં ઉત્પન્ન થતા નથી આથી મરી મરીને ફરી ત્યાં જ ઉત્પન્ન થવા રૂપ કાયસ્થિતિ દેવનારકોને હોતી નથી. પરંતુ ભવસ્થિતિ જ એમનામાં હોય છે.

સામાન્યથી તિર્યંચો મરી મરીને ફરી તિર્યંચોમાં ઉત્પન્ન થવા પૂર્વક અનંતકાળ સુધી રહે છે. અનંતાનંત ભવોને તે ભવ સંબંધી અનંતાનંત ઉત્સર્પિણિ અવસર્પિણિ જેટલા કાળ સુધી રહે છે. ક્ષેત્રથી સંખ્યાતા પુદ્‌ગલ પરાવર્તી સુધી રહે છે. પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે "હે ભગવંત, તિર્યંચ યોનિકો તિર્યંચ યોનિમાં કાળથી કેટલા વખત સુધી હોય છે? હે ગૌતમ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ, કાળથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીઓ અને ક્ષેત્રથી અનંતા લોક, અસંખ્યાતા પુદ્‌ગલ પરાવર્તો, તે પુદ્‌ગલ પરાવર્તો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાણવા.

પ્ર. : હવે પંચેંદ્રિય તિર્યંચો પંચેંદ્રિય તિર્યંચમાં અને મનુષ્યો મનુષ્યમાં ફરીફરી ઉત્પન્ન થવા વડે કેટલાકાળ સુધી ઉત્પન્ન થાય છે?

ઉ. : ફરીફરી ઉત્પન્ન થવા પૂર્વક ભવોનું જે ગ્રહણ તે ભવગ્રહણ, તે ભવગ્રહણને વિચા-રતા એટલે ભવગ્રહણ આશ્રયી કાયસ્થિતિનો વિચાર કરતા સાત અથવા આઠ ભવો સુધી તેમાં ઉત્પન્ન થવા પૂર્વક ઉત્કૃષ્ટથી રહે છે. કાળથી વિચારતા સાત પૂર્વક્રોડ

વર્ષ અધિક ત્રણ પલ્યોપમ જેટલો કાળ ઉત્કૃષ્ટથી રહે છે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. જો પૂર્વક્રોડ વર્ષના સંખ્યાતા વર્ષ આયુષ્યવાળા પંચેંદ્રિય તિર્યંચો કે, મનુષ્યો (સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા) એટલે ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળા અનુક્રમે પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યોમાં ફરીફરી ઉત્પન્ન થાય તો દરેક સાત ભવો ઉત્કૃષ્ટથી ઉત્પન્ન થઈ શકે કાળથી ઉત્કૃષ્ટપણે સાત જ પૂર્વક્રોડ વર્ષો થાય છે. જો સંખ્યાતા વર્ષાયુષ્યવાળા સાત ભવો કર્યા પછી એ જીવો ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અસંખ્યાતા વર્ષાયુ પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યમાં અનુક્રમે આઠમા ભવમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સંખ્યાતા વર્ષાયુવાળા અને અસંખ્યાતા વર્ષાયુવાળા ભવ એકઠા કરવાથી પંચેંદ્રિય, તિર્યંચ અને મનુષ્યો બંન્નેના આઠ ભવો થાય છે. નવમો ભવ નથી થતો; કારણેકે અસંખ્યાતા વર્ષાયુવાળા ભવ પછી તરત બીજા ભવમાં અવશ્યમેવ દેવોમાં ઉત્પત્તિ થાય છે. કાળથી ત્રણ પલ્યોપમ સાધિક સાત પૂર્વક્રોડ વર્ષ થાય છે માટે સંખ્યાતા વર્ષાયુ અને અસંખ્યાત વર્ષાયુવાળાની અપેક્ષાએ સાત આઠ ભવ ગ્રહણ કહ્યું છે. (કરેલ છે)

હવે એકેન્દ્રિય તિર્યંચોની કાયસ્થિતિ કહે છે.

## एगिंदिय हरियतिय पोग्गल परियट्ट या असंखेज्ज ।
## अड्ढाइज्ज निओया असंख लोयो पुढविमाई ॥२१४॥

ગાથાર્થ : વનસ્પતિકાય સુધીના એકેન્દ્રિયો અસંખ્યાતા પુદ્ગલપરાવર્ત કાળ સુધીની, નિગોદોની અઢી પુગદ્લ પરાવર્ત સુધી, પૃથ્વીકાય વગેરે ક્ષેત્રથી અસંખ્ય લોક પ્રમાણ સુધી રહે છે. (૨૧૪)

**ટીકાર્થ :** જેના અંતમાં વનસ્પતિઓ છે તે હરિતાન્ત, એટલે પૃથ્વી વગેરે એકેન્દ્રિયો, પૃથ્વી અપ, તેજસ્, વાયુ, વનસ્પતિરૂપ સર્વ એકેન્દ્રિયો ફરી ફરી એકેન્દ્રિયોમાં ઉત્પન્ન થવા રૂપે પોતાના સ્વરૂપને ન છોડવા પૂર્વક અસંખ્યાતા પુદ્ગલ પરાવર્ત કાળ સુધી રહે છે. પ્રજ્ઞાપનામાં કહ્યું છે કે "હે ભગવંત ! એકેંદ્રિયો એકેન્દ્રિય રૂપે કાળથી કેટલો વખત હોય છે? ગૌતમ જઘન્યથી અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટથી અનંતકાળ, કાળથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી, ક્ષેત્રથી અનંતા લોક, અસંખ્યાતા પુદ્ગલ પરાવર્તો છે તે પુદ્ગલ પરાવર્તો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

પ્ર. : જો એકેન્દ્રિયમાંથી નિગોદ વનસ્પતિના જીવોને અલગ કરી ફક્ત નિગોદ જીવોની કાયસ્થિતિ વિચારીએ તો કેટલી થાય?

ઉત્તર: નિગોદ વનસ્પતિઓ ફરી ફરી ત્યાં જ ઉત્પન્ન થવા વડે તે ભાવને ન છોડતા અઢી પુદ્‌ગલ પરાવર્ત કાળ સુધી નિગોદમાં રહે છે. તે પછી બીજા સ્થાને ઉત્પન્ન થાય કહ્યું છે કે "હે ભગવંત ! નિગોદ નિગોદ રૂપે કેટલા સુધી હોય છે ? ગૌતમ ! જઘન્યથી અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ, અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી કાળથી, અને ક્ષેત્રથી અઢી પુદ્‌ગલ પરાવર્ત કાળ સુધી, વનસ્પતિની કાયસ્થિતિ અલગ કહી હોવાથી પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુમાં દરેકની પોતપોતાની કાયોમાં ફરીફરી ઉત્પન્ન થવા પૂર્વક અસંખ્યાતા લોક સુધી રહે છે. એનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. પૃથ્વીકાયો પૃથ્વીકાયમાં ફરીફરી ઉત્પન થવા વડે કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી રહે છે. ક્ષેત્રથી અસંખ્યાતા લોક એટલે અસંખ્યાતા લોકાકાશમાં જેટલા પ્રદેશો છે તેને દરેક સમયે અપહરતા જેટલી ઉત્સર્પિણી અવસર્પિણી થાય છે. તેટલા કાળ સુધી તેમાં રહે છે. કહ્યું છે કે, " હે ભગવંત ? પૃથ્વીકાય પૃથ્વીકાય રૂપે કેટલા કાળ સુધી રહી શકે છે ? હે ગૌતમ ?" જઘન્યથી અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ, કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ, ક્ષેત્રથી અસંખ્યાતા લોક" એ પ્રમાણે અપકાય, તેજસકાય, વાયુકાયને પણ દરેકને પોતપોતાની કાયામાં ઉત્પન્ન થવા વડે ઉપર કહેલ સ્થિતિ જાણવી. આગળ એકેંદ્રિયોમાં પોતાની કાયામાં કે પરકાયમાં ઉત્પન્ન થવા વડે પૃથ્વીકાય વગેરે એકેંદ્રિયોની સામાન્યથી એકેન્દ્રિય કાળ કહ્યો હતો. અહીં તો પૃથ્વીકાય વગેરેને પોતપોતાની કાયામાં ઉત્પન્ન થવા પૂર્વકને તેઓનો અલગ અલગ પૃથ્વી વગેરેના કાળ ભેદે વિચાર કર્યો છે માટે આગળ કહેલ એકેંદ્રિયથી પૃથ્વીકાય વગેરેનો કાયસ્થિતિમાં ભેદ છે. (૨૧૪)

હવે પૃથ્વીકાય વગેરેની જ બાદર વગેરે ભેદો પૂર્વક વિશેષ પ્રકારે કાયસ્થિતિ કહે છે.

**कम्मठिइ बायराणं सुहुमा असंखया भवे लोगो ।**
**अंगुल असंखभागो बायर एगिंदिय तरुणं ॥२१५॥**

ગાથાર્થ : બાદર પૃથ્વી વગેરે ચારની મોહનીય કર્મ જેટલી સ્થિતિ સૂક્ષ્મની અસંખ્યાતા લોક પ્રમાણ, બાદર એકેંદ્રિય વનસ્પતિકાયની અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ કાયસ્થિતિ છે. (૨૧૫)

ટીકાર્થ : કર્મ શબ્દ વડે અહિં મોહનીય કર્મ જાણવું જો કે અહિં બાદર એવા સામાન્ય રૂપ કહેલ હોવા છતાં પણ આ વિશેષતા જાણવી કે બાદર પૃથ્વીકાય, અપ્કાય તેજસ્કાય, વાયુકાયના, પર્યાપ્ત અપર્યાપ્ત ભેદોની વિવક્ષા કર્યા વગર દરેક પોતપોતાની

કાયમાં ફરી ફરી ઉત્પન્ન થવા વડે મોહનીય કર્મની જે ઉત્કૃષ્ટસ્થિતિ સીત્તેર ક્રોડાકોડી સાગરોપમ કાળ સુધી રહે છે. આ સ્થિતિ એમની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે. બાદર પૃથ્વીકાય બાદર પૃથ્વીકાયમાં જ ફરી ફરી ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટથી સીત્તેર કોડાકોડી સાગરોપમ કાળ સુધી થઈ શકે એ પ્રમાણે અપ્કાય, તેજસ્કાય વાયુકાયની પણ પોતપોતાની કાયમાં બાદરભાવને છોડયા વગર દરેકનો આ પ્રમાણે જ કાળમાન કહેવું કહ્યું છે કે, "હે ભગવંત ! બાદર પૃથ્વીકાયો બાદર પૃથ્વીકાયમાં કાળથી કેટલો કાળ હોય ? હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સીત્તેર કોડાકોડી સાગરોપમ. એ પ્રમાણે અપ્કાય, તેઉકાય અને વાયુકાયમાં"

સૂક્ષ્મ નામ કર્મના ઉદયવાળા સૂક્ષ્મજીવો, સૂક્ષ્મોમાં જ ફરી ફરી ઉત્પન્ન થવા વડે સૂક્ષ્મપણાને ન છોડતા અસંખ્યાત લોક સુધી રહે છે આનો ભાવાર્થ આ પ્રમાણે છે. સૂક્ષ્મનામ કર્મના ઉદયવાળા જીવો ફરી ફરી સૂક્ષ્મપણે ઉત્પન્ન થવાપૂર્વક સૂક્ષ્મ ભાવને ન છોડતા અસંખ્યાતા લોકાકાશોમાં રહેલ દરેક પ્રદેશને દરેક સમયે અપહાર કરવા પૂર્વક અપહારતા જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી થાય તેટલા કાળ સુધી તેમાં રહે છે. કહ્યું છે કે:-- "હે ભગવંત ! સૂક્ષ્મો, સૂક્ષ્મોમાં કેટલો કાળ હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ એટલે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ, કાળથી ક્ષેત્રથી અસંખ્યાતા લોકપ્રમાણ એ પ્રમાણે સૂક્ષ્મ પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય અને સૂક્ષ્મ નિગોદને પણ કહેવા.

પ્ર. : આગળ બાદર પૃથ્વી, અપ્, તેઉ, વાયુકાય રૂપ એકેંદ્રિયોની દરેકની સીત્તેર કોડાક્રોડી સાગરોપમની સ્થિતિ કહી પરંતુ બાદર એકેંદ્રિય વનસ્પતિકાયની કેટલી સ્થિતિ છે?

ઉ. : બાદર એકેંદ્રિય વનસ્પતિકાયની બાદર એકેંદ્રિય ઉત્પન્ન થવા વડે કરી અંગુલના અસંખ્યાતમો ભાગ પ્રમાણ ક્ષેત્રખંડમાં જેટલા પ્રદેશની રાશિ છે. તેટલા પ્રમાણ તેની કાયસ્થિતિ છે. એના ભાવાર્થ આ પ્રમાણે જાણવો. બાદર વનસ્પતિકાય જીવ બાદર વનસ્પતિકાયોમાં જ ફરી ફરી ઉત્પન્ન થાય તો અંગુલના અસંખ્યાતમાં ભાગરૂપ ક્ષેત્ર ખંડમાં રહેલ પ્રદેશોને દરેક સમયે અપહરણ કરવા પૂર્વક અપહરીએ તો જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી, અવસર્પિણી કાળ થાય તે કાળ પ્રમાણ સુધી રહે છે. અહીં એકેંદ્રિય અને તરૂ, તે બાદર એકેંદ્રિય તરૂ બાદર એકેંદ્રિય તરૂ તે બાદર એકેંદ્રિય તરૂમાં, એ પ્રમાણે સમાસ કરવો તેથી આ પ્રમાણે અર્થ થાય કે પૃથ્વી વગેરે ભેદની વિવક્ષા વગર સામાન્ય રૂપે વિચારતા આગળ ન કહેલ બાદર વનસ્પતિ જીવની આ કાયસ્થિતિ જાણવી.

કહ્યું છે કે, "હે ભગવંત ! બાદર બાદર રૂપે કેટલો કાળ હોય છે હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી, ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમો ભાગ. એ પ્રમાણે બાદર વનસ્પતિ કાયો બાદર વનસ્પતિકાયમાં કાળથી કેટલો કાળ હોય છે ?

ઉપર કહ્યા પ્રમાણે જ કહેવું" (૨૧૫)

હવે વિશેષ વિચારણા પ્રસંગે બાદર પર્યાપ્તાઓની કાયસ્થિતિ કહે છે.

**बायर पज्जताणं वियलसपज्जत्त इंदियाणं च ।**
**उक्कोसा कायठिई वाससहस्सा उ संखेज्जा ॥२१६॥**

**ગાથાર્થ:-** **બાદર પર્યાપ્તાઓ વિકલેંદ્રિયો પર્યાપ્ત પંચેન્દ્રિયોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિસંખ્યાતા હજાર વર્ષો જાણવી. (૨૧૬)**

**ટીકાર્થ** : બાદર પર્યાપ્તાઓની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યતા હજાર વર્ષની છે. અહીં આ પ્રમાણે સમુદાય રૂપે કહેલ હોવા છતાં પણ સિદ્ધાતરૂપ સમુદ્રને જોતા વિશેષ પ્રકારે વ્યાખ્યા જાણવી. તે આ પ્રમાણે, જ્યારે સામાન્યથી બાદર પર્યાપ્ત જીવોનું બાદર પર્યાપ્તામાં જ ફરી ફરી ઉત્પન્ન થવા વડે તે ભાવને ન છોડતા જે કાયસ્થિતિ હોય તે ત્યારે ઉત્કૃષ્ટથી સાધિક સાગરોપમ શતપૃથક્ત્વ પ્રમાણ કાયસ્થિતિ હોય છે. કહ્યું છે કે "હે ભગવંત ! બાદર પર્યાપ્ત બાદર પર્યાપ્તામાં કાળથી કેટલો વખત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂત ઉત્કૃષ્ટથી સાધિક સાગરોપમ શતપૃથક્ત્વ કાળ પ્રમાણ હોય." હવે વિશેષ પ્રકારે બાદર પ્રર્યાપ્તાઓની કાયસ્થિતિ વિચારીએ તો બાદર પૃથ્વીકાય પર્યાપ્તા તે ભાવને છોડયા વગરની તેમની સંખ્યાતા હજાર વર્ષોની કાયસ્થિતિ છે. એ પ્રમાણે બાદર પર્યાપ્તા અપકાય, વાયુકાય, પ્રત્યેક શરીરી વનસ્પતિકાયની પણ દરેકની સંખ્યાતા હજાર વર્ષોની કાયસ્થિતિ કહેવી. તેમને વિશેષરૂપે વિચારતા સૂત્રમાં સંખ્યાતા હજાર વર્ષની સ્થિતિના પ્રસંગે બાદર પર્યાપ્તા કહ્યા છે એમ માનવું. બાદર પર્યાપ્ત તેઉકાયોની વિશેષથી કાયસ્થિતિ વિચારતા સંખ્યાતી અહોરાત્રી કહેવી. જેથી કહ્યું છે કે, "પર્યાપ્ત બાદર તેઉકાય, હે ભગવંત ! બાદર તેઉકાય પર્યાપ્તામાં કાળથી કેટલો વખત હોય ? હે ગૌતમ ! જઘન્યથી અંતમુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતા રાત્રિદિવસો." બાદર પર્યાપ્ત નિગોદ તેના ભાવને ન છોડતાં જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતમુહૂર્ત સુધી જ રહે છે.

જેમની સંપૂર્ણ ઇન્દ્રિયો નથી તે બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય રૂપ વિકલેંદ્રિયો છે. તે દરેકની આગમાનુસારે કાયસ્થિતિ જાતે જ જાણીને કહેવી. અહીં આગળ

સંખ્યાતા હજાર વર્ષ રૂપ કાયસ્થિતિ જોડવી નહીં. કારણ કે સિદ્ધાંત સાથે અસંગત હોવાના કારણે.

પ્ર. તો પછી સિદ્ધાંતમાં એમની કેટલી કાયસ્થિનિ કહી છે? તે કહો?

ઉ. જો પર્યાપ્તા અપર્યાપ્તાનો ભેદ કર્યા વગર સામાન્ય રૂપે બેઇંદ્રિય વગેરે દરેક વિકલેંદ્રિયની કાયસ્થિતિ કહીએ તો સંખ્યાતા કાળ સ્વરૂપ જ તેને માનવી. કહ્યું છે કે, "હે ભગવંત! બેઇંદ્રિય બેઇંદ્રિય રૂપે કાળથી કેટલો વખત હોય છે? હે ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતા કાળ એ પ્રમાણે તેઇંદ્રિયો, ચઉરિંદ્રિયોનો પણ જાણવી." હવે ચાલુ ગાથામાં શરૂઆતમાં જણાવેલ પર્યાપ્તા વિશેષણ બેઇન્દ્રિય વગેરે જોડીને વિચારીને એ તો પર્યાપ્તાબેઇન્દ્રિયની સંખ્યાતા વર્ષો, તેઇંદ્રિયોની સંખ્યાતા દિવસો, અને ચઉરિંદ્રિયોની કાયસ્થિતિ સંખ્યાતામાસોની થાય છે. કહ્યું છે કે "હે ભગવંત! બેઇંદ્રિય પર્યાપ્તાઓ બેઇંદ્રિય પર્યાપ્તામાં કેટલો વખત હોય છે? હે ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સંખ્યાતા વર્ષો, એ પ્રમાણે તેઇંદ્રિય પર્યાપ્તાઓ પણ, પરંતુ સંખ્યાતા રાત્રિ દિવસો એ પ્રમાણે ચઉરિંદ્રિય પર્યાપ્તાઓ પણ, પરંતુ સંખ્યાતા વર્ષો."

પર્યાપ્તા એટલે પરિપૂર્ણ, સંપૂર્ણ ઇંદ્રિય સાથે જેઓ રહેલા છે તે અપર્યાપ્ત પંચેંદ્રિયો એટલે પંચેંદ્રિયો. તે પંચેંદ્રિયો પર્યાપ્તા પર્યાપ્તના ભેદો વગર સામાન્ય રૂપે તેમની કાયસ્થિતિ સાધિક હજાર સાગરોપમ ઉત્કૃષ્ટપણે કહ્યું છે કે, "હે ભગવંત! પંચેંદ્રિયો, પંચેંદ્રિયોમાં કાળથી કેટલો વખત હોય છે? હે ગૌતમ! જઘન્યથી અંતમુહૂર્ત ઉત્કૃષ્ટથી સાધિક હજાર સાગરોપમ." હવે અહીં પણ પર્યાપ્ત વિશેષણ લઇએ તો પંચેંદ્રિય પર્યાપ્તાઓની સાગરોપમ શત પૃથક્ત્વ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. કે "હે ભગવંત! પર્યાપ્ત પંચેન્દ્રિયો પર્યાપ્ત પંચેંદ્રિયમાં કાળથી કેટલો વખત હોય? હે ગૌતમ! જઘન્યથી અંતમુહૂર્ત ઉત્કૃષ્ટથી સાગરોપમ શત પૃથકત્વ." માટે અહિં પણ અસંખ્યાતા હજાર વર્ષ રૂપ કાયસ્થિતિ ઘટતી નથી. પરંતુ અલગ કરીને યથાયોગ્ય જ તે કાયસ્થિતિ કહેવી. બીજા આચાર્યો વિકલેંદ્રિયો અને પંચેંદ્રિયોમાં પર્યાપ્ત વિશેષણ લઇને દરેક ઠેકાણે સંખ્યાતા હજાર વર્ષ રૂપ કાયસ્થિતિને વર્ણવે છે. તેનો અભિપ્રાય તો તેઓ જાણે. (૨૧૬)

આ પ્રમાણે હમણાં સામાન્યથી પંચેંદ્રિયોની, પંચેંદ્રિયોમાં ફરી, ફરી ઉત્પન્ન થવા રૂપ કાયસ્થિતિ કહી. હવે તો સંખ્યાતા વર્ષના આયુવાળા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યોની સંખ્યાત અસંખ્યાત વર્ષના આયુવાળા પંચેંદ્રિય તિર્યંચ મનુષ્યોમાં ઉત્પન્ન થવા રૂપ કાયસ્થિતિ કહે છે."

तिण्णिय पल्ला भणिया कोडीपुहुत्तं च होइ पुव्वाणं ।
पंचिंदिय तिरियनराणमेव उक्कोस कायठिइ ॥२१७॥

ગાથાર્થ : પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યેની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ત્રણ પલ્યોપમ અને પૂર્વક્રોડ પૃથક્ત્વ કહી છે. (૨૧૭)

ટીકાર્થ : અહિં પૂર્વક્રોડ વર્ષાયુવાળા પંચેંદ્રિય તિર્યંચ, પૂર્વક્રોડ (પૂર્વક્રોડ) વર્ષાયુવાળા પંચેંદ્રિય તિર્યંચોમાં ફરી ફરી ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટથી સાતવાર ઉત્પન્ન થાય એ પ્રમાણે પૂર્વક્રોડ પૃથક્ત્વ રૂપે અહીં સાત પૂર્વક્રોડ થાય છે. આઠમી વારમાં જો એ તિર્યંચમાં ઉત્પન્ન થાય તો નક્કી અસંખ્યાત વર્ષાયુવાળામાં જ ઉત્પન્ન થાય ત્યાં પણ ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટથી આયુષ્ય હોય. એમ પંચેંદ્રિયોતિર્યંચોની આઠભવો વડે પૂર્વક્રોડ પૃથક્ત્વ સાધિક ત્રણ પલ્યોપમની કાયસ્થિતિ થાય છે. એ પ્રમાણે સંખ્યાતા-વર્ષાયુવાળા ઉત્પન્ન થતા મનુષ્યોની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ રૂપ સંખ્યાતઅસંખ્યાત વર્ષાયુમાં ઉપર પ્રમાણે સંપૂર્ણ વિચારણા જાણી લેવી. (૨૧૭)

હવે પર્યાપ્ત વગેરેની કાયસ્થિતિ કહે છે.

पज्जत्तय सयलिंदिय सहस्समब्भहियमुयहि नामाणं ।
दुगुणं च तसतिभवो सेसविभागो मुहुत्तंत्ता ॥२१८॥

ગાથાર્થ : સકલેંદ્રિય પર્યાપ્તની હજાર સાગરોપમ સાધિક, ત્રસપણામાં બમણા એટલે બે હજાર સાગરોપમ, અને શેષ વિભાગ એટલે જઘન્યથી અંતર્મુહૂર્તની કાયસ્થિતિ છે. (૨૧૮)

ટીકાર્થ : પર્યાપ્તની પર્યાપ્તમાં ફરી ફરી ઉત્પન્ન થવા રૂપ એટલે કોઇ વખત લબ્ધિથી, કોઇ વખત કારણથી, તે ભાવને છોડયા વગર સાધિક સાગરોપમ શતપૃથક્ત્વ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ થાય છે. કહ્યુ છે કે, "હે ભગવંત! પર્યાપ્ત પર્યાપ્તમાં કાળથી કેટલો વખત હોય છે? હે ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સો સાગરોપમ પૃથક્ત્વ સાધિક,

સકલ એટલે સંપૂર્ણ પાંચે ઇંદ્રિયો જેમને છે તે પંચેંદ્રિયો સકલેંદ્રિય કહેવાય છે. તે પંચેંદ્રિયની ઉદધિ એટલે સાગરોપમો, તે સાગરોપમ સાધિક કાયસ્થિતિ છે.

પ્ર. : આ વાતતો આનાથી આગળની એક ગાથામાં નિશ્ચય કર્યો છે તો પછી અહીં ફરી શા માટે આ વાત કરી છે?

ઉ. : સાચી વાત છે પરંતુ પૂર્વમાં બે વ્યાખ્યા કરાઇ હતી. તેમાં પહેલી વ્યાખ્યા પર્યાપ્ત વિશેષણ રૂપ પક્ષમાં પર્યાપ્ત વિશેષણવાળા પંચેંદ્રિયોની કાયસ્થિતિ કહી છે. અહીં તો વિશેષણ વગરનાની કાયસ્થિતિ કહેવાઇ આ તફાવત છે. પહેલી વિશેષણ વગરની વ્યાખ્યાનો પક્ષતો અમને અમાન્યની જેમ જણાય છે. બીજા આચાર્યો પર્યાપ્ત પંચેંદ્રિયોની સાધિક હજાર સાગરોપમની કાયસ્થિતિ છે એમ અહીં વ્યાખ્યા કરે છે. તે અયોગ્ય છે, કારણકે સિદ્ધાંતમાં સાધિક સાગરોપમ શત પૃથકૃત્વ પ્રમાણવાળી જ કાયસ્થિતિનું તેમને માટે પ્રતિપાદન કર્યું છે. પુનરૂક્તતા વગેરે દોષનો સંભવ હોવાથી ફરી કહેતા નથી.

ત્રસોની કાયસ્થિતિ બમણા હજાર સાગરોપમ સાધિક કાયસ્થિતિ જાણવી. બમણા એટલે સંખ્યાતા વર્ષાધિક બે હજાર સાગરોપમ જાણવી. કહ્યું છે કે, " હે ભગવંત ! ત્રસકાય ત્રસકાયમાં કાળથી કેટલો વખત હોય ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી બે હજાર સાગરોપમ અધિક સંખ્યાતા વર્ષો." આ પ્રમાણે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહી.

હવે જઘન્ય કાયસ્થિતિ કહે છે, ઉત્કૃષ્ટ કાયસ્થિતિના પક્ષથી જે બાકી રહેલ કાયસ્થિતિનો વિભાગ પક્ષ, તે અહીં જઘન્ય કાયસ્થિતિ રૂપ જાણવી. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચે તો બન્નેના અંતર રૂપ રહેલ ભાગ તે મધ્યમ છે તે સુખપૂર્વક જાણી શકાય છે. તે જઘન્ય કાયસ્થિતિ રૂપ વિભાગ મુહૂર્તની અંદરનો દરેક ઠેકાણે જાણવો. જે જે સ્થાનોમાં ઉત્કૃષ્ટ કાયસ્થિતિ આગળ કહી છે તે સર્વ સ્થાનોમાં જઘન્ય અંતર્મુહૂર્ત પ્રમાણ કાયસ્થિતિ જાણવી.

આ પ્રમાણે જઘન્ય અને ઉત્કૃષ્ટ ભેદ પૂર્વક એકેક જીવનો કાયસ્થિતિ કાળ કહ્યો. જુદા જુદા જીવાશ્રયી કાયસ્થિતિ કાળની પ્રતિજ્ઞા તો પહેલા પણ કરી નથી કારણકે જુદા જુદા જીવો હંમેશા ઉપસ્થિત હોય છે. માટે તેના વિચારનો અહીં અસંભવ છે.

હવે ગુણ વિભાગ કાળની વિવક્ષા કહે છે. (કરે છે)

## પ્રકરણ ૩ જું
### ગુણ-વિભાગ કાળ

मिच्छा अविरयसम्मा देसविरया पमत्त इयरे य।
नाणाजीव पडुच्च उ सव्वे कालं सजोगी य ॥२१९॥

ગાથાર્થ:- મિથ્યાત્વ, અવિરત સમ્યગ્દષ્ટિ, દેશ વિરત, પ્રમત અને અપ્રમત સયોગી કેવલી ગુણસ્થાનકો જુદા જુદા જીવાશ્રયી સર્વ કાળ હોય છે. (૨૧૯)

**ટીકાર્થ** : મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરત સમ્યક્ત્વ વગેરે ગુણસ્થાનકોના વિભાગ વડે જે કાળ કહેવો તે ગુણવિભાગ કાળ કહેવાય. તે ગુણસ્થાનકો આશ્રય વગરના નથી આથી તે ગુણસ્થનકવાળા મિથ્યાદ્દષ્ટિ વગેરે જીવોનો કાળ કહે છે. તેમાં મિથ્યાદષ્ટિ ગુણસ્થનકો જુદા જુદા જીવાશ્રયી સર્વકાળમાં વ્યવચ્છેદ વગર સતત હોય છે તે મિથ્યદષ્ટિઓ નરક મનુષ્ય દેવગતિમાં મોટે ભાગે અસંખ્યાતા હોય છે. અને તિર્યંચ ગતિમાં અનંતા હમેશા અવ્યવચ્છેદ પણે હોય છે. એ પ્રમાણે અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરે એટલે દેશવિરત પ્રમત, અપ્રમત અને સયોગી કેવલીઓ સર્વ કાળ હોય છે અવિરત સમ્યગ્દ્રષ્ટિ અને દેશવિરતોમાં દરેક ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે પ્રદેશરાશિ પ્રમાણ જીવો છે. પ્રમત સંયતો કોડહજાર પૃથક્ત્વ પ્રમાણ, અપ્રમત યતિઓ સંખ્યાતા અને સયોગી કેવલીઓ કોડ પૃથક્ત્વ પ્રમાણ હંમેશા અવ્યવચ્છેદ રૂપે સતત જીવો હોય છે એમ આગળ કહ્યું છે. (૨૧૯)

હવે સાસ્વાદન અને સમ્યગ્દ્રષ્ટિઓનું કાળમાન કહે છે.

पल्ला संखिज्ज भागो सासण मिस्सा य हुंति उक्कोसं ।
अविरहिया य जहण्णेण एक्कसमयं मुहुत्तंतो ॥२२०॥

ગાથાર્થ:- સાસ્વાદન સમ્યક્દષ્ટિ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે અને જઘન્યથી એક હજાર અને અંતર્મુહૂર્ત કાળ સુધી અવિરહિત હોય છે

**ટીકાર્થ** : સાસ્વાદન સમ્યક્ત્વ અને સમ્યગ્ મિથ્યાદષ્ટિઓ જુદા જુદા જીવો આશ્રયી જઘન્યથી યથાયોગ્ય એક સમય અને અંતર્મુહૂર્તકાળ છે અને ઉત્કૃષ્ટથી બન્ને ક્ષેત્ર પલ્યો-પમનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ કાળ સુધી અવ્યવચ્છિન્ન હોય છે પછી જરૂર અંતર પડે છે આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. સાસ્વાદન સમ્યગ્દ્રષ્ટિઓ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે રહેલ પ્રદેશ પ્રમાણને દરેક સમયે

એક એક પ્રદેશનો અપહાર કરતા જેટલો સમય લાગે તેટલો સમય અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી કાળ જેટલો જાણવો. એટલે આટલા કાળ સુધી ચારે ગતિમાં અવિરહિત પણે સતત સાસ્વાદની જીવો મળે છે તે પછી અવશ્યમેવ અંતર પડે છે.

એ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિઓની પણ વિચારણા કરવી પરંતુ જઘન્યકાળમાં એમને અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થયા પહેલા તે ગુણના અભાવનો નિષેધ છે સાસ્વાદની સમ્યક્ત્વ સમય પછી તરત અભાવ સંભવે છે (૨૨૦)

**सासायणेगुजीविय एक्कगसमयाइ जाव छावलिया ।**
**सम्ममिच्छदिठी अवरूक्कोसं मुहुतंतो ॥२२१॥**

ગાથાર્થ:- સાસ્વાદન ગુણસ્થાનક એક જીવાશ્રયી એક સમયથી લઈ છ આવલિકા સુધી છે. અને મિશ્રદૃષ્ટિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી એક જીવાશ્રયી અંતર્મુહૂર્ત કાળ સુધી છે. (૨૨૧)

**ટીકાર્થ** : જે કાળ વિશેષમાં એક જીવ હોય તે એક જીવિક કાળ છે. સાસ્વાદનનો એક જીવિક કાળ તે સાસ્વાદન એકજીવિક કાળ કહેવાય છે તે એક જીવિક કાળ કયો છે? એક સાસ્વાદની જીવ આગળ કહેલ ગુણસ્થાનક વિચારમાં બતાવેલ ન્યાયાનુસારે પ્રાપ્ત કરેલ સાસ્વાદન ભાવને કોઈ એક સમય સુધી રહે, કોઈ બે સમય, બીજા ત્રણ સમય, એમ કોઈ ઉત્કૃષ્ટથી છ આવલિકા સુધી રહીને અવશ્ય મિથ્યાત્વને પામે છે એમ એક સાસ્વાદન જીવને જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા પ્રમાણ કહ્યો છે. મિશ્રદૃષ્ટિ એક જીવ અપર એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ હોય છે. જઘન્યમાં અંતર્મુહૂર્ત નાનું હોય છે અને અને ઉત્કૃષ્ટમાં મોટું જાણવું. (૨૨૧)

હવે મિથ્યાત્વકાળ કહે છે. તેમાં અનાદિ અનંત વગેરે ચાર ભાંગાની પ્રરૂપણા જાણવી તે આ પ્રમાણે-: [૧]અનાદિ અનંત, [૨]અનાદિ સાંત, [૩]સાદિ અનંત, [૪]સાદિ સાંત. આ ભાંગામાં ત્રીજો ભાંગો છોડીને બાકીના ત્રણ ભાંગામાં એક જીવાશ્રયી મિથ્યાત્વનો સંભવ છે તે બતાવે છે.

**मिच्छत्तमणाईयं अपज्जवसियं सपज्जवसियं च ।**
**साइयसपज्जवसियं मुहुत्त परियट्टमद्धूणं ॥२२२॥**

ગાથાર્થ : મિથ્યાત્વ અનાદિ અપર્યવસિત તથા અનાદિ સપર્યવસિત તથાસાદિ સપર્યવસિત જે અંતર્મુહૂર્તથી અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ સુધી હોય છે. (૨૨૨)

**ટીકાર્થ** : સમ્યક્ત્વને આવરણ કરનાર પુદ્ગલોના ઉદયથી પ્રાપ્ત થયેલ વિપરિત રૂચિરૂપ તે મિથ્યાત્વ. તે અભવ્ય રૂપ એક જીવાશ્રયી અનાદિ અનંત રૂપ પહેલો ભંગ થાય છે. અભવ્યોને મિથ્યાત્વ અનાદિ કાળથી હોય છે. અને ભવિષ્યમાં પણ તે મિથ્યાત્વનો અભાવ થવાનો નથી. માટે અનાદિઅનંતકાળ. અનાદિ સાંત રૂપ બીજો ભાંગો અનાદિ કાળથી મિથ્યાદ્રષ્ટિ એવા ભવ્યજીવને હોય છે. અહીં ગાથામાં સપર્યવસિત સાથે અનાદિ જોડવું. અનાદિકાળથી ભવ્યજીવને તે મિથ્યાત્વ છે. અને ભાવિકાળમાં તે મિથ્યાત્વનો ભવ્યત્વનો અન્યથા અનુપપત્તિ હોવાથી અંત થવાનો છે. માટે અનાદિ સાંત.

અહીં કોઈક અનાદિ મિથ્યાદ્રષ્ટિ ભવ્યજીવ તથા ભવ્યત્વ પરિપાકના કારણે કદાચ સમ્યક્ત્વને પામી કોઇક કારણથી ફરીથી પતિત થઇ મિથ્યાત્વને પામે ત્યારે તેને તે મિથ્યાત્વની ફરી પ્રાપ્તિ રૂપ શરૂઆત થાય છે. ફરીવાર જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી મિથ્યાત્વને દૂર કરે ત્યારે તે મિથ્યાત્વનો જરૂર અંત થતો હોવાથી તે સાંત જ કહેવાય. ઉત્કૃષ્ટથી પણ અપાર્ધપુદ્ગલ પરાવર્ત સુધીમાં તે જીવને અવશ્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે. માટે તે જીવ સંબંધી મિથ્યાત્વ સાંત હોય છે. માટે પ્રતિપતિત સમ્યગ્દ્રષ્ટિ ભવ્યનું જે મિથ્યાત્વ તે સાદિસાંત રૂપ ચોથા ભાંગામાં હોય છે એમ કહેવાય. સાદિ અનંત રૂપ ત્રીજા ભાંગામાં મિથ્યાત્વ હોતું જ નથી. પ્રતિપતિત સમ્યગ્દષ્ટિને જ મિથ્યાત્વની શરૂઆત રૂપ સાદિ હોય છે. અને તે મિથ્યાત્વ અપાર્ધપુદ્ગલ પરાવર્ત સુધીમાં સમ્યક્ત્વ ભાવ વડે નિયમા અંત થાય છે. માટે અપર્યવસિતપણાનો સર્વથા અસંભવ છે. ફક્ત પ્રરૂપણા માત્ર જ આ ભંગ અહીં બતાવ્યો છે.

પ્ર. : સાદિ સપર્યવસિત મિથ્યાત્વ કેટલો કાળ રહે છે ?

ઉ. : અહીં ગાથા છંદનો ભંગ થતો હોવાથી અંતઃ શબ્દ ન કહ્યો હોવા છતાં ભીમ પરથી ભીમસેન જણાય છે. એ ન્યાયે જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ જાણવો. ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ સુધી સાદિ સપર્યવસિત મિથ્યાત્વ રહે છે. જેમ કોઈ અનાદિ મિથ્યાદ્રષ્ટિ સમ્યકત્વ પામીને ફરીથી પતિત થઈ મિથ્યાત્વે અંતર્મુહૂર્ત કાળ રહી ફરી સમ્યક્ત્વ પામે. એ પ્રમાણે સાદિ સપર્યવસિત મિથ્યાત્વ જઘન્ય કાળ થાય છે. બીજો સમ્યક્ત્વ પામીને ફરી મિથ્યાત્વે જઇ અરિહંત વગેરેની આશાતના વગેરે ઘણા પાપો કરવા પૂર્વક અપાર્ધપુદ્ગલ પરાવર્ત કાળ સુધી ભવોમાં ભમીને પછી અવશ્યમેવ સમ્યક્ત્વને પામે છે આ પ્રમાણે ઉત્કૃષ્ટ કાળ થાય છે. (૨૨૨)

આ પ્રમાણે જુદાજુદા જીવાશ્રયી કાળવિચાર આઠ ગુણસ્થાનકનો કહ્યો. તેમાં મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, ગુણઠાણા રૂપ ત્રણ ગુણ સ્થાનકોનો એક જીવાશ્રયી કાળવિચાર કહ્યો. હવે અવિરત સમ્યગ્દર્શન દેશવિરત, સયોગી રૂપ ત્રણ ગુણઠાણાનો કાળ કહે છે.

**तेतीसउयहिनामा साहिया हुंति अजयसम्माणं ।**
**देसजइ सजोगीण य पुव्वाणं कोडिदेसूणा ॥२२३॥**

ગાથાર્થ : અવિરત સમ્યકત્વનો સાધિક તેત્રીસ સાગરોપમ કાળ છે. દેશવિરત અને સયોગી કેવલિનો દેશોન પૂર્વક્રોડ વર્ષનો કાળ છે. (૨૨૩)

*ટીકાર્થ* : અવિરત સમ્યક્ત્વીઓમાંથી કોઇક એક સમ્યકત્વી જીવાશ્રયી સમ્યક્ત્વનો સાધિક તેત્રીસ સાગરોપમની સ્થિતિ થાય છે. તે આ પ્રમાણે :– કોઇક સ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થાય, અને ત્યાં અવિરત સમ્યકત્વીરૂપે તેત્રીસ સાગરોપમ સુધી રહે છે. ત્યાંથી ચ્યવીને અહીં આવીને પણ જ્યાંસુધી વિરતિ ન મળે ત્યાં સુધી તે અવિરત સમ્યક્ત્વી રૂપે જ રહે છે. એ પ્રમાણે એક અવિરત સમ્યક્ત્વીને ઉત્કૃષ્ટથી સાધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ કાળની સ્થિતિ સિદ્ધ થાય છે.

પ્ર. ; કોઇક વિજય વગેરે વિમાનોમાં તેત્રીસ સાગરોપમો અવિરત સમ્યક્ત્વી રૂપે રહી, જે અહીં આવીને પણ વિરતિને સ્વીકારતા નથી, પરંતુ સમ્યક્ત્વ ભાવમાં રહી અંતે બારમાં દેવલોકે ઉત્પન્ન થાય છે. તેના નિર્દેશ અનુસાર પંચાવન સાગરોપમ વગેરેના કાળ સંભવે છે, તો અહીં આટલો જ કાળ કેમ કહ્યો ?

ઉ. : સાચી વાત છે. પરંતુ આ ક્રમાનુસારે સતત અવિરત સમ્યક્ત્વી પણું જ શું નથી હોતું કે બીજું કોઇ કારણ હોય તો તે બહુશ્રુતો જ જાણે છે.

દેશયતિ એટલે દેશવિરત, સયોગિ કેવલી આ બન્નેનો એક જીવાશ્રયી દરેકનો ઉત્કૃષ્ટકાળ દેશોન પૂર્વક્રોડ વર્ષનો છે. ગર્ભમાં રહી જ સાધિક નવ મહિના પસાર કરી ઉત્પન્ન થયેલ એવા આઠ વર્ષ સુધીના વિરતિને યોગ્ય થતા નથી તે પછી દેશવિરતિને સ્વીકારે અને સર્વવિરતિ સ્વીકારવા પૂર્વક કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જે દેશવિરતિ કે સયોગી કેવલી છે. તે બન્નેનો પૂર્વક્રોડ વર્ષનું આયું હોય તો તેમને ઉપર કહેલ સ્વરૂપ વડે કંઇક નવ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ અલગ જાળવો. (૨૨૩)

હવે આજ અવિરત, દેશવિરત, સયોગી કેવલિઓનો જઘન્ય કાળ તેમજ બાકી રહેલ ગુણસ્થાનકોનો જઘન્ય ઉત્કૃષ્ટ ભેદવાળો કાળ કહે છે.

**एएसिं च जहण्णं खवगाण अजोगि खीणमोहाणं ।**
**नाणाजीवे एगं परापरठिई मुहुत्तंतो ॥२२४॥**

ગાથાર્થ : આગળની ગાથામાં (૨૨૩) કહેલ ગુણસ્થાનકોનો જઘન્યકાળ તેમજ ક્ષપકો, અયોગી કેવલિઓ તથા ક્ષીણમોહીનો જુદા જુદા જીવાશ્રયી કે એક જીવાશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. (૨૨૪)

**ટીકાર્થ** : ગાથામાં **च** કાર છે તે ભિન્નક્રમ એટલે વિષયાંતરમાં ઉપર જોડાશે. આગળની (૨૨૩) ગાથામાં કહેલ અવિરત સમ્યક્ત્વી, દેશવિરત અને સયોગી કેવલીઓ દરેકનો જઘન્યકાળ અંતર્મુહૂર્તનો જાણવો. ગાથાના છેડે કહેલ **मुहुत्तो** નો **जहण्ण** સાથે સંબંધ કરવો એમનો જઘન્યકાળ આ પ્રમાણે જાણવો અનાદિ મિથ્યાદ્રષ્ટિ વગેરે કોઇક અવિરત સમકિત પામીને અંતર્મુહૂર્ત પછી ફરી મિથ્યાત્વ પામે એ રીતે અવિરત સમ્યક્ત્વનો જઘન્ય અંતર્મુહૂર્ત કાળ જાણવો. અવિરત વગેરે કોઇક એક અંતર્મુહૂર્ત દેશવિરતિને સ્વીકારી ફરી અવિરતપણાને પામે ત્યારે દેશવિરતિને જઘન્યકાળ સિદ્ધ થાય છે. અંતકૃત કેવલીઓને સયોગી કેવલીપણું અંતર્મુહૂર્ત જ હોય છે. તે પછી અયોગિ-પણાનો સ્વીકાર કરી મોક્ષ મેળવે છે. આ પ્રમાણે જુદાજુદા જીવાશ્રયી આઠ ગુણઠાણામાંથી મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદની, મિશ્ર, અવિરત સમકિત, દેશવિરત સયોગી કેવલિ રૂપ છ ગુણ-ઠાણાનો એક જીવાશ્રયી પણ જઘન્ય ઉત્કૃષ્ટ રૂપ કાળ વિચાર કર્યો. પ્રમત્ત, અપ્રમત્ત રૂપ બે ગુણઠાણાનો કાળ આગળ કહેશે. હવે પહેલા ન કહેલ ક્ષપક શ્રેણીમાં રહેલાં અપૂર્વ-કરણ વગેરે ગુણઠાણાનો જુદા જુદા જીવાશ્રયી અને એક જીવાશ્રયી જઘન્ય ઉત્કૃષ્ટ રૂપ કાળ કહે છે.

મોહનીય કર્મનો ક્ષય કરનારાને ક્ષપકો. તેઓ અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદર, સૂક્ષ્મ સંપરાય રૂપ ક્ષપક શ્રેણીમાં રહેલ ત્રણ ગુણઠાણા–રૂપે જાણવા. અપૂર્વકરણે જો કે મોહનીયને ખપાવતો ન હોવા છતાં પણ ખપાવવાને યોગ્ય હોવાથી ક્ષપક કહેવાય છે. જેમ રાજ્યને યોગ્ય રાજકુમાર રાજા કહેવાય છે તેમ. તેથી આ ત્રણે ક્ષપકોની તેમજ અયોગી કેવલીઓ અને સર્વથા ક્ષીણમોહિઓની જુદા જુદા જીવાશ્રયી કે એક જીવાશ્રયી પરા એટલે ઉત્કૃષ્ટ અને અપરા એટલે જઘન્ન સ્થિતિ અંતર્મુહૂર્ત જ થાય છે. સંપૂર્ણ ક્ષપકશ્રેણી અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ છે આથી તેમાં આવેલ અપુર્વકરણથી ક્ષીણમોહ સુધીનાની જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તની સ્થિતિ સારી રીતે જાણી શકાય છે. અંતર્મુહૂર્તના ઘણા ભેદ છે. જુદા જુદા જીવાશ્રયી પણ ક્ષપકશ્રેણીનો કાળ અંતર્મુહૂર્તનો જ હોય છે. તે પછી જરૂર અંતર પડે છે. આથી ક્ષપકશ્રેણીમાં રહેલ અપૂર્વકરણ વગેરેની પણ સ્થિતિ અંતર્મુહૂર્તની થાય છે.

અયોગિ કેવલીઓ શૈલેશી અવસ્થામાં હ્રસ્વ પાંચ અક્ષર ઉચ્ચારણ માત્ર કાળ પ્રમાણ હોય છે. શૈલેશી અવસ્થા પણ સતત હોવા છતાં પણ અંતર્મુહૂર્ત પછી નથી હોતી તેથી અયોગી કેવલીઓ પણ એક જીવાશ્રયીને કે જુદા જુદા જીવાશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ હોય છે. (૨૨૪)

હવે પ્રમત્ત, અપ્રમત્તનું એક જીવાશ્રિત ઉપશમક અને ઉપશાંતમોહિનું એક જીવાશ્રિત અને અનેક જીવાશ્રિત પહેલા ન કહેલ જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ કહે છે.

**एगं पमत्त इयरे उभए उवसामगा य उवसंता ।**
**एगं समयं जहन्नं भिन्नमुहुत्तं च उक्कोसं ॥२२५॥**

ગાથાર્થ : પ્રમત્ત અને અપ્રમત્ત એક જીવઆશ્રયી ઉપશમક અને ઉપશાંતમોહીઓ એક જીવઆશ્રયી અને અનેક જીવાશ્રયીનો જઘન્ય કાળ એક સમય અને ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્તનો છે. (૨૨૫)

**ટીકાર્થ** : પ્રમત્ત સંયતો અને ઈતર એટલે અપ્રમત્ત સંયતો એકેક જીવઆશ્રયીને જઘન્યથી એક સમય હોય છે. તે પછી મરણ થાય તો અવિરત પણાને પામે છે અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ છે. પછી પ્રમત્ત સંયત્ અપ્રમત્ત વગેરે ભાવોને પામે છે. અથવા મરણ પામે છે. અપ્રમત્ત પણ પ્રમત્ત વગેરે ભાવોને પામે કે મરણ પામે છે.

મોહનીય કર્મનો ઉપશમ કરનારા ઉપશામકો કહેવાય છે તેઓ ઉપશમ શ્રેણીમાં હોય અપૂર્વકરણ, અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય નામના ગુણઠાણે રહેલ હોય છે અને અપૂર્વકરણે જો કે મોહનીય કર્મનો કંઈપણ ઉપશમ નથી થતો છતાં પણ આગળની જેમ ઉપશમની યોગ્યતા હોવાથી ઉપશમક કહેવાય છે. બિલકુલ મોહનીય કર્મનો ઉપશમ કરનાર ઉપશાંત કહેવાય છે. એટલે આ ઉપશાંતમોહ છદ્મસ્થ વિતરાગ કહેવાય છે આ બન્ને પક્ષે એક જીવાશ્રિત અને જુદા જુદા જીવાશ્રયી જઘન્યકાળ એક સમયનો હોય છે કેમકે એક સમય પછી મરીને અનુત્તર વિમાનોમાં ઉત્પત્તિનો સંભવ હોવાથી અવિરત ભાવની પ્રાપ્તિ થાય છે. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ હોય છે. કેમકે અંતર્મુહૂર્ત પછી બીજા ગુણઠાણામાં ગમન થાય અથવા કાળ કરે છે માટે. (૨૨૫)

આ પ્રમાણે સામાન્યથી એક જીવ આશ્રયી અને અનેક જીવાશ્રયી ચૌદે ગુણઠાણાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ રહ્યો હવે કેટલાક ગુણઠાણાનો નરક વગેરે ગતિઓમાં વિશેષથી કાળ કહે છે.

**मिच्छा भवट्ठिइया सम्मं देसूणमेव उक्कोसं ।**
**अंतोमुहुत्तमवरा नरएसु समाय देवेसु ॥२२६॥**

ગાથાર્થ : નારકોને ઉત્કૃષ્ટથી મિથ્યાત્વની, ભવસ્થિતિ પ્રમાણ સ્થિતિ છે. સમ્યક્ત્વની દેશોન ભવસ્થિતિ પ્રમાણ કાળ જાણવો. અને જઘન્યથી અંતર્મુહૂર્તની સ્થિતિ છે. દેવોમાં ભવસ્થિતિ પ્રમાણ જ સ્થિતિ જાણવી (૨૨૬)

**ટીકાર્થ** : નરકમાં ભવસ્થિતિવાળા મિથ્યાદ્રષ્ટિ હોય છે તે આ પ્રમાણે સર્વે નરક પૃથ્વીઓમાં મિથ્યાદ્રષ્ટિ નારકોની જેની જેટલી સ્થિતિ હોય તેની તેટલા પ્રમાણમાં મિથ્યાત્વની સ્થિતિ જાણવી. જે જીવો આ સ્થાનથી સાથે મિથ્યાત્વને લઈને જ રત્નપ્રભા

વગેરેથી સાતમી સુધીની કોઇપણ પૃથ્વીમાં ઉત્પન્ન થાય. ત્યાં ઉત્પન્ન થયા પછી સમ્યક્ત્વને પામે તો તેઓની ઉત્કૃષ્ટથી સાગરોપમ વગેરે એટલે તેત્રીસ સાગરોપમ સુધીની પોત-પોતાની સ્થિતિ સુધી મિથ્યાત્વ રહે છે. એ પ્રમાણે સમ્યક્ત્વ પણ ઉત્કૃષ્ટ કાળ આશ્રયીને મિથ્યાત્વ પ્રમાણે જ સાગરોપમ વગેરેની ભવસ્થિતિ પ્રમાણ કાળ કહેવો ફક્ત કોઈક નરકોમાં ભવસ્થિતિથી દેશોન ભવસ્થિતિ કહેવી જે નરક પૃથ્વીઓમાં સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલા નિષેધ કરી છે તે નરક પૃથ્વીમાં મિથ્યાત્વ સાથે ગયેલાને ઉત્પન્ન થયેલાને સમ્યક્ત્વ અપર્યાપ્ત અવસ્થામાં નથી હોતું પરંતુ પર્યાપ્તાવસ્થામાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે આથી અપર્યાપ્ત કાળની ન્યૂનતા ભવસ્થિતિની જાણવી.

સાતમી નરક પૃથ્વીમાં પણ અઠ્ઠાવીસની સત્તાવાળો કોઇક જીવ પર્યાપ્ત અવસ્થામાં સમ્યક્ત્વને પામે પરંતુ ઉદ્વર્તના સમયે અંતર્મુહૂર્તનુ પોતાનું આયુષ્ય બાકી રહે ત્યારે તે સમ્યક્ત્વ છોડી દે છે કેમકે તેમને તીર્યંચોમાં જ ઉપપાત છે. માટે તેમનામાં સમ્યક્ત્વ ઉત્પત્તિનો નિષેધ છે આથી સાતમી પૃથ્વીમાં તેત્રીસ સાગરોપમ રૂપ ઉત્કૃષ્ટ સમ્યક્ત્વની ભવસ્થિતિ કંઇક મોટા દેશોના ભાગ વડે ન્યૂન જાણવી.

જે નરક પૃથ્વીમાં સમકિત યુક્ત ઉત્પન્ન થાય અને ચ્યવે તે નરક પૃથ્વીમાં સમક્તિની પોતાના સંપૂર્ણ આયુ પ્રમાણ ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જાણવી. આ પ્રમાણે મિથ્યાત્વની અને સમ્યક્ત્વની નરક ગતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિ કહી. હવે એ બેની જ નરકગતિમાં જઘન્ય સ્થિતિ કહે છે. સર્વે નરક પૃથ્વીઓમાં મિથ્યાત્વની અને સમકિતની અપરા એટલે જઘન્ય સ્થિતિ દરેકની અંતર્મુહૂર્તની જ હોય છે. તે આ પ્રમાણે :–કોઈક સમ્યગ્દ્રષ્ટિ નારક મિથ્યાત્વને પામી ત્યાંજ અંતર્મુહૂર્ત રહી ફરી સમ્યક્ત્વને પામે છે તે આ પ્રમાણે:–મિથ્યાત્વની જઘન્યથી અંતર્મુહૂર્તની સ્થિતિ છે જે કોઇપણ પૂર્વભવના મિથ્યાત્વને લઇ નરકમાં ઉત્પન્ન થાય અને અંતર્મુહૂર્ત પછી સમ્યક્ત્વને પામે તે નારકને પણ આજ સ્થિતિ પ્રાપ્ત થાય છે. નરકગતિ આશ્રયીને તેના મિથ્યાત્વની પણ અંતર્મુહૂર્ત સ્થિતિ છે. માટે જે મિથ્યાદ્રષ્ટિ નારક સમ્યક્ત્વને પામી અંતર્મુહૂર્ત પછી ફરી મિથ્યાત્વને પામે છે. તેને આશ્રયી સમ્યક્ત્વની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.

ભવનપતિ વગેરે દેવોમાં મિથ્યાત્વ, સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ એમની ઉત્કૃષ્ટ ભવ-સ્થિતિ પ્રમાણે છે પણ દેશોન નથી હોતી તે આ પ્રમાણે ભવનપતિ વગેરેથી લઇ નવ ગ્રૈવેયક સુધીના દેવોમાં ઘણા મિથ્યાત્વ યુક્ત દેવો મરણાંત સુધી હોય છે આથી એ દેવોને જેને જેટલી પોતાની ઉત્કૃષ્ટ એકત્રીસ સાગરોપમ સુધીની ભવસ્થિતિ હોય તે ઉત્કૃષ્ટ મિથ્યાત્વની સ્થિતિ સાથે સમાન થાય છે. એ પ્રસિધ્ધ છે. અનુત્તર વિમાનોમાં તો મિથ્યાદ્રષ્ટિ બિલ્કુલ હોતા નથી.

જે કોઈ પણ ભવનપતિ વગેરેમાંથી લઇ અનુત્તર વિમાનવાસી દેવોમાં ઉત્પતિ સમયથી લઇ મરણકાળ સુધી સમકિત સહિત દેવો હોય છે. તેઓની પણ જેમની જે પોતાની ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ સુધીની ભવસ્થિતિ હોય તે તેમની ઉત્કૃષ્ટ સમકિતની સ્થિતિના સમાન થાય છે એમ પ્રસિદ્ધ છે.

પ્ર. : વૈમાનિક દેવોને જ ઉત્પત્તિથી લઇ સમ્યક્ત્વ સંપન્નતા ઘટે છે. કેમકે પૂર્વભવના સમકિત સહિત તેમાં ઉત્પત્તિ છે માટે, ભવનપતિ, વ્યતંર, જ્યોતિષીઓમાં તે કેવી રીતે હોઇ શકે? કેમકે પૂર્વભવના સમકિત સાથે ઉત્પત્તિનો અભાવ છે. **सम्मदिट्ठि जीवो विमाणवज्जं न बंधए आउ** 'સમ્યગ્દ્રષ્ટિ જીવ વૈમાનિક છોડીને બીજું આયુષ્ય બાંધતા નથી' એમ શાસ્ત્રવચન છે જો તમે તદ્ભવના સમ્યક્ત્વ પ્રાપ્તિના હિસાબે પણ 'તેમનામાં આ કાળ થશે એમ કહો તો તે પણ બરાબર નથી કારણકે અપર્યાપ્ત અવસ્થામાં સમ્યક્ત્વ પ્રાપ્તિની સંભાવના નથી આથી અહીં પણ તે કાળ સ્વરૂપ વડે દેશોન ભવસ્થિતિ ન્યૂન પ્રસંગ આવે છે.

ઉ. : સાચું કહ્યું પણ કર્મગ્રંથના મતે સમકિત સહિત ભવનપતિ વગેરેમાં ઉત્પન્ન ન થાય પરંતુ સિદ્ધાંતના મતે તો વિરાધિત સાધુપણા વગેરેવાળો કોઇ જીવ સમ્યક્ત્વ સહિત પણ ભવનપતિ વગેરેમાં ઉત્પન્ન થાય છે તે જ મત અહીં ગ્રહણ કર્યો છે માટે કોઈ દોષ નથી (૨૨૬)

આ પ્રમાણે નરકગતિ અને દેવગતિના મિથ્યાત્વ અને સમ્યક્ત્વ ગુણઠાણાનો દિગ્દર્શન રૂપ કાળ બતાવ્યો. હવે તિર્યંચ અને મનુષ્ય ગતિનો કાળ બતાવે છે.

## मिच्छाणं कायठिई उक्कोस भवठिई य सम्माणं ।
## तिरिय नरेगिंदियमाइएसु एवं विभइयव्वा ॥२२७॥

**ગાથાર્થ** : તિર્યંચ અને મનુષ્યોમાં મિથ્યાત્વની સ્થિતિ ઉત્કૃષ્ટપણે એમની કાયસ્થિતિ પ્રમાણે જાણવી અને સમ્યકત્વની ભવાયુ પ્રમાણે જાણવી, એકેન્દ્રિય વગેરેમાં જાતે જ એની વિચારણા કરી લેવી. (૨૨૭)

**ટીકાર્થ** : સામાન્યથી તિર્યંચગતિમાં રહેલ તિર્યંચો અને મનુષ્યગતિમાં રહેલા મનુષ્યોની મિથ્યાત્વીઓ સંબંધી મિથ્યત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી થાય છે? સામાન્ય રૂપે જેટલી તિર્યંચો અને મનુષ્યોની દરેક ની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહી છે તેટલા પ્રમાણમાં મિથ્યાદ્રષ્ટિ તિર્યંચ અને મનુષ્યોની મિથ્યાત્વની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ કાળ જાણવો તે આ પ્રમાણે :-સામાન્યથી તિર્યંચોનો કાયસ્થિતિ કાળ આ ગ્રંથમાં જ આગળ અસંખ્યાતા

પુદ્ગલ પરાવર્ત કાળ જેટલો કહ્યો છે. જ્યારે મિથ્યાદ્રષ્ટિઓ તિર્યંચમાં ઉત્પન્ન થયા પછી તે તિર્યંચ ભાવને ન છોડતા ઉત્કૃષ્ટથી એટલા કાળ સુધી રહે છે ત્યારે આટલો કાળ તેમના મિથ્યાત્વનો આ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત રૂપ ઉત્કૃષ્ટ કાળ સિદ્ધ થાય છે.

મનુષ્યોની પણ સામાન્યથી આઠભવોમાં પૂર્વક્રોડ પૃથક્ત્વ અધિક ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે આથી મિથ્યાદ્રષ્ટિને ઉત્કૃષ્ટથી મનુષ્યોમાં પણ અવિચ્છેદપણે આટલા કાળ સુધી ભમતા તેમનો મિથ્યાત્વનો એટલો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ યુક્તિથી આવે છે. આ પ્રમાણે મનુષ્ય તિર્યંચ રૂપ બે ગતિમાં મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિ કાળ કહ્યો.

હવે સમ્યક્ત્વના કાળની વિચારણા કરે છે.

તેમાં તિર્યંચો અને મનુષ્યોની સમ્યગ્દર્શન સંબંધી સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કેટલો હોય છે? **उक्कोस** શબ્દ અહિં **भवट्ठिई** સાથે પણ જોડવો. સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ મનુષ્યો અને તિર્યંચોની જેટલી ભવસ્થિતિ પ્રમાણ દરેકને તેટલા પ્રમાણ સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચો મનુષ્યોને હોય છે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે. તિર્યંચો અને મનુષ્યો બન્નેની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ પલ્યોપમ પહેલા કહી છે. અને જ્યારે કર્મભૂમિનો મનુષ્ય પહેલા અસંખ્યાતા વર્ષના આયુવાળા તિર્યંચનું આયુષ્ય બાંધી પછી દર્શન સપ્તકનો ક્ષય કરી ક્ષાયિક સમકિતી થઈ દેવકુરુ, ઉત્તરકુરૂમાં ત્રણ પલ્યોપમવાળા તિર્યંચમાં ઉત્પન્ન થાય ત્યારે તેને ક્ષાયિક સમકિતી સંબંધીત સમ્યક્ત્વનો ત્રણ પલ્યોપમ રૂપ ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિકાળ સિદ્ધ થાય છે.

જ્યારે તે જ કર્મભૂમિનો મનુષ્ય પહેલા અસંખ્ય વર્ષાયુવાળા મનુષ્યનું આયુષ્ય બાંધી પછી ક્ષાયિક સમકિત પામીને દેવકુરૂ વગેરેમાં ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય ત્યારે તેમને ક્ષાયિક સમકિતી મનુષ્યની પણ આ સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિકાળ પ્રાપ્ત થાય છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ આશ્રયીને આટલો કાળ નથી હોતો. કેમકે તે સમકિત પરભવમાં અસંખ્ય વર્ષાયુવાળો હોતું નથી. ક્ષાયોપશમિક સહિતને વૈમાનિકોમાં ઉત્પત્તિ થાય છે તદ્ભવ સંબંધી તો પર્યાપ્ત અવસ્થામાં જ થાય છે. અપર્યાપ્ત અવસ્થામાં થતું નથી માટે ક્ષાયોપશમિક સમકિતનો કાળ દેશોન થાય છે પણ સંપૂર્ણ ભવસ્થિતિ પ્રમાણ થતો નથી

પ્ર : કોઈક કહે છે ભલે એમ હો, પરંતુ તિર્યંચોને ક્ષપકશ્રેણીના આરંભનો નિષેધ હોવાથી તેના સમ્યક્ત્વનો કાળ અને ભવસ્થિતિકાળની સમાનતા હોઈ શકે જ્યારે મનુષ્યોને કર્મભૂમિમાં જ પહેલેથી જ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરીને ત્રણ પલ્યોપમ વાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય એ પ્રમાણે તમે પણ કહ્યું છે તો મનુષ્યપણું અને

અવસ્થામાં સમાન રૂપે છે. મનુષ્યના સમ્યક્ત્વસ્થિતિકાળમાં પૂર્વ ભવના સમ્યક્ત્વ લાભ કાળ વડે ભવસ્થિતિકાળમાં સાધિકતા થાય છે. તેને કોણ નિવારણ કરે છે?

ઉ : સાચી વાત છે. તેનું કોઇ નિવારણ નથી કરતું, પણ ફક્ત અલ્પકાળ હોવાથી સૂત્રકારે તે કાળને ગણત્રીમાં લીધો નથી. બાકી ઉપલક્ષણથી વિચારતા જાતે જ અહિં ભવસ્થિતિકાળને સાધિક રૂપે જાણી લેવો. મિથ્યાત્વ અને સમકિતના જઘન્ય કાળને અહીં આગળ કહ્યા પ્રમાણે જાતે જાણી લેવો. આ પ્રમાણે મનુષ્યગતિમાં મિથ્યાત્વ અને સમ્યક્ત્વનો સ્થિતિકાળ કહ્યો.

તિર્યંચગતિમાં પણ એ કાળ સામાન્યથી કહ્યો. પરંતુ એકેન્દ્રિય વગેરેના ભેદોથી નથી કહ્યો. આથી એકેન્દ્રિય વગેરેનો કાળ અતિ સંક્ષેપમાં કહે છે. એકેન્દ્રિય વગેરે આદિ શબ્દથી બેઇંદ્રિય વગેરે લેવા એકેન્દ્રિય વગેરેમાં આગળ કહ્યા પ્રમાણે મિથ્યાત્વ વગેરે ગુણઠાણાની જે સ્થિતિ ઘટતી હોય તે સ્થિતિ જાતે જ જાણી લેવી. અહીં સ્પષ્ટ રૂપે કહેતા નથી કેમકે ગ્રંથ વિસ્તારનો ભય છે અને તેવા પ્રકારનો ઉપયોગ નથી.(૨૨૭)

આ પ્રમાણે વિશેષ વિચારણામાં પણ મિથ્યાત્વ અને સમકિત ગુણઠાણાનો ચારગતિમાંનો કાળ કહ્યો. હવે મનુષ્યગતિમાં જ સાસ્વાદન અને મિશ્ર ગુણઠાણાનો કાળ એક જીવઆશ્રયી અને અનેક જીવ આશ્રયી કહે છે.

**सासायणमिस्साणं नाणाजीवे पडुच्च मणुएसु ।**
**अंतोमुहुत्तमुक्कोसं कालमवरं जह दिट्ठं ॥२२८॥**

**ગાથાર્થ : મનુષ્યોમાં સાસ્વાદન અને મિશ્ર ગુણઠાણાનો અનેક જીવાશ્રયી કાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત અને જઘન્યથી આગળ કહ્યા પ્રમાણે જાણવો. (૨૨૮)**

**ટીકાર્થ :** સાસ્વાદન સમ્યગ્દ્રષ્ટિ અને સમ્યગ્ મિથ્યાદ્રષ્ટિ મનુષ્યોનો અનેક જીવાશ્રયી ઉત્કૃષ્ટ કાળ પ્રતિપાદન કરતા અંતર્મુહૂર્તનો કાળ હોય છે તે આ પ્રમાણે :– સાસ્વાદનીઓ અને મિશ્રદ્રષ્ટિઓ મનુષ્યોમાં અનેક જીવાશ્રયીને સતત હોય તો ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ સુધી જ હોય છે. વધુ હોતા નથી પછી અવશ્યમેવ અંતર પડે છે.

પ્ર. : જો અનેક જીવ આશ્રયી આ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય તો પછી જઘન્ય અને સ્થિતિનું કેટલું પ્રમાણ છે? તથા એક જીવ આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું શું પ્રમાણ છે? તે પણ કહો.

ઉ. : અપર એટલે કહ્યા સિવાય બાકી રહેલો, અનેક જીવઆશ્રયી જઘન્ય સ્થિતિનું પ્રમાણ એકજ જીવઆશ્રયી અને ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રમાણ જે પ્રમાણે આગળ કહ્યું છે તે પ્રમાણે જાણવું એટલે જે પ્રમાણે ચારગતિ આશ્રયી સામાન્યથી ઔઘિક વિચારમાં સાસ્વાદન

અને મિશ્રનો જે કાળ 'पल्लासंखियभागो सासणमिस्सा य हुंति' (૨૨૦) ગાથામાં આગળ કહેલ છે તે જ અહીં પણ જાણવો. તે આ પ્રમાણે :– સામાન્યથી ચારેગતિ આશ્રયીને વિચારતા સાસ્વાદન અને મિશ્રમાં અનેક જીવને લઈ દરેકમાં ઉત્કૃષ્ટ કાળ પલ્યોપમનો અસંખ્ય ભાગ પ્રમાણનો સ્થિતિકાળ આગળ કહ્યો છે. અહીં તો એક મનુષ્યગતિ આશ્રયીને વિશેષ આ બે ગુણઠાણાનો કાળ વિચારતા અંતર્મુહૂર્ત પ્રમાણ જ કાળ કહ્યો છે. બાકીનો અવસ્થિતિ કાળ પ્રમાણ એમનો આગળ કહ્યા પ્રમાણે:– સાસ્વાદનનો જઘન્યથી અનેક જીવ આશ્રયી કાળ એક સમય, મિશ્રદ્રષ્ટિનો અંતર્મુહૂર્ત, એક જીવ આશ્રયી સાસ્વાદનો જઘન્યથી કાળ એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા પ્રમાણ, મિશ્રદ્રષ્ટિનો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્તનો જ છે. (૨૨૮)

આ પ્રમાણે મિથ્યાત્વ, સાસ્વાદન મિશ્ર વગેરે ગુણઠાણાનો માર્ગણા દ્વારોમાં ગતિ દ્વારમાં દિશાસૂચન માટે કરી અવસ્થિતિ કાળ બતાવ્યો. આ રીતે બાકી ઇન્દ્રિય વગેરે દ્વારોમાં આ ગુણઠાણાઓનો પોતાની બુદ્ધિથી જ અવસ્થિતિકાળ જાણી લેવો. હવે ગુણઠાણાના કાળનો પ્રસંગ પામી યોગ, વેદ, સંજ્ઞીપણું વગેરે ગુણોનો કાળ કહેવાની ઇચ્છાથી કહે છે.

## काओगऽणंतकालं वाससहस्साउराल बावीसं ।
## समयतिगं कम्मइओ सेसाजोगा मुहुत्तंतो ॥२२९॥

**ગાથાર્થ :** કાયયોગ અનંતકાળ સુધી હોય છે ઔદારિક કાયયોગ બાવીસ હજાર વર્ષ સુધી, કાર્મણ કાયયોગ ત્રણ સમય સુધી, અને બાકીના યોગો અંતર્મુહૂર્ત કાળ સુધી હોય છે. (૨૨૯)

**ટીકાર્થ :** જે એકઠું કરે તે કાય શરીર, જેના વડે જીવકર્મોની સાથે જોડાય તે યોગ, કાય તે જ યોગ છે તે કાયયોગ. તે કાયયોગમાં જ જીવ અનંતકાળ સુધી રહે છે. તે જીવ અહિં એકેંદ્રિયો જાણવા. તે એકેંદ્રિયોનો આગળ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત રૂપ અનંતકાળ કાયસ્થિતિમાં જણાવેલો છે એટલા કાળ સુધી આ જીવો ફકત કાયયોગમાં જ રહે છે કેમકે એકેંદ્રિયોને વચન અને મન યોગનો અભાવ હોવાથી ઉત્કૃષ્ટપણે કાયયોગની અનંત કાળની અવસ્થિતિ છે.

હવે કાયયોગની વિશેષરૂપે અવસ્થિતિકાળ કહે છે. ઔદારિક કાયયોગ ખર બાદર પૃથ્વીકાયમાં ઉત્કૃષ્ટથી બાવીસ હજાર વર્ષનો પ્રાપ્ત થાય છે.

પ્ર. : આ ઔદારિક કાયયોગની અવસ્થિતિ જુદા જુદા ભવ આશ્રયીને કહે છે ? કે પછી એક ભવ આશ્રયીને કહે છે ? જો જુદા જુદા ભવઆશ્રયીને કહેતા હોય તો દરેક ભવમાં

સતત ઋજુગતિ વડે ઉત્પન્ન થતા એકેંદ્રિય વગેરેની ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાલ પણ ઔદારિક કાયયોગ સિદ્ધાંતમાં કહેલ છે. તો પછી આટલોજ કાળ કેમ કહ્યો.

હવે બીજો પક્ષ વિચારીએ તો અસંખ્યવર્ષાયુવાળાને એક ભવમાંજ ત્રણ પલ્યોપમની ઉત્કૃષ્ટથી ઔદારિક કાયયોગની સ્થિતિ પ્રાપ્ત થાય છે. તો પછી બાવીસ હજાર વર્ષ જ શા માટે કહ્યા ?

ઉ. ; સાચી વાત છે અહિં બીજો જ પક્ષ છે તેથી મન, વચન, યોગરહિત ફક્ત જે કાયયોગ જ હોય એવા ઔદારિક કાયયોગની જ અવસ્થિતકાળની વિચારણા અહી કરાય છે અને એવા પ્રકારનો કાયયોગ અસંખ્ય વર્ષાયુવાળાને હોતો નથી કેમકે તેનને મન, વચનના યોગો પણ હોય છે ફક્ત એકેંદ્રિયોને જ આ ઔદારિક કાયયોગ હોય છે અને તેમને જ એક ભવ આશ્રયી ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષ પ્રમાણ અવસ્થિતિકાળ હોય છે વધુ વિસ્તારથી સર્યું.

કાર્મણ કાયયોગ ભવાંતરાલમાં જ પ્રાપ્ત થાય છે. બીજી જગ્યાએ નથી હોતો તેમાં આગળ કહેલ ચાર સમયની વિગ્રહગતિમાં ત્રણ સમયને ઉત્કૃષ્ટ કાર્મણ કાયયોગનો સમય પ્રાપ્ત થાય છે. પાંચ સમયની વિગ્રહ ગતિ છે પણ થોડાક જીવોને હોવાથી અહીં ગણત્રીમાં લીધેલ નથી અહિં શિષ્ય કહે છે કે તૈજસ કાયયોગ કાર્મણ કાયયોગથી અલગ કોઈ વખત પણ હોતો નથી માટે કાર્મણકાયયોગની અવસ્થિતિકાળ જણાવવા વડે તૈજસનો કાળ જણાવ્યો છે એમ અમે જાણીએ છીએ હવે વૈક્રિય આહારક કાયયોગ તથા વચનયોગ અને મનોયોગનો કાળ કહે છે બાકી રહેલા યોગો જે વૈક્રિય આહારક કાયયોગ તથા મનોયોગ અને વચનયોગનો ઉત્કૃષ્ટ કાળ દરેકનો અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તે આ પ્રમાણે જે વચન અને મનયોગ વગરના ફક્ત વૈક્રિય કાયયોગનો સ્થિતિકાળ કહે છે ફક્ત વૈક્રિય લબ્ધિધારી વાયુકાયને હોય છે, દેવ વગેરેને હોતો નથી કેમકે તેઓને વચન અને મનોયોગ હોય વાયુકકાયને પણ ઉત્કૃષ્ટથી વૈક્રિય કાયયોગ અંતર્મુહૂર્ત સુધી હોય છે. આહારક કાય યોગ તો ચૌદ પૂર્વધારોને જ હોય છે તે સિવાયનાને હોતો નથી તે યોગ ચૌદ પૂર્વધારીને અંતર્મુહૂર્તથી વધુ રહેતો નથી એ પ્રસિદ્ધ છે. વચનયોગ અને મનયોગનો પણ બન્નેનો અંતર્મુહૂર્તનો જ કાળ છે આમ યોગનો ઉત્કૃષ્ટ અવસ્થિતિકાળકહ્યો જઘન્યકાળ જાતે જ મન વચન કાયયોગોનો જાણી લેવો તે આ પ્રમાણેઃ- કાયયોગનો અને વિશેષથી ઔદારિક અને આહારક કાયયોગનો દરેકનો જઘન્યથી અવસ્થિતિ કાળ અંતર્મુહૂર્ત જાણવો વૈક્રિય કાર્મણ કાયયોગ, મનોયોગ અને વચનયોગ દરેકનો જઘન્ય કાળ જઘન્યથી એક સમય જ છે.(૨૨૯)

હવે વેદ વગેરે ગુણોનો અવસ્થિતિ કાળ કહે છે.

देवी पणपण्णाऊ इत्थिरां पल्लंसयपुहुत्तं तुं ।
पुरिसत्तं सण्णि त्तं च सयपुहुत्तं च उयहीणं ।।२३०।।

ગાથાર્થ : સ્ત્રીવેદ એક ભવ આશ્રયી ઉત્કૃષ્ટથી પંચાવન પલ્યોપમદેવીને હોય છે અનેક ભવ આશ્રયી સો પલ્યોપમ અને પુર્વક્રોડ પૃથકત્વ ઉત્કૃષ્ટપણે હોય છે પુરૂષવેદ અને સંજ્ઞીપણુ સાગરોપમશત પૃથકત્વ ઉત્કૃષ્ટ પણે હોય છે(૨૩૦)

**ટીકાર્થ** : અહિં વેદની એક ભવ આશ્રયી અને અનેક ભવ આશ્રયી સ્થિતિ કહે છે તેમાં એક ભવની સ્થિતિને કહે છે પંચાવન પલ્યોપમનું આયુષ્ય બીજા દેવલોકની અપરિગૃહિતા દેવીનું એક ભવ આશ્રયી ઉત્કૃષ્ટથી સ્ત્રીપણુ હોય છે. હવે અનેક ભવ આશ્રયી સ્ત્રીવેદનો ઉત્કૃષ્ટ સ્થિતિ કહે છે. એકસો પલ્યોપમ અને પૂર્વક્રોડ પૃથક્ત્વ અનેક ભવોમાં સતત ઉત્કૃષ્ટથી સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે. અહિં સતત સ્ત્રીવેદની સ્થિતિ વિષયમાં સિદ્ધાંતની અંદર પાંચ આદેશો જણાવેલા છે તે આ પ્રમાણે,

'હે ભગવંત ! સ્ત્રીવેદ, સ્ત્રીવેદમાં કાળથી કેટલો વખત હોય છે ?

હે ગૌતમ ! [1]એક આદેશથી જઘન્ય એક સમય, અને ઉત્કૃષ્ટથી એકસો દશ પલ્યોપમ. અને પૂર્વક્રોડ પૃથક્ત્વ અધિક. [2]એક આદેશથી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટથી અઢાર પલ્યોપમ પૂર્વક્રોડપૃથકત્વ સાધિક. [3]એક આદેશ વડે જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી ચૌદ પલ્યોપમ સાધિક પૂર્વક્રોડ પૃથકત્વ અભ્યધિક. [4]એક આદેશથી જઘન્ય એક સમય, અને ઉત્કૃષ્ટથી સો પલ્યોપમ પૂર્વક્રોડ પૃથકક્ત્વ સાધિક. [5]એક આદેશથી જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટથી પલ્યોપમ પૃથક્ત્વ સાધિક પૂર્વક્રોડ પૃથક્ત્વ." અહિં પહેલા આદેશમાં આ પ્રમાણે ભાવના કરવી. કોઇક સ્ત્રી ઉપશમશ્રેણીમાં ત્રણ વેદ ઉપશમાવી અવેદકપણાને અનુભવી શ્રેણીથી પડતા સ્ત્રીવેદના ઉદયના પહેલા સમયે જ કાળ કરી દેવામાં ઉત્પન્ન થાય ત્યાં તે સ્ત્રીને પુરુષત્વ હોય છે. આ પ્રમાણે જઘન્યથી એક સમય સ્ત્રીવેદનો જાણવો.

જ્યારે કોઈક જીવ પૂર્વક્રોડ આયુષ્ય વાળા કેટલાક ભવો સ્ત્રીપણામાં કે તિર્યંચીણીમાં કરી ઈશાન દેવમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળી અપરિગૃહિતા દેવીમાં બે વાર સતત ઉત્પન્ન થાય ઉત્પન્ન થાય ત્યારે પૂર્વક્રોડ પૃથક્ત્વ અધિક એકસોદશ પલ્યોપમ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે.

પ્ર. : જો દેવકુરૂ, ઉત્તરકુરુ વગેરેમાં ત્રણ પલ્યોપમ વાળી સ્ત્રીમાં ઉત્પન્ન થાય તો સ્ત્રીવેદની અધિક સ્થિતિ પણ થાય છે. તો પછી આટલી જ સ્થિતિ શા માટે કહી છે ?

ઉ. : સાચી વાત છે પરંતુ દેવોમાંથી અસંખ્યવર્ષાયુ વાળામાં ઉત્પત્તિ થતી નથી. અસંખ્યવર્ષાયુવાળી સ્ત્રી પણ ઉત્કૃષ્ટ આયુવાળી દેવીમાં ઉત્પન્ન થતી નથી આથી

ઉપર કહ્યા પ્રમાણે જ સ્ત્રી વેદની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે એ પ્રમાણે બીજા ચારે આદેશમાં વિચાર કરવો.

બીજા આદેશમાં ઈશાન દેવલોકની પરિગૃહિતા દેવીમાં જ નવ પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુ વાળી દેવીમાં બેવાર ઉત્પન્ન કરવી બાકીનું પહેલા આદેશ પ્રમાણે (૩) ત્રીજા આદેશમાં સૌધર્મ દેવલોકની સાત પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુવાળી પરિગૃહિતા દેવીમાં બે વાર ઉત્પન્ન કરવી. (૪) ચોથા આદેશમાં સૌધર્મ દેવલોકની અપરિગૃહિતા દેવી કે જેમનું પચાસ પલ્યોપમનું આયુષ્ય છે. તેમાં બે વાર ઉત્પન્ન કરવી (૫) પાંચમા આદેશમાં દેવકુરૂ વગેરેમાં ઉત્પન્ન થતા જીવના પૂર્વક્રોડ પૃથક્ત્વ અધિક પલ્યોપમ પૃથક્ત્વ રૂપ સ્ત્રીવેદની ઉત્કૃષ્ટ સ્થિતિ વિચારવી. અમારા જેવા છદ્મસ્થો માટે તો આ પાંચે આદેશ પ્રમાણ રૂપ છે. કેવલિઓને આમાંથી કોઇ પણ એક પ્રમાણ રૂપ છે. સૂત્રકારે આ ગ્રંથમાં ફક્ત એક ચોથો આદેશ જ ગ્રહણ કર્યો છે. બાકીના ગ્રહણ કર્યા નથી કેમકે ગ્રંથ વિસ્તાર થવાના ભય વગેરે કારણોથી વધુ વિસ્તારથી સર્યું.

હવે પુરુષવેદની સ્થિતિ કહે છે. પુરુષવેદ જુદા જુદા ભવોમાં સાગરોપમ શત પૃથક્ત્વ સાધિક હોય છે અને જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે એમ જાતે જાણી લેવું તે પછી અવશ્યમેવ વેદાંતરની પ્રાપ્તિ થાય છે અથવા અવેદી થાય છે તેથી કહ્યું છે કે :—' હે ભગવંત ! પુરુષવેદ પુરુષવેદમાં કાળથી કેટલો વખત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી સાધિક સાગરોપમ શત પૃથક્ત્વ હોય છે ' જઘન્યથી પુરુષવેદમાં એક સમય સ્ત્રીવેદની જેમ નથી હોતો કેમકે ઉપશમશ્રેણીમાં મરેલાને દેવોમાં પણ પુરુષવેદ જ હોય છે અંતર્મુહૂર્ત તો પુરુષવેદવાળો અંતમુહૂર્ત જીવીને મરી ગયા પછી બીજા વેદમાં ઉત્પન્ન થાય છે એમ વિચારવું.

નપુંસકવેદનો કાળ અહિં કહ્યો નથી તે ઉપલક્ષણથી જઘન્યપણે એક સમય અને ઉત્કૃષ્ટથી અનંતકાળ રૂપે જાતે જાણી લેવો કહ્યું છે કે, "હે ભગવંત ! નપુસક વેદ, નપુંસકવેદમાં કેટલો વખત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી અનંતકાળ. કાળથી અનંત ઉત્સર્પિણી, અવસર્પિણી, ક્ષેત્રથી અનંતા લોક, અસંખ્યાતા પુદ્ગલ પરાવર્તો તે પુદ્ગલપરાવર્તે આવલિકાની અસંખ્યાતા ભાગ પ્રમાણ જાણવા." અહીં કોઇ નપુંસક ત્રણ વેદનો ઉપશમ કરી ફરીથી પડતા એક સમય નપુંસક વેદનો અનુભવ કરી મરી દેવોમાં ઉત્પન્ન થાય તેને એક સમય જઘન્યથી હોય છે. ઉત્કૃષ્ટકાળ વનસ્પતિ વગેરેમાં સતત નપુંસકવેદનો અનુભવ કરતા જીવનો વિચારવો. સંજ્ઞીપણું પણ પુરૂષવેદની જેમ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક સાગરોપમ શતપૃથક્ત્વ જાણવું તે પછી સંજ્ઞીપણાનો અભાવ હોય છે અસંજ્ઞીપણુ પણ જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે અને ઉત્કૃષ્ટ નપુંસકવેદની જેમ જાતે જાણી લેવું (૨૩૦)

હવે યોગ ઉપયોગ વગેરે ગુણોનો સ્થિતિકાળ કહે છે.

**अंतमुहुत्तं तु परा जोगुवओगा कसाय लेसा य ।**
**सुरनारएसु य पुणो भवट्ठिइ होई लेसाणं ॥२३१॥**

ગાથાર્થ : યોગ, ઉપયોગ, કષાય અને લેશ્યા ઉત્કૃષ્ટ સ્થિતિ કાળ અંતર્મુહૂર્ત છે અને દેવ નારકોમાં લેશ્યાનો કાળ પોતપોતાની ભવસ્થિતિ પ્રમાણ છે. (૨૩૧)

*ટીકાર્થ* : મનવચનકાયાના યોગોનો ઉપયોગ એટલે યોગ વિષયક જ્ઞાનોપયોગ. વિભક્તિનો વ્યત્યય થવાથી અહિં પહેલીના બદલે છઠ્ઠી વિભક્તિનો અર્થ સમજવો. યોગ ઉપયોગની ઉત્કૃષ્ટ સ્થિતિ દરેકની અંતર્મુહૂર્ત પ્રમાણની છે. તે આ પ્રમાણે :–જ્યારે અહીં કાયા વડે દોડવું, વળગવું, ઝાપટ મારવી, ભાંગવું, વર્તના વગેરે વ્યાપારોના ઉપયોગવાળો થાય ત્યારે કાયયોગના વ્યાપારોની પ્રધાનતાથી કાયયોગનો ઉપયોગ હોવાથી કાયયોગ ઉપયોગ તે તરીકે તે કહેવાય છે.

આ કાયયોગ ઉપયોગ ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત જ હોય છે પછી તે ઉપયોગ વગરનો અથવા બીજા ઉપયોગમાં ગમન થાય છે. જ્યારે નિશ્ચલ અવયવ વાળો થઇ વચનના આવેશમાં ઉપયોગવાળો થઇ સતત જે બોલે ત્યારે ફક્ત વચનયોગની પ્રધાનતા વાળી આ ક્રિયાથી વચનયોગ ઉપયોગ કહેવાય છે જ્યારે નિષ્પ્રકંપ શરીરવાળો થઇ વચનનો રોધ કરી ફક્ત મન વડે ઉપયોગ વાળો થઈ કંઈક વિચારે ત્યારે મનયોગની ક્રિયાની પ્રધાનતા વડે મનોયોગ ઉપયોગ એમ કહેવાય છે આ બન્નેનો મનોયોગ ઉપયોગ અને વચનયોગ ઉપયોગનો ઉત્કૃષ્ટથી પણ દરેકનો અંતર્મુહૂર્તનો જ કાળ થાય છે. જો કે અહિં એક યોગના વ્યાપાર (વગેરે) વખતે બીજા યોગનો વ્યાપાર પણ અંદર સાથે હોઇ શકે છે છતાં વાયુ વગેરેના દોષોની જેમ ઉત્કટતા, અનુત્કટતા વગેરે આશ્રયીને તે તે યોગોનો વ્યપદેશ કરવો. કહ્યું છે કે, "વાતાદિ ધાતુઓમાં જે ધાતુ ઉત્કટપણે કોપ્યો હોય તે જ ધાતુનો દોષ મુખ્ય ગણાય, તે વખતે બીજા બે પિત–કફ નથી એમ નહી. એ પ્રમાણે ત્રણે યોગમાં જે યોગ જ્યારે ઉત્કટ પણે વર્તતો હોય ત્યારે તેનો જ નિર્દેશ થાય છે ત્યાં બીજા એક યોગ કે બે યોગની હયાતી હોવાછતાં પણ તેની ગણત્રી નથી. અહિં ઉત્કટ યોગ સિવાય બીજા અનુત્કટ યોગ પણ ત્યાં એક યોગ હોય છે બે યોગ હોય છતાં પણ તે ન હોવા બરાબર જ ગણાય છે. એની વિચારણા આ પ્રમાણે છે. કેવલિઓને વચનયોગની ઉત્કટતામાં કાયયોગ પણ છે, અને આપણા જેવાને મનયોગ અને કાયયોગ પણ છે શૈલેશી અવસ્થામાં તો કેવલિઓને કાયનિરોધ વખતે ફક્ત તે જ એક હોય છે. બીજા યોગ હોતા નથી.

ક્રોધ, માન, માયા લોભ રૂપ કષાયોની ઉત્કૃષ્ટ સ્થિતિ દરેકની અંતર્મુહૂર્તની જ છે. જઘન્યથી ક્રોધ, માન, માયાની અંતર્મુહૂર્ત અને લોભની એક સમયની સ્થિતિ છે.

વિશિષ્ટ ઉપયોગ આશ્રયીને ક્રોધ વગેરેની આ સ્થિતિ કહી છે. બાકી સત્તા માત્રથી ક્રોધ વગેરે હંમેશા હોય છે. તેથી આમ કહ્યું છે કે–ક્રોધ, માન, માયાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ ઉપયોગ કાળ દરેકનો અંતર્મુહૂર્તનો છે. લોભનો ઉપયોગકાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનો હોય છે. કહ્યું છે કે :–

હે ભગવંત ! ક્રોધ કષાયીનો ક્રોધ કષાય કાળથી કેટલો વખત હોય છે?

હે ગૌતમ ! જઘન્ય, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. એ પ્રમાણે માન અને માયા કષાય પણ, લોભ કષાય જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત. અહિં એનો આ અર્થ છે. ક્રોધ, માન, માયાનો ઉપયોગ દરેકનો જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત, પણ મોટું અંતર્મુહૂર્ત જાણવું.

પ્ર.: લોભનો ઉપયોગ કાળ જઘન્યથી એક સમય શી રીતે થાય?

ઉ.: જે ઉપશાંત મોહી પડતા એક સમય લોભના પુદ્ગલોને ભોગવી તરત જ મૃત્યુ પામી અનુત્તર દેવોમાં ઉત્પન્ન થાય તો ત્યાં તેને એકી સાથે સર્વે કષાયના પ્રદેશોનો ઉદય હોય છે. નહીં કે ફક્ત લોભનો જ માટે જઘન્યથી લોભ કષાયનો ઉદય ફક્ત એક સમયનો મળે છે. અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ક્રોધાદિની જેમ જાણવો.

પ્ર.: જો આ રીતે ક્રોધ વગેરેનો ઉપયોગ પણ જઘન્યથી એક સમય પ્રમાણ કેમ ન થાય?

ઉ.: શ્રેણીના મસ્તકેથી પડતા જ્યારે ક્રોધ વગેરેનો ઉદય થાય છે. ત્યારે ઉદયમાં આવેલ કષાય સિવાયના બીજા કષાયો પણ પ્રદેશોદયે એકીસાથે ભોગવાય છે. આથી લોભની જેમ ફક્ત ક્રોધ વગેરેનો ઉદય મળતો નથી. એમ વૃદ્ધ પુરૂષો કહે છે. તત્ત્વ તો કેવલિઓ જ જાણે.

કૃષ્ણ નીલ વગેરે છયે લેશ્યાઓ તિર્યંચ અને મનુષ્યોમાં દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યાશ્રયી જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. દેવનારકોની ભાવલેશ્યાશ્રયી જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. ત્યારે દેવનારકની દ્રવ્યલેશ્યાની કેટલી સ્થિતિ ? દેવોમાં કૃષ્ણ વગેરે ત્રણ અશુભ લેશ્યાની યથાયોગ્ય જે દેવની અથવા નારકોની જેટલી પોતાની ભવસ્થિતિ (આયુષ્ય) હોય છે. તેટલા પ્રમાણની જ સ્થિતિ જાણવી. તેમાં સાતમી પૃથ્વીના નારકોની ઉત્કૃષ્ટથી કૃષ્ણલેશ્યા તેત્રીસ સાગરોપમની હોય છે. નીલલેશ્યા પાંચમી પૃથ્વીના પહેલા પ્રતરમાં પલ્યોપમના અસંખ્યાત ભાગાધિક દશ સાગરોપમની ઉત્કૃષ્ટ પણે સ્થિતિ હોય છે. કાપોતલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીજી પૃથ્વીની પહેલા પ્રતરમા પલ્યોપમના અસંખ્યાતમા ભાગાધિક ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ પણે સ્થિતિ હોય છે. તેજોલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ ઈશાન દેવલોકમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગાધિક બે સાગરોપની હોય છે. પદ્મ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ બ્રહ્મલોકમાં દશ સાગરોપમની છે. શુકલલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુત્તર વિમાનોમાં તેત્રીસ સાગરોપમની હોય છે. કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા ભવનપતિ

વ્યંતરોમાં પણ હોય છે. પરંતુ ઉત્કૃષ્ટ સ્થિતિના પ્રતિપાદનનો વિચાર નરકમાં જ થઈ શકે. (૨૩૧)

હવે મતિજ્ઞાન વગેરે ગુણોની સ્થિતિ કહે છે.

छावट्ठि उयहि नामा साहिया मइसुओहिनाणाणं ।
उणाय पुव्वकोडी मणसमइय छेयपरिहारे ॥२३२॥

ગાથાર્થ : મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાનનો કાળ સાધિક છાસઠ સાગરોપમનો છે. મનઃ પર્યવજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાનીય, પરિહાર વિશુદ્ધિ ચારિત્રનો દેશોન પૂર્વક્રોડ વર્ષની સ્થિતિ છે.(૨૩૨)

**ટીકાર્થ** : મતિ, શ્રુત, અવધિજ્ઞાન ઉત્કૃટ પણે સતત સાધિક છાસઠ સાગરોપમ પ્રમાણ સ્થિતિના હોય છે. તે આ પ્રમાણે :– આ જન્મમાં ઉત્પન્ન થયેલ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન કોઈકને દેશોન પૂર્વ ક્રોડવર્ષ જીવીને તેત્રીસ સાગરોપમની સ્થિતિ-વાળા વિમાનોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ફરી અહીં આવી મનુષ્ય જન્મમાં તે જ્ઞાનથી ન પડતા આ ત્રણે જ્ઞાનો સહિત પૂર્વક્રોડવર્ષ જીવીને તે જ સ્થિતિવાળા અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થઈ ફરીથી તે જ્ઞાનથી ન પડતા તે ત્રણે જ્ઞાન સાથે મનુષ્યોમાં આવે છે. આ પ્રમાણે ત્રણવાર મનુષ્યભવાયુ અધિક છાસઠ સાગરોપમ આ ત્રણે જ્ઞાનોની ઉત્કૃષ્ટસ્થિતિ હોય છે. અથવા આજ મનુષ્ય અપ્રતિપતિત ત્રણ જ્ઞાન સહિત બાવીસ સાગરોપમની સ્થિતિવાળા અચ્યુત દેવલોકમાં આ જ ક્રમપૂર્વક ત્રણવાર ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ત્રણ જ્ઞાનનો ઉત્કૃષ્ઠ સ્થિતિ કાળ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે :– "બે વાર વિજય વગેરે અનુત્તરોમાં અથવા ત્રણવાર અચ્યુત દેવલોકમાં ગયેલાને તથા મનુષ્યભવ સંબંધી અધિક કાલ એક જીવ આશ્રયી ત્રણ જ્ઞાનનો હોય છે. અનેક આશ્રયી તો સર્વદા હોય છે" આ ઉત્કૃષ્ટ સ્થિતિ આ ત્રણ જ્ઞાનના સૂત્રમાં કહી છે જઘન્યથી તો મતિશ્રુતજ્ઞાનની અંતર્મુહૂર્ત અને અવધિજ્ઞાનની એક સમયની સ્થિતિ છે એમ શા માટે? વિભંગજ્ઞાની તિર્યંચ અથવા મનુષ્ય કોઈક સમ્યક્ત્વને પામે ત્યારે તેને તે વિભંગજ્ઞાન પહેલા એક સમય અવધિરૂપતાને પામે ત્યારે પછી જ્યારે અવધિજ્ઞાનાવરણ ઉદયથી અવધિજ્ઞાન પડી જાય છે ત્યારે અવધિજ્ઞાન જઘન્યથી એક સમયનું પ્રાપ્ત થાય છે કહ્યું છે કે, "મતિજ્ઞાની જઘન્યથી અંતર્મુહૂર્ત એમ શ્રુતજ્ઞાની પણ, અવધિજ્ઞાની જઘન્યથી એક સમય.

મનઃપર્યવજ્ઞાન ઉત્કૃષ્ટકાળ કંઈક નવ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષનો છે. ચારિત્રવંતને જ મનઃપર્યવજ્ઞાન થાય છે. અને ચારિત્ર ગર્ભકાળથી આરંભી કંઈક ન્યૂન નવવર્ષ વિત્યા પછી જ પ્રાપ્ત થાય છે. આથી જ આટલા ન્યૂન પૂર્વક્રોડ વર્ષ. જઘન્યથી એ પણ એકજ

સમયનું હોય છે. મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયેલા અપ્રમત્ત સંયતનું એક સમય પછી મરણ થવાનો સંભવ હોવાથી દેવોમાં ઉત્પન્ન થાય છે. તે દેવોમાં મનઃપર્યવજ્ઞાનનો અભાવ હોય છે.

સામાયિક છેદોપસ્થાપનીય ચારિત્રમાં પણ આટલી જ સ્થિતિ-ન્યૂનપૂર્વક્રોડ વર્ષ બંનેની છે. જઘન્યથી આ બંને ચારિત્રની સ્થિતિ એક સમયની જ જાણવી. તે પછી મરીને દેવોમાં ઉત્પન્ન થવાનો સંભવ છે માટે પરિહાર વિશુદ્ધિ ચારિત્રનો પણ જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન એટલે ઓગણત્રીસ વર્ષ ઓછા પૂર્વક્રોડ વર્ષનો કાળ છે કહ્યું છે કે, "હે ભગવંત ! પરિહારવિશુદ્ધિક પરિહારવિશુદ્ધિમાં કાળથી કેટલો વખત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ઓગણત્રીસ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ. અહીં જઘન્યકાળ આગળ જણાવેલ મરણની અપેક્ષાએ જાણવું અને ઉત્કૃષ્ટકાળની વિચારણા આ પ્રમાણે છે. પરિહારવિશુદ્ધ ચારિત્ર જઘન્યથી પણ દ્રષ્ટિવાદમાં કહેલ નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુનો જે અભ્યાસી હોય તે જ સ્વીકારી શકે છે. તેથી પૂર્વક્રોડ વર્ષના આયુવાળાએ નવવર્ષની ઉંમરે ચારિત્ર સ્વીકાર્યું હોય તેને વીસવર્ષ પર્યાય થાય ત્યારે દ્રષ્ટિવાદની અનુજ્ઞા થાય છે. આટલા દીક્ષાપર્યાય પહેલા દ્રષ્ટિવાદની અનુજ્ઞાનો સિદ્ધાંતમાં નિષેધ છે તે પછી એ પરિહાર વિશુદ્ધિ શાસ્ત્રને સ્વીકારે છે તે અઢાર મહિના અવિચ્છિન્ન પણે અને તેના પરિણામ વડે આજન્મ પણ પાલન કરે તો કંઈક ન્યૂન એટલે ઓગણત્રીસ વર્ષ ઓછા પૂર્વક્રોડવર્ષ સુધીનો તેનો ઉત્કૃષ્ટથી કાળ થાય છે. સૂક્ષ્મ સંપરાય ચારિત્રનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતમુહૂર્ત કાળની સ્થિતિ છે. યથાખ્યાત ચારિત્રનો તો જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વક્રોડ વર્ષનો સ્થિતિ કાળ છે. એ પ્રમાણે આગળ પણ એનો નિર્ણય કર્યો છે. માટે અહિં એ ફરીથી કહેતા નથી કેવળ જ્ઞાનની સાદિ અનંતકાળની સ્થિતિ પ્રસિદ્ધ છે. અહીં જ્ઞાનસ્થિતિકાળ કહેવાનો પ્રસ્તાવ હોવા છતાં પણ કહ્યો નથી.(૨૩૨)

હવે વિભંગજ્ઞાન વગેરે ગુણોનો સ્થિતિકાળ કહે છે.

**विब्भंगस्स भवट्ठिइ चक्खुस्सुदहीण बे सहस्साइं ।**
**साइं अपज्जवसिओ सपज्जवसिओ तिय अचक्खु ॥२३३॥**

ગાથાર્થ : વિભંગજ્ઞાનનો કાળ ભવાયુષ્ય પ્રમાણ છે ચક્ષુદર્શનનો બે હજાર સાગરોપમ પ્રમાણ, અને અચક્ષુદર્શન અનાદિ અપર્યવસિત તથા સાદિ તથા અનાદિ સપર્યવસિત કાળ પ્રમાણ સ્થિતિ છે. (૨૩૩)

**ટીકાર્થ** : જ્ઞાનનો સ્થિતિકાળ આગળની ગાથામાં કહ્યો છે. હવે જ્ઞાનના પ્રતિપક્ષ-રૂપ અજ્ઞાનનો સ્થિતિકાળ કહે છે તે અજ્ઞાન મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન

એમ ત્રણ પ્રકારે છે. તેમાં મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન અભવ્યોને અનાદિઅનંત કાળની સ્થિતિ પ્રમાણ છે અને અનાદિ મિથ્યાદ્રષ્ટિ ભવ્યને તે અજ્ઞાન અનાદિ સાંત સ્થિતિ પ્રમાણ છે સમ્યક્ત્વપતિતને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અપાર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ સાદિસાંત સ્થિતિ પ્રમાણ છે ઉપલક્ષણ વ્યાખ્યાથી આ સ્વયં જાણી લેવું.

વિભંગજ્ઞાનની સ્થિતિ તો સૂત્રકાર જાતે જ કહે છે જે તિર્યંચ કે મનુષ્યના ભવમાં રહેલ જીવને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું હોય, અને તે વિભંગજ્ઞાન સાથે જે ભવમાં જાય તે બે ભવોને ઉત્કૃષ્ટ સ્થિતિમાં કંઈક ન્યૂન સ્થિતિ વિભંગજ્ઞાનના સાતત્ય રૂપે ઉત્કૃષ્ટપણે જાણવી. તે આ પ્રમાણે, કોઈક વ્યક્ત એવા કોઈક તિર્યંચ કે મનુષ્યને વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે ઉત્પન્ન થયેલ વિભંગજ્ઞાન સાથે દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી અહીં જીવે. કોઈકને કંઈક ગુણાભાસ વડે પણ વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે ગુણાભાસ કંઈક અવ્યક્તને હોય છે. આથી જ પૂર્વક્રોડ દેશોન કાળ અહિં ગ્રહણ કર્યો છે. તે ઉત્પન્ન થયેલ વિભંગજ્ઞાનથી પડયા વગર જ નીચે સાતમી પૃથ્વીમાં ઉત્પન્ન થાય તો ત્યાં તેત્રીસ સાગરોપની સ્થિતિ છે. આ પ્રમાણે વિભંગજ્ઞાનની બે ભવની સાતત્યતાના કારણે દેશોન પૂર્વક્રોડ વર્ષોથી અધિક તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કાળ સિદ્ધ થાય છે. જઘન્યથી એક સમય રૂપ સ્થિતિ આ પ્રમાણે જાણવી. કોઈક મિથ્યાદ્રષ્ટિને વિશુદ્ધિના કારણે એક સમયનું વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે પછીની વધતી વિશુદ્ધિનો અનુભવ કરતા છતે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે ત્યારે તે વિભંગજ્ઞાન અવધિજ્ઞાન રૂપે પરિણમે છે. આ રીતે જઘન્યથી એક સમય પ્રમાણનો સ્થિતિ કાળ છે. કહ્યું છે કે :- હે ભગવંત ! વિભંગજ્ઞાની રૂપે કેટલો કાળ, કાળથી હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમ સાધિક દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી હોય છે. આ પ્રમાણે જ્ઞાન અને અજ્ઞાનનો સ્થિતિકાળ કહ્યો. હવે ચક્ષુ વગેરે દર્શનોનો કાળ કહે છે.

ચક્ષુદર્શન લબ્ધિ રૂપે બે હજાર સાગરોપમ સુધી નિરંતર ઉત્કૃષ્ટ કાળ રૂપે રહેલ છે એમ સૂત્રકારનો અભિપ્રાય છે. આટલો કાળ સંગત લાગતો નથી કારણકે સિદ્ધાંત સાથે વિરોધ આવે છે અને યુક્તિથી પણ વિરોધ આવે છે માટે. સિદ્ધાંતમાં કહ્યું છે કે, "હે ભગવંત ! ચક્ષુદર્શની ચક્ષુદર્શની રૂપે કાળથી કેટલો વખત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક એક હજાર સાગરોપમ." આ એક હજાર સાગરોપમ સાધિક સ્થિતિ પ્રતિપાદક સિદ્ધાંતના વચન સાથે આ બે હજાર સાગરોપમની સ્થિતિ જણાવનાર વચનનો વિરોધ આવે છે તથા આ જ ગ્રંથમાં આગળ "**पज्जत्तयसयलिन्दिय हस्समब्भहिय मुयहिनामाणं । दुगुणं च तसत्ति भवे**" વગેરે ગાથામાં તથા સિદ્ધાંતમાં સર્વે બેઇંદ્રિય વગેરે ત્રસોની સાધિક બે હજાર સાગરોપમની સ્થિતિ કહી છે. તો પછી કેવી રીતે ફક્ત ચક્ષુદર્શની એવા ચઉરિંદ્રિય અને પંચેંદ્રિયની આટલી સ્થિતિ સંભવે ?

કેમકે ચઉરિન્દ્રિયનો સંખ્યાતા કાળ અને પંચેન્દ્રિયનો સાધિક એક હજાર સાગરોપમનો કાયસ્થિતિ કાળ આ જ ગ્રંથમાં અને સિદ્ધાંતમાં કહ્યો છે આ ચઉરિંદ્રિય અને પંચેંદ્રિયને છોડી બીજા કોઈને ચક્ષુદર્શન હોતું નથી માટે સિદ્ધાંતમાં કહેલ જ ચક્ષુદર્શનનો કાળ (સ્થિતિ કાળ) યુક્તિથી પણ યુકત લાગે છે. પણ આ ગ્રંથમાં કહેલ ચક્ષુદર્શન કાળ બરાબર નથી યુક્તિનો વિરોધ છે માટે અચક્ષુદર્શની એટલે આંખ સિવાય બાકીની ચાર ઈંદ્રિયની દર્શનલબ્ધિવાળો જીવ. તે અચક્ષુદર્શની અભવ્યને આશ્રયી અનાદિ અપર્યવસિત એટલે અનાદિ અનંતકાળ સુધી હોય છે. અહિં अ કારનો લોપ થયો હોવાથી અનાદિ જાણવું. અભવ્યોને સ્પર્શેન્દ્રિય આશ્રયી અચક્ષુદર્શન લબ્ધિથી અનાદિપણું છે અને અનંતપણુ છે. અનાદિ શબ્દનો આગળ સપર્યવસિત સાથે પણ સંબંધ કરવો તેથી તે જ અચક્ષુદર્શની ભવ્યજીવોને આશ્રયી અનાદિ સાંત થાય છે. ભવ્યોને સ્પર્શેન્દ્રિયની અપેક્ષાએ અચક્ષુદર્શન લબ્ધિ અનાદિથી છે અને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે તેનો અંત થતો હોવાથી સાંતપણું છે. અવધિદર્શન અને કેવળદર્શનનો સ્થિતિકાળ ગ્રંથવિસ્તાર વગેરે ભયના કારણે સૂત્રકારે કહ્યો નથી. તે આગમમાં આ પ્રમાણે છે તે જાતે જાણી લેવો.

"અવધિદર્શની હે ભગવંત! કાળથી અવધિદર્શની રૂપે કેટલો વખત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બે છાસઠ સાગરોપમ સાધિક" એટલે એકસો બત્રીસ સાગરોપમ સાધિક કાળ જાણવો. એની વિચારણા આ રીતે છે. અહીં તિર્યંચ કે મનુષ્ય કોઈ પણ વિભંગજ્ઞાની સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિમાં ઉત્પન્ન થાય, ત્યાં ઉદ્વર્તના કાળની નજીકમાં સમ્યક્ત્વને પામી ફરી પતિત થઈ વિભંગજ્ઞાન યુકત જ અવિગ્રહગતિથી પૂર્વક્રોડ આયુષ્યવાળા તિર્યંચમાં ઉત્પન્ન થાય. પોતાના આયુના અંત વખતે વિભંગજ્ઞાનથી પડયા વગર ફરીથી તે જ સાતમી પૃથ્વીમાં તેત્રીસ સાગરોપમના આયુવાળા નારક થાય, ફરી પણ ઉદ્વર્તના કાળની નજીકમાં સમ્યક્ત્વ પામી ફરીથી પતિત થઈ અને વિભંગજ્ઞાનથી પડયા વગર જ અવિગ્રહ ગતિથી પૂર્વક્રોડ વર્ષના આયુવાળા તિર્યંચોમાં ઉત્પન્ન થાય આ પ્રમાણે એક છાસઠ સાગરોપમ સાધિક સિદ્ધ થયા. બીજા સાગરોપમ છાસઠ આ પ્રમાણે જ જાણવા. તે જ જીવ વિભંગજ્ઞાનથી પડયા વગર તિર્યંચમાંથી મનુષ્યોમાં અવિગ્રહ ગતિથી ઉત્પન્ન થાય. ત્યાં સમ્યક્ત્વ અને અવધિજ્ઞાનને પ્રાપ્ત કરી 'બે વાર વિજય વગેરે અનુત્તરમાં અથવા ત્રણવાર અચ્યુતમાં જઈ' વગેરે આગળ ક્રમાનુસારે અવધિજ્ઞાનથી પડયા વગર અવધિદર્શનને ધારણ કરવા પૂર્વક છાસઠ સાગરોપમ સાધિક પૂર્ણ કરે, તે પછી મોક્ષને પામે છે. અહિં અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનનો પરસ્પર ભેદ હોવા છતાં પણ સામાન્ય અવબોધ રૂપ દર્શન તો બંનેનું સમાન છે માટે અવધિદર્શન કહેવાય છે. અને આગમમાં પણ તે પ્રમાણે જ સ્વીકાર્યું

છે. માટે અવધિદર્શનનો સાધિક બે છાસઠ સાગરોપમનો એટલે એકસો બત્રીસ સાગરોપમનો નિરંતર અવસ્થિતિકાળ ઉત્કૃષ્ટથી થાય છે.

પ્ર. : સાતમી નરક પૃથ્વીમાં વિભંગજ્ઞાની બે વાર પોતાના આયુને છેડે સમ્યક્ત્વ શા માટે લેવડાવે છે ?

ઉ. : વિભંગજ્ઞાનની પછીથી સતત સ્થિતિનો અભાવ હોય છે. તથા આગળ કહ્યું છે કે, "વિભંગજ્ઞાની જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી તેત્રીસ સાગરોપમ સાધિક દેશોન પૂર્વક્રોડ વર્ષ હોય છે."

પ્ર. : તિર્યંચ અને મનુષ્યોમાં અવિગ્રહ ગતિથી વિભંગજ્ઞાનીને શા માટે ઉત્પન્ન કરો છો ?

ઉ. : સાચી વાત છે વિગ્રહગતિમાં અનાહારકપણાનો પ્રસંગ આવે છે. અને તિર્યંચ મનુષ્યોમાં વિભંગજ્ઞાનીઓને અનાહારકપણાનો નિષેધ છે. કહ્યું કે "વિભંગજ્ઞાની પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો આહારક છે કે અનાહારક છે? આહારક છે અનાહારક નથી.' માટે અવિગ્રહ ગતિને વ્યાખ્યામાં બતાવી છે. બીજાઓ તો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે કે આપણને સાતમી નરકપૃથ્વીનિવાસી નારક વગેરેની કલ્પનાથી શું છે ? સામાન્યથી જ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવોના ભવોમાં ભમતાં ભમતાં અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાનની સતત બે છાસઠ સાગરોપમ સાધિક સ્થિતિ થાય છે. તેથી અવધિદર્શનનો પણ સતત એટલા કાળનો અવસ્થિતિ કાળ થઈ જાય છે. વધુ વિસ્તારથી સર્યું સામાન્ય અવબોધ રૂપ કેવળદર્શનની સ્થિતિકાળ સાદિ અનંતનો છે. (૨૩૩)

હવે ભવ્યત્વ વગેરે ગુણોનો સ્થિતિકાળ કહે છે.

**भव्वो अणाइ संतो आणइऽणंतो भवे अभव्वो य ।**
**सिध्धो य साइऽणंतो असंखभागंगुलाहारो ॥२३४॥**

**ગાથાર્થ : ભવ્યોનો કાળ અનાદિ સાંત, અભવ્યોનો અનાદિ અનંતકાળ, સિધ્ધોનો કાળ સાદિ અનંત આહારક જીવ અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલા ક્ષેત્રમાં જેટલી ઉત્સર્પિણી થાય તેટલા કાળ સુધી આહારક હોય છે. (૨૩૪)**

**ટીકાર્થ** : ભવ્યોનો સ્થિતિકાળ અનાદિ સાંત છે તે આ રીતે :– કોઈક ભવ્યજીવનો ભવ્યત્વગુણ અનાદિ કાળથી હોવાથી અનાદિ કહેવાય છે, સિદ્ધાવસ્થામાં તે ગુણ જરૂરથી પૂર્ણ થવાનો છે માટે સાંત કહેવાય છે. સિદ્ધોભવ્ય પણ નથી અને અભવ્ય પણ નથી. કેમકે જે આત્માઓ મુક્તિના પર્યાય રૂપે થશે તે ભવ્ય કહેવાય છે. અને જે મુક્તિપર્યાય

રૂપે ક્યારેય પણ ન થઈ શકે તે અભવ્ય કહેવાય છે. સિદ્ધને આ બંને વસ્તુ હોતી નથી કેમકે મુક્તિપર્યાયને તેઓ અનુભવી રહ્યા છે, માટે સિદ્ધાવસ્થામાં ભવ્યપણાનો અંત હોવાથી સાંતપણું જાણવું. અભવ્યનો અનાદિ અનંતકાળ છે. અનાદિ કાળથી અભવ્યપણુ હોવાથી તેનું અભવ્યત્વઅનાદિ કાળ છે. મુક્તિ પર્યાયને ક્યારે પણ પ્રાપ્ત ન થવાથી તેમને અનંત કાળ છે. સિદ્ધોનું સિદ્ધત્વ વિશુદ્ધ જ્ઞાન, દર્શન ચારિત્રના અનુષ્ઠાન પછી થતું હોવાથી સાદિ છે અને પ્રાપ્ત ક્યારેય થયેલ પણ નાશ ન થતું હોવાથી અનંતપણું છે.

હવે આહારકગુણનો સ્થિતિકાળ કહે છે.

આહારક જીવ આહારક રૂપે સતત અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ ક્ષેત્રે જેટલા કાળ સુધી રહે છે એટલે અંગુલના અસંખ્યાતમા ભાગે અસંખ્યાતી ઉત્સર્પિણી કાળ થાય છે, એ વચનથી અંગુલના અસંખ્યાતભાગ પ્રમાણ ક્ષેત્રમાં અસંખ્યાતી ઉત્સર્પિણીઓ થાય છે. તેથી કોઈક આહારક જીવ સતત આહારક પુદ્ગલોને ગ્રહણ કરતો જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ સુધી આહારક હોય છે એ સૂત્રમાં ન કહ્યું હોવા છતાં પણ જાતે જાણવું. ઉત્કૃષ્ટથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી સતત જીવ આહારક હોય છે. આ વાત ગાથામાં પણ કહી છે. તેમાં જઘન્યથી આહારકપણાની વિચારણા આ પ્રમાણે છે. કોઈક એકેંદ્રિય વગેરે જીવ મરી આગળ કહેલ પ્રકાર વડે વિગ્રહગતિમાં ત્રણ સમય અણાહારી રહી ક્ષુલ્લકભવવાળા આયુષ્ય સાથે પૃથ્વીકાય વગેરેમાં ઉત્પન્ન થઈ ત્યાં તેટલા કાળ સુધી સતત આહારી રહી ફરી મરીને વિગ્રહગતિમાં અનાહારી થાય. એ પ્રમાણે જઘન્યથી ત્રણ સમય ઉન ક્ષુલ્લક ભવરૂપ આહારક પણું થાય છે.

ઉત્કૃષ્ટપણે વિચારતા તો અસંખ્યાતી ઉત્સર્પિણી અસર્પિણીકાળ સુધી એક ભવમાંથી બીજા ભવોમાં ઉત્પન્ન થતો હોય ત્યારે અવિગ્રહગતિએ જ ઉત્પન્ન થાય ત્યારે ઉત્કૃષ્ટથી આટલો કાળ સતત આહારી હોય છે કહ્યું છે કે, "છદ્મસ્થ આહારી છદ્મસ્થ આહારીપણામાં કાળથી હે ભગવંત ! કેટલો વખત હોય ? હે ગૌતમ ! જઘન્યથી ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લકભવ સુધી, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ, કાળથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી ક્ષેત્રથી અંગુલનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ."(૨૩૪)

હવે કાયયોગ વગેરે ગુણોનો આગળની ગાથામાં ન કહેલ જઘન્ય સ્થિતિકાળ કહે છે.

**काओगी नरनाणी मिच्छं मिस्सा य चक्खु सण्णीय ।**
**आहारकसायीवि य जहुण्णमंतो मुहुत्तंत्तो ॥२३५॥**

ગાથાર્થ: કાયયોગી પુરુષવેદ અથવા મનુષ્યપણું, જ્ઞાનીપણું, મિથ્યાત્વ, મિશ્રપણું, ચક્ષુદર્શન સંજ્ઞીપણું, આહારીપણું, કષાયીપણું, આ સર્વમાં જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે. (૨૩૫)

**ટીકાર્થ** : જે એકઠું કરે તે કાય એટલે શરીર, તે શરીર સંબંધી જ ફક્ત એકજ યોગ્ય જેને હોય તે કાયયોગી તેનો જઘન્યથી અંતર્મુહૂર્તનો અવસ્થિતિકાળ ઉત્કૃષ્ટથી તે આગળ ' **काओओऽणंतकाल**' ગાથામાં કહ્યો છે. જઘન્ય કાળની વિચારણા પણ એજ ગાથાની વૃત્તિમાં આગળ કરી છે માટે અહિં કરતા નથી.

**नर** એ શબ્દ વડે ભાવપ્રધાનનો નિર્દેશ કરતો હોવાથી અહિં નરત્વ સમજવું તે નરત્વ અહિં પુરુષવેદ કે મનુષ્યપણું જાણવું તેમાં પુરુષવેદનો જઘન્યથી અંતર્મુહૂર્તનો સ્થિતિકાળ છે એ આગળ **देवी पणपण्णाउ इत्थित्त** વગેરે ગાથાની ટીકામાં વિચાર્યું છે. મનુષ્યપણું તો જઘન્યથી અંતર્મુહૂર્ત થાય છે એતો પ્રસિદ્ધ છે.

મનુષ્યોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત છે એ પૂર્વમાં અહીં આગળજ પ્રતિપાદન કર્યું છે એનો ઉત્કૃષ્ટ કાળ પણ પહેલા કહ્યો છે. સામાન્યથી જેને જ્ઞાન હોય તે જ્ઞાની તે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અપર્યવસિત એટલે અનંતકાળ છે તે આ પ્રમાણે કોઈ મિથ્યાદ્રષ્ટિ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જ્ઞાની થાય છે. તે જ્ઞાનીપણે અંતર્મુહૂર્ત રહી ફરી મિથ્યાત્વને ત્યારે પામે તે અજ્ઞાની થાય છે. એ પ્રમાણે જઘન્યથી જ્ઞાનીનો અંતર્મુહૂર્તનો અવસ્થિતિકાળ હોય છે. ઉત્કૃષ્ટપણે કેવળજ્ઞાનને આશ્રયી જ્ઞાનીનો અપર્યવસિત રૂપ અનંતકાળ તો સુખરૂપે જાણી શકાય છે મિથ્યાત્વ તો જઘન્યથી અંતર્મુહૂર્તનો કાળ હોય છે તે સમકિતને સમકિતથી પડયા પછી મિથ્યાત્વે જઈ ત્યાં અંતર્મુહૂર્ત કાળ રહી ફરી સમ્યકૃત્વને પામે તેને જઘન્ય કાળ હોય છે. તે આગળ જ **मिच्छतमणाई य अपज्जवसिय**" ગાથાની વૃત્તિમાં ઉત્કૃષ્ટકાળની વિચારણા વખતે વિચારેલ છે આ મિશ્ર એટલે સમ્યગ્ મિથ્યાદ્રષ્ટિનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્તનો છે આ મિશ્રદ્રષ્ટિનો જઘન્ય અને ઉત્કૃષ્ટકાળ **सासायणेगजीवोय**" આ ગાથામાં સૂત્રકારે પહેલા જ કહ્યો છે. છતાં પણ અહિં ફરીથી જઘન્યથી અંતર્મુહૂર્ત કાળવાળા ગુણોને પ્રસંગ હોવાથી કહ્યું છે, ચઉરિંદ્રિય, પંચેંદ્રિયને ચક્ષુદ્વારા ઉત્પન્ન થયેલ સામાન્ય ઉપયોગ રૂપચક્ષુદર્શન તે પણ જઘન્યથી અંતર્મુહૂર્ત જ હોય છે. ઉત્કૃષ્ટથી પણ એનો કાળ **विब्भंगमवट्ठि** ગાથામાં કહ્યા છે પંચેંદ્રિય, સંજ્ઞી ગર્ભજ જીવ તે પણ સંજ્ઞી પણે જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ સુધી હોય છે. ઉકૃષ્ટથી અવસ્થિતકાળ '**पुरिसत्त' सण्णित्त**" ગાથામાં કહ્યો છે જે આહાર કરે તે આહારકજીવ તે પણ નિરંતર આહારી રૂપે જઘન્યથી અંતર્મુહૂર્તકાળ સુધી હોય છે.

પ્ર. : '**असंखभागंगुलाहारो**' એ ગાથામાં જે ઉત્કૃષ્ટ આહારીપણાની સ્થિતિકાળના વિવરણના પ્રસંગે ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લક ભવ ગ્રહણ રૂપ આહારકનો જઘન્યકાળ કહ્યો છે. અહીં અંતર્મુહૂર્તનો કાળ કહ્યો તો એ કાળમાં વિરોધ ન આવે.

ઉ. : એ પ્રમાણે નથી કેમકે તમને અભિપ્રાયની ખબર નથી કારણકે અહીં જે આહારીપણાનો જઘન્યસ્થિતિ કાળ રૂપે જે અંતર્મુહૂર્ત કહીએ છીએ તે અંતર્મુહૂર્ત

ત્રણ સમય ન્યૂન ક્ષુલ્લકભવ ગ્રહણના કાળ રૂપ જ જાણવું. કેમકે અંતર્મુહૂર્તના અનેક ભેદો છે. માટે કોઈપણ જાતનો વિરોધ નથી. કષાયો સામાન્યથી કષાય મોહનીયકર્મોદય રૂપ જ અહીં ગ્રહણ કરવા સામાન્યથી સકષાયીપણું ફક્ત કષાયં શબ્દ રૂપે અહીં જાણવું. તે આગમમાં સ્થિતિકાળની અપેક્ષાએ ત્રણ ભાંગામાં રહેલ છે. તે આ પ્રમાણે, 'હે ભગવંત ! સકષાયીઓ, સકષાયી રૂપે કાલથી કેટલો વખત હોય છે?

હે ગૌતમ ! સકષાયી ત્રણ પ્રકારના કહ્યા છે. તે આ પ્રમાણે અનાદિ અનંત, અનાદિ સાંત, અને સાદિ સાંત. તેમાં જે સાદિ સાંત છે. તેઓના જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ છે. તેમાં અહીં મિથ્યાત્વનો પહેલો ભાંગો અભવ્યોને, બીજો ભાંગો અનાદિ મિથ્યાત્વી ભવ્યોને, અને ત્રીજો ભાંગો ઉપશાંત વીતરાગ અવસ્થામાં અકષાયી થઈને પડતા ફરી સકષાયી થઇ અંતર્મુહૂર્ત રહ્યા પછી ફરીથી ઉપશમશ્રેણીનો સ્વીકાર કરી અકષાયી થાય ત્યારે તે જીવને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ સકષાયીપણુ આવે છે. જેઓ ઉપશાંત વીતરાગ અવસ્થાનો સ્વીકાર કરી પતિત થયા પછી સકષાયી થઈ અપાર્ધ પુદ્ગલ પરાવર્ત સુધી સંસાર સાગરમાં ભમી ફરી અકષાયી થાય તેને ઉત્કૃષ્ટ પણે સકષાયી પણાનો કાળ જાણવો. ચાલુ વિચારાતી ગાથામાં તો સકષાયીપણાનો જઘન્યકાળ ત્રીજા ભાંગીનો જાણવો. બાકીનાનો કાળ તો ઉપલક્ષણથી જાતે જાણી લેવો કેમકે ચાલુ ગાથામાં જ અંતમુહૂર્ત સ્થિતિના ગુણનો કાલ જ કહેવાનું અહીં ગ્રહણ કર્યું છે. ગાથામાં કહેલ '**जहण्णमंतोमुहुत्तंतो**' એ પદ કાયયોગ વગેરે દરેક પદ સાથે જોડવું તે જ અહીં જોડાયું છે. (૨૩૫)

આ પ્રમાણે અંતર્મુહૂર્ત સ્થિતિવાળા ગુણાનો સંગ્રહ કરી કહ્યું.

હવે જઘન્યથી એક સમયની સ્થિતિવાળા મનોયોગ વગેરે ગુણોનો સંગ્રહ કરી કહે છે.

## मणवइउरलविउव्विय आहारय कम्मजोग अणरित्थी ।
## संजम विभाग विब्भंग सासणे एगसमयं तु ॥२३६॥

**ગાથાર્થ** : મનોયોગ, વચનયોગ, ઔદારિક કાયયોગ, વૈક્રિય કાયયોગ, આહારક કાયયોગ કાર્મણકાયયોગ, નપુંસકવેદ, સ્રીવેદ, સંયમના પાંચે પ્રકારોમાં દરેકનો, સાસ્વાદનનો જઘન્યકાળ એક સમયનો છે. (૨૩૬)

**ટીકાર્થ** : 'જઘન્યથી' એ પદ આગળની ગાથામાંથી લઈ અહીં સંબંધ કરવો. યોગ શબ્દ પણ '**कम्म जोग**' પદમાં કહેલ છે. ત્યાંથી બીજા પદોની સાથે યથાયોગ્ય પણે જોડવો. તેમાં મનોયોગ જઘન્યથી એક સમયનો હોય છે. તે આ રીતે :- કોઈક ગર્ભજ પંચેન્દ્રિય મન પર્યાપ્તિ વડે પર્યાપ્ત થઇ એક સમય જીવી પછી તરત મરણ પામે

ત્યારે એક સમયનો મનોયોગ થાય છે. એ પ્રમાણે વચનયોગ પણ જઘન્યથી એક સમયનો હોય છે. કોઇક બેઇન્દ્રિય વગેરે જીવ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્ત થઇ એક સમય જીવીને પછી મરણ પામે તો તેને એક સમયનો વચનયોગ થાય છે.

કોઇક ઔદારિક શરીરી વૈક્રિય કરીને કાર્ય પૂર્ણ થયા પછી વૈક્રિયને છોડી ફરી ઔદારિકને પ્રાપ્ત કરી એક સમય જીવીને મૃત્યુ પામે કે કાર્મણયોગી થાય કે વૈક્રિયયોગી થાય છે. આ વિવક્ષાથી ઔદારિક કાયયોગનો જઘન્યથી એક સમયની સ્થિતિ થાય છે. વૈક્રિય લબ્ધિ વગરના પૃથ્વીકાય વગેરેનો ઔદારિક કાયયોગ જઘન્યથી પણ અંતર્મુહૂર્તનો જ કાળ જાણવો. ઔદારીક શરીરી વાયુકાય વગેરેએ વૈક્રિયનો આરંભ કર્યો, આરંભ કર્યા પછી એક સમય જીવીને મૃત્યુ પામે કે બીજા કોઇ યોગને પામે આ રીતે પણ વૈક્રિય કાયયોગ પણ જઘન્યથી એક સમયનો હોય છે.

ચૌદ પૂર્વધર આહારક શરીરને યોગ્ય પુદ્ગલોને એક સમય ગ્રહણ કરીને મૃત્યુ પામે. આ રીતે આહારક કાયયોગનો જઘન્યથી એક સમય છે. એમ કેટલાક આચાર્યો વ્યાખ્યા કરે છે. પરંતુ આ મત આગમ માન્ય નથી લાગતો કેમકે આગમમાં તો આહારક શરીરનો જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનો સ્થિતિકાળ જણાવ્યો છે. તેથી આહારક શરીર કરેલ ચૌદ પૂર્વધર કાર્યસિદ્ધિના નજીકના કાળમાં મનયોગ કે વચનયોગ પૂર્ણ કરીને ફરીથી એક સમય આહારક કાયયોગને અનુભવી ઔદારિક શરીરને સ્વીકારે છે. એ પ્રમાણે કોઇપણ વિવક્ષા વડે જો જઘન્યથી આ એક સમયની સ્થિતિ આહારક કાયયોગને થાય છે. વધુ વિસ્તારથી સર્યું.

જ્યારે વિગ્રહગતિમાં જીવ એક સમય અનાહારી થાય છે. ત્યારે કાર્મણ કાયયોગને જઘન્યથી એક સમય જાણવો. **न नरः अनरः** પુરૂષને દૂર કરવાના આશ્રયથી અહીં નપુંસક જાણવો. તેથી નપુંસક અને સ્ત્રી એટલે અનરસ્ત્રી. **अनरस्त्री** એટલે નપુંસકવેદ અને સ્ત્રી વેદ તે બન્નેનો જઘન્યથી એક સમયનો સ્થિતિકાળ છે. એ જઘન્ય સ્થિતિ '**देवी पणपण्णाऊ**' ગાથાની ટીકામાં વિચારાયો છે. સંયમ એટલે સામાન્યથી ચારિત્ર રૂપે અહીં સમજવું. તે ચારિત્રના ભેદો સામાયિક, છેદોપસ્થાનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, અને યથાખ્યાત રૂપે પાંચ છે એ પાંચ ભેદો જઘન્યથી એક સમયની સ્થિતિવાળા છે, એની પણ ભાવના '**छावट्ठिउयहिनामा साहिया**' ગાથાના વિવરણમાં બતાવી છે. વિભંગજ્ઞાન પણ જઘન્ય એક સમયની સ્થિતિવાળું છે તે **विब्भंगस्स भवट्ठिइ** ગાથાની ટીકામાં જે પ્રમાણે છે તે બતાવ્યું છે.

સાસ્વાદન સમ્યક્ત્વ પણ જઘન્યથી એક સમય છે. તે સૂત્રકારે જ **सासयणेग-जीवीय** ગાથામાં આગળ કહ્યું છે. ફક્ત સમય સ્થિતિવાળા ગુણોનો સંગ્રહના હિસાબે

ફરીથી કહ્યું છે. માટે પુનરુકતાનો દોષ ન જાણવો. મનોયોગ વગેરેનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ સૂત્રમાં આગળ કહ્યો છે માટે અહીં ફરી નથી કહેતા. (૨૩૬)

પહેલા સામાયિક વગેરે પાંચે ચારિત્રના ભેદોનો એકેક જીવ આશ્રયી જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિકાળ કહ્યો છે. હવે છેદોપસ્થાનીય, પરિહાર-વિશુદ્ધિ ચારિત્રનો અનેક જીવ આશ્રયી સતત જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટથી કેટલો કાળ હોય છે તેનો વિશેષથી વિચારવાની ઇચ્છાથી જઘન્ય કાળ કહે છે.

## अड्ढाइज्जाय सया वीसपुहुत्तं च होइ वासाणं ।
## छेयपरिहारठाणं जहण्ण कालाणुसारो ऊ ॥ २३७ ॥

ગાથાર્થ : જઘન્યથી અઢીસો વર્ષ, છેદોપસ્થાનીય ચારિત્રનો કાળ છે. અને પરિહાર વિશુદ્ધીનો જઘન્યકાળ વીસપૃથકત્વ વર્ષ પ્રમાણ છે.

**ટીકાર્થ** : જઘન્યથી અઢીસો વર્ષ અનેક જીવ આશ્રયી છેદોપસ્થાપનીય ચારિત્રનો કાળ છે. એ કાળ ઉત્સર્પિણીના ત્રીજા આરે નેવ્યાસી પખવાડીયા ગયા પછી પહેલા તીર્થંકરની ઉત્પત્તિ થાય પછી છેદોપસ્થાપનિય ચારિત્ર શરૂ થાય છે. તે અઢીસો વર્ષ સુધી તે પ્રથમ તીર્થંકરના શાસનમાં રહે છે. તે પછી બીજા તીર્થંકરના તીર્થમાં છેદોપસ્થાપનીય ચારિત્રનો અભાવ હોય છે.

પરિહારવિશુદ્ધિ ચારિત્રવંતોની જઘન્યથી સતત વિદ્યમાનતા વીશ પૃથક્ત્વ વર્ષ સુધી હોય છે. તે શી રીતે હોય છે તે કહે છે.

સો વર્ષના આયુવાળા નવના ગણ આગળ કહેલા કારણે ઓગણત્રીસ વર્ષ પછી અવસર્પિણીના છેલ્લા તીર્થંકર પાસે પરિહાર વિશુદ્ધિ ચારિત્રને સ્વીકારી એકોત્તેર વર્ષ સુધી સતત પાલન કરી, આયુષ્યના અંતે તેમની પાસે બીજા સો વર્ષના આયુવાળા નવનો ગણ પૂર્વમાં કહેલ યુક્તિથી જ ઓગણત્રીસ વર્ષ પછી આ ચારિત્રનો સ્વીકાર કરે અને એકોત્તેર વર્ષ સુધી સતત પાલન કરે. તે પછી આ ચારિત્રનો કોઈપણ સ્વીકાર કરતું નથી. કારણકે તીર્થંકર અને તીર્થંકર પાસે સ્વીકારેલ આ ચારિત્રવાળા સિવાય બીજા પાસે આ ચારિત્રનો સ્વીકાર થઇ શકતો નથી. આ પ્રમાણે હોવાથી એકસો બેતાળીશ વર્ષ સુધી સતત આ ચારિત્રની વિદ્યમાનતા હોય છે. આજ કાળને વીસ પૃથકત્વ રૂપે ગણેલો છે એમ જાણવું. બે વર્ષ અધીક સાતવીસી એટલે એકસો બેતાલીસ વર્ષનો વીસપથકૃત્વમાં સમાવેશ થાય છે. (૨૩૭)

આ જ બે ચારિત્રનો અનેકજીવ આશ્રયી ઉત્કૃષ્ટ કાળ કહે છે.

**कोडिसय सहस्साइं पन्नासं हुंति उयहिनामाणं ।**
**दो पुव्व कोडिऊणा नाणाजीवेहिं उक्कोसं ॥२३८॥**

ગાથાર્થ : પચાસ લાખ કોડી સાગરોપમનો છેદોપસ્થનીયનો અને બે પૂર્વક્રોડ ઉણા વર્ષો પરિહારવિશુદ્ધિનો અનેક જીવ આશ્રયી ઉત્કૃષ્ટ કાળ છે. (૨૩૮)

**ટીકાર્થ** : અનેક જીવોને આશ્રયીને છેદોપસ્થાપનીય ચારિત્રનો ઉત્કૃષ્ટ કાળ પચાસ-લાખ ક્રોડ સાગરોપમનો થાય છે. છેદોપસ્થાનીય પૂર્વ ગાથામાંથી અહીં અનુવર્તે છે. અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકરના તીર્થમાં પચાસ લાખ ક્રોડ સાગરોપમ પ્રમાણ કાળ સુધી નિરંતર અવ્યવચ્છિન્ન પણે હોય છે. બીજા વગેરે તીર્થંકરોના તીર્થોમાં છેદોપસ્થાપનીય ચારિત્રનો અભાવ છે. આગળની ગાથામાંથી અહીં પરિહારવિશુદ્ધિ ચારિત્રનું અનુવર્તન કરવું. અનેક જીવોને આશ્રયી પરિહારવિશુદ્ધિ ચારિત્ર દેશોન પૂર્વક્રોડ વર્ષ સુધી સતત પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે ;–અવસર્પિણી કાળમાં પહેલા તીર્થંકરની પાસે પૂર્વક્રોડ આયુવાળા નવ જણનો એક ગણ ઓગણત્રીસ વર્ષના પોતાના આયુષ્યના વીત્યા પછી પરિહાર વિશુદ્ધિ ચારિત્રનો સ્વીકાર કરે અને આજીવન સુધી યથાવત પાલન કરી આયુષ્યના અંત વખતે તેમની પાસે પૂર્વક્રોડ વર્ષાયુવાળા નવ જણનો બીજો ગણ પોતાના આયુષ્યના ઓગણત્રીસ વર્ષ વિત્યા પછી પરિહારવિશુદ્ધિ ચારિત્ર સ્વીકારે છે અને યાવજ્જીવ પાલન કરે, એ પછી બીજા કોઈપણ એ ચારિત્ર ન સ્વીકારે. કારણકે તીર્થંકર અને તીર્થંકર પાસે પરિહારવિશુદ્ધિ ચારિત્ર સ્વીકારનાર સિવાય બીજા પાસે એના સ્વીકારની અનુજ્ઞાનો નિષેધ છે. એમ અઠ્ઠાવન વર્ષ ન્યૂન રૂપ દેશોન બે પૂર્વ ક્રોડ વર્ષ સુધી ઉત્કૃષ્ટથી આ ચારિત્ર સતત પ્રાપ્ત થાય છે.

આ બે ચારિત્રો છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિ, ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલમાં પહેલા અને છેલ્લા તીર્થંકરના તીર્થોમાં હોય છે. વચ્ચેના બાવીસ તીર્થંકરના ટાઈમમાં તેમજ મહાવિદેહ ક્ષેત્રમાં તેનો અભાવ હોય છે. માટે ત્યાં આગળ બતાવ્યા નથી. પ્રજ્ઞપ્તિમાં પણ કહ્યું છે કે, "હે ભગવંત ! છેદોપસ્થાપનીય સંયતો કાળથી કેટલો વખત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી અઢીસો વર્ષ અને ઉત્કૃષ્ટપણે પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી."

"હે ભગવંત ! પરિહારવિશુદ્ધિ સંયતો કાલથી કેટલો વખત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી બસો વર્ષમાં કંઈક ન્યૂન અને ઉત્કૃષ્ટથી દેશોન બે પૂર્વક્રોડ વર્ષ.

પ્ર. : તમારે આ પ્રમાણે જ સામાયિક વગેરે ચારિત્રનો પણ કાળ કહેવો જોઈએ. શા માટે તમે તે સામાયિક વગેરેને છોડી આ બે ચારિત્રનો જ કાળ કહ્યો ?

ઉ. : સાચી વાત છે. પરંતુ સામાયિક અને યથાખ્યાત ચારિત્ર તો મહાવિદેહ ક્ષેત્રમાં હંમેશા સર્વકાળે હોય છે અને સૂક્ષ્મસંપરાય ચારિત્રનો જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનો કાળ જાતે જ જાણી લેવો.

કહ્યું છે કે "હે ભગવંત! સૂક્ષ્મસંપરાય સંયતો કાળથી કેટલો વખત હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે" તે પછી ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણીનું અંતર પડે છે અને શ્રેણી સિવાય બીજા સ્થાને આ સૂક્ષ્મસંપરાય ચારિત્ર હોતું નથી. (૨૩૮)

એક જીવ આશ્રયી યોગોનો કાળ કહ્યો હવે અનેક જીવ આશ્રયી તે યોગોનો સ્થિતિકાળ કહે છે.

## पल्ला संखियभागो वेउव्विय मिस्सगाण अणुसारो ।
## भिन्न मुहुत्तं आहारमिस्स सेसाण सव्वध्धं ॥२३९॥

**ગાથાર્થ : વૈક્રિયમિશ્રનો સતતકાળ પલ્યોપમનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. આહારક મિશ્રનો સતતકાળ અંતર્મુહૂર્ત છે અને બાકીના યોગો સર્વકાળ હોય છે.**

**ટીકાર્થ** : જેમાં કાર્મણ સાથે વૈક્રિયનું મિશ્રપણું તે વૈક્રિયમિશ્ર. તે વૈક્રિય મિશ્ર યોગીઓનો નિરંતર હયાતી રૂપ કાળ પલ્યોપમનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. નરક કે દેવગતિમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સુધી ઉત્કૃષ્ટ પણે વૈક્રિયમિશ્ર કાયયોગ સતત પ્રાપ્ત થાય છે. તે પછી અંતર પડે છે જો વૈક્રિયલબ્ધિધારી તિર્યંચ મનુષ્યોના વૈક્રિયશરીરના આરંભ વખતે કે તેના ત્યાગ વખતે જે વૈક્રિયમિશ્ર કાયયોગ બીજા સ્થાને કહેલ છે તે પણ અહીં ગણીએ તો એ હંમેશા હોય છે એનો વિચ્છેદ ક્યારે પણ હોતો નથી. કહ્યું છે કે "સામાન્યથી વૈક્રિયમિશ્ર શરીર કાયયોગીઓ નારક વગેરે હંમેશા હોય છે."

ઔદારિક સાથે આહારકની જેમાં મિશ્રિતા છે તે આહારકમિશ્ર કાયયોગ. તે અંતર્મુહૂર્ત સુધી સતત પ્રાપ્ત થાય છે તે પછી નહીં તે આ પ્રમાણે હોય છે. પંદર કર્મભૂમિઓમાં આહારક મિશ્ર કાયયોગમાં રહેલ ચૌદ પૂર્વધર સતત અંતર્મુહૂર્ત સુધી હોય છે. તે પછી આહારક યોગ હોય કે તેનો અભાવ હોય છે.

ઉપર કહેલ બે યોગ તથા ત્રીજા આહારક કાયયોગ સિવાયના બાકીના સત્ય, અસત્ય વગેરે ભેદવાળા મનોયોગ, તથા વચનયોગ, ઔદારિક મિશ્ર, વૈક્રિયકાર્મણ કાયયોગો જુદા જુદા જીવો આશ્રયી સર્વકાળ હોય છે. અનેક જીવોમાં બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિયોમાં સત્ય, અસત્ય, મિશ્ર અને અનુભય ભેદવાળા મનોયોગ તથા વચનયોગ હંમેશા અવ્યવચ્છિન્ન પણે હોય છે. ઔદારિક અને ઔદારિકમિશ્ર શરીરો બન્ને અસંખ્યાતા લોકાકાશના પ્રદેશની રાશિ પ્રમાણ હંમેશા સામાન્યથી તિર્યંચ મનુષ્યોમાં અવ્યવચ્છિન્નપણે હોય છે વૈક્રિય શરીરો પણ નારક વગેરે અનેક જીવોમાં અસંખ્યતી શ્રેણીના પ્રદેશની રાશિ પ્રમાણ હંમેશા આલોકમાં અવ્યવચ્છિન્નપણે હોય છે. અનંતા કાર્મણશરીરો તો સર્વ સંસારી જીવોના હંમેશા હોય છે એનો વ્યવચ્છેદ કદીએ હોતો નથી.

પ્ર. : શું આહારક કાયયોગ હંમેશા નથી હોતું ? કે જેથી એને અહીં છોડી દીધું છે ?

ઉ. : હા એ પ્રમાણે જ છે કહ્યું છે કે આહારક વગેરે લોકમાં ઉત્કૃષ્ટથી ક્યારેક છ મહિના સુધી નથી હોતા અને જઘન્યથી નિયમ, એક સમય સુધી આહારક શરીરીઓ જઘન્યથી એક, બે, ત્રણ ચાર પાંચ હોય છે. ઉત્કૃષ્ટથી એકી સાથે સહસ્ર પૃથક્ત્વ હોય છે.

આ ગાથામાં અહીં 'सेसाणसव्वद्ध' એમ કહેવા વડે આહારક કાયયોગનું પણ ગ્રહણ થઇ જાય છે. છતાં પણ સિદ્ધાંતાનુસારે તેનું વર્જન સ્વયં કરી લેવું. કેમકે ગાથાના અવયવોની પ્રવૃત્તિ પ્રાયિક હોય છે.

આ પ્રમાણે ભવસ્થિતિ, કાયસ્થિતિ, ગુણવિભાગસ્થિતિ, રૂપ ત્રણે પ્રકારનો જીવસમાસ વિષયક કાળ કહ્યો. હવે ઉપસંહાર કહે છે.

**एत्थ य जीवसमासे अणुमज्जिय सुहुमनिउणमइकुसलो ।**
**सुहुमं कालविभागं विभएज्ज सुयम्मि उवउत्तो ॥२४०॥**

**ગાથાર્થ : સૂક્ષ્મ નિપુણ મતિકુશલોએ અહીં જીવસમાસમાં ડુબકી લગાવી. શ્રુતમાં ઉપયોગવાળા બની સુક્ષ્મકાળ વિભાગને પણ જાણવો. (૨૪૦)**

**ટીકાર્થ** : શ્રુતસમુદ્ર અપાર છે. તેમાં કહેલા જીવસમાસ વિષય પદાર્થોમાં કેટલાનો કાળ હું કહું ? તેથી આ જીવસમાસોમાં કાળદ્વાર આશ્રયીને વિચારણીય રૂપે કેટલાક સ્થૂલ વિષયોનો મારા વડે પણ કહેવાયા છે. પરંતુ સૂક્ષ્મ મતિથી જાણવાં યોગ્ય બીજા પણ કેટલાક સૂક્ષ્મ પદાર્થો જીવસમાસના વિષયરૂપે સંભવે છે. તેનો સ્થિતિકાળ વિભાગરૂપ ભેદને શ્રુતના ઉપયોગાનુસારે જાતે જાણી લેવા. શી રીતે જાણવા.

તે પદાર્થોને શ્રુતસમુદ્રમાં ડુબકી લગાવી વિચારવા પૂર્વક સૂક્ષ્મ નિપુણમતિ કુશલો એ જાણવું. અતિ કઠીન એવા પદાર્થોની અંદર પેસીને તત્વના બોધપૂર્વક અતિસૂક્ષ્મ, વળી સૂક્ષ્મ, સૂક્ષ્મતર, અને સૂક્ષ્મતમ પદાર્થોને જાણવામાં દક્ષ હોવાથી નિપુણ છે. જે બુદ્ધિ તે બુદ્ધિ વડે કુશલ એટલે વિદ્વાન હોય તે સૂક્ષ્મ નિપુણમતિ કુશલ કહેવાય એનો અર્થ આ પ્રમાણે છે, બીજાના કહેવા માત્રને ધારણ કરવાથી પણ સદેહ હોવાનો સંભવ રહે છે. માટે પોતાની બુદ્ધિ વડે જાણીને દૂર રહેલ હોવાથી ઉપર કહેલ બુદ્ધિવડે જ કોઇ શ્રુતના અનુસરે બીજા પણ જીવ સમાસની વિષયોને વિચારી યથા યોગ્ય કાળવિભાગ કહેવો (૨૪૦)

આ પ્રમાણે જીવસમાસ વિષયક સ્થિતિકાળ કરવો. હવે આજીવ વિષયક કાલ કહે છે.

तिण्णि अणाइ अणंता तीयद्धा खलु अणाइया संता ।
साइ अणंता एसो समओ पुण वट्टमाणद्धा ॥२४१॥

ગાથાર્થ : ત્રણ દ્રવ્યો અનાદિ અનંતકાળની સ્થિતિવંત છે. કાળદ્રવ્ય ત્રણ પ્રકારે છે. તેમાં અનાદિસાંત, સાદિ અનંત, અને વર્તમાનકાળ સમય રૂપ છે. (૨૪૧)

ટીકાર્થ : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગલો એમ પાંચ અજીદ્રવ્યો છે. એઓમાં દ્રવ્યાર્થરૂપે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય રૂપે ત્રણે અજીવ દ્રવ્યોનો અનાદિ અનંતકાળ છે. અનાદિ કાળથી તે દ્રવ્યો સામાન્ય રૂપે પ્રવૃત્ત થયેલા છે. ભવિષ્યકાળમાં કોઈક વખત પણ તેનો વ્યવચ્છેદ નથી કાળદ્રવ્ય સામાન્યથી આ જ યુક્તિ વડે અનાદિ અનંત જ છે. પણ વિશેષથી વિચારતા તેના ત્રણ ભેદો છે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ અદ્ધા શબ્દ સ્રીલિંગને જણાવનાર કાળવાચી અવ્યય છે. તેથી અતિત એજ અદ્ધા છે તે અતીત અદ્ધા, એટલે ભૂતકાળ. તે અતીતકાળ રૂપ અતીત અદ્ધા જ અનાદિ સાંત છે. જેની આદિ એટલે શરૂઆત નથી તે અનાદિ.

જે અંત સાથે રહેલ છે તે સાંત એટલે જેનો અંત હોય છે. તે, જણાવનારના જણાવવાના કાળની સમય મર્યાદાને સ્વીકારી અતીતકાલની અતીતઅદ્ધાની મનાય છે. તેથી તે અતીત અદ્ધા અનાદિકાળથી ચાલી રહેલ હોવાના કારણે તેનું અનાદિપણું છે. અને વર્તમાન સમય સુધી જ તે હોવાથી તેનું સાન્તપણું છે.

વર્તમાન સમય પછી જ પ્રવર્તશે તે એષ્યકાળ. (ભવિષ્યકાળ) તે એષ્યઅદ્ધા સાદિ અનંતકાળની છે. કેમકે તે વર્તમાન સમય પછી તેની પ્રવૃત્તિ છે માટે સાદિપણું અને આગળ તેનો અંત નથી માટે અનંતપણુ છે. એષ્યકાળ એટલે ભવિષ્યકાળ કહેવાય. પ્રજ્ઞાપકની પ્રરૂપણાની વર્તે તે છે અપેક્ષા જે હમણા જ વર્તમાન એ જ અદ્ધા છે તે વર્તમાન અદ્ધા તે ફક્ત એક સમય રૂપ જ છે. વીતેલા સમયો અતીત અદ્ધામાં મળેલ છે અને આવનારા સમયો એષ્ય અદ્ધામાં મળેલા છે માટે તે સિવાયનો બાકી રહેલ એકજ સમયરૂપ વર્તમાન અદ્ધા કહેવાય છે. (૨૪૧)

હવે પુદ્ગલ રૂપ અજીવોનો સ્થિતિકાળ કહે છે.

कालो परमाणुस्स य दुपएसाईणमेव खंधाणं ।
समओ जहण्णमियरो उस्सप्पिणीओ असंखेज्जा ॥२४२॥

**ગાથાર્થ : પરમાણુ અને બે પ્રદેશ વગેરેના સ્કંધોનો દરેકનો કાળ કેટલો થાય છે જઘન્યથી એક સમય છે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતી ઉત્સર્પિણી કાળ છે.**

પરમાણુ અને બે પ્રદેશ વગેરેના સ્કંધોનો દરેકનો કાળ કેટલો થાય છે ? જઘન્યથી **એક સમય,** ઇતર એટલે ઉત્કૃષ્ટથી **અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી** કાળ હોય છે એકલો પરમાણુ, પરમાણુ રૂપે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતિ ઉત્સર્પિણી અવસર્પિણી સુધી રહે છે. એ પ્રમાણે દ્વયણુક સ્કંધ પણ દ્વયણુક સ્કંધ રૂપે એટલી જ સ્થિતિવાળો હોય છે. એજ રીતે ત્ર્યણુક સ્કંધ પણ, ચતુરણુકસ્કંધ પણ યાવત અનંતાણુક સ્કંધ એટલીજ સ્થિતિવાળો કહ્યો છે યા કહેવો. (૨૪૨)

આ પ્રમાણે પાંચેય અજીવદ્રવ્યોનો સ્થિતિકાળ કહ્યો તે કહેવાથી જીવો અને અજીવોનો કાળવિચાર પૂર્ણ થયો. તે પૂર્ણ થવાથી કાળદ્વાર રૂપ પાંચમું દ્વાર સમાપ્ત થયું.

**કાળદ્વાર સમાપ્ત**

# વિભાગ છઠ્ઠો

# અંતરદ્વાર

## પ્રકરણ ૧ લું

## ઉપપાતસ્થાન

હવે 'संतपयपरूवणया' ગાથામાં જણાવેલ અંતર લક્ષણ રૂપ છઠ્ઠું દ્વાર કહે છે જે અહીં દ્વારમાં કહેવાનું છે. તેની પ્રતિજ્ઞા કરવા માટે અંતરના સ્વરૂપને કહે છે.

**जस्स गमो जस्स भवे जेण य भावेण विरहिओ वसइ ।**
**जाव न उवेइ भावो सो चेव तमंतरं हवइ ॥२४३॥**

**ગાથાર્થ** : જેની જે ભવમાં ઉત્પત્તિ થઈ હોય અને જે ભાવ વડે વિરહિત થઇ ત્યાં રહે છે તે જ જ્યાં સુધી તે ભાવને ફરી ન પામે તે તેનું અંતર કહેવાય.

**ટીકાર્થ** : જે મરેલ મનુષ્ય વગેરેનો બીજા ભવમાં જતા જે નરકગતિ કે તિર્યંચગતિ વગેરેમાં ગમન એટલે ઉત્પત્તિ છે તે અહિં આ દ્વારમાં કહેવાશે, અને એનું અંતર સ્વરૂપ પણ કહેવાશે. તે અંતર એટલે શું ? જે જીવ વડે પૂર્વમાં અનુભવેલ નારક વગેરેના પર્યાયથી રહિત થઈ બીજા મનુષ્ય વગેરે પર્યાયમાં વસે અને પૂર્વમાં અનુભવેલ તે ભાવને ફરી જ્યાં સુધી ન પામે ત્યાં સુધીનો વચ્ચે જે કાંઇ અંતરાલ કાળ થાય છે તે અંતરકાળ કહેવાય છે. તેને અંતરકાળ જાણવો. જેમ કોઇક જીવ નારક પર્યાયને અનુભવી ત્યાંથી નિકળીને નારકપર્યાય રહિત અનંતકાળ મનુષ્ય વગેરે પર્યાયોમાં રહી તેના અંતે મોક્ષને પ્રાપ્ત ન કરેલ હોવાથી તે જીવનો નારકપર્યાય જરૂર થાય છે. તે જીવનો નરકગતિ સિવાય બીજે ફરતા જે તેનો કાળ થયો તે તે રૂપ તેનો અંતરકાળ જાણવો. ઉપલક્ષણથી અહીં ગતિ, ઉપપાત, વિરહ વગેરે રૂપ અંતર કહેવાશે. (૨૪૩)

અંતરકાળ કહેવામાં ઉપકારક હોવાથી, કયા જીવની કઇ ગતિમાં ઉત્પત્તિ છે તે અહિં કહેશે.

**सव्वागइ नराणं सन्नि तिरिक्खाण जा सहस्सारो ।**
**धम्माए भवणवंतर गच्छइ सयलिंदिय असण्णी ॥२४४॥**

**ગાથાર્થ** : મનુષ્યોની પરલોકમાં સર્વગતિઓ હોય છે. સંજ્ઞી તિર્યંચો સહસ્રાર દેવલોક સુધી, અસંજ્ઞી પંચેંદ્રિયની ધર્માનારક અને ભવનપતિ વ્યંતરમાં ગતિ છે.

**ટીકાર્થ** : મનુષ્યોની પરલોક ગયે છતે બધીયે ગતિ થાય છે. તે મનુષ્યો મર્યા

પછી નરક, તિર્યંચ, દેવ, નર રૂપ સંસારી ચારે ગતિઓમાં તેમજ સંસારી ચાર ગતિ સિવાય સિદ્ધગતિમાં પણ જાય છે. પંચેંદ્રિય તિર્યંચ સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે પ્રકારે છે. તેમાં સંઘની પંચેદ્રિય નરક તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ રૂપ ચારે ગતિમા ઉત્પન્ન થાય છે. ફક્ત દેવગતિમાં એમની જે વિશેષતા છે તે કહે છે, સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચો દેવગતિમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિઓમાં સર્વ સ્થાને ઉત્પન્ન થાય છે. પરંતુ વૈમાનિકોમાં આઠમા સહસ્રાર દેવલોક સુધી જ ઉત્પન્ન થાય છે. આગળ આનત વગેરે દેવલોકમાં ઉત્પન્ન થતા નથી. કારણ કે તેવા પ્રકારની યોગ્યતાનો અભાવ હોવાથી. અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ પણ નરક વગેરે ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે. ફક્ત નરક અને દેવગતિમાં ઉત્પન્ન થવામાં જે એમની વિશેષતા છે, તે કહે છે, જેમને સંપૂર્ણ પાંચે ઇંદ્રિયો છે તે સકલેંદ્રિય અસંજ્ઞી પંચેદ્રિય સંમૂર્ચ્છિમ તિર્યંચો નારકમાં ઉત્પન્ન થાય થાય તો ધર્મા નામની પહેલી નરકમાં જ ઉત્પન્ન થાય છે. પણ બીજી વગેરે નરકપૃથ્વીઓમાં ઉત્પન્ન થતા નથી. પહેલી નરકમાં પણ ઉત્કૃષ્ટથી પલ્યોપના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યમાં જે ઉત્પન્ન થાય છે અધિક આયુમાં નહિં.

દેવગતિમાં પણ ભવનપતિ અને વ્યંતરોમાં જ ઉત્પન્ન થાય છે. પણ જ્યોતિષી કે વૈમાનિકોમાં નહીં, તેમાં પણ આગળની જેમ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યમાં જ ઉત્પન્ન થાય છે પણ વધારેમાં નહીં. (૨૪૪)

સંજ્ઞી અને અસંજ્ઞી પંચેદ્રિય તિર્યંચોની ગતિ કહી.

હવે બાકીના એકેંદ્રિય વગેરે તિર્યંચો ક્યાં ઉત્પન્ન થાય છે તે કહે છે.

**तिरिएसु तेऊवाऊ सेसतिरिक्खा य तिरिय मणुएसु ।**
**तमतमया सयलपसूमणुयगइ आणयाइया ।।२४५।।**

ગાથાર્થ : તેઉકાય અને વાયુકાય, (એકેંદ્રિય તિર્યંચો) તિર્યંચોમાં જ ઉત્પન્ન થાય બાકીના તિર્યંચો તિર્યંચ અને મનુષ્યોમાં, તમતમા નારકોના નારકો પંચેદ્રિય તિર્યંચોમાં અને આનત વગેરે દેવો મનુષ્યો તિર્યંચોમાં ઉત્પન્ન થાય (૨૪૫)

ટીકાર્થ : તેઉકાય, વાયુકાય અને એકેંદ્રિય તિર્યંચોમાં જ ઉત્પન્ન થાય છે પણ બીજી ગતિમાં ઉત્પન્ન થતા નથી. અગ્નિકાય અને વાયુકાયની એક તિર્યંચગતિ જ ઉત્પત્તિનું સ્થાન છે. બાકી દેવ, નારક મનુષ્ય રૂપ ત્રણ ગતિમાં એ જીવો ઉત્પન્ન થતા જ નથી.

ઉપર કહ્યા સિવાયના બાકી રહેલ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય રૂપ એકેંદ્રિયો તથા બેઇંદ્રિયો, તેઇંદ્રિયો, અને ચઉરિંદ્રિયો રૂપ વિકલેંદ્રિયો તિર્યંચ અને મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે. પણ દેવ નારકોમાં ઉત્પન્ન થતા નથી.

પ્ર. : આમ તિર્યંચો અને મનુષ્યોના ઉત્પત્તિસ્થાન જણાવ્યા પણ નારક અને દેવો ક્યાં ઉત્પન્ન થાય છે?

ઉ. : સકલ શબ્દ વડે અહીં ઇંદ્રિયોને આશ્રયી પરિપૂર્ણ અર્થમાં લેવો તે સંપૂર્ણ ઈંદ્રિયો પાંચ જ છે. પશુ એટલે તિર્યંચ તમસ્તમપ્રભા નામની સાતમી પૃથ્વીના નારકો ત્યાંથી નીકળી પંચેદ્રિય તિર્યંચો જ થાય છે મનુષ્ય વગેરે રૂપે નથી થતા.

નવમા દેવલોકથી લઇને ઉપરના દેવલોકો પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક, અનુત્તર વિમાનવાસી દેવો તે આનત વગેરે દેવો ફક્ત મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે પણ તિર્યંચ વગેરેમાં નહીં. (૨૪૫)

બાકીના નારકો અને દેવો ક્યાં ઉત્પન્ન થાય છે?

**पंचेदिय तिरियनरे सुरनेरइया य सेसया जंति ।**
**अह पुढवो उरय हरिए ईसाणंता सुरा जंति ॥२४६॥**

ગાથાર્થ : બાકીના દેવ, નારકો પંચેદ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. તથા ઈશાન સુધીના દેવો પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાયમાં જાય છે. (૨૪૬)

**ટીકાર્થ** : કહ્યા સિવાય બાકી રહેલ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર અને સહસ્રાર દેવલોકવાસી દેવો તથા રત્નપ્રભા વગેરે છ નરકોના નારકો, પંચેંદ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં જાય છે.

પ્ર. : આ ભવનપતિ વગેરે દેવો તિર્યંચોમાં શું પંચેંદ્રિયોમાં ઉત્પન્ન થાય છે કે બીજા એકેન્દ્રિય વગેરેમાં પણ ઉત્પન્ન થાય છે. એમ બીજા ગ્રંથોમાંથી સાંભળ્યું છે તે બરાબર છે?

ઉ. : અથ શબ્દ વિશેષતા બતાવવા માટે છે. ભવનપતિથી લઇ, ઇશાન સુધીના દેવો વિશેષથી વિચારતા બાદર પર્યાપ્ત પૃથ્વીકાય અપ્કાય અને પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિ-કાયમાં જ ઉત્પન્ન થાય છે પણ બાકીના એકેંદ્રિયો કે વિકલેંદ્રિયોમાં ઉત્પન્ન નથી થતા. સનત્કુમાર વગેરે દેવલાકના દેવો તો પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યોમાં જ ઉત્પન્ન થાય છે પણ બીજા સ્થાને થતા નથી. (૨૪૬)

## પ્રકરણ—૨જું

### અંતરઅભાવકાળ

આ પ્રમાણે ચારેગતિના જીવોનું ઉત્પત્તિસ્થાન જણાવ્યું હવે ગતિ ઉપપાત, ઉદ્વર્તનાના વિરહ રૂપ અંતરનું આગળ પ્રતિપાદન કરવાનું હોવાથી, જે જીવોની નિરંતર ઉત્પત્તિ અને નિરંતર ઉદ્વર્તનનો વિરહ કયાં સુધી નથી હોતો તે બતાવતા કહે છે.

**चयणुववओ एगिंदियाण अविरहियमेव अणसमयं ।**
**हरियाणंता लोगा सेसा काया असंखेज्जा ॥२४७॥**

ગાથાર્થ : **એકેંદ્રિયનો ચ્યવન અને ઉપપાત અવિરહિત પણે દરેક સમયે હોય છે તેમાં વનસ્પતિકાયના જીવ અનંતા લોક પ્રમાણ અને બાકીની કાયના જીવો અસંખ્યાતા લોક પ્રમાણે ચ્યવે અને ઉત્પન્ન થાય (૨૪૭)**

**ટીકાર્થ** : પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય, રૂપ એકેંદ્રિયનો ચ્યવન એટલે મરણ અને ઉપપાત એટલે જન્મ એ બંન્ને સર્વને દરેક સમયે અવિરહિત પણે સતત હોય છે. પૃથ્વીકાય વગેરે દરેક એકેંદ્રિયોમાં જીવોની દરેક સમયે ઉત્પત્તિ હોય છે. મરીને દરેક બીજા ભવમાં જવા રૂપ ચ્યવન પણ તેઓ દરેકમાં પ્રાણીઓને દરેક સમયે અવિરહિત પણે સતત હોય છે. જીવોની ઉત્પત્તિ અને મરણ દરેક સમયે હોવાથી એમાં અંતર કદીપણ હોતું નથી. તો પછી આ પૃથ્વીકાય વગેરેમાં સમયે સમયે કેટલા જીવ ઉત્પન્ન થાય છે? અને મરે છે? સામાન્યથી વનસ્પતિકાય રૂપ એકેંદ્રિયમાં અનંતા લોકાકાશના પ્રદેશરાશિ જેટલા જીવો સમયે સમયે ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. વિભક્તિનો ફેરફાર થયો હોવાથી સાતમીના સ્થાનેલી પહેલી વિભક્તિ થઈ છે બાકીના પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય રૂપ ચાર એકેંદ્રિયોમાં દરેકની અંદર અસંખ્યાત લોક પ્રમાણ હોય છે. એટલે અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ રાશિ પ્રમાણે જીવો સમયે સમયે ઉત્પન્ન થાય છે, અને મરે છે એમ જાતે જાણી લેવું. વનસ્પતિજીવોની અનંતાનંત સંખ્યા પ્રમાણ છે. તેથી એમાં ઉત્પન્ન થનારા અને મરનારા જીવો દરેક સમયે અનંતા હોઈ શકે, બાકીના પૃથ્વીકાય વગેરે દરેક અસંખ્યાતા જ છે માટે અસંખ્યાતાઓ જ તેઓમાં ઉત્પન્ન થાય છે અને મરનારા જીવો હોય છે. (૨૪૭)

હવે ત્રસજીવો દરેક સમયે કેટલા ઉત્પન્ન થાય છે અને મરે છે અને કેટલા કાળ સુધી ચ્યવન અને ઉત્પાત હોય છે તેનું નિરૂપણ કરે છે.

**आवलिय असंखेज्जईभागोऽसंखेज्जरासि उववाओ ।**
**संखिय समये संखेज्जयाण अट्ठेव सिद्धाणं ॥२४८॥**

ગાથાર્થ : અસંખ્યાતિ રાશિઓનો આવલિકાના અસંખ્યાતમા ભાગે જેટલા સમય હોય તેટલા સમય સુધી ઉપપાત જાણવો. સંખ્યાતી રાશિઓનો સંખ્યાતા સમયનો અને સિદ્ધોનો આઠ સમય સુધી ઉપપાત જાણવો. (૨૪૮)

**ટીકાર્થ** : પૃથ્વી વગેરે સ્થાવર જીવો ઉત્પાત અને ઉદ્દવર્તના વિષયક વિચાર આગળની ગાથામાં જણાવી દીધો. તેના સામર્થ્યથી આ ગાથામાં બેઈંદ્રિય વગેરે ત્રસ જીવોનો ઉત્પાત અને ઉદ્દવર્તનાનો વિચાર અહીં કરવાનો છે એમ સ્વીકારવું. આથી બેઈંદ્રિય વગેરે સૂત્રમાં (ગાથામાં) ન કહેલ હોવાછતા પણ અહીં જાણી લેવું તેથી જે જીવોની અસંખ્યાતી રાશિઓ જેમાં હોય તે જીવો અસંખ્યાત રાશિવાળા કહેવાય. તે રાશિઓ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચો, સંમૂચ્છિંમ મનુષ્યો, અપ્રતિષ્ઠાન નરકવાસ સિવાયના નારકો, સર્વાર્થસિદ્ધ વિમાન સિવાયના દેવો રૂપ ત્રસજીવોનો (સમુદાય) દરેક રાશિ અસંખ્યાત જીવરાશિ સ્વરૂપ છે સાતમી વિભક્તિ બહુવચનનો લોપ થયો હોવાથી આ સાતે દરેક રાશિઓમાં દરેક સમયે ઉપપાત થાય છે. એટલે ઉત્પત્તિ થાય છે કેટલા સમય સુધી થાય છે? આવલિકાના અસંખ્યાતમા ભાગે જેટલા સમયો થાય તેટલા સમય સુધી ઉત્કૃષ્ટ પણે આ સાતે રાશિઓમાં સતત જીવો ઉત્પન્ન થાય છે તે પછી બેઈંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રયનો દરેકનો જઘન્યથી એક સમયનો અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત પ્રમાણનો અંતરકાળ આગમમાં કહ્યો છે. પચેંદ્રિય તિર્યંચ વગેરેનો અંતરકાળ પણ અહીં આગળ જ કહેશે. આ પ્રમાણે આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી જઘન્યથી એક જીવ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા જીવો દરેક સમયે આ દરેક સાતે રાશિઓમાં ઉત્પન્ન થાય છે એમ ઉપલક્ષણથી જાતે જાણી લેવું એ પ્રમાણે ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી જઘન્યથી એક જીવ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા જીવોની દરેક સમયે ઉદ્દવર્તના એટલે મરણ પણ આ સાતે રાશિમાં દરેકને જાણવું તે પછી ઉપપાતની જેમ અંતર પડવાનો સંભવ છે.

તો પછી સંખ્યાતી રાશિઓની શી વિચારણા છે? જે ગર્ભજ મનુષ્યો, અપ્રતિષ્ઠાન નરકના નારકો, સર્વાર્થસિધ્ધ વિમાનના દેવોની દરેક રાશિમાં સંખ્યાતા જીવો હોવાથી ત્રણ રાશિમાં દરેકનો સંખ્યાતા સમયોનો જ ઉત્પાત અને ઉદ્દવર્તના સતત હોય છે. તે પછી અંતર પડવાનો સંભવ છે, આ ત્રણે રાશિઓમાં દરેકમાં જઘન્યથી એક, બે થી ઉત્કૃષ્ટપણે સંખ્યાતા જીવો જ ઉત્પન્ન થાય છે અને મરે છે પણ અસંખ્યાતા નહીં એમ સ્વયં જાણી લેવું. આ ત્રણે રાશિઓ સંખ્યાતા રૂપ છે. સંખ્યાતામાં અસંખ્યાતાની ઉદ્દવર્તના અને ઉપપાત હોઈ શકતો નથી.

સિધ્ધોનો ઉત્કૃષ્ટથી સતત ઉપપાત આઠ સમય સુધી હોય છે. એમની ઉદ્‌વર્તના હોતી નથી. કારણકે સિધ્ધત્વ ભાવ હોવાના કારણે અપુનરાવર્તન હોય છે. સિદ્ધોની આઠ સમય સુધી સતત ઉત્પત્તિ ત્યારે જ હોય છે જ્યારે પહેલા સમયે એક, બે થી લઇ વધુમાં વધુ બત્રીસ સિદ્ધ થાય, એમ બીજા સમયે પણ એક, બે થી બત્રીસ સુધી ઉત્કૃષ્ટ પણે સિદ્ધ થાય, એમ ત્રીજા સમયે, ચોથા સમયે પણ, યાવત્ આઠમા સમયે પણ એક, બે થી ઉત્કૃષ્ટ બત્રીસ સિધ્ધ થાય છે. જઘન્યથી તેત્રીસથી લઇ ઉત્કૃષ્ટથી અડતાલીશ સુધી દરેક સમયે જીવો સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટપણે સાત સમય સુધી જ થાય છે. તે પછી નહીં, એક સમય વગેરેનો આંતરો પડે છે જો જઘન્યથી ઓગણપચાસ લઇ ઉત્કૃષ્ટપણે સાઠ સુધી જીવો દરેક સમયે સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી છ સમય સુધી જ સિદ્ધરૂપ પર્યાયની સતત ઉત્પત્તિ પ્રાપ્તથાય છે. તે પછી નહીં, અંતર પડવાનો સંભવ છે જ્યારે એકસઠથી લઇ બોત્તેર સુધી દરેક સમયે સતત સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી પાંચ સમય સુધી જ સતત ઉપપાત હોય છે તે પછી અંતર પડે છે માટે. તોતેરથી લઇ ચોર્યાસી સુધી દરેક સમયે જીવો સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી ચાર સમય સુધી સતત સિદ્ધ થવાય. પંચ્યાશી થી લઇ છન્નુ, સુધી સિદ્ધ થાય તો ત્રણ સમય સુધી જ સતત સિધ્ધ થાય છે. સત્તાણુથી એકસો બે સુધી સિદ્ધ થાય તો બે સમય સુધી જ સિદ્ધ હોય છે, જ્યારે એકસોત્રણ થી લઇ એકસો આઠ સુધી ઉત્કૃષ્ટપણે સિદ્ધ થાય તો એક સમય સુધી જ સિદ્ધ થાય છે તે પછી સમય વગેરેનું અંતર પડે છે.

બીજા આચાર્યો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે. પહેલા સમયે જઘન્યથી એક સિદ્ધ થાય અને ઉત્કૃષ્ટથી બત્રીસ, બીજા સમયે જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી અડતાલીસ, એમ ત્રીજા સમયે ઉત્કૃષ્ટથી સાઠ, ચોથા સમયે ઉત્કૃષ્ટથી બોતેર, પાંચમાં સમયે ચોર્યાસી, છઠ્ઠા સમયે છન્નુ સાતમા સમયે એકસો બે, આઠમા સમયે જઘન્યથી એક, બે થી લઇ ઉત્કૃષ્ટપણે એકસો આઠ સિદ્ધ થાય છે. આ પ્રમાણે જીવો દરેક સમયે સતત સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી થાય છે.

આ વ્યાખ્યા પ્રજ્ઞાપન વગેરે ગ્રંથો સાથે સુસંગત નથી માટે નિરર્થક છે એમ બહુશ્રુતો માને છે.

હવે ઉપર કહેલ જ બત્રીસ વગેરે ઉત્કૃષ્ટ સિદ્ધપદોની સંગ્રહગાથા કહે છે.

**बत्तीसा अडयाला सट्ठी बावत्तरी य बोधव्वा ।**
**चुलसीई छण्णवइ दुरहिय अट्ठुत्तर सयं च ॥२४९॥**

ગાથાર્થ : બત્રીસ, અડતાલીસ, સાઠ, બોતેર, ચોર્યાસી, છન્નુ, એકસો બે, અને એકસો આઠ એમ ઉત્કૃષ્ટ પદે આઠ સમયોમાં સિદ્ધ થાય છે. (૨૪૯)

**ટીકાર્થ** : જ્યારે દરેક સમયે જઘન્યથી એક વગેરે અને ઉત્કૃષ્ટથી બત્રીસ સિદ્ધ થાય તો સતત આઠ સમય સિદ્ધ થવાનો કાળ થાય છે. જ્યારે તેત્રીસથી લઇ અડતાલીસ સુધી દરેક સમયે સિદ્ધ થાય તો સાત સમયો સુધી થાય છે. જ્યારે ઓગણપચ્ચાસથી લઈ સાઠ સુધી સિદ્ધ થાય તો છ સમય સુધી, જ્યારે એકસઠથી લઇ બોતેર સુધી સિદ્ધ થાય તો પાંચ સમય સુધી, જ્યારે તોતેરથી લઈ ચોર્યાસી સુધી સિદ્ધ થાય તો ચાર સમય સુધી, જ્યારે પંચ્યાએંશી લઇ છન્નું સુધી સિદ્ધ થાય તો ત્રણ સમય સુધી જ્યારે સત્તાણુથી લઇ એકસોબે સુધી સિદ્ધ થાય તો બે સમય સુધી, જ્યારે જઘન્ય વગેરેમાં એકો ત્રણ વગેરે, અને ઉત્કૃષ્ટથી એક સમયમાં એકસો આઠ એકી સાથે સિદ્ધ થાય ત્યારે તે એકજ સમય જીવોનો સિદ્ધ પ્રાપ્તિનો કાલ છે. તે પછી જરૂર સમય વગેરેનો અંતરનો સંભવ છે. એ સર્વ વાત પહેલા પણ કહી ગયા છીએ છતાંપણ શિષ્યના અનુગ્રહ માટે ફરી ફરી વાર કહ્યું છે આ પ્રમાણે સિદ્ધોની નિરંતર સિદ્ધિ આઠ સમય સુધીની બત્રીસ સુધીના જીવોનીજ હોય છે અહીં પણ આજ વાતનો નિર્દેશ છે. જે તેત્રીસ વગેરેથી અડતાલીસ વગેરે સુધીના સાત વગેરે સમય પર્યંતની નિરંતર સિદ્ધિ કહી છે તે પ્રસંગોપાત કહી છે. આ ગાથામાં બત્રીસ વગેરે ઉત્કૃષ્ટપદે સિદ્ધ થનારની જ સંખ્યા લીધી છે. જઘન્ય સંખ્યા તો સ્વયં જાણી લેવી.

આઠ વગેરે સમયનો સંગ્રહ આ ગાથાથી જાણવો.

'अट्ठय सत्तय छप्पय चेव चत्तारि तिन्नि दो एक्कं ।
बत्तीसाइ पएसुं समया भणिया जहासंखं ॥१॥

આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે, એક સમયનો પક્ષ કહ્યોજ નથી અને આઠ વગેરે સમયોમાં યથાનુક્રમે જે બત્રીસ વગેરે આઠ પદો કહ્યા છે તે આ ગાથાથી સંગ્રહીત થયા છે જઘન્ય વગેરે પદે તો આઠે સમયોમાં એક, બે વગેરે રૂપે સિદ્ધ થાય છે તે સહેલાઇથી જાણી શકાય છે. વધુ વિસ્તારથી સર્યું. આ ગાથા પ્રક્ષેપ છે પૂર્વના ટીકાકારોએ એની કોઇ સાક્ષાત્ વ્યાખ્યા કરી નથી. અને ગ્રંથની બીજી પ્રતોમાં પણ દેખાતી નથી. ફક્ત સંગ્રહની ઇચ્છાવાળાને ઉપયોગી હોવાથી એની વ્યાખ્યા કરી છે. (૨૪૯)

આ પ્રમાણે જે જીવસ્થાનકોમાં જેટલા કાળ સુધી ઉપપાત્ અને ઉદ્વર્તનાનું અંતર નથી હોતું તે કાળ અહીં બતાવ્યો છે. હવે નરક વગેરે ગતિઓમાં ઉત્પાદ અને ઉદ્વર્તનનો જેટલો અંતરકાળ સંભવે છે. તે બતાવે છે.

## પ્રકરણ ૩ જુ

### અંતરદ્વાર

**चउवीस मुहुत्ता सत्त दिवस पक्खो य मास दुग चउरो।**
**छम्मासा रयणाइसु चउवीस मुहुत्त सण्णियरे ॥२५०॥**

ગાથાર્થ : ચોવીસ મુહૂર્ત, સાત દિવસ, પંદર દિવસ, એક માસ, બે માસ, ચાર માસ, અને છમાસ, રત્નપ્રભા વગેરે નરકોમાં અંતરકાળ જાણવો અને ચોવીસ મુહૂર્તનો સંમૂર્ચ્છિમ મનુષ્યનો અંતરકાળ છે. (૨૫૦)

**ટીકાર્થ** : નરકગતિમાં તિર્યંચ, મનુષ્ય ગતિના જીવો સતત ઉત્પન્ન થાય તો હંમેશા ઉત્પન્ન થાય. કોઇક વખત અંતર પડે તો કેટલું અંતર પડે તે કહે છે. સામાન્યથી સર્વે નરક આશ્રયીને જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્તનું અંતર પડે છે. આટલા કાળમાં બીજા સ્થાનેથી આવીને એકપણ જીવ નરકગતિમાં ઉત્પન્ન થતો નથી. આ વાત સુત્રમાં કહી હોવા છતાંપણ સ્વયં જાણી લેવી. આગમમાં પણ કહ્યું છે કે, "હે ભગવંત ! નરક ગતિ કેટલા કાળ સુધી ઉપપાત વડે વિરહિત હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય એને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત સુધી," આમ સામાન્ય થી નરકગતિમાં ઉપપાતનું અંતર કહ્યું. વિશેષ વિચારણામાં તો રત્નપ્રભા વગેરે નરક પૃથ્વીઓમાં જે ઉત્પાદનું અંતર છે તે ગ્રંથકાર જાતે જ કહે છે. રત્નપ્રભાનરકપૃથ્વીમાં અન્ય સ્થાનથી આવીને ઉત્પન્ન થનાર જીવોનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્તનું અંતર છે. ગાથામાં જેનો અંતરકાળ બતાવવાનો છે તે નરકપૃથ્વી રૂપ સાધ્યને અધ્યાહારથી લઇ ક્રમસર જાતેજ જોડી દેવું. મુહૂર્ત એટલે બે ઘડી પ્રમાણ ટાઇમ જાણવો. આ પ્રમાણે જઘન્ય અંતર બધે ઠેકાણે એક સમય જ છે.

ઉત્કૃષ્ટથી શર્કરાપ્રભામાં ઉત્પાદનું અંતર સાત દિવસ, વાલુકાપ્રભામાં પંદર દિવસ રૂપ એક પખવાડિયાનું અંતર, પંકપ્રભામાં એક મહિનાનું અંતર, ધૂમપ્રભામાં બે મહિના, છઠ્ઠી તમઃ પ્રભામાં ચાર મહિના, સાતમી તમઃતમાપૃથ્વીમાં છ મહિના ઉત્કૃષ્ટ અંતર હોય છે. પોતપોતાના કહેલ કાળ સુધી આ નરકપૃથ્વીઓમાં બીજા સ્થાનેથી આવીને એકપણ કોઇક વખત ન પણ ઉત્પન્ન થાય.

અહીં મૂઢ પ્રશ્નકાર પ્રશ્ન કરે છે.

પ્ર. : સામાન્યથી નરક ગતિમાં બારમુહૂર્ત પ્રમાણનો વિરહકાળ કહ્યો છે અને વિશેષથી રત્નપ્રભા વગેરે નરકપૃથ્વીઓમાં ચોવીસમુહૂર્તથી લઇ છ મહિના સુધીનો આ વિરહ કાળ કહ્યો છે પરંતુ કોઇ પણ જગ્યાએ બારમુહૂર્તનો અંતરકાળ કહ્યો નથી. જે

વિશેષરૂપ નરક પૃથ્વીઓમાં ન હોય તે સામાન્ય રૂપ નરકગતિમાં બારમુહૂર્તનો વિરહકાળ કેવી રીતે હોઈ શકશે? જે રેતીના કણીયારૂપ વિશેષોમાં તેલ નથી હોતું તે સામાન્યરૂપ રેતીના ઢગલામાં શી રીતે હોઈ શકે?

ઉ. : તમે જે કહ્યું તે બરાબર નથી. સર્વ નરકગતિમાં સાતે નરક પૃથ્વીનો સમૂહ હોય છે. તેથી તે દરેકમાં જે કાળ ન હોવા છતાં પણ સમુદાયની અપેક્ષાએ બાર મુહૂર્તનો વિરહકાળ નગરના દ્રષ્ટાંતથી હોય છે. તે આ પ્રમાણે :–કોઈક નગરમાં સાત મોટા મહોલ્લા છે તેમાં એક મહોલ્લામાં જઘન્યથી એક સમયે અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત વીત્યા પછી કોઈ પણ સ્ત્રી જરૂરથી એક પુત્રને જન્મ આપે છે, બીજા મહોલ્લામાં સાત દિવસે; ત્રીજા મહોલ્લામાં પંદર દિવસે, એમ સાતમા મહોલ્લામાં જઘન્યથી એક સમયે અને ઉત્કૃષ્ટથી છ મહિના પછી જરૂર કોઈ પણ સ્ત્રી બાળકને જન્મ આપે છે. એ પ્રમાણે હોવાથી જો એક મહોલ્લામાં ઉત્કૃષ્ટ સ્થિતિએ બાળક જન્મ્યો હોય તો બીજા કોઈક મહોલ્લામાં જઘન્ય સ્થિતિએ પણ જનમે. વળી ત્રીજા કોઈક મહોલ્લામાં મધ્યમસ્થિતિએ પણ બાળક જન્મે, એ પ્રમાણે સમસ્ત મહોલ્લાની અપેક્ષાએ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બારમુહૂર્તમાં કોઈ પણ સ્ત્રી બાળકને જન્મ આપે છે. એ પ્રમાણે નરકગતિમાં પણ વિચારવું પણ જે વિશેષોમાં ન હોય તે સમુદાયમાં ન જ હોય, એમ ન માનવું. જેમ દરેક તંતુમાં વસ્ત્ર નથી દેખાતું પણ તે તંતુઓના સમુદાયમાં તે વસ્ત્ર દેખાય છે. અહીં ઘણું કહેવા જેવું છે પણ કહેતા નથી. કેમકે તે બીજા ગ્રંથોમાંથી પણ જાણી શકાય તેમ છે.

હવે તિર્યંચગતિ અને મનુષ્યગતિ એમ બે ગતિને આશ્રયીને અંતરકાળ કહે છે. તિર્યંચ ગતિમાં સામાન્યથી, બાકીની ગતિમાંથી ઉત્પન્ન થનારા જીવોનો ઉપપાત થવાનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત પ્રમાણનું અંતર જાણવું એ પ્રમાણે મનુષ્યગતિમાં જાણવું. કહ્યું છે કે :– "હે ભગવંત! તિર્યંચ ગતિ કેટલાકાળ સુધી ઉપપાત વિરહિત પણે હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત. એ પ્રમાણે મનુષ્યગતિ પણ." વિશેષ વિચારણામાં તિર્યંચગતિમાં પંચેદ્રિય સંજ્ઞી ગર્ભજ અને પંચેદ્રિય અસંજ્ઞી સમૂચ્છિંમ હોય છે. મનુષ્યગતિમાં પણ ગર્ભજ સંજ્ઞી અને અસંજ્ઞી સંમૂચ્છિંમ હોય છે. ગર્ભજ પંચેદ્રિય તિર્યંચોમાં અને ગર્ભજ મનુષ્યોમાં બીજી ગતિથી આવીને ઉત્પન્ન થનારા જીવોનો ઉત્પાદનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બારમુહૂર્તનો દરેકનો અંતરકાળ જાણવો. સમૂચ્છિંમ પંચેદ્રિય તિર્યંચોમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનું અંતરકાળ હોય છે. સંમૂચ્છિંમ મનુષ્યોમાં અંતરકાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીશ મુહૂર્તનો અંતરકાળ

જે ગાથામાં કહ્યો છે. બાકીનો તો અમારા વડે સૂચન કરવા યોગ્ય હોવાથી બતાવાયો છે. એમ જાણવું. જ્યાં આગળ જેઓનો જેટલો ઉત્પાદનો આ વિરહકાળ કહ્યો છે, તેટલો જ તેમને ત્યાં આગળ ઉદ્દ્વર્તનાનો વિરહકાળ પણ કહેવો. સિદ્ધાંતમાં તે પ્રમાણે જ પ્રતિપાદન કર્યું છે. ફક્ત અમુક જીવોમાંથી મરણ પામી (નીકળીને) બીજા સ્થાને જવા રૂપ ઉદ્દ્વર્તના કહેવી.(૨૫૦)

હવે સામાન્યથી જ ત્રસ વગેરે જીવોની પ્રથમ પ્રતિજ્ઞા રૂપ અંતરનું પ્રતિપાદન કરે છે.

**थावरकालो तसकाइयाण एगिंदियाण तसकालो ।**
**वायरसुहुमे हरिएअरे य कमसो पऊंजेज्जा ॥२५१॥**

ગાથાર્થ : **ત્રસકાયોનું અંતરકાળ સ્થાવરકાળ છે, એકેંદ્રિયોનો ત્રસકાળ અંતર છે, બાદરનો સૂક્ષ્મકાળ અને સૂક્ષ્મનો બાદરકાળ, વનસ્પતિકાયનો પૃથ્વી વગેરે ઇતરકાયનો વનસ્પતિકાય અંતરકાળ છે એમ ક્રમશઃ જોડવું. (૨૫૧)**

***ટીકાર્થ*** : ઉત્પન્ન થનારા જીવોવડે દરેક ક્ષણે જે પુષ્ટિભાવને પમાડાય તે કાય એટલે સમુદાય, ત્રસોનીકાય તે ત્રસકાય, ત્રસકાય રૂપે તે ત્રસકાયિક જીવો, તે ત્રસજીવોની કાય તે ત્રસકાય. તે ત્રસકાયને છોડી બીજા સ્થાને ઉત્પન્ન થનારાઓ ફરીથી ત્રસકાયની ઉત્પત્તિમાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સ્થાવર એટલે એકેંદ્રિય જીવો સંબંધી જે કાળ તે અંતર રૂપે થાય છે. અને તે અંતરકાળ અહીં જ આગળ કાળદ્વારમાં એકેંદ્રિયનો કાળ કહેવાના અવસરે આવલિકાના અસંખ્યાતમા ભાગે રહેલ સમયરાશિ પ્રમાણ પુદ્ગલ પરાવર્ત કાળ રૂપે છે એમ કહ્યું છે.

પૃથ્વીકાય વગેરે એકેંદ્રિય જીવોનો એકેંદ્રિયપણું છોડી બીજી જગ્યાએ ઉત્પન્ન થઇ ફરી એકેંદ્રિયપણાની પ્રાપ્તિમાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રસકાળ અંતર રૂપ થાય છે તે આ જ ગ્રંથમાં આગળ કાળદ્વારમાં ત્રસજીવોનોકાળ કહેવા વખતે સાધિક બે હજાર સાગરોપમ પ્રમાણ કહ્યો છે આ પ્રમાણે દિશાસૂચન માત્ર કરી બાકીના બાદર વગેરેના અંતરકાળને બતાવે છે.

જેમ ત્રસોનો સ્થાવરકાળ અને સ્થાવરોનો ત્રસકાળ ઉપર કહેલા પ્રકાર વડે ઉત્કૃષ્ટ અંતરકાળ છે. તેમ બાદરોનો સૂક્ષ્મકાળ અને સૂક્ષ્મોનો બાદરકાળ ઉત્કૃષ્ટ અંતરકાળ વગેરે પણ ઉપર પ્રમાણેના ક્રમપૂર્વક બુદ્ધિમાનોએ દરેકની સાથે જોડી દેવું એમ સમુદાયાર્થ થયો.

આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે :– બાદર નામકર્મના ઉદયવાળા પૃથ્વી વગેરે જીવોનું બાદરમાંથી બીજા સ્થાનમાં ઉત્પન્ન થઇ ફરીથી બાદરોમાં ઉત્પત્તિ થવામાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા જે જીવો તેના સંબંધી

જે કાળ થાય તેટલુ અંતર થાય છે તે કાળ આ જ ગ્રંથમાં આગળ કાળદ્વારમાં સૂક્ષ્મજીવનો કાળ કહેવાના વખતે અસંખ્ય લોકાકાશના પ્રદેશરાશિનો દરેકનો અપહરણ કરતા જેટલી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી રૂપે કહેલ છે તે જાણવો.

સૂક્ષ્મપૃથ્વી વગેરે જીવો સૂક્ષ્મમાંથી નીકળી બીજે સ્થાને ઉત્પન્ન થઈ ફરી સૂક્ષ્મમાં ઉત્પન્ન થવામાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બાદરજીવનો સ્થિતિકાળ રૂપ અંતર છે તે કાળ બાદર સ્થિતિકાળ કહેવાની વખતે કહેલ સીત્તેર કોડાકોડી સાગરોપમ સ્વરૂપ જાણવો

હરિત એટલે વનસ્પતિકાય, ઇતર એટલે પૃથ્વી, અપ્, તેજો, વાયુ અને ત્રસકાય. વનસ્પતિકાયિકોને ફરી વનસ્પતિકાય રૂપે ઉત્પન્ન થવામાં પૃથ્વી વગેરેનો સ્થિતિકાળ અંતર છે અને પૃથ્વી વગેરે કાયોનો ફરી પૃથ્વી વગેરે રૂપે ઉત્પન્ન થવામાં વનસ્પતિકાયનો સ્થિતિકાળ અંતર રૂપે છે. આ પ્રમાણેનો ક્રમ બંનેનો જોડવો. તે આ પ્રમાણે થાય છે સામાન્યથી વનસ્પતિકાયના જીવોનું વનસ્પતિકાયમાંથી નીકળી બીજા સ્થાને ઉત્પન્ન થઇ ફરી વનસ્પતિકાય રૂપે થવામાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૃથ્વી વગેરે બાકી રહેલ જીવોનો સ્થિતિકાળ અંતરરૂપે થાય છે. તે કાળ અસંખ્યાતો લોકાકાશના પ્રદેશની રાશિને દરેક સમયે અપહાર કરતા જે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી થાય તેટલા પ્રમાણ કાળ આગળ કહ્યા પ્રમાણે જાણવો.

બાકીના પૃથ્વી, અપ્, તેજો, વાયુ અને ત્રસકાયજીવો પૃથ્વી વગેરેમાંથી નીકળી વનસ્પતિકાયમાં ભમતા ફરી પૃથ્વી વગેરેમાં ઉત્પન્ન થવામાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી વનસ્પતિકાળનું અંતર છે તે કાળ આવલિકાના અસંખ્યાતમાં ભાગમાં રહેલ સમયના જેટલા પુદ્ગલ પરાવર્ત સ્વરૂપકાળ જે આગળ કહ્યા છે તેટલો જાણવો. (૨૫૧)

કંઈક પ્રકારાંતરથી જે વિશેષરૂપ છે તે કહે છે.

**हरिएयरस्स अंतर असंखया होंति पोग्गलपरट्टा ।**
**अड्ढाइज्जपरट्टा पत्तेयतरुस्स उक्कोसं ॥२५२॥**

**ગાથાર્થ: વનસ્પતિકાયસિવાયના બીજાનો અંતરકાળ અસંખ્યાતા પુદ્ગલ પરાવર્તન જેટલો છે પ્રત્યેક વનસ્પતિનો ઉત્કૃષ્ટ અંતરકાળ અઢી પુદ્ગલ પરાવર્ત કાળ છે. (૨૫૨)**

**ટીકાર્થ** : સામાન્ય વનસ્પતિકાય સિવાયના પૃથ્વી, અપ, તેજો, વાયુ અને ત્રસકાય રૂપ ઇતર તે હરિતેતર કહેવાય છે તે હરિતેતર પૃથ્વી વગેરેમાંથી નીકળી વનસ્પતિમાં ઉત્પન્ન થઈને ફરી પૃથ્વી વગેરે રૂપે ઉત્પન્ન થવામાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગે રહેલ સમયરાશિ પ્રમાણમાં જેટલા પુદ્ગલ પરાવર્તો થાય તેટલું અંતર થાય છે.

પ્રત્યેક તરૂ એટલે પ્રત્યેક શરીરી. વનસ્પતિકાયનો ઉપલક્ષણથી સર્વે પૃથ્વી, અપ, તેજો, વાયુ વગેરે પ્રત્યેક શરીરી અહી ગ્રહણ કરવા. તેથી સામાન્યથી પ્રત્યેક શરીરી જીવો

પ્રત્યેક રાશિમાંથી નીકળી સાધારણ શરીરીઓમાં ઉત્પન્ન થઇ ફરી પ્રત્યેક શરીરી રૂપે થવામાં જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અઢી પુદ્દગલ પરાવર્તરૂપ સ્થિતિકાળ આગળ કહ્યો છે. આટલો કાળ સાધારણ રૂપે રહ્યા પછી નીકળીને પ્રત્યેક શરીરોમાં જવું પડે છે. પ્રત્યેક અને સાધારણ સિવાય બીજી જીવરાશિનો અભાવ છે. તેથી પ્રત્યેક શરીરીમાથી નીકળી ફરી પ્રત્યેક શરીરીની ઉત્પત્તિમાં અઢી પુદ્દગલ પરાવર્ત રૂપ ઉત્કૃષ્ટ અંતર યોગ્ય છે. બીજા આચાર્યો તો ઉપલક્ષણ વ્યાખ્યાને નથી ગણતા અને ફક્ત પ્રત્યેક વનસ્પતિકાયનું પોતાની કાયમાંથી નીકળી બીજે ઉત્પન્ન થઇ ફરી પ્રત્યેક વનસ્પતિ રૂપે થાય તો જ ઉપર કહેલ કાળનુ અંતર માને છે. તે બરાબર લાગતું નથી કેમકે ફક્ત સાધારણ વનસ્પતિકાયની જ અઢી પુદ્દગલપરાવર્ત રૂપ કાયસ્થિતિ કહી છે. પ્રત્યેક વનસ્પતિ કાયમાંથી નીકળેલાઓને ની કાયસ્થિતિ પ્રત્યેકવનસ્પતિની અંતરસ્થિતિ થાય પરંતુ પ્રત્યેક વનસ્પતિ પૃથ્વી, અપ્ માટે સાધારણ વનસ્પતિ કાયજ ફક્ત એક ઉત્પત્તિસ્થાન નથી કે સાધારણ વનસ્પતિ તેજો, વાયુ, ત્રસ વગેરેમાં પણ ઉત્પન્ન થાય છે.

આ છએ રાશિઓની કાયસ્થિતિ ભેગી કરતા અસંખ્યાતા પુદ્દગલ પરાવર્તો થાય છે. તે યુક્તિ સંગત છે માટે જેમ પ્રત્યેક, અપ્રત્યેક (સાધારણ) રૂપ સામાન્યથી વનસ્પતિકાયોનો છે, અને તે પછી જેમ પૃથ્વી, અપ્, તેજો, વાયુ અને ત્રસોમાંથી નીકળી વનસ્પતિમાં ઉત્પન્ન થઇ ફરી પૃથ્વી વગેરે રૂપે ઉત્પન્ન થવામાં અસંખ્યાતા પુદ્દગલપરાવર્ત રૂપ અંતરકાળ ઉત્કૃષ્ટ રૂપે આગળ કહ્યો છે એ પ્રમાણે ફક્ત પ્રત્યેક વનસ્પતિમાંથી નીકળી સાધારણ-વનસ્પતિ પૃથ્વી, અપ્, તેજો, વાયુ ત્રસ વગેરેમાં ઉત્પન્ન થનારા જીવોનું ફરી પ્રત્યેક વનસ્પતિ રૂપે થવાનો કાળ કહેવો જોઈએ. પણ તે કાળ કહ્યો નથી. તેથી ઉપલક્ષણ વ્યાખ્યા વડે સર્વે પ્રત્યેક શરીરીઓને ગ્રહણ કરવા. એમાંથી નીકળેલાને માટે સાધારણ વનસ્પતિકાય જ એકસ્થાન છે તેથી તેમાં ઉત્કૃષ્ટથી અઢીપુદ્દગલ પરાવર્તકાળ પસાર કરી ફરી પ્રત્યેક શરીરીઓમાં ઉત્પન્ન થાય છે. આથી પ્રત્યેક શરીરીઓમાંથી નીકળેલાઓને ફરી પ્રત્યેક શરીરી રૂપે અઢી પુદ્દગલ પરાવર્ત રૂપ ઉત્કૃષ્ટ અંતરકાળે ઉત્પન્ન થાય છે. (૨૫૨)

હવે બાદરનિગોદ વગેરેનો અંતરકાળ કહે છે.

**बायर सुहुमनिओया हरियत्ति असंखया भवे लोगा ।**
**उयहीण सयपुहुत्तं तिरियनपुंसे असण्णी य ॥२५३॥**

ગાથાર્થ : બાદર નિગોદ, સૂક્ષ્મનિગોદ, અને વનસ્પતિકાયનો અંતરકાળ અસંખ્યતા લોક પ્રમાણ થાયછે તિર્યંચગતિ, નપુંસકવેદ અને અસંજ્ઞીનો અંતરકાળ શતપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ જાણવો. (૨૫૩)

**ટીકાર્થ** : બાદરનિગોદ જીવો બાદરનિગોદમાંથી નીકળી બીજા સ્થાને ઉત્પન્ન થઈ ફરી બાદરનિગોદપણાને પામે તો જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત લોક પ્રમાણ અંતર થાય છે. એટલે અસંખ્યાત લોકાકાશની પ્રદેશરાશિને દરેક સમયે અપહાર કરવાથી અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ ઉત્કૃષ્ટ અંતરકાળ થાય છે. બાદર નિગોદમાંથી નીકળેલા બાદરનિગોદોનો સૂક્ષ્મનિગોદ, પૃથ્વી, અપ્, તેજો, વાયુ અને ત્રસજીવો અને પ્રત્યેક વનસ્પતિકાય એમના ઉત્પત્તિસ્થાન છે. તેઓમાં ઉત્કૃષ્ટથી આટલા કાળની સ્થિતિ થાય છે.

એ પ્રમાણે સૂક્ષ્મનિગોદમાંથી નીકળી બીજા સ્થાનોમાં ઉત્પન્ન થઈ ફરી સૂક્ષ્મ નિગોદરૂપે થાય તો એટલો જ ઉત્કૃષ્ટ અંતરકાળ વિચારવો. સૂક્ષ્મનિગોદને પોતાની કાયમાંથી નીકળી બાદર નિગોદ પૃથ્વી વગેરેમાં ઉત્પન્ન થવાનું હોય છે તેમાં તેઓનો ઉત્કૃષ્ટથી આટલો જ સ્થિતિકાળ હોય છે. સામાન્યથી વનસ્પતિકાયનો પણ પોતાની કાયમાંથી નીકળી બીજા સ્થાને ઉત્પન્ન થનારનો પણ અંતર આજ હોય છે.

તેઓનો પણ ત્યાંથી નીકળીને પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, અને વાયુકાય વગેરેમાં જવાનું હોય છે. તેઓમાં ઉત્કૃષ્ટથી આટલા જ કાળની અવસ્થિતિ હોય છે. અહીં જે આગળ કહેલાનો અંતરકાળ ફરીથી કહ્યો છે તે ત્રણે જીવરાશિનો અંતરકાળ સમાન છે. એમ જણાવવા માટે છે. એટલે કોઇ દોષ નથી. બીજી પણ ત્રણ જીવરાશિનો અંતરની સમાનતા બતાવે છે.

તિર્યંચગતિમાંથી નીકળી બાકીની ત્રણે ગતિમાં ભમીને ફરી તિર્યંચપણાને પામે તો જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક સોસાગરોપમ પૃથક્ત્વનું અંતર છે. અહી ગાથામાં અતિરેકપણું કહ્યું નથી, કારણકે તે અલ્પ છે માટે સ્વયં જાણી લેવું. બાકીની ત્રણે ગતિમાં જીવનો અવસ્થાનકાળ ઉત્કૃષ્ટથી આટલો જ છે. નપુંસકને નપુંસકપણું છોડી સ્ત્રી કે પુરૂષ રૂપે ઉત્પન્ન થઇ ફરી નપુંસક તરીકે ઉત્પન્ન થાય તો આટલો જ કાળ જાણવો. સ્ત્રીવેદ પુરૂષવેદનો ઉત્કૃષ્ટથી પણ આટલો જ સ્થિતિકાળ છે. એમ ન માનવું કે આટલો કાળ તો પુરૂષ વેદનો જ છે જે પહેલા કહી ગયા છીએ. આથી સ્ત્રીવેદનો કાળ જુદો હોવો જોઇએ. આ કાળ થોડો જ છે તેથી સાધિક સાગરોપમ શતપૃથક્ત્વ રૂપ પુરૂષવેદના કાળમાં જ એનો અંતર્ભાવ થઈ જાય છે માટે કોઈ દોષ નથી.

જે સંજ્ઞી નથી તે અસંજ્ઞી એ પ્રમાણેની વ્યુત્પતિથી ગર્ભજ પંચેદ્રિય સંજ્ઞી સિવાયના સર્વે એકેન્દ્રિય વગેરે અસંજ્ઞી રૂપે ગણાય છે. તેઓ અસંજ્ઞીપણુ છોડી ગર્ભજ પંચેંદ્રિય રૂપ સંજ્ઞીમાં ઉત્પન્ન થાય અને ફરી અસંજ્ઞીપણાને પામે તો આટલો અંતરકાળ થાય. સંજ્ઞીઓનો પણ અવસ્થિતિકાળ આગળ આટલો જ કહ્યો છે, જો અહીં અસંજ્ઞી તરીકે સિદ્ધાંતમાં કહેલ સંમૂર્ચ્છિમ પંચેંદ્રિય રૂપ ગ્રહણ કરીએ તો તેઓને બીજા સ્થાને ઉત્પન્ન થઇ ફરી

અસંજ્ઞીરૂપે થવામાં વનસ્પતિ વગેરેનો અર્થકાળ પણ અંતર રૂપે થાય છે અને તેથી અસંખ્યાતા પુદ્ગલ પરાવર્તોનો અંતરકાળ થાય, પણ તે કાળ અહીં કહ્યો નથી તેથી ઉપર કહેલ અસંજ્ઞીઓ જ અહીં લેવા.

બીજા આચાર્યો તો તિર્યંચ નપુંસક અસંજ્ઞી રૂપ એકજ રાશિને બીજા સ્થાને ઉત્પન્ન થઇ ફરી તેજ ભાવને પ્રાપ્ત કરવામાં ઉત્કૃષ્ટથી સાગરોપમ શતપૃથકત્વ અંતરકાળ છે એમ વ્યાખ્યા કરે છે. તે અનેક દોષથી દુષ્ટ હોવાથી અયોગ્ય લાગે છે તે દોષો સિદ્ધાંતથી પરિકર્મિત બુદ્ધિવાળા અને પૂર્વાપરના અર્થને જાણનારાઓને પ્રગટ હોવાથી સ્વયમેવ જાણી લેવા. (૨૫૩)

હવે દેવગતિમાં દેવોનું પ્રથમ પ્રતિજ્ઞારૂપ અંતરને કહે છે.

**जावीसाणं अंतोमुहुत्तमपरं सणंकुसहसारो ।**
**नवदिण मासा वासा अणुत्तरोक्कोस उयहिदुगं ॥२५४॥**

ગાથાર્થ : **ઇશાન સુધીના દેવોનો અંતર્મુહૂર્ત, સનતકુમારથી સહસ્રાર સુધીના દેવોનો નવ દિવસ, આનતથી અચ્યુતના દેવોનો નવ માસનો, અને નવગ્રૈવેયકનો નવ વર્ષ અને અનુત્તરનો ઉત્કૃષ્ટ કાળ બે સાગરોપમનો અંતરકાળ છે. (૨૫૪)**

ટીકાર્થ : ભવનવાસી વગેરે દેવોથી લઈને ઇશાન નામના બીજા દેવલોક સુધીના જે દેવો ત્યાંથી ચ્યવીને માછલા વગેરેમાં ઉત્પન્ન થયેલ દેવનું ફરી પોતાના દેવાલયમાં જ ઉત્પન્ન થાય તો જઘન્યથી અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટથી વનસ્પતિ વગેરેમાં ભમતાં તેમનો આવલિકાના અસંખ્યાતમા ભાગે રહેલ અસંખ્યાત પુદ્ગલ પરાવર્ત પ્રમાણકાળ જાતે જ જાણવો આ પ્રમાણે ઉપરના ગ્રૈવેયક વગેરે દેવોનો બધે સ્થાને ઉત્કૃષ્ટથી આજ અંતરકાળ જાણવો. જઘન્યથી તો ગ્રંથકાર કહે છે. સનતકુમાર દેવલોકથી લઈ સહસાર દેવલોક સુધીના જે દેવો છે તે ચ્યવીને બીજે સ્થાને ઉત્પન્ન થઈ ફરી ત્યાં આગળ ઉત્પન્ન થાય તો નવદિવસનું જઘન્ય અંતર પડે છે નવદિવસ પહેલા ત્યાં આગળ આ દેવ ઉત્પન્ન થતા નથી.

નવનો માસની સાથે પણ સંબંધ કરવો તેથી આનતપ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકથી ચ્યવીને મનુષ્યોમાં ઉત્પન્ન થઈ તે દેવ ફરીથી પોતાના સ્થાનમાં ઉત્પન્ન થાય તે પહેલાં નહીં તો જઘન્યથી પણ નવ મહિના વીત્યા પછીજ ઉત્પન્ન થાય નવને વર્ષની સાથે પણ જોડવો. નવગ્રૈવેયક અને સર્વાર્થસિદ્ધ સિવાયના ચાર અનુત્તર-વિમાનમાંથી ચ્યવીને મનુષ્યોમાં ઉત્પન્ન થઇ ફરી તે જ સ્થાનમાં ઉત્પન્ન થાય તો જઘન્યથી પણ નવ વર્ષ વીત્યા પછી જ ઉત્પન્ન થાય છે. તે પહેલાં નહીં. નવગ્રૈવેયક સુધીનો અસંખ્ય પુદ્ગલપરાવર્ત રૂપ અનંતકાળ રૂપ ઉત્કૃષ્ટ અંતર આગળ સિદ્ધાંતમાં કહ્યા મુજબ બતાવ્યો

જ છે. સર્વાર્થસિદ્ધ છોડીને ચાર અનુત્તર વિમાન દેવોનું ઉત્કૃષ્ટ અંતરકાળ ગ્રંથકાર જાતે જ કહે છે. વિજય વગેરે ચાર અનુત્તર વિમાનમાંથી ચ્યવીને મનુષ્યમાં ઉત્પન્ન થયેલ દેવ મનુષ્યોમાં ભમીને મોક્ષને ન મેળવેલ એવો બે સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટકાળ પછી ફરીથી વિજય વગેરે વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

સર્વાર્થસિદ્ધ વિમાનમાં અંતરનો વિચાર જ નથી. કેમકે ત્યાંથી ચ્યવેલ તે જ ભવમાં અવશ્ય મુક્તિમાં જાય છે. આ અંતરકાળ આ ગ્રંથકારના મતે છે.

વ્યાખ્યા પ્રજ્ઞપ્તિમાં તો ભવનપતિ વગેરેથી લઇ સહસ્રાર સુધીના દેવોમાંથી ચ્યવીને કોઈક જીવ અહીં તિર્યંચોમાં ઉત્પન્ન થઇ અંતર્મુહૂર્ત જીવીને ફરી પોતાના દેવસ્થાનમાં ઉત્પન્ન થનારને જઘન્યથી અંતર્મુહૂર્તનું અંતર કહ્યું છે. જે મનુષ્યો જઘન્યથી અંગુલપૃથક્ત્વની અવગાહનાવાળા માસપૃથક્ત્વ પ્રમાણ આયુષ્યવાળા હોય તેઓ જ ઈશાન સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે. એનાથી ઓછી અવગાહના કે આયુવાળા ઉત્પન્ન થતા નથી. જે સનત્કુમારથી અનુત્તરવિમાન સુધીના દેવોમાં ઉત્પન્ન થનારા મનુષ્યો જઘન્યથી હસ્તપૃથક્ત્વ અવગાહનાવાળા અને વર્ષપૃથક્ત્વના આયુવાળા જ ઉત્પન્ન થાય છે. એનાથી ઓછા આયુવાળા નહીં, આથી જ તિર્યંચને આશ્રયી સહસ્રાર સુધીના દેવોમાં જઘન્યથી અંતર્મુહૂર્ત અંતર ત્યાં આગળ કહ્યું છે. આનતથી અનુત્તરવિમાન સુધીના દેવોમાંથી આવેલા દેવો મનુષ્ય જ થાય છે, અને મનુષ્યો જ તે દેવોમાં ઉત્પન્ન થાય છે. આથી આનત વગેરેથી અનુત્તરવિમાન સુધીના દેવોમાંથી ચ્યવીને અહીં વર્ષપૃથક્ત્વ જીવી ફરી પોતાના જ દેવસ્થાનમાં ઉત્પન્ન થનાર મનુષ્યોને આશ્રયી ભગવતીસૂત્રમાં જઘન્યથી વર્ષપૃથક્ત્વનું અંતર કહ્યું છે. આ પ્રમાણે ભગવતીમાં જણાવેલ અભિપ્રાય મુજબ સહસ્રાર સુધીના દેવોમાં જઘન્યથી અંતર્મુહૂર્ત તેનું અંતરકાળ છે. અને તે પછી આનત વગેરેમાં સર્વ સામાન્ય પણે દરેક સ્થાને વર્ષ પૃથક્ત્વનું અંતરકાળ છે. આ ગ્રંથમાં તો કોઈક દેવલોકમાં અંતર્મુહૂર્ત, કોઈકમાં નવદિવસ, કોઇકમાં માસપૃથક્ત્વ કોઇકમાં વર્ષ પૃથક્ત્વનો અંતરકાળ કહ્યો છે. તેમાં કાંઈ સમજણ પડતી નથી. કારણ કે તે અંતર કેવલી ગમ્ય હોવાથી. (૨૫૪)

હવે દેવગતિમાં જ દેવોનો ઉપપાત અને ઉદ્વર્તનાનો વિરહકાળનું અંતર કહે છે.

**नवदिण वीसमुहुत्ता बारस दिण दस मुहुत्तया हुंति ।**
**अध्धं तह बावीसा पणयाल असीइ दिवससय ॥२५५॥**

**संखेज्ज मास वासा सया सहस्साय सयसहस्सा य ।**
**दुसु दुसु तिसु तिसु पंचसु अणुत्तर पल्लऽसंखइमा ॥२५६॥**

ગાથાર્થ : સનતકુમાર વગેરે દેવલોકમાં અનુક્રમે નવદિવસ અને વીસમુહૂર્ત, બારદિન દશમુહૂર્ત, સાડીબાવીસ દિવસ, પિસ્તાલીસ દિવસ, એંસી દિવસ અને સો દિવસ જાણવા. (૨૫૫)

નવમા અને દશમા દેવલોકમાં સંખ્યાતા માસ, ૧૧ મા અને ૧૨મા દેવલોકે સંખ્યાતા વર્ષ, પહેલા ગ્રૈવેયક ત્રિકમાં સેંકડો વર્ષ, બીજા ત્રિકમાં હજારવર્ષ, ત્રીજા ત્રિકમાં લાખ વર્ષ અને પાંચ અનુત્તરમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. (૨૫૬)

**ટીકાર્થ** : ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્કોમાં અને સૌધર્મ ઈશાનમાં તિર્યંચ મનુષ્યગતિના જીવો સતત ઉત્પન્ન થાય છે. પરંતુ કોઈક વખત વિરહ પણ પડે છે તે વિરહ કેટલા કાળનો થાય છે. તે કહે છે, જઘન્યથી એક સમયનો અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્તનો વિરહ કાળ હોય છે. આ અહીં કહ્યું હોવા છતાં પણ સિદ્ધાંતમાં પ્રતિપાદન કર્યું હોવાથી જાતે પણ જાણવું કહ્યું છે કે, "હે ભગવંત ! અસુરકુમારોનો ઉપપાતનો વિરહકાળ કેટલો કહ્યો છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી તથા વાણવ્યંતરો, જ્યોતિષીઓ, સૌધર્મ ઈશાન દેવલોક સુધી જાણવું."

સનતકુમાર કલ્પમાં તિર્યંચ-મનુષ્ય ગતિના જીવોનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી નવ દિવસ અને વીસ મુહૂર્તનો ઉત્પાદનો વિરહકાળ છે. બધે ઠેકાણે જઘન્યથી એક સમયનો વિરહ કાળ જાણવો. ઉત્કૃષ્ટથી અંતરકાળ કહે છે. માહેન્દ્ર દેવલોકમાં બાર દિવસ અને દશમુહૂર્તનો ઉત્કૃષ્ટથી ઉપપાતનો અંતરકાળ છે. બ્રહ્મ દેવલોકમાં સાડીબાવીસ દિવસ, લાંતકમાં પીસ્તાલીસ દિવસ, મહાશુક્રમાં એંસી દિવસ, સહસ્રારમાં સો દિવસ, આનત પ્રાણતમાં સંખ્યાતામાસો, પરંતુ ૧ વર્ષના પહેલાના જાણવા, આરણઅચ્યુતમાં સો વર્ષના પહેલાના સંખ્યાતા વર્ષો, નીચેના ગ્રૈવેયેક ત્રિકમાં હજાર પહેલાના સેંકડો વર્ષ, બીજા ગ્રૈવેયકમાં ત્રિકમાં લાખ વર્ષ પહેલાના હજારો વર્ષ, ત્રીજા ગ્રૈવેયક ત્રિકમાં સંખ્યાતા લાખ વર્ષ ઉત્કૃષ્ટથી ઉપપાતનું અંતર જાણવું. પાંચે અનુત્તર વિમાનોમાં મનુષ્યગતિમાંથી ઉત્પન્ન થનાર જીવોનો ઉત્પાદ જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમા ભાગનું અંતર થાય છે. આમ પાંચે અનુત્તરોમાં અહીં સામાન્યથી એક સરખું અંતર સ્વરૂપ કહ્યું. પરંતુ સિદ્ધાંતમાં વિશેષથી આ પ્રમાણે કહ્યું છે.

વિજય, વૈજયન્ત, જયંત, અપરાજિત દેવોનો "હે ભગવંત ! ઉપપાત વડે કેટલા કાળનો વિરહ કહ્યો છે ? હે ગૌતમ ? જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળ.. એમ સર્વાર્થસિદ્ધ દેવોનો હે ભગવંત ! ઉપપાત વડે કેટલો વિરહકાળ હોય ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. તત્ત્વતો કેવલી

જાણે. અહીં જે દેવલોકમાં જેટલો ઉત્પાદનો અંતરકાળ કહ્યો તેટલું જ અંતર કોઇપણ જાતની વિશેષતા વગર આગળ કહેલા સ્વરૂપવાળી ઉદ્‌વર્તનાનો પણ જાણવું.

સિદ્ધગતિમાં સિદ્ધોનો ઉત્પાદનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ મહિનાનો વિરહકાળ જાતે જ જાણી લેવો કહ્યું છે કે, "હે ભગવંત ! સિદ્ધોનો સિદ્ધપણા વડે કેટલા કાળનો વિરહ કહ્યો છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ મહિના ઉદ્‌વર્તનાનો વિરહકાળ સિદ્ધગતિમાં કહેવો નહીં, કારણકે ત્યાં મરણનો અભાવ છે. (૨૫૫-૨૫૬)

એ પ્રમાણે નારક વગેરે ગતિ આશ્રયી જીવોનો અંતરકાળ બતાવ્યો. હવે ગુણઠાણા રૂપ જીવસમાસોનો બતાવે છે.

मिच्छस्स उयहिनामा बे छावट्ठी परं तु देसूणा ।
सम्मत्तमणुगयस्स य पुग्गलपरियट्ट मदधूणं ॥२५७॥

ગાથાર્થ:- મિથ્યાત્વનો બે છાસઠ સાગરોપમ અને દેશોન મુહૂર્તનો સમ્યક્ત્વ સાથેના ગુણઠાણાનો અંતરકાળ કંઈક ઊણું અર્ધ પુદ્‌ગલ પરાવર્તકાળ ઉત્કૃષ્ટ અંતર જાણવું. (૨૫૭)

ટીકાર્થ : જેણે મિથ્યાત્વનો ત્યાગ કર્યો છે એવા મિથ્યાદ્રષ્ટિને ફરી મિથ્યાત્વ પ્રાપ્તિમાં ઉત્કૃષ્ટ અંતર કેટલું હોય છે તે કહે છે બે છાસઠ સાગરોપમ (૧૩૨) અને દેશોન મુહૂર્ત એટલે અંતર્મુહૂર્ત પ્રમાણ જાણવું. અહીં તુ શબ્દ અને અર્થમાં લેવો. અને ભિન્નક્રમમાં જોડવો. કર્મપ્રકૃત્તિની ચૂર્ણીમાં કહ્યું છે કે "કોઇક મિથ્યાત્વમાંથી સમકિતમાં ગયો હોય અને છાસઠ સાગરોપમ સમ્યકત્વકાળને ભોગવે. તે પછી અંતર્મુહૂર્ત મિશ્રપણાને પામે પછી સમ્યક્‌ત્વને સ્વીકારી છાસઠ સાગરોપમ સુધી પાલન કરે. તે પછી સિદ્ધ થાય કે મિથ્યાત્વનો સ્વીકાર કરે. આમ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત અધિક બે છાસઠ સાગરોપમ મિથ્યાત્વનો અંતરકાળ થાય છે."

પંચસંગ્રહમાં પણ જીવસમાસ દ્વારમાં ટીકાકારે કહ્યું છે કે, "કોઈક મિથ્યાત્વી સમ્યક્‌ત્વગુણને સ્વીકારી છાસઠ સાગરોપમ સુધી રહે છે તે પછી સમ્યક્‌ત્વગુણી મિશ્રે અંતર્મુહૂર્ત રહી ફરી સમ્યક્‌ત્વને પામે છે તેમાં છાસઠ સાગરોપમ રહી જે હજુ પણ મોક્ષ ન પામે તો તે જરૂર મિથ્યાત્વને પામે છે," આ ઉત્કૃષ્ટથી મિથ્યાત્વનું અંતર કાર્મગ્રંથિક અભિપ્રાયે છે. સિધ્ધાંતના મતે તો સમ્યક્‌ત્વથી મિશ્રગમન આગળ જ નિષેધ કર્યો છે. બીજા આચાર્યો તો મિથ્યાત્વનું ઉત્કૃષ્ટ અંતર અંતર્મુહૂર્ત ન્યૂન બે છાસઠ સાગરોપમનો છે એમ વ્યાખ્યા કરે છે. તે બરાબર લાગતું નથી કારણ બીજા ગ્રંથો સાથે વિરોધ આવે છે.

સમ્યક્ત્વાનુગત એટલે સમકિતયુક્ત અવિરત, દેશવિરત પ્રમત્ત, અપ્રમત, ઉપશમશ્રેણીમાં રહેલ અપૂર્વકરણ, સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિબાદર, ઉપશાંતમોહ રૂપ જીવસમુહનો પોતપોતાના પર્યાયનો ત્યાગ કર્યે છતે ફરી તે પર્યાયની પ્રાપ્તિમાં કંઇક અર્ધપુદ્ગલ પરાવર્ત ઉત્કૃષ્ટ અંતરકાળ થાય છે અને સમ્યક્ત્વાનુગત ગ્રહણ વડે અવિરતથી ઉપશાંતમોહ સુધીના આ સર્વે જીવોનો સંગ્રહ થાય છે. કેમકે સમકિતનો સર્વ ગુણઠાણામાં સંભવ છે. માટે સમ્યક્ત્વાનુગતને ગ્રહણ કર્યું છે આ અવિરત વગેરેઓ સમ્યક્ત્વ ગુણથી ભ્રષ્ટ થઇ ઉત્કૃષ્ટપણે કંઇક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તકાળ સુધી સંસારમાં રહે છે. તે પછી અવશ્ય સમકિત વગેરે ગુણો પ્રાપ્ત કરી સિદ્ધ થાય છે. પ્રાયઃ કરી સમ્યક્ત્વપુંજનો સત્તામાં અવશ્યમેવ સંભવ હોવાથી સાસ્વાદન અને મિશ્રને પણ સમ્યક્ત્વાનુગત રૂપે વિવક્ષા સમજી લેવી. તે બન્ને સાસ્વાદનપણુ, મિશ્રપણાનો ત્યાગ કરી ઉત્કૃષ્ટ અર્ધપુદ્ગલપરાવર્તકાળ સુધી ભવમાં ભમે છે તે પછી કેટલાક ફરી સાસ્વાદન કે મિશ્રપણાને પામીને અને કેટલાક પામ્યા વગર વિશુદ્ધ સમકિત વગેરે ગુણસામગ્રીને પામી અવશ્ય સિદ્ધ થાય છે. ક્ષપકો, ક્ષીણમોહીઓ, સયોગીઅયોગી કેવલીઓનો અંતરકાળ હોતો નથી. કેમકે તેમને તે ગુણઠાણાથી પડવાનો અભાવ છે. માટે સમ્યક્ત્વયુક્ત હોવા છતાં પણ તેઓને અહીં ગ્રહણ કર્યા નથી.

પ્ર. : આ પુદ્ગલપરાવર્ત શું છે? જે કંઇક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તકાળ સુધી સાસ્વાદની વગેરે જીવો સંસારમાં ભમે છે.

ઉ. : જ્યારે ચૌદરાજ રૂપ લોકમાં રહેલ સર્વે પુદ્ગલોને સંસાર સાગરમાં ભમતાં એક જીવ વડે અનંતા ભવોમાં ઔદારિક, વૈક્રિય, તૈજસ કાર્મણ, ભાષા, શ્વાસોશ્વાસ મનોવર્ગણા રૂપ સાત, સાતે વર્ગણાને પરિણમાવીને છોડીએ ત્યારે આ પુદ્ગલ પરાવર્તકાળ કહેવાય છે. બીજા આચાર્યો તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર પ્રકારે તથા તે ચાર પ્રકારના પણ દરેકના સૂક્ષ્મ અને બાદર ભેદ પાડવા પૂર્વક આઠ પ્રકારે પુદ્ગલપરાવર્તો કહે છે. તેમાં દ્રવ્યથી બાદરપુગદ્લપરાવર્ત ત્યારે થાય છે જ્યારે સંસારમાં ભમતાં કોઇક જીવ સર્વ લોકમાં રહેલ સર્વ પુદ્ગલોને સામાન્યથી ઔદારિક, વૈક્રિય, તૈજસકાર્મણ શરીર ચતુષ્ક વડે પરિણમાવીને છોડે છે.

અને સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત જ્યારે ઔદારિક વગેરે ચાર શરીરમાંથી કોઇપણ એક શરીર રૂપે પરિણમાવી સર્વલોકના સર્વપુદ્ગલોને છોડે. એ પ્રમાણે ચારે શરીર વડે સર્વ પુદ્ગલોને પરિણમાવે. ત્યારે વિવક્ષિત શરીર સિવાયના બાકીના શરીરો વડે પરિણમાવેલા પુદ્ગલો નથી ગણાતા. આ પ્રમાણે સૂક્ષ્મપુદ્ગલપરાવર્ત કાળ થાય છે.

ક્ષેત્રથી જુદાજુદા ભવોમાં પરંપરામાં સતત અમુક કે બીજા બીજા આકાશપ્રદેશોમાં મરતા સર્વ લોકાકાશના પ્રદેશોને સ્પર્શે ત્યારે ક્ષેત્રથી બાદરપુદ્ગલપરાવર્ત કાળ થાય છે.

જ્યારે જીવ જે આકાશ પ્રદેશમાં રહી એક વખત મરણ પામ્યો. તે પછી તેની બાજુના જ જીવ આકાશપ્રદેશમાં રહીને મરે, પછી બીજી વખતે પાછો તે જ આકાશપ્રદેશની બાજુમાં રહેલ પ્રદેશમાં મરે પછી બીજા ટાઈમે તેની જ બાજુમાં રહેલ આકાશપ્રદેશમાં મરે એ પ્રમાણે મરતો જીવ અનંતાઅનંત જન્મોમાં અંતર વગર પાસે રહેલા પ્રદેશોમાં ક્રમપૂર્વક સ્પર્શવા દ્વારા સમસ્તલોકને સ્પર્શે છે. જે બીજા આકાશ પ્રદેશો વૃદ્ધિ વગરના જે પહેલાં અવગાહેલા હતા તે વ્યવહિતપણાથી જે પ્રદેશોને અવગાહીને મરે તે પ્રદેશો ન ગણાય ત્યારે સૂક્ષ્મપુદ્‌ગલ પરાવર્ત કાળ થાય છે.

જ્યારે ઉત્સર્પિણી અવસર્પિણી રૂપ કાળચક્રના સર્વ સમયમાં એક જીવ ક્રમપૂર્વક કે ક્રમરહિતપણે મરી અનંતાઅનંત ભવો વડે જે કાળ થાય તે બાદર પુદ્‌ગલપરાવર્ત કાળ કહેવાય છે. આ પક્ષમાં જે સમયોમાં એકવાર જીવ મર્યો હોય અને ફરી તે જ સમયમાં પાછો મરે તો તે સમયો ગણાતા નથી. પણ જ્યારે પહેલો, બીજો, ત્રીજો, ચોથા, પાંચમા વગેરે સમયના ક્રમ વગર પણ નવાનવા સમયે મર્યો હોય તો તે સમયો ગણાય છે સૂક્ષ્મકાળ પુદ્‌ગલપરાવર્તમાં આ વિશેષતા છે કે પહેલા, બીજા, ત્રીજા વગેરે સમયોના ક્રમપૂર્વક મરતા તે જ સમયો ગણાય છે. જ્યાં સુધીમાં કાળચક્રના સર્વે સમયો પહેલેથી લઈ છેલ્લે સુધી મરણ વડે પૂર્ણ થાય. જે સમય પહેલા વગેરે સમયનો ક્રમ છોડી ને મરેલ હોય તે સમયો નથી ગણાતા.

હવે ભાવથી પુદ્‌ગલપરાવર્તનું નિરૂપણ કરે છે તેમાં એક સમયમાં જે સૂક્ષ્મ અગ્નિકાય જીવો ઉત્પન્ન થાય છે તે અસંખ્યાતા લોકાકાશના પ્રદેશ રાશિ જેટલા છે તે એક સમયી સૂક્ષ્મઅગ્નિકાયોથી સર્વ સૂક્ષ્મઅગ્નિકાયો અસંખ્યાતગુણા છે તે શી રીતે છે? એક સૂક્ષ્મઅગ્નિકાય જીવ ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત જીવે છે તેમનું આટલું જ આયુષ્ય હોવાથી. તે અંતર્મુહૂર્તમાં જે સમયો છે તેમાં દરેક સમયે અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ સૂક્ષ્મઅગ્નિકાયો ઉત્પન્ન થાય છે તેથી સિદ્ધ થયું કે એક સમયમાં ઉત્પન્ન થયેલ અગ્નિકાયથી સર્વે સૂક્ષ્મ અગ્નિકાયો અસંખ્યાત ગુણા છે તે સર્વ સૂક્ષ્મ અગ્નિકાયોથી તેમની કાયસ્થિતિ અસંખ્યાતગુણી છે એકેક સૂક્ષ્મ અગ્નિકાયની પણ અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણની કાયસ્થિતિ કહી છે તે કાયસ્થિતિથી પણ સંયમસ્થાનો અને અનુભાગ (રસ) બંધના અધ્યવસાય સ્થાનો બન્ને અસંખ્યાતગુણા છે. કેમકે કાયસ્થિતિમાં અસંખ્યાતા સ્થિતિબંધો છે અને એકેક સ્થિતિબંધમાં અસંખ્યાતા અસંખ્યાતા અનુભાગ (રસ) બંધના અધ્યવસાય સ્થાનોનો સંભવ છે. સંયમ સ્થાનો અને અનુભાગબંધના અધ્યવસાય સ્થાનો બન્ને સરખા છે તેમાં જ્યારે એકેક અનુભાગબંધતાં અધ્યવસાનો પર જીવ ક્રમે કે ઉત્ક્રમે મરીને સર્વસ્થાનોને સ્પર્શે ત્યારે બાદર ભાવ પુદ્‌ગલપરાવર્ત થાય છે. અહીં જે

અધ્યવસાય સ્થાન પરજીવ એકવાર મૃત્યુ પામ્યો હોય ને ફરી પાછો તે જ સ્થાન પર મૃત્યુ પામીને સ્પર્શે તો એ સ્થાન ન ગણાય. જે નવું સ્થાન દૂર રહેલ હોય તો પણ તે ગણાય છે. જ્યારે જે જીવ વિશુદ્ધ, વિશુદ્ધતર વિશુદ્ધતમ વગેરે ક્રમપૂર્વક રહેલ આ અનુભાગ અધ્યવસાયસ્થાનોને તે ક્રમપૂર્વક જ અનંતાઅનંત ભવો વડે મરીને સ્પર્શે. વચ્ચેના સ્પર્શેલ સ્થાનો ગણાતા નથી. આ પ્રમાણે સૂક્ષ્મભાવપુદ્ગલપરાવર્ત થાય છે વધુ વિસ્તારથી સર્યું (૨૫૭)

આ પ્રમાણે મિથ્યાદ્રષ્ટિ વગેરે ગુણોનું ઉત્કૃષ્ટ અંતર કહ્યું

હવે તેજ ગુણસ્થાનકોનું જઘન્ય અંતર કહે છે.

**सासाणुवसम्मे पल्लासंखेज्जभागमवरंतु ।**
**अंतोमुहुतमियरे खवगस्स उ अंतरं नत्थि ॥२५८॥**

**ગાથાર્થ** : સાસ્વાદન અને ઔપશમિક સમ્યકત્વનો જઘન્ય અંતર કાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. આ સિવાયના બીજા ગુણસ્થાનકનો અંતર્મુહૂર્તનો અંતરકાળ છે ક્ષપકનો અંતરકાળ નથી. (૨૫૮)

**ટીકાર્થ** : સાસ્વાદન અને ઔપશમિક સમ્યક્ત્વ જેને હોય તે ઔપશમિક સમ્યક્ત્વી તે સાસ્વાદન અને ઔપશમિક સમ્યકત્વ આ બન્ને પોતાના ભાવનો ત્યાગ કર્યો પછી ફરી તે ભાવની પ્રાપ્તિમાં અપર એટલે જઘન્ય અંતર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે જે ઉપશમશ્રેણીથી પડતા સાસ્વદન થાય છે અને જે ઉપશમશ્રેણીમાં ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ હોય છે તે બંન્ને અલ્પ હોવાથી અહીં વિવક્ષા કરી નથી તો પછી શેની વિવક્ષા કરી છે? જે અનાદિ મિથ્યાદ્રષ્ટિ કે જેણે સમ્યક્ત્વ અને મિશ્રપુંજની ઉદ્વર્તના કરી છે અથવા તો જેણે મોહનીયની છવ્વીસ પ્રકૃત્તિની સત્તા છે એવો મિથ્યાત્વી આગળ વર્ણવેલા ક્રમપૂર્વક ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. અને જે તે જ ઔપશમિક સમ્યક્ત્વના સમયમાં આગળ કહેલ ન્યાય પ્રમાણે સાસ્વાદની થાય છે તે બંને જણા ચારે ગતિમાં રહેલા હોવાથી વિશેષ છે માટે તે બે ગ્રહણ કર્યા છે. આ બંને પ્રાપ્ત થયેલ ઔપશમિક સમ્યક્ત્વ ને અને સાસ્વાદનપણાને છોડી ફરી તેને જ પ્રાપ્ત કરે તો જઘન્યથી પણ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ પછી જે પ્રાપ્ત કરે છે તે પહેલાં નહીં તે આ પ્રમાણે :– ઔપશમિક સમ્યક્ત્વી અને સાસ્વાદનની મિથ્યાત્વ ગયા પછી પહેલા તેઓને સમ્યક્ત્વ અને મિશ્રના પુંજો સત્તામાં થાય છે તે બંને સત્તામાં રહેલ હોય ત્યારે જીવને ઔપશમિક સમ્યક્ત્વ અને સાસ્વાદન ભાવની પ્રાપ્તિની સંભાવના નથી. અને તે સમ્યક્ત્વપુંજ અને મિશ્રપુંજના દળિયાને મિથ્યાત્વમાં ગયેલા જીવો દરેક સમયે તેની ઉદ્વલના કરે છે અને તે દળિયાને મિથ્યાત્વની પુંજમાં દરેક સમયે નાખે છે આ પ્રમાણે ઉદ્વલના કરતા આ બંનેના દળિયા

પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ઉદ્દવલી શકાય છે એટલે બિલ્કુલ નાશ રૂપને પામે છે. તે પહેલા નહીં, કર્મપ્રકૃત્તિમાં આ પ્રમાણે જ કહ્યું છે.

આ પ્રમાણે પલ્યોપમના અસંખ્યાતમા ભાગે સમ્યક્ત્વ અને મિશ્રના પુંજો ઉદ્દવલાયે છત્તે તેના અંત ભાગે કોઈપણ ફરીવાર ઔપશમિક સમ્યક્ત્વ કે સાસ્વાદનપણાને પામે છે. આ પ્રમાણે આ બંનેનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ જઘન્ય અંતર થાય છે.

કહ્યા સિવાયના બાકી રહેલ બીજાઓમાં એટલે મિથ્યાદ્રષ્ટિ, અવિરત, દેશવિરત, પ્રમત્ત, અપ્રમત્ત, ઉપશમશ્રેણીમાં અપૂર્વકરણ, અનિવૃત્તિબાદરસૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ રૂપ જીવસમાસોમાં પોતપોતાની ગુણઠાણા છોડી ફરી તેને જ પામવામાં જઘન્યઅંતર અંતર્મુહૂર્તનું જાણવું. આ અંતર મિથ્યાત્વી વગેરેનું આગળ વિચારાઈ ગયું છે. ઉપશમ શ્રેણીમાં રહેલ અપૂર્વકરણ વગેરેનું જઘન્ય અંતર ઉપશમશ્રેણીથી પડીને ફરી અંતર્મુહૂર્ત જે તે શ્રેણીને ફરી સ્વીકારનારને જઘન્ય અંતર હોય છે. એક ભવમાં બે વાર ઉપશમશ્રેણી કરવાનું સિદ્ધાંતમાં અનુજ્ઞા છે.

પ્ર. : ઉપશમશ્રેણીમાં રહેલ અપૂર્વકરણ વગેરેનું જ ગ્રહણ શા માટે કર્યું ?

ઉ. : ક્ષપકને ક્ષપકશ્રેણીમાં રહેલ અપૂર્વકરણ વગેરે તેમજ ક્ષીણમોહ સયોગીઅયોગી કેવલીઓને અંતર જ નથી. કેમકે તેમને ગુણસ્થાનકેથી પડવાનો અભાવ છે.

આ પ્રમાણે જીવસમાસ રૂપ ગુણઠાણાનું જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર કહ્યું હવે તે ગુણઠાણાઓનું લોકમાં યથાયોગ્ય પણે કોઈક વખત અભાવ રૂપ આંતરનું નિરૂપણ કરે છે.

**पल्लाऽसंखियभागं सासणमिस्सासमत्तमणुएसु–**
**वासपुहुत्तं उवसामएसु खवगेसु छम्मासा ॥२५९॥**

ગાથાર્થ : **સાસ્વાદન, મિશ્ર, અસમાપ્ત એટલે સંમૂર્ચ્છિમ મનુષ્યોના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી અભાવ હોય છે ઉપશામકોનો વર્ષપૃથક્ત્વ અને ક્ષપકનો છ માસનો અભાવ હોય છે. (૨૫૯)**

ટીકાર્થ : સાસ્વાદન અને મિશ્ર અને અસમાપ્ત મનુષ્ય તેઓ. તેમા સાસ્વાદન અને મિશ્ર પ્રસિદ્ધ છે. અસમાપ્ત મનુષ્ય જે લબ્ધિથી તેમજ કરણથી હંમેશા અપર્યાપ્તા જ જે મનુષ્ય હોય છે. તે જાણવા એવા પ્રકારના મનુષ્યો સંમૂર્ચ્છિમ મનુષ્યો જ હોય છે કેમકે ગર્ભજ મનુષ્યો તો પર્યાપ્ત અપર્યાપ્ત હોય છે તેથી સાસ્વાદન મિશ્ર અને અસમાપ્ત મનુષ્યોમા પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ રૂપ અંતર હોય છે. તાત્પર્ય આ પ્રમાણે છે આ ત્રણે રાશિઓ સમસ્ત લોકમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં કાળસુધી બિલકુલ હોતી નથી. મોહનીય કર્મને જે ઉપશમાવે તે ઉપશામક જેવા ઉપશમશ્રેણીમા રહેલા સંયતો હોય છે તેઓમાં પણ વર્ષ પૃથક્ત્વ પ્રમાણનું અંતર જાણવું કોઈક વખત વર્ષપૃથક્ત્વ

સુધી લોકમાં કોઈપણ ઉપશમશ્રેણી સ્વીકારનાર નથી હોતા. મોહનીય કર્મને ખપાવે તે ક્ષપક એટલે ક્ષપકશ્રેણીમાં રહેલા ચારિત્રીઓ જ જાણવા.

તેઓમાં પણ છમાસનું અંતર જાણવુ કોઇક વખત ઉત્કૃષ્ટથી લોકમા છમાસ સુધી ક્ષપકશ્રેણી કરનાર કોઇપણ હોતું નથી તે પછી કોઇક ક્ષપકશ્રેણી જરૂર કરે જ છે. અહીં ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું ગ્રહણ કરવાથી અપૂર્વકરણ અનિવૃત્તિબાદર, સૂક્ષ્મસંપરાય ઉપશાંતમોહ, ક્ષીણમોહ, ગુણઠાણાઓનું ઉત્કૃષ્ટ અંતર કહ્યું અયોગીકેવલીનું તો છ મહિનાનું ઉત્કૃષ્ટ અંતર જાતે જ જાણી લેવું મિથ્યાદ્રષ્ટિ અવિરતસમકિતી, પ્રમત્ત, અપ્રમત્ત, અને સયોગી કેવલીઓનો વિરહકાળ હોતો જ નથી આ ગુણઠાણા લોકમાં હંમેશ અવિરહિત પણે હોય છે અને આ પ્રમાણે ગુણઠાણા રૂપ જીવસમાસોનું યથાયોગ્ય લોકમાં વિરહકાળ સ્વરૂપ ઉત્કૃષ્ટ અંતર કહ્યું.

સંમૂર્ચ્છિમ મનુષ્યોનું તો ગુણઠાણામાં વિષય ન હોવા છતાં પણ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ રૂપ વિરહકાળ કહેવાનો પ્રસંગ પામી સંક્ષેપ માટે ઉત્કૃષ્ટ અંતર કહ્યું છે. જઘન્ય અંતર તો દરેકનું એક સમય પ્રમાણ જ છે તે આગળની ગાથામાં ગ્રંથકાર જાતેજ કહેશે. (૨૫૯)

હવે ગુણઠાણા વિરહકાળ કહેવાના પ્રસંગને પામી યોગ વગેરે ગુણોનો પણ યથાગુણ પણે વિરહકાળને કહે છે.

**आहारमिस्सजोगेवासपुहुत्तं विउव्वि मिस्सेसु ।**
**बारस हुंति मुहुत्ता सव्वेसु जहण्णओ समओ ॥२६०॥**

ગાથાર્થ : આહારકમિશ્રયોગનો વર્ષ પૃથકત્વ વૈક્રિયમિશ્રનો બારમુહૂર્તનો અંતરકાળ હોય છે બાકીનામાં જઘન્યથી એક સમયનું અંતર હોય છે. (૨૬૦)

**ટીકાર્થ** : જેમાં ઔદારિક સાથે આહારકમિશ્ર હોય તો આહારકમિશ્ર કાયયોગ ચૌદપૂર્વધર વડે કાર્ય ઉત્પન્ન થયે છતે આહારક શરીર શરૂ કર્યું હોય પણ પૂર્ણ થયું ન હોય તે અવસ્થાને આહારકમિશ્રકાયયોગ કહેવાય છે તેનું ઉત્કૃષ્ટ વર્ષપૃથક્ત્વ અંતર થાય છે. વર્ષપૃથક્ત્વ કાળ સુધી ઉત્કૃષ્ટપણે આહારક શરીરનો આરંભક કોઈ પણ આ લોકમાં હોતો નથી. પ્રજ્ઞાપના સુત્રમાં 'आहारमाइ लोए छम्मासंजा न होंति उ कयाई' વગેરે વચનથી આહારક મિશ્રનો છ મહિના પ્રમાણ અંતરકાળ થાય છે. અને અહિં તો વર્ષપૃથક્ત્વ કહ્યો છે. તેમાં તત્વ કેવલીઓ જાણે.

કાર્મણ સાથે વૈક્રિયની જે મિશ્રતા જેમાં હોય તે વૈક્રિયમિશ્ર કાયયોગ છે. તે યોગ નારક અને દેવોને ઉત્પત્તિ વખતે સંપૂર્ણ અવસ્થામાં જે વૈક્રિયાશરીર હોય છે તે તેનો ઉત્કૃષ્ટથી બારમુહૂર્તનો વિરહકાળ છે. નરક અને દેવગતિમાં ઉત્કૃષ્ટથી બારમુહૂર્તનો

ઉપપાતવિરહકાળ આગળ કહ્યો છે તેથી સામર્થ્યથી જ વૈક્રિયમિશ્રો આટલા કાળ સુધી હોતા નથી કેમકે ઉત્પન્ન થનારા નારકદેવતાને જ તેનો સંભવ છે. વૈક્રિયલબ્ધિધારી તિર્યંચ-મનુષ્યોના વૈક્રિયમિશ્રની અહીં વિવક્ષા કરી નથી.

બાકીના ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, કાર્મણકાયયોગો અને મનના તેમજ વચનના યોગોનું અંતરકાળ નથી તે યોગો લોકમાં અવિરહિત પણે હોય છે. આહારકમિશ્રનું અંતર કહેવાથી આહારકયોગનું પણ અંતર કહેવાઈ જાય છે કેમકે આહારકમિશ્ર અને આહારકયોગની વિદ્યમાનતા અંતર્મુહૂર્ત પછી હોતી નથી.

આ પ્રમાણે આગળની ગાથાંમાં તેમજ આ ગાથામાં સાસ્વાદન વગેરેનું ઉત્કૃષ્ટ અંતર જણાવ્યું હવે સર્વેનું જઘન્ય અંતરકાળ કહે છે. સાસ્વાદનથી લઈ વૈક્રિયમિશ્ર સુધીના સર્વે ગુણોનું જઘન્ય અંતર એક સમયનો વિરહકાળ છે. (૨૫૦)

હવે છેદોપસ્થાપનીય વગેરે ચારિત્રીઓનો વિરહકાળ કહે છે.

**तेवट्ठीचुलसीई वाससहस्साइं छेयपरिहारे ।**
**अवरं परमुदहीणं अट्ठारस कोडिकोडीओ ॥२६१॥**

ગાથાર્થ : તેસઠ હજાર વર્ષ છેદોપસ્થાપનીયનો અને ચોર્યાસી હજાર વર્ષનો જઘન્ય અંતર કાળ પરિહારવિશુધ્ધિનો છે. ઉત્કૃષ્ટથી અઢાર કોડાકોડી સાગરોપમનો વિરહકાળ આ બંન્નેનો છે.(૨૬૧)

**ટીકાર્થ** : છેદોપસ્થાપનીય સાધુઓનો ત્રેસઠહજાર વર્ષનો જઘન્ય અંતર છે પરિહારવિશુધ્ધિ સાધુઓને ચોર્યાસી હજાર વર્ષનું જઘન્ય અંતર છે. આ બન્નેનું અપર એટલે ઉત્કૃષ્ટ અંતર દરેકનું અઢાર કોડાકોડી સાગરોપમનું છે તે આ પ્રમાણે છે, અવસર્પિણીમાં દુષ્ષમા નામના પાંચમા આરાના છેડે ભરત, ઐરાવત ક્ષેત્રોમાં બધે ઠેકાણે છેદોપસ્થાપનીય સાધુઓનો વિચ્છેદ થાય છે તેથી તીર્થંકર, ગણધર વગેરેથી રહિત એકવીસ હજાર વર્ષ પ્રમાણે દુષ્ષમ-દુષ્ષમ નામના અવર્પિણીના છઠ્ઠા આરામાં તે સાધુઓ હોતા નથી અને તેટલા જ પ્રમાણ વાળા પહેલા આરામાં અને દુષ્પમા નામના ઉત્સર્પિણીના બીજા આરામાં પણ તે હોતા નથી પણ ઉત્સર્પિણીના દુષ્ષમ સુષમા નામના ત્રીજા આરામાં તીર્થંકરોની ઉત્પત્તિમાં જ તે સાધુઓ થાય છે એ પ્રમાણે એકવીસ હજાર વર્ષના પ્રમાણવાળા ત્રણેય આરાઓમાં ત્રેસઠ હજાર વર્ષ સુધી છેદોપસ્થાપનીય સાધુઓનો જઘન્યથી વિરહકાળ થાય છે,

પરિહારવિશુધ્ધિક સાધુઓ તો અવસર્પિણીના પાંચમા આરાની શરૂઆત પહેલા વિચ્છેદ ગયા હોય છે માટે એકવીસહજાર વર્ષ પ્રમાણ પાંચમો આરો અને આગળ કહેલ ત્રણ આરા સાથે કરતા ચોર્યાસીહજાર વર્ષનું જઘન્ય અંતર આ સાધુઓનું થાય છે.

આ બંને પ્રકારના સાધુઓનું ઉત્કૃષ્ટ અંતર અઢાર કોડાકોડી સાગરોપમનો વિરહકાળ છે. તે આ પ્રમાણે ઉત્સર્પિણીનો સુષમદુષમ નામનો ચોથો આરો ચાલુ હોય તે પહેલા જ છેદોપસ્થાપનીય અને પરિહારવિશુધ્ધિ સાધુઓનો વિચ્છેદ થાય છે તેથી આ આરામાં બે કોડાકોડી સાગરોપમો, સુષમા નામના પાંચમા આરામાં ત્રણ કોડાકોડી સાગરોપમ સુષમસુષમા નામના છઠ્ઠા આરામાં ચાર કોડાકોડી સાગરોપમ, એમ ઉત્સર્પિણીમાં નવ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળ સુધી આ બે પ્રકારના સાધુ । કયાંય પણ હોતા નથી એ પ્રમાણે અવસર્પિણીમાં પણ સુષમસુષમા, સુષમ, સુષમદુષમા નામના ત્રણે આરમાં નવ કોડાકોડી સાગરોપમકાળ સુધી એ હોતા નથી આમ અઢાર કોડાકોડી સાગરોપમમાં કાળ સુધી છેદોપસ્થાપનીય અને પરિહારવિશુદ્ધિ ચારિત્રનો ઉત્કૃષ્ટ વિરહકાળ છે જે ઉત્સર્પિણીના ચોથા આરાની શરૂઆતમાં કે અવસર્પિણીના ત્રીજા આરાના અંતમાં કેટલાક કાળ સુધી આ સાધુઓ મળે છે પણ અતિ અલ્પ હોવાને કારણે તેનાવડે ન્યૂનતા ઉત્કૃષ્ટ વિરહકાળમાં અહીં ગણી નથી એ પ્રમાણે જઘન્ય વિરહકાળમાં પણ કંઈક ઓછું વત્તુ હોય તેની પણ અહીં વિવક્ષા કરી નથી એમ વિચારવું પાંચે મહાવિદેહોમાં આ બંન્ને સંયતોનો હંમેશા અભાવ જ હોય છે સામાયિક અને યથાખ્યાત સાધુઓનો તો વિરહકાળ હોતો નથી કેમકે મહાવિદેહ માં તે હંમેશા અવિરહિતપણે હોય છે સૂક્ષ્મસંપરાયી સાધુઓનો તો જઘન્યથી એક-સમય અને ઉત્કૃષ્ટથી છ માસનો વિરહકાળ છે તે જાતે જ જાણી લેવો. (૨૬૧)

હવે સમ્યકત્વ વગેરે ગુણોનો પ્રત્તિપત્તિ વિરહકાળ કહે છે.

## सम्मत्त सत्तागं खलु विरयाविरई होइ चोद्दसगं ।
## विरईए पनरसगं विरहिय कालो अहोरत्ता ॥ २६२ ॥

ગાથાર્થ–: સમ્કત્વ સ્વીકારવાનો સાત અહોરાત્રનો, દેશવિરત સ્વીકારવાનો ચૌદ દિવસનો અને વિરત્તિ સ્વીકારનારનો પંદર અહોરાત્રનો ઉત્કૃષ્ટ વિરહ કાળ છે (૨૬૬)

**ટીકાર્થ** :– ચાલુ ગાથામાં કહેલ સમ્યકત્વ વગેરે ગુણોને આશ્રયી બે પ્રકારના જીવો છે પૂર્વપ્રતિપન્ન (સ્વીકારેલ) અને પ્રતિપદ્યમાન (સ્વીકારનાર) તેમાં સમ્યકત્વને સ્વીકારેલાનો કદી પણ વિચ્છેદ થતો નથી કેમકે લોકમાં અસંખ્યાતા સમકિતિઓ અવિરહિત પણે હોય છે જ્યારે સમકિત સ્વીકારનાર કોઈક વખત હોય છે કોઈક વખત જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સાત અહોરાત્રી સુધી નથી હોતા એટલે સાત રાત-દિવસ સુધી ત્રણે લોકમાં કોઈપણ સમ્યકત્વ સ્વીકારનાર હોતું નથી વિસ્તાવિરત એટલે દેશવિરતો હંમેશા અસંખ્યાતા સતત હોય છે દેશવિરતિ નવા સ્વીકારનારનો જઘન્ય એક

સમય, ઉત્કૃષ્ટથી આવશ્યક સૂત્રમાં विरया विरइए होई बारसगमं વચન બારદિવસનો વિરહ કાળ કહ્યો છે, જ્યારે ગ્રંથકારે ચૌદ દિવસનો લખ્યો છે તેનો ભાવાર્થ અમે નથી જાણતા —સર્વવિરતો પણ પૂર્વ પ્રતિપન્ન સંખ્યાતા હંમેશા હોય છે. પ્રતિપદ્યમાનનો જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી પંદર અહોરાત્રીનો વિરહકાળ છે. (૨૬૨)

આ પ્રમાણે જીવગત કેટલાક ભાવનો અંતરકાળ સંક્ષેપમાં કહીને હવે સર્વગુણોનો વિરહકાળ કહેવાની અશકયતા વિચારીને સંક્ષેપમાં કહે છે.

**भवभाव परित्तीणं कालविभागं कमेणऽणुगमित्ता ।**
**भावेण समुवउत्तो एणं कुज्जंऽतराणुगमं ॥२६३॥**

ગાથાર્થ : ભવ, ભાવની પરાવૃતિનો કાળ વિભાગ ક્રમપૂર્વક જાણીને એકાગ્ર મનવાળા થઇ આ પ્રમાણે અંતરકાળનો અનુગમ કરવો. (૨૬૩)

**ટીકાર્થ** : નારક વગેરેના જન્મરૂપ ભવો, ઔદાયિક વગેરે ભાવો તે ભવભાવોની પરાવૃત્તિઓ એટલે વિવક્ષિત એકમાંથી બીજામાં ગતિરૂપ તેનું કાલદ્વાર વગેરેદ્વારા કહેવાયેલ કાળના વિભાગને એટલે અલગ અલગ કાળના સ્વરૂપને આગમમાં કહેલ ક્રમપૂર્વક જાણીને ભાવ એટલે એકાગ્ર મનવાળા થઈને આગળ કહ્યા પ્રમાણે ન કહેલ જીવના ભાવોનો કરો. શું કરો? અંતરકાળનો અનુયોગ એટલે વ્યાખ્યા કરો, આનું તાત્પર્ય આ પ્રમાણે છે કોઈક ભવમાંથી બીજા ભવમાં જવારૂપ અને કોઇક ભાવમાંથી બીજા ભાવમાં જવા રૂપ પરાવૃત્તિ જેટલે કાળે થાય છે તે પરાવૃત્તિનો કાળ વિભાગ જાણી ને ઉપલક્ષણથી લેશ્યા, વેદ, કષાય, જ્ઞાન, દર્શન વગેરેની પરાવૃત્તિનો પણ કાળ સ્વરૂપ આગમાનુસારે જાણી આગળ ન કહેલ પદાર્થોનો પણ ઉપર કહ્યા પ્રમાણે સિદ્ધાંતથી પરિકર્મિત બુદ્ધિવાળા જીવોએ અંતરનો એટલે વિરહકાળની વ્યાખ્યા કરવી. (૨૬૩)

આ પ્રમાણે જીવોને આશ્રયી અંતરકાળ વિચાર્યો હવે તેના વિપક્ષ રૂપે અજીવોનો અંતરકાળ વિચારે છે.

**परमाणु दव्वाणं दुपएसाईणमेव खंधाणं ।**
**समओ अणंतकालोत्ति अंतर नत्थि सेसाणं ॥२६४॥**

ગાથાર્થ : દ્વિપ્રદેશ વગેરે સ્કંધો રુપ દ્રવ્યો અને પરમાણુનો જઘન્ય અંતરકાળ એક સમય અને ઉત્કૃષ્ટથી અનંતકાળ છે બાકીના દ્રવ્યોનો અનંતકાળ નથી (૨૬૪)

**ટીકાર્થ** : એક એક છૂટા પડેલ પુદ્ગલરૂપ પરમાણુ દ્રવ્યોનો જઘન્યથી અંતરકાળ એક સમય છે. ઉત્કૃષ્ટથી અસંખ્યાતા કાળ છે આનું તાત્પર્ય આ છે જ્યારે એક પરમાણુ કોઇક બીજા પરમાણુ કે દ્વયણુક, ત્ર્યણુક વગેરે દ્રવ્ય સાથે એક સમય જોડાઈને ફરી

એકલા પરમાણુ રૂપે થાય છે ત્યારે પરમાણુનું ફરી પરમાણુ રૂપે થવામાં જઘન્યથી એક સમયનું અંતર થાય છે જ્યારે તે જ પરમાણુ(અન્ય) પરમાણુ વગેરે બીજા દ્રવ્યો સાથે જોડાઇને અસંખ્યાત કાળ રહીને ફરી પરમાણુપણાનો પામે છે. ત્યારે ઉત્કૃષ્ટથી અસંખ્યાતકાળનું અંતર થાય છે કહ્યું છે કે, "હે ભગવંત! પરમાણુને કાળથી કેટલા વખતનું અંતર હોય છે? હે ગૌતમ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ. બે પરમાણુ રૂપ બે પ્રદેશો જેમાં છે. તે દ્વિપ્રદેશ સ્કંધ, તે દ્વિપ્રદેશ સ્કંધ જે ત્રિપ્રદેશ વગેરેની શરૂઆતમાં છે માટે દ્વિપ્રદેશ વગેરે સ્કંધોનો જઘન્યથી એક સમયનો અને ઉત્કૃષ્ટથી અનંતકાળનો અંતરકાળ છે તે કાળ આ પ્રમાણે થાય છેઃ-અહીં વિવક્ષિત કોઇક એક દ્વિપ્રદેશ વગેરે સ્કંધથી એક ખંડ તૂટીને અથવા બીજા દ્રવ્યો સાથે જોડાયા પછી દ્વિપ્રદેશ વગેરે ભાવનો વિશ્રસા પરિણામ વડે ત્યાગ કર્યે છતે ફરી એક સમય પછી તે જ છોડી દીધેલ દ્વિપ્રદેશ વગેરે સ્કંધના પરિણામને પ્રાપ્ત કરવામાં જઘન્યથી એક સમયનું અંતર પ્રાપ્ત થાય છે. જ્યારે જો તે જ દ્વિપ્રદેશ વગેરે સ્કંધ ટૂકડે ટૂકડા થઇને બીજા દ્રવ્યો સાથે સંયોગ વિયોગ વગેરે ભાવોનો અનુભવ કરતા અનંતકાળ ફરીને પાછો તે જ પરમાણુઓ વડે તે જ વિવક્ષિત ભાવને જ પ્રાપ્ત કરે છે. ત્યારે ઉત્કૃષ્ટથી અનંતકાળનું અંતર સિદ્ધ થાય છે.

બીજા આચાર્યો અધ્યાહાર કર્યા વગર પરમાણુ દ્રવ્યોનો પણ ઉત્કૃષ્ટથી અનંતકાળના અંતરની વ્યાખ્યા કરે છે તે બરાબર નથી પરમાણુને ફરી પરમાણુ રૂપે થવામાં ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાત કાળનું જ છે એમ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ વગેરે આગમોમાં અને અનેક સ્થાનોમાં પ્રતિપાદન કર્યું છે.

પુદ્ગલાસ્તિકાય સિવાયના બાકીના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ રૂપ અજીવોનો અંતરકાળ નથી કારણકે સ્વરૂપના ત્યાગ કર્યા પછી ફરી તે સ્વરૂપની પ્રાપ્તિનો તેઓમાં અસંભવ છે એવો કોઇ કાળ નથી કે જે કાળમાં ધર્માસ્તિકાય વગેરે પોતાના સ્વરૂપને છોડી ફરી કાળાંતરે તે ભાવને સ્વીકારે કે જેથી તેના વડે અંતરકાળ વિચારી શકાય. અનાદિ અનંત પારિણામિક ભાવ વડે તેઓની વિદ્યમાનતા હોય છે.(૨૬૪)

આ પ્રમાણે અજીવોનું પણ યથાયોગ્ય અંતર વિચાર્યું તેમ કરવાથી જીવો અને અજીવો આશ્રયી અંતરવિચારકાળ પણ વિચારાયો. તે વિચારાવાથી છઠ્ઠું અંતરદ્વાર પૂર્ણ થયું.

અંતરદ્વાર પૂર્ણ

# વિભાગ ૭મો

## ભાવદ્વાર

હવે 'संतपयपरूवणया'ગાથામાં કહેલ દ્વાર ક્રમાનુસારે સાતમું ભાવદ્વાર કહે છે.

**उवसम खइओ मीसो उदओ परिणाम सन्निवाओ य।**
**छध्धा जीवसमासो परिणामुदओ अजीवाणं ॥२६५॥**

**ગાથાર્થ : ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર એટલે ક્ષાયોપશમિક, ઔદાયિક, પારિણામિક, સાન્નિપાતિક એમ છ પ્રકારે જીવસમાસ છે અને અજીવોનો પારિણામિક અને ઔદયિક એમ બે પ્રકારે છે. (૨૬૫)**

**ટીકાર્થ** : સૂચન કરે તે સૂત્ર અને પદના એક દેશ વડે સમસ્ત પદ જણાય છે માટે ગાથામાં **उपशम** વગેરે કહેલ પદ દ્વારા સિદ્ધાંતમાં કહેલ ઔપશમિક વગેરે છ ભાવોનો નિર્દેશ જાણવો. તે આ પ્રમાણે ૧ ઔપશમિક ૨ ક્ષાયિક ૩ મિશ્ર એટલે ક્ષાયોપશમિક ૪ ઔદાયિક ૫ પારિણામિક અને ૬સાન્નિપાતિક તેમાં ઉપશમન એટલે ઉપશમ, રાખથી ઢંકાયેલ અગ્નિની જેમ કર્મની અનુદયવાળી અક્ષીણી જે અવસ્થા તે ઔપશમિક અથવા તે અવસ્થા વડે તૈયાર થયેલ જે ભાવ તે ઔપશમિક. કર્મનો જે ક્ષય અથવા ક્ષય વડે જે થયેલ હોય તે ક્ષાયિક ઉપર કહ્યા પ્રમાણે કર્મનો જે ક્ષય અને ઉપશમ ભાવ તે ક્ષાયોપશમિક અથવા તે બે વડે થયેલ ભાવ તે ક્ષાયોપશમિક, જેમ કંઈક બુઝાયેલ અને કંઈક ઢંકાયેલ અગ્નિની જેમ. જ્ઞાનાવરણ વગેરે કર્મોનો પોતપોતાના સ્વરૂપે વિપાકોદય રૂપ જે અનુભવવું તે ઔદાયિક અથવા વિપાકોદય વડે થયેલ જે ભાવ તે ઔદાયિક. તે તે સ્વરૂપ વડે વસ્તુઓનું જે થવું કે પરિણમવું તે પરિણામ, તે જ પરિણામિક અથવા તે પરિણામ વડે થયેલ જે ભાવ તે પારિણામિક. આ કહેલા ભાવોનો જે બે વગેરે રૂપ જે મેળાપ થાય તે સાન્નિપાતિક, તે જ અથવા તે સન્નિપાત વડે થયેલ જે ભાવ તે સાન્નિપાતિક, આ છયે આગમમાં ભાવો તરીકે કહેવાય છે તેમાં વિશિષ્ટ કારણો વડે અથવા સ્વભાવથી જીવઅજીવોનું તે તે સ્વરૂપે થવું તે ભાવો થાય છે. અથવા તે તે સ્વરૂપે થવા વડે થાય છે.

આમ આ છ ભાવોને સ્વરૂપથી જણાવી જીવસમાસોમાં તે શી રીતે સંભવે છે તે બતાવે છે. મિથ્યાદ્રષ્ટિ ચૌદ પ્રકારનો આ જીવસમાસ, આ છ ભાવોના સબંધથી છ પ્રકારનો થાય છે. એટલે આ છયે ભાવો જીવોમાં હોય છે તો પછી અજીવોમાં આ ભાવો કેટલા હોય છે ? તે કહે છે. અજીવોને એટલે શરીર, ધર્માસ્તિકાય વગેરેને ઔદયિક અને

પરિણામિક ભાવ હોય છે. પણ ઔપશમિક વગેરે હોતા નથી. તેમાં અજીવોનો ઔદયિક ભાવ ઔદાયિક વગેરે શરીરોમાં નામકર્મના ઉદય વગેરેથી ઉત્પન્ન થયેલ સુરૂપકુરૂપ વગેરે વિચારવું બીજામાં ઉદય એજ ઔદયિક એ પ્રમાણેની વ્યુત્પત્તિથી જ્ઞાનાવરણ વગેરે કર્મ રૂપ અજીવોમાં ઔદયિક ભાવનું વર્ણન કરવું. બાકી વિપાકથી અનુભવવા રૂપ ઉદય તો જીવ અને કર્મમાં રહેલો છે. (૨૬૫)

પ્ર. : જે આ ઔપશમિક વગેરે ભાવો જીવોના કહ્યા. તેઓમાંથી કયો ભાવ કયા કર્મમાં થાય છે?

ઉ. : **उदईओ उवसमिओ खइओ मीसो य मोहजा भावा ।**
**उवसमरहिया घाइसु होंति उ सेसाइं ओदइए ॥२६६॥**

**ગાથાર્થ : ઓદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક આ ચાર ભાવો મોહનીયકર્મમાં થાય છે ઔપશમિક સિવાયના ત્રણ ભાવો ઘાતિકર્મોમાં થાય છે. બાકીના ભાવો કર્મના ઉદયમાં છે. (૨૬૬)**

***ટીકાર્થ*** : ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક આ ચારે ભાવો મોહનીય કર્મમાં થતા હોય છે. મોહના થાય છે એટલે મિથ્યાત્વ વગેરે ભેદોવાળા મોહનીયકર્મમાં આ ચારે ભાવો થાય છે જે હોયે છતે ભ્રાન્તિ વગેરે થાય છે તેમ. જ્ઞાન વગેરે ગુણને હણવાનો જેઓનો સ્વભાવ છે. તે ઘાતીકર્મ, જ્ઞાનાવરણ વગેરે ચાર કર્મ રૂપે છે એ ચારમાંથી મોહનીય કર્મ કહી દીધું હોવાથી બાકીના ત્રણ જ અહીં જણાય છે આથી તે જ્ઞાનાવરણ દર્શનાવરણ, અંતરાય રૂપ ત્રણ ઘાતીકર્મોમાં ઔપશમિક છોડીને આજ ઔદયિક, ક્ષાયિક ક્ષાયોપશમિક રૂપ આગળ કહેલ ત્રણ ભાવો હોય છે. ઔપશમિકતો મોહનીયકર્મને છોડીને બાકીના કર્મોમાં હોતો નથી કેમકે **मोहस्सेवोवसमो** એ પ્રમાણે શાસ્ત્ર વચન છે.

બાકીના વેદનીય, આયુનામ, ગોત્ર રૂપ ચાર કર્મોમાં ઔદયિકભાવ હોય છે બાકીનામાં નહીં. ગાથામાં વિભક્તિનો વ્યત્યય એટલે ફેરફાર થવાથી **सेसेसु**ની જગ્યાએ **सेसाइं** થયું છે.

પ્ર. : આ કર્મો ક્ષાયિક ભવમાં પણ હોય જ છે કેમકે શૈલેષી અવસ્થામાં આ કર્મોનો પણ ક્ષય થાય છે. બીજા ગ્રંથોમાં કહ્યું પણ છે કે, "મોહનીય કર્મનો જ ઉપશમ હોય છે. ચારે ઘાતીકર્મોનો ક્ષયોપશમ, આઠ કર્મોનો ક્ષાયિક, પરિણામિક અને ઔદયિક ભાવ હોય છે તો પછી આ ચાર કર્મોનો ક્ષાયિક ભાવ કેમ ન કહ્યો ?

ઉ. : સાચી વાત છે. પરંતુ જેમ જ્ઞાનાવરણ વગેરેના ક્ષય થવાથી વિશિષ્ટ કેવળજ્ઞાન વગેરે લબ્ધિઓ પ્રગટ થાય છે. તેમ આઠ કર્મોના ક્ષયથી કોઈ વિશિષ્ટ લબ્ધિ ઉત્પન્ન થતી હોય એમ સિદ્ધાંતમાં સંભળાયુ નથી. એક સિદ્ધત્વ લબ્ધિ છે. પણ તેની ગણત્રી કરી નથી, કેમકે કે ફક્ત એકજ છે આથી તે ચાર અઘાતી

કર્મનો ક્ષાયિકભાવ હોવા છતાં પણ અહીં કહ્યો નથી પણ ઔદયિકભાવ કહ્યો છે કેમકે તે કર્મોના ઉદયથી વેદના વગેરેની પ્રત્યક્ષ પ્રાપ્તિ થાય છે.

પ્ર. : આગળ કર્મોના વિપાકથી અનુભવવા રૂપ જ ઉદય તે ઔદયિક એમ કહ્યું છે અને તે ઉદય જીવને જ સંભવે છે પણ કર્મોને તે ઉદય સંભવી શકતો નથી. કેમ કે તે કર્મોને વિપાકનો અનુભવ હોતો નથી તો પછી આ કર્મો ઔદયિક ભાવમાં છે એમ શી રીતે કહેવાય ?

ઉ. : ખરેખર તમે ભૂલકણાં છો તેથી હમણાં જ કહ્યું છે કે "વિપાકના અનુભવ રૂપ ઉદય અનુભવનાર જીવમાં અને અનુભવનીય કર્મમાં હોવાથી બેમાંથી કોઈપણ એકનો અભાવ હોય છે. તે અનુભવનો અભાવ હોય છે.

પ્ર. : સાચી વાત છે અમે કશું ભૂલ્યા નથી. પરંતુ આ ન્યાયથી કર્મોને આશ્રયી જે ઔપશમિક વગેરે ભાવો પણ અજીવોમાં મળશે. કેમકે ઉપશમ વગેરે પણ તેના જીવમાં અને ઉપશમ કરવા યોગ્ય કર્મમાં હોવાથી.

ઉ. : આ સાચું છે પરંતુ સૂત્રપ્રવૃતિઓ અમુક વિવક્ષાપ્રધાન હોવાથી ઔદયિક અને પારિણામિક બે ભાવો જ અજીવોને ગણ્યા છે પણ આ યુક્તિથી ઔપશમિક વગેરે ભાવોને સંભવ હોવા છતાં ગણ્યા નથી માટે દોષ નથી અને આથી જ તે મત કેટલાકને જ છે પણ બધાયનો આ મત નથી.

પ્ર : કેટલાક અજીવોમાં ફક્ત એક પારિણામિક ભાવ જ સ્વીકારે છે ભલે એમ હોય પણ ચાલુ ગાથામાં કર્મોનો પારિણામિક ભવ કેમ ન કહ્યો ? તેઓનો પરિણામ નથી હોતો એમ નથી "ક્ષાયિક પારિણામિક, ઔદયિક ભાવ આઠે કર્મોનો હોય છે" એમ શાસ્ત્રોના વચન અને બીજા સ્થાનોએ કહ્યું છે તથા સમસ્ત પદાર્થોના સમૂહમાં પરિણમતી વ્યાપકતા જૈન શાસને સ્વીકારેલી છે.

ઉ. : ઘણું સારું કહ્યું, પરંતુ કર્મોનો ઉત્કટપણે ઔદયિક ભાવ જ હોય છે પણ પારિણામિક ભાવ નથી હોતો. કેમકે તે ભિન્ન હોવાથી, અને જે ઉત્કટ હોય તેની જ વિવક્ષા હોય છે. વધુ વિસ્તારથી સર્યું. (૨૬૬)

હવે ક્ષાયિક વગેરે ભાવોથી ઉત્પન્ન થયેલ લબ્ધિ વિશેષોને વિભાગ પૂર્વક જણાવે છે.

**केवलियनाणदंसण खाइय सम्मं च चरण दाणाई ।**
**नवखइया लध्धीओ उवसमिए सम्म चरणं च ॥२६७॥**

ગાથાર્થ : કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર દાન વગેરે પાંચ લબ્ધિઓ એમ નવ પ્રકારે ક્ષાયિકલબ્ધિ છે ઔપશમિક સમકિત અને ચારિત્ર એમ બે ઉપશમલબ્ધિ છે. (૨૬૭)

**ટીકાર્થ** : કેવળજ્ઞાન, કેવળદર્શન તથા ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર તથા અંતરાયકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલ દાનલબ્ધિ આદિ શબ્દ વડે લાભ ભોગ, ઉપભોગ અને વીર્ય લબ્ધિ જાણવી. આ કેવળજ્ઞાન વગેરે નવ લબ્ધિઓ ક્ષાયિકી એટલે ક્ષાયિક ભાવથી ઉત્પન્ન થયેલ છે તે આ પ્રમાણે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પોતપોતાના આવરણોના ક્ષયથી જ ઉત્પન્ન થાય છે ક્ષાયિક સમકિત દર્શનસપ્તક મોહનીયનો ક્ષય થવાથી, ચારિત્ર મોહનીયનો ક્ષય થવાથી ક્ષાયિક ચારિત્ર, પાંચે પ્રકારના અંતરાય કર્મનો ક્ષય થવાથી જ ક્ષાયિક દાન વગેરે પાંચે લબ્ધિઓ ઉત્પન્ન થાય છે આ પ્રમાણે એમનું ક્ષાયિકપણું છે.

અહીં સમ્યક્ત્વ અને ચારિત્રને ઔપશમિક વિશેષણ ન કહ્યું હોવા છતાં પણ વ્યાખ્યાથી જાણવું કેમકે સર્વે સમકિતો તેમજ સર્વે ચારિત્રોમાં ઔપશમિક ભાવ હોતો નથી તેથી ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર ઔપશમિક ભાવમાં હોય છે બીજા ભાવોમાં નહીં ઔપશમિક સમ્યકત્વ દર્શનસપ્તક અને ઔપશમિક ચારિત્ર, ચારિત્ર મોહનીય ઉપશાંત થવાથી થાય છે આથી જ આ બે ઔપશમિક ભાવમાં રહેલ લબ્ધિ વિશેષોને બતાવે છે. (૨૬૭)

હવે ક્ષાયોપશમિક ભાવમાં રહેલ લબ્ધિ વિશેષોને બતાવે છે.

## नाणा चउ अण्णाणा तिन्नि उ दंसणतिगं च गिहिधम्मो ।
## वेयय चउ चारित्तं दाणाइग मिस्सउत भावा ॥२६८॥

**ગાથાર્થ** : ચારજ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણદર્શન, ગૃહસ્થ (શ્રાવક) ધર્મ અને વેદકસમ્યકત્વ તથા ચાર ચારિત્ર, દાનાદિક પાંચ લબ્ધિઓ આ મિશ્ર ભાવમાં છે. (૨૬૮)

**ટીકાર્થ** : આ જ્ઞાન વગેરે ભાવો એટલે જીવપર્યાયો મિશ્ર એટલે ક્ષાયોપશમિક ભાવને આશ્રય કરતા હોવાથી મિશ્ર એટલે ક્ષાયોપશમિક ભાવ રૂપે કહેવાય છે તે આ પ્રમાણે : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન રૂપ ચારે જ્ઞાનો અને મતિ-અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન રૂપ ત્રણ અજ્ઞાનો પોતાના આવરણ કરનાર મતિજ્ઞાના-વરણ વગેરે કર્મોના ક્ષયોપશમથી જ થાય છે. ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શનત્રિક પણ ચક્ષુ-દર્શનાવરણ વગેરેના ક્ષયોપશમ હોય ત્યારે જ થાય છે. દેશવિરતિ રૂપ ગૃહસ્થધર્મ તે પણ અપ્રત્યાખ્યાનાવરણ કષાય મોહનીયનો ક્ષયોપશમ હોય ત્યારે થાય છે જેમાં વિપાકોદય રૂપ સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલો ભોગવાય તે વેદક એટલે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, તે પણ દર્શન સપ્તકનો ક્ષયોપશમ હોય તો જ થાય છે. સામાયિક છેદોપસ્થાપનીય પરિહાર-વિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય રૂપ ચારિત્ર ચતુષ્ક પણ ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ હોય તો જ થાય છે. દાનાદિ પાંચ લબ્ધિઓ અંતરાયકર્મનો ક્ષયોપશમ હોય તો જ થાય છે.

પ્ર. : દાન વગેરે લબ્ધિઓ આગળ ક્ષાયિક ભાવની કહી છે અહીં તો ક્ષાયોપશમિક ભાવે કહી છે તો પછી બંન્ને વાતમાં વિરોધ કેમ ન થાય ?

ઉ. : એ પ્રમાણે નથી કેમકે તમે તાત્પર્ય જાણુતા નથી. દાન વગેરે લબ્ધિઓ બે પ્રકારે થાય છે. એક તો અંતરાયકર્મના ક્ષયથી અને એક તેના ક્ષયોપશમથી થાય છે. આગળજે ક્ષાયિકલબ્ધિ કહી છે તે ક્ષયથી થયેલ છે અને તે કેવલીઓને જ હોય છે. અહીં જે ક્ષાયોપશમિક લબ્ધિ કહી છે તે ક્ષયોપશમથી થયેલ છે અને તે છદ્મસ્થોનો જ હોય છે એમ જાણવું આ પ્રમાણે કહેલ આ સર્વે ભાવો ક્ષાયોપશમિક રૂપે છે. (૨૬૮)

હવે ઔદયિક અને પરિણામિક ભાવથી ઉત્પન્ન થયેલ જીવના ધર્મોને બતાવે છે.

## गइ काय वेयं लेसा कसाय अन्नाण अजय अस्सण्णी ।
## मिच्छाहारं उदया जिय भवियरियतिय सहावो ॥२६९॥

**ગાથાર્થ : ગતિ, કાય, વેદ, લેશ્યા, કષાય, અજ્ઞાન, અવિરતિ, અસંજ્ઞી, મિથ્યાત્વ, આહારકપણું એ ઓદયિકભાવ છે. જીવત્વ, ભવ્યત્વ, અને ઈત્તર એટલે અભવ્યત્વ એ પારિણામિક ભાવ છે. (૨૬૯)**

**ટીકાર્થ** : આ સર્વે ગતિ વગેરે પણ જીવના પર્યાયો નરકગતિ નામકર્મ વગેરેના ઉદયથી હોવાથી કાર્યમાં કારણનો ઉપચાર જેમ 'આ મારું શરીર જુનું કર્મ છે' વગેરેની માફક, આ સર્વે ગતિ વગેરે જીવ પર્યાયો ઔદયિકભાવમાં ગણાય છે. તે આ પ્રમાણેઃ– જે આ નારકપણું, તિર્યંચપણુ, મનુષ્યપણુ, દેવપણુ રૂપ જે ગતિ પર્યાય જીવમાં ઉત્પન્ન થાય છે તે નરકગતિ વગેરે નામકર્મના ઉદયથી જ થાય છે, પૃથ્વીકાયત્વ, અપ્કાયત્વ, વગેરે પર્યાયો પણ ગતિ, જાતિ, શરીર, પ્રત્યેક, સ્થાવર વગેરે નામકર્મના ઉદયથી જ થાય છે. સ્રીવેદ વગેરે ત્રણ વેદો સ્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ રૂપ મોહનીય કર્મના ઉદયથી હોય છે. લેશ્યા ષટ્ક તો જેઓના મતે કષાય નિષ્યન્દ (પરિણામ) રૂપ લેશ્યા' તેમના અભિપ્રાયે કષાય મોહનીય કર્મના ઉદયથી અને જેમના મતે 'યોગ પરિણામ રૂપ લેશ્યા'. તેમના મતે ત્રણ યોગના ઉત્પાદક કર્મના ઉદયથી લેશ્યા હોય છે બીજાઓ આ પ્રમાણે માને છે, કે જેમ સંસાર સ્વત્વ રૂપ અસિદ્ધત્વ આઠ કર્મના સમૂહના ઉદયથી થાય છે તેમ લેશ્યા ષટ્ક પણ થાય છે. ક્રોધ વગેરે કષાયો, કષાય મોહનીય કર્મના ઉદયથી હોય છે. વિપરિત બોધ રૂપ અજ્ઞાન પણ મતિ અજ્ઞાન વગેરે જ્ઞાનાવરણ તથા મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી હોય છે જે આગળ આ જ મતિઅજ્ઞાન વગેરેનું ક્ષાયોપશમિકપણું કહ્યું છે તે ફક્ત પદાર્થની જાણકારી માત્ર રૂપ જ સમજવું અથવા સમસ્ત પદાર્થોની વિપરીત કે અવિપરીત રૂપ જાણકારી, જે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ થાય છે. પણ તે

જાણકારીની જ વિપરિતતા રૂપ અજ્ઞાનપણું તો તે જ્ઞાનાવરણ અને મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી જ થાય છે. માટે એકજ અજ્ઞાનના ક્ષાયોપશમિક અને ઔદયિકપણાનો વિરોધ થતો નથી એમ બીજા સ્થાનોમાં પણ વિરોધનો ત્યાગ કરવો. અયતપણું એટલે અવિરત પણું તે અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી થાય છે. અસંજ્ઞીપણુ મનોઅપર્યાપ્ત નામકર્મ તથા જ્ઞાનાવરણના ઉદયથી થાય છે. મિથ્યાદ્રષ્ટિપણુ તો મિથ્યાત્વ મોહનીયના ઉદયે થાય છે. આહારકપણુ ક્ષુધાવેદનીય અને આહાર પર્યાપ્તિ વગેરે કર્મના ઉદયે હોય છે આમ જે પોતાના કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલ હોવાથી ગતિ વગેરે સર્વે જીવ પર્યાયો ઔદયિક કહેવાય છે.

પ્ર. : જો આમ હોય તો નિદ્રાપંચક, સર્વ વેદનીય, હાસ્ય, રતિ અરતિ, વગેરે અને અસિદ્ધત્વ, સંસારસ્થત્વ વગેરે બીજા પણ કર્મોદયથી થનારા ઘણા જીવના પર્યાયો છે. તે પણ અહીં કેમ નથી કહ્યા ?

ઉ. : સાચી વાત છે. એમનું ઉપલક્ષણ માત્રથી જ ઔદયિકપણુ જણાવ્યું છે. બીજા જેમાં પણ ઔદયિકભાવ સંભવતો હોય તેમાં પણ ઔદયિકભાવ જાણી લેવો.

જીવત્વ, ભવ્યત્વ, અને ઇતર એટલે અભવ્યત્વ જીવના અનાદિકાળથી પ્રવર્તેલા સ્વભાવ છે જે આત્મગત સ્વરૂપમય છે અને અનાદિ પારિણામિક ભાવ રૂપે છે.

પ્ર. : મોહનીય વગેરેથી ઉત્પન્ન થયેલ અને કેવળજ્ઞાન વગેરે કાર્ય રૂપે દેખાતા ઔદયિક વગેરે પાંચ ભાવો તો તમે બતાવ્યા પણ છઠ્ઠો જે સાન્નિપાતિક ભાવ જે જીવોમાં અસ્તિત્વ રૂપે શરૂઆતમાં જ કહ્યો છે. તે કાર્ય વગેરેના દર્શન રૂપે કેમ નથી કહ્યો ?

સાચી વાત છે પરંતુ આ સાન્નિપાતિક ભાવ ઔદયિક વગેરે જે ભાવપંચક છે તેનાથી અલગ રૂપે હોય તો તેના કાર્ય વગેરે અલગ દેખાય પણ એ નથી. આગમમાં સાન્નિપાતિકભાવ ઔદયિક વગેરે એ ત્રણ ભાવોના સંયોગ રૂપે જ બતાવ્યો છે તે આ પ્રમાણે : ઔદયિક વગેરે પાંચ ભાવોના દ્વિકસંયોગી દશ ભાંગા થાય છે. ત્રિક સંયોગી પણ દશ ભાંગા, ચતુઃસંયોગી પાંચ ભાંગા અને પંચસંયોગી એક ભાંગો એમ પ્રરૂપણા રૂપે છવ્વીસ ભાંગાથી સાન્નિપાતિક ભાવ થાય છે. વાસ્તવિકપણે આ છવ્વીસ ભાંગામાંથી ફક્ત છ જ ભાંગા જીવોમાં હોય છે. બાકીના વીસ તો પ્રરૂપણા માત્ર રૂપ જ હોય છે. પરંતુ કોઇ પણ જીવમાં હોતા નથી. તેમાં દ્વિકસંયોગી દશ ભાંગામાંથી ક્ષાયિક અને પારિણામિક ભાવથી બનેલ નવમો ભાંગો સિદ્ધોને હોય છે. કેમકે તેમને ક્ષાયિક ભાવે સમ્યક્ત્વ વગેરે અને પારિણામિક ભાવે જીવત્વનો સંભવ હોય છે. બાકીના તો નવ દ્વિકભાંગાઓ તો પ્રરૂપણા માત્ર જ છે. બીજા સંસારી જીવોને તો ઔદયિકી ગતિ, ક્ષાયોપશમિક જ્ઞાન વગેરે જીવત્વ વગેરે પારિણામિક એમ જઘન્યથી પણ ત્રણ ભાવો હોય છે તો પછી તેઓ દ્વિકસંયોગી ભાંગા શી રીતે હોઇ શકે ? ન જ હોય.

ત્રિકસંયોગી દશભાંગાઓમાંથી પણ ઔદયિક, ક્ષાયિક, પારિણામિક રૂપ ત્રણ ભાવોથી થયેલ પાંચમો ભાંગો કેવલિઓને હોય છે. તે આ પ્રમાણે :– ઔદયિકી મનુષ્યગતિ, ક્ષાયિક કેવળજ્ઞાન વગેરે અને પારિણામિક જીવત્વ, આ ત્રણ ભાવો તેમને હોય છે. ઔપશમિક ભાવ એમને હોતો નથી, કેમકે તે ભાવ મોહનીયકર્મને આશ્રયી થાય છે. અને મોહનીયકર્મનો તો કેવલિઓને સંભવ હોતો નથી એ પ્રમાણે જ અહીં ક્ષાયોપશમિક ભાવનો અભાવ પણ જાણી લેવો, કેમકે તેમને ક્ષાયોપશમિક જ્ઞાન વગેરેનો અસંભવ છે તેથી બાકી રહેલ ઉપર કહેલ ત્રણ ભાવથી બનેલ જ પાંચમો ભાંગો જ કેવલિઓને હોય છે. છઠ્ઠો ઔદયિક, ક્ષાયોપશમિક, પારિણામિક ત્રણ ભાવ રૂપ ભાંગો નારક વગેરે ચારે ગતિમાં પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે :– ઔદયિક ભાવમાં કોઇ પણ ગતિ ક્ષાયોપશમિક જ્ઞાન વગેરે અને પારિણામિક તો જીવત્વ આ ત્રણે ભાવો ચારે ગતિમાં હોય છે. બાકીના આઠ ત્રિક ભાંગાઓ પ્રરૂપણા માત્ર જ છે કેમકે કોઇપણ સ્થાને સંભવતા નથી.

ચતુષ્ક સંયોગી પાંચ ભાંગામાંથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, પારિણામિક ભાવ ચતુષ્ક બનેલો ત્રીજો ભાંગો ચારે ગતિમાં સંભવે છે તેમાં ત્રણ ભાવોની ભાવના આગળ પ્રમાણે જ સમજવી. ઔપશમિક સમ્યક્ત્વ તો પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે હોય છે તે જાણવું એ પ્રમાણે જ ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પરિણામિક ભાવ ચતુષ્કથી બનેલ ચોથો ભાંગો પણ ચારે ગતિમાં હોય છે. તેમાં ત્રણ ભાવની વિચારણા તો ઉપર પ્રમાણે જ સમજવી, ક્ષાયિક ભાવમાં તો ક્ષાયિક સમ્યક્ત્વ જાણવું બાકીના ત્રણ ચતુષ્કસંયોગી ભાંગા તો પ્રરૂપણા માત્ર જ છે. પંચ સંયોગી એક ભાંગો ક્ષાયિક સમકિતી થઇ ઉપશમશ્રેણીને સ્વીકારે તેને હોય છે. બીજા સ્થાને ન હોય કેમકે પાંચ ભાવો ઉપશમશ્રેણીમાં ક્ષાયિક સમકિતને જ હોય છે. આ પ્રમાણે દ્વિકસંયોગી એક ભાંગો, ત્રિકસંયોગી બે ભાંગા, ચતુઃસંયોગી બે ભાંગા, પંચસંયોગી એક ભાંગો એમ છ ભાંગાઓ અહીં જીવમાં સંભવિત રૂપે કહ્યા છે. બાકીના વીસ ભાંગા સંબંધ થવા માત્રથી ઉત્પન્ન થયેલ હોવાથી જ પ્રરૂપ્યા છે એમ નક્કી થયું.

જે ભાંગાઓ જીવમાં સંભવે છે તેમાંથી એક ત્રિકસંયોગી ભાંગો અને બે ચતુઃસંયોગી ભાંગા એમ ત્રણે ભાંગા ચારે ગતિમાં ત્રણ ત્રણ સંભવે છે, આથી ચારેગતિના ભેદથી તે ભાંગાઓ બાર ગણાય છે. બાકીના દ્વિકસંયોગી ભાંગો, ત્રિકસંયોગી ભાંગો, અને પંચસંયોગી ભાંગો એમ ત્રણ ભાંગાઓ સિદ્ધો, કેવલિઓ, ઉપશાંતમોહીઓને અનુક્રમે હોય છે. આ પ્રમાણે એકેક સ્થાનમાં હોવાના કારણે આ ત્રણ ભાંગા જ અલગ છે. આ વિવક્ષાથી આ સાન્નિપાતિક ભાવ બીજા સ્થાને (ગ્રંથોમાં) પંદર પ્રકારે કહ્યો છે. તે આ પ્રમાણે :–**अविरुद्ध सन्निवाइय भेया इमे ते पन्नरस**' આમ ઔદયિક વગેરે પાંચ ભાવોના સંયોગથી સાન્નિપાતિક ભાવ ઉત્પન્ન થતો હોવાના કારણે કાર્ય વગેરે રૂપે બતાવવા વડે જુદા કહ્યા નથી વધુ વિસ્તારથી સર્યું. (૨૯૯)

આગળ જીવોને છ ભાવો સંભવે છે એમ જે કહ્યું હતું તે બતાવ્યું, હવે જે અજીવોને 'પારિણામિક, ઔદયિક ભાવ હોય એમ જે કહ્યું હતું તે બતાવે છે.

**धम्माधम्मागासा कालोत्तिय पारिणामिओ भावो ।**
**खंधादेश पएसा अणू य परिणाम उदए य ॥२७०॥**

ગાથાર્થ : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલનો પારિણામિક ભાવ છે. સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુનો પારિણામિક અને ઔદયિક ભાવ છે. (૨૭૦)

**ટીકાર્થ** : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ પારિણામિક ભાવે છે. અનાદિ પારિણામિકે ભાવે આ ચાર દ્રવ્યો રહેલા છે કેમકે અનાદિ કાળથી લઇને જીવ-પુદ્ગલોને ગતિ, સ્થિતિના ટેકા રૂપે તથા અવગાહ દાનના પરિણામ રૂપે તેમજ સમય, આવલિકા, વગેરે પરિણામથી એમનું પરિણામ ન થયેલ હોવાથી દ્વયણુકથી લઈ અનંતા અણુક સ્કંધ સુધી સ્કંધો, તેજ સ્કંધના મોટા જે અવયવો તે દેશ, સ્કંધના સૂક્ષ્મતર અવયવો પ્રદેશ અણુઓ એટલે એકલો જે પરમાણુ તે, એમ ચાર પ્રકારનો પુદ્ગલાસ્તિકાય પારિણામિક અને ઔદયિક ભાવમાં હોય છે. દ્વયણુક વગેરે સ્કંધો સાદિ કાળથી તે તે પરિણમતા હોવાથી અને મેરૂપર્વત વગેરે સ્કંધો અનાદિકાળથી તે તે સ્વભાવ રૂપે પરિણમતા હોવાથી રૂપે પારિણામિક ભાવ હોય છે.

પ્ર. : ભલે પુદ્ગલાસ્તિકાય સાદિ પારિણામિક ભાવમાં કે અનાદિ પારિણામિક ભાવમાં રહે. પરંતુ ઔદયિક ભાવમાં તો એ શી રીતે હોઈ શકે? કર્મોનો વિપાકાનુભવ જ ઉદય છે અને તે ઉદય અથવા તે ઉદય વડે બનેલ જે ભાવ તે ઔદયિક, એમ આગળ વ્યાખ્યા કરી છે. અને આ ભાવ સામાન્યથી પુદ્ગલાસ્તિકાયમાં હોતો નથી.

ઉ. : સાચી વાત છે પરંતુ વર્ણ, ગંધ, રસ વગેરે તો પુદ્ગલાસ્તિકાયમાં પણ હોય છે. આથી તો વર્ણ વગેરે અથવા વર્ણ વગેરેના વડે જે થયેલ હોય તે ઔદયિક આમ આ વિવક્ષા વડે આ પુદ્ગલાસ્તિકાયને પણ ઔદયિક ભાવની વૃત્તિત્વ વિરોધ પામતા નથી. આગળની વિવક્ષા અહીં લીધી નથી માટે નિર્દોષ છે. (૨૭૦)

આમ જીવ અજીવોના યથાસંભવિત છયે ભાવો બતાવ્યા એટલે સાતમું ભાવદ્વાર પૂર્ણ થયું.

ભાવદ્વાર સમાપ્ત

# વિભાગ ૮મો

## અલ્પબહુત્વ દ્વાર

### પ્રકરણ ૧ લું

### ચાર ગતિ આશ્રયી અલ્પબહુત્વ

હવે 'संतपयपरुवणया' ગાથામાં કહેલ અલ્પબહુત્વ રૂપ આઠમું-દ્વાર કહે છે.

**थोवा नरा नरेहि य असंखगुणिया हवंति नेरइया ।**
**ततो सुरा सुरेहि य सिद्धाणंता तओ तिरिया ॥ २७१ ॥**

ગાથાર્થ : મનુષ્યો થોડા છે. મનુષ્યોથી અસંખ્યાત ગુણા નારકો છે. તેનાથી દેવો, દેવોથી સિદ્ધો અનંતા તેમનાથી તિર્યંચો અનંતા છે. (૨૭૧)

**ટીકાર્થ** : બાકીની ગતિમાં રહેલ જીવોની અપેક્ષાએ મનુષ્યગતિમાં રહેલા મનુષ્યો સહુથી થોડા છે કેમકે અઢીદ્વીપસમુદ્રમાં જ ફક્ત રહેતા હોવાથી, તેમનાથી અસંખ્યાતગુણા નારકો છે કેમકે રત્નપ્રભા વગેરે સાતે પૃથ્વીમાં તે રહેલા છે. અને દરેક પૃથ્વીઓમાં તેઓ અસંખ્યતા છે. તેઓથી અસંખ્યાતાગુણા સર્વે દેવો છે કેમકે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, બારદેવલોકો, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરોમાં તેઓ હોવાથી અને મહાદંડકમાં પણ તે પ્રમાણે જ કહ્યું છે તે દેવોથી સિદ્ધો અનંતગુણા છે. કેમકે કાળ અનંત છે. અને છ મહિનાને છેડે કોઈપણ અવશ્ય મોક્ષમાં જાય છે. અને તે મોક્ષમાં ગયેલ પાછા આવતા નથી તે સિદ્ધોથી તિર્યંચો અનંતગુણા છે કારણ કે અનંતા કાળે પણ એક નિગોદનો અનંતમા ભાગે રહેલ જીવરાશિ સિદ્ધ થાય છે. અને તિર્યંચગતિમાં તો અસંખ્યાતી નિગોદ છે અને દરેક નિગોદમાં સિદ્ધોથી અનંતગુણી જીવરાશિ રહેલ છે. (૨૭૧)

હવે તિર્યંચ વગેરે ગતિમાં રહેલ સ્ત્રીઓનું અને તે પ્રસંગાનુસારે બીજા પણ નારક વગેરેનું પણ અલ્પબહુત્વ કહે છે.

**थोवा य मणुस्साओ नर नरय तिरिक्खिओ असंखगुणा ।**
**सुरदेवी संखगुणा सिद्धा तिरिया अणंतगुणा ॥ २७२ ॥**

ગાથાર્થ : સર્વથી થોડી મનુષ્ય સ્ત્રીઓ, તેનાથી મનુષ્યો અસંખ્યગુણા તેનાથી નરકો અસંખ્યગુણા તેનાથી તિર્યંચીણી અસંખ્યગુણી, તેનાથી દેવીઓ સંખ્યાતગણી, તેનાથી સિદ્ધો અનંતા, તેનાથી તિર્યંચો અનંતા. (૨૭૨)

**ટીકાર્થ** : આગળ કહેલ યુક્તિથી જ સહુથી થોડી માનવસ્ત્રીઓ છે. માનવો તો **તેનાથી** અસંખ્યગુણા છે 'અસંખ્યાતગુણા' એ પદ દરેક સાથે જોડવું.

પ્ર. : બીજા ગ્રંથોમાં મનુષ્યોથી મનુષ્યસ્ત્રીઓ જ સત્તાવીસગણી અને સત્તાવીશ અધિક રૂપે કહી છે. કહ્યું છે કે, 'ત્રણ ગણી અને ત્રણ અધિક તિર્યંચોની સ્ત્રી જાણવી, સત્તાવીસગુણી અને સત્તાવીસ અધિક મનુષ્યોની સ્ત્રી છે (૧), બત્રીસગુણી અને બત્રીસ અધિક દેવોની દેવીઓ, રાગદ્વેષ ને જીતનારા જિનેશ્વરોએ કહી છે' (૨), તો પછી અહીં સ્ત્રીઓથી મનુષ્યો જ અસંખ્યાતા શી રીતે હોઇ શકે?

ઉ. : સાચી વાત છે, ગર્ભજ મનુષ્યોની અપેક્ષાએ સ્ત્રીઓ બીજા ગ્રંથમાં વધુ કહી છે. અહીં તો સંમૂર્ચ્છિમ મનુષ્યોની અપેક્ષાએ સ્ત્રીઓથી તેઓનું અસંખ્યાતપણુ જાણવું કેમકે સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાત છે અને સ્ત્રીઓ તો સંખ્યાતી છે માટે દોષ નથી.

આગળ કહેલ યુક્તિ પ્રમાણે મનુષ્યોથી નારકો અસંખ્યાતગુણા છે તેમનાથી પણ તિર્યંચીણી અસંખ્યાગણી છે કેમકે મહાદંડકમાં જ નારકોથી તિર્યંચો પુરૂષો અસંખ્યાતગુણા કહ્યા છે તો પછી તેની સ્ત્રીઓ તેમનાથી ત્રણગણી અને ત્રણ અધિક છે માટે તિર્યંચણીઓનું નારકોની અપેક્ષાએ અસંખ્યાતગુણ યુક્ત છે તિર્યંચણીથી સામાન્ય રૂપે દેવો સંખ્યાતગુણા છે કેમકે મહાદંડકમાં એમ જ કહ્યું છે. તે દેવોથી પણ દેવીઓ સંખ્યાતગુણી છે કેમકે દેવોથી દેવીઓ બત્રીસગણી અને બત્રીસ અધીક રૂપે કહી છે તે દેવીઓથી પણ આગળ કહેલ યુક્તિથી સિદ્ધો અનંતગુણા છે અને તે સિદ્ધોથી પણ આગળ કહેલ ન્યાયાનુસારે તિર્યંચો અનંતગુણા છે. (૨૭૨)

હવે નરક વગેરે ગતિઓમાં નારક વગેરેની પોતાના સ્થાનમાં જ અલ્પબહુત્વ કહે છે.

## थोवा य तमतमाए कमसो घम्मंतया असंखगुणा ।
## थोवा तिरिक्खपज्जतऽसंख तिरिया अणंतगुणा ॥२७३॥

**ગાથાર્થ : તમઃતમ પ્રભામાં સહુથી થોડા નારકો છે પછી અનુક્રમે અસંખ્યાતગુણા ધર્મા પહેલી નરક સુધી જાણવા સહુથી થોડા તિર્યંચ સ્ત્રીઓ, તેનાથી પર્યાપ્ત તિર્યંચો અસંખ્યાતગુણા અને તેનાથી તિર્યંચો અનંતગુણા છે. (૨૭૩)**

**ટીકાર્થ** : તમઃતમાપ્રભા નામની સાતમી નરક પૃથ્વીમાં નારકો બાકીની નરકપૃથ્વીઓથી થોડા છે તેમનાથી છઠ્ઠી નરક પૃથ્વીના નારકો અસંખ્યાતગુણા, તેનાથી પાંચમી પૃથ્વીમાં અસંખ્યગુણા, એ પ્રમાણે ત્યાં સુધી જાણવું યાવત્ ધર્મા નામની એટલે રત્નપ્રભા પૃથ્વીના નારકો શર્કરાપ્રભાના નારકોથી અસંખ્યગુણા છે એમ કહેવું.

નરકગતિમાં સ્વસ્થાનમાં અલ્પબહુત્વ કહ્યું, હવે તિર્યંચગતિમાં તે અલ્પબહુત્વ કહે છે તિર્યંચગતિમાં સૌથી થોડી તિર્યંચીણીઓ છે તેનાથી પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચો

અસંખ્યગુણા છે કેમકે પર્યાપ્ત પંચેંદ્રિય નપુંસક તિર્યંચો તિર્યંચણીઓથી અસંખ્યાતગુણા રૂપે મહાદંડકમાં કહ્યા છે.

પ્ર. : ભલે એમ હોય પરંતુ પર્યાપ્ત તિર્યંચોને પંચેંદ્રિય પણાનું વિશેષણ ક્યાંથી લાવ્યા ?

ઉ. : સાચું છે તિર્યંચણીઓ પંચેંદ્રિય જ હોય છે તે પરથી જ આ તિર્યંચો પંચેંદ્રિય જ લેવા. અને તે અસંખ્યગુણા રૂપે કહ્યા છે. નહીં તો પર્યાપ્ત એકેંદ્રિય વગેરે તિર્યંચો તો અનંતા છે, તિર્યંચીણીઓ તો અસંખ્યાતી છે તેનાથી સામાન્ય રૂપે પર્યાપ્ત તિર્યંચો અનંતગુણા જ થાય છે વધુ વિસ્તારથી સર્યું.

પર્યાપ્ત પંચેંદ્રિય તિર્યંચોથી સામાન્ય રૂપે એકેંદ્રિય વગેરે તિર્યંચો અનંતગુણા છે.(૨૭૩)

હવે દેવગતિમાં પોતાના સ્થાને અલ્પબહુત્વ કહે છે.

**थोवाणुत्तरवासी असंखगुणवुड्ढी जाव सोहम्मो ।**
**भवणेसु वंतरेसु य संखेज्जगुणा य जोइसिया ॥२७४॥**

**ગાથાર્થ : સહુથી થોડા અનુત્તરવાસીદેવો તેમના પછી દરેક દેવો અસંખ્યગુણ વૃદ્ધિપૂર્વક સૌધર્મ દેવલોક સુધી જાણવા. ભવનપતિ વ્યંતરો પણ અસંખ્યાતગુણ વૃદ્ધિ પૂર્વક જાણવા. જ્યોતિષીઓ સંખ્યાતગુણા જાણવા. (૨૭૪)**

*ટીકાર્થ* : બીજા દેવોની અપેક્ષાએ જ અનુત્તરવિમાનવાસી દેવો થોડા છે તેમનાથી ગ્રૈવેયકવાસી દેવો અસંખ્યગુણા છે. એમનાથી પણ અચ્યુતમાં અસંખ્યગુણા તેનાથી આરણમાં, તેનાથી પ્રાણતમાં એનાથી આનત દેવલોકમાં અસંખ્યગુણા દેવો છે. એ ક્રમાનુસારે દરેક દેવલોકમાં અસંખ્યગુણા દેવોની વૃદ્ધિ ત્યાં સુધી જાણવી કે ઇશાન દેવલોકવાસી દેવોથી સૌધર્મ અસંખ્યગુણા દેવો છે આ અભિપ્રાય આ ચાલુ ગ્રંથનો છે અને તે અસંગત જણાય છે, કેમકે મહાદંડકમાં અનુત્તરવિમાનવાસી દેવોથી લઈ આનતકલ્પ સુધીના દેવોની સંખ્યાતગુણી વૃદ્ધિ કહી છે તથા માહેન્દ્ર દેવલોકથી સનત્કુમાર દેવો સંખ્યાતગુણા અને ઈશાન દેવોથી પણ સૌધર્મદેવો સંખ્યાતગુણા કહ્યા છે.

સૌધર્મ દેવોથી ભવનપતિદેવો કે જેઓ ભવનોમાં વસે છે તેઓ અસંખ્યગુણા છે. એમ ભવનપતિદેવોથી વ્યંતરોમાં પણ અસંખ્યાતગુણપણું જાણવું. વ્યંતરદેવોથી જ્યોતિષી દેવો સંખ્યાતગુણા છે. મહાદંડકમાં પણ આ પ્રમાણે જ કહ્યું છે. (૨૭૪)

હવે સમાન્ય એકેંદ્રિય વગેરે વિશેષણ વિશિષ્ટ જીવોનું અલ્પ બહુત્વ કહે છે.

***पंचिंदिया य थोवा विवज्जएण वियला विसेसहिया ।***
***तत्तो य अणंतगुणा अणिंदिएगिंदिया कमसो ॥२७५॥***

**ગાથાર્થ** : સહુથી થોડા પંચેંદ્રિયો પછી તેમને અનુક્રમે પશ્ચાનુપૂર્વિથી વિકલેંદ્રિયો વિશેષ અધિક છે. તેમનાથી સિદ્ધો અનંતગુણા છે. અને તેમનાથી એકેંદ્રિયો અનંત ગુણા છે. (૨૭૫)

**ટીકાર્થ** : બેઇંદ્રિય વગેરે જીવોની અપેક્ષાએ પંચેંદ્રિયો થોડા છે તેમનાથી વિકલેંદ્રિયો એટલે બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય પશ્ચાનુંપૂર્વીએ વિશેષાધિક છે તે આ પ્રમાણે....પંચેંદ્રિયોથી ચઉરિંદ્રિય વિશેષાધિક, તેમનાથી તેઇંદ્રિયો વિશેષાધિક, તેમનાથી બેઇંદ્રિયો વિશેષાધિક, તે બેઇંદ્રિયોથી અનિન્દ્રિય એટલે સિદ્ધો અનંતગુણા છે સિદ્ધોથી એકેંદ્રિયો આગળ કહેલ યુક્તિથી અનંતગુણા છે. (૨૭૫)

હવે સામાન્યપણે કાર્યવિશેષણથી વિશેષિત જીવોનું અલ્પબહુત્વ કહે છે.

**थोवाय तसातत्तो तेउ असंखा तओ विशेषहिया ।**
**कमसो भूदगवाउ अकाय हरिया अणंतगुणा ॥२७६॥**

**ગાથાર્થ** : સહુથી થોડા ત્રસો છે તેનાથી તેઉકાક અસંખ્યાતા. તેમનાથી વિશેષાધિક અનુક્રમે પૃથ્વી, પાણી, વાયુકાય તેમનાથી અકાયી સિદ્ધો અનંતગુણા છે અને વનસ્પતિકાય તેમનાથી અનંતગુણા છે. (૨૭૬)

**ટીકાર્થ** : બીજા તેઉકાય વગેરે જીવોની અપેક્ષાએ ત્રસકાય જીવો થોડા છે. એમનાથી અસંખ્યગુણા અગ્નિકાયો છે, એમનાથી પણ પૃથ્વીકાય વગેરે અનુક્રમે વિશેષાધિક છે તે આ પ્રમાણેઃ– તેઉકાયોથી પૃથ્વીકાયો વિશેષાધિક, તેમનાથી અપ્કાયો વિશેષાધિક, તેનાથી વાયુકાયો વિશેષાધિક આ ક્રમાનુસારે આ જીવોનું વિશેષાધિકપણું છે. વાયુકાયોથી અકાયી, અયોગીકેવલી સિદ્ધો એકઠા હોય ત્યારે જ અનંતગુણા તેમનાથી પણ વનસ્પતિકાય જીવ સામાન્યથી અનંત ગુણા કહ્યા છે તથા મહાદંડકમાં પણ આ પ્રમાણે જ કહ્યું છે એ યુક્તિ બધે ઠેકાણે જાણવી. (૨૭૬)

હવે આ ગ્રંથના વિષયરૂપ જ ગુણઠાણા રૂપ જીવસમાસોનું અલ્પબહુત્વ કહે છે.

**उवसामगा य थोवा खवग जिणे अप्पमत्त इयरे य ।**
**कमसो संखेज्जगुणा देसविरिय सासणेऽसंखा ॥२७७॥**
**मिस्साऽसंखेज्जगुणा अविरियसम्मा तओ अखसंगुणा ।**
**सिध्धा य अणंतगुणा तत्तो मिच्छा अणंतगुणा ॥२७८॥**

**ગાથાર્થ** : ઉપશામકો થોડા તેમનાથી ક્ષપકો, તેમનાથી જિનો. તેમનાથી અપ્રમત્ત તેમનાથી પ્રમત્તો અનુક્રમે સંખ્યાતગુણા હોય છે તેમનાથી દેશવિરતો અસંખ્યાતગુણા

**તેમનાથી સાસ્વાદની અસંખ્યગુણ, એનાથી મિશ્રો અસંખ્યગુણા એનાથી અવિરત સમ્યક્ત્વી અસંખ્યગુણા, એનાથી સિદ્ધો અનંતગુણા, એનાથી મિથ્યાત્વી અનંતગુણા (૨૭૭-૨૭૮)**

**ટીકાર્થ** : અહીં ઉપશમક લેવાવડે કરી મોહના ઉપશમકો અને ઉપશાંત મોહીઓ લેવા, ક્ષપક વડે કરી ક્ષપકો અને ક્ષીણમોહીઓ સ્વીકારવા એમ ઉપલક્ષણ વ્યાખ્યાથી જાણવું તેથી સર્વથી થોડા ઉપશામકો તેમનાથી ક્ષપકો સંખ્યાતગુણા હોય છે આ ઉપશામક અને ક્ષપકનું આ અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદે જ્યારે જીવો હોય ત્યારે જાણવું, બાકી તો આ બન્ને પ્રકારના જીવો હોય પણ ખરા અને ન પણ હોય. હોય તો કોઇક વખત ઉપશામકો થોડા હોય અને ક્ષપકો ઘણા હોય. કોઇક વખત વિપરિતપણે ભજના પણ જાણવી. ક્ષપકોથી પણ ભવસ્થ કેવલી જિનો સંખ્યાતગુણા, એમનાથી પણ અપ્રમત્ત ગુણઠાણે રહેલ યતિઓ સંખ્યાતગુણા, તેમનાથી પ્રમત્ત સાધુઓ સંખ્યાતગુણા, તેમનાથી પણ દેશવિરતો તિર્યંચોમાં પણ હોવાથી અસંખ્યગુણા, સાસ્વાદનીઓ કોઇક વખત બિલકુલ હોતા નથી. હોય છે તો જઘન્યથી એક અથવા બે થી લઇ ઉત્કૃષ્ટપણે ચારેગતિમાં હોવાના કારણે દેશવિરતોથી અસંખ્યગુણા છે. મિશ્ર એટલે સમ્યક્મિથ્યાદ્રષ્ટિ જ્યારે હોય છે ત્યારે ઉત્કૃષ્ટથી સાસ્વાદનીઓથી સંખ્યાતગુણા છે (અસંખ્યાતગુણા) તેમનાથી અવિરતસમ્યક્ત્વીઓ હંમેશા અસંખ્યાતા હોય છે એમનાથી પણ સિદ્ધો અનંતગુણા છે સિદ્ધોથી પણ મિથ્યાદ્રષ્ટિઓ અનંતગુણા છે કેમકે સર્વ નિગોદજીવો મિથ્યાદ્રષ્ટિ છે વગેરે યુક્તિઓ પ્રસિદ્ધ છે. (૨૭૭-૨૭૮)

હવે આજ ગુણઠાણા રૂપ જીવસમાસોને ચારેગતિઓમાં દરેકનું અલ્પબહુત્વ કહેવાથી, કહેવાની ઇચ્છાથી નરક અને દેવગતિનું એકજ વક્તવ્ય એકીસાથે જ કહે છે.

**सूरनारए सासाणा थोवा मिसा य संखगुणयारा ।**
**तत्तो अविरयसम्मा मिच्छाभवे असंखगुणा ॥२७९॥**

**ગાથાર્થ** : **દેવનારકમાં સાસ્વાદની સહુથી થોડા તેનાથી મિશ્રો સંખ્યાતગુણા, તેનાથી અવિરતસમકિતી અસંખ્યાતગુણા તેનાથી મિથ્યાત્વીઓ અસંખ્યાતગુણા (૨૭૯)**

**ટીકાર્થ** : દેવો અને નારકો એ બન્નેમાં જ્યારે સાસ્વાદનીઓ ઉત્કૃષ્ટ પદે રહેલ હોય ત્યારે પણ થોડા જ હોય છે મિશ્રદ્રષ્ટિઓ સાસ્વાદનીઓની સંખ્યાને સંખ્યાત વડે ગુણતા જેટલા થાય તેટલા સંખ્યાતગુણાકારવાળા ઉત્કૃષ્ટપદે રહેલા હોય ત્યારે થાય છે. તે મિશ્રદ્રષ્ટિઓથી અવિરત સમકિતીઓ અસંખ્યાતગુણા છે, તેમનાથી મિથ્યાદ્રષ્ટિઓ અસંખ્યાતગુણા છે આ પ્રમાણે મિથ્યાત્વી, સાસ્વાદની, મિશ્રદ્રષ્ટિઓ, અવિરત સમ્યક્ત્વીઓ રૂપ ચારે જીવસમાસોનું દેવગતિ અને નરકગતિનું અલગ અલગ અલ્પબહુત્વ જાણવું બાકીના દેશવિરત વગેરે જીવસમાસો આ બે ગતિમાં સંભવતા નથી. (૨૭૯)

હવે તિર્યંચગતિમાં સંભવતા જીવસમાસોનું અલ્પબહુત્વ કહે છે.

**तिरिएसु देसविरया थोवा सासायणा असंखगुणा ।**
**मीसा य संख अजया असंख मिच्छा अणंतगुणा ॥२८०॥**

ગાથાર્થ : તિર્યંચોમાં દેશવિરતો થોડા છે તેમનાથી સાસ્વાદનીઓ અસંખ્યગુણા, તેમનાથી મિશ્ર સંખ્યાતગુણા, તેનાથી અવિરત સમકિતી અસંખ્યગુણ, તેમનાથી મિથ્યાત્વી અનંતગુણા (૨૮૦)

**ટીકાર્થ** : તિર્યંચોમાં દેશવિરતો થોડા છે સાસ્વદનીઓ જ્યારે હોય ત્યારે ઉત્કૃષ્ટ પણે અસંખ્યગુણા હોય છે. તેમનાથી મિશ્રદ્રષ્ટિઓ સંખ્યાતગુણા, તેમનાથી અવિરત સમકિતીઓ અસંખ્યાતગુણા અને તેમનાથી મિથ્યાત્વીઓ અનંતગુણા છે. બાકીના પ્રમત્ત વગેરે જીવસમાસો આ ગતિમાં હોતા નથી. (૨૮૦)

હવે મનુષ્યગતિમાં અલ્પબહુત્વ કહે છે.

**मणुया संखेज्जगुणा गुणीसु मिच्छा भवे असंखगुणा ।**
**एवं अप्पाबहुयं दव्वपमाणे हि साहेज्जा ॥२८१॥**

ગાથાર્થ : મનુષ્યો તેર ગુણઠાણામાં પરસ્પર યથાયોગ્ય સંખ્યાતગુણા છે જ્યારે મિથ્યાત્વીઓ અસંખ્યગુણા છે. એમ દ્રવ્યપ્રમાણોથી અલ્પબહુત્વ કહેવું (૨૮૧)

**ટીકાર્થ** : મનુષ્યગતિમાં ચૌદે ગુણસ્થાનકો હોય છે. આથી મિથ્યાદ્રષ્ટિઓને અલગ લઈને બાકીના સાસ્વાદનથી લઈ અયોગી સુધીના તેર ગુણસ્થાનકોમાં રહેલા મનુષ્યજીવોની વિષયમાં પરસ્પર યથાયોગ્ય સંખ્યાતગુણા સર્વસ્થાને કહેવા. કેમકે મિથ્યાત્વીઓને યથાયોગ્ય સંખ્યાતગુણા સર્વસ્થાને કહેવી કેમકે મિથ્યાત્વીઓને છોડી મનુષ્યોની સંખ્યા જ સંખ્યાતી છે મિથ્યાદ્રષ્ટિ મનુષ્યો તો અસંખ્યાતગુણા છે, તે આ પ્રમાણે :–સહુથી થોડા અયોગી કેવલિઓ હોય છે તેમનાથી સંભાવના આશ્રયીને ઉત્કૃષ્ટ પદે રહેલ ઉપશામકો સંખ્યાતગુણા, છે, તેમનાથી ક્ષપકો સંખ્યાતગુણા છે, તેમનાથી પણ સયોગી કેવલિઓ સંખ્યાતગુણા, તેમનાથી પણ અપ્રમત્ત યતિઓ સંખ્યાતગુણા, પ્રમત્તયતિઓ તેમનાથી પણ સંખ્યાતગુણા, એમનાથી દેશવિરતો સંખ્યાતગુણા, તેમનાથી પણ અવિરતસમકિતિ સંખ્યાતગુણા, તેમનાથી સાસ્વાદનીઓ સંખ્યાતગુણા, તેનાથી મિશ્રદ્રષ્ટિઓ સંખ્યાતગુણા તેનાથી ગર્ભજ અને સંમૂચ્છિંમ મનુષ્ય આશ્રયી મિથ્યાદ્રષ્ટિઓ (મનુષ્યો) અસંખ્યાતગુણા છે. સાસ્વાદન વગેરે તેર ગુણઠાણામાં ગર્ભજ મનુષ્યો જ હોય છે અને તેઓ સંખ્યાતા જ છે માટે તેર ગુણઠાણામાં ગર્ભજ મનુષ્યો જ હોય છે અને તેઓ સંખ્યાતા જ છે. માટે

તેર ગુણઠાણાઓમાં યથાયોગ્ય પૂર્વ પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર મનુષ્યો બધે ઠેકાણે સંખ્યાતગુણા જ કહ્યા છે. મિથ્યાદ્રષ્ટિ ગુણઠાણે તો મિથ્યાદ્રષ્ટિઓ સર્વ મનુષ્યોને આશ્રયીને મિશ્રદ્રષ્ટિથી અસંખ્યગુણા કહ્યા છે. આ પ્રમાણે સંક્ષેપથી જીવસમાસોનું અલ્પબહુત્વ પ્રતિપાદન કરીને હવે ઉપસંહાર કરવાની ઈચ્છાથી સંક્ષેપમાં કહે છે.

આ પ્રમાણે આગળ કહ્યા પ્રમાણે જીવોના બીજા પણ અલ્પબહુત્વને સિદ્ધાંતથી પરિકર્મિત બુદ્ધિવાળા બુદ્ધિમાનો એ સાધવા. શેનાવડે સાધવા? આગળ કહેલ દ્રવ્યપ્રમાણ વડે સાધવા એટલે આગળ પ્રમાણદ્વારમાં જે પૃથ્વી વગેરે જીવદ્રવ્યોની જે સંખ્યા વિશેષ રૂપે કહેલ પ્રમાણો વડે તે અલ્પબહુત્વને સાધવા, આનો તાત્પર્યાર્થ આ છે કે આગળ કહેલ જીવદ્રવ્યના પ્રમાણોને યાદ કરી જેમનાથી જેમનું જે અલ્પબહુત્વ હોય તે આગમથી અવિરોધપણે બુદ્ધિમાનોએ કહેવું તે એમજ સિદ્ધાંત માં કહ્યા પ્રમાણે શિષ્યોના ઉપકાર માટે કંઈક બતાવીએ છીએ.

સહુથી થોડા મનોયોગી જીવો, તેમનાથી વચનયોગીઓ અસંખ્યાતગુણા, તેનાથી અયોગીઓ અનંતગુણા, અને તેનાથી કાયયોગીઓ અનંતગુણા.

સહુથી થોડા પુરૂષવેદીઓ તેનાથી, સ્રી વેદીઓ સંખ્યાતગુણા, તેનાથી અવેદીઓ અનંતગુણા, તેનાથી નપુંસકવેદીઓ અનંતગુણા. સહુથી થોડા અકષાયીઓ, તેનાથી માનોપયોગી અનંતગુણા, તેનાથી ક્રોધોપયોગી વિશેષાધિક, તેનાથી માયોપયોગી વિશેષાધિક, તેનાથી લોભોપયોગી વિશેષાધિક.

સહુથી થોડા શુકલ લેશી જીવો, તેનાથી પદ્મલેશી સંખ્યાતગુણા તેનાથી તેજોલેશી સંખ્યાતગુણા, તેનાથી અલેશી અનંતગુણા, તેનાથી કાપોતલેશી અનંતગુણા, તેનાથી નીલલેશી વિશેષાધિક, તેનાથી કૃષ્ણલેશી વિશેષાધિક.

સહુથી થોડા મિશ્રદ્રષ્ટિઓ, તેનાથી અનંતગુણા સમકિતીઓ, તેનાથી અનંતગુણા મિથ્યાદ્રષ્ટિઓ.

સહુથી થોડા મનઃપર્વજ્ઞાનીઓ, તેનાથી અવધિજ્ઞાનીઓ અસંખ્યાતગુણા, તેનાથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની પરસ્પર સરખા પણ અવધિજ્ઞાનીથી વિશેષાધિક તેનાથી વિભંગજ્ઞાનીઓ અસંખ્યાગુણા, તેનાથી કેવળજ્ઞાનીઓ અનંતગુણા, તેનાથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની પરસ્પર સમાન પણ આગળનાથી અનંતગુણા.

અવધિદર્શન સહુથી થોડા, ચક્ષુદર્શનીઓ તેનાથી અસંખ્યગુણા, તેનાથી કેવળદર્શની અનંતગુણા, તેનાથી અચક્ષુદર્શની અનંતગુણા.

સહુથી થોડા સર્વવિરતો, તેનાથી દેશવિરતો અસંખ્યગુણા, તેનાથી નોવિરતાવિરત અનંતગુણા, તેનાથી અવિરતો અનંતગુણા.

અનાકારપયોગી થોડા, તેનાથી સાકારોપયોગી સંખ્યાતગુણા કેમકે દર્શન ઉપયોગની અપેક્ષાએ જ્ઞાનોપયોગનો કાળ સંખ્યાતગુણો છે.

અનાહારી થોડા, તેનાથી આહારીઓ અસંખ્યગુણા, અંતર્મુહૂર્તના સમય પ્રમાણ સૂક્ષ્મનિગોદના જીવો હંમેશા વિગ્રહગતિમાં હોય છે. તેઓમાં એક વિગ્રહવાળા જીવો છોડીને બાકીના અનાહારીઓ છે. બીજાઓ કહે છે કે, સૂક્ષ્મનિગોદના સર્વે જીવો આહારી હોય છે માટે અનાહારીથી અસંખ્યગુણા.

અપર્યાપ્તાથી પર્યાપ્તાસંખ્યાતગુણા છે. આ સામાન્યથી જીવોને આશ્રયીને જાણવું વિશેષથી તો બાદર પર્યાપ્તથી બાદર અપર્યાપ્તા જ અસંખ્યગુણા છે.

બાદરોથી અસંખ્યગુણા સૂક્ષ્મો છે.

અભવ્યો સહુથી થોડા તેનાથી તો ભવ્યાભવ્ય રૂપ સિદ્ધો અનંતગુણા, તેનાથી ભવ્યો અનંતગુણા.

દિશા આશ્રયી સહૂથી થોડા જીવો પશ્ચિમ દિશામાં તેનાથી પૂર્વમાં વિશેષાધિક, તેનાથી દક્ષિણમાં વિશેષાધિક, તેનાથી ઉત્તરમાં વિશેષાધિક. આ અલ્પબહુત્વ બાદર જીવાશ્રયી જાણવું, કેમકે સૂક્ષ્મો તો સર્વ દિશામાં પ્રાયે કરી સરખા જ હોય છે. બાદરોમાં પણ વનસ્પતિઓ જ વધુ છે આથી તેને આશ્રયીને અલ્પબહુત્વ છે તે બાદર વનસ્પતિઓ જ્યાં પાણી ઘણું હોય ત્યાં જ ઘણી થાય છે. જ્યાં પાણી થોડું હોય ત્યાં તે વનસ્પતિ થોડી હોય છે અને પાણી તો સમુદ્રોમાં જ ઘણું હોય છે. પૂર્વ પશ્ચિમ દિશામાં તો સમુદ્રોની વચ્ચે ચંદ્ર સૂર્યના દ્વીપો છે જ્યાં દ્વીપ છે. ત્યાં પાણીનો અભાવ છે અને તેનો અભાવ હોવાથી બાદર-વનસ્પતિનો પણ અભાવ થાય છે અને પશ્ચિમદિશામાં પછી વિશેષતા છે કે તે દિશામાં એકહજાર છોત્તેર યોજન ઊંચો, બાર-હજાર યોજનના વિસ્તારવાળો ગૌતમ નામનો દ્વીપ વધારે છે અને તે દ્વીપવાળા પ્રદેશમાં પાણી ન હોવાથી, બાદર વનસ્પતિનો અભાવ હોવાથી આ દિશામાં જીવો થોડા હોય છે પૂર્વદિશામાં તો ગૌતમ-દ્વીપ ન હોવાથી વિશેષાધિક જીવો કહ્યા દક્ષિણદિશામાં તો ચંદ્રસૂર્યદ્વીપોનો અભાવ છે માટે વિશેષાધિક, ઉત્તરદિશામાં તો સંખ્યાતા યોજન વિસ્તારવાળા દ્વીપમાં સંખ્યાતા કોટી કોટી યોજન પ્રમાણ લંબાઈ-પહોળાઈવાળા માનસરોવર છે તેથી ઉત્તરદિશામાં વિશેષાધિક જીવો છે. આ પ્રમાણે સામાન્યથી જીવોનું દિશા આશ્રયી અલ્પબહુત્વ કહ્યું. વિશેષથી પણ પાણી, વનસ્પતિ, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય તિર્યંચોનું પણ પ્રાય કરી આજ અલ્પબહુત્વનું કારણ છે. તેઉકાય, વાયુકાયનું તો મેરૂની પશ્ચિમ દિશામાં અધોલૌકિક ગામોમાં બહુલતાનો સંભવ હોવાથી ત્યાં બહુલતા છે. બીજે સ્થાને તો અલ્પત્વ વગેરે બીજા સર્વે કારણો સિદ્ધાંતરૂપ સમુદ્રથી જાણી લેવા.

સહુથી થોડા જીવો તિર્છાલોકમાં, તેનાથી ઉર્ધ્વલોકમાં તો અસંખ્યગુણા કેમકે ક્ષેત્ર સંખ્યાતગણુ હોવાથી અસંખ્યગુણા છે.

અધોલોકમાં તો તેનાથી ક્ષેત્રવિશેષાધિક હોવાના કારણે વિશેષાધિક. આમ ઉર્ધ્વ, અધો અને તિર્છાલોક આશ્રયી અલ્પબહુત્વ કહ્યું, વધુ વિસ્તારથી સર્યું. વિસ્તારર્થીએ તો પ્રજ્ઞાપના સૂત્રનું ત્રીજું પદ જોઈ લેવું. (૨૮૧)

આ પ્રમાણે જીવવિષયક અલ્પબહુત્વ કહ્યું હવે અજીવ વિષયક અલ્પબહુત્વ કહે છે.

## धम्माधम्मागासा तिन्निवि दव्वट्ठया भवे थोवा ।
## तत्तो अणंतगुणिया पोग्गल दव्वा तओ समया ॥२८२॥

ગાથાર્થ : દ્રવ્યરુપે ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, એ ત્રણે અલ્પ છે તેમનાથી પુદ્ગલો દ્રવ્યો અનંતગુણા અને તેનાથી સમયો અનંતગુણા છે. (૨૮૨)

**ટીકાર્થ** : દ્રવ્યાર્થ એટલે દ્રવ્યરૂપ જે અર્થ, તેનો જે ભાવ તે દ્રવ્યાર્થતા, દ્રવ્યાર્થ રૂપે એટલે દ્રવ્યપણે વિચારતા ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય રૂપ ત્રણે પદાર્થો દરેક એક એક હોવાથી પોતાના સ્થાને તુલ્ય અને પછીના દ્રવ્યોની અપેક્ષાએ થોડા છે તે ત્રણ દ્રવ્યોથી અનંતગુણા પુદ્ગલ દ્રવ્યો છે. તે પરમાણુ દ્વયણુક, ત્ર્યણુક વગેરેથી અનંતાણુક સુધીના હોય છે. તેમનાથી પણ નિર્વિભાજ્યકાળના અંશરૂપ સમયો અનંતગુણા છે. તે જ પુદ્ગલદ્રવ્યોમાં એકેક પરમાણુ વગેરે દ્રવ્યવડે અન્યાય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંયોગોથી અનંતા સમયો ભૂતકાળમાં ભોગવાયા હોય છે અને એ પ્રમાણે જ બીજા પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સંબંધોથી અનંતા સમયો ભવિષ્યમાં અનુભવશે માટે પુદ્ગલદ્રવ્યોથી સમયોનું અનંતગુણપણું યોગ્ય છે. એમ ન કહેવું કે ભૂતકાળના સમયો નાશ પામવાથી અને ભવિષ્યના ઉત્પન્ન થવાથી પદાર્થ રૂપે તે સમયો છે જ નહીં, ફક્ત વર્તમાન એકજ સમય રહે છે. નિરન્વય (પરંપરા વગર) નાશનો એકાંતે અભાવ અને ઉત્પાદનો બીજા સ્થાને અલગ નિરાકરણ હોવાથી. (૨૮૨)

હવે ધર્માસ્તિકાય વગેરે અજીવોનું જ પ્રદેશત્વરૂપે અલ્પબહુત્વ કહે છે.

## धम्माधम्मापएसेहिंतो जीवा तओ अणंतगुणा ।
## पोग्गल समया खंपि य पएसओ तेणऽणंतगुणा ॥२८३॥

ગાથાર્થ : ધર્માસ્તિકાયના પ્રદેશોથી જીવપ્રદેશ અને દ્રવ્યોથી અનંતગુણા છે તેમનાથી સમયો અનંતગુણા અને તેનાથી પણ લોકાકાશના પ્રદેશો અનંતગુણા છે.(૨૮૩)

**ટીકાર્થ** : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના પ્રદેશોથી જીવપ્રદેશ અને દ્રવ્યથી અનંતગુણા જીવો છે. કેમકે એક નિગોદમા પણ ધર્માધર્માસ્તિકાયના પ્રદેશોથી જીવદ્રવ્યોનું અનંતગુણાપણું છે. સમગ્ર જીવદ્રવ્યોનું શું ? દરેક જીવદ્રવ્ય અસંખ્યેય પ્રદેશરૂપ હોવાથી ધર્માધર્મના દ્રવ્યોના પ્રદેશોથી જીવદ્રવ્યોના પ્રદેશોનું અનંતગુણપણું સારી રીતે સમજી શકાય છે.

જીવાસ્તિકાયના પ્રદેશોથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યથી પણ અનંતગુણા છે. પ્રદેશથી કેટલા પ્રમાણમાં છે? એકેક જીવપ્રદેશને અનંતાનંત કર્મપુદ્ગલના સ્કંધ દ્રવ્યો વડે વિંટળાયેલ હોવાથી પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અનંતગુણા છે, પુદ્ગલાસ્તિકાયના પ્રદેશોથી સમયો અનંતગુણા છે તે બાબતની યુક્તિ અહીં આગળ કહી છે તે સમયોથી પણ લોકાલોક આકાશના પ્રદેશો અનંતગુણા છે. (૨૮૩)

આ પ્રમાણે જીવ, અજીવ વિષયક અલ્પબહુત્વ કહ્યું અને તે કહેવાથી અલ્પબહુત્વ દ્વાર પૂર્ણ થયુ તે પૂર્ણ થવાથી સત્પદપ્રરૂપણા વગેરે આઠ દ્વારો વડે જીવમાસોની વિચારણા પૂર્ણ થઈ એ વિચારણા પૂર્ણ થયે છતે '**સંતપય પરુવણયા દવ્વપમાણં ચ**' ગાથાની વ્યાખ્યા પૂર્ણ થઈ. તે વ્યાખ્યા પૂર્ણ થવાથી આ જીવસમાસ નામનું પ્રકરણ પૂર્ણ થયું. હવે તેના કર્તાનો પ્રયાસ અને તેનો અભ્યાસ કરનારની તથા સાંભળનારની પ્રવૃત્તિ સફળતાને પામે, તે માટે તથા તેમનો ઉત્સાહ વધે તે માટે પ્રકરણના અર્થમાં ઉપયોગવંતને જે ફળ થાય તે કહે છે.

**बहुभंग दिट्ठिवाए दिट्ठत्थाणं जिणोवइट्ठाणं ।**
**धारण पत्तट्ठो पुण जीवसमासत्थ उवउत्तो ॥२८४॥**

**ગાથાર્થ** : **જીવસમાસના અર્થમાં ઉપયુક્ત થયેલાઓ જિનોપદિષ્ટ દ્રષ્ટાર્થ એવા ઘણા ભંગવાળા દ્રષ્ટિવાદમાં એટલે સર્વ આગમોમાં તે સમર્થ થાય છે. (૨૮૪)**

**ટીકાર્થ** : આ જીવસમાસ નામના પ્રકરણના કહેવા યોગ્ય પદાર્થના અર્થના ભણવા, પરાવર્તન, સાંભળવા, ચિંતન વગેરે દ્વારા ઉપયોગવાળા તે જીવસમાસના અર્થમાં ઉપયોગવાળા જીવો થાય છે. તે જીવો ચિત્તમાં પ્રાપ્ત થયેલા અર્થને સ્થિર કરવામાં સમર્થ થાય છે. શેના અર્થોને સ્થિર કરવામાં સમર્થ થાય છે તે કહે છે, દ્રષ્ટો તે અર્થો છે તે દ્રષ્ટાર્થો એટલે જીવ વગેરે પદાર્થોને, ત્યાં રહેલ દ્રષ્ટાર્થોને તે કહે છે. પરિકર્મ સૂત્ર વગેરે જેના ઘણા ભેદો છે તે દ્રષ્ટિવાદમાં એટલે સર્વ આગમોમાં કેમકે દ્રષ્ટિવાદમાંથી જ એકાદશાંગી (અગીયાર અંગ) નો ઉદ્ધાર થયો છે. દ્રષ્ટિવાદના ગ્રહણથી સર્વે આગમોનું ગ્રહણ થઇ

જાય છે. ફરીથી કેવા અર્થો તે કહે છે જે અર્થ જિનોપદિષ્ટ છે અને સૂત્રથી ગણધર ભાષિત છે.

આનો તાત્પર્યાર્થ આ છે :-જિનાગમમાં કહેલ સમસ્ત વિશેષથી યુક્ત જીવ વગેરે પદાર્થોને વિસ્મરણ વગર ધારણ કરવામાં તે જીવ સમર્થ થાય છે કે જીવ જીવસમાસ પ્રકરણના અર્થમાં ઉપયોગવાળો હોય તે. આથી તેના અર્થી જીવોએ જીવસમાસના અર્થોમાં ઉપયોગવાળા થવા માટે હંમેશા પ્રયત્ન કરવો. (૨૮૪)

જીવસમાસના અર્થોમાં ઉપયોગવાળાને બીજું પણ ફળ થાય છે તે કહે છે.

**एवं जीवाजीवे वित्थरभिहिए समासनिद्दिट्ठे ।**
**उवउत्तो जो गुणए तस्स मईजायए विउला ॥२८५॥**

ગાથાર્થ : આમ જીવાજીવના સિધ્ધાંતમાં વિસ્તારથી કહેલ પણ અહીં સંક્ષેપમાં કહેલ પદાર્થોમાં જે ઉપયોગવાળો થઈ એને ગુણે છે તેની બુધ્ધિ ઘણી થાય છે.(૨૮૫)

**ટીકાર્થ** : જીવ અજીવોના સિદ્ધાંતમાં વિસ્તારથી કહેલ અને અહીં તો આગળ કહ્યા પ્રમાણે સંક્ષેપથી બતાવેલ અર્થોમાં જે જીવ ઉપયોગવાળો હોય એક ધ્યાનમય થઇ જાય એને ગણે છે, સાંભળે છે, વિચારે છે, તેની બુદ્ધિ ઘણી વિસ્તારવાળી થાય છે. આનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે.

આગમમાં વિસ્તારથી કહેલ અને અહીં આગળ કહેલ ક્રમ પ્રમાણે ગાથાના સંક્ષેપમાં જણાવેલ સત્પદપ્રરૂપણા વગેરેના ભાવયુક્ત જે જીવ અજીવ પદાર્થોનો ઉપયોવાળો થઇ ચિંતન કરે તેને તે ચિંતન કરવાથી ઉત્તરોત્તર ક્રમપૂર્વક ઘણી વિસ્તારવાળી બુદ્ધિ થાય છે. (૨૮૫)

આ પ્રમાણે પ્રકરણનું સમર્થન અને નિગમ કર્યે છતે કેટલીક સૂત્રપ્રતોમાં આ પ્રક્ષેપ ગાથા લખેલી દેખાય છે. આ આ ગાથાની પૂર્વના ટીકાકારોએ વ્યાખ્યા કરી નથી છતાં પણ શિષ્યોના ઉપકાર માટે અમે વ્યાખ્યા કરીએ છીએ.

**जीवा पोग्गल समया दव्व पएसा य पज्जवा चेव ।**
**थोवाइं अणंताइं विसेसमहिया दवे अणंता ॥१॥**

ગાથાર્થ : સહુથી થોડા જીવો, તેનાથી પુદ્ગલો, સમયો, દ્રવ્યો પ્રદેશો અને પર્યાયો અનંત વગેરે રૂપે એક એકથી અનંતગણા વિશેષ રૂપે જાણવા. (૧)

**ટીકાર્થ** : જીવ વગેરે પદોનો થોડા વગેરે પદો સાથે યથાયોગ્ય સંબંધ કરવો.

પુદ્ગલ વગેરે દ્રવ્યોની અપેક્ષાએ થોડા જીવો છે. તે જીવોથી આગળ કહેલ યુક્તિ પ્રમાણે સર્વ પુદ્ગલો અનંતા છે એટલે અનંતગુણા છે તે પુદ્ગલોથી આગળ કહેલ યુક્તિ પ્રમાણે સમયો અનંતગુણા છે. સમયોથી સર્વ દ્રવ્યો વિશેષાધિક છે કેમકે સર્વે સમયો દરેક દ્રવ્ય-રૂપે જ સિદ્ધાંતમાં કહેલા છે તેથી જે બીજા જીવપુદ્ગલદ્રવ્યો છે તે આ સમયોના અનંતતમે ભાગે રહેલ છે. જે ધર્માધર્માકાશાસ્તિકાય રૂપ ત્રણ દ્રવ્યો છે તે સર્વ દ્રવ્યોમાં સમયરૂપ દ્રવ્યરાશિમાં મેળવતા જે દ્રવ્યરાશિ થાય છે તે ફક્ત સમય દ્રવ્યરાશિથી વિશેષાધિક થાય છે એ સુગમ છે સર્વ દ્રવ્યોથી તેના પ્રદેશો અનંતગુણા છે કેમકે ફક્ત એક લોકાકાશ દ્રવ્યના સર્વ દ્રવ્યોથી અનંતગુણ પ્રદેશોથી તેના પર્યાયો અનંતગુણા છે કેમકે એકએક પ્રદેશ અનુગત અને વ્યાવૃત અનંત પર્યાય રૂપ છે (૧)

આ પ્રમાણે બીજી પણ પ્રક્ષેપ ગાથાઓની સિદ્ધાંતાનુસારે વ્યાખ્યા કરવી.

ગ્રંથ સમાપ્ત



# પ્રશસ્તિ

આ ટીકામાં જે પદાર્થો છે તે મોટે ભાગે સમયસાગર નામના ગ્રંથામાંથી અથવા (સિદ્ધાંત રૂપી સમુદ્રમાંથી) લખ્યા છે છતાં પણ આ ટીકામાં ક્રોધ વગેરે દોષોથી જે કંઈક દુષ્ટ હોય તેને પંડિતપુરૂષોએ શુદ્ધ કરવું (૧)

આ જીવસમાસની ટીકા કરીને મને જે પુણ્ય પ્રાપ્ત થયું હોય તેના દ્વારા લોકો જીવાદિ તત્વને જાણીને કલ્યાણને પ્રાપ્ત કરો. (૨)

**શ્રી પ્રશ્નવાહનકુલ** રૂપી સમુદ્રમાંથી જે નીકળેલ પૃથ્વીતળ ઉપર જેની કીર્તિ રૂપી ઉગેલી શાખાઓ ઘણી ફેલાએલી છે અને જેની ઊંચી છાયાનો આશ્રય ઘણા ભવ્યજીવોએ કર્યો છે. જેમાં સર્વે સંશયાત્મક પદાર્થો સારી રીતે સધાયા છે. એવા (૩)

જ્ઞાન વગેરે ફૂલોથી ભરાવદાર, શ્રીમાન આચાર્યો રૂપી ફળો વડે ફળેલો એવો કલ્પવૃક્ષ સમાન **શ્રી હર્ષપુરીય** નામનો ગચ્છ છે.(૪)

એ ગચ્છમાં ગુણરત્નો વડે કરી રોહણાચલ સમાન, ગંભીરતા વડે સમુદ્ર સમાન, ઊંચાઈપણાથી મેરૂપર્વતનું અનુકરણ કરતા, શાંતપણાથી ચંદ્ર સમાન સમ્યગ્ જ્ઞાન અને વિશુદ્ધ સંયમના અધિપતિ, સ્વ આચાર રૂપી ચર્યાના ભંડાર, શાંત, નિઃસંગ (નિગ્રંથો) માં મુગુટ સમાન એવા **શ્રી જયસિંહસૂરિ** થયા. (૫)

જેમ સમુદ્રમાંથી રત્ન નીકળે તેમ જયસિંહસૂરીથી તે શિષ્ય રત્ન થયા, કે જેમના ગુણગ્રહણ કરવામાં બૃહસ્પતિ પણ સમર્થ નથી. એમ હું માનું છું. સત્ મંત્ર અતિશય વગેરે ઉત્તમ પાણી વડે **શ્રી વીરદેવ** વગેરે **પંડિતોથી** (દ્વારા) જે વૃક્ષની જેમ સિંચાયા છે. તેમના ગુણોનું કીર્તન કરવામાં કોણ શકિતમાન છે ?

જેમની આજ્ઞા આદર સહિત રાજાઓ વડે પણ મસ્તકે ચડાવાય છે. જેમના દર્શન કરીને પણ મોટે ભાગે અતિદુષ્ટો પણ પરમ આનંદને પામે છે.

જેમ દેવો વડે ક્ષીરોદધિને મંથન કરતા તે દેવોને તૃપ્તિ (મેળવતાં) થતી નથી તેમ જેમના મુખરૂપી સમુદ્રમાંથી નીકળેલ ઉજ્વલ વાણી રૂપી અમૃતનું પાન કરતા લોકો વડે

પણ તૃપ્તિ પમાતી નથી. જેમણે સારા એવા દુષ્કર તપ કરીને અને જગતને બોધ કરી, તે તે પોતાના ગુણો વડે સર્વજ્ઞ પ્રભુના આ તીર્થને પ્રભાવિત કર્યું છે.

તથા જેમનો ઉજ્વલ કિરણવાળો શુભયશ કે જે સમસ્ત વિશ્વ રૂપી ગુફાને ઉજ્વલ કરતો જે ભવ્યજીવોની ચાહના સાથે બંધાયેલ છે. એવો યશ દિશાઓને વિષે અપ્રતિહત પણે વિચરી રહ્યો છે એવા **શ્રીમાન મુનિચંદ્રસૂરિજી**ના સંપર્કથી જ યમુનાનો નિર્મળ પ્રવાહ દેવનદી (ગંગા)ની જેમ સમસ્ત પૃથ્વીતળને પાવન કરે છે. (૬-૭-૮-૯-૧૦)

જેમને વિવેકરૂપી પર્વતના શિખર પર ઉદય પામીને સૂર્યની જેમ દેદિપ્યમાન કલિકાળ રૂપી દુઃખે તરી શકાય એવા અંધકારની પરંપરાને લુપ્તપ્રાયઃ કરી છે. અને સમ્યગ્જ્ઞાન રૂપી કિરણો વડે પ્રાચીન મુનિઓ વડે ખુંદાયેલ માર્ગને જેમણે પ્રકાશિત કર્યો છે તે '**અભયદેવસૂરિ**' પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયા. (૧૧)

તે અભયદેવસૂરિના શિષ્યાણુ રૂપ અગીતાર્થ હોવા છતાં પણ શ્રી હેમચંદ્રસૂરિ વડે શિષ્ટ પુરૂષોના સંતોષ માટે આ ટીકા રચાઈ છે. (૧૨)

અને અહીં દરેક અક્ષરની ગણના પૂર્વક સંપૂર્ણ ગ્રંથ પ્રમાણ અનુષ્ટુપ શ્લોકો છ હજાર છસોને સત્તાવીસ શ્લોક પ્રમાણ છે. (૧૩)

**જીવસમાસ અનુવાદ**
**સમાપ્ત**

: મુદ્રક :
જીતેન્દ્ર બી. શાહ • જીગી પ્રિન્ટર્સ
૩૦૫, મહાવીર દર્શન, કસ્તુરબા ક્રોસ રોડ નં-૫,
બોરીવલી (ઇસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૬.
ફોન: ૯૦.૩૧૭૮૧૦